# અધ્યાત્મ ઉપનિષદ

## ભાગ-૨

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર

પ્રકાશક

શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

કરમચંદ જૈન પૌષધશાળા
૧૦૬, એસ. વિ. રોડ, ઈર્લાબ્રીજ
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૫૬

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર વિરચિત
મુનિ યશોવિજય રચિત અધ્યાત્મવૈશારદી ટીકા+અધ્યાત્મપ્રકાશ વ્યાખ્યા વિભૂષિત

# અધ્યાત્મ ઉપનિષદ્

## ભાગ-૨

**દિવ્ય આશિષ**

સ્વ. વર્ધમાનતપોનિધિ સંઘહિતચિંતક શિબિરપ્રણેતા ન્યાયવિશારદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવન ભાનુ સૂરીશ્વરજી મહારાજા**

**કૃપાદૃષ્ટિ**

સિદ્ધાન્તદિવાકર ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**

**અધ્યાત્મ વૈશારદી ટીકા + અધ્યાત્મ પ્રકાશ વ્યાખ્યા + સંપાદનના કર્તા**

પદ્મમણિતીર્થોદ્ધારક મુનિરાજશ્રી **વિશ્વકલ્યાણ વિજયજી** મ.ના શિષ્ય
**મુનિ યશોવિજયજી**


**• પ્રકાશક •**
**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
કરમચંદ જૈન પૌષધશાળા,
૧૦૬, એસ.વિ. રોડ, ઈર્લાબ્રીજ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૫૬

**• પ્રાપ્તિ સ્થાન •**
૧. **પ્રકાશક**
૨. **દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા,
જી. અમદાવાદ, પીન-૩૮૭૮૧૦.

**સંશોધક**

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**
પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી **જયસુંદરવિજયજી ગણિવર્ય**

**નકલ - ૧૦૦૦**
**વિ.સં. ૨૦૫૪**
**મૂલ્ય રૂા.૧૦૦.૦૦**

**મુદ્રક**
**શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ**
૩૩, જનપથ સોસાયટી,
ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦.
ફોન-૫૩૨૦૮૪૬

| | ગ્રન્થ પરિચય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય નિવેદન | ૩ |
| ૨ | અધ્યાત્મ ઉપનિષદ્નો પ્રસાદ | ૫ |
| ૩ | વ્યાખ્યાકારના બે શબ્દ | ૧૨ |
| ૪ | વિષયમાર્ગદર્શિકા | ૧૪ |
| ૫ | અધ્યાત્મ ઉપનિષદ્-ગ્રન્થ-ભાગ-૨ | ૧૫૪ થી ૩૫૨ |
| ૬ | પરિશિષ્ટ ૧ થી ૪ | ૩૫૩ થી ૩૬૭ |

**સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્વે.મૂ. તપગચ્છ જૈન સંઘને સ્વાધીન છે.**



सिद्धान्तमहोदधि वात्सल्यवारिधि सुविशालगच्छाधिपति

स्व. आचार्यदेव श्रीमद् विजय

प्रेमसूरीश्वरजी महाराजा





# પ્રકાશકીય નિવેદન

ઙર્હીઁ

અધ્યાત્મોપનિષદ્-ભાગ-૧ના પ્રકાશન બાદ અલ્પ સમયાવધિમાં સટીક-સાનુવાદ અધ્યાત્મોપનિષદ્ ભાગ-૨ જિજ્ઞાસુ વાચકવર્ગના કરકમલમાં ઉપસ્થિત થઈ રહ્યો છે તે ખૂબ આનંદનો વિષય છે.

જીવન મુખ્યતયા બે પ્રકારનું જોવા મળે છે. ૧. આધ્યાત્મિક અને ૨. ભૌતિક. મોટા ભાગના જીવો વધુને વધુ ભૌતિક સામગ્રી કેવી રીતે ભેગી કરવી, તેને માટે જ દોડી રહ્યા હોય એવું લાગે. ભૌતિક સામગ્રી એ જ સુખ પરંતુ આ પ્રતીતિ ભ્રાંતિરૂપ છે. એ દર્શાવતા મહર્ષિ પુરુષો જણાવે છે કે જ્યાં સુધી આત્મદર્શન થયું હોતુ નથી ત્યાં સુધી 'સંસાર એ સુખ'- એ ભ્રાન્તિ દૂર થતી નથી અને માટે જ આત્મદર્શનની આકાંક્ષા ધરાવનારાઓએ અધ્યાત્મમાર્ગે વિકાસ સાધવો જ રહ્યો.[1] મંજિલ તરફ પ્રયાણ કરવા ઈચ્છતા મુસાફર માટે દિશા-સૂચનનું પાટીયું ઉપસ્થિત ન હોય તો તે કમનસીબે ભૂલો પણ પડી શકે છે અને માટે દિશા-સૂચનનું પાટીયું એવા મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. તે જ રીતે અધ્યાત્મ-સાધકો માટે આ ગ્રંથ પણ ખૂબ ઉપયોગી છે.

આત્મજ્ઞાની (=આત્માનુભવી)[2] મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા. પ્રસ્તુત મૂળ ગ્રંથના કર્તા છે. તેના ઉપર વર્તમાનકાળના સંયમ-પ્રધાન, વિશિષ્ટ ક્ષયોપશમયુક્ત, વિદ્વાન મુનિશ્રી **યશોવિજયજીએ 'અધ્યાત્મ વૈશારદી-સંસ્કૃત ટીકા'** અને **'અધ્યાત્મપ્રકાશ'** ગુર્જરભાવાનુંવાદ તૈયાર કરેલ છે. ''સવિ જીવ કરૂં શાસન રસી'' એવા ભાવનાશીલ પરમાત્મા જેઓના એકમાત્ર પ્રાણ છે તેવા કુશાગ્રબુદ્ધિ, ષડ્દર્શનનિપુણમતિ, સર્વતોમુખીપ્રતિભાસંપન્ન એવા બે બે પદસ્થો- (૧) પ.પૂ.આચાર્યશ્રી **જગત્ચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તથા પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી **જયસુંદરવિજયજી** ગણિવર્ય દ્વારા સટીક-સાનુવાદ સાદ્યન્ત બન્ને ભાગોનું સંશોધન થયું છે. આ બધી બાબતોને લઈ પ્રસ્તુત ગ્રંથ સોનામાં સુગંધ ભળે તેમ અનેક વિશેષતાઓથી યુક્ત બન્યો છે.

---

૧. न च अदृष्टात्मतत्त्वस्य दृष्टभ्रान्तिर्निवर्तते ॥ (अध्यात्मोपनिषत्.... २/५ पूर्वार्द्ध, २/४ उत्तरार्द्ध)
तेन आत्मदर्शनाकांक्षी ज्ञानेन अन्तर्मुखो भवेत् ।

૨. મ્હારે તો ગુરૂચરણ પસાયે અનુભવ દીલમાંહી પેઠો રે,
ઋદ્ધિ-વૃદ્ધિ પ્રગટી ઘટમાંહી, આતમ રતિ હુઈ બેઠો રે । (શ્રીપાળરાસ)

આવા સાત્ત્વિક, તાત્ત્વિક, આધ્યાત્મિક પ્રકાશનનો સંપૂર્ણ લાભ અમાર શ્રી સંઘને પ્રાપ્ત થયેલ છે. તે બદલ અમો ગૌરવ અનુભવીએ છીએ.

(૧) પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર પરમપૂજ્ય સકલસંઘહિતચિંતક વર્ધમાનતપોનિધિ સ્વ. આચાર્ય શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્ય કૃપા તેમ જ (૨) પરમપૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્ય શ્રીવિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના અમૂલ્ય આશિષ અને (૩) પરમપૂજ્ય વિદ્વદ્વરેણ્ય પંન્યાસપ્રવરશ્રી **જયસુંદરવિજયજી** ગણિવર્યશ્રીનું મૌલિક માર્ગદર્શન... આ ત્રિવેણીસંગમ થવાના લીધે અમારો શ્રીસંઘ ઝળહળતા પાવન તીર્થસ્વરૂપ બનેલ છે. અમારા શ્રીસંઘમાં થયેલી, થઈ રહેલી શાસ્ત્રોક્ત સર્વપ્રવૃત્તિઓમાં આ પૂજ્યોનો ફાળો મહત્વનો રહ્યો છે અને રહેશે. આ પૂજ્યોના માર્ગદર્શનથી જ અમારો શ્રીસંઘ આવા સુંદર શાસ્ત્રીય પ્રકાશનનો લાભ ઉત્સાહથી લઈ રહેલ છે. આ બદલ અમે ખૂબ હર્ષની લાગણી અનુભવીએ છીએ. ભવિષ્યમાં પણ આવા અમૂલ્ય શાસ્ત્રીય પ્રકાશનોનો લાભ અમારા સંઘને આપવાની હાર્દિક અપેક્ષા મુનિશ્રી યશોવિજયજી પ્રત્યે અમે રાખીએ છીએ.

(૧) આવા શાસ્ત્રીય પ્રકાશનો એ ફેક્ટરીના નકશાતુલ્ય છે. (૨) તેના આધારે સાધકના જીવનમાં ઘડાતી પવિત્ર આચારસંહિતા એ "મોડેલ"ના સ્થાને છે. (૩) તથા એનાથી નિર્મિત નિર્મલ અંતઃકરણપરિણતિ, ગુણસભર વ્યક્તિત્વ એ પુણ્યાનુબંધી પુણ્ય અને પુષ્કળ સાનુબંધ કર્મનિર્જરાનુ સર્જન કરતી "Day & Night, Never Close" ફેક્ટરી સમાન છે. આ વસ્તુસ્થિતિનો ખ્યાલ રાખી વિજ્ઞ વાચકવર્ગ ઝડપથી હરણફાળ ભરીને ક્રમશઃ તૃતીય તબક્કે પહોંચે એવી મંગલકામના.

**પ્રીયન્તાં ગુરવઃ**

૧૩-૪-૯૮

**શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘ** વતી

**હર્ષદ મણિલાલ સંઘવી,**

**આ ગ્રન્થનો સંપૂર્ણ આર્થિક સદ્વ્યય શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘની જ્ઞાનનિધિમાંથી થયેલ હોવાથી સદ્ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં ગ્રન્થની કિંમત ચૂકવીને જ પ્રસ્તુત ગ્રન્થને પોતાની માલિકીમાં રાખવું - એવી નમ્ર વિનંતિ.**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

મહોપાધ્યાયશ્રી યશોવિજયગણિવરાય નમઃ શ્રીભુવનભાનુ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

# અધ્યાત્મ-ઉપનિષદ્નો પ્રસાદ

શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ રચેલ અધ્યાત્મ-ઉપનિષદ્ ગ્રન્થ જૈન સાહિત્યનું એક અમૂલ્ય રત્ન છે.

[1]અધ્યાત્મમતપરીક્ષા, [2]અધ્યાત્મસાર અને [3]અધ્યાત્મોપનિષદ્ આ ત્રણ 'અધ્યાત્મ' શબ્દ ગર્ભિત કૃતિઓ પૂ. ઉપાધ્યાયજીએ રચી છે. તે પૈકી [1]અધ્યાત્મમતપરીક્ષામાં અધ્યાત્મના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપા દર્શાવીને, પ્રધાનપણે તત્કાલીન બનાવટી આધ્યાત્મિકમતનું નિરસન કરાયેલું છે. ભાવ-અધ્યાત્મનું સૌથી વિશાળ નિરૂપણ [2]અધ્યાત્મસારગ્રન્થમાં કરાયું છે. [3]અધ્યાત્મ-ઉપનિષદ્ ગ્રન્થનો મુખ્યપણે સૂર એ છે કે - ''વાસ્તવિક અધ્યાત્મની પીછાન વિશુદ્ધશાસ્ત્રવચનથી થાય છે; શાસ્ત્રવચન દ્વારા આત્મા, જ્ઞાનયોગ અને ક્રિયાયોગના સમન્વયરૂપ અધ્યાત્મસાધનાને આત્મસાત્ કરે છે- તેનાથી મુક્તિસાધક સમતાયોગ સિદ્ધ થાય છે.''

આ ગ્રન્થમાં ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. (૧) શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર, (૨) જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર (૩) ક્રિયાયોગશુદ્ધિ અધિકાર (૪) સામ્યયોગશુદ્ધિ અધિકાર.

## શાસ્ત્રયોગશુદ્ધિ

**વિભાગ - ૧** આ વિભાગમાં અધ્યાત્મની વ્યાખ્યા વ્યવહાર અને નિશ્ચય, એમ બે નયના આધારે જુદી જુદી કરેલી છે. એવંભૂતનય એ અહીં નિશ્ચયનય છે અને એ 'અધ્યાત્મ' શબ્દની વ્યુત્પત્તિથી લભ્ય અર્થ પર ભાર મુકતાં કહે છે કે આત્માને લક્ષમાં રાખીને જે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય આ પાંચે આચારોનું સુંદર પાલન થાય તે અધ્યાત્મ છે. આ અર્થ વ્યુત્પત્તિ દ્વારા એ રીતે ફલિત થાય છે કે **'आत्मनि इति अध्यात्म'** અર્થાત્ આત્માને ઉદ્દેશીને થનારી વિશુદ્ધ ક્રિયા, એટલે કે જ્ઞાનાદિ પાંચ આચારોનું પાલન.

આત્માનું શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર-સિદ્ધાત્મસ્વરૂપ તો નિષ્ક્રિય છે, પરંતુ જ્યાં સુધી જીવ કર્મબદ્ધ છે ત્યાં સુધી અજ્ઞાન-અવિશ્વાસ-અંધશ્રદ્ધા-અશ્રદ્ધા-લમ્પટતા અને ખા-ખા કરવું વગેરે અનેક દુરાચારોમાં રચ્યો-પચ્યો અને ફસાયેલો છે. શુદ્ધ નિષ્ક્રિય આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે આ દુરાચારો-પાપાચારોનું વર્જન અનિવાર્ય છે.[2] તે બે રીતે સંભવી શકે, ૧. જીવ તમામ પ્રવૃત્તિઓને સર્વથા એકાએક બંધ કરી દે,

૨. અથવા અજ્ઞાનાદિની વિરોધી જ્ઞાનાદિ પાંચ આચારમય પ્રવૃત્તિને અપનાવી લે. પણ આ બેમાં પ્રથમ રીત પ્રારમ્ભમાં તદ્દન અશક્યપ્રાયઃ છે. તેથી આત્માને સતત નજર સામે રાખીને, જ્ઞાનાદિ પંચાચારના પાલન સ્વરૂપ અધ્યાત્મ માર્ગે જીવ આગેકુચ કરે તો જ અજ્ઞાનાદિ દુરાચારોથી જીવ સર્વથા મુક્ત બનીને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે. માટે એવંભૂતનયે પંચાચારનું સુંદર પાલન એ જ અધ્યાત્મ છે.

વ્યવહાર અને ઋજુસૂત્ર આ બે નય આધ્યાત્મિક વ્યવહારનયમાં સમાવિષ્ટ છે. એટલે એ કહે છે કે બાહ્યપ્રવૃત્તિરૂપ પંચાચારપાલનની સાથે ચિત્ત, મૈત્રી-પ્રમોદ-કરુણા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓથી વાસિત-ભાવિત-તન્મય બનતું જાય તે જ અધ્યાત્મ છે. વ્યવહારનયનો ઝોક બાહ્યપ્રવૃત્તિ ઉપર વધુ પડતો હોવાથી પંચાચારપાલનને તો તે અનિવાર્ય ગણે છે, પણ આ વ્યવહારનય ઋજુસૂત્રનયના દૃષ્ટિકોણથી ગર્ભિત હોવાના કારણે પંચાચારપાલન કાળે ચિત્તમાં મૈત્રી આદિ ભાવોની સુવાસને આવકારે છે, કારણ કે એના વિના પંચાચારનું પાલન શુષ્ક બની જાય છે. ઋજુસૂત્ર નયનો દૃષ્ટિકોણ એવો છે કે ભૂતકાળ સારો હતો કે ખરાબ એ મારે નથી જોવું, પણ સારા ભવિષ્યના નિર્માણ માટે વર્તમાનકાળ કેવો જોઈએ ? એ વિચારવાનું છે. વર્તમાનસમયે ચિત્ત જો શત્રુભાવ-ગુણદ્વેષ-નિર્દયતા અને પરપંચાતના દોષોથી ખરડાયેલું હશે તો શુદ્ધ અધ્યાત્મનો અનુભવ અશક્ય છે. માટે તેના વિરોધી મૈત્રી આદિ ભાવોથી ચિત્ત સુવાસિત હોય તો જ વર્તમાનમાં અધ્યાત્મ અનુભવસિદ્ધ થાય. વર્તમાનમાં જ અધ્યાત્મને જીવતું જાગતું અનુભવવા માટે આ ઋજુસૂત્રનયનો વ્યવહારસંકલિત દૃષ્ટિકોણ ખુબ મહત્ત્વનો છે.

અધ્યાત્મના માર્ગે પ્રગતિ કરવા માટે મનને સર્વ પૂર્વાગ્રહોથી મુક્ત રાખીને, મધ્યસ્થભાવગર્ભિત જિજ્ઞાસામાં રમતું રાખવાની ખાસ જરૂર છે. શુષ્ક તર્કવાદ પ્રગતિને રૂંધનારો છે. તેથી અતીન્દ્રિય તત્ત્વોની જિજ્ઞાસાપૂર્તિ માટે એકલા તર્કવાદ પર નિર્ભર ન રહેતા વીતરાગ વચનરૂપી શાસ્ત્રનું અવલમ્બન લેવુ અત્યંત જરૂરી બને છે.

શાસ્ત્રના નામે પ્રસિદ્ધ ગ્રન્થોની સંખ્યાનો કોઈ પાર નથી, માટે જેના તેના વચનને શાસ્ત્ર સમજી લઈને આગળ વધવામાં કાંઈ સાર નથી. જેણે જુઠું બોલવાનું કોઈ જ કારણ શેષ નથી અને જે સર્વ તત્ત્વોના જ્ઞાતા છે એવા વીતરાગ-સર્વજ્ઞનો ઉપદેશ એ જ ખરૂં શાસ્ત્ર છે.

આજે તો દરેકે દરેક સમ્પ્રદાયો પોતપોતાના ગ્રન્થોને સર્વજ્ઞરચિત કહી રહ્યા છે ત્યારે એમાંથી ખરેખર સર્વજ્ઞરચિત શાસ્ત્ર કયું છે ? એ શોધી કાઢવા માટે ઉપાધ્યાયજી મહારાજે આ પ્રથમ વિભાગમાં વિસ્તારથી ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાનું વર્ણન કર્યું છે.

પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજથી માંડીને પરવર્તી અનેક જૈનાચાર્યોએ પોતપોતાના ગ્રન્થોમાં આ કષ-છેદ-અને તાપ એમ ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાને ખુબ જ મહત્ત્વ આપ્યું છે. જૈનાચાર્યો પોતે જે શાસ્ત્રના આધારે પ્રવર્તતા હોય છે - તે એમ ને એમ જ આંખો

મીંચીને બીજાને સ્વીકારી લેવાનો આગ્રહ ન રાખતાં શાસ્ત્રપરીક્ષા પર ભાર મુકે છે- એ તેમની આગવી વિશેષતા છે.

સુવર્ણને પ્રથમ [1]કસોટીના પત્થરથી કસવામાં આવે છે, પછી સ્હેજ [2]છેદ પાડીને અંદરના ભાગની પરીક્ષા કરાય છે અને તે પછી છેલ્લી અને આકરી [3]તાપપરીક્ષા એટલે કે અગ્નિ-પરીક્ષા કરાય છે. એમાં ઉત્તીર્ણ થનાર ધાતુને સાચા સુવર્ણ તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે શાસ્ત્ર પણ નિમ્નોક્ત ત્રણ કસોટીમાંથી ઉત્તીર્ણ થવું જોઈએ. એક વાત અત્રે ધ્યાનમાં લેવાની છે કે 'શાસ્ત્ર'શબ્દની વ્યુત્પત્તિથી ફલિત અર્થ નિકળે છે. શાસન અને ત્રાણ. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે શુદ્ધ કર્ત્તવ્યનું વિધાન કરવું તે શાસન; અને લક્ષ્યવિરોધી કૃત્યોથી બચાવવા માટે તેનો નિષેધ કરવો તે ત્રાણ. તાત્પર્ય એ છે કે

(૧) લક્ષ્ય સાથે સંગત એવા વિધિ-નિષેધ દર્શાવવા એ શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન છે; અને એ જ કષ નામની પહેલી કસોટી છે. આત્માને સુધારવાને બદલે વધુ વિકૃત કરે એવા વિધિ-નિષેધ દર્શાવનાર ગ્રન્થ આ પહેલી પરીક્ષામાં જ નાપાસ થઈ જાય છે.

(૨) વિધિ-નિષેધ દર્શાવ્યા બાદ તેના પાલન માટે અત્યંત ઉપયોગી, પોષક અને નિર્દોષ ક્રિયાઓ પણ શાસ્ત્રે દર્શાવવી જોઈએ. દા.ત. અબ્રહ્મસેવનનો નિષેધ કર્યા પછી સ્ત્રીપરિચયત્યાગ, વિકૃતાહારત્યાગ, સ્ત્રીકથાત્યાગ વગેરે યોગ્ય આચારો જો ન દર્શાવાય તો બ્રહ્મચર્યની સાધના સફળ બને નહિ- એ ગળે ઉતરે એવી વાત છે. જે ગ્રન્થમાં આ રીતે નિર્દોષ ક્રિયાઓનું સૂચન જ ન હોય અથવા તો વિપરીત ક્રિયાઓનું સૂચન હોય તે બીજી છેદપરીક્ષામાં નાપાસ થાય છે.

(૩) ત્રીજી તાપપરીક્ષા એ રીતે છે કે શાસ્ત્રદ્વારા આત્માદિ જે અતીન્દ્રિય પદાર્થોનું નિરૂપણ કરાય તે વિધિ-નિષેધ, નિર્દોષક્રિયા અને મુખ્ય લક્ષ્ય સાથે સંગતિ ધરાવતું હોવું જોઈએ. એ પ્રકારના નિરૂપણ માટે તત્ત્વોનાં (પરસ્પર વિરૂદ્ધ દેખાતા) અનેક પાસાઓને ધ્યાનમાં લેવા જરૂરી છે - એનું જ બીજું નામ અનેકાન્તવાદ છે. જો કોઈ એક જ દૃષ્ટિકોણથી તે તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે તો પાર વિનાની અસંગતિ ઊભી થાય અને એવો ગ્રન્થ તાપ પરીક્ષામાં નાપાસ થાય.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ત્રણ પરીક્ષાઓનું વર્ણન ઘણી સૂક્ષ્મતાથી કર્યું છે અને વીતરાગસ્તોત્રના આઠમા પ્રકાશનાં કેટલાક શ્લોકોના આધારે, સાંખ્ય-બૌદ્ધ-નૈયાયિક-વૈશેષિક તથા પ્રભાકર, કુમારીલભટ્ટ કે મુરારિમિશ્ર વગેરે જૈનેતર દાર્શનિકોની માન્યતાઓથી સ્યાદ્વાદનું સુંદર સમર્થન કર્યું છે.

## જ્ઞાનયોગશુદ્ધિ

**વિભાગ - ૨** આ વિભાગની ભૂમિકા કરતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ જણાવે

છે કે ત્રિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ એવા શાસ્ત્રથી ચીંધાયેલી દિશામાં ચાલતાં ચાલતાં, શાસ્ત્રદર્શિત અતીન્દ્રિયતત્ત્વોની, ખાસ કરીને આત્મતત્ત્વની વિશેષોપલબ્ધિ માટે જ્ઞાનયોગ સાધતા રહેવું જોઈએ. આત્મતત્ત્વની વિશેષોપલબ્ધિનું જ બીજું નામ પ્રાતિભજ્ઞાન છે. જો કે આ પ્રાતિભજ્ઞાન શાસ્ત્રીયપરિભાષા મુજબ તો કેવલજ્ઞાનના અરૂણોદયરૂપ હોવાથી બારમા ગુણસ્થાનકની નીચે હોય નહિ, પણ પૂ. ઉપા. મહારાજે જ્ઞાનબિંદુ વગેરે ગ્રન્થોમાં તરતમ ભાવવાળા પ્રાતિભ જ્ઞાનનું નિરૂપણ કરેલું હોવાથી નિમ્ન-નિમ્નતર કક્ષાનું પ્રાતિભજ્ઞાન ચોથા વગેરે ગુણસ્થાનકોમાં પણ સંભવી શકે છે, જે સાધકો માટે અત્યંત આશ્વાસનરૂપ વાત છે.

આ પ્રાતિભજ્ઞાનનું આ વિભાગમાં અને અન્યત્ર પણ આત્મદર્શન, આત્મજ્ઞાન, અનુભવજ્ઞાન, ભાવનાજ્ઞાન, સાક્ષાત્કાર, અદ્વૈતબ્રહ્માનુભવ, નિર્વિકલ્પસમાધિ, નિરાલમ્બનયોગ વગેરે જુદી જુદી પરિભાષાઓથી નિરૂપણ થયેલું છે. પરિભાષા ભિન્ન હોવા છતાં આ બધા જ્ઞાનયોગના જ વિવિધસ્વરૂપો છે. આ જ્ઞાનયોગની પ્રાપ્તિ માત્ર શાસ્ત્રાભ્યાસથી નથી થતી. પરંતુ આત્મદર્શનની તીવ્ર ઉત્કંઠા અને શાસ્ત્રજ્ઞાનપ્રેરિત અન્તર્મુખતા વડે તે પ્રાપ્ત થાય છે.

લગભગ દરેક યોગની બે અવસ્થા હોય છે, ૧- સિદ્ધ દશા અને ૨ સાધ્યમાન દશા. સિદ્ધજ્ઞાનયોગીને પરખવાનું લક્ષણ એ છે કે બાહ્ય ઈન્દ્રિયવિષયો તેને ઝેર જેવા લાગતા હોઈ સહજ રીતે જ તેમાં તેની પ્રવૃત્તિ હોતી નથી. સાધ્યમાન દશામાં કદાચ આટલી ઉચ્ચ સ્થિતિ ન હોય પણ તે દિશામાં પ્રગતિ તો હોય જ. ઉચ્ચકોટિની સાધ્યમાન દશામાં અથવા સિદ્ધ દશામાં કેવું આત્મજ્ઞાન થતું હશે તેની કંઈક ઝાંખી કરાવતા પૂ. ઉપાધ્યાયજી કહે છે કે "બીજી સઘળીય વસ્તુઓથી આત્મામાં એકમાત્ર ચિન્મયસ્વરૂપકૃત ભિન્નતાની નિરંતર પ્રતીતિ થયા કરે - અર્થાત્ આત્મામાં વિશુદ્ધ ચિન્મયતા સિવાય બીજું કાંઈ જ લક્ષિત ન થાય તેવું જ્ઞાન એ શ્રેષ્ઠ આત્મજ્ઞાન છે." (શ્લો.૨/૧૫) "મન, વચન અને બાહ્યદષ્ટિથી જે કાંઈ નજરે ચડે એ બધું પરસ્વરૂપ છે, શુદ્ધદ્રવ્યનું એ સ્વરૂપ નથી, શુદ્ધ આત્મદ્રવ્ય તો એનાથી તદ્દન પર છે. આગમો અને વેદોમાં રૂપ, રસ, વચન વગેરે ઉપાધિઓની વ્યાવૃત્તિ કરવા દ્વારા જ શુદ્ધાત્માના સ્વરૂપને દર્શાવવામાં આવ્યું છે. એ બધી ઉપાધિઓથી પર એવા અતીન્દ્રિય બ્રહ્મતત્ત્વનું ભાન સેંકડો શાસ્ત્રો કે તર્કોથી નહીં પણ એક માત્ર વિશુદ્ધ અનુભવજ્ઞાનથી જ થઈ શકે છે." (શ્લો. ૨/૧૮-૧૯-૨૦-૨૧) "આ અનુભવદશા સુષુપ્તિ (બેભાન દશા) રૂપ નથી, કારણ કે મોહથી અલિપ્ત છે. સ્વપ્ન કે જાગ્રત દશા રૂપ પણ નથી. કારણ કે એમાં તો કલ્પના-વિકલ્પોના ખેલ ચાલુ હોય છે. માટે આ અનુભવ દશા એ બધાથી જુદી જ 'તુર્ય (= ચતુર્થ) દશા' ના નામે ઓળખાય છે." (શ્લો.૨૪) આ અનુભવદશામાં કર્મકૃત સ્ત્રી-પુરૂષ-મનુષ્ય આદિ પર્યાયો સાવ ગળાઈ ગયા હોય છે. જેમ રસ્તે જતા

લોકો લુંટાય ત્યારે અલ્પજ્ઞ લોકો 'રસ્તો લુટાયો' એવો વ્યવહાર કરતા હોય છે તેમ 'હું ગોરો, શામળો, રૂપાળો..' વગેરે શબ્દપ્રયોગો દ્વારા, અજ્ઞાની લોકો કર્મકૃત વિકૃતિઓનો પોતાનામાં ઉપચાર કરતા હોય છે, પણ અનુભવદશામાં આવું કશું હોતું નથી.

આવા સિદ્ધ જ્ઞાનીપુરૂષોની સ્વાર્થવૃત્તિ તદ્દન નાબૂદ થઈ જાય છે અને તેથી લોક વચ્ચે રહેવા છતાં પણ તેઓ જલકમલવત્ નિર્લેપ રહી શકે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે અહીં ચેતવણીના સ્વરો ઉચ્ચારતા કહ્યું છે કે ''આવા શ્રેષ્ઠ નિર્વિકલ્પસમાધિદશાની વાતો પરિપક્વ બોધવાળાને જ કરવી જોઈએ, નહીં કે અધૂરા બોધવાળાને. જો અધૂરા બોધવાળાને 'તું અને આખુય જગત્ બ્રહ્મમય જ છે' એમ સમજાવાય તો અગમ્યગમન વગેરે મહા અનર્થ મચી જાય. માટે પ્રારમ્ભદશામાં તો વ્રતનિયમોથી અને શુભવિકલ્પોથી જ ચિત્તશુદ્ધિ કરવાનું બતાવવું જોઈએ.''

## ક્રિયાયોગશુદ્ધિ

**વિભાગ** - ૩ ખુદ તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ વાહનમાં બેસીને મુસાફરી નહીં કરતા પગે ચાલીને જ વિહાર કરે છે, યાવત્ બધી જ મુનિચર્યાઓનું લગભગ પાલન કરે છે. એનાથી ક્રિયાયોગ કેટલો મહત્ત્વનો છે તે સમજાય છે. પણ જ્ઞાનયોગની વાતો એટલી સોહામણી છે કે એ ભલભલા સાધકોને વિભ્રમમાં નાખી દે છે. 'અધૂરો ઘડો છલકાય' એ કહેવત અનુસાર આજે પણ દેખાય છે કે કેટલાય સાધકો અનુભવજ્ઞાન, નિરાલમ્બન યોગ કે ધ્યાન-અધ્યાત્મના નામે ક્રિયાયોગને સર્વથા ત્યજી દઈ ત્રિશંકુ દશામાં મુકાઈ જાય છે. કેટલાક તો એમ પણ માનતા થઈ જાય છે કે આપણે તો યોગ અને ધ્યાનમાં ચઢી ગયા, એટલે હવે આચરણશુદ્ધિની કોઈ કીંમત નથી. તેવાને ચીમકી આપતા પૂ.ઉપા. મહારાજ કહે છે કે ''અદ્વૈતતત્ત્વ બોધમાં લીન થયેલાઓ પણ જો સ્વચ્છંદ આચરણ કરે તો પછી અશુચિભક્ષણ કરતા કૂતરાઓ અને એ કહેવાતા તત્ત્વજ્ઞાનીઓમાં શું તફાવત રહ્યો ?!'' ખરેખર જેઓ તત્ત્વજ્ઞાની હોય છે તેમના જીવનમાં ક્યારેય એવી સ્વચ્છંદ પ્રવૃત્તિઓને સ્થાન હોતું નથી - સ્વભાવથી જ તેઓ યથાશક્ય શુભપ્રવૃત્તિઓમાં આદરવાળા હોય છે.

કેટલાક એમ સમજે છે કે ''જો ભાવ હાજર હોય તો પછી ક્રિયા નકામી છે. કારણ કે ક્રિયાથી પણ આખરે તો ભાવ જ લાવવાનો હોય છે. જો ભાવ ન હોય તો એકલી ક્રિયાનો પણ કાંઈ અર્થ નથી. આમ બંને રીતે ક્રિયા નકામી છે.'' આની સામે ઉપાધ્યાયજી કહે છે કે ભાવ વગરની ક્રિયા પણ ભાવને સિદ્ધ કરવા માટે ખૂબ ઉપયોગી છે અને ભાવ હોય તો તેને સ્થિર અને પુષ્ટ બનાવવા માટે ય ક્રિયા ઉપયોગી છે. આમ બંને રીતે ક્રિયાનું મહત્ત્વ છે. ક્રિયાયોગના સમર્થન માટે ત્યાં સુધી કહ્યું છે કે ક્રિયા વગરનું જ્ઞાન સાવ નિરર્થક છે, બોજરૂપ છે. રસ્તાના જ્ઞાન માત્રથી ઈચ્છિત

સ્થાને પહોંચાતું નથી. પણ ઈચ્છિત સ્થાનની દિશામાં ગતિક્રિયા કરવાથી જ ત્યાં પહોંચાય છે. બળતા દીવામાં પણ જો તૈલપૂરણક્રિયા યોગ્યસમયે ન થાય તો એ દીવો ધીમે ધીમે બુઝાઈ જાય છે. તે રીતે યોગ્ય ક્રિયા વિના ભાવનો દીપ પણ બુઝાઈ જવાની શક્યતા રહે છે. આ સંદર્ભમાં ઉપાધ્યાયજીએ એક તાત્ત્વિક ચર્ચા પ્રસ્તુત કરી છે.

વેદાન્તી વગેરે કહે છે કે "અજ્ઞાન અને જ્ઞાન અન્યોન્ય વિરોધી હોવાથી જ્ઞાનથી જ અજ્ઞાનનો નાશ થાય, માટે ક્રિયા નિરર્થક છે." - તેની સામે ક્રિયાવાદી કહે છે કે "અજ્ઞાન નષ્ટ થયા પછી પણ જ્ઞાનીને સંચિત અદષ્ટ (= કર્મ) નો નાશ કરવા માટે ક્રિયાની આવશ્યકતા ઉભી જ રહે છે." જો વેદાન્તી એમ કહે કે "જ્ઞાનીને સર્વ કર્મો બળી ગયા હોવાથી કોઈ અદષ્ટ શેષ રહેતું નથી." તો એ યોગ્ય નથી, કારણ કે એવું માનીએ તો જ્ઞાન થયા પછી તરત જ જ્ઞાનીનું મોત થવુ જોઈએ, અર્થાત્ અદષ્ટના અભાવે શરીર પણ છૂટી જવું જોઈએ. કોઈ એમ કહેતું હોય કે 'શરીર તો શિષ્યાદિના અદષ્ટથી ટકી રહે છે' - તો તો પછી શત્રુઓના અદષ્ટથી જ્ઞાનીના શરીરનો નાશ પણ માનવો પડે. ટુંકમાં, ઉપાધ્યાયજી કહે છે કે આવા ઉચ્છૃંખલ મતની ઉપેક્ષા કરીને એ વાતનો સ્વીકાર કરવો જોઈએ કે જ્ઞાનીને પણ શેષ પ્રારબ્ધનામનું અદષ્ટ ખતમ ન થાય ત્યાં સુધી શરીર ટકી રહે છે અને એ અદષ્ટનો નાશ કરવા માટે તેને ક્રિયાનો આધાર લેવો જ પડે છે - માટે જ્ઞાનયોગની જેમ ક્રિયાયોગ પણ ધ્યેયસિદ્ધિ માટે આવશ્યક છે. "જે લોકો માત્ર જ્ઞાનનું અભિમાન રાખીને ક્રિયા છોડી દે છે તે જ્ઞાન-ક્રિયા ઉભયથી ભ્રષ્ટ થયેલા નાસ્તિકો છે" એમ ઉપાધ્યાય મહારાજ સ્પષ્ટ કહે છે.

## સામ્યયોગશુદ્ધિ

**વિભાગ-૪** આ વિભાગમાં ગ્રન્થકારે સુંદર રૂપક આપ્યુ છે "જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ બે ઘોડા સાથે જોડેલા સામ્યરથમાં બેસીને આતમરામ મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે. હવે જોડા ન પહેરવા છતાં પણ તેમને ક્ષુદ્ર કાંટા વગેરેનો ઉપદ્રવ નડતો નથી." સમતાયોગમાં ઝીલનારા સાધકની ઉચ્ચ દશાનું આ વિભાગમાં ગ્રન્થકારે ખુબ જ હૃદયંગમ વર્ણન કર્યું છે. જે જૈનેતર વાચકને 'ગીતા' ના સ્થિતપ્રજ્ઞ-પુરૂષની યાદ અપાવી દે એવું છે.

લોકોત્તર સમભાવમાં આરૂઢ યોગી આત્મસાધનામાં અત્યંત જાગ્રત રહે છે. પારકી પંચાત પ્રત્યે તે બહેરો-આંધળો અને મુંગો થઈ જાય છે. (ત્રણ વાંદરાનું રમકડું યાદ કરો.) સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે. સાધનાના પંથમાં ગમે તેવા પ્રબળ કષ્ટો સહેવા પડે, તે સમભાવે સહી લેવા તૈયાર હોય છે. સમતાસુખના સરોવરમાં ઝીલી રહેલો યોગી ક્યારેય બાહ્યસુખના કીચડથી પગ બગાડતો નથી.

સૌથી મોટો સવાલ એ છે કે આવો શ્રેષ્ઠ સમભાવ શી રીતે આવે ? ગ્રન્થકારે તેનો ખુબ સુંદર જવાબ આપ્યો છે - શુદ્ધ આત્મતત્ત્વ વિશે ક્રમશઃ વધુને વધુ ઊંડાણમાં

થતું ચિંતન, જ્યારે કોઈ ધન્ય પળે શુદ્ધ આત્મતત્ત્વની સ્પર્શનારૂપ સંવેદનમાં પરિણમી જાય અને આત્મભિન્ન કશાનું ભાન જ ન રહે ત્યારે એવી ઉચ્ચ દશામાં કોઈ ઘણના ઘા મારે કે પુષ્પોથી પૂજા કરે, બંનેમાં સમભાવ તેવોને તેવો ટકી રહે છે. આવા ઉચ્ચ સમભાવની સિદ્ધિ માટે સાધકે ક્રોધાદિ કષાયોથી અત્યંત સાવધ રહેવાની જરૂર હોય છે.

શ્રેષ્ઠ સમભાવના આદર્શરૂપે ગ્રન્થકારે અહીં દમદન્તમુનિ, નમિરાજર્ષિ, ખંધકસૂરિના શિષ્યો, મેતાર્યમુનિ, ગજસુકુમાળમુનિ, અગ્નિકાપુત્ર આચાર્ય, દઢપ્રહારી વગેરે અનેક સમતાયોગીઓનું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે.

## પરિશેષ

આ ગ્રન્થના પ્રારમ્ભમાં મંગલ શ્લોકમાં વીતરાગદેવને પ્રણામ સાથે ગ્રન્થકારે વાગ્દેવતા-બીજ ઐँ કારનું પણ સ્પષ્ટ સ્મરણ કર્યું છે જે તેમના લગભગ દરેક ગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે. પૂ. મુનિસુંદરસૂરિ મહારાજે જેમ પોતાની દરેક કૃતિઓમાં પ્રારમ્ભે 'જયશ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે તેમ આ ગ્રન્થકારે પણ આ ગ્રન્થમાં દરેક વિભાગને અંતે 'યશઃ શ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે. આ ગ્રન્થની પ્રાચીન હસ્તપ્રતો હાલ બે-ચારથી વધુ મળતી નથી.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રન્થને, વીતરાગસ્તોત્ર, યોગસારપ્રાભૃત વગેરે પ્રાચીન અનેક ગ્રન્થોના અક્ષરશઃ લીધેલા શ્લોકોથી શણગાર્યો છે. તથા 'જ્ઞાનસાર' નામના ગ્રન્થકારના જ બનાવેલા અષ્ટકગ્રન્થના મગ્નતાષ્ટક, અનુભવાષ્ટક, નિર્લેપતાષ્ટક, ક્રિયાષ્ટક વગેરેના અનેક શ્લોકો આમાં પણ અક્ષરશઃ ઉપલબ્ધ હોવાથી તે તે શ્લોકોનો ભાવાર્થ સમજવામાં જ્ઞાનસાર ગ્રન્થનો ગ્રન્થકારે પોતે જ બનાવેલો ટબો ખુબ જ ઉપયોગી બની રહે તેમ છે.

આ ગ્રન્થમાં પૂ. ઉપાધ્યાયજીએ ચાર વિભાગોમાં ખરેખર અધ્યાત્મપ્રેમીઓ માટે ઉત્તમ સામગ્રી સંચિત કરીને આપી છે.

ગ્રન્થકાર તે સમયના જૈન-જૈનેતર દર્શનશાસ્ત્રોનાં અને તર્કગ્રન્થોનાં પ્રખર અભ્યાસી હોવા છતાં આ ગ્રન્થમાં તેઓએ તર્ક-વિતર્કની પરમ્પરા લમ્બાવવાને બદલે સાધકોને ઉપયોગી મહત્ત્વનું માર્ગદર્શન પુરું પાડ્યું છે તે તેમના જીવનની ઉચ્ચ યોગિદશા-સાધકતામાં સાખ પુરાવે છે. ખરેખર હવે એમ કહેવાનું મન થાય છે કે અધ્યાત્મ-ઉપનિષદ્ સમગ્ર અધ્યાત્મવિશ્વ (spiritual sphere) નું ઝળહળતું રત્ન છે.

(પૂ.ઉપા.મ.ની ૩૦૦મી પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદમાં ભરાયેલ એક વિદ્વત્સંમેલનમાં આ લેખ રજુ થયેલ.)

લિ.

**પં. શ્રી જયસુંદરવિજયગણી**

# વ્યાખ્યાકારના બે શબ્દ

પ્રસ્તુત ગ્રન્થના વિષયો ઉપર વિદ્વાન્ મુનિશ્રી **ઉદયવલ્લભવિજયજી** દ્વારા પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં તેમ જ ઉપસ્થિત દ્વિતીય ભાગમાં પણ **"અધ્યાત્મ ઉપનિષદ્નો પ્રસાદ"** હેડીંગવાળા લેખમાં પૂજ્ય વિદ્યાગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી **જયસુંદરવિજયજી** મહારાજ દ્વારા પર્યાપ્ત પ્રકાશ પાથરવામાં આવેલ છે. આથી આ ગ્રન્થની બાબતમાં કશું કહેવાના બદલે મારા વિશે જ બે શબ્દ કહીને મારું વક્તવ્ય પૂર્ણ કરીશ.

રસ્તે ચાલતા યાચકને કોઈક પરોપકારી સજ્જન સામે ચાલીને લોટરીની ટીકીટ આપે અને એકાએક તે લોટરી લાગી જાય તેવો જ ચમત્કાર મારા જીવનમાં અનુભવાયો છે. દમણ જૈનસંઘમાં શ્રાદ્ધવર્ય **કેશરીચંદભાઈ, ભાણાભાઈ** વગેરેની જવાબદારી હેઠળ, પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી** (તે વખતે હેમચન્દ્રવિજયજી ગણી) મહારાજના વરદ હસ્તે મને ખાનગી દીક્ષા મળી. પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી સ્વ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ તથા પરમપૂજ્ય ગુરુદેવશ્રી **વિશ્વકલ્યાણવિજયજી** મહારાજની પાવન નિશ્રામાં મારું ઘડતર શરૂ થયું.પરોપકારી પ.પૂ.પં.શ્રી **અભયશેખરવિજયજી** ગણિવર, પ.પૂ. મુનિરાજશ્રી **અજિતશેખર વિજયજી** મ.સા., પ.પૂ. મુનિરાજશ્રી **કલ્યાણબોધિવિજયજી** મહારાજના શ્રીમુખેથી સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય, પ્રકરણગ્રન્થો, પ્રારંભિક નવ્યન્યાયનો અભ્યાસ થયો. પરાર્થવ્યસની પ.પૂ.સિદ્ધાન્તદિવાકર, આ.શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજના શ્રીમુખેથી લોકપ્રકાશ, કમ્મપયડી, આગમ, ધવલા વગેરે ગ્રન્થોનો અભ્યાસ થયો. તેઓશ્રીની પાવન પ્રેરણાથી જ પ.પૂ.પં.વિદ્યાગુરુદેવશ્રી **જયસુંદરવિજયજી** મહારાજ પાસે નવ્યન્યાયના તત્ત્વચિંતામણિ વગેરે જટિલ ગ્રન્થોનો અને મૈથિલ પંડિતવર્યશ્રી **હરિનારાયણમિશ્ર** પાસે ષડ્દર્શનના પ્રાચીન ગ્રન્થોનો અભ્યાસ થયો. આ બધા ઉપકારીઓએ પોતાની સ્વયંવરા કૃપાનદીમાં મને નિઃસ્વાર્થભાવે નિમજ્જન કરાવ્યું અને મારા સંયમજીવનમાં કોઈ કચાશ ન રહી જાય તેની પૂરેપૂરી કાળજી, ધગશ રાખી. સંયમશિલ્પી પૂજ્યપાદ આ.શ્રી **જયઘોષસૂરીશ્વરજી** મહારાજ અને શ્રુતશિલ્પી વિદ્યાગુરુદેવ પં.પૂ.પ. શ્રી **જયસુંદરવિજયજી** મહારાજે લોહીનું પાણી કરીને, મારી અનેકાનેક ભૂલોને ગણકાર્યા વિના, વિશેષ રીતે અનોખી ઢબે કરુણાથી મોક્ષમાર્ગનો અનુભવ કરાવી મારા જીવનમાં શાસ્ત્રો અને સંયમની મૌલિક રંગોળી રચી; ટીકાગ્રન્થો, વ્યાખ્યાગ્રન્થો રચવાની પ્રેરણા અને હિંમત આપી. મારે તો શૂન્યમાં સર્જન થયું, જંગલમાં મંગલ થયું, અમાસની રાતે પુનમની ચાંદની મળી. મને આ પૂજ્યોએ

જે આપ્યું તેને જ મેં ટીકાગ્રન્થ-વ્યાખ્યાગ્રન્થરૂપે શબ્દદેહ આપવાનું શરૂ કર્યું. મને પૂજ્યોએ જે જ્ઞાનવારસો આપ્યો તેને શબ્દદેહ આપવામાં મારા દ્વારા કોઈ ક્ષતિ ન જાય તે માટે પરમપૂજ્ય આ.શ્રી. **વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મ., પ.પૂ.પં. વિદ્યાગુરુદેવશ્રી **જયસુંદરવિજયજી** ગણિવર, પ.પૂ.પરાર્થરસિક પંન્યાસપ્રવરશ્રી **પુણ્યરત્નવિજયજી** ગણિવર, સહૃદયી વિદ્વાન પૂ. **યશોરત્નવિજયજી** ગણિવર્યશ્રી વગેરેએ ઉદારતાથી અમૂલ્ય સમય ફાળવી, સૂક્ષ્મ દૃષ્ટિથી ભાષારહસ્ય, સ્યાદ્વાદરહસ્ય, ષોડશક, અધ્યાત્મ ઉપનિષદ્ વગેરે ગ્રન્થો ઉપરની સંસ્કૃત-હિન્દી-ગુજરાતી વ્યાખ્યાઓનું સંશોધન - પરિમાર્જન કરી આપવાની કૃપા દર્શાવી. તેના ફળરૂપે ઉપરોક્ત સાહિત્ય અધ્યેતા મુમુક્ષુવર્ગ સન્મુખ ઉપસ્થિત થયેલ છે. પ્રસ્તુત સાહિત્યપ્રકાશના ઉદ્ભવમાં પાવર હાઉસના સ્થાને ઉપરોક્ત વડીલોની નિઃસ્વાર્થ કૃપાદૃષ્ટિ-અમીદૃષ્ટિ છે, હું તો માત્ર વિદ્યુતવાહક વાયરના સ્થાને છું.જે કાંઈ શ્રુતસર્જન, સાહિત્યસેવા મારા દ્વારા થયેલ છે તેમાં સંપૂર્ણપણે યશના અધિકારી આ પૂજ્યો જ છે. તેઓશ્રીની એકમાત્ર કૃપાથી જ આ કલમ અવિરતપણે ચાલી રહેલી છે. આ ઉપકારીઓએ હાથ ઝાલી પોતાની નિઃસ્વાર્થ, શીતળ, પાવન કૃપાનદીમાં મને ડૂબકી લગાવવાની ઉદારતા બતાવી ન હોત તો ? .... આ વિચાર કરતાં પણ કંપારી છૂટે છે.

પ્રાન્તે, ઉપરોક્ત શાસ્ત્રસેવાથી જે વિશુદ્ધ પુણ્ય ઊભું થયેલ હોય તેનાથી આ ઉપકારી ગુરુદેવો, વડીલોની કૃપાદૃષ્ટિ-અમીદૃષ્ટિ પામવાની યોગ્યતા પરિપૂર્ણપણે વિકસે તેવી સામગ્રી, સંયોગ અને તેનો ઉત્સાહથી સદ્ઉપયોગ કરવાની સદ્બુદ્ધિ મળે તેવી પ્રાર્થના ઉપકારી ગુરુદેવ, વડીલ સંયમીઓના ચરણોમાં કરી વિરમું છું.

તરણતારણહાર જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો **"મિચ્છામિ દુક્કડમ્"**

- *ગુરુપાદપદ્મરેણુ*

*યશોવિજય*

વિ.સં.૨૦૫૪, મહા.વદ.૭.

પ્રભાસપાટણ.

## વિષયમાર્ગદર્શિકા

### द्वितीयः अधिकार


| | |
|---|---|
| ज्ञानयोगाधिकारिप्रदर्शनम् | १५४ |
| શાસ્ત્રયોગી જ્ઞાનયોગી બને | ૧૫૪ |
| स्वदर्शनानुसारेण प्रातिभज्ञानप्रतिपादनम् | १५५ |
| પ્રાતિભજ્ઞાન એ જ જ્ઞાનયોગ | ૧૫૫ |
| परदर्शनानुसारेण प्रातिभज्ञानविचारः | १५६ |
| પ્રાતિભજ્ઞાનમાં સર્વવિષયકત્વ કઈ રીતે ? | ૧૫૬ |
| अध्यात्मतत्त्वालोकवचनमीमांसा | १५७ |
| स्याद्वादरत्नाकरवचनविमर्शः | १५८ |
| ज्ञानयोगकार्यविचारः | १५९ |
| આત્મશુદ્ધિ પ્રત્યે પુષ્ટિ પણ જરૂરી | ૧૫૯ |
| शास्त्रं केवलं दिग्दर्शकम् | १६० |
| શાસ્ત્રયોગ કરતાં જ્ઞાનયોગ બળવાન | ૧૬૦ |
| ज्ञानयोगवैशिष्ट्यप्रतिपादनम् | १६१ |
| માર્ગદર્શક પાટિયું = શાસ્ત્ર | ૧૬૧ |
| शास्त्रं लक्षकमेव, न दर्शकम् | १६२ |
| આત્મદર્શનથી જ દેહાધ્યાસ તૂટે | ૧૬૨ |
| परोक्षधियो दुर्बलत्वम् | १६३ |
| ज्ञानेनान्तर्मुखताविधानम् | १६४ |
| જ્ઞાનતાદાત્મ્ય = મોક્ષ; જ્ઞેયતાદાત્મ્ય = સંસાર | ૧૬૪ |
| योगभ्रष्टत्वविचारः | १६५ |
| मग्नताप्रभावप्रतिपादनम् | १६६ |
| પુદ્ગલરચનામાં મુનિ નિર્લેપ | ૧૬૬ |
| ज्ञानास्वादे ज्ञानैकमग्नता | १६७ |
| જ્ઞાની વિષયોમાં ન રમે | ૧૬૭ |
| योगिसुखविमर्शः | १६८ |
| अभिसमन्वागतविषयविचारः | १६९ |
| આત્મવાન-જ્ઞાનવાન-બ્રહ્મવાનને ઓળખો | ૧૬૯ |
| विषयवैराग्ये फलतः शास्त्रसद्भावः | १७० |
| तत्त्वदृष्टिकार्यविद्योतनम् | १७१ |
| योगसिद्धावस्थाप्रकाशनम् | १७२ |
| સાધનાની પ્રાથમિક દશામાં વિષયો છોડવા પડે | ૧૭૨ |
| योगशास्त्रादिसंवादः | १७३ |
| સાધનાની પરિપક્વદશામાં વિષયો છૂટે | ૧૭૩ |
| साक्षिभावलाभविचारः | १७४ |
| सुख-दुःखचतुर्भङ्गी | १७५ |
| અંદર દુઃખ, બહાર સુખ-બહાર દુઃખ, અંદર સુખ | ૧૭૫ |
| ज्ञानार्णवसंवादः | १७६ |
| योगिचित्तनिरूपणम् | १७७ |
| યોગારમ્ભક અને યોગસિદ્ધ પુરૂષને ઓળખીએ | ૧૭૭ |
| तप्तलोहपदन्यासन्यायावतारः | १७८ |
| તપ્તલોહપદન્યાસ ન્યાયવિચાર | ૧૭૮ |
| સાત્ત્વિક- રાજસ સુખ વિચાર | ૧૭૮ |
| सुंसुमोदाहरणम् | १७९ |
| केवलज्ञानातीन्द्रियसुखयोरभेदः | १८० |

જ્ઞાન અને સુખનો અભેદ ૧૮૦
कर्मोदयजन्यसुखस्योपेक्षणीयता १८१
જ્ઞાન- સુખનો ભેદ ૧૮૧
निश्चय-व्यवहारापेक्षया ज्ञानसुखभेदाभेद-
विमर्शः १८२
જ્ઞાન અને સુખનો ભેદાભેદ ૧૮૨
ज्ञान-सुखसम्बन्धिनय-प्रमाणप्रचारः १८३
સુખ દુઃખને ઓળખીએ ૧૮૪
परवशं दुःखमात्मवशं सुखम् १८४
सर्वदर्शनमतैक्योपदर्शनम् १८५
श्रुतादेर्दुःखरूपतापाकरणम् १८६
સાધુની તેજોલેશ્યાને ઓળખીએ ૧૮૬
तेजोलेश्यास्वरूपविचारः १८७
शुक्लाभिजात्यविचारः १८८
मोक्षाक्षेपकज्ञानविचारः १८९
ઉત્તમજ્ઞાનને ઓળખીએ ૧૮૯
शुद्धज्ञानधारानिरूपणम् १९०
બે પ્રકારની સમાધિ ઓળખીએ ૧૯૦
निर्विकल्पकसमाधिः १९१
सालम्बनध्यानोत्तरं निरालम्बनध्यानम् १९२
સાલંબન-નિરાલંબન યોગ ૧૯૨
चिन्मयात्मविश्रान्तिः १९३
બિંબમાં પ્રતિબિંબનો લય ૧૯૩
निर्विकल्पं ब्रह्मतत्त्वम् १९४
શુદ્ધાત્માનું સ્વરૂપ ૧૯૪
विरोधपरिहारः १९५
आत्मनः तर्काद्यगोचरत्वम् १९६
અનામીનું નામ નથી ૧૯૬
लोकातिगात्मविचारः १९७
परब्रह्मतत्त्वस्यातीन्द्रियत्वम् १९८
વાણી અને વિચારનો
અવિષય પરબ્રહ્મ ૧૯૮
अन्यसंश्लिष्टात्मरूपस्यैवागमगम्यता १९९
પરબ્રહ્મ અતીન્દ્રિય ૧૯૯
भ्रमद्वैविध्यप्रतिपादनम् २००
आत्मानुभूतिमृते मुधानन्दः २०१
આત્માનુભવી થોડા ૨૦૧
चतुर्विधदृष्टिविमर्शः २०२
अलक्ष्यस्य ध्यानलक्ष्यत्वम् २०३
નિર્દ્વન્દ્વ અનુભવથી નિર્દ્વન્દ્વ આત્માને
અનુભવીએ ૨૦૩
स्वप्नादिदशानिरूपणम् २०४
અનુભવ એ ઉજાગર દશા ૨૦૪
नानातन्त्रानुसारेण जाग्रत्स्वप्नाद्यव-
स्थाविचारः २०५
अवस्थापञ्चकद्योतनम् २०६
सुषुप्त्यादौ नयान्तराभिप्रायः २०७
અન્ય નયના અભિપ્રાયથી
આત્માની ચાર દશા ૨૦૭
શબ્દબ્રહ્મપ્રાપ્તિ પછી
પરબ્રહ્મ પ્રકાશ ૨૦૭
अपुनरावृत्तिप्राप्तिहेतुविचारः २०८
આત્મામાં શબ્દવાચ્યતાનું
જ્ઞાન ભ્રમ છે ૨૦૮
स्वसमयस्थितिप्रतिपादनम् २०९
સ્વસમય અને પરસમયમાં રહેલ
વ્યક્તિને ઓળખો ૨૦૯
परसमयावस्थानद्योतनम् २१०

| | |
|---|---|
| अहमेव मयोपास्यः | २११ |
| પરમાત્મસ્વરૂપ અનુભવગમ્ય | ૨૧૧ |
| परमात्मस्वरूपद्योतनम् | २१२ |
| गुणस्थान-मार्गणास्थानविचारः | २१३ |
| ગુણસ્થાન અને માર્ગણાસ્થાન ઔપાધિક | ૨૧૩ |
| गुणस्थानादिसम्पर्काभाव आत्मनि | २१४ |
| मार्गणास्थानादिकमात्मनि व्यवहार-मात्रेणास्ति | २१५ |
| वीतरागस्तुतिविचारः | २१६ |
| વ્યવહાર સ્તુતિ અને નિશ્ચયસ્તુતિ | ૨૧૬ |
| आत्मनि कर्तृत्वोपचारः | २१७ |
| નિશ્ચયથી આત્મા કર્મનો અકર્તા | ૨૧૭ |
| जडकर्तृत्वं जडेष्वेव | २१८ |
| कर्मविकृतिरुपचारेणात्मनि | २१९ |
| માર્ગ લૂંટાય છે કે વટેમાર્ગુ ? | ૨૧૯ |
| आरब्धशक्तितः कर्मागमनविचारः | २२० |
| આત્મજ્ઞાની કર્મ ન બાંધે | ૨૨૦ |
| ज्ञानिनोऽलिप्तता | २२१ |
| कर्मफलभोक्तृत्वादिकमात्मनि नास्ति | २२२ |
| ज्ञानिप्रवृत्तेः कर्माऽबन्धकता | २२३ |
| सम्यग्दृष्टिचेष्टा मोक्षफला | २२४ |
| જ્ઞાનીની પ્રવૃત્તિ યાંત્રિક પૂતળી જેવી | ૨૨૪ |
| સમકિતી આશ્રવને સંવર બનાવે | ૨૨૪ |
| निराभिष्वङ्गचित्ते सदोचितप्रवृत्तिः | २२५ |
| જ્ઞાનીમાં વ્યક્ત ઔચિત્ય | ૨૨૫ |
| सामायिकस्वरूपप्रकाशनम् | २२६ |
| परमेष्ठिप्रवृत्तिः परानुग्रहार्था | २२७ |
| જ્ઞાનીની પ્રવૃત્તિ પરોપકારગર્ભિત | ૨૨૭ |
| ज्ञानिक्रियाऽप्यक्रियैव | २२८ |
| જ્ઞાની નિર્લેપ | ૨૨૮ |
| रागादिविलये आत्मनोऽबन्धस्वभावा-विर्भावः | २२९ |
| આત્મા કર્મ-નોકર્મનો અકર્તા | ૨૨૯ |
| आत्मनः कर्मपुद्गलैरस्पृष्टता | २३० |
| પુદ્ગલથી પુદ્ગલ બંધાય, આત્મા નહિ | ૨૩૦ |
| लेपप्रतिक्षेपणक्रियावश्यकता | २३१ |
| भावनाज्ञानस्य लिप्तताप्रतिक्षेपकत्वम् | २३२ |
| આત્મજ્ઞાનીને પણ ધર્મક્રિયા ઉપયોગી | ૨૩૨ |
| અભિમાની લેપાય- આત્મજ્ઞાની ન લેપાય | ૨૩૨ |
| लेपाऽलेपविचारः | २३३ |
| ભોજન વગર અજીર્ણ | ૨૩૩ |
| पूर्वकाले साम्यदर्शनं हानिकारकम् | २३४ |
| જ્ઞાનીયોગી અને ક્રિયાયોગીની શુદ્ધિની પ્રક્રિયા | ૨૩૪ |
| निर्मलब्रह्माऽऽविर्भावविचारः | २३५ |
| દ્વૈત વિલય પછી અદ્વૈત આવિર્ભાવ | ૨૩૫ |
| 'एगे आया' सूत्रविचारः | २३६ |
| आत्मैकत्वस्थापनम् | २३७ |
| नैरात्म्यवादमण्डनम् | २३८ |
| नयविकल्पविलयविज्ञापनम् | २३९ |

નયજન્ય ભેદભાવ બ્રહ્મમાં વિલીન ૨૩૯
सत्त्वमात्ममात्रविश्रान्तम् २४०
સત્તા સામાન્ય પણ આત્મવિશ્રાંત ૨૪૦
परमभावग्राहकनयाभिप्रायावेदनम् २४१
ब्रह्मणि नयप्रचारः २४२
આત્મા સચ્ચિદાનંદમય ૨૪૨
आत्मनः सच्चिदानन्दरूपतास्थापनम् २४३
નિર્વિકલ્પજ્ઞાનમાં અખંડ આત્મભાન ૨૪૩
निर्विकल्पानुभवस्याऽतर्कणीयता २४४
નિર્વિકલ્પમાં દૂષણ પણ ભૂષણ ૨૪૪
आत्मानुभवस्याऽनभिलाप्यता २४५
અનભિલાપ્ય ભાવો અતિરસ્કરણીય ૨૪૫
अत्यन्तपक्वबोधस्य निर्विकल्पसमाधिनिरूपणश्रवणाधिकारः २४६
અર્ધપંડિતમાં જ્ઞાન-ક્રિયાની ચતુર્ભંગી ૨૪૬
साधनारम्भे षड्गुणावश्यकतोपपादनम् २४७
ઉપદેશ શ્રોતાની ભૂમિકા મુજબ ૨૪૮
व्यवहारनिष्णातस्यैव निश्चयोपलम्भाधिकारिता २४९
શાસ્ત્રવચન પણ અયોગ્યને અહિતકારી ૨૪૯
बाल-मध्यमयोर्निश्चयनयश्रवणानधिकारः २५०
અશુભના ત્યાગ માટે શુભવ્યવહારનું આલંબન ૨૫૦
कामादीनां प्रतिपक्षभावनानाश्यता २५१
શુભવિકલ્પ અશુભ વિકલ્પને હટાવે ૨૫૧
विकल्पेन विकल्पविलयः २५२
પ્રબળ શુભવિચાર સ્વનાશ દ્વારા શુદ્ધિપ્રાપક ૨૫૩
अविद्यया विद्याप्राप्तिः २५३
अविद्ययाऽविद्यानाशः २५४
અવિદ્યાનાશની પ્રક્રિયા ઓળખીએ ૨૫૪
दर्शनमात्रादविद्यानाशः २५५
प्रशस्तालम्बनविचारः २५६
અશુભ દૂર થતાં શુભ દૂર થાય, શુદ્ધ પ્રગટે ૨૫૬
नैश्चयिकशक्ति विचारः २५७
નૈશ્ચયિકી શક્તિને ઓળખીએ ૨૫૭
ક્ષાયોપશમિક ગુણો પણ અંતે ત્યાજ્ય ૨૫૭
अपूर्वकरणे क्षायोपशमिकगुणविलयः २५८
શુભ અને શુદ્ધ બન્ને ઉપયોગ ઉપાદેય ૨૫૮
अशुद्धक्रियाऽपि शुद्धक्रियाहेतुः २५९
गुरुसमर्पितस्य सहजात्मस्वरूपनिष्ठता २६०
અપુનર્બંધક પણ આત્માને માણે ૨૬૦
દર્પણ ઉપમાનું રહસ્યોદ્ઘાટન ૨૬૦
दर्पणोपमाप्रयोजनाविष्करणम् २६१
પરમ ભાવમાં પક્ષપાત ૨૬૧
परमभावपक्षपातः २६२
પરમભાવ એ જ પ્રમાણ ૨૬૨
तर्कस्य दुर्बलत्वम् २६३

સર્વ નયોમાં નિશ્ચયનય બળવાન ૨૬૩
स्याद्वादावतारे नयैकान्तविलयः २६४
परमभावनिष्ठस्य शोच्यादिविरहः २६५
ભાવનાજ્ઞાનવાળા સિદ્ધયોગી કૃતકૃત્ય ૨૬૫
सुपरिणतात्मख्यातौ यशोलाभः २६६
મહામુનિની ઉજ્જવળ યશ કીર્તિ ૨૬૭
ज्ञानयोगशुद्धिनामविचारः २६७
ज्ञानपरिणतौ सत्क्रिया स्वाभाविकी २६८

(तृतीयः अधिकार)

પ્રારંભિક સાધનો પશ્ચાત્ સ્વભાવ બને ૨૬૮
जिनयतनाविमर्शः २६९
ભગવાનની યતના એ જ યાત્રા ૨૬૯
भगवति षडावश्यकविचारः २७०
सामायिकपर्यायशब्दविचारः २७१
स्थितप्रज्ञलक्षणविमर्शः २७२
સ્થિતપ્રજ્ઞના સાધન અને લક્ષણ સમાન છે. ૨૭૨
पण्डितयोगारूढादिलक्षणप्रदर्शनम् २७३
સ્વચ્છંદ આચારવાળો જ્ઞાની પણ અજ્ઞાની જ ૨૭૩
ज्ञानसंन्यासिलक्षणप्रतिपादनम् २७४
ज्ञानसत्त्वेऽक्रिया शोच्यत्वाऽऽक्षेपिका २७५
વિષયાસક્ત જ્ઞાની પણ પશુતુલ્ય ૨૭૫
तत्त्वज्ञानिनः स्वच्छन्दप्रवृत्त्ययोगः २७६
તત્ત્વજ્ઞાનીને સ્વચ્છંદપ્રવૃત્તિ ન હોય ૨૭૬
सामायिकं द्विविधम् २७७
વ્યવહારનયથી મુનિના ચિત્તને ઓળખીએ ૨૭૭
निश्चय-व्यवहारयोर्मिथः सापेक्षता २७८
નિશ્ચયનયથી મુનિના ચિત્તને જાણીએ ૨૭૮
पश्यकस्यानुद्देशः २७९
તત્ત્વજ્ઞાનીને વિધિ નિષેધ ન હોય- પૂર્વપક્ષ ૨૭૯
तत्त्वज्ञानिनां विधिनिषेधाभावः २८०
सामर्थ्ययोगस्य शास्त्राऽनियन्त्रितत्वम् २८१
શાસ્ત્રથી સામર્થ્યયોગ અનિયંત્રિત ૨૮૧
क्रियायां विकल्पयामलाक्षेपः २८२
ज्ञानस्य राजयोगत्वम् २८३
ભાવની સિદ્ધિઃ-અસિદ્ધિ દ્વારા ક્રિયા નિષ્ફળ - પૂર્વપક્ષ ૨૮૩
केवलिन एव पश्यकत्वम् २८४
તત્ત્વજ્ઞાનીને પણ શાસ્ત્રોક્ત ક્રિયા આવશ્યક - ઉત્તરપક્ષ ૨૮૪
ज्ञानिनां क्रियोपयोगः २८५
શુભ ભાવના યોગક્ષેમ માટે ક્રિયા આવશ્યક - ઉત્તરપક્ષ ૨૮૫
क्रियाशून्यज्ञानस्याकिञ्चित्करत्वम् २८६
નિષ્ક્રિય જ્ઞાન અનર્થક ૨૮૬
ज्ञानपूर्णस्याऽपि द्विविधक्रियावश्यकता २८७
પૂર્ણજ્ઞાનીને પણ ક્રિયા જરૂરી ૨૮૭
व्यवहारावलम्बिनिश्चयस्य तत्त्वप्रापकता २८८
ક્રિયાશૂન્ય જ્ઞાનથી કાર્યનિષ્પત્તિ ન થાય ૨૮૮

व्यवहार-निश्चयसमन्वयः २८९
आचारभ्रष्टानां धर्मशून्यता २९०
પરિણામના યોગક્ષેમ માટેના ૭ ઉપાયો ૨૯૦
क्षायोपशमिकभावनिष्ठायाः क्रियायाः साफल्यम् २९१
સદ્ગુણને પરિધિમાં નહિ, કેન્દ્રમાં રાખો ૨૯૧
क्रियायाः प्रयोजनद्वैविध्यम् २९२
ક્ષાયોપશમિક ભાવની ક્રિયા પડેલા ભાવને જગાવે ૨૯૨
योगस्स्खलनहेतुविचारः २९३
ક્યારેક ઔદયિક ભાવ પણ અબાધક ૨૯૩
મોહવિજેતાને અખંડ સંયમસ્થાન ૨૯૩
ज्ञानस्य क्रियातिशायित्वम् २९४
ક્રિયા કરતાં જ્ઞાન બળવાન - પૂર્વપક્ષ ૨૯૪
સંચિત અદૃષ્ટના નાશ માટે ક્રિયા જરૂરી ૨૯૫
सञ्चितादृष्टनाशाय क्रियावश्यकता २९६
આસુર મહર્ષિની સંમતિ ૨૯૬
क्रियया कर्ममुक्तिः २९७
વિવિધ દર્શનોમાં કર્મનો સ્વીકાર ૨૯૭
कर्मपर्यायाः २९८
ज्ञानाग्नेः सर्वकर्मनाशकत्वमीमांसा २९९
શું તત્વજ્ઞાની સર્વકર્મશૂન્ય હોય ? ૨૯૯
कायव्यूहानङ्गीकारः ३००
सामानाधिकरण्येनाऽदृष्टकार्यकारिता ३०१
અન્યના કર્મથી કોઈ શરીર ધારણ ન કરે ૩૦૧
अविद्याविरहे देहस्थितिविचारः ३०२
નિરુપાદાન કાર્યની સ્થિતિની મીમાંસા ૩૦૨
देहनाशकताविमर्शः ३०३
निरुपादानदेहकालनियमविचारः ३०४
जीवनाऽदृष्टनाशे देहपातः ३०५
प्रारब्धादृष्टतो ज्ञानिदेहस्थितिः ३०६
ज्ञाननाश्यतावच्छेदकविचारः ३०७
ક્રિયાથી પણ કર્મ નાશ પામે ૩૦૭
ज्ञानकर्मसमुच्चयपक्षस्थापनम् ३०८
જ્ઞાન ક્રિયા સમુચ્ચયથી મોક્ષ ૩૦૮
मिथः सहकारेण ज्ञान-क्रियासमुच्चयः ३०९
नानादर्शनानुसारेण ज्ञान-क्रियासमुच्चयद्योतनम् ३१०
ज्ञान-क्रिययोः गौणमुख्यभावः ३११
ક્ષાયિક જ્ઞાન- ક્રિયા પરસ્પર સહકારી ૩૧૧
केवलज्ञान-चारित्रयोः मिथःसहकारेण मोक्षहेतुता ३१२
કેવલજ્ઞાનીને પણ ક્રિયા જરૂરી ૩૧૨
आस्तिक्यस्वरूपद्योतनम् ३१३
ક્રિયાને અવગણતો જ્ઞાની પણ નાસ્તિક છે ૩૧૩
निश्चयनयाभासः ३१४
દંભી શુષ્કજ્ઞાનીઓ જગતને ઠગે છે. ૩૧૪
प्रच्छन्ननास्तिकस्वरूपप्रकाशनम् ३१५

| | |
|---|---|
| જ્ઞાની પાસે નિયમા ક્રિયા હોય | ૩૧૫ |
| ज्ञानपरिपाकप्रदर्शनम् | ३१६ |
| અનુષ્ઠાનના ચાર ભેદ | ૩૧૬ |
| जिनकल्पिकक्रियाया असङ्गानुष्ठानत्वम् | ३१७ |
| જ્ઞાન-ક્રિયાના સમુચ્ચયથી મોક્ષ | ૩૧૭ |
| द्रव्यभावविशुद्धिहेतुताविमर्शः | ३१८ |
| અધ્યાત્મસારગ્રંથ વિરોધનો પરિહાર | ૩૧૮ |
| नयोन्मेषस्याखिलभावनिश्चायकत्वम् | ३१९ |
| આઠ વિશેષતાવાળા મુનિ ભગવંતો જય પામે છે | ૩૧૯ |
| क्रियायोगशुद्धिनामरहस्यार्थः | ३२० |
| साम्ययोगशुद्धिनामरहस्यार्थाविष्कारः | ३२१ |
| **चतुर्थः अधिकार** | |
| मोक्षमार्गेऽश्व-रथ-कण्टकत्राणादि-प्रतिपादनम् | ३२२ |
| જ્ઞાન-ક્રિયા રૂપી બે અશ્વ સામ્યરથને ખેંચે | ૩૨૨ |
| साम्ययोगस्योपसर्गभयप्रतिबन्धकता | ३२३ |
| લોકોત્તર સામ્યના અધિકારીને ઓળખીએ | ૩૨૩ |
| विरक्तस्य मूकान्धबधिरोपमा | ३२४ |
| रागादिविलये साम्ययोगलाभः | ३२५ |
| साम्यौषधस्य कल्याणसाधकता | ३२५ |
| ઉપસર્ગ - પરિષહથી સામ્યયોગી ડગે નહિ | ૩૨૬ |
| ... તો સુવર્ણસિદ્ધિ થાય | ૩૨૬ |
| रतिमोहनीयप्रभावः | ३२७ |
| અનુકૂળ ઉપસર્ગમાં પણ યોગી અલિપ્ત | ૩૨૭ |
| सुखभ्रान्तिकारणनिरूपणम् | ३२८ |
| સામ્યયોગ ભ્રમણા દૂર કરે. | ૩૨૮ |
| मिथ्याचारोपदर्शनम् | ३२९ |
| स्पर्शसंवेदनविवरणम् | ३३० |
| ... તો સમત્વ ભાવ પ્રગટ થાય | ૩૩૦ |
| चित्तशुद्धेः प्राधान्यप्रतिपादनम् | ३३१ |
| સમતા વિના સામાયિક મિથ્યા | ૩૩૧ |
| सामायिकव्याख्या | ३३२ |
| यतिधर्माधिकारिप्रकाशनम् | ३३३ |
| શુદ્ધ સામાયિકને સમજીએ | ૩૩૩ |
| समताशून्यानुष्ठानस्येप्सितकरत्वाभावः | ३३४ |
| સામ્યભાવથી પરમાત્મપ્રકાશ | ૩૩૪ |
| ऋजु-मोक्षमार्गप्रदर्शनम् | ३३५ |
| સર્વ યોગો સમતામાં સમાય | ૩૩૫ |
| साम्यमेव परं ध्यानम् | ३३६ |
| સાધુ કષાયનો ભરોસો ન કરે | ૩૩૬ |
| साम्यरतौ कषायाऽसम्भवः | ३३७ |
| તત્ત્વજ્ઞાની કષાય ન કરે | ૩૩૭ |
| क्रियानिष्ठाऽपि साम्ययोग एव | ३३८ |
| સમતા વિના સર્વધર્મ નિષ્ફળ | ૩૩૮ |
| समतानादरे जन्मवैफल्यम् | ३३९ |
| સામ્યયોગી પાસે જ સર્વોત્કૃષ્ટ ગુણ | ૩૩૯ |
| साम्यसमाधिपदार्थविचारः | ३४० |
| દમદન્ત મુનિના સમભાવને ઓળખીએ | ૩૪૦ |

| | |
|---|---|
| समतासत्त्वे स्तुत्याद्यनाशंसा | ३४१ |
| प्रशंसनीयप्रशमप्रकाशनम् | ३४२ |
| आत्मगुणानामदाह्यत्वम् | ३४३ |
| નમિ રાજર્ષિની સ્તુતિ | ૩૪૩ |
| સ્કંધક સૂરિના શિષ્યોની સમતા | ૩૪૩ |
| समताबीजविद्योतनम् | ३४४ |
| મેતાર્ય મુનિને નમસ્કાર | ૩૪૪ |
| श्रमणव्याख्या | ३४५ |
| रागादिरहितबुद्ध्या साक्षिवद्दर्शनम् | ३४६ |
| ગજસુકુમાલ મુનિને કોટી કોટી વંદના | ૩૪૬ |
| समतायाः कर्मनाशकता | ३४७ |
| અર્ણિકાપુત્રને અનંતશઃ વંદના | ૩૪૭ |
| દૃઢપ્રહારી મુનિ ! અમને સમતા આપો | ૩૪૭ |
| योगिप्रवृत्तेरज्ञबोधानुकूलता | ३४८ |
| મરૂદેવી માતા ! સમાધિ આપો | ૩૪૮ |
| साम्यप्रभावोपदर्शनम् | ३४९ |
| પ્રકરણ ઉપસંહાર | ૩૪૯ |
| साम्ययोगरतावविद्याविलयः | ३५० |
| અધ્યાત્મવૈશારદીની પ્રશસ્તિ | ૩૫૦ |
| अध्यात्मवैशारदीकृत्प्रशस्तिः | ३५१ |
| પરિશિષ્ટ - ૧ | ૩૫૩ |
| પરિશિષ્ટ - ૨ | ૩૫૫ |
| પરિશિષ્ટ - ૩ | ૩૫૮ |
| પરિશિષ્ટ - ૪ | ૩૫૯ |



## ।। अथ ज्ञानयोगशुद्धिनामा द्वितीयोऽधिकारः ।।

**दिशा दर्शितया शास्त्रैर्गच्छन्नच्छमतिः पथि ।**
**ज्ञानयोगं प्रयुञ्जीत तद्विशेषोपलब्धये ।।१।।**

❀ अध्यात्मवैशारदी ❀

कषादिशुद्धसिद्धान्तप्रकाशिने नमो नमः ।
माध्यस्थ्यभावनाभ्यासयोगेनाध्यात्मशालिने ।।१।।

'विशुद्धशास्त्रयोगमुपलभ्य किं कर्तव्यम् ?' इति जिज्ञासायामाह —> 'दिशे'ति ।

कषच्छेदतापपरीक्षाशुद्धैरध्यात्ममार्गप्रकाशकैरर्थतः सर्वज्ञप्रणीतैः सूत्रतो गणधरग्रथितैः माध्यस्थ्य-भावनाज्ञानपरिकलितस्थवीराद्युपबृंहितैः शासन-त्राणशक्तिपरिकलितैः **शास्त्रैः दर्शितया दिशा** = विधानेन **पथि** = मोक्षमार्गे **गच्छन्** = प्रवर्तयन् **अच्छमतिः** = निर्मलबुद्धिः **तद्विशेषोपलब्धये** = विशुद्धयोगात्मकशास्त्र-ज्ञानोत्तरकालीन-केवलज्ञानात्मक-ज्ञानविशेषप्राप्तये **ज्ञानयोगं** वक्ष्यमाणं **प्रयुञ्जीत** = व्यापारयेत् धनविशेष-प्राप्तये देशाटनादिवत् । इत्थमेव विशुद्धशास्त्रयोगसाफल्योपपत्तेः ।।२/१।।

ज्ञानयोगमेवावेदयति —> 'योगजे'ति ।

---

## 'જ્ઞાનયોગશુદ્દિ' દ્વિતીય અધિકાર

### ❖ અધ્યાત્મ પ્રકાશ ❖

કષ, છેદ અને તાપ પરીક્ષાથી શુદ્ધ સ્યાદ્વાદસિદ્ધાંતને પ્રકાશિત કરનાર તથા માધ્યસ્થ્ય અને ભાવનાજ્ઞાનના અભ્યાસના યોગથી પ્રાપ્ત થયેલ અધ્યાત્મથી શોભતા એવા યોગસિદ્ધ પુરૂષને વારંવાર નમસ્કાર થાઓ. (૧)

અધ્યાત્મવૈશારદી ટીકાકારે દ્વિતીય અધિકારના પ્રારંભમાં કરેલ મંગલનો ભાવાનુવાદ કરવાપૂર્વક દ્વિતીય અધિકારનો ગુર્જર ભાવાનુવાદ પ્રસ્તુત થાય છે.

''વિશુદ્ધ શાસ્ત્રયોગને પામીને શું કરવું જોઈએ ?'' આવી જિજ્ઞાસાના શમન માટે ગ્રંથકારશ્રી ફરમાવે છે કે:

**શ્લોકાર્થ** :- શાસ્ત્રોએ દર્શાવેલ દિશા પ્રમાણે મોક્ષમાર્ગમાં ચાલનાર નિર્મળ બુદ્ધિવાળા સાધકે જ્ઞાનવિશેષની પ્રાપ્તિ માટે જ્ઞાનયોગનો પ્રયોગ કરવો જોઈએ. (૨/૧)

### ❋ શાસ્ત્રયોગી જ્ઞાનયોગી બને ❋

**ટીકાર્થ** :- કષ, છેદ અને તાપ પરીક્ષાથી શુદ્ધ અને અધ્યાત્મમાર્ગ ઉપર પ્રકાશ પાથરનારા તથા અર્થની અપેક્ષાએ સર્વજ્ઞરચિત, સૂત્રની અપેક્ષાએ ગણધરગ્રથિત તેમ જ માધ્યસ્થ્ય-ભાવનાજ્ઞાનથી શોભતા એવા સ્થવીરોથી પરિપુષ્ટ થયેલ એવા જ શાસ્ત્રો જીવોનું અનુશાસન અને રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આવા શાસ્ત્રોએ બતાવેલ દિશા-વિધિ પ્રમાણે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નિર્મળ બુદ્ધિવાળા સાધકે વિશુદ્ધયોગાત્મક શાસ્ત્રજ્ઞાન પછી ઉત્પન્ન થનાર કેવલજ્ઞાન સ્વરૂપ વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ માટે બીજા શ્લોકમાં જેને બતાવવામાં આવશે તે જ્ઞાનયોગ પ્રાપ્ત કરવો જોઈએ. પુષ્કળ ધન મેળવવા માટે પુરૂષ જેમ પરદેશગમન વગેરે પુરૂષાર્થ કરે છે તેમ સાધકે જ્ઞાનયોગ મેળવવા માટે પુરૂષાર્થ કરવો જોઈએ. આ રીતે જ વિશુદ્ધ શાસ્ત્રયોગ સફળ થાય.(૨/૧)

જ્ઞાનયોગને ગ્રંથકારશ્રી હવે જણાવે છે.

**योगजादृष्टजनितः, स तु प्रातिभसंज्ञितः ।**
**सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ॥२॥**

**सः** = ज्ञानयोगः **तु योगजाऽदृष्टजनितः** = मोक्षयोजक-परिशुद्ध-सर्वधर्मव्यापारजन्येन प्रभूतकर्मनिर्जराऽऽक्षेपकेन पुण्यानुबन्धिपुण्यविशेषेण जनितः **प्रातिभसंज्ञितः** = केवलार्कारुणोदयस्थानीयानुभवाऽपराभिधानप्रातिभसंज्ञासङ्केतितः **दिन-रात्रिभ्यां सन्ध्या इव केवल-श्रुतयोः पृथक्** = भिन्नः । तदुक्तं **ज्ञानसारे** —> सन्ध्येव दिन-रात्रिभ्यां केवल-श्रुतयोः पृथक् । बुधैरनुभवो दृष्टः केवलार्कारुणोदयः ॥ <— (२६/१) इति । फलावञ्चकयोगात् प्रातिभज्ञानं जायते । तदुक्तं **षोडशके** —> चरमावञ्चकयोगात् प्रातिभसञ्जाततत्त्वसंदृष्टिः <— (१५/६) । —> प्रतिभैव प्रातिभं अदृष्टार्थविषयो मतिज्ञानविशेषः <— इति **योगदीपिकाकारः** । **एतेन** —> प्रातिभमपि श्रुतज्ञानमेव, अन्यथा षष्ठज्ञानप्रसङ्गः <— इति **निरस्तम्** ।

वस्तुतस्तु क्षपकश्रेण्यनुगतमोक्षमार्गानुसारिप्रकृष्टोहाऽऽख्यज्ञानमेव प्रातिभज्ञानम् । नैतच्छ्रुतं, न केवलं, न च ज्ञानान्तरमिति रात्रिन्दिवारुणोदयवत् । अरुणोदयो हि न रात्रिंदिवाऽतिरिक्तो न च तयोरेकोऽपि वक्तुं पार्यते । एवं प्रातिभमप्येतन्न तदतिरिक्तं न च तयोरेकमपि वक्तुं शक्यते । तत्काल एव तथो-

**<u>શ્લોકાર્થ</u> :-** તે જ્ઞાનયોગનું નામ પ્રાતિભ જ્ઞાનયોગ છે. તે યોગજન્ય અદૃષ્ટથી ઉત્પન્ન થાય છે. જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા ભિન્ન છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પ્રાતિભજ્ઞાન ભિન્ન છે. <u>(૨/૨)</u>

## ✦ પ્રાતિભજ્ઞાન એ જ જ્ઞાનયોગ ✦

**<u>ટીકાર્થ</u> :-** મોક્ષની સાથે જોડી આપે તેવી સર્વ પરિશુદ્ધ ધર્મપ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય પુષ્કળ કર્મનિર્જરાને ખેંચી લાવે છે તેને યોગજ અદૃષ્ટ કહેવાય. તેનાથી પ્રાતિભ નામનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે જ જ્ઞાનયોગ છે. કેવળજ્ઞાન રૂપી સૂર્ય ઉગે તે પહેલાં જેમ અરૂણોદય થાય છે તેમ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે પૂર્વે અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે જ અનુભવજ્ઞાન પ્રાતિભ જ્ઞાન પણ કહેવાય છે. દિવસ અને રાત્રિથી જેમ સંધ્યા ભિન્ન છે તેમ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પ્રાતિભજ્ઞાન ભિન્ન છે. <u>જ્ઞાનસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> દિવસ-રાતથી જેમ સંધ્યા ભિન્ન છે તેમ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન એવું અનુભવજ્ઞાન તે કેવળજ્ઞાન રૂપી સૂર્યના અરૂણોદય જેવું છે. એવું જ્ઞાની પુરૂષોએ જોયેલું છે. <— પૂર્વે જણાવેલ ફલાવંચક યોગથી પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થાય છે. <u>ષોડશક</u> ગ્રંથમાં અપર તત્ત્વને જોયા બાદ પરતત્ત્વને જોનાર યોગી કેવા હોય છે ? તેને જણાવતાં કહ્યું છે કે —> ચરમાવંચક = ફલાવંચક યોગથી પ્રાતિભજ્ઞાન દ્વારા યોગીને તત્ત્વદૃષ્ટિ ઉત્પન્ન થાય છે. <— <u>ષોડશક</u> ગ્રંથની <u>યોગદીપિકા</u> ટીકામાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ બતાવેલ છે કે —> પ્રતિભા એ જ પ્રાતિભજ્ઞાન કહેવાય. તે મતિજ્ઞાનવિશેષ સ્વરૂપ છે. તે અદૃષ્ટાર્થવિષયક હોય છે. <— આવું કહેવાથી —> પ્રાતિભ જ્ઞાન પણ શ્રુતજ્ઞાન જ છે. બાકી છઠ્ઠા જ્ઞાનને માનવાની આપત્તિ આવશે. <— આવી શંકાનું નિવારણ થઈ જાય છે.

वस्तुत० । વાસ્તવમાં તો ક્ષપકશ્રેણિને અનુગત એવા મોક્ષમાર્ગને અનુસરનાર પ્રકૃષ્ટ 'ઊહ' નામનું જ્ઞાન એ જ પ્રાતિભજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન પણ નથી. તેમ જ કેવળજ્ઞાન પણ નથી. તથા પાંચ જ્ઞાનથી અતિરિક્ત છઠ્ઠું જ્ઞાન પણ નથી. પરંતુ રાત-દિવસની વચ્ચે રહેલ અરૂણોદય જેવું છે. જેમ અરૂણોદય રાત કે દિવસથી અતિરિક્ત નથી, તેમ જ રાત-દિવસમાં તેનો સમાવેશ પણ થતો નથી. તેમ પ્રાતિભજ્ઞાન એ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનથી અતિરિક્ત પણ નથી, તેમ જ તે બેમાં તેનો સમાવેશ પણ થતો નથી. તે જ સમયે (=યથા

त्कृष्टक्षयोपशमवतो भावात् श्रुतत्वेन तत्त्वतोऽसंव्यवहर्तव्यत्वान्न श्रुतम् । क्षायोपशमिकत्वात्, अशेषद्रव्य-पर्यायाऽविषयत्वान्न केवलमिति । इष्टश्चैतत् तारकनिरीक्षणप्रदिज्ञानशब्दवाच्यमपरैरपीत्यादिकं व्यक्तं **योगदृष्टिसमुच्चयवृत्तौ** (गा.८-पृ.७१) ।

यत्तु **पातञ्जलयोगसूत्रभाष्ये** —> प्रातिभं नाम तारकम् । तत् विवेकजस्य (सार्वज्ञ्यरूपस्य) ज्ञानस्य पूर्वरूपम्, यथोदये प्रभा भास्करस्य । तेन वा सर्वमेव जानाति योगी, प्रातिभस्य ज्ञानस्योत्पत्तौ <— (३/३३) **इत्युक्तम्** तत्र 'सर्वमि'त्यनेन 'सूक्ष्मादिकमि'त्यभिमतम् । तदुक्तं **पातञ्जलयोगसूत्रभाष्य** एव —> प्रातिभात् सूक्ष्म-व्यवहित-विप्रकृष्टातीतानागतज्ञानम् <— (३/३६) । प्रातिभस्य सर्वद्रव्यपर्यायविषयत्वे तस्य स्वोत्तरवर्तिसार्वज्ञ्यज्ञानरूपतापत्तेः । **एतेन** —> प्रतिभा = ऊहः तद्भवं = प्रातिभम् । प्रसंख्यानहेतुसंयमवतो हि तत्प्रकर्षे प्रसङ्ख्यानोदयपूर्वलिङ्गं यदूहजं तेन सर्वं विजानाति योगी । तच्च प्रसंख्यान-(= विवेकख्याति) सन्निधापनेन संसारात्तारयतीति तारकम् <— (३/३३) इति **तत्त्ववैशारदीकृतो वाचस्पतिमिश्रस्य** वचनमपि **व्याख्यातम्** । प्रातिभं स्वप्रतिभोत्थं अनौपदेशिकं ज्ञानं संसारतरणोपायत्वात्तारकम् ।

**સંભવ ક્ષપકશ્રેણીમાં) તથાવિધ ઉત્કૃષ્ટ ક્ષયોપશમવાળા જીવને પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી તેનો વાસ્તવમાં શ્રુતજ્ઞાનરૂપે વ્યવહાર થઈ ન શકે. તેમ જ ક્ષાયોપશમિક હોવાના કારણે, તથા સર્વદ્રવ્યપર્યાયવિષયક ન હોવાના કારણે કેવલજ્ઞાન સ્વરૂપ પણ તે નથી. આ પ્રાતિભજ્ઞાન અન્યદર્શનકારોને પણ તારકનિરીક્ષણજ્ઞાન વગેરે શબ્દોથી વાચ્યરૂપે માન્ય છે. <— ઈત્યાદિ યોગદૃષ્ટિસમુચ્ચયની સ્વોપજ્ઞવૃત્તિમાં વ્યક્ત છે.**

## ❯ પ્રાતિભજ્ઞાનમાં સર્વવિષયકત્વ કઈ રીતે ? ❯

यत्तु० । **શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ "પ્રાતિભજ્ઞાન સર્વદ્રવ્યપર્યાયવિષયક ન હોવાથી કેવલજ્ઞાન સ્વરૂપ નથી. તેમ જ તે પ્રાતિભજ્ઞાન અન્યદર્શનકારોને તારકનિરીક્ષણજ્ઞાનરૂપે માન્ય છે." આવું જણાવ્યું તે આપણે હમણાં ઉપર જોઈ ગયા. પરંતુ પાતંજલયોગસૂત્રના ભાષ્યમાં તો —> પ્રાતિભ એટલે કે તારકજ્ઞાન. વિવેકખ્યાતિથી જન્ય એવા સર્વજ્ઞતારૂપ જ્ઞાનના ઉદયની પૂર્વે તે તારકજ્ઞાન હોય છે. જેમ સૂર્યના ઉદયની પહેલાં પ્રભાત = અરૂણોદય હોય છે તે રીતે. અથવા તો પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેનાથી બધું જ યોગી પુરૂષ જાણે છે. <— આવું જે જણાવેલ છે તેમાં 'બધું' કહેવા દ્વારા સૂક્ષ્મ વગેરે પદાર્થો જાણવા. પાતંજલયોગસૂત્રના ભાષ્યમાં જ આગળ જણાવ્યું છે કે —> પ્રાતિભજ્ઞાનથી સૂક્ષ્મ, દીવાલ વગેરેથી વ્યવહિત, અત્યંત દૂરદેશવર્તી પદાર્થ, તથા અતીત-અનાગત પદાર્થનું જ્ઞાન થાય છે. <— જો પ્રાતિભજ્ઞાન દ્વારા બધું જ જણાતું હોય અર્થાત્ તે સર્વદ્રવ્યપર્યાયવિષયક હોય તો તે પ્રાતિભજ્ઞાન પોતાના ઉત્તરવર્તી સર્વજ્ઞતાત્મક જ્ઞાન સ્વરૂપ બનવાની આપત્તિ આવશે. અર્થાત્ પ્રાતિભવિજ્ઞાન એ કેવલજ્ઞાનસ્વરૂપ બનવાની, કેવલજ્ઞાનની જેમ સ્થાયી રહેવાની આપત્તિ આવશે. મતલબ કે પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ અને કેવલજ્ઞાનની = સર્વજ્ઞતાની પ્રાપ્તિમાં કોઈ જ ફરક માની નહિ શકાય. આવું કહેવાથી —> પ્રતિભા = ઊહ, તેનાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન = પ્રાતિભજ્ઞાન. પ્રસંખ્યાનના = વિવેકખ્યાતિના હેતુભૂત સંયમને ધારણ કરનાર યોગીને તે સંયમનો પ્રકર્ષ થાય ત્યારે વિવેકખ્યાતિના ઉદયના પૂર્વચિહ્ન સ્વરૂપ ઊહજન્ય પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થાય છે તેનાથી યોગી બધું જાણે છે. તે પ્રાતિભજ્ઞાન વિવેકખ્યાતિ લાવવા દ્વારા યોગીને સંસારથી તારે છે. માટે તે તારકજ્ઞાન પણ કહેવાય છે. <— આ પ્રમાણે તત્ત્વવૈશારદી(=યોગસૂત્રવ્યાખ્યા) નામની ટીકા કરનાર વાચસ્પતિમિશ્રના વચનની પણ વ્યાખ્યા થઈ ગઈ. પ્રાતિભજ્ઞાનનો મતલબ છે પોતાની પ્રતિભાથી ઉત્પન્ન થયેલ, ઉપદેશનિરપેક્ષ એવું**

—> प्रतिभा = उपदेशादिनैरपेक्ष्येण सूक्ष्मादीनां मानसं यथार्थज्ञानम्, तत्सामर्थ्यं = प्रातिभम् <— (१/३३-३६) इति व्यक्तमुक्तं **विज्ञानभिक्षुणा योगवार्तिके** । **अनेन** —> निमित्तानपेक्षं मनोमात्रजन्यमविसंवादकं द्रागुत्पद्यमानं ज्ञानं = प्रतिभा, तस्यां संयमे क्रियमाणे प्रातिभं विवेकख्यातेः पूर्वभावि तारकं ज्ञानमुदेति यथा - उदेष्यति सवितरि पूर्वं प्रभा प्रादुर्भवति तद्वद्विवेकख्यातेः पूर्वं तारकं सर्वविषयज्ञानमुत्पद्यते <— (१/३३) इति **राजमार्तण्डकृद्-भोजराजर्षि**वचनमपि **व्याख्यातम्** । सूर्योदयसूचकारुणप्रभया यथा लोकः सर्वं स्वविषयं पश्यति तथा केवलज्ञानसूचकप्रातिभज्ञानात् योगी सर्वं स्वविषयार्हं जानातीति भावः।

ज्ञानयोगतयाऽभिमतं प्रातिभज्ञानं क्षपकश्रेण्यामेवावाप्यते, तस्य सामर्थ्ययोगाऽविनाभावित्वात् । प्रातिभज्ञानञ्च प्रज्ञाऽऽलोकपदेनाप्यभिधीयते । तदुक्तं **स्याद्वादकल्पलतायां** —> प्रज्ञालोकश्च केवलज्ञानादधः सचित्राऽऽलोककल्पः चतुर्ज्ञानप्रकर्षोत्तरकालभावी प्रातिभापरनामा ज्ञानविशेषः <— (स्तबक १ - गाथा २१-पृ.८३) ।

यत्तु **न्यायविजयेन अध्यात्मतत्त्वालोके** —> तत्प्रातिभं केवलबोधभानोः प्राग्वृत्तिकं स्यादरुणोदयाभम्। **'ऋतम्भरा'** 'तारक' एवमादिनामानि तस्मिन्नपरे वदन्ति ॥ <— (७/९) इत्युक्तं तत्र प्रातिभपर्यायत्वेन **'ऋतम्भरा'** पदप्रयोगः चिन्त्यः । न हि परेषां ऋतम्भरा प्रज्ञा प्रातिभत्वेनाभिमता किन्तु तत्कार्यतयैव।

જ્ઞાન. તે સંસારને તરવાનો ઉપાય હોવાથી તારક કહેવાય છે. ''ઉપદેશ વગેરેથી નિરપેક્ષ રહીને સૂક્ષ્મ વગેરે પદાર્થોનું માનસ પ્રત્યક્ષરૂપ જે યથાર્થ જ્ઞાન થાય તે પ્રતિભા કહેવાય. તેનું સામર્થ્ય = પ્રાતિભ'' - આમ <u>વિજ્ઞાનભિક્ષુએ યોગવાર્તિક</u> ગ્રંથમાં સ્પષ્ટ જણાવેલ છે. પાતંજલયોગસૂત્ર ઉપર <u>રાજમાર્તણ્ડ </u>નામની ટીકા કરનાર <u>ભોજરાજર્ષિ</u>એ જણાવેલ છે કે —> નિમિત્તથી નિરપેક્ષ થઈને માત્ર મનથી ઉત્પન્ન થનાર, અવિસંવાદી, તાત્કાલિક ઉત્પન્ન થનાર એવું જ્ઞાન = પ્રતિભા. તેમાં સંયમ કરવામાં આવે તો પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે વિવેકખ્યાતિની પૂર્વે ઉત્પન્ન થનાર છે. તે તારકજ્ઞાન પણ કહેવાય છે. જેમ સૂર્યનો ઉદય થવાનો હોય તેના પૂર્વે પ્રભાત = અરૂણોદય પ્રગટ થાય છે તેમ વિવેકખ્યાતિની પૂર્વે તારકજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે તારકજ્ઞાન સર્વવિષયક હોય છે. <— અહીં પણ 'સર્વ' પદના અર્થ રૂપે પૂર્વોક્ત રીતે સૂક્ષ્મ વગેરે પદાર્થો લેવા-તે ધ્યાનમાં રાખવું. જેમ સૂર્યોદયસૂચક અરૂણોદયની પ્રભાથી લોકો પોતાના વિષયભૂત બધા જ પદાર્થોને જુએ છે તેમ કેવલજ્ઞાનસૂચક પ્રાતિભ જ્ઞાનથી યોગી પોતાના વિષય બની શકે તેવા બધા પદાર્થોને જાણે છે. આવું તાત્પર્ય છે.

ज्ञान० । જ્ઞાનયોગ રૂપે અભિમત પ્રાતિભજ્ઞાન ક્ષપકશ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે. કારણ કે પ્રાતિભજ્ઞાન સામર્થ્યયોગની સાથે જ રહેનાર છે. 'પ્રજ્ઞાઽઽલોક' શબ્દ પણ પ્રાતિભજ્ઞાનનો પર્યાયવાચી છે. <u>સ્યાદ્વાદકલ્પલતામાં</u> જણાવેલ છે કે —> કેવલજ્ઞાનની પૂર્વે તથા ચાર જ્ઞાનના પ્રકર્ષ પછી થનાર સચિત્ર આલોકસમાન 'પ્રજ્ઞાઽઽલોક' નામનું વિશિષ્ટજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેનું બીજું નામ પ્રાતિભજ્ઞાન પણ છે. <— <u>ન્યાયવિજયજી </u>મહારાજે <u>અધ્યાત્મતત્ત્વાલોકમાં</u> —> કેવલજ્ઞાનરૂપી સૂર્યની પહેલાં રહેનાર અરૂણોદય સમાન તે પ્રાતિભજ્ઞાન કહેવાય છે. અન્ય દર્શનકારો (સાંખ્ય) 'ઋતંભરા', 'તારક' વગેરે શબ્દોનો તેના વિશે પ્રયોગ કરે છે. <— આવું જે કહેલ છે તેમાં પ્રાતિભજ્ઞાનના પર્યાયરૂપે ઋતંભરા શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે વિચારણીય છે. કારણ કે સાંખ્યદર્શનીઓને ઋતંભરા પ્રજ્ઞા પ્રાતિભજ્ઞાનરૂપે અભિમત નથી; પરંતુ પ્રાતિભજ્ઞાનના કાર્યરૂપે અભિમત છે. ઋતંભરા પ્રજ્ઞા કેવલજ્ઞાન સ્વરૂપ જ <u>છે. સ્યાદ્વાદકલ્પલતામાં ન્યાયવિશારદજી</u>એ જણાવેલ છે કે 'ઋતંભરા = કેવલજ્ઞાન'.

सा च केवलज्ञानस्वरूपैव । तदुक्तं **स्याद्वादकल्पलतायां** —> ऋतम्भरा च केवलज्ञानम् <— (१/२१-पृ.८३) इति ।

**यत्तु स्याद्वादरत्नाकारे** —> यदपि प्रातिभमक्ष-लिङ्ग-शब्दव्यापारानपेक्षमकस्मादेव 'अद्य मे महीपति-प्रसादो भविता' इत्याकारं स्पष्टतया वेदनमुदयते तदप्यतीन्द्रियनिबन्धनतया मानसमिति प्रत्यक्षकुक्षिनिक्षिप्तमेव <—(पृ.१५४) इत्युक्तं **श्रीवादिदेवसूरिभिः, तत्तु** लोकव्यवहारपथावतीर्णं स्फुरणाभास-प्रतिभासाद्यपराभिधानं प्रातिभज्ञानमवगन्तव्यम् । इह तु योगशास्त्रादिप्रसिद्धं प्रातिभमभिमतमिति नाममात्रसाम्यात् न भ्रमितव्यम्। न हि तत् योगजादृष्टजनितम् । **एतेन** —> प्रातिभस्यानक्षप्रभवस्यापि स्वार्थावगतिरूपस्य विशदतयाऽध्य-क्षप्रमाणता <—(२/४/१/५५२) इति **सम्मतिवृत्तिकारवचनमपि व्याख्यातम्,** तस्य व्यावहारिकप्रातिभज्ञा-ननिरूपणपरत्वात् ।

यत्तु **योगशतकवृत्तौ** —> प्रातिभमप्यस्याविसंवाद्येव भवति, व्यवहारोपयोगिन्यपि तथोपलब्धेः <— (गा.९७ वृ. ) इत्येवं मरणज्ञानोपायभूतप्रातिभज्ञानमुपदर्शितं तदपि क्षपकश्रेण्यनन्तर्गतं व्यावहारिकमेव, इन्द्रियव्यापारनिरपेक्षतया केवलं प्रतिभातः तदुत्पत्तेः 'प्रातिभमि'ति योगार्थानुसारिणी संज्ञा तत्र योज्या।

नन्वत्र ग्रन्थकृता प्रातिभज्ञानस्य ज्ञानयोगत्वमुक्तं किन्तु **शास्त्रवार्तासमुच्चये** तु —> ज्ञानयोगस्तपः

---

**<u>સ્યાદ્વાદરત્નાકર</u>** ગ્રંથમાં **<u>શ્રીવાદીદેવસૂરિ</u>** મહારાજાએ જે જણાવ્યું છે કે —> ઈંદ્રિય, લિઙ્ગ (હેતુ) અને શબ્દના વ્યાપારથી નિરપેક્ષ આકસ્મિક રીતે જ "આજે મારા ઉપર રાજા પ્રસન્ન થશે." ઈત્યાદિ રૂપે સ્પષ્ટતાથી જે પ્રાતિભ જ્ઞાન ઉદય પામે છે તે પણ અતીન્દ્રિયનિમિત્તક હોવાથી માનસ જ્ઞાન છે. તેથી પ્રત્યક્ષ જ્ઞાનમાં જ તેનો સમાવેશ થશે. <—તે તો લોકવ્યવહારમાં આવેલ પ્રાતિભ જ્ઞાનની અપેક્ષાએ જાણવું. આવા પ્રાતિભજ્ઞાનને લોકો સ્ફુરણા, અંતરાત્માનો અવાજ, આભાસ, પ્રતિભાસ વગેરે શબ્દોથી જણાવે છે. તેનો પ્રસ્તુતમાં કોઈ ઉપયોગ નથી. આ ગ્રંથમાં તો યોગશાસ્ત્ર વગેરેમાં પ્રસિદ્ધ જે પ્રાતિભ જ્ઞાન છે તે અભિમત છે. તે બન્નેનું માત્ર નામ સમાન હોવાથી ભ્રમમાં ન પડવું. પ્રસ્તુત પ્રાતિભજ્ઞાન તો યોગજ અદૃષ્ટથી ઉત્પન્ન થાય છે, જ્યારે લૌકિક પ્રાતિભ જ્ઞાન કાંઈ તેનાથી ઉત્પન્ન થતું નથી. આવું કહેવા દ્વારા —> ઈન્દ્રિયથી અજન્ય એવું પણ સ્વપરબોધસ્વરૂપ પ્રાતિભ જ્ઞાન વિશદ હોવાના કારણે પ્રત્યક્ષપ્રમાણ સ્વરૂપ છે. <— આવા **<u>સંમતિટીકાકાર</u>**શ્રી **<u>અભયદેવસૂરિજી</u>** મહારાજાના વચનની પણ વ્યાખ્યા થઈ ગયેલી જાણવી. કારણ કે તેનું તાત્પર્ય વ્યાવહારિક પ્રાતિભ જ્ઞાનનું નિરૂપણ કરવાનું છે. **<u>યોગશતક</u>** ગ્રંથની ટીકામાં —> પ્રાતિભ જ્ઞાન પણ યોગીને અવિસંવાદી જ હોય છે. વ્યવહાર ઉપયોગી પદાર્થમાં પણ પ્રાતિભ જ્ઞાન અવિસંવાદી જણાય છે.<— આ પ્રમાણે પોતાના મરણના સમયને જાણવાના ઉપાય તરીકે જે પ્રાતિભ જ્ઞાનની વાત કરી છે તે પણ ક્ષપકશ્રેણીમાં નહિ આવતું એવું વ્યાવહારિક જ પ્રાતિભ જ્ઞાન જાણવું. ઈન્દ્રિયવ્યાપારથી નિરપેક્ષ રીતે જ, કેવલ પ્રતિભાથી તેની ઉત્પત્તિ થવાથી તેમાં પ્રાતિભ એવી સંજ્ઞા કરી શકાય છે. આ સંજ્ઞા યોગાર્થને (=શબ્દની પ્રકૃતિ અને પ્રત્યયથી લભ્ય એવા અર્થને) અનુસરનારી જાણવી.

નનુ૦ । અહીં એક શંકા થાય કે —> આ ગ્રંથમાં પ્રાતિભ જ્ઞાનને જ્ઞાનયોગ તરીકે ભલે જણાવેલ હોય, પરંતુ **<u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u>** ગ્રંથમાં તો "આશંસા દોષથી રહિત શુદ્ધ તપ એ જ જ્ઞાનયોગ છે. અને તેનો અતિશયિત અભ્યાસ કરવાથી તે મોક્ષનું સાધક છે. - એવું કહેવાયેલ છે." આવું કહેવા દ્વારા તપને જ્ઞાનયોગ સ્વરૂપ કહેલ છે. તેથી પ્રસ્તુત ગ્રંથનો તે ગ્રંથની સાથે વિરોધ કેમ ન આવે ? <—તો આ શંકા વ્યાજબી નથી. કારણ કે

शुद्धमाशंसादोषवर्जितम् । अभ्यासातिशयादुक्तं तद्विमुक्तेः प्रसाधकम् ।।२१।। <— इत्यनेन तपसो ज्ञानयोगरूपतोक्तेति कथं नानयोर्विरोध इति **चेत्** ? **न**, तत्राऽपि ज्ञानादपृथग्भूतस्यैव ध्यानरूपस्य शुद्धस्य तपसो ज्ञानयोगतयाऽभिधानात्, प्रभूतनिर्जराकारकत्वेन तपसः प्रसिद्धेः प्रातिभज्ञानं शुक्लध्यानं वा विहाय 'तपः'पदप्रयोगादिति । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> ज्ञानयोगस्तपःशुद्धमित्याहुर्मुनिपुङ्गवाः । तस्मान्निकाचितस्यापि कर्मणो युज्यते क्षयः ।। <— (१८/१६२) इत्युक्तम् । तदुक्तं **अध्यात्मतत्त्वालोके**ऽपि —> शुद्धं तपः स्वात्मरतिस्वरूपं तं ज्ञानयोगं निगदन्ति सन्तः । सर्वक्रियासाधनसाध्यभूतमनन्तरं कारणमेष मुक्तेः ।। <— (६/१) इति । **रुद्रहृदयोपनिषदि** अपि —> ज्ञानमयं तपः <— (३२) प्रोक्तम् ।

**अथ** ज्ञानमात्रस्य ज्ञानावरणविलयजन्यत्वेन प्रातिभज्ञानस्य योगजाऽदृष्टजन्यत्वाभिधानं न सङ्गच्छते, सामान्यकार्यकारणभावभङ्गापातादिति **चेत्** ? **न**, प्रातिभज्ञानस्य ज्ञानावरणक्षयोपशमजन्यत्वेऽपि सांव्यवहारिकमतिज्ञानादिविलक्षणत्वात् विशेषसामग्रीप्रविष्टयोगजादृष्टप्राधान्येन तथानिर्देशात् । 'योगो ह्यदृष्टद्वारा

---

**<u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u>** ગ્રંથમાં પણ જ્ઞાનથી અપૃથગ્ભૂત એવો જ ધ્યાન સ્વરૂપ શુદ્ધ તપ જ્ઞાનયોગ રૂપે જણાવેલ છે. પુષ્કળ નિર્જરાના કારક રૂપે તપ પ્રસિદ્ધ હોવાથી, શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ પ્રાતિભજ્ઞાન કે શુક્લધ્યાનના બદલે 'તપ' શબ્દનો પ્રયોગ કર્યો છે. આ જ અભિપ્રાયથી **<u>અધ્યાત્મસાર</u>** ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> શુદ્ધ તપને શ્રેષ્ઠ મુનિઓ જ્ઞાનયોગ કહે છે અને તેનાથી નિકાચિત કર્મનો પણ ક્ષય થઈ શકે છે. <—**<u>અધ્યાત્મતત્ત્વાલોક</u>** ગ્રંથમાં ન્યાયવિજયજી મહારાજે જણાવેલ છે કે —> સ્વાત્મરતિસ્વરૂપ શુદ્ધતપને જ શિષ્ટ પુરૂષો જ્ઞાનયોગ કહે છે. તે જ સર્વ ક્રિયાઓની સાધનાથી સાધ્ય છે તેમ જ મુક્તિનું સાક્ષાત્ કારણ છે. <—**<u>રુદ્રહૃદય-ઉપનિષદ્</u>**માં જણાવેલ છે કે —> તપ જ્ઞાનમય છે. <—''યોગ એ અદૃષ્ટ દ્વારા પ્રાતિભ જ્ઞાનને ઉત્પન્ન કરે છે.'' આવા અભિપ્રાયથી **<u>યોગબિંદુ</u>** ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ જણાવેલ છે કે —> વળી, યોગથી સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, જનપ્રિયત્વ અને પ્રાતિભ એવો તત્ત્વપ્રકાશ ઉત્પન્ન થાય છે. <—તેની ટીકામાં ''સહજ પ્રતિભાથી ઉત્પન્ન થયેલ એવું પ્રાતિભ જ્ઞાન જીવાદિ તત્ત્વોનું પ્રકાશન કરનારૂં છે.''- આવું જણાવેલ છે. તેથી અચરમશરીરી એવા યોગીને પણ પ્રાપ્ત થનારૂં તે પ્રાતિભ જ્ઞાન પ્રસ્તુત ગ્રંથમાં જણાવેલ માત્ર ચરમશરીરીને પ્રાપ્ત થનાર પ્રાતિભજ્ઞાન સ્વરૂપ નથી. પરંતુ ક્ષપકશ્રેણીગત પ્રાતિભ જ્ઞાનના બીજ સ્વરૂપ એવું પ્રાતિભ જ્ઞાન યોગબિંદુ ગ્રંથમાં જણાવેલ છે. તેથી 'અદૃષ્ટદ્વારા યોગ એ પ્રાતિભ જ્ઞાનનું કારણ છે.'- આવો કાર્યકારણભાવ અબાધિત જ રહે છે.

## ✧ આત્મશુદ્ધિ પ્રત્યે પુષ્ટિ પણ જરૂરી ✧

અહીં એવી શંકા થઈ શકે છે કે —> સર્વ જ્ઞાન જ્ઞાનાવરણના વિલયથી ઉત્પન્ન થાય છે. માટે પ્રાતિભ જ્ઞાનને 'યોગજ અદૃષ્ટ'થી જન્ય કહેવું સંગત નથી. કારણ કે 'પ્રાતિભ જ્ઞાન યોગજ અદૃષ્ટથી ઉત્પન્ન થાય છે' એવું કહેવાથી તે જ્ઞાન જ્ઞાનાવરણના વિલયથી જન્ય નથી. - એવું ફલિત થાય છે. આ વાત સ્વીકારવામાં આવે તો ''દરેક જ્ઞાન પ્રત્યે જ્ઞાનાવરણનો વિલય કારણ છે.''આવો સામાન્ય કાર્યકારણભાવ ભાંગી પડશે. <—પરંતુ આ શંકા નિરાધાર હોવાનું કારણ એ છે કે પ્રાતિભજ્ઞાન એ જ્ઞાનાવરણના વિલયથી તો જન્ય છે જ. છતાં પણ સાંવ્યાવહારિક મતિજ્ઞાન વગેરેથી તે વિલક્ષણ હોવાના કારણે તેની સામગ્રીમાં વિશિષ્ટતા જરૂરી છે. તેથી યોગજ અદૃષ્ટનો તેની વિશિષ્ટ સામગ્રીમાં પ્રવેશ થાય છે- એવું મૂળ ગ્રંથમાં જણાવેલ છે. 'યોગ અદૃષ્ટ દ્વારા પ્રાતિભ જ્ઞાનને ઉત્પન્ન કરે છે' આવા અભિપ્રાયથી જ **<u>યોગબિન્દુ</u>** ગ્રન્થમાં **<u>શ્રીહરિભદ્રસૂરિજી</u>**એ જણાવેલ કે —> વળી, યોગથી સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, લોકપ્રિયતા અને પ્રાતિભતત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે <—મતલબ એ છે કે યોગમાં પ્રાતિભજ્ઞાનની કારણતા યોગબિન્દુ ગ્રન્થમાં જણાવેલ છે તે અદૃષ્ટને વચ્ચે વ્યાપાર-દ્વાર તરીકે માનવામાં આવે તો જ તે સંગત થઈ શકે છે.

प्रातिभज्ञानजनक' इत्यभिप्रायेण **योगबिन्दौ** —> किञ्चान्ययोगतः स्थैर्यं धैर्यं श्रद्धा च जायते । मैत्री जनप्रियत्वञ्च प्रातिभं तत्त्वभासनम् ॥५२॥ <— इत्युक्तम् । अत्र च —> प्रातिभं = सहजप्रतिभाप्रभवं, तत्त्वभासनं = जीवादितत्त्वावलोकनम् <— इति व्याख्यातं तद्वृत्तिकृतेति अचरमशरीरिणाऽपि प्राप्यं तत् न चरमशरीरिमात्रप्राप्यप्रस्तुतप्रातिभस्वरूपं किन्तु तद्बीजभूतमिति कार्यकारणभावोऽबाधित एव । **न चात्म-**शुद्धिविशेषस्वरूपप्रातिभज्ञानजनक-ज्ञानावरणक्षयोपशमविशेषाधायकतया शुद्धेरेवाभिधानमुचितं न तु योगजपुण्यानुबन्धिपुण्यस्य, तस्य विलक्षणत्वादिति **शङ्कनीयम्,** तत्कालीनशुद्धेरेव योगजादृष्टजन्य-प्रथमसंहनन-चरमशरीर-मोक्षगमनकालादिसम्पर्कमृतेऽसम्भवात् । वस्तुतस्तु तादृशशुद्धेरपि पूर्वकालीनशुद्धिजन्यपुण्यानुबन्धिपुण्यविपाकोदयप्रयुक्तत्वमेव । अत एव शुद्धिविशेषात्मकप्रातिभज्ञानजनकादृष्टे योगजत्वविशेषणाभिधानम् । तथा च प्रातिभज्ञानौपयिका पुष्टिः शुद्धिं विनाऽलभ्या क्षपकश्रेण्यध्यवसायप्रायोग्यशुद्धिश्च तथाविधपुष्टिमृतेऽप्राप्येत्युभे उत्पत्तौ स्थितौ च ध्यान-समते इव मिथः सहकारिण्यौ प्रातिभज्ञान-केवलज्ञान-मोक्षानुपजनयत इति फलितम् । तदुक्तं **षोडशके** —> पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेण निर्मलता । अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ॥<—(३/४) इति । यथा चैतत्तत्त्वं तथा व्यवस्थापितमस्माभिः **कल्याणककन्दल्याम्** ॥२/२॥

प्रागुक्तशास्त्रयोगात् ज्ञानयोगस्य बलाधिकत्वेनाभ्यर्हितत्वमाविष्करोति —> **'पदे'**ति ।

**पदमात्रं हि नान्वेति, शास्त्रं दिग्दर्शनोत्तरम् ।**

કારણ કે યોગપ્રવૃત્તિ પછી કાલાંતરમાં પ્રાતિભજ્ઞાન ઉત્પન્ન થાય છે. અહીં એવી શંકા થાય કે —> "તમે આત્મશુદ્ધિવિશેષાત્મક પ્રાતિભ જ્ઞાનના કારણરૂપે જ્ઞાનાવરણના વિલક્ષણ ક્ષયોપશમનો સ્વીકાર તો કરો જ છો, તો પછી તે ક્ષયોપશમને લાવનાર તરીકે શુદ્ધિનો જ નિર્દેશ કરવો યોગ્ય છે, નહિ કે યોગજ પુણ્યાનુબંધી પુણ્યનો, કેમ કે તે તેનાથી વિલક્ષણ છે." <—તો આ શંકા વ્યાજબી નથી. કારણ કે યોગજ અદૃષ્ટથી ઉત્પન્ન થનાર પ્રથમ સંઘયણ, ચરમશરીર, મોક્ષગમનકાળનો સંયોગ વગેરે વિના પ્રાતિભજ્ઞાનકાલીન શુદ્ધિ જ અસંભવિત છે. વાસ્તવમાં તો તથાવિધ શુદ્ધિ પણ પૂર્વકાલીન શુદ્ધિથી ઉત્પન્ન થયેલ વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના વિપાકોદયથી જ મળે છે. માટે જ શુદ્ધિવિશેષ સ્વરૂપ પ્રાતિભ જ્ઞાનના જનક અદૃષ્ટના વિશેષણરૂપે યોગજન્યત્વનો નિર્દેશ ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેથી એવું ફલિત થાય છે કે પ્રાતિભ જ્ઞાનની ઉપાયભૂત એવી પુષ્ટિ એ શુદ્ધિ વિના મળી શકતી નથી, અને ક્ષપકશ્રેણીના અધ્યવસાયને પ્રાયોગ્ય શુદ્ધિ તથાવિધ પુષ્ટિ વિના મળી શકતી નથી, તેથી શુદ્ધિ અને પુષ્ટિ બન્ને ઉત્પત્તિ અને સ્થિતિમાં (ધ્યાન અને સમતાની જેમ) પરસ્પર સહકારી થઈ પ્રાતિભજ્ઞાન, કેવલજ્ઞાન અને મોક્ષને પ્રાપ્ત કરાવે છે. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશક ગ્રંથમાં જણાવેલ છે કે —> પુષ્ટિ એટલે પુણ્યનો ઉપચય અને શુદ્ધિ = પાપક્ષયથી નિર્મળતા. આ બન્ને સાનુબંધ થાય ત્યારે ક્રમે કરીને શ્રેષ્ઠ મુક્તિ ઉત્પન્ન થાય છે. તેમ જાણવું. <—આ ષોડશકના શ્લોકમાં બતાવેલ પદાર્થની વ્યવસ્થા અમે તેની કલ્યાણકંદલી ટીકામાં વિસ્તારથી કરેલ છે. અધિક જિજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું. (૨/૨)

પ્રથમ અધિકારમાં જણાવેલ શાસ્ત્રયોગ કરતાં જ્ઞાનયોગ અધિક બળવાન હોવાના કારણે તેની મુખ્યતાને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- દિગ્દર્શન કરાવ્યા બાદ શાસ્ત્ર એક પણ ડગલું અનુસરતું નથી. જ્યારે જ્ઞાનયોગ તો કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી મુનિનું સાન્નિધ્ય છોડતો નથી. (૨/૩)

## ❀ શાસ્ત્રયોગ કરતાં જ્ઞાનયોગ બળવાન ❀

**ટીકાર્થ** :- ખરેખર, દરેક શાસ્ત્ર મોક્ષમાર્ગને બતાવ્યા બાદ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ નહિ કરનારને પ્રવર્તાવતું

**ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति ॥३॥**

**शास्त्रं** हि सर्वं **दिग्दर्शनोत्तरं** = अपवर्गपथप्रकाशनोत्तरकालं मोक्षमार्गे अप्रवर्तमानं नैव प्रवर्तयति, प्रवर्तमानं वा योगिनं **पदमात्रं** = एकमपि पदं **न अन्वेति** = नैवानुगच्छति । तदुक्तं **महाभारते**ऽपि —> न गाथा गाथिनं शास्ति बहु चेदपि गायति <— (सभापर्व-४१/१८) । यद्यपि स्वभ्यस्तं शास्त्रं परत्राऽपि योगिनमुपैति एव तथापि योगशक्तिप्राबल्यात् शास्त्रमार्गादूर्ध्वं विशेषरूपेण मोक्षमार्गेऽभिसर्पन्तं योगिनं न किञ्चिदपि शास्त्रं स्वसान्निध्येनोपकरोति किञ्चिदपि, ज्ञानयोगैकसाध्यस्य मार्गसाधनस्य शब्दाऽविषयत्वेन शास्त्रे तत्प्रतिपादनसामर्थ्यविरहात् । वस्तुतस्तु तादृशदशायां शास्त्रमपि विनिवर्तत एव । न ह्यनुभवमात्रगम्याशेषमार्गप्रवर्त्तने शास्त्रस्य शक्तिरस्ति । केवलस्य शास्त्रस्य केवलज्ञानोपधायकत्वे चतुर्दशपूर्वविदो निगोदपतिता नैव स्युः । शास्त्रं तु मार्गदर्शकफलकवत् तटस्थमेव ।

---

નથી. અથવા તો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરી રહેલા યોગીને એક પણ ડગલું શાસ્ત્ર અનુસરતું નથી જ. મહાભારતમાં પણ જણાવેલ છે કે —> ગાથા = શાસ્ત્ર ગાથાવાનનું = શાસ્ત્રવાનનું = શાસ્ત્રબોધવાળાનું અનુશાસન ન કરે, ભલે તે વ્યક્તિ શાસ્ત્રને ઘણી વાર બોલે <— છતાં પણ પ્રબળ શક્તિના કારણે શાસ્ત્રમાર્ગને ઓળંગીને વિશેષરૂપે મોક્ષમાર્ગમાં આગળ વધતા યોગીને કોઈ પણ શાસ્ત્ર પોતાના સાન્નિધ્યથી લેશમાત્ર પણ ઉપકાર કરતું નથી. કારણ કે તેવી અવસ્થામાં રહેલ યોગી ઉપર ઉપકાર કરવાનું સામર્થ્ય શાસ્ત્ર પાસે નથી. કેમ કે માત્ર જ્ઞાનયોગથી સાધ્ય એવી મોક્ષમાર્ગસાધના તો શબ્દનો વિષય જ નથી. તથા શાસ્ત્ર તો શબ્દવિશેષના સમૂહ સ્વરૂપ છે. તેથી શાસ્ત્રમાં તથાવિધ અનુભવગમ્ય માર્ગને બતાવવાનું સામર્થ્ય નથી. વાસ્તવમાં તો તેવી અવસ્થામાં શાસ્ત્ર પણ નિવૃત્ત જ થાય છે. ખરેખર, દરેક અનુભવમાત્રગમ્ય વિશેષતાઓ બતાવવાપૂર્વક મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવવાનું શાસ્ત્રનું ગજું નથી જ. જો કેવલ શાસ્ત્ર જ કેવલજ્ઞાનને લાવી આપતું હોય તો ૧૪ પૂર્વધરો નિગોદમાં પડેલા ન જ હોત.

## ❦ માર્ગદર્શક પાટિયું = શાસ્ત્ર ❦

આ રસ્તો કયા સ્થાને લઈ જનાર છે ? આ વાતને જણાવનાર તેમ જ રસ્તામાં આવતાં વળાંક, ઘાટ, ભયસ્થાનો, સ્પીડબ્રેકર વગેરેનું સૂચન કરનાર રસ્તામાં આવતા (અધિકૃત વ્યક્તિ દ્વારા મૂકાયેલ) પાટિયા જેવું શાસ્ત્ર છે. માર્ગદર્શક પાટિયાનું કાર્ય મુસાફરને ચલાવવાનું કે આગળ વધારવાનું નથી તેમ જ તે સૂચન મુજબ ચાલતા મુસાફરની સાથે તે પાટિયું આગળ પણ જતું નથી, પરંતુ તે પાટિયામાં બતાવેલ સૂચના મુજબ મુસાફર આગળ વધે તો તે પોતાના અભિમત સ્થાનને જરૂર પ્રાપ્ત કરે છે. મૂળ માર્ગની રચના વખતે તે માર્ગની પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને મુસાફરો નિર્વિઘ્ન રીતે ઈષ્ટ સ્થાને પહોંચી શકે તેના માટે અપેક્ષિત સૂચના કરતા પાટિયાઓ અધિકૃત વ્યક્તિ દ્વારા માર્ગની બાજુમાં ઉભા રાખવામાં આવે છે. પરંતુ માર્ગ બની ગયા પછીના કાળમાં તેમાં થયેલા ફેરફારોનું સૂચન તે મૂળ પાટીયાઓમાં મળતું નથી, જેમ કે રસ્તામાં ખોદકામ ચાલુ હોવાથી સાઈડમાં બનાવેલ ડાઈવર્ઝન માર્ગની જાણકારી મૂળ પાટીયામાંથી મળી શકતી નથી. તેથી પાછળથી નવા પાટીયા બનાવીને તેવી માહિતી મુસાફરોને આપવામાં આવે છે. પાછળથી બનાવેલા પાટીયા પણ આવશ્યક સમય સુધી જ રાખવામાં આવે છે. તે સમય મર્યાદા દરમ્યાન મુસાફરો નવા પાટીયાને પણ જરૂર અનુસરે છે. તો જ તેઓ સહીસલામત રીતે ઈષ્ટસ્થાને પહોંચી શકે છે. શાસ્ત્રની બાબતમાં પણ આ મુજબ જ જાણવું. શાસ્ત્ર એ પાટીયું જાણવું. તે જબરદસ્તીથી કોઈને મોક્ષમાર્ગમાં ચલાવતું નથી. પરંતુ તે માર્ગે ચાલવાની અપેક્ષિત માહિતી તે જરૂર પૂરી પાડે

ज्ञानयोगस्य वैशिष्ट्यमावेदयति —> **ज्ञानयोगः** = निरुक्तप्रातिभज्ञानलक्षण-संज्ञानयोग **आकैवल्यं** = केवलज्ञानप्राप्तिं यावत् **मुनेः** = ज्ञानिनः **पार्श्वं** = सान्निध्यं **न** = नैव **मुञ्चति**, केवलज्ञानमसंपाद्य तस्यानुपरमात् । तत्साधकतयैव सर्वेषां धर्मव्यापाराणामिष्टत्वात् ॥२/३॥

शास्त्रस्याऽऽत्मतत्त्वदर्शकत्वाऽसम्भवमावेदयति —> '**तत्त्वत**' इति ।

**तत्त्वतो ब्रह्मणः शास्त्रं लक्षकं न तु दर्शकम् ।**
**न चादृष्टात्मतत्त्वस्य दृष्टभ्रान्तिर्निवर्तते ॥४॥**

**तत्त्वतः** = परमार्थतः **शास्त्रं ब्रह्मणः** = शुद्धस्याऽऽत्मनो **लक्षकं** = 'अहं सुखी, गौर' इत्यादिलौकिकसाक्षात्कारापेक्षया विशेषरूपेण प्रतिपादकत्वेऽप्यात्मानुभवापेक्षया तु सामान्यतः प्रतिपादकं = परिचायकं = प्राथमिकयोगप्रवृत्त्युत्तरकालीनाऽऽत्मानुभवसुसंवादकम् । अनेन —> तत्र प्रथमे तत्त्वज्ञाने संवादको गुरुर्भवति । दर्शयिता त्वपरस्मिन् <— (१२/१५) इति **योगशास्त्र**वचनमपि व्याख्यातम्, गुरोः तद्वचनस्य वा शास्त्रमर्यादानतिक्रमेण शास्त्रस्थानीयत्वात् । **न तु दर्शकं** = विशेषरूपेण साक्षात्कारजनकं,

---

છે. દેશ-કાળ-સમાજ-રાજકીય-ભૌગોલિક પરિસ્થિતિના વળાંક વગેરેના કારણે મુમુક્ષુઓને અપેક્ષિત નવી સૂચનાઓ પૂરી પાડવા માટે તે તે સમયના આચાર્ય ભગવંત વગેરે જરૂરી શાસ્ત્રની રચના, સામાચારીના ફેરફાર, પટ્ટક, બંધારણ વગેરે કરે છે. તેની ઉપેક્ષા કે અવહેલના કોઈ પણ મુમુક્ષુ ન કરી શકે. જો તેમ તે કરે તો તે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. આનું ઉદાહરણ - શિથિલાચારી જતિઓના કાળમાં સંવેગી સાધુઓએ પીળાં કપડાં પહેરવાનો કરેલો નિર્ણય છે. તે સમયે દરેક સંવેગી સાધુઓએ સફેદ વસ્ત્ર છોડી પીળા વસ્ત્ર ધારણ કર્યા. પરંતુ જ્યારે જતિઓના સમયનો અંત આવ્યો ત્યારે (રોડનું સમારકામ પુરૂં થતાં ડાઈવર્ઝનનું પાટીયું ઉઠાવી લેવામાં આવે તેમ) સંવેગી સાધુઓએ પીળાં વસ્ત્ર છોડી પુનઃ સફેદ વસ્ત્ર ધારણ કરવાનો નિર્ણય કર્યો.

ગ્રંથકારશ્રી જ્ઞાનયોગનું વૈશિષ્ટ્ય દર્શાવે છે કે પૂર્વોક્ત પ્રાતિભજ્ઞાન રૂપ સંજ્ઞાનયોગ કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાની એવા મુનિનું સાન્નિધ્ય છોડતો નથી જ. કારણ કે કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવ્યા વિના તે અટકતો નથી. સર્વ ધર્મપ્રવૃત્તિઓ પણ તેના સાધનરૂપે જ ઈષ્ટ છે. (૨/૩)

શાસ્ત્રમાં આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવવાનું સામર્થ્ય અસંભવિત છે આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- પરમાર્થથી શાસ્ત્ર બ્રહ્મ તત્ત્વનું લક્ષક = પરિચાયક છે, દર્શક = દર્શન કરાવનાર નથી. અને આત્મતત્ત્વનું દર્શન નહિ કરનાર વ્યક્તિની પ્રત્યક્ષાત્મક ભ્રાંતિ દૂર થતી નથી. (૨/૪)

## ❋ આત્મદર્શનથી જ દેહાધ્યાસ તૂટે ❋

**ટીકાર્થ** :- પરમાર્થથી શાસ્ત્ર બ્રહ્મ તત્ત્વનું = વિશુદ્ધ આત્માનું લક્ષક = સામાન્યતઃ પ્રતિપાદક = પરિચાયક જ છે. શાસ્ત્ર તો પ્રાથમિક યોગપ્રવૃત્તિઉત્તરકાલીન આત્માનુભવનો સુસંવાદ કરાવે છે. તેથી યોગશાસ્ત્રમાં જણાવેલ —> પ્રથમ તત્ત્વજ્ઞાનમાં ગુરુ સંવાદક બને છે અને ઉત્તરકાલીન તત્ત્વજ્ઞાનને તો તે સાધક પોતે જ જુએ છે. <— આ વાતની પણ વ્યાખ્યા થઈ જાય છે. કેમ કે ગુરુ કે ગુરુનું વચન શાસ્ત્રમર્યાદાનું અતિક્રમણ કરતું ન હોવાથી તે બન્ને શાસ્ત્રસ્થાનીય છે. જો કે "હું સુખી છું, હું ઉજળો છું." ઈત્યાદિ લૌકિક સાક્ષાત્કારની અપેક્ષાએ તો શાસ્ત્ર, આત્માનું વિશેષરૂપે પ્રતિપાદન કરે છે જ. છતાં પણ આત્મસાક્ષાત્કારની અપેક્ષાએ તો શાસ્ત્ર આત્માનો સામાન્ય રૂપે જ પરિચય કરાવે છે. વિશેષરૂપે આત્માનો સાક્ષાત્કાર શાસ્ત્ર કરાવતું નથી. કારણ

तत्सामर्थ्यविरहात् । तदुक्तं **पञ्चदश्यां विद्यारण्येनापि** —> अखण्डं सच्चिदानन्दं परं ब्रह्मैव लक्ष्यते (१/४८) सच्चिदानन्दरूपस्य शास्त्राज्ज्ञानेऽप्यनुल्लिखन् । प्रत्यञ्चं साक्षिणं तत्तु ब्रह्म साक्षान्न वीक्षते ॥ (९/१८) शास्त्रोक्तेनैव मार्गेण सच्चिदानन्दनिश्चयात् । परोक्षमपि तज्ज्ञानं तत्त्वज्ञानं न तु भ्रमः ॥ <— (९/१९) इति । **न च** शास्त्रस्य तददर्शकत्वेऽपि अखण्डानन्दरूपेण तल्लक्षकत्वात् तद्गोचरभ्रमनिवृत्तिः स्यादिति **शङ्कनीयम्,** यतः **अदृष्टात्मतत्त्वस्य** = धन-पत्नी-देह-कर्माऽऽद्यबद्धत्वेनाऽप्रत्यक्षीकृतात्मद्रव्यस्य **दृष्टभ्रान्तिः** = प्रत्यक्षीभूता आत्मविशेष्यक-बद्धत्वप्रकारिका भ्रान्तिः **न च** = नैव **निवर्तते,** प्रमात्मिकाया अपि परोक्षधियः प्रत्यक्षभ्रमं प्रत्यविरोधित्वात् । तदुक्तं **अध्यात्मसारे** —> दिशः प्रदर्शकं शाखाचन्द्रन्यायेन तत्पुनः । प्रत्यक्षविषयां शङ्कां न हि हन्ति परोक्षधीः ॥ शङ्खे श्वैत्यानुमानेऽपि दोषात्पीतत्वधीर्यथा । शास्त्रज्ञानेऽपि मिथ्याधीसंस्काराद् बन्धधीस्तथा ॥ <— (१८/१७५-१७६) इति । शक्तिरूपेण विपरीतसंस्कारस्याभिव्यक्तिरूपेण च विपरीतदर्शनस्य सत्त्वेन सद्दर्शनमपि नोपजायते । तदुक्तं **पञ्चदश्यां** —> देहाद्यात्मत्वविभ्रान्तौ जाग्रत्यां न हठात् पुमान् । ब्रह्मात्मत्वेन विज्ञातुं क्षमते मन्दधीत्वतः ॥ <— (९/

---

કે શાસ્ત્ર પાસે તેવું સામર્થ્ય નથી. <u>પંચદશી</u> ગ્રંથમાં વેદાંતાચાર્ય <u>વિદ્યારણ્યસ્વામીએ</u> પણ જણાવેલ છે કે —> મહાવાક્ય દ્વારા અખંડ સચ્ચિદાનંદસ્વરૂપ પરબ્રહ્મ જ લક્ષિત = સૂચિત થાય છે. શાસ્ત્રથી સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું ભાન થવા છતાં પણ શાસ્ત્રજન્ય બોધમાં પ્રત્યક્ ચૈતન્યને નહિ જોતો પુરૂષ બ્રહ્મસ્વરૂપે પ્રત્યક્ ચૈતન્યનો = આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરતો નથી. શાસ્ત્રોક્ત રીતે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનો નિશ્ચય થવાથી પરોક્ષ એવું પણ જ્ઞાન તે તત્ત્વજ્ઞાન છે, ભ્રમ નથી. <— અહીં એવી શંકા થાય કે —> શાસ્ત્ર ભલે, આત્માનો સાક્ષાત્કાર ન કરાવે પરંતુ અખંડ આનંદ સ્વરૂપે આત્માનો નિશ્ચય કરાવતું હોવાથી દેહાધ્યાસ રૂપી આત્મસંબંધી ભ્રમની નિવૃત્તિ થઈ જશે. <— તો આ શંકા નિરાધાર છે. કારણ કે "ધન, પત્ની, શરીર, કર્મ વગેરેથી આત્મા = હું બંધાયેલો નથી." આ પ્રમાણે આત્મદ્રવ્યનો સાક્ષાત્કાર જેને થયો નથી તે વ્યક્તિને "હું ધન, પત્ની-પરિવાર, શરીર, કર્મ વગેરેથી બંધાયેલો છું." આવો પ્રત્યક્ષાત્મક ભ્રમ દૂર નથી જ થતો. જે વ્યક્તિને શાસ્ત્ર દ્વારા "હું અબદ્ધ છું" એવો નિશ્ચય થયેલો છે તે નિશ્ચય પરોક્ષ છે. તથા "હું શરીર છું. હું શ્યામ છું. હું પત્નીથી-દુકાનથી બંધાયેલો છું." - આવો ભ્રમ અપરોક્ષજ્ઞાનાત્મક = પ્રત્યક્ષાત્મક છે. પરોક્ષ જ્ઞાન કરતાં પ્રત્યક્ષ જ્ઞાન બળવાન્ હોવાથી શાસ્ત્રજન્ય પ્રમાત્મક પરોક્ષ એવો પણ નિશ્ચય ક્યારેય પ્રત્યક્ષાત્મક ભ્રમને દૂર કરી શકતો નથી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં મહોપાધ્યાયજી મહારાજાએ જણાવ્યું છે કે —> (૧/૬૯ શ્લોકમાં પૃષ્ઠ ૧૩૬ ઉપર બતાવેલ) શાખાચન્દ્રન્યાયથી શાસ્ત્ર દિગ્દર્શન કરાવે છે, પરંતુ પ્રત્યક્ષવિષયક શંકા કે ભ્રમને પરોક્ષ બુદ્ધિ હણી શકતી નથી. શંખમાં શ્વેત વર્ણનો પરોક્ષ એવા અનુમાન પ્રમાણથી નિશ્ચય હોવા છતાં પણ કમળાના રોગીને આંખમાં રહેલ પિત્તદોષના કારણે "શંખ પીળો છે." એવી પ્રત્યક્ષાત્મક ભ્રાંતિ જેમ ઉત્પન્ન થઈ શકે છે તેમ શાસ્ત્ર દ્વારા "આત્મા અબદ્ધ છે." એવો પરોક્ષ નિર્ણય હોવા છતાં પણ અનાદિકાલીન મિથ્યાબુદ્ધિના સંસ્કારના કારણે "હું કર્મ વગેરેથી બંધાયેલો છું." - આવો પ્રત્યક્ષાત્મક ભ્રમ પ્રવર્તે છે. <— શક્તિરૂપે વિપરીત સંસ્કાર હોવાથી અને અભિવ્યક્તિરૂપે વિપરીત દર્શન હોવાના કારણે યથાર્થ આત્મસાક્ષાત્કાર પણ થતો નથી. <u>પંચદશી</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> મંદબુદ્ધિપણાથી શરીર વગેરેમાં આત્મત્વની ભ્રમણા જાગતી હોય ત્યારે "બ્રહ્મ તત્ત્વ એ જ આત્મા છે." આવું બળજબરીથી જાણવા માટે = જોવા માટે પુરૂષ સમર્થ નથી. <— આ રીતે ફલિત થાય છે કે આત્માના પરોક્ષ જ્ઞાનની અપેક્ષાએ આત્માનું અપરોક્ષ = પ્રત્યક્ષ

२१) इति । इत्थञ्चाऽऽत्मगोचरपरोक्षज्ञानापेक्षया तदपरोक्षज्ञानस्यैव कर्मोदयजन्यभ्रान्तिनिवर्तकत्वमिति फलितम् ॥२/४॥

'आत्माऽपरोक्षनिर्णयोपलब्धये किं कर्तव्यम् ?' इति जिज्ञासां मनसिकृत्याऽऽह —> 'तेने'ति ।

**तेनात्मदर्शनाकाङ्क्षी ज्ञानेनान्तर्मुखो भवेत् ।**
**द्रष्टुर्दृगात्मता मुक्तिर्दृश्यैकात्म्यं भवभ्रमः ॥५॥**

**तेन** = आत्मसाक्षात्कारस्यैव कर्मोदयप्रयुक्तनिखिलभ्रमनिवर्तकत्वेन हेतुना शास्त्रतः आत्मगोचर-प्रमात्मकपरोक्षनिश्चयमुपलभ्य योगी **आत्मदर्शनाकाङ्क्षी** = आत्मगोचराऽपरोक्षज्ञानाभिलाषी सन् न दुःखेन न वा मोहेन किन्तु **ज्ञानेन** = पुनः पुनः आत्मविचारेण बहिरात्मदशां परित्यज्य **अन्तर्मुखः** = परमात्मदशाभिमुखः **भवेत्**, तथैव तदुपलब्धिसम्भवात् । अनेन ज्ञानगर्भितान्तर्मुखताया उपादेयत्वमाविष्कृतम् । तदुक्तं **पञ्चदश्यां** —> ब्रह्मसाक्षात्कृतिस्त्वेवं विचारेण विना नृणाम् । आप्तोपदेशमात्रेण न सम्भवति कुत्रचित् ॥ (९/३०) विचार्याऽप्यापरोक्ष्येण ब्रह्मात्मानं न वेत्ति चेत् । आपरोक्ष्यावसानत्वात् भूयोभूयो विचारयेत् ॥ (९/३२) विचारयन्नामरणं नैवात्मानं लभेत चेत् । जन्मान्तरे लभेतैव प्रतिबन्धक्षये सति ॥ (९/३३) प्रतिबन्धो वर्तमानो विषयाऽऽसक्तिलक्षणः । प्रज्ञामान्द्यं कुतर्कश्च विपर्ययदुराग्रहः ॥

---

જ્ઞાન જ કર્મોદયજન્ય ભ્રમણાઓને દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે. <u>(૨/૪)</u>

આત્માનો અપરોક્ષ નિર્ણય મેળવવા શું કરવું ? આવી શિષ્યની જિજ્ઞાસાને મનમાં રાખી ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- તેથી આત્મસાક્ષાત્કારની ઈચ્છાવાળા સાધકે જ્ઞાન દ્વારા અન્તર્મુખ થવું. દ્રષ્ટાનો જ્ઞાન સાથે અભેદ તે મુક્તિ, દ્રષ્ટાનો જ્ઞેય પદાર્થ સાથે અભેદ તે ભવભ્રમ. <u>(૨/૫)</u>

## જ્ઞાનતાદાત્મ્ય = મોક્ષ; જ્ઞેયતાદાત્મ્ય = સંસાર

**<u>ટીકાર્થ</u>** :- આત્મસાક્ષાત્કાર જ કર્મોદયથી પ્રયુક્ત સર્વ ભ્રમણાઓને દૂર કરવામાં સમર્થ હોવાના કારણે, શાસ્ત્ર દ્વારા આત્માનો પરોક્ષ યથાર્થ નિશ્ચય મેળવી યોગીએ આત્માના અપરોક્ષજ્ઞાનના અભિલાષવાળા થઈ[1] દુઃખથી કે મોહથી નહિ પરંતુ જ્ઞાનથી અર્થાત્ વારંવાર આત્મવિચારણાથી બહિરાત્મદશાને છોડી પરમાત્મદશાને અભિમુખ = અન્તર્મુખ થવું જોઈએ. કારણ કે તે જ રીતે પરમાત્મદશાની ઉપલબ્ધિ સંભવે છે. આવું કહેવાથી જ્ઞાનગર્ભિત અન્તર્મુખતાને પ્રાપ્ત કરવી - એવું ગ્રંથકારશ્રીએ આવેદન કર્યું છે. <u>પંચદશી</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> આ રીતે વિચાર વિના માત્ર આપ્ત પુરૂષના ઉપદેશથી ક્યારે ય પણ 'બ્રહ્મ'તત્ત્વનો સાક્ષાત્કાર સંભવતો નથી. જો વિચાર કર્યા બાદ પણ અપરોક્ષરૂપે આત્માને બ્રહ્મસ્વરૂપે સાધક ન જાણે તો તેણે વારંવાર આત્મવિચાર કરવો જોઈએ. કારણ કે આત્મવિચાર જ બ્રહ્મ-સાક્ષાત્કારનું કારણ છે. મરણપર્યન્ત આત્મવિચાર કરવા છતાં પણ જો આત્મસાક્ષાત્કાર ન થાય તો ભવાન્તરમાં પ્રતિબંધનો નાશ થાય ત્યારે સાધકને જરૂર આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે. વર્તમાન પ્રતિબંધના

---

૧. પ્રસ્તુતમાં અન્તર્મુખતાનો અર્થ વૈરાગ્ય પણ થઈ શકે. પરંતુ તે જ્ઞાનથી જ મેળવવો તેવો અહીં ભાર અપાય છે. અર્થાત્ મુમુક્ષુએ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવા તત્પર બનવું. - એવું અહીં વિધાન થાય છે. કારણ કે દુઃખથી કે મોહથી પ્રાપ્ત થતી અન્તર્મુખતામાં અર્થાત્ દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્યમાં પોતાની પરમાત્મદશાને પ્રગટ કરવાનું સામર્થ્ય હોતું નથી. અન્તર્મુખતાના સૂચક ત્યાગ, તપ, ધર્માનુષ્ઠાન, દીક્ષા અંગીકાર વગેરે આત્માની સમજણપૂર્વકના હોવા જોઈએ. આ હકીકત ઉપર અહીં ગ્રંથકારશ્રીએ ભાર મુકયો છે.

<— (९/४३) इति । तदुक्तं **भगवद्गीता**यामपि —> शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥ <— (६/४१-४२) इति । योगभ्रष्टत्वञ्च न विध्यादिभञ्जकत्वं किन्तु योगारम्भकत्वे सति विधिविशुद्धप्रवृत्त्या तत्परिपालकत्वे सति कालादिसामग्रीवैकल्यात् तदसमापकत्वम् । लवसत्तमसुराद्युदाहरणमत्र भावनीयम् । एवञ्चेहामुत्र वात्मसाक्षात्कारोदयनिश्चयात्पौनःपुन्येनाऽऽत्मविचारजन्या-न्तर्मुखता मुमुक्षुणा दृढतया कर्तव्या यतः **दृष्टुः** = विशुद्धात्मनो **दृगात्मता** = अभिव्यक्ताऽखण्डशुद्धज्ञानरूपता एव **मुक्तिः**। —> निर्जितमदमदनानां मनोवाक्कायविकाररहितानाम् । विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहि-तानाम् ॥२३८॥ <— इति **प्रशमरति**वचनमपि हेतुमुखेनैतत्परिचायकम् । **दृश्यैकात्म्यं** = 'अहं गौरः श्यामो वा' इत्यादिरूपेण प्रतिभासमानं विनश्वरदेहादितादात्म्यं **भवभ्रमः** = भव एव भ्रमः, अशाश्वतत्वेनाऽपार-मार्थिकत्वात् । न हि 'अहं गौरः' इत्यादिरूपेणात्मनो देहैकात्म्यभानं सर्वदा भवितुमर्हति, व्यवहारदशायामात्मनः कथञ्चिद्देहात्मकत्वेऽपि परमार्थतः चिदानन्दरूपतया ततो भिन्नत्वात्, आत्मसाक्षात्कारोदये तादृशभ्रमविलयस्य न्याय्यत्वात्। यद्वा दृश्यैकात्म्यधीरतस्मिंस्तद्रूपतावगाहनेन भ्रमात्मिकाऽवसेया, सैव च भवभ्रमणकारणतया

---

(=આત્માનુભવસંબંધી અંતરાયના) ચાર પ્રકાર છે. (૧) પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં ચિત્તની આસક્તિ, (૨) પ્રજ્ઞાની મંદતા, (૩) કુતર્ક (શુષ્ક તર્ક દ્વારા શાસ્ત્રનું વિપરીત અર્થઘટન કરવું), અને (૪) શાસ્ત્રમાં જણાવેલ બાબતથી વિપરીત જ્ઞાનનો દુરાગ્રહ.<— સ્વાનુભવમાં અટકાયત કરનાર આ ચાર મિલન તત્ત્વ દૂર થતાં અવશ્ય આત્માનુભૂતિ થાય છે. પ્રામાણિકપણે જ્ઞાનપૂર્વક અન્તર્મુખ થનાર સાધક ભવાંતરમાં પણ ચોક્કસ સ્વાનુભવ માટેની ઉચિત આવશ્યક સામગ્રી મેળવે છે. <u>ભગવદ્ગીતા</u>માં પણ જણાવેલ છે કે —> યોગભ્રષ્ટ સાધક ભવાન્તરમાં પવિત્ર એવા શ્રીમંતોના ઘરમાં જન્મ લે છે. અથવા પ્રજ્ઞાવાન એવા યોગીઓના કુળમાં જન્મ પામે છે. <— પ્રસ્તુતમાં યોગભ્રષ્ટત્વનો મતલબ વિધિઆદિનો ભંગ કરવો એમ ન સમજવું, પરંતુ 'યોગભ્રષ્ટ'પદથી એ અર્થ વિવક્ષિત છે કે જે સાધક યોગનો આરંભ કરે, તેમ જ વિધિવિશુદ્ધ આચરણ દ્વારા તેનું પાલન પણ કરે છતાં પણ કાળ વગેરે સામગ્રીની વિકલતાને (અર્થાત્ આયુષ્યસમાપ્તિ વગેરેના) કારણે યોગસાધનાને સમાપ્ત ન કરી શકનાર એવો સાધક. લવસત્તમ અનુત્તરવાસી દેવ વગેરે ઉદાહરણની અહીં વિચારણા કરી શકાય. આમ આ લોકમાં કે પરલોકમાં મને આત્મસાક્ષાત્કાર થવાનો છે - તેમ નિશ્ચય કરીને વારંવાર આત્મવિચારથી જન્ય એવી અંતર્મુખતા મુમુક્ષુએ દઢતાપૂર્વક કેળવવી. કારણ કે જ્ઞાતા, દ્રષ્ટા એવા પુરુષનું અભિવ્યક્ત અખંડ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ એ જ મુક્તિ છે. વાચકવર્ય શ્રી <u>ઉમાસ્વાતિ</u> મહારાજાએ <u>પ્રશમરતિ</u> પ્રકરણમાં જે જણાવેલ છે કે —> મદ અને મદનને જીતી લેનાર તથા મન, વચન અને કાયાના વિકારથી રહિત અને સર્વ પરદ્રવ્યોની અપેક્ષાથી રહિત એવા સુવિહિત સાધુઓને અહીં જ મોક્ષ છે. <— તે વાત પણ આ ગ્રંથમાં જણાવેલ મોક્ષની હેતુમુખે પરિચાયક છે. "હું ઉજળો છું." અથવા "હું કાળો છું." ઈત્યાદિ રૂપે વિનશ્વર શરીર વગેરેની સાથે પ્રતિભાસમાન તાદાત્મ્ય એ જ સંસાર છે અને એ જ ભ્રમ છે. કારણ કે તે અશાશ્વત હોવાના કારણે અપારમાર્થિક છે. "હું ગોરો છું." ઈત્યાદિ રૂપે શરીર સાથે આત્માના તાદાત્મ્યનો પ્રતિભાસ કાંઈ સર્વદા થઈ ન શકે. વ્યવહારદશામાં આત્મા કથંચિત્ દેહસ્વરૂપ હોવા છતાં પણ પરમાર્થથી ચિદાનંદસ્વરૂપ હોવાને કારણે શરીરથી તે ભિન્ન જ છે. તેથી આત્મસાક્ષાત્કાર થતાં તેવી ભ્રમણાનો વિલય થવો યોગ્ય જ છે. અથવા એમ પણ કહી શકાય કે દશ્ય એવા દેહની સાથે આત્માને જે તાદાત્મ્યની બુદ્ધિ થાય છે તે બુદ્ધિ અનાત્મામાં આત્મપણાનું અવગાહન કરવાના કારણે ભ્રમણાત્મક જાણવી. અને તે ભ્રમણા એ જ ભવભ્રમણનું કારણ હોવાથી સંસાર કહેવાય છે. અર્થાત્ શરીરમાં આત્મપણાની બુદ્ધિ એ ભવભ્રમણકારણ સ્વરૂપ ભ્રમ છે. દેહ, ધન, પત્ની, વસ્ત્ર વગેરે બાહ્ય

भव उच्यते इति भावनीयम् ॥२/५॥

मग्नताप्रभावमाविष्करोति —> 'आत्मे'ति ।

**आत्मज्ञाने मुनिर्मग्नः, सर्वं पुद्गलविभ्रमम् ।**
**महेन्द्रजालवद्वेत्ति, नैव तत्रानुरज्यते ॥६॥**

—> न हि सोऽस्तीन्द्रियविषयो येनाऽभ्यस्तेन नित्यतृषितानि । तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥४८॥ <— इति **प्रशमरति**प्रभृतिवचनविभावनेन इन्द्रियवृन्दं प्रत्याहृत्य **आत्मज्ञाने** = अखण्डचिदानन्दस्वरूपात्मसाक्षात्कारे एव **मग्नः** = समाहितचित्तो **मुनिः सर्वं** = निरवशेषं **पुद्गलविभ्रमं** = कर्मोदयजन्यपौद्गलिकदेहादिसौन्दर्य-सौष्ठव-सुचारुस्पर्श-सुगन्ध-सन्मान-सम्पत्ति-स्वास्थ्यादिबाह्यफटाटोपं **महेन्द्रजालवद्** = विद्यामन्त्रप्रयोगादिसम्पादितमहामायाजालमिव क्षणभङ्गुरं **वेत्ति** = जानीते ।

अत एव **तत्र** पुद्गलविभ्रमे **नैव अनुरज्यते** = अनुरागमापद्यते न वा द्वेष्टि । तदुक्तं **अध्यात्मबिन्दौ** —> न रज्यते न च द्वेष्टि परभावेषु निर्ममः । स्वरूपं स्वं पश्यन्नात्मरतिर्मुनिः ॥ <— (३/३१) इति । तदुक्तं **भगवद्गीता**यामपि —> ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते । आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ॥ <— (५/२२) इति । युक्तश्चैतत्, इत्थमेव ज्ञानगर्भवैराग्योपपत्तेः । **पञ्चदश्यामपि**

---

**પદાર્થોમાં સારા-નરસાપણાની ભ્રમણાના કારણે આત્મા રાગ-દ્વેષ કરે છે. બાહ્ય પદાર્થોની મમતાના કારણે તેમાં થતા ફેરફારથી આઘાત-પ્રત્યાઘાતનો અનુભવ કરે છે. આ રીતે આત્મા મલિન થઈને સંસારમાં ભટકે છે. તેથી સંસારમાં પરિભ્રમણનું મુખ્ય કારણ દેહતાદાત્મ્યબુદ્ધિ - દેહાધ્યાસ છે. આ પ્રમાણે દૃઢતાથી વિચારવું. (૨/૫)**

**ગ્રંથકારશ્રી જ્ઞાનમગ્નતાના પ્રભાવનો આવિષ્કાર કરે છે.**

**શ્લોકાર્થ** :- આત્મજ્ઞાનમાં મગ્ન થયેલ મુનિ સર્વ પુદ્ગલવિભ્રમને મહા ઈંદ્રજાળની જેમ જાણે છે. તેમાં મુનિને રાગ થતો જ નથી. **(૨/૬)**

## ❋ પુદ્ગલરચનામાં મુનિ નિર્લેપ ❋

**ટીકાર્થ** :- —> તેવો કોઈ પણ ઈન્દ્રિયનો વિષય નથી કે જેનું વારંવાર સેવન કરવાથી નિત્ય અતૃપ્ત અને અનેક માર્ગમાં ફંટાયેલી - ખૂંચેલી ઈન્દ્રિયો તૃપ્તિને પામે. <— આવા **પ્રશમરતિ** પ્રકરણ વગેરેના વચનોને વારંવાર વિચારવાથી, સર્વ ઈન્દ્રિયોને પાછી વાળીને અખંડ ચિદાનંદસ્વરૂપ આત્માના સાક્ષાત્કારમાં જ જેનું મન ઠરેલું છે તેવા મુનિ આત્મજ્ઞાનમાં મગ્ન થયા તેમ કહેવાય છે. કર્મોદયજન્ય પૌદ્ગલિક દેહાદિના સૌંદર્ય, સૌષ્ઠવ, સુંદર સ્પર્શ, સુગંધ, સન્માન, સત્તા, સંપત્તિ, સ્વાસ્થ્ય વગેરે સઘળાં બાહ્ય ફટાટોપને મુનિ, વિદ્યા-મંત્ર વગેરેના પ્રયોગથી સંપાદિત થયેલ મહા માયાજાળની જેમ ક્ષણભંગુર માને છે. આથી જ પુદ્ગલની માયાજાળમાં તેવા મુનિ લેશમાત્ર પણ રાગને પામતા નથી કે દ્વેષ કરતા નથી. **અધ્યાત્મબિંદુ** ગ્રંથમાં કહ્યું છે કે —> મમતા વગરના મુનિ પરભાવોમાં નથી રાગ કરતા કે નથી દ્વેષ કરતા. પોતાના સ્વરૂપને જોતા એવા મુનિ આત્માનો આનંદ પામે છે. <— **ભગવદ્ગીતા**માં પણ જણાવેલ છે કે —> ઈન્દ્રિયો તથા વિષયના સંપર્કથી ઉત્પન્ન થતા ભોગો દુઃખનું જ કારણ છે. તથા તે આદિ-અંતવાળા છે. માટે હે અર્જુન ! જ્ઞાની તે ભોગોમાં રમતો નથી. <— **પંચદશી**માં જે જણાવેલ છે કે —> મણિને પ્રાપ્ત કરીને એક માણસ ખુશ થાય છે, અને તે નહિ મળવાના કારણે બીજો ગુસ્સે થાય છે, પરંતુ આ બન્ને અવસ્થામાં વૈરાગી પુરૂષ રોષ

—> हृष्यत्येको मणिं लब्ध्वा क्रुध्यत्यन्यो ह्यलाभतः । पश्यत्येव विरक्तोऽत्र न हृष्यति न कुप्यति ॥ <— (४/२२) इति यदुक्तं तदप्यत्रैव सङ्गच्छते ॥२/६॥

पुद्गलविभ्रमाननुरागहेतुमुदाहरणेन विशदयति —> 'आस्वादिते'ति ।

**आस्वादिता सुमधुरा येन ज्ञानरतिः सुधा ।**
**न लगत्येव तच्चेतो, विषयेषु विषेष्विव ॥७॥**

**येन** मुनिना **सुमधुरा ज्ञानरतिः सुधा** = अध्यात्मलक्षणसुमाधुर्योपेतात्मज्ञानानन्दलक्षणा सुधा **आस्वादिता** = अनुभूता **तच्चेतः** = तस्य मुनेः मनः **विषयेषु** पञ्चेन्द्रियविषयेषु **विषेषु इव नैव लगति** = वल्गति, परमसुखतृप्तत्वात् । **एतेन** भूयोभवाभ्यस्तेषु विषयेष्वेव प्रवृत्तिसम्भवान्न तदलगनं युक्तमिति **निरस्तम्**, ज्ञानानन्दामृतस्याऽऽस्वादितस्य निरुपधिस्पृहणीयत्वात् । तदुक्तं **षोडशके** —> अमृतरसास्वादज्ञः कुभक्तरसलालितोऽपि बहुकालम् । त्यक्त्वा तत्क्षणमेनं वाञ्छत्युच्चैरमृतमेव ॥ <— (३/१४) इति । तदुक्तं **जाबालदर्शनोपनिषदि** अपि —> ज्ञानामृतरसो येन सकृदास्वादितो भवेत् । स सर्वकार्यमुत्सृज्य तत्रैव परिधावति ॥ <— (६/४८) इति ।

**बृहत्सङ्ग्रहण्यामपि** —> जं च कामसुहं लोए जं च दिव्वं महासुहं । वीयरायसुहस्स य अणंतभागं नग्घइ ॥ <— इत्युक्तम् । **हृदयप्रदीपषट्त्रिंशिकायामपि** —> तावत्सुखेच्छा विषयादिभोगे यावन् मनः

---

કે તોષ પામતો નથી. <— તે હકીકત પણ પ્રસ્તુત જ્ઞાનીમાં જ સંગત થાય છે. **(૨/૬)**

પુદ્ગલવિભ્રમમાં મુનિને અનુરાગ કેમ થતો નથી ? તેના હેતુને ઉદાહરણ દ્વારા ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**શ્લોકાર્થ** :- અત્યંત મધુર જ્ઞાનાનંદ રૂપી અમૃતનો જેણે આસ્વાદ કરેલો હોય તેનું ચિત્ત ઝેર જેવા વિષયોમાં લાગતું નથી. **(૨/૭)**

## ✡ જ્ઞાની વિષયોમાં ન રમે ✡

**ટીકાર્થ** :- જે મુનિએ અધ્યાત્મસ્વરૂપ સુંદર માધુર્યથી યુક્ત આત્મવિષયક જ્ઞાનના આનંદ સ્વરૂપ અમૃતનો અનુભવ કરેલો છે તેનું મન, વિષતુલ્ય પાંચેય ઈન્દ્રિયોના વિષયમાં લેશ પણ વળગતું નથી. કારણ કે તે પરમ સુખથી તૃપ્ત છે. આવું કહેવાથી —> અનેક ભવથી અભ્યસ્ત થયેલા શબ્દાદિ વિષયોમાં જ પ્રવૃત્તિ સંભવિત હોવાથી તેમાં મન ન લાગવું યુક્તિગમ્ય નથી. <—આવી દલીલનું નિરાકરણ થઈ જાય છે. ખરેખર, આસ્વાદ કરેલું જ્ઞાનાનંદનું અમૃત નિરૂપાધિક સ્પૃહણીય છે. ષોડશક ગ્રંથમાં જણાવેલ છે કે —> ખરાબ અન્નના આસ્વાદથી ઘણા કાળથી લાલન-પાલન કરાયેલ માણસ પણ જો અમૃતના રસના આસ્વાદનો જાણકાર બને તો અમૃતલાભના પ્રાપ્ત ઉપાયને સાંભળવાના સમયે જ ખરાબ અન્નને છોડીને અમૃતને જ અત્યંત ઝંખે છે. <— જાબાલદર્શન ઉપનિષદ્‌માં પણ જણાવેલ છે કે —> જેણે એક વાર જ્ઞાનામૃતના રસનો આસ્વાદ કરેલ હોય તે સર્વ કાર્યને છોડીને જ્ઞાનામૃતમાં જ રમે. <— બૃહત્સંગ્રહણી ગ્રન્થમાં પણ જણાવેલ છે કે "લોકમાં જે કામસુખ = વિષયસુખ છે અને જે દિવ્ય મહાસુખ છે તે વીતરાગના સુખના અનંતમા ભાગ પાસે પણ તુલના પામી શકતું નથી." મતલબ કે ત્રૈકાલિક તમામ સર્વોત્કૃષ્ટ સાંસારિક સુખનો ઢગલો વીતરાગસુખના અંશ કરતાં પણ અતિનિમ્ન કક્ષાએ છે. હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા પ્રકરણમાં પણ બતાવેલ છે કે —> શબ્દાદિ વિષયોના ભોગમાં ત્યાં સુધી જ સુખની ઈચ્છા થાય છે કે જ્યાં સુધી મન સ્વાસ્થ્યસુખને

स्वास्थ्यसुखं न वेत्ति। लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥ न देवराजस्य न चक्रवर्तिनस्तद्वै सुखं रागयुतस्य मन्ये । यद्वीतरागस्य मुनेः सदात्मनिष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥३४॥ <— इत्युक्तम् । भागवतेऽपि —> सन्तुष्टस्य निरीहस्य स्वात्मारामस्य यत् सुखम् । कुतस्तत्कामलोभेन धावतोऽर्थेहया दिशः ॥ <— (७/१५/१६) इत्युक्तम् । लिङ्गपुराणेऽपि —> यच्च कामसुखं लोके यच्च दिव्यं महत् सुखम् । तृष्णाक्षयसुखस्यैतत् कलां नार्हति षोडशीम् ॥ <— (६७/२३-२४) इत्युक्तम्। योगसारेऽपि —> प्रशान्तस्य निरीहस्य सदानन्दस्य योगिनः । इन्द्रादयोऽपि ते रङ्कप्रायाः स्युः किमुतापराः ? ॥ (४/२६) नोपेन्द्रस्य न चेन्द्रस्य तत्सुखं नैव चक्रिणः । साम्यामृतविनिर्मग्नो योगी प्राप्नोति यत्सुखम् ॥ <— (३/७) इत्युक्तम् । अध्यात्मबिन्दौ अपि —> तदन्वेष्यं तत्त्वं सततमिदमुत्कटतरस्फुरत्तेजःपुञ्जप्रदलितदृढाविद्यममलम् । यदास्वादाद् भान्ति त्रिदशपतिचक्रित्वपदवीसुखास्वादाः क्षारोदकवदमृताग्रे ध्रुवममी ॥ <—(४/११) इत्येवमात्मतत्त्वरत्यनुभावो दर्शितः। तदुक्तं भगवद्गीतायामपि —> प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् । उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ <— (६/२) इति । इदञ्च प्रतिबन्धकाभावोपदर्शनेन सुखलाभनिरूपणमवगन्तव्यम् । तदुक्तं प्रशमरतौ अपि —> यत्सर्वविषयकाङ्क्षोद्भवं सुखं प्राप्यते सरागेण । तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः ॥१२५॥ प्रशमितवेदकषायस्य हास्य-

(સ્વસ્થ રહેવાથી = આત્મસ્થ રહેવાથી પ્રાપ્ત થતા સુખને) જાણતું નથી. જો મનની = ભાવમનની = આત્માની સ્વસ્થતાથી પ્રાપ્ત થતા સુખનો એક વાર લેશ પણ અનુભવ થાય તો ત્રણ લોકના રાજ્ય વૈભવની પણ ઈચ્છા થતી નથી. હું માનું છું કે રાગી એવા ઈન્દ્ર કે ચક્રવર્તિને પણ તે સુખ નથી કે જે સુખ વીતરાગી કે સદા આત્મનિષ્ઠ એવા મુનિના ચિત્તમાં સ્થિરતાને પામ્યું છે.<— ભાગવતમાં પણ બતાવેલ છે કે —> સંતુષ્ટ, નિસ્પૃહ અને પોતાના આત્મામાં રમણ કરનાર યોગીને જે સુખ હોય છે તે સુખ કામવાસનાથી અને લોભથી, ધનની આશાથી ચારે દિશામાં દોડધામ કરનારા જીવોને ક્યાંથી હોય ? <— લિંગપુરાણમાં પણ જણાવેલ છે કે —> લોકમાં જે કામસુખ છે અને જે દિવ્ય મોટું સુખ છે તે સુખ તૃષ્ણાક્ષયજન્ય સુખની સોળમી કળા જેટલી પણ બરોબરી કરી શકે તેમ નથી. અર્થાત્ પૌદ્ગલિક સુખમાં આત્મસુખની રતિભાર પણ સમાનતા નથી. <— યોગસાર ગ્રંથમાં પણ દર્શાવેલ છે કે —> પ્રશાંત, નિસ્પૃહ, સહજાનંદી એવા યોગીની પાસે ઈન્દ્ર વગેરે પણ રંક જેવા છે. બીજાની તો શું વાત કરવી ? ઈન્દ્ર, ઉપેન્દ્ર કે ચક્રવર્તિને તે સુખ નથી કે જે સુખ સમતાના અમૃતમાં મગ્ન થયેલા યોગી પ્રાપ્ત કરે છે. <— અધ્યાત્મબિંદુમાં પણ —> અત્યંત ઉત્કટ સ્ફુરાયમાન તેજના પુંજ (જ્ઞાનધારા) દ્વારા દૃઢ અવિદ્યાનો નાશ કરનાર અને નિર્મળ એવા તે તત્ત્વને સતત શોધવા-પામવા પ્રયત્ન કરવો જોઈએ, કે જેના આસ્વાદથી ઈંદ્રપણાની કે ચક્રવર્તિપણાના સુખના આસ્વાદો નિયમા અમૃતની આગળ ખારા પાણી જેવા લાગે. <—આ પ્રમાણે આત્મતત્ત્વના આનંદનો પ્રભાવ જણાવેલ છે.

ભગવદ્ગીતામાં પણ જણાવેલ છે કે —> પ્રશાન્ત મનવાળા, શાન્તરજોગુણવાળા, પાપરહિત અને બ્રહ્મસ્વરૂપ થયેલા યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. <—આ નિરૂપણ પ્રતિબંધકના અભાવને બતાવવા દ્વારા સુખની પ્રાપ્તિવિષયક જાણવું. આ જ રીતે પ્રશમરતિ પ્રકરણમાં પણ જણાવેલ છે કે —> સર્વ વિષયોની આકાંક્ષાથી ઉત્પન્ન થયેલ જે સુખ રાગી વ્યક્તિ પ્રાપ્ત કરે છે તેના કરતાં અનંત-કરોડોગણું સુખ વિરાગી મુનિ આકાંક્ષા વિના જ પ્રાપ્ત કરે છે. વેદ અને કષાય જેના શાંત થયા હોય તથા હાસ્ય, રતિ, અરતિ, શોકથી શૂન્ય, ભય અને જુગુપ્સાથી પરાભવ નહિ પામેલ એવા મુનિને જે સુખ હોય તે બીજાને ક્યાંથી હોય ?

रत्यरतिशोकनिभृतस्य । भयकुत्सानिरभिभवस्य यत्सुखं तत्कुतोऽन्येषाम् ? ।।१२६।। नैवाऽस्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य । यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ।।१२८।। <— इति । ततश्चाऽऽत्मज्ञान-रतिसुधास्वादपरतया भाव्यमित्युपदेशः ।।२/७।।

आस्वादितात्मज्ञानरतिमेव विशेषरूपेण निर्दिशति —> **'सतत्त्वे'**[१]ति ।

**सतत्त्वचिन्तया यस्याभिसमन्वागता इमे ।**
**आत्मवान् ज्ञानवान् वेद-धर्मवान् ब्रह्मवांश्च सः ।।८।।**

**यस्य सतत्त्वचिन्तया** —> तानेवार्थान् द्विषतः तानेवार्थान् प्रलीयमानस्य । निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ।।५२।। <—इति **प्रशमरति**प्रभृतिवचनात् स्वरूपचिन्तनेन **इमे** = समस्तप्राणिगणेन्द्रियप्रवृत्तिविषयीभूताः शब्द-रूप-रस-गन्ध-स्पर्शलक्षणा विषया मनोज्ञेतरभेदभिन्ना **अभिसमन्वागताः** = अभिः इत्याभिमुख्येन सम्यक् = इष्टानिष्टावधारणतया अनु = शब्दादिस्वरूपावगमात् पश्चात् आगताः = यथार्थस्वभावेन परिच्छिन्नाः । अयं भावः ज्ञपरिज्ञया शब्दादिविषया ज्ञाताः प्रत्याख्यानपरिज्ञया च प्रत्याख्याताः

---

રાજાઓના રાજાને કે દેવોના રાજાને તે સુખ નથી જ મળતું કે જે સુખ આ જ લોકમાં લોકવ્યાપારથી રહિત = લોકસંજ્ઞાશૂન્ય એવા સાધુની પાસે હોય છે. <—માટે લોકોને ખુશ કરવાના બદલે આત્મજ્ઞાનના આનંદરૂપી અમૃતનો આસ્વાદ કરવામાં તત્પર થવું - એવો ઉપદેશ આ શ્લોકમાંથી પ્રાપ્ત થાય છે. (૨/૭)

જેણે આત્માના જ્ઞાનાનંદનો આસ્વાદ કરેલો છે તેવા મુનિને ગ્રંથકારશ્રી વિશેષરૂપે જણાવે છે.

**શ્લોકાર્થ** :- સ્વરૂપવિચારણાથી જેને આ વિષયો અભિસમન્વાગત થયેલા છે તે જ આત્મવાન, જ્ઞાનવાન, આગમવાન્, ધર્મવાન અને બ્રહ્મવાન છે. (૨/૮)

## ❖ આત્મવાન-જ્ઞાનવાન-બ્રહ્મવાનને ઓળખો ❖

**ટીકાર્થ** :- —> તે જ વિષયો ઉપર જીવ ક્યારેક દ્વેષ કરે છે અને તે જ વિષયોમાં જીવ રાગથી ગળાડૂબ થઈ જાય છે. તેથી ખરેખર, નિશ્ચયથી તો કોઈ પણ વિષય ઈષ્ટ કે અનિષ્ટ નથી જ. <—આ પ્રમાણે **પ્રશમરતિ** વગેરેના વચનોથી વિષયોનું સ્વરૂપ ચિંતન કરવા દ્વારા સમસ્ત પ્રાણીગણની ઈન્દ્રિયોની પ્રવૃત્તિના વિષયીભૂત શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સ્વરૂપ સારા-નરસા વિષયો જે મુનિને અભિસમન્વાગત થયેલા છે તે જ આત્મવાન છે. અભિ + સમ્ + અનુ + આગત = અભિસમન્વાગત. અભિ = સામે ચાલીને, સમ્ = સારી રીતે = ઈષ્ટ-અનિષ્ટ અવધારણ રૂપે, અનુ = પશ્ચાત્ = શબ્દાદિના સ્વરૂપને જાણ્યા બાદ, આગત = યથાર્થરૂપે નિશ્ચિત કરેલા = અભિસમન્વાગત. અર્થાત્ સામે ચાલીને આવેલા શબ્દાદિ વિષયોના સ્વરૂપમાં ઈષ્ટપણા કે અનિષ્ટપણાનું અવધારણ કર્યા પછી "વાસ્તવમાં તે ઈષ્ટતા કે અનિષ્ટતાથી રહિત છે." આ પ્રમાણે યથાર્થ સ્વભાવથી નિર્ણીત થયેલા શબ્દાદિ વિષયો તે અભિસમન્વાગત વિષયો. દા.ત. પૂર્વે ઈષ્ટરૂપે જાણેલા ધન, પત્ની, પરિવાર વગેરે અને અનિષ્ટરૂપે જાણેલા રોગ, શત્રુ વગેરે વિષયો દીક્ષા લીધા બાદ મુનિપણામાં સમાન રૂપે - રાગદ્વેષરહિતપણે ભાસે છે. જ્ઞ- પરિજ્ઞાથી શબ્દાદિ વિષયોને યથાર્થ સ્વરૂપે = રાગદ્વેષઅજનકરૂપે જાણી-નિશ્ચિત કરી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી મુનિ તેનો ત્યાગ કરે છે. અર્થાત્ ઈષ્ટ-અનિષ્ટ વિષયો પ્રત્યે ઉદાસીન બને છે. તેથી તે મુનિ માટે વિષયો અભિસમન્વાગત થયા કહેવાય. —> શબ્દમાં આસક્ત થયેલ હરણ, સ્પર્શમાં

---

१. मुद्रितपुस्तके 'सत्तत्त्व...' इति पाठः ।

= अभिसमन्वागताः । —> रक्तः शब्दे हरिणः, स्पर्शे नागो रसे च वारिचरः । कृपणपतङ्गो रूपे भुजगो गन्धे ननु विनष्टः ॥ पञ्चसु रक्ताः पञ्च विनष्टा यत्राऽगृहीतपरमार्थाः । एकः पञ्चसु रक्तः प्रयाति भस्मान्ततामबुधः ॥ <— ( ) इत्यादिविभावनेन मुनिरिष्टेषु पुण्ययोगादुपनतेषु शब्दादिषु न रागमुपयाति न वाऽनिष्टेषु पापकर्मक्षयार्थमुपगतेषु शब्दादिषु द्वेषमुपयाति । **स च** = अभिसमन्वागतविषयो मुनिरेव **आत्मवान्** = अभिव्यक्ताखण्डचिदानन्दमयात्मवान्, शब्दादिषु राग-द्वेषविरहेणाऽत्मस्वरूपस्य रक्षणात्, अन्यथा नारकैकेन्द्रियादिपाते सत्यात्मकार्याऽकरणात्कुतोऽस्याऽखण्डचिदानन्दस्वरूप आत्मा स्यात् ? **ज्ञानवान्** = 'मनोज्ञाऽमनोज्ञानां स्वस्वरूपव्यवस्थितानां विषयाणां परमार्थतो राग-द्वेषानुत्पादकत्वेन सुख-दुःखाऽहेतुत्वमि'त्येवंरूपेण यथावस्थितपदार्थपरिच्छेदवान् । आत्मवान् एव ज्ञानवान् भवति, अन्यथा ज्ञाननाशः-स्यात् । तदुक्तं **महाभारते** —> अनात्मनि श्रुतं नष्टं <— (उद्योगपर्व - ३९/४१-४२) । विरतेरेव ज्ञानफलत्वात् तदनुपधायकतया ज्ञाननाशाभिधानं सङ्गच्छत एव निश्चयनयाभिप्रायेण । अत एव प्रथममात्मवान् इत्युपदर्श्य तदुत्तरं ज्ञानवानित्युक्तम् । सम्यग्दर्शनिनो देवा अपि शब्दाद्यासक्त्या अनात्मवन्तो भूत्वा सम्यग्दर्शनज्ञानेभ्यो भ्रश्यन्तीत्यागमप्रसिद्धमपि संवदत्यत्र ।

**वेदधर्मवा**निति । 'द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यते' इति व्युत्पत्त्या वेदवान् = आचारादि-

---

આસક્ત હાથી, રસલોલુપ માછલી, રૂપગૃદ્ધ બિચારૂં પતંગિયું અને ગંધમાં લોલુપ સાપ મરે છે. પાંચેય ઈન્દ્રિયના તત્ત્વને નહિ જાણીને એક એક ઈન્દ્રિયમાં આસક્ત થયેલા તે પાંચેય વિનાશ પામ્યા. પાંચેય ઈન્દ્રિયના વિષયોમાં ડૂબેલો અજ્ઞાની તો ભસ્મસાત્ થઈ જાય છે. <— ઈત્યાદિ વિચારવાથી, ભાવમુનિને પુણ્યના યોગથી સામે ચાલીને આવેલા ઈષ્ટ એવા શબ્દાદિ વિષયોમાં રાગ થતો નથી, તેમ જ પાપ કર્મના ક્ષય માટે આવી ચઢેલા અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં દ્વેષ થતો નથી. (૧)' આ રીતે જેને સર્વ વિષયો અભિસમન્વાગત થયેલા છે તે મુનિ જ અભિવ્યક્ત થયેલ અખંડ ચિદાનંદમય આત્માવાળા છે. કારણ કે શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવાના કારણે તેમણે આત્માનું રક્ષણ કરેલું છે. શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષ કરે તો નરકગતિ, એકેન્દ્રિયગતિ વગેરેમાં જવાનો પ્રસંગ આવે અને તેવું થાય તો આત્માનું કાર્ય ન થાય. તો પછી તે અખંડ ચિદાનંદસ્વરૂપ આત્માવાળા કેવી રીતે બને ? (૨) "મનોજ્ઞ કે અમનોજ્ઞ (= ગમતાં કે અણગમતાં) વિષયો પોતપોતાના સ્વરૂપમાં રહેલા છે. તેથી પરમાર્થથી તે રાગ-દ્વેષના ઉત્પાદક નથી. માટે તે સુખ-દુઃખના કારણ નથી." આ પ્રમાણે યથાવસ્થિત પદાર્થના નિશ્ચયવાળા = જ્ઞાનવાન મુનિ હોય છે. અહીં પૂર્વે આત્મવાન બતાવ્યા પછી જ્ઞાનવાન કહેવામાં આશય એ છે કે આત્મવાન જ જ્ઞાનવાન હોય છે. બાકી તો જ્ઞાનનો નાશ થઈ જાય. <u>મહાભારત</u>માં જણાવેલ છે કે —> વિષયાસક્તમાં = અનાત્મવાનમાં શ્રુત નષ્ટ થાય છે. <— વિરતિ એ જ જ્ઞાનનું ફળ છે. તેથી શબ્દાદિ વિષયની વિરતિ સ્વરૂપ ફળને પ્રાપ્ત ન કરાવનાર હોવાથી વિષયાસક્ત જીવમાં જ્ઞાન નાશ પામે છે- તેવું કહેવું નિશ્ચય નયના અભિપ્રાયથી સંગત જ છે. માટે ગ્રંથકારશ્રીએ 'આત્મવાન' એવો નિર્દેશ પહેલાં કર્યો અને ત્યાર બાદ 'જ્ઞાનવાન' એવું જણાવ્યું. સમકિતી દેવો પણ શબ્દાદિ વિષયોમાં આસક્તિથી અનાત્મવાન થઈ સમ્યગ્દર્શન- જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે. આ આગમ પ્રસિદ્ધ વાત પણ અહીં સંવાદ દર્શાવે છે.

મૂળ ગાથામાં રહેલ 'वेदधर्मवान्' આવો શબ્દ દ્વન્દ્વસમાસથી ગર્ભિત છે. દ્વન્દ્વસમાસને છેડે સંભળાતો શબ્દ

सर्वाऽऽगमवान् । इदञ्च निश्चयनयापेक्षयाऽवगन्तव्यम् । व्यवहारतोऽनधीताचाराद्यागमस्य मुनेरात्मस्वरूपावगमेन अभिसमन्वागतविषयस्य फलतः सर्वाणि शास्त्राणि वर्तन्त एव । विषयाणामभिसमन्वागमनमेव सर्वशास्त्रप्रयोजनम् । तच्चात्र विद्यत एव । इदमेवाभिप्रेत्य **कार्त्तिकेयानुप्रेक्षायां** —> जो अप्पाणं जाणदि असुइसरीरादु तच्चदो भिण्णं । जाणगरूवसरूवं सो सत्थं जाणदे सव्वं ॥४६५॥ <— इत्युक्तम् । इदञ्चान्वयमुखेनावसेयम् । कर्तृत्व-भोक्तृत्वादिशून्य-ज्ञायकैकस्वभाव-विशुद्धात्मस्वरूपानवगमेन विषयपारवश्येऽधीतागमोऽपि नागमवानिति व्यतिरेकतोऽप्यवगन्तव्यम् । दुर्गतिप्रसृतजन्तुधारणस्वभावोऽपवर्गाभ्युदयमार्गो धर्मोऽस्याऽस्तीति धर्मवान् । अशेषमलकलङ्कविकल-योगिशर्मलक्षणं अष्टादशभेदभिन्नं वा ब्रह्माऽस्यास्तीति **ब्रह्मवान्**। तदुक्तं **आचाराङ्गे** —> जस्सिमे सद्दा य रूवा य रसा य गंधा य फासा य अभिसमन्नागया भवंति से आयवं नाणवं वेयवं धम्मवं बंभवं <— (आचा.श्रु.१-अ.३, उ.१ सू.१०७-१०८) । 'आत्मवान्' इत्यादिकं नोआगमतो भावनिक्षेपमपेक्ष्य व्याख्यातम् । भावनिक्षेपे आगमत 'आत्मवान्' = श्वभ्रादिपातर-

---

દ્વન્દ્વસમાસના પ્રત્યેક પદમાં જોડાય છે. કારણ કે દ્વન્દ્વસમાસ ઉભયપદપ્રધાન છે. આ વ્યુત્પત્તિ = શાબ્દબોધસ્થલીય નિયમવિશેષ મુજબ તેનો અર્થ વેદવાન્ અને ધર્મવાન્ એવો થશે. 'વેદ' શબ્દનો અર્થ છે આચારાંગ વગેરે આગમ. 'અભિસમન્વાગતવિષયવાળા મુનિ આચારાંગ વગેરે આગમવાળા છે' - આ પ્રમાણે અહીં જે જણાવવામાં આવે છે તે નિશ્ચય નયની અપેક્ષાએ જાણવું. જે મુનિ વ્યવહારથી આચારાંગ વગેરે શાસ્ત્રો ભણેલા ન હોય તો પણ આત્મસ્વરૂપને જાણવાથી જો વિષયોને અભિસમન્વાગત કર્યા હોય તો ફલતઃ સર્વ શાસ્ત્રો તે મુનિ પાસે છે જ. વિષયોનું અભિસમન્વાગમન = કેવલ સાક્ષીભાવ, એ જ સર્વ શાસ્ત્રોનું પ્રયોજન છે. અને તે તો પ્રસ્તુત મુનિમાં વિદ્યમાન છે જ. તેથી તે આચારાંગ વગેરે ભણેલા ન હોવા છતાં પણ આગમવાન કહેવાય જ. આવા અભિપ્રાયથી જ <u>કાર્તિકેયઅનુપ્રેક્ષા</u>માં કહ્યું છે કે —> અશુચિ એવા શરીર કરતાં પરમાર્થથી ભિન્ન એવા આત્માને જે સાધક જ્ઞાયક સ્વરૂપે જાણે છે તે સર્વ શાસ્ત્રને જાણે છે. <— વિષયાદિ પ્રત્યે કર્તૃત્વ, ભોક્તૃત્વભાવ છોડી કેવલ જ્ઞાતા, દૃષ્ટા-સાક્ષીભાવ કેળવનાર આગમવાન છે. આવું વિધાન અન્વયમુખે = વિધેયાત્મક રૂપે જાણવું. વ્યતિરેકમુખે = નિષેધાત્મક સ્વરૂપે એવું પણ જાણી લેવું કે કર્તૃત્વ-ભોક્તૃત્વવિનિર્મુક્ત જ્ઞાયક એક સ્વભાવવાળા વિશુદ્ધ આત્માના સ્વરૂપને નહિ જાણવાથી શબ્દાદિ વિષયોની પરવશતા હોય, ઈન્દ્રિયરમણતામાં ગળાડૂબ હોય તો તે વ્યક્તિ આગમ ભણેલા હોવા છતાં તે આગમવાન નથી.

દુર્ગતિમાં ખેંચાઈ રહેલા જીવને ધારી રાખવાનો = અટકાવવાનો જેનો સ્વભાવ છે તે ધર્મ કહેવાય. આ 'ધર્મ' શબ્દનો યોગાર્થ થયો. 'ધર્મ' શબ્દના રૂઢ અર્થને ખ્યાલમાં રાખીને એવું કહી શકાય કે મુખ્યતયા મોક્ષને આપનાર અને તે ન મળે ત્યાં સુધી પ્રાસંગિક રીતે સ્વર્ગ વગેરે સદ્ગતિ સુધી પહોંચાડનાર માર્ગ તે ધર્મ કહેવાય છે. ઉપર જણાવેલ મુનિ વેદવાન્ = આગમવાન્ અને ધર્મવાન્ હોય છે. - આવો 'વેદધર્મવાન્' પદનો અર્થ સમજવો. તે જ મુનિ બ્રહ્મવાન્ પણ છે. સર્વ આત્મમલના કલંકથી રહિત એવું યોગીનું સુખ = બ્રહ્મ. અથવા ૧૮ પ્રકારના બ્રહ્મચર્યને પણ બ્રહ્મ કહેવાય. ઔદારિક અને વૈક્રિય દેહ સંબંધી અબ્રહ્મનું સેવન મન, વચન અને કાયાથી કરવું નહીં, કરાવવું નહીં અને અનુમોદવું નહિ તે બ્રહ્મચર્ય કહેવાય. ઔદારિક વગેરે ૨ x મન વગેરે ૩ x કરણ વગેરે ૩ = ૧૮ પ્રકારના અબ્રહ્મની નિવૃત્તિ એટલે ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય. મૂળ ગ્રંથની આ આઠમી ગાથામાં જે અર્થ જણાવેલ છે તે જ અર્થ અક્ષરશઃ આચારાંગસૂત્રમાં ઉપલબ્ધ થાય છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. અહીં અમે આત્મવાન્ વગેરે પાંચ પદની નોઆગમથી ભાવનિક્ષેપની અપેક્ષાએ વ્યાખ્યા કરેલી છે. આગમ = જ્ઞાન. તથા

क्षणोपायोपयुक्ताऽऽत्मवान् = आत्मानं श्वभ्रादिपतनरक्षणोपायद्वारेण वेत्ति = आत्मवित् । एवं 'ज्ञान-विदि'त्यादिकमपि बोध्यम् । **एतेन** —> से आयवी, नाणवी, वेयवी, धम्मवी, बंभवी...' इति पाठान्तरमपि आचाराङ्गीयं **व्याख्यातम्,** आत्मवित्, ज्ञानवित् इत्यादेरपि भावनिक्षेपे आगमत आत्मवान्, ज्ञानवान् इत्यादावेवास्मदुक्ते पर्यवसितत्वादिति विभावनीयं निक्षेपरहस्यवेदिभिः ।

यद्वा आत्मवान् = आत्ममयः, ज्ञानवान् = ज्ञानमयः, वेदवान् = वेदमयः = आगममयः, धर्मवान् = धर्ममयः, ब्रह्मवान् = ब्रह्ममय इत्यपि व्याख्येयम्, अभिसमन्वागतविषयस्य तन्मयीभावात् । तदुक्तं **अध्यात्मसारे** —> सतत्त्वचिन्तया यस्याभिसमन्वागता इमे । आत्मवान् ज्ञानवान् वेद-धर्म-ब्रह्ममयो हि सः ॥ <—(१५/३८) इति । अयमेवाभिसमन्वागतविषयो धीरादिपदेनोच्यते । तदुक्तं **अध्यात्मतत्त्वालोके** —> स एव धीरो बलवान् स एव, स एव विद्वान्, स पुनर्महात्मा। येनेन्द्रियाणामुपरि स्वसत्ता विस्तारिता मानसनिर्जयेन ॥ <-- (१/११०) इति ॥२/८॥

योगरम्भक-योगसिद्धभेदमाविष्करोति —> 'विषयानि'ति ।

**विषयान् साधकः पूर्वमनिष्टत्वधिया त्यजेत् ।**
**न त्यजेन्न च गृह्णीयात् सिद्धो विन्द्यात् स तत्त्वतः ॥९॥**

નોઆગમ = આંશિક જ્ઞાનરૂપતા અને આંશિક ક્રિયારૂપતા. ભાવનિક્ષેપમાં આગમથી = જ્ઞાનની અપેક્ષાએ ''આત્મવાન્'' = નરકાદિમાં પડવાથી રક્ષણ મેળવવાના ઉપાયોમાં ઉપયુક્ત એવા આત્માવાળો, અર્થાત્ નરકાદિમાં પડવાથી રક્ષણ મેળવવાના ઉપાય દ્વારા આત્માને જે જાણે છે તે =આત્મવિત્ = આત્મવેત્તા. આ રીતે 'જ્ઞાનવાન્' વગેરે ચાર પદની જ્ઞાનવિત્ વગેરે ચાર અર્થમાં પણ વ્યાખ્યા સમજી લેવી. આવું કહેવાથી ''અભિસમન્વાગતવિષયવાળા તે મુનિ આત્મવિત્, જ્ઞાનવિત્ વેદવિત્, ધર્મવિત્ અને બ્રહ્મવિત્ છે''- આ પ્રમાણે આચારાંગસૂત્રના પાઠાન્તરની પણ વ્યાખ્યા થઈ ગઈ- એમ જાણી લેવું. આત્મવિત્, જ્ઞાનવિત્ વગેરે શબ્દો પણ ભાવનિક્ષેપમાં આગમની = જ્ઞાનની અપેક્ષાએ આત્મવાન્ જ્ઞાનવાન્ વગેરે અમે બતાવેલ અર્થમાં ફલિત થાય છે. આ પ્રમાણે નિક્ષેપના રહસ્યોને જાણનાર વ્યક્તિએ વિભાવન કરવું. અથવા તો આત્મવાન = આત્મમય, જ્ઞાનવાન = જ્ઞાનમય, વેદવાન = વેદમય = આગમમય, ધર્મવાન = ધર્મમય, બ્રહ્મવાન = બ્રહ્મમય આ રીતે પણ વ્યાખ્યા કરવી, કારણ કે અભિસમન્વાગત વિષયવાળા મુનિ તન્મય = આત્મમય, જ્ઞાનમય વગેરે સ્વરૂપ બને છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> સ્વરૂપની વિચારણાથી જે મુનિને આ વિષયો અભિસમન્વાગત થયા છે તે મુનિ આત્મવાન્ = આત્મમય, જ્ઞાનવાન = જ્ઞાનમય, વેદમય, ધર્મમય અને બ્રહ્મમય છે. <—પ્રસ્તુત અભિસમન્વાગત વિષયવાળા જ મુનિ ધીર વગેરે શબ્દથી પણ કહેવાય છે. <u>અધ્યાત્મતત્ત્વાલોક</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> તે જ ધીર છે, તે જ બળવાન છે, તે જ વિદ્વાન છે અને તે જ મહાત્મા છે કે જેણે મનને જીતવા દ્વારા સર્વ ઈન્દ્રિયો ઉપર પોતાની સત્તા વિસ્તારેલી છે. <— <u>(૨/૮)</u>

યોગારમ્ભક અને યોગસિદ્ધ - આવા બે યોગીની વચ્ચે રહેલા ભેદને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>શ્લોકાર્થ</u> :- સાધનાની પ્રાથમિક અવસ્થામાં સાધક ઈન્દ્રિયના વિષયોને અનિષ્ટપણાની બુદ્ધિએ છોડે. યોગસિદ્ધ પુરૂષ તો વિષયોનો ત્યાગ પણ ન કરે અને સ્વીકાર પણ ન કરે, પરંતુ તેના યથાર્થ સ્વરૂપે તેને જુએ.<u>(૨/૯)</u>

## ❖ સાધનાની પ્રાથમિક દશામાં વિષયો છોડવા પડે ❖

**साधकः** = योगरम्भकः **पूर्वं** = प्राथमिकयोगप्रवृत्तिदशायां **विषयान्** शब्दादीन् —> एकैकविषयासङ्गाद्रागद्वेषातुरा विनष्टास्ते । किं पुनरनियमितात्मा जीवः पञ्चेन्द्रियवशार्तः ॥४७॥ <— इति **प्रशमरति**प्रभृतिवचनविभावनेन **अनिष्टत्वधिया** = बलवदनिष्टानुबन्धित्वबुद्ध्या **त्यजेत्** = परिहरेत् । योगारम्भदशामपेक्ष्य **महोपनिषदि** —> धनदारेषु वृद्धेषु दुःखं युक्तं, न तुष्टता । वृद्धायां मोहमायायां कः समाश्वासवानिह ॥ <— (५/१६८) इत्युक्तम् । विषयाणां हेयत्वभासस्तु तत्त्वदृष्टेः फलम् । तदुक्तं **ज्ञानसारे** —> बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी । तत्त्वदृष्टेस्तु सा साक्षाद् विण्मूत्रपिठरोदरी ॥ लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृक् । तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥ <— (१९/४-५) इति ।

इत्थञ्च बाह्यविषयपरित्यागोत्तरं —> सङ्कल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः । मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ शनैः शनैरुपरमेद् बुद्ध्या धृतिगृहीतया । आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥ <— (६/२४-२५) इति **भगवद्गीतो**क्तरीत्या क्रमेण योगसिद्धत्वेन सञ्जातः = **सिद्धः सन् विषयान् न त्यजेत् न च गृह्णीयात्** किन्तु **स** = योगसिद्धः **तत्त्वतः** = परमार्थतः **विन्द्यात्** = इष्टानिष्टविषयान् समत्वेन पश्येत् । इत्थमेव तत्त्वप्रकाशसम्भवः । तदुक्तं **योगशास्त्रे श्रीहेमचन्द्रसूरिभिः** —> गृह्णन्तु ग्राह्याणि स्वानि स्वानीन्द्रियाणि नो रुन्ध्यात् । न खलु प्रवर्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥

---

**<u>ટીકાર્થ</u>** :- યોગનો પ્રારંભ કરનાર સાધક યોગની પ્રાથમિક પ્રવૃત્તિની અવસ્થામાં —> એક એક વિષયની આસક્તિથી રાગ-દ્વેષથી આતુર થયેલા હાથી, માછલી, ભ્રમર, પતંગિયું અને હરણ વગેરે વિનાશ પામ્યા. તો પછી જેણે પોતાની જાત ઉપર અંકુશ નથી મેળવેલો તેવો, પાંચે ઈન્દ્રિયથી પીડિત થયેલો જીવ કઈ અવસ્થા પામશે ? <— આ પ્રમાણે <u>પ્રશમરતિ</u> વગેરે ગ્રંથોને વિચારી 'શબ્દાદિ વિષયો બળવાન અનિષ્ટને લાવનારા છે.' - આવી બુદ્ધિથી શબ્દાદિ વિષયોને છોડે. યોગની પ્રારંભિક અવસ્થાની અપેક્ષાએ <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> ધન, પત્ની વગેરે વધે તેમ દુઃખ થાય તે વ્યાજબી છે, નહિ કે આનંદ થાય તે. વધતી એવી મોહમાયામાં અહીં કોણ વિશ્વાસ કરે ? <—વિષયોમાં હેયપણાનું ભાન તે તત્ત્વદષ્ટિનું ફળ છે. <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં જણાવેલ છે કે —> બાહ્ય દૃષ્ટિથી સુંદર યુવતી અમૃતના અર્કથી ઘડેલી લાગે છે. પરંતુ તત્ત્વદષ્ટિથી તો તે સાક્ષાત્ મળ-મૂત્રથી ભરેલ માટીના ઠીકરા સમાન ઉદરવાળી છે. બાહ્યદષ્ટિવાળો જીવ યુવતીના શરીરને લાવણ્યની લહેરથી પાવન થયેલું જુએ છે અને તત્ત્વદષ્ટિવાળો તેને કૃમિના ઢગલાથી ભરેલ હોવાથી કૂતરા અને કાગડાના ભક્ષ્ય રૂપે જુએ છે. <—

## ❀ સાધનાની પરિપકવદશામાં વિષયો છુટી જાય ❀

આ રીતે બાહ્ય વિષયોના ત્યાગ પછી —> સંકલ્પોથી ઉત્પન્ન થયેલી સર્વ કામનાઓને સંપૂર્ણપણે ત્યજી, મન વડે જ ઈન્દ્રિયોના સમૂહને સર્વ તરફથી, ધીરજથી વશ કરેલી બુદ્ધિ વડે ધીમે ધીમે વિષયોથી અટકવું અને મનને આત્મામાં સારી રીતે સ્થિર કરી કંઈ પણ વિચારવું નહિ. <— આમ <u>ભગવદ્ગીતામાં</u> જણાવેલ રીત મુજબ ક્રમે કરીને યોગસિદ્ધ બનેલા યોગી વિષયોનો ત્યાગ પણ ન કરે અને વિષયોને ગ્રહણ પણ ન કરે. પરંતુ તે યોગસિદ્ધ પુરૂષ પરમાર્થથી ઈષ્ટ-અનિષ્ટ વિષયોને સમાન રૂપે જુએ છે. આ રીતે જ તત્ત્વપ્રકાશ સંભવી શકે. <u>યોગશાસ્ત્ર</u>માં <u>શ્રીહેમચંદ્રસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે —> ઈન્દ્રિયો ભલે પોતપોતાના વિષયોને ગ્રહણ કરે. પરંતુ સાધક ઈન્દ્રિયોને અટકાવે નહિ કે પ્રવર્તાવે નહિ. આ રીતે તત્ત્વ જલ્દીથી પ્રકાશિત થાય

(१२/२६) औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितः सततमात्मा । भावितपरमानन्दः क्वचिदपि न मनो *नियोजयति ॥ (१२/३३) करणानि नाधितिष्ठन्त्युपेक्षितं चित्तमात्मना जातु । ग्राह्ये ततो निजनिजे* करणान्यपि न प्रवर्तन्ते ॥ (१२/३४) नात्मा प्रेरयति मनो न मनः प्रेरयति यर्हि करणानि । उभयभ्रष्टं तर्हि स्वयमेव विनाशमाप्नोति॥ (१२/३५) नष्टे मनसि समन्तात् सकले विलयं च सर्वतो याते । निष्कलमुदेति तत्त्वं निर्वातस्थायिदीप इव ॥ <— (१२/३६) इति ।

एवमेव साक्षिभावलाभसम्भवः । तदुक्तं **ज्ञानसारे** —> स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः । कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥ <—(२/३) इति । **बृहत्संन्यासोपनिषदि** अपि योगसिद्धमुद्दिश्य —> न मे भोगस्थितौ वाञ्छा, न मे भोगविसर्जने । यदायातु तदायातु यत्प्रयाति प्रयातु तत्॥<-(१/५१) इत्युक्तम् । भोगपदेनात्र प्रायः शरीरनिर्वाहकान्न-पान-वस्त्र-पात्रादिपरिभोगो ग्राह्यः, स्त्र्यादिभोगस्य तु दूरोत्सारितत्वमेव । **महोपनिषदि** अपि —> न त्यजन्ति न वाञ्छन्ति व्यवहारं जगद्गतम् । सर्वमेवानुवर्तन्ते पारावारविदो जनाः ॥ <— (५/१७७) इत्येवं योगसिद्धावस्था प्रदर्शिता । तदुक्तं **भगवद्गीतायामपि** —> यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः । आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥ (३/१७) नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् । पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन्नश्नन् गच्छन् स्वपन् श्वसन् ॥ (५/८) न प्रहृष्येत् प्रियं प्राप्य नोद्विजेत् प्राप्य चाऽप्रियम् । स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि

---

**છે. વિષયો પ્રત્યે ઉદાસીનભાવમાં સતત નિમગ્ન થયેલ, પ્રયત્નોથી શૂન્ય અને પરમાનંદથી ભાવિત થયેલો આત્મા મનને ક્યાંય પણ જોડતો નથી. આત્માથી ઉપેક્ષિત થયેલ મન ઉપર ક્યારેય પણ ઈન્દ્રિયો કબ્જો જમાવતી નથી. તેથી પોતપોતાના વિષયોમાં ઈન્દ્રિયો પણ પ્રવૃત્ત થતી નથી. આત્મા મનને પ્રેરણા નથી કરતો અને મન ઈન્દ્રિયોને પ્રેરણા કરતું નથી. - આવું જો થાય તો ઉભયથી ભ્રષ્ટ થયેલું ચિત્ત સ્વયં જ વિનાશ પામે છે. સંપૂર્ણ મન આ રીતે ચારેબાજુથી નષ્ટ થાય અને સર્વ વિષયોથી વિરામ પામે ત્યારે પવનશૂન્ય સ્થાનમાં રહેલ દીપક જેવું, નિષ્કલંક આત્મતત્ત્વ પ્રકાશિત થાય છે. <—**

**આ રીતે જ સાક્ષીભાવની પ્રાપ્તિ સંભવી શકે. જ્ઞાનસાર પ્રકરણમાં ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે - —> પોતાના સ્વાભાવિક સુખમાં મગ્ન થયેલ અને જગતના તત્ત્વનું અવલોકન કરતા એવા મુનિને આત્મભિન્ન પદાર્થોનું કર્તૃત્વ હોતું નથી. કેવલ સાક્ષીભાવ - જ્ઞાયકભાવ રહે છે. <— બૃહત્સંન્યાસ ઉપનિષદ્‌માં પણ યોગસિદ્ધ પુરૂષને ઉદ્દેશીને જણાવેલ છે કે —> મને ભોગો રહે તેમાં પણ કોઈ ઈચ્છા નથી અને ભોગના વિસર્જનમાં પણ મને કોઈ વાંછા નથી. જે આવવું હોય તે આવો અને જે જવું હોય તે જાઓ. <— પ્રસ્તુતમાં 'ભોગ' પદથી પ્રાયઃ શરીરનિર્વાહક અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર વગેરેનો ઉપયોગ સમજવો. સ્ત્રી વગેરેની સાથેના ભોગસુખ તો તેવા યોગીઓથી દૂર જ હોય છે. મહોપનિષદ્‌માં પણ —> બ્રહ્મવેત્તા યોગી પુરૂષો જગત્‌સંબંધી વ્યવહારને છોડતા નથી કે ઈચ્છતા પણ નથી. તેઓ કેવલ બધા જ વ્યવહારને સાક્ષીભાવથી અનુસરે છે. <— આ પ્રમાણે યોગસિદ્ધ અવસ્થા બતાવેલ છે. ભગવદ્‌ગીતામાં પણ જણાવેલ છે કે —> જે મનુષ્ય આત્મામાં પ્રીતિવાળો હોય, આત્મામાં જ તૃપ્ત હોય તથા આત્મામાં જ સંતુષ્ટ હોય તેને કાંઈ કરવાનું રહેતું નથી. યોગયુક્ત તત્ત્વજ્ઞાની જુએ, સાંભળે, સ્પર્શ કરે, સૂંઘે, ખાય, ચાલે, ઊંઘે, શ્વાસ લે તો પણ 'હું કાંઈ જ કરતો નથી' એવું માને. સ્થિર બુદ્ધિવાળો, અસંમૂઢ અને બ્રહ્મમાં રહેલો બ્રહ્મજ્ઞાની પ્રિય વસ્તુને પામીને**

स्थितः ॥ (५/२०) ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ← (१८/५४) इति । अयमेव स्थितप्रज्ञोऽप्युच्यते । तदुक्तं **भगवद्गीतायां** → दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः । वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ← (२/५६) इति । माध्यस्थ्यसूचकवासीचन्दनन्यायेनायं भव-भवविगमयोरपि समचित्त एव । तदुक्तं **योगशतके श्रीहरिभद्रसूरिभिः** → वासीचंदणकप्पो समसुहदुक्खो मुणी समक्खाओ। भव-मोक्खाऽपडिबद्धो अओ य पाएण सत्थेसु ॥२०॥ ← इति । → मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः ← ( ) इत्यपि साक्ष्यत्र ॥२/९॥

पुनस्तयोर्भेदमावेदयति → 'योगे'ति ।

**योगारम्भदशास्थस्य, दुःखमन्तर्बहिः सुखम् ।**
**सुखमन्तर्बहिर्दुःखं, सिद्धयोगस्य तु ध्रुवम् ॥१०॥**

**योगारम्भदशास्थस्य** = आरब्धयोगस्य **अन्तः** = आत्मनि **दुःखं** = दुःखानुभवः, अन्तःपिहितज्ञानत्वात् । **बहिः** सुखशून्य-देह-भोजन-वस्त्र-वसत्यादौ यद्वा प्राथमिकयोगप्रवृत्तिलब्धसुस्वप्न-जनप्रियत्वादौ **सुखं** = सुखसंवेदनं, यथावस्थिततत्स्वरूपानवगमात्, आत्मदर्शनविरहाच्च ।

**सिद्धयोगस्य** = निष्पन्नज्ञानयोगस्य **तु** = पुनः **ध्रुवं** = निश्चितं **अन्तः** = आत्मनि **सुखं** =

---

ખુશ ન થાય અને અપ્રિયને પામી ઉદ્વિગ્ન ન થાય. બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો પ્રસન્ન ચિત્તવાળો આત્મા કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી. ← આ જ યોગી સ્થિતપ્રજ્ઞ પણ કહેવાય છે. <u>ભગવદ્ગીતા</u>માં પણ જણાવેલ છે કે → દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળા, સુખોમાં નિસ્પૃહ થયેલ અને જેના રાગ, ભય, ક્રોધ દૂર થયા હોય તે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ← વાસીચંદનન્યાય માધ્યસ્થ્યભાવનો સૂચક છે. વાસી = કુઠાર. મુનિને કોઈ કુઠારથી કાપે કે ચંદનથી વિલેપન કરે પરંતુ મુનિને તે બન્ને ઉપર સમભાવ-મધ્યસ્થભાવ હોય છે. આ વાસીચંદનન્યાયથી પ્રસ્તુત યોગસિદ્ધ પુરૂષ સંસાર અને મોક્ષમાં સમાન ચિત્તવાળો જ હોય છે. <u>**યોગશતક**</u> ગ્રંથમાં <u>**શ્રીહરિભદ્રસૂરિ**</u> મહારાજે જણાવેલ છે કે → જેને સુખ અને દુઃખ સમાન છે એવા મુનિ વાસીચંદનતુલ્ય = મધ્યસ્થ કહેવાયેલા છે. તેથી જ પ્રાયઃ તેને સંસાર અને મોક્ષમાં કોઈ પ્રતિબંધ હોતો નથી - એવું શાસ્ત્રોમાં જણાવેલ છે. ← "શ્રેષ્ઠ મુનિ મોક્ષમાં અને સંસારમાં સર્વત્ર નિસ્પૃહ હોય છે." આ વચન પણ પ્રસ્તુત વાતની સાક્ષી પૂરે છે. <u>(૨/૯)</u>

યોગારંભક અને સિદ્ધયોગીના ભેદને ગ્રંથકારશ્રી ફરીથી સ્પષ્ટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- યોગની પ્રાથમિક ભૂમિકામાં રહેલા સાધકને અંદર દુઃખ હોય છે અને બહાર સુખ હોય છે. જેણે યોગને સિદ્ધ કરેલ છે તેવા યોગીને તો નિયમા અંદર સુખ હોય છે, બહાર દુઃખ હોય છે. <u>**(૨/૧૦)**</u>

## ❀ અંદર દુઃખ, બહાર સુખ - બહાર દુઃખ, અંદર સુખ ❀

<u>**ટીકાર્થ**</u> :- જેણે યોગનો પ્રારંભ કરેલ છે તેવા પ્રાથમિક યોગીને આત્મામાં દુઃખનો અનુભવ થાય છે, કારણ કે તેનું જ્ઞાન અંદરથી ઢંકાયેલું છે. તેમ જ સુખરહિત દેહ, ભોજન, વસ્ત્ર, વસતિ - મકાન વગેરે બાહ્ય પદાર્થમાં કે પ્રાથમિક યોગની પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલ સુસ્વપ્ન, જનપ્રિયત્વ વગેરે પદાર્થમાં સુખનું સંવેદન થાય છે, કારણ કે તેને તે બધા પદાર્થોનો યથાવસ્થિત બોધ નથી અને આત્માના આનંદનો અનુભવ નથી.

જેણે જ્ઞાનયોગને સિદ્ધ કરેલ છે તેવા યોગી પુરૂષને તો ચોક્કસ આત્મામાં જ સુખનું સંવેદન છે, કારણ કે તેની આત્માની જ્યોતિ સ્ફુરાયમાન થયેલી છે. વાસ્તવમાં સુખના અજનક એવા દેહ, ભોજન વગેરેમાં અથવા તો યોગની પ્રવૃત્તિથી પ્રાપ્ત થનાર બાહ્ય લાભમાં યોગસિદ્ધ પુરૂષને સુખનું સંવેદન હોતું નથી, કારણ કે તે બધા

सुखसंवेदनं, अन्तर्ज्योतिःस्फुरणात्। **बहिः** = सुखाऽकारणे देह-भोजनादौ यद्वा योगप्रवृत्तिलब्धबाह्यलाभे **दुःखं** = सुखसंवेदनविरहः, यथावस्थिततत्त्वभावावगमात्, आत्मसाक्षात्कारोदयाच्च। न हि तद्वत्त्वावगाहिबोधं प्रति तदभाववत्तावगाह्यपरोक्षानुभवस्य प्रतिबन्धकत्वे केषामपि विप्रतिपत्तिः। **योगशास्त्रे**ऽपि —> अन्तःपिहितज्योतिः सन्तुष्यत्यात्मनोऽन्यतो मूढः। तुष्यत्यात्मन्येव हि बहिर्निवृत्तभ्रमो ज्ञानी ॥ <— (१२/१०) इत्युक्तम्। यद्वा **बहिः** = देहेन्द्रियादौ **दुःखं** = परिषहोपसर्गेषु असातोदयः। सत्यपि बहिर्दुःखेऽसातोदयलक्षणे **अन्तः सुखं** = तत्त्वज्ञानसंवेदनप्रयुक्तप्रशमसुखसन्तानं एवेत्युक्तं भवति ।

यद्वा **योगरम्भदशास्थस्य** = अभिनवयोगिनः **अन्तः** = अन्तर्मुखतोपाये स्वाध्याय-तपो-ध्यानादौ **दुःखं** = प्रतिकूलतया वेदनं, **बहिः** = बहिर्मुखतोपाये प्रमाद-हास्य-विकथादौ **सुखं** = अनुकूलतया वेदनम्। **सिद्धयोगस्य** = समाधिनिष्ठस्य **अन्तः** = परमात्मावस्थाऽऽक्षेपकान्तर्मुखतोपाये देहात्मभेदसंवेदन-ध्यान-समाधि-निर्विकल्पकोपयोगादौ **सुखं** = अनुकूलतया वेदनं, **बहिः** = ध्यानसमाध्यादिलब्धलब्ध्यादीनामुपयोगे **दुःखं** = प्रतिकूलतया वेदनम्। तदुक्तं **ज्ञानार्णवे शुभचन्द्रेणापि** —> अन्तर्दुःखं बहिःसौख्यं योगाभ्यासोद्यतात्मनाम्। सुप्रतिष्ठितयोगानां विपर्यस्तमिदं पुनः ॥ <— (३२/६५) इति। अयमेवात्मज्ञानी सिद्धयोगः परैः 'ब्रह्मभूत' उच्यते। तदुक्तं **भगवद्गीतायां** —> योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः। स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽभिगच्छति ॥ (५/२४)

---

ભૌતિક પદાર્થોના સ્વભાવનો તેમને વાસ્તવિક બોધ હોય છે, તથા તેમને આત્મસાક્ષાત્કારનો અનુભવ છે. સુખવત્તાઅવગાહી બોધ પ્રત્યે સુખાભાવવત્તાઅવગાહી બોધ અનુભવ એ પ્રતિબંધક છે - આ બાબતમાં કોઈને પણ વિવાદ નથી. સિદ્ધયોગીને જે સુખની આત્મામાં પ્રતીતિ થયેલી છે તેના અભાવનું પ્રત્યક્ષ બાહ્ય પદાર્થોમાં થાય છે. તેથી તેમાં તેને સુખની બુદ્ધિ ન થઈ શકે. પારમાર્થિક સુખનો આસ્વાદ કરનાર આભાસિક મજાને - મિથ્યા સુખને - આભિમાનિક આનંદને - ઔપાધિક સુખને તો પારમાર્થિક - નિરૂપાધિક સુખરૂપે કઈ રીતે સ્વીકારી શકે ? અર્થાત્ ન જ સ્વીકારે. <u>યોગશાસ્ત્ર</u>માં પણ કલિકાલસર્વજ્ઞ ભગવંતે જણાવેલ છે કે —> આત્મજ્યોતિ ઢંકાયેલી હોવાના કારણે મૂઢ જીવ આત્મભિન્ન એવા જડ પદાર્થથી સંતુષ્ટ થાય છે. જ્યારે આત્મસાક્ષાત્કાર થવાને કારણે બહારનો ભ્રમ નિવૃત્ત થવાથી જ્ઞાનયોગી આત્મામાં જ સંતુષ્ટ થાય છે. <— અથવા એમ પણ કહી શકાય કે બાહ્ય દેહ, ઈન્દ્રિય વગેરે પરિષહ, ઉપસર્ગમાં અસાતાના ઉદયથી ઘેરાયેલ હોય તો પણ સિદ્ધયોગીનું મન તો તત્ત્વજ્ઞાનના સંવેદનના લીધે પ્રશમસુખના ઢગલામાં મસ્ત જ હોય છે.

यद्वा०। અથવા તો એમ પણ કહી શકાય કે અભિનવ યોગીને અંતર્મુખતાના ઉપાયભૂત સ્વાધ્યાય, તપ, ધ્યાન વગેરેનું પ્રતિકૂલરૂપે વેદન થાય છે જ્યારે બહિર્મુખતાના ઉપાયભૂત પ્રમાદ, હાસ્ય, વિકથા વગેરેનું અનુકૂલ રૂપે વેદન થાય છે. પરંતુ સમાધિનિષ્ઠ યોગીને તો પરમાત્મદશાને ખેંચી લાવનારી અન્તર્મુખતાનું ઉપાયભૂત "દેહથી આત્મા ભિન્ન છે." એવું સંવેદન, "પરમાત્માથી આત્મા અભિન્ન છે." એવું સંવેદન, ધ્યાન, સમાધિ અને નિર્વિકલ્પક ઉપયોગ વગેરેનું અનુકૂળ રૂપે સંવેદન થાય છે. તથા ધ્યાન, સમાધિ વગેરેથી પ્રાપ્ત થયેલ લબ્ધિ વગેરેનો ઉપયોગ કરવામાં પ્રતિકૂલ વેદન થાય છે. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચંદ્રજી</u>એ પણ જણાવેલ છે કે —> યોગના અભ્યાસમાં ઉદ્યમ કરનારા પ્રાથમિક યોગીઓને અંદરમાં દુઃખ અને બહારમાં સુખ હોય તથા યોગસિદ્ધ પુરૂષને આનાથી વિપરીત હોય. અર્થાત્ બહારમાં દુઃખ હોય અને અંદરમાં સુખ હોય.<— આવા જ ઉત્તમ સમાધિનિષ્ઠ સિદ્ધયોગી આત્મજ્ઞાનીને અન્યદર્શનકારો બ્રહ્મસ્વરૂપ કહે છે. <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> જે યોગીને અંતરાત્મામાં સુખ, વિશ્રાંતિ અને પ્રકાશનો અનુભવ છે તે યોગી બ્રહ્મસ્વરૂપ

योगारम्भकलक्षणं तु **शार्ङ्गधरपद्धतौ** —> अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्र-पुरीषमल्पम्। कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ॥ मैत्र्यादियुक्तं विषयेषु चेतः प्रभाववद्धैर्यसमन्वितञ्च । द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो जनप्रियत्वञ्च तथा परं स्यात् ॥ <—( ) इत्युक्तम् । **स्कन्दपुराणे**ऽपि —> अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्र-पुरीषयोश्च । कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ॥ <— (माहेश्वरखण्ड-कुमारिकाखण्ड-५५/१३८) इत्युक्तम् । **श्वेताश्वतरोपनिषदि** अपि —> लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णप्रसादः स्वरसौष्ठवञ्च । गन्धः शुभो मूत्रपुरीषमल्पं योगप्रवृत्तिं प्रथमां वदन्ति ॥ <— (२/१३) इत्युक्तम् । सिद्धयोगलक्षणं तु —> दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी । वैरादिनाशोऽथ ऋतंभरा धीः निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥ <— ( ) इत्यवसेयम्। **षोडशके** च —> एतद्रहितं तु तथा तत्त्वाभ्यासात्परार्थकार्येव । सद्बोधमात्रमेव हि चित्तं निष्पन्नयोगानाम् ॥ <—(१३/१२) इत्येवमुक्तम् । 'एतद्रहितं' = निर्विकल्पसंस्कारेण मैत्र्यादिभावनानाशात् मैत्र्यादिरहितम् ।

यद्वा **योगारम्भदशास्थस्य** = व्यवहारतो योगमार्गावतीर्णस्य **अन्तः** = सदनुष्ठानत्वसम्पादकोपयोगे **दुःखं** = अंशतःकष्टानुभवो, **बहिः** = केवलबाह्यधर्मानुष्ठाने **सुखं** = सुखानुभवः, औदयिकभावप्राधान्येन

---

**થાય છે અને મોક્ષને મેળવે છે. <—**

## ❀ યોગારમ્ભક અને યોગસિદ્ધ પુરૂષને ઓળખીએ ❀

**યોગા૰ । (૧) યોગારમ્ભક પુરૂષનું લક્ષણ <u>શાર્ઙ્ગધરપદ્ધતિ, સ્કન્દપુરાણ</u> અને <u>શ્વેતાશ્વતરોપનિષદ્</u> ગ્રંથમાં આ પ્રમાણે જણાવેલ છે કે —> રસલોલુપતાનો અભાવ, આરોગ્ય, અનિષ્ઠુરતા, શરીરમાં સુગંધ, મળમૂત્રની અલ્પતા, અને સુગંધિતા, કાન્તિ, પ્રસન્નતા, સૌમ્ય સ્વર, વિષયોમાં ધૈર્યવાળું પ્રભાવયુક્ત અને મૈત્રી આદિ ભાવનાથી સમ્પન્ન એવું મન, રતિ-અરતિ વગેરે દ્વંદ્વોથી પરાભવ ન પામવો, મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ થવી તથા ઉત્કૃષ્ટ જનપ્રિયત્વ, લઘુતા, શરીરનો આહ્લાદક વર્ણ વગેરે યોગની પ્રાથમિક પ્રવૃત્તિના લક્ષણો છે. અર્થાત્ યોગની પ્રવૃત્તિના પ્રાથમિક ચિહ્નો છે. (૨) યોગસિદ્ધ પુરૂષના લક્ષણ આ મુજબ જાણવા - દોષનો અભાવ, (આત્માનુભવજન્ય) પરમ તૃપ્તિ, બળવાન સમતા, પોતાના સાન્નિધ્યથી વૈરીઓના વેરનો નાશ, ઋતંભરા પ્રજ્ઞા વગેરે. <— <u>ષોડશક</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> નિર્વિકલ્પક જ્ઞાનના સંસ્કારથી મૈત્રી વગેરે ભાવનાનો નાશ થવાથી નિષ્પન્ન યોગીનું ચિત્ત (૧) મૈત્રી આદિથી રહિત હોય છે. (૨) તત્ત્વઅભ્યાસથી પરાર્થકારી હોય છે તેમ જ (૩) નિર્મળ જ્ઞાનમય જ હોય છે. <—**

**યદ્વા૰ । અથવા તો એમ કહી શકાય કે વ્યવહારથી યોગમાર્ગમાં પ્રવેશ પામેલ જીવને પ્રતિક્રમણ, પડિલેહણ, પ્રમાર્જન વગેરે અનુષ્ઠાનોમાં સદ્અનુષ્ઠાનપણાનું સંપાદન કરનાર ઉપયોગ- વિશુદ્ધ પરિણામ - અર્થવિચાર- લક્ષ્યશુદ્ધિમાં અંશતઃ કષ્ટનો અનુભવ થાય છે અને કેવળ બાહ્ય ધર્માનુષ્ઠાનમાં સુખનો અનુભવ થાય છે. જેમ કે તેને પ્રતિક્રમણ કરવામાં આનંદ આવે, પરંતુ પ્રતિક્રમણના પ્રત્યેક સૂત્રના અર્થના ઉપયોગમાં કંટાળો આવે. તે પડિલેહણ ક્રિયા હોંશથી કરે પરંતુ તેમાં જીવદયાના પરિણામ પ્રત્યે દુર્લક્ષ સેવે. ગાથા ઉલ્લાસથી ગોખે, પરંતુ તેના અર્થને વિચારવામાં ઉપેક્ષા કરે અને ગાથા ગોખવાની પાછળ કર્મનિર્જરાનું લક્ષ્ય રાખવામાં બેદરકાર બને. ઔદયિક ભાવનું આધિપત્ય હોવાથી તત્ત્વદૃષ્ટિ ન મળવાના કારણે વ્યવહારથી યોગમાર્ગમાં આવેલા સાધકની**

तत्त्वदृष्ट्यनुदयात् । **सिद्धयोगस्य** = निष्पन्नाविरतसम्यग्दर्शनस्य निर्मलसम्यग्दर्शनबलेन **अन्तः** = आत्मनि **सुखं** = सुखनिश्चयः । 'आत्मन्येव सुखमस्ती'ति निश्चयात्मकं सम्यग्दर्शनलक्षणभूतमास्तिक्यं निश्चयत इत्थमेव सङ्गच्छते । **बहिः** = दारादौ बाह्यपदार्थे **दुःखं** = दुःखसंवेदनं, बलवदनिष्टानुबन्धित्वनिश्चयात् । इत्थमेव तप्तलोहपदन्यासतुल्या भोगप्रवृत्तिः सम्यग्दृष्टेः सङ्गच्छते ।

यद्वा **अन्तः** = परिणामतो **दुःखं** = दुःखौघजनकं विषयादिकं **बहिः** = अर्वाक् **सुखं** = सुखत्वेन प्रतिभासते । इदञ्च परैः राजसं सुखमिष्यते । तदुक्तं **भगवद्गीतायां** —> विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् । परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ <— (१८/३८) इति । 'अनाहारित्वाऽमूर्त्तत्व-स्थैर्य-जागृति-स्वरूपरमणतादिस्वभावस्य मम एते भोजन-वस्त्राच्छादन-गमनागमन-निद्रा-परद्रव्यप्रवृत्त्यादयः

---

**આવી દશા સંભવી શકે છે.**

## ❀ તપ્તલોહપદન્યાસ ન્યાયવિચાર ❀

**મોક્ષની સાથે આત્માને જોડી આપે તે યોગ કહેવાય. આ વ્યાખ્યા મુજબ શાસ્ત્રકારો સમ્યગ્દર્શનને પણ યોગ કહે છે. તેથી જેણે સમ્યગ્દર્શનસ્વરૂપ યોગ પ્રાપ્ત કરેલ છે તેવા ચોથા ગુણસ્થાનકે રહેલા અવિરતસમ્યગ્દષ્ટિ જીવને નિર્મળ સમ્યગ્દર્શનના બળથી આત્મામાં સુખનો નિશ્ચય થયેલો છે. આવું માનવાથી જ નિશ્ચય નયને અભિમત "આત્મામાં જ સુખ છે." આવા નિશ્ચય સ્વરૂપ આસ્તિક્યની સંગતિ થશે. આસ્તિક્ય પણ સમ્યગ્દર્શન છે તે ખ્યાલમાં રાખવું. સમકિતી જીવને પત્ની, પરિવાર, પૈસા વગેરેમાં નિર્મળ સમ્યગ્દર્શનના પ્રભાવથી "આ બધા બળવાન અનિષ્ટને લાવનારા છે." "દુર્ગતિમાં ધકેલનારા છે." "આત્મસુખથી વંચિત રાખનારા છે." "ઉત્કૃષ્ટ ધર્મસાધનામાં અંતરાયરૂપ છે." આવો નિશ્ચય થયેલ હોવાથી કંચન, કામિની વગેરેમાં દુઃખનું જ સંવેદન થાય છે. જેમ ફાંસીને માચડે લટકાવવાની દશ મિનિટ પૂર્વે કેદીને ગુલાબજાંબુ ખવડાવવામાં આવે ત્યારે કેદીને ગુલાબ જાંબુની મીઠાશનું ઈન્દ્રિયસ્તરે - દેહસ્તરે ભાન થવા છતાં પણ તેને તેમાં દુઃખનું જ સંવેદન થાય, કારણ કે તેની નજરની સામે "દશ મિનિટ પછી મારે ફાંસીના માચડે લટકવાનું છે." આવું તરવરતું હોય છે. "આ ઝેરી લાડુ છે." એવું જાણનાર સમજદાર માણસને કોઈક પરાણે તે લાડુ ખવડાવે ત્યારે તેને તે લાડુમાં જીભથી મીઠાશનો અનુભવ થવા છતાં પણ દુઃખની જ પ્રતીતિ હોય છે. માટે જ શાસ્ત્રમાં અવિરત સમકિતીની સંસારની સર્વ પ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસતુલ્ય જણાવેલ છે. તપ્તલોહપદન્યાસનું ઉદાહરણ આ રીતે જાણવું. જંગલમાં પોતાની પાછળ પડેલા વાઘથી રક્ષણ મેળવવા દોડી રહેલા માણસના માર્ગમાં સળગતા અંગારાથી ભરેલી લાંબી-પહોળી ખાઈ આવે અને તેમાં વચ્ચે બે ત્રણ લાલચોળ તપેલા લોખંડના ગોળા હોય તે જોઈને ખુલ્લા પગવાળો તે માણસ ખાઈને ઓળંગવા વચ્ચે રહેલ લોખંડના ગોળા ઉપર જેમ કંપારી અને ધ્રૂજારીથી પગ મૂકે તે રીતે સમકિતી કાંપતા હૃદયે સંસારના ભોગસુખ ભોગવે.**

## ❀ સાત્ત્વિક - રાજસ સુખ વિચાર ❀

यद्वा० । **અથવા તો આ શ્લોકની એવી પણ વ્યાખ્યા કરી શકાય કે યોગની પ્રાથમિક કક્ષામાં જે વિષયો અન્તે = પરિણામે ઢગલાબંધ દુઃખને લાવનાર છે તેનું અગ્રતઃ = ઉપરથી = લૌકિક પ્રત્યક્ષથી સુખરૂપે ભાન થાય છે. આ સુખને અન્યદર્શનકારો રાજસ સુખ કહે છે. ભગવદ્ગીતામાં જણાવેલ છે કે —> વિષયો અને ઈંદ્રિયોના સંયોગથી ઉત્પન્ન થયેલું જે સુખ શરૂઆતમાં અમૃત જેવું મીઠું લાગે પરંતુ પરિણામે ઝેર જેવું કાર્ય કરે તેને રાજસ સુખ કહેલું છે. <— યોગસિદ્ધ પુરૂષને —> "મારો અનાહારી સ્વભાવ છે, અને મારે**

कलङ्कभूता' इत्येवं निश्चयात् **बहिः**= अग्रतः = मानसप्रत्यक्षतः धर्मदेहोपष्टम्भकभोजनादौ **दुःखं**= दुःखसंवेदनं **अन्तः** = परिणामतः **सुखं** =सुखाकारि, सुंसुमापित्रा धनेन भुज्यमानं स्वपुत्रीमांसादिकमिव। तदुक्तं **आवश्यकनिर्युक्तिचूर्णौ** —> धणो पुत्ते भणइ - ममं मारित्ता खाह, ताहे वच्चह णयरं । ते नेच्छंति। जेट्ठो भणइ-ममं खायह । एवं जाव डहरओ । ताहे पिया से भणइ-मा अण्णमण्णं मारेमो, एयं चिलायएण ववरोवियं सुंसुमं खामो एवं आहारित्ता पुत्तिमंसं । एवं साहूणवि आहारो पुत्तिमंसोवमो कारणिओ । तेण आहारेण णयरं गया, पुणरवि भोगाणमाभागी जाया । एवं साहूवि णिव्वाणसुहस्स आभागी भवति <— (आ.नि.गा.८७१-पृ.२४७) । **प्रशमरतौ** अपि —> अभ्यवहरेदाहारं पुत्रपलवच्च <— (१३५) इत्यादिना साधोरावश्यकाहारोपभोगकालीन आशयः प्रदर्शितः । एतच्च वस्त्रपरिधानादिप्रवृत्तिकालीनाशयस्यापि सूचकम् । इदञ्च सुखं परेषां सात्त्विकसुखत्वेनेष्टम् । तदुक्तं **भगवद्गीतायां** —> यत्तदग्रे विषमिव परिणामेऽ-

---

ભોજનના ડૂચા ભરવા પડે ! મારો અમૂર્ત-અરૂપી સ્વભાવ અને મારે વસ્ત્ર પહેરવા પડે ! સ્થિરતા મારો સ્વભાવ અને મારે ગમનાગમન કરવું પડે ! જાગૃતિ મારો સ્વભાવ અને છતાં મારે નિદ્રાધીન થવું પડે ! આત્મરમણતા મારો સ્વભાવ અને મારે પરદ્રવ્યમાં પ્રવૃત્તિ કરવી પડે ! ખરેખર, મારા માટે આ બધું કલંકરૂપ છે.'' <—આવો નિશ્ચય હોવાના કારણે પોતાના ધર્મસાધન એવા શરીરને ટેકો આપનાર ભોજન વગેરે બાહ્ય પ્રવૃત્તિઓમાં માનસિક રીતે દુઃખનું સંવેદન હોય છે, પરંતુ તે પરિણામે સુખાકારી હોય છે. આનું દૃષ્ટાંત છે ચિલાતિપુત્રએ મારી નાંખેલ સુંસુમાનું માંસ વગેરે ખાનાર તેના પિતા. <u>આવશ્યકનિર્યુક્તિ</u>ની ચૂર્ણીમાં જણાવેલ છે કે ''જીવતી સુંસુમાને આગળ લઈ જવા અસમર્થ એવો ચિલાતિપુત્ર જ્યારે સુંસુમાનું મસ્તક ધડથી જુદું કરી માત્ર તેણીનું મસ્તક લઈને આગળ ચાલી ગયો ત્યારે અત્યંત ક્ષુધાતુર થયેલા એવા સુંસુમાના પિતા અને ભાઈઓ ભૂખ્યા પેટે ફરીથી નગરમાં જવાને અસમર્થ હતા. જો કશું પણ ખાવાનું ન મળે તો તેઓ ત્યાં જ મૃત્યુ પામે તેવી શક્યતા હતી. તે સમયે સુંસુમાના પિતા ધન શેઠ પોતાના દીકરાને કહે છે કે ''મને મારીને ખાઓ અને પછી તમે ગામમાં જાઓ.'' પરંતુ દીકરાઓ તેવું કરવા તૈયાર થતા નથી. મોટો દિકરો કહે છે ''તમે મને ખાઓ.'' આ રીતે બધા જ દીકરાઓ એકબીજાને બચાવવા માટે કહે છે કે ''મને ખાઓ, અને તમે ગામ જાઓ.'' તે વખતે પિતા કહે છે કે આપણે એકબીજાને મારીને ખાવાને બદલે ચિલાતિપુત્રએ મારેલ આ સુંસુમાના મૃતદેહને ખાઈ અને નગરમાં જઈએ. અત્યંત શોકમગ્ન ભારેખમ હૃદયે તેઓએ સુંસુમાનું માંસ ખાધું, અને તે આહારથી ભૂખ ભાંગી ગામમાં ગયા અને સુખનું ભાજન બન્યા. બરાબર આ જ રીતે સાધુઓને પણ આહાર, દીકરીના માંસ જેવો કારણિક છે. અર્થાત્ —> જેમ દિકરીનું માંસ ખાવું પડે તે બાપ માટે કલંક છે તે જ રીતે અનાહારી એવા આત્માને આહારના ડૂચા ભરવા પડે તે કલંક છે. <— આવું દુઃખનું સંવેદન સાધુને આહાર આદિ આવશ્યક બાહ્ય પ્રવૃત્તિમાં હોય. જેમ સુંસુમાના પિતા અને ભાઈઓ સુંસુમાનું માંસ ખાઈ, નગરમાં જઈ, ભોગસુખના ભાજન બન્યા. તેમ સાધુ પણ આહાર વગેરેનો ટેકો લઈ, સાધના કરી, મોક્ષસુખના ભાગી થાય છે.'' <u>પ્રશમરતિ</u> પ્રકરણમાં પણ —> પુત્રના માંસને ખાવાની જેમ સાધુ આહાર કરે <—આવું કહેવા દ્વારા સાધુઓ આવશ્યક આહારનો ઉપભોગ કરે તે સમયે સાધુઓનો કેવો આશય હોય ? તે જણાવેલ છે. આ વાત વસ્ત્રપરિધાન વગેરે પ્રવૃત્તિના અવસરે સાધુઓનો આશય કેવો હોય ? તેનું પણ સૂચન કરે છે. બહારથી દુઃખરૂપે જણાતા પદાર્થ પરિણામે જે સુખને આપે છે તે સુખ અન્યદર્શનકારો સાત્ત્વિક સુખરૂપે માન્ય કરે છે. <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> જે શરૂઆતમાં ઝેર જેવું લાગે પણ

मृतोपमम् । तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ <— (१८/३७) इति । योगरम्भक-सिद्ध-योगयोः योगिनोर्नानाविधावस्थावर्तितया तदीयसुखादिगोचरं नानानिरूपणं नयभेदेनास्माभिः कृतमिति न तत्र व्यामोहः कार्यः पर्युपासितगुरुकुलैः ॥२/१०॥

ज्ञान-सुखयोरभेदमावेदयति —> 'प्रकाशे'ति ।

**प्रकाशशक्त्या यद्रूपमात्मनो ज्ञानमुच्यते ।**
**सुखं स्वरूपविश्रान्तिशक्त्या वाच्यं तदेव तु ॥११॥**

अनन्तशक्तिनिधिरूपस्य **आत्मनो यत् रूपं** = स्वरूपं **प्रकाशशक्त्या** = स्वरूपप्रकाशनसामर्थ्येन **ज्ञानं उच्यते तदेव तु स्वरूपविश्रान्तिशक्त्या** = खेदादिपरिहारेण शुद्धात्मस्वभावमात्रावस्थानसामर्थ्येन **सुखं वाच्यम्** । इत्थञ्च ज्ञान-सुखयोरभेद एव, सुखत्वादेर्ज्ञानरूपतानतिक्रमात्, अन्यथा आह्लादाद्यनुभवो न स्यात् । तद्ग्राहकस्याऽपरस्यानवस्थादिदोषतो निषिद्धत्वात् । स्वावबोध एव विज्ञानेऽव्यभिचरितो धर्मः । स्वावबोधरूपता तु ज्ञानाव्यभिचरिता सुखादावप्यस्ति, अन्यथा तस्यानुभव एव न स्यादिति व्यक्तं **सम्मतितर्कवृत्तौ** (कां. २-गा.१-पृ.५४६) । इदञ्च केवलज्ञानातीन्द्रियसुखापेक्षयाऽवगन्तव्यम् ।

तदुक्तं **कुन्दकुन्दस्वामिनाऽपि प्रवचनसारे** —> जादं सयं समत्तं णाणमणंतत्थवित्थडं विमलं ।

---

પરિણામે અમૃતસમાન હોય તેવું આત્મજ્ઞાનની પ્રસન્નતામાંથી ઉપજેલું સુખ સાત્ત્વિક કહેલું છે. <—યોગારંભક અને સિદ્ધયોગ - આ બે પ્રકારના યોગીઓ અનેક પ્રકારની અવસ્થામાં રહેલા હોવાથી, તેઓના સુખ-દુઃખ સંબંધી અનેક પ્રકારનું નિરૂપણ અમે અલગ અલગ નયની અપેક્ષાએ કરેલું છે. તેથી ગુરુકુલની ઉપાસના કરનાર સાધકે વ્યામોહ ન કરવો. અર્થાત્ ગીતાર્થ ગુરુભગવંતોના કુળમાં રહીને તેઓની સેવા કરવા પૂર્વક ગુરુગમથી શાસ્ત્રાભ્યાસ વગેરે કરનાર સાધકને પ્રસ્તુતમાં તથાવિધ વ્યામોહ થવાનો કોઈ અવકાશ જ નથી. **(૨/૧૦)**

જ્ઞાન અને સુખના અભેદને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- આત્માનું જે સ્વરૂપ પ્રકાશશક્તિની અપેક્ષાએ જ્ઞાન કહેવાય છે. તે જ સ્વરૂપ વિશ્રામશક્તિની (= આત્મરમણતાસામર્થ્યની) અપેક્ષાએ સુખ કહેવાય છે. **(૨/૧૧)**

## ❖ જ્ઞાન અને સુખનો અભેદ ❖

**ટીકાર્થ** :- આત્મા અનંત શક્તિનો નિધાન છે. આત્માનું જે સ્વરૂપ, સ્વરૂપના પ્રકાશનસામર્થ્યની અપેક્ષાએ જ્ઞાન કહેવાય છે તે જ ખેદ આદિ દોષના પરિહારપૂર્વક શુદ્ધ આત્મસ્વભાવ માત્રમાં રહેવાના = રમણતા કરવાના સામર્થ્યથી સુખ કહેવાય છે. આ રીતે જ્ઞાન અને સુખનો અભેદ જ છે, કેમ કે સુખત્વ વગેરે જ્ઞાનરૂપતાને છોડતા નથી. જો સુખ જ્ઞાનરૂપતાનો ત્યાગ કરે તો આહ્લાદ વગેરેનો અનુભવ ન થાય. કારણ કે તેના ગ્રાહક = પ્રકાશક તરીકે જે અન્ય પદાર્થની કલ્પના કરવામાં આવે તેનું પણ જ્ઞાન કરવા માટે બીજા અન્ય પદાર્થની કલ્પના કરવી જરૂરી બને અને આવું કરવામાં આવે તો અનવસ્થા વગેરે દોષ આવે. આના કારણે સુખના ગ્રાહક તરીકે અન્ય જ્ઞાનની કલ્પનાનો નિષેધ કરવામાં આવેલ છે. જ્ઞાનનો અવ્યભિચારી = અવિસંવાદી = અવિનાભાવી ધર્મ સ્વપ્રકાશ = સ્વસંવિદિતત્વ જ છે. અને જ્ઞાનની અવિનાભાવી સ્વપ્રકાશરૂપતા = સ્વસંવિદિતપણું તો સુખ વગેરેમાં પણ રહેલું જ છે, બાકી તેનો અનુભવ જ ન થાય. આ પ્રમાણે સન્મતિતર્ક ગ્રંથની વાદમહાર્ણવ ટીકામાં સ્પષ્ટ જણાવેલ છે. અહીં જણાવેલ જ્ઞાન અને સુખનો અભેદ, કેવલજ્ઞાન અને અતીન્દ્રિય

रहियं तु ओग्गहादिहिं सुहं ति एगंतियं भणियं ।। जं केवलं ति णाणं तं सोक्खं परिणामं च सो चेव ← (१/५९-६०) इति । **अमृतचन्द्रेणापि तत्त्वप्रदीपिकायां** → अनाकुलतां सौख्यलक्षणभूतामात्मनोऽव्यतिरिक्तां बिभ्राणं केवलमेव सौख्यम् । ततः कुतः केवल-सुखयोः व्यतिरेकः ? ← (१/६०-पृ.७१) इति व्याख्यातम् ।

यस्तु **स्याद्वादकल्पलतायां** → सुखादेराह्लादनाकारत्वात् ज्ञानस्य च प्रमेयानुभवस्वभावत्वात् ← (स्त.५-गा.१२) इत्यादिना ज्ञान-सुखयोर्भेदः प्रकृतग्रन्थकृतोपपादितः स तु व्यावहारिकप्रत्यक्षज्ञान-वैषयिकसुखापेक्षया यद्वा मत्यादिज्ञानचतुष्टय-सातोदयजन्यसुखापेक्षया बोध्यः । औदयिकसुखस्य तु ज्ञानभिन्नत्वेऽपि परकीयत्वादौपाधिकत्वादनित्यत्वाच्चात्रोपेक्षणमवगन्तव्यम् । **एतेन** → यदि च सुखादयो ज्ञानात् सर्वथाऽप्यभिन्नाः तर्हि तद्वदेवार्थप्रकाशकत्वमेषामपि स्यात् ← (१/१६/पृ.१७९) इति **स्याद्वादरत्नाकरे श्रीवादिदेवसूर्युक्तमपि व्याख्यातम्**, ज्ञानाद्वैतखण्डनाभिप्रायप्रयुक्तस्य तद्वचसोऽशुद्धज्ञानादिग्राहकव्यवहारनयावलम्बित्वात् । अखण्ड-निरुपाधिक-शुद्धज्ञानादिग्राहकनिश्चयाभिप्रायेण तु ज्ञानसुखयोरभेद एव। उपलक्षणात् ज्ञान-दर्शन-चारित्र-शक्त्यादीनामप्यभेदोऽवगन्तव्यः । तदुक्तं **जयसेनेन तात्पर्यवृत्तौ** →

સુખની અપેક્ષાએ જાણવો. દિગંબરાચાર્ય <u>કુંદકુંદસ્વામી</u>એ પણ <u>પ્રવચનસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે → સ્વયં ઉત્પન્ન થયેલ, વિમલ, અવગ્રહાદિશૂન્ય, અનન્તાર્થવિસ્તૃત એવું જે સંપૂર્ણ જ્ઞાન તે એકાંતે સુખ કહેવાયેલું છે. જે કેવલજ્ઞાન છે તે જ સુખ છે અને તે જ પરિણામ છે. ←<u>અમૃતચંદ્રાચાર્યે</u> પણ પ્રવચનસારની <u>તત્ત્વપ્રદીપિકા</u> વ્યાખ્યામાં → આત્માથી અભિન્ન અને સુખના લક્ષણ સ્વરૂપ અનાકુલતાને ધારણ કરનાર કેવલજ્ઞાન જ સુખ છે. તેથી સુખ અને કેવલજ્ઞાનનો ભેદ કેવી રીતે હોય ? ← આ પ્રમાણે જણાવેલ છે.

## ✧ જ્ઞાન-સુખનો ભેદ ✧

यस्तु० । <u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u> ગ્રંથની <u>સ્યાદ્વાદકલ્પલતા</u> નામની ટીકામાં → સુખ વગેરેનો આહ્લાદન સ્વભાવ છે અને જ્ઞાનનો સ્વભાવ છે પ્રમેયનો પ્રકાશ પાથરવો. ← ઈત્યાદિ કહેવા દ્વારા પ્રસ્તુત ગ્રંથકારે જ્ઞાન અને સુખના ભેદનું જે ઉપપાદન કરેલું છે તે વ્યાવહારિક પ્રત્યક્ષજ્ઞાન અને વૈષયિક સુખની અપેક્ષાએ જાણવું. અથવા તો મતિ વગેરે ચાર જ્ઞાન અને સાતાવેદનીય કર્મના ઉદયથી જન્ય સુખની અપેક્ષાએ જાણવું. અર્થાત્ તેવા જ્ઞાન અને સુખ વચ્ચે ભેદ તેઓને ઈષ્ટ છે, નહિ કે કેવલજ્ઞાન અને નિરૂપાધિક આત્મસુખ વચ્ચેનો ભેદ. ઔદયિક ભાવનું સુખ જ્ઞાનથી ભિન્ન હોવા છતાં આત્મા માટે તે પારકું છે, ઔપાધિક છે અને ક્ષણિક છે. તેથી અધ્યાત્મસંબંધી પ્રસ્તુત પ્રકરણમાં તેની ગ્રંથકારશ્રીએ ઉપેક્ષા કરી છે. આવું કહેવા દ્વારા → જો સુખ વગેરે જ્ઞાનથી એકાંતે અભિન્ન હોય તો જ્ઞાનની જેમ સુખ વગેરે પણ અર્થપ્રકાશક થવાની આપત્તિ આવશે. ← આ પ્રમાણે <u>સ્યાદ્વાદરત્નાકર</u> ગ્રંથમાં શ્રી <u>વાદીદેવસૂરિ</u> મહારાજાએ જે કહ્યું છે તેની પણ વ્યાખ્યા થઈ ગઈ. કેમ કે તેઓશ્રીનું ઉપરોક્ત વચન યોગાચાર સંપ્રદાયના બૌદ્ધ વિદ્વાનોને માન્ય જ્ઞાનાદ્વૈતનું ખંડન કરવાના અભિપ્રાયથી પ્રયોજાયેલું છે. તે વચન અશુદ્ધ = સોપાધિક એવા જ્ઞાનાદિના ગ્રાહક વ્યવહારનયનું અવલંબન કરે છે. અખંડ નિરૂપાધિક શુદ્ધ એવા જ્ઞાનાદિના ગ્રાહક નિશ્ચય નયના અભિપ્રાયથી તો જ્ઞાન અને સુખનો, તેમજ ઉપલક્ષણથી દર્શન, ચારિત્ર, શક્તિ વગેરે સર્વ આત્મધર્મનો અભેદ જ જાણવો. પ્રવચનસાર ગ્રંથની <u>તાત્પર્યવૃત્તિ</u> નામની ટીકામાં <u>જયસેન</u> નામના દિગંબર આચાર્યએ પણ જણાવેલ છે કે → સંજ્ઞા, લક્ષણ,

संज्ञा-लक्षण-प्रयोजनादिभेदेऽपि निश्चयेनाऽभेदरूपेण परिणममाणं केवलज्ञानमेव सुखं भण्यते <— (प्रवचनसारवृत्ति-गा.६०-पृ.७१) । **एतेन** —> इन्द्रियार्थसन्निकर्षो हि चन्दनादिविज्ञानस्य हेतुः, सुखस्य तु तद्विज्ञानं, तदभावेऽपि विज्ञानमात्रादेव स्वप्ने सुखोत्पाददर्शनात् सत्यपि चन्दनानुलेपे हेमन्ते तदनुत्पाददर्शनात् <— (पृ.८४) इति **न्यायकणिकाकृतो वाचस्पतिमिश्रस्य** वचनमपि **समाहितम्**, तस्य सांव्यवहारिकज्ञान-पौद्गलिकसुखभेदप्रदर्शनमात्रपरत्वात् । निश्चयतो ज्ञानादीनामात्माभिन्नत्वात्तेषां मिथोऽभिन्नत्वेऽपि व्यवहारेण भिन्नत्वम् । तदुक्तं **हर्षवर्धनोपाध्यायेन अध्यात्मबिन्दौ** —> पीत-स्निग्ध-गुरुत्वानां यथा स्वर्णान्न भिन्नता। तथा दृग्ज्ञानवृत्तानां निश्चयान्नात्मनो भिदा ॥ (३/१०) व्यवहारेण तु ज्ञानादीनि भिन्नानि चेतनात् । राहोः शिरोवदप्येषोऽभेदे भेदप्रतीतिकृत् ॥ <— (३/११) इति ।

नयान्तराभिप्रायेण तु —> स्वप्रकाशांशे ज्ञानस्य सुखात्मकता, परप्रकाशांशे च ज्ञानस्य सुखभिन्नतेति ज्ञानसुखयोर्भेदाभेदावेव । तथाहि आत्मनः स्वरूपं हि ज्ञानमुच्यते आत्मा च सुखमयः । ततश्च स्वांशं गृह्णत् ज्ञानं स्वाभिन्नं सुखमयमात्मानमपि गृह्णात्येवेति स्वप्रकाशांशे ज्ञानस्य सुखात्मकता सिध्यति । न

પ્રયોજન વગેરેની અપેક્ષાએ ભેદ હોવા છતાં પણ નિશ્ચય નયથી અભેદરૂપે પરિણમતું કેવલજ્ઞાન એ જ સુખ છે. <— આવું કહેવા દ્વારા —> ઈન્દ્રિય અને વિષયનો સંબંધ ચંદન વગેરેના જ્ઞાનનો હેતુ છે અને તેનું જ્ઞાન સુખનો હેતુ છે. ઈન્દ્રિયાર્થસંન્નિકર્ષ સુખનો હેતુ નથી, કારણ કે તેની ગેરહાજરી હોવા છતાં પણ વિજ્ઞાનમાત્રથી જ સ્વપ્નમાં સુખની ઉત્પત્તિ દેખાય છે. તથા શિયાળાની રાત્રે ચંદનનો લેપ કરવામાં આવે ત્યારે ઈન્દ્રિયાર્થસંન્નિકર્ષ હોવા છતાં પણ સુખની ઉત્પત્તિનો અભાવ અનુભવાય છે. <— આ પ્રમાણે <u>ન્યાયકણિકા</u> ગ્રંથમાં <u>વાચસ્પતિ</u> <u>મિશ્ર</u>એ જે કહ્યું છે તેનું પણ સમાધાન થઈ જાય છે. કારણ કે તે વચનનું તાત્પર્ય સાંવ્યવહારિક જ્ઞાન અને પૌદ્ગલિક સુખના ભેદનું પ્રદર્શન કરવાનું છે. છાદ્મસ્થિક જ્ઞાન અને શારીરિક સુખ વચ્ચેનો ભેદ તો અમને માન્ય જ છે. નિશ્ચય નયથી જ્ઞાન, સુખ વગેરે આત્માથી અભિન્ન હોવાના કારણે જ્ઞાન, સુખ વગેરે આત્મગુણો પણ પરસ્પર અભિન્ન છે. જ્ઞાનથી અભિન્ન આત્મા અને સુખથી અભિન્ન આત્મા - આવું સ્વીકારવાથી 'જ્ઞાનથી અભિન્ન સુખ' એવું આપોઆપ સિદ્ધ થઈ જાય છે. છતાં પણ વ્યવહાર નયથી જ્ઞાન અને સુખ વચ્ચે ભેદ રહેલો છે. <u>હર્ષવર્ધન</u> ઉપાધ્યાયે <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જેમ પીળાશ, સ્નિગ્ધતા, ગુરૂત્વ સુવર્ણથી ભિન્ન નથી તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર - એ નિશ્ચયનયની અપેક્ષાએ આત્માથી ભિન્ન નથી. વ્યવહાર નયથી તો જ્ઞાન વગેરે ગુણો આત્માથી ભિન્ન છે. જેમ 'રાહુનું માથું' - આવી ભેદઅવગાહી પ્રતીતિ રાહુ અને માથા વચ્ચે અભેદ હોવા છતાં પણ થાય છે તેમ આત્મા અને જ્ઞાનાદિ ગુણો વચ્ચે અભેદ હોવા છતાં પણ વ્યવહારનય આત્મા અને જ્ઞાનાદિમાં તેમ જ પરસ્પર જ્ઞાનાદિ ગુણોમાં પણ ભેદની પ્રતીતિ કરાવે છે. <—

## ❉ જ્ઞાન અને સુખનો ભેદાભેદ ❉

नया० । નયાન્તરના અભિપ્રાયથી તો સ્વપ્રકાશ અંશમાં જ્ઞાન સુખાત્મક છે. અને પરપ્રકાશન અંશમાં જ્ઞાન સુખથી ભિન્ન છે. તેથી જ્ઞાન અને સુખ વચ્ચે ભેદાભેદ રહેલો છે. તે આ રીતે —> આત્માનું સ્વરૂપ જ જ્ઞાન કહેવાય છે અને આત્મા સુખમય છે. તેથી પોતાના અંશને = સ્વરૂપને ગ્રહણ કરે ત્યારે પોતાનાથી અભિન્ન સુખમય આત્માને પણ ગ્રહણ કરે જ છે. આથી સ્વપ્રકાશ અંશમાં જ્ઞાન સુખાત્મક છે એ સિદ્ધ થાય છે. અહીં એવી શંકા થાય કે —> જો આ રીતે જ્ઞાન અને સુખનો અભેદ હોય તો ઘટજ્ઞાન ઉત્પન્ન

चैवं सति घटज्ञाने सुखसंवेदनं कुतो न जायते ? इति **शङ्कनीयम्,** परप्रकाशांशे सुखभिन्नताया अप्यभ्युपगमात्। ज्ञानमात्रस्य स्वप्रकाशस्वभावतया घटज्ञाने सति स्वप्रकाशांशसापेक्षं सुखात्मकं ज्ञानमप्यनुभूतमेव किन्तु तत्र सुखत्वानुभवो न जायते अर्थप्रकाशार्थिनाम्, स्वांशप्रकाशप्राधान्यविरहात् । योगिनां तु परांशप्रकाशोपसर्जनभावेन ज्ञानैकस्वरूपप्रेक्षणप्रवीणतया स्वांशप्रकाशप्रधाने निर्विकल्पज्ञानस्थानीयज्ञाने सति सुखानुभवोऽप्यस्त्येव । दर्पणस्थानीयस्य ज्ञानस्य दर्पणगतनिर्मलतास्थानीयं स्वप्रकाशांशं पश्यन् योगी सुखं संवित्ते, दर्पणगतप्रतिबिम्बस्थानीयं परप्रकाशांशं पश्यन् भोगी न सुखमनुभवति । धन-पत्नी-पुत्रादिगोचरस्य ज्ञानस्य परप्रकाशांशप्रेक्षणे भोगिनो जायमानः सुखानुभवस्तु मोहोदयप्रयुक्ततया सुखाभास एव <— इति ।

वस्तुतस्तु द्रव्यार्थिकनयेन ज्ञान-सुखयोरभेद एव, पर्यायार्थिकनयेन तयोर्भेदः एव । प्रमाणार्पणात्तु तयोर्भेदानुविद्धाभेद एवेति स्थितम् ॥२/११॥

सुख-दुःखव्याख्यामाविष्करोति —> 'सर्वमि'ति ।

**सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥१२॥**

---

થાય ત્યારે સુખનું સંવેદન કેમ ઉત્પન્ન થતું નથી ? <—તો આ શંકાનું સમાધાન એ છે કે અર્થપ્રકાશ અંશમાં જ્ઞાનમાં સુખના ભેદનો સ્વીકાર કરવામાં આવેલ છે. જો કે સર્વ જ્ઞાન સ્વપ્રકાશસ્વભાવવાળું હોવાના કારણે ઘટજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે સ્વપ્રકાશ અંશને સાપેક્ષ સુખાત્મક જ્ઞાનનો પણ અનુભવ થયેલો જ છે. પરંતુ અર્થપ્રકાશના અર્થી જીવોને તે જ્ઞાનમાં સુખત્વનો અનુભવ થતો નથી, કારણ કે ત્યાં સ્વ અંશમાં પ્રકાશ કરવાનું પ્રાધાન્ય રહેલું નથી. જેમ કે સફેદ પડદા ઉપર ચલચિત્ર જોનાર વ્યક્તિ સફેદ પડદાનું પણ પ્રત્યક્ષ કરે જ છે; પરંતુ તેમાં શ્વેતપટત્વની બુદ્ધિ તેને ઉત્પન્ન થતી નથી, કારણ કે પ્રેક્ષકનું ધ્યાન ઉજ્જ્વલ પડદા ઉપર ક્રમશઃ આવી રહેલા ચિત્રોની પરંપરા ઉપર કેન્દ્રિત થયેલું હોવાથી પડદાની સફેદાઈનું પ્રત્યક્ષ કરવાનું પ્રાધાન્ય = લક્ષ્ય પ્રેક્ષકને હોતું નથી. યોગી પુરૂષોને તો જ્ઞાનના જ સ્વરૂપને જોવામાં કુશલતા હોવાથી પર અંશનું પ્રકાશન ગૌણ હોવાના કારણે સ્વ અંશનો જ પ્રકાશ કરવામાં તત્પર એવું નિર્વિકલ્પજ્ઞાનસ્થાનીય જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે સુખાનુભવ થાય જ છે. જ્ઞાન દર્પણ જેવું છે. જ્ઞાનનો જે સ્વપ્રકાશ અંશ છે તે દર્પણમાં રહેલ નિર્મળતા જેવો છે. તેને જોનારા યોગી સુખનું સંવેદન કરે છે. જ્ઞાનનો જે પરપ્રકાશ અંશ છે તે દર્પણમાં રહેલ પ્રતિબિંબ સમાન છે. તેને જોનારા ભોગી પુરૂષોને સુખનો અનુભવ થતો નથી. ધન, પત્ની, પુત્ર વગેરેનું જ્ઞાન થાય ત્યારે તેના પરપ્રકાશ અંશને અર્થાત્ ધન વગેરે વિષયના ગ્રહણ કરવાના અંશને જોવાના કારણે ભોગી પુરૂષને જે સુખાનુભવ થાય છે તે મોહોદયપ્રયુક્ત હોવાના કારણે સુખ નહિ પણ સુખાભાસ જ છે.

વાસ્તવમાં તો દ્રવ્યાર્થિકનયથી જ્ઞાન અને સુખનો અભેદ જ છે. પર્યાયાર્થિકનયથી તે બન્ને વચ્ચે ભેદ જ છે અને પ્રમાણની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો જ્ઞાન અને સુખમાં પરસ્પર ભેદઅનુવિદ્ધ અભેદ જ છે. - આવું નિશ્ચિત થાય છે. <u>(૨/૧૧)</u>

સુખ-દુઃખની વ્યાખ્યાને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જે પરવશ હોય તે બધું જ દુઃખ છે, અને જે સ્વાધીન હોય તે બધું જ સુખ છે. આ સંક્ષેપથી સુખ-દુઃખનું લક્ષણ છે. <u>(૨/૧૨)</u>

**सर्वं** मद-मान-काम-रसास्वादादिकं **परवशं** = रूपैश्वर्य-पत्नी-मिष्टान्नादिपरद्रव्याधीनं **दुःखं** एव, तल्लक्षणयोगात् । **सर्वं** ऋजुता-नम्रता-सन्तोष-क्षमा-निःस्पृहतादिकं **आत्मवशं** = स्वाधीनं **सुखं** एव, तल्लक्षणयोगात् । उपकारापकारविपाकादिकमवलम्ब्य जायमानमृजुता-नम्रतादिकं तु न तत्त्वतः सुखम्, स्वमात्राधीनत्वाभावादिति । अनुकूलपत्नी-पुत्र-धन-नीरोगतादिकमपि पुण्याधीनत्वाद् दुःखमेवेति ध्येयम् । **एतदुक्तं** परममुनिना **समासेन** = सङ्क्षेपेण **लक्षणं** = स्वरूपं **सुख-दुःखयोः** । इयञ्च कारिका **योगदृष्टिसमुच्चया**-(१७२) दुद्धृता । एतदनुसारेण **योगसारप्राभृते**ऽपि **अमितगतिना** —> सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् । वदन्तीति समासेन लक्षणं सुख-दुःखयोः ॥ <— (९/१२) इत्युक्तम् । **मनुस्मृतौ** अपि —> सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् । एतद् विद्यात् समासेन लक्षणं सुख-दुःखयोः ॥ <— (४/१६०) इत्युक्तम् । —> सब्बं परवसं दुक्खं, सब्बं इस्सरियं सुखं <— (२/९) इति **उदान**ग्रन्थवचनमपि स्मर्तव्यमत्र । ऐश्वर्यं = आत्मैश्वर्यं विशुद्धगुणसमूहस्वरूपमित्यवधेयम् । **अध्यात्मतत्त्वालोके**ऽपि —> सर्वं भवेदन्यवशं हि दुःखं, सर्वं भवेदात्मवशं हि सौख्यम् । सुखासुखं वस्तुत एतदुक्तम् <— (३/१३०) इत्युक्तम् । **पञ्चसूत्रे**ऽपि —> अविक्खा अणाणंदे <— इत्युक्तम् ।

## ❀ સુખ-દુઃખને ઓળખીએ ❀

**<u>ટીકાર્થ</u>** :- રૂપ, ઐશ્વર્ય, પત્ની, મિષ્ટાન્ન વગેરે પરદ્રવ્યને આધીન ક્રમશઃ મદ, માન, કામ, રસાસ્વાદ વગેરે સર્વ વસ્તુ દુઃખરૂપ છે. કારણ કે તેમાં દુઃખનું લક્ષણ સંગત થાય છે. દા.ત. ધનવાન માણસને ધનનો જે ગર્વ સુખરૂપે લાગે છે તે ગર્વ જ વાસ્તવમાં દુઃખરૂપ છે. કારણ કે તે અભિમાન ધનને આધીન છે. ગુલાબ જાંબુનો રસાસ્વાદ સુખરૂપે ભાસતો હોવા છતાં પણ દુઃખરૂપ છે. કારણ કે તે રસાસ્વાદ ગુલાબ જાંબુ સ્વરૂપ પરદ્રવ્યને આધીન છે. તથા આત્મવશ એવી સરલતા, નમ્રતા, સંતોષ, ક્ષમા, નિસ્પૃહતા વગેરે વસ્તુ સુખસ્વરૂપ જ છે, કારણ કે તેમાં સુખનું લક્ષણ રહેલું છે. સામેની વ્યક્તિએ કરેલ ઉપકાર વગેરે ખ્યાલમાં રાખીને અથવા સામેની વ્યક્તિ નુકશાન કરશે એવા ભયથી અથવા તો 'હું સરલતા વગેરે નહિ રાખું તો તેનાથી બંધાતા કર્મો મને ભવિષ્યમાં ભયંકર દુઃખ આપશે...' ઈત્યાદિ વિચારણાઓને અવલંબી જે સરળતા, નમ્રતા વગેરે ઉત્પન્ન થયેલા હોય તે વાસ્તવમાં સુખસ્વરૂપ નથી. કારણ કે તે માત્ર આત્માને આધીન નથી. પરંતુ ઉપકાર, અપકાર, ભય વગેરેને પણ આધીન છે. અનુકૂળ પત્ની-પુત્ર-પરિવાર, ધન, આરોગ્ય વગેરે વસ્તુ પુણ્યશાળી જીવોને સ્વવશ જણાય છે. પરંતુ તે બધા જ પુણ્યસ્વરૂપ પરદ્રવ્યને આધીન હોવાથી દુઃખરૂપ જ છે- આ વાત ધ્યાનમાં રાખવી. પરવશ = દુઃખ; સ્વવશ = સુખ - આમ સુખ અને દુઃખનું લક્ષણ પરમ મહર્ષિઓએ જણાવેલ છે. અહીં મૂળ ગ્રંથમાં જણાવેલ પ્રસ્તુત ગાથા <u>યોગદષ્ટિસમુચ્ચય</u> ગ્રંથમાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે. અને આ જ ગાથાને અનુસરીને <u>યોગસારપ્રાભૃત</u> ગ્રંથમાં <u>અમિતગતિ</u> નામના દિગંબરાચાર્યે પણ સુખદુઃખનું લક્ષણ આ પ્રમાણે જ જણાવેલ છે. <u>મનુસ્મૃતિ</u>માં પણ સુખ-દુઃખનું લક્ષણ આ મુજબ જ જણાવેલ છે. <u>ઉદાન</u> નામના બૌદ્ધગ્રંથમાં —> સર્વ પરવશ = દુઃખ, સર્વ ઐશ્વર્ય = સુખ. <— આ મુજબ જણાવેલ છે. આ વાત પણ યાદ રાખવી. અહીં આત્માના વિશુદ્ધ ગુણોના સમુદાય સ્વરૂપ ઐશ્વર્યને જ ઐશ્વર્યરૂપે સમજવું. <u>અધ્યાત્મતત્ત્વાલોક</u> ગ્રંથમાં પણ અહીં મૂળગાથામાં જણાવેલ સુખ-દુઃખના લક્ષણને અનુસરીને જ સુખ-દુઃખની વ્યાખ્યા કરેલ છે. <u>પંચસૂત્ર</u> ગ્રન્થમાં જણાવેલ છે કે —> અપેક્ષા = દુઃખ.<—

यदपि **महाभारते** —> नास्ति रागसमं दुःखं नास्ति त्यागसमं सुखम् <— (शांन्तिपर्व-१७५/३५) इत्युक्तं तदपि हेतुमुखेन तल्लक्षणमवगन्तव्यम् । एतेन —> ममता परमं दुःखं, निर्ममत्वं सुखम् <— (५/४/४६) इति **देवीभागवत**वचनं, —> आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् <— (११/८/४४) इति **भागवत**वचनं च व्याख्यातम्, आशाया दुःखकारणत्वात् । तदुक्तं **बृहन्नारदीयपुराणे**ऽपि —>आशा भङ्गकरी पुंसामजेयाऽरातिसन्निभा । तस्मादाशां त्यजेत् प्राज्ञो यदीच्छेच्छाश्वतं सुखम् ॥<— (३३/३४) इति । अत एवोक्तं **धर्मरत्नकरण्डके वर्धमानसूरिभिः** —> आशापिशाचिका नित्यं देहस्था दुःखदायिनी। सन्तोषवरमन्त्रेण स सुखी येन नाशिता॥१३०॥ <— इति । तदुक्तं **योगसारे**ऽपि —> नैरपेक्ष्यादनौत्सुक्यमनौत्सुक्याच्च सुस्थता । सुस्थता च परानन्दस्तदपेक्षां क्षयेद् मुनिः ॥ <— (५/१९) इति । इदमेवाभिप्रेत्योक्तं **ज्ञानसारे** प्रकृतग्रन्थकृतैव —> परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखम् । एतदुक्तं समासेन लक्षणं सुख-दुःखयोः ॥ <—(१२/८) इति । अन्यत्रापि —> सन्तोषः परमं सौख्यमाकाङ्क्षा परमं दुःखम् <— (   ) इत्युक्तमिति । स्वस्थता = आत्मनिष्ठता = आत्मरमणता परमं सुखं तथा परस्थता = पुद्गलनिष्ठता = पुद्गलरमणता हि परमं दुःखमिति निष्कर्षः इति निश्चयनयः। शुद्धव्यवहारनयस्तु परिणामचारु सुखं तदचारु च दुःखम्, यद्वा स्वस्वरूपानुकूलं सुखं परस्वरूपानुकूलं

---

**<u>મહાભારત</u>માં —> રાગસમાન કોઈ દુઃખ નથી અને ત્યાગસમાન કોઈ સુખ નથી. <—આવું જે જણાવેલ છે તે પણ હેતુમુખે સુખ-દુઃખનું લક્ષણ જાણવું. —> મમતા = પરમ દુઃખ; નિર્મમત્વ = પરમસુખ <— આ <u>દેવીભાગવત</u> વચન, —> આશા = પરમદુઃખ, આશાનો અભાવ = પરમસુખ <— આ <u>ભાગવત વચન</u>ની પણ વ્યાખ્યા ઉપરોક્ત રીતે સમજી લેવી. કારણ કે આશા એ જ દુઃખનું મૂળ છે. <u>બૃહદ્નારદીય પુરાણ</u>માં પણ જણાવેલ છે કે —> અજેય શત્રુ જેવી આશા પુરૂષને ભાંગી નાખનારી છે. માટે જો શાશ્વત સુખની ઈચ્છા હોય તો પ્રાજ્ઞ પુરૂષોએ ભૌતિક સુખની આશા છોડી દેવી જોઈએ. <— માટે જ <u>શ્રીધર્મરત્નકરંડક</u> ગ્રંથમાં <u>વર્ધમાનસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે —> દેહમાં રહેલી નિત્ય દુઃખદાયિની એવી આશાપિશાચિની જેણે સંતોષ રૂપી શ્રેષ્ઠ મંત્ર દ્વારા ભગાડી દીધી છે તે જ સુખી છે. <— તથા <u>યોગસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> નિરપેક્ષતાથી = અપેક્ષાત્યાગથી ઉત્સુકતા રવાના થાય છે. ઉત્સુકતા જવાને લીધે સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. સ્વસ્થતા એ જ શ્રેષ્ઠ આનંદ છે. માટે મુનિ અપેક્ષાનો નાશ કરે. <— આ અભિપ્રાયથી જ <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> પરસ્પૃહા = મહાદુઃખ; નિસ્પૃહતા = મહાસુખ - આ સુખ અને દુઃખનું સંક્ષેપથી લક્ષણ કહેવાયેલું છે. <— અન્યત્ર પણ 'સંતોષ = પરમ સુખ; આકાંક્ષા = પરમદુઃખ' આમ જણાવેલ છે. ઉપરોક્ત બધી વાતનો નિષ્કર્ષ એ છે કે સ્વસ્થતા = આત્મનિષ્ઠતા = આત્મરમણતા એ પરમ સુખ છે. અને પરસ્થપણું = પુદ્ગલનિષ્ઠતા = પુદ્ગલરમણતા એ પરમ દુઃખ છે. આ નિશ્ચય નયની અપેક્ષાએ જાણવું. શુદ્ધ વ્યવહારનય તો એમ કહે છે કે પરિણામે જે સારૂં હોય તે સુખ અને પરિણામે જે ખરાબ હોય તે દુઃખ અથવા પોતાના સ્વરૂપને અનુકૂળ હોય તે સુખ અને પરના = જડના સ્વરૂપને અનુકુળ હોય તે દુઃખ - આવું માનવાનો ફાયદો એ છે કે શ્રુત જ્ઞાન આદિ તો શાસ્ત્ર તથા ગુરુ વગેરેને આધીન હોવા છતાં પણ તે દુઃખરૂપ થવાની આપત્તિ નહિ આવે. કેમ કે શ્રુતજ્ઞાન ભલે શાસ્ત્રાદિને આધીન હોય છતાં પરિણામે હિતકારી છે, આત્મ સ્વરૂપને અનુકૂળ છે. આ દિગ્દર્શન અનુસાર હજુ આગળ ભાવના ભાવવી. <u>(૨/૧૨)</u>**

च दुःखमिति न श्रुतादिज्ञानस्य शास्त्र-गुर्वाद्यधीनत्वेऽपि क्षतिरित्याहेति नयमतभेदेनेदं तत्त्वमत्र भावनीयम् ॥२/१२॥

ज्ञानमग्नसुखस्य निरतिशयतामाह —> 'ज्ञानमग्नस्ये'ति ।

**ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव पार्यते ।**
**नोपमेयं प्रियाश्लेषै-र्नापि तच्चन्दनद्रवैः ॥१३॥**

इयञ्च कारिका ज्ञानसारे (२/६) वर्तते। स्पष्टत्वान्न विव्रियते ॥२/१३॥

आगमोक्तमत्र संवादयति —> 'तेजोलेश्ये'ति ।

**तेजोलेश्याविवृद्धिर्या, पर्यायक्रमवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ, सेत्थम्भूतस्य युज्यते ॥१४॥**

—> जे इमे अज्जत्ताए समणा निग्गंथा एते णं कस्स तेउलेसं वीतिवयंति ? गोयमा ! मासपरियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेउलेसं वीइवयंइ । एवं दुमासपरियाए समणे णिग्गंथे असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेउलेसं वीतिवयंति । तिमासपरियाए समणे निग्गंथे असुरकुमारिंदाणं देवाणं तेउलेसं वीतिवयंति । चउमासपरियाए समणे णिग्गंथे गहगण-णक्खत्त-तारारूवाणं जोतिसियाणं तेउलेसं वीति-वयंति। पंचमासपरियाए समणे णिग्गंथे चंदिम-सूरियाणं जोतिसिंदाणं तेउलेसं वीतिवयंति । छम्मासपरियाए समणे णिग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेउलेसं वीतिवयंति । सत्तमासपरियाए समणे णिग्गंथे सणंकुमार-

---

જ્ઞાનમગ્નનું સુખ સર્વોત્કૃષ્ટ છે- આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- જ્ઞાનમગ્ન આત્માનું જે સુખ છે તે કહી શકાય તેમ નથી. પ્રિયાના આલિંગનની સાથે કે ચંદનના વિલેપનની સાથે તેની સરખામણી થઈ શકે તેમ નથી. (૨/૧૩)

**ટીકાર્થ** :- આ કારિકા જ્ઞાનસાર પ્રકરણમાં પણ ઉપલબ્ધ થાય છે. આ શ્લોક સ્પષ્ટ હોવાથી અમે તેનું વિવરણ કરતા નથી. (૨/૧૩)

પ્રસ્તુતમાં આગમોક્ત વાતનો સંવાદ ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- ભગવતીસૂત્ર વગેરે ગ્રંથોમાં સંયમપર્યાયની ક્રમિક વૃદ્ધિને આશ્રયીને જે તેજોલેશ્યાની વૃદ્ધિ જણાવી છે તે આવા પ્રકારના જ્ઞાનમગ્ન મહાત્માને સંભવે છે. (૨/૧૪)

## ❋ સાધુની તેજોલેશ્યાને ઓળખીએ ❋

**ટીકાર્થ** :- ભગવતીસૂત્રનું મુખ્ય નામ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' છે. અર્ધમાગધી ભાષામાં તેને 'વિયાહપન્નત્તિ' પણ કહેવાય છે. આ આગમમાં ગૌતમસ્વામી અને મહાવીરસ્વામી વચ્ચે જે પ્રશ્ન અને પ્રત્યુત્તરો સાધુની તેજોલેશ્યાને ઉદ્દેશીને થયેલા છે તેનો નિર્દેશ આ મુજબ છે. —> જે આ વર્તમાન કાળમાં શ્રમણ નિર્ગ્રંથો છે તેઓ કોની તેજોલેશ્યાને ઓળંગે છે ? આવા પ્રશ્નના જવાબમાં ભગવાન ફરમાવે છે કે "હે ગૌતમ ! (૧) એક મહિનાના સંયમ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણવ્યંતર દેવતાઓની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૨) આ રીતે બે માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૩) ત્રણ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરકુમાર દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૪) ચાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહ-નક્ષત્ર અને તારા સ્વરૂપ જ્યોતિષ દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે.

माहिंदाणं देवाणं तेउलेसं वीतिवयंति । अट्ठमासपरियाए समणे णिग्गंथे बंभलोग-लंतगाणं तेउलेसं वीतिवयंति । नवमासपरियाए समणे णिग्गंथे महासुक्क-सहस्साराणं देवाणं तेउलेसं वीतिवयति । दसमासपरियाए समणे णिग्गंथे आणय-पाणय-आरणाच्चुयाणं देवाणं तेउलेसं वीतिवयंति । एक्कारसमासपरियाए समणे णिग्गंथे गेविज्जाणं देवाणं तेउलेसं वीतिवयंति । बारसमासपरियाए समणे णिग्गंथे अणुत्तरोववातियाणं देवाणं तेउलेसं वीतिवयंति । तेण परं सुक्के सुक्काभिजाति भवित्ता सिज्झति <— (१४/९/सू.५३७) इत्येवं **भगवत्यादौ** = **व्याख्याप्रज्ञप्त्यादौ,** आदिपदेन —> स एवंपण्णे एवंभावे एवंपरिणामे अप्पडिवडिए वड्ढमाणे तेउल्लेसाए दुवालसमासिएणं परियाएणं अइक्कमइ सव्वदेवतेउल्लेसं <— (४/६) इत्येवं **पञ्चसूत्रे,** —> भणिअं च परममुणिहिं मासाइ दुवालसप्परियाए । वणमायणुत्तराणं विइवयई तेउलेसं ति ॥ २०० ॥ <— इत्येवं **पञ्चवस्तुकादौ** च **पर्यायक्रमवृद्धितः**= संयमपर्यायक्रमवृद्धिमपेक्ष्य या **तेजोलेश्याविवृद्धिः भाषिता सा इत्थम्भूतस्य** आत्मसाक्षात्कारमग्नस्याऽभिसन्वागतविषयस्य पूर्वं व्यावर्णितस्य भावयतेः युज्यते । प्रकृते यावन्तं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव निरन्तरकालो निश्चयतः प्रव्रज्यापर्यायः परिगण्यते, —> न तहिं दिवसा पक्खा, मासा वरिसा य से गणिज्जंति । जे मूलुत्तरगुणअक्खलिया ते गणिज्जंति ॥ ८७९ ॥

(૫) પાંચ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ચંદ્ર અને સૂર્ય નામના જ્યોતિષ દેવેન્દ્રની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૬) છ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વૈમાનિક દેવલોકના સૌધર્મ અને ઈશાન નામના પ્રથમ અને દ્વિતીય દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૭) સાત માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સનતકુમાર અને માહેન્દ્ર નામના ૩ જા અને ૪થા દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૮) આઠ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો બ્રહ્મલોક અને લાંતક નામના ૫મા અને છટ્ઠા દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૯) નવ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો મહાશુક્ર અને સહસ્રાર નામના ૭મા અને ૮મા દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૧૦) દસ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો આનત, પ્રાણત, આરણ, અચ્યુત નામના ૯-૧૦-૧૧-૧૨ મા દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૧૧) ૧૧ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો નવ ગ્રૈવેયકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. (૧૨) બાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અનુત્તરોપપાતિક = ૫ અનુત્તર દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. એક વર્ષથી વધુ સંયમપર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો શુક્લ-શુક્લાભિજાત્ય થઈને સિદ્ધ થાય છે.'' <— મૂળ ગ્રંથમાં જે આદિ શબ્દ રહેલો છે તેનાથી પંચસૂત્ર, પંચવસ્તુ વગેરે ગ્રંથોનું ગ્રહણ કરવું. —> ''મારી કર્મવ્યાધિને સંયમ દૂર કરશે. વૈદ્યતુલ્ય ગુરૂનું બહુમાન એ જ મોક્ષ છે. તેનાથી જ પરમ ગુરૂનો સંયોગ થાય છે.'' આવી પ્રજ્ઞા, ભાવ અને પરિણામથી પરિણત થયેલ, અપ્રતિપાતી અને તેજોલેશ્યાથી વધતા એવા સંયમી ૧૨ માસના સંયમ પર્યાયથી સર્વ દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. <— આ પ્રમાણે પંચસૂત્રમાં જણાવેલ છે. પંચવસ્તુ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિજીએ પણ જણાવેલ છે કે —> ૧ મહિનાથી માંડી ૧૨ માસનો પર્યાય થાય ત્યારે સાધુ વ્યંતરથી માંડી પાંચ અનુત્તરની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. આમ પરમ મુનિઓએ જણાવેલ છે <—ઉપરોક્ત શાસ્ત્રોમાં સંયમના પર્યાયની ક્રમિક વૃદ્ધિને અપેક્ષીને જે તેજોલેશ્યાની વૃદ્ધિ જણાવેલ છે તે પૂર્વે બતાવેલ આત્મસાક્ષાત્કારનિમગ્ન (૨/૬) અભિસમન્વગતવિષયવાળા (૨/૮), ભાવ યતિને જ સંગત થાય છે. પ્રસ્તુતમાં જેટલા સમય સુધી સંયમના મૂળ ગુણ અને ઉત્તર ગુણ (ચરણસિત્તરી અને કરણસિત્તરી) માં સ્ખલના ન થયેલી હોય તેટલો જ નિરંતરકાળ

<— इति **उपदेशमाला**वचनात् । ''तेजोलेश्या हि प्रशस्तलेश्योपलक्षणं, सा च सुखासिकाहेतुरिति कारणे कार्योपचारात्तेजोलेश्याशब्देन सुखासिका विवक्षिते''ति **व्याख्याप्रज्ञप्तिवृत्तिकारः श्रीअभयदेवसूरिः** ।—> 'तेजोलेश्या चित्तसुखलाभलक्षणा <— इति **पञ्चसूत्रपञ्जिकाकारः श्रीहरिभद्रसूरिः** । **पञ्चवस्तुकवृत्तौ** तु सुखप्रभावलक्षणा तेजोलेश्योपदर्शिता । संवत्सरपर्यायानन्तरं च मुनिः शुक्लाभिजात्यो भवति । अयमेव च परैः सिद्धपदेनोच्यते । तदुक्तं **ध्यानबिन्दूपनिषदि** —> ब्रह्मचारी मिताहारी योगी योगपरायणः । अब्दादूर्ध्वं भवेत्सिद्धो नात्र कार्या विचारणा ॥ ७२ ॥ <— इति । **अध्यात्मसारे**ऽपि —> वैषम्यबीजमज्ञानं निघ्नन्ति ज्ञानयोगिनः । विषयांस्ते परिज्ञाय लोकं जानन्ति तत्त्वतः॥ इतश्चाऽपूर्वविज्ञानाच्चिदानन्दविनोदिनः । ज्योतिष्मन्तो भवन्त्येते ज्ञाननिर्धूतकल्मषाः ॥ तेजोलेश्याविवृद्धिर्या पर्यायक्रमवृद्धितः । भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्येते ॥ <—(१५/३९-४१) इत्युक्तं मूलकारेण । **ज्ञानसारे**ऽपि मूलकारेण —> परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा । क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च ॥ तेजोलेश्याविवृद्धिर्या साधोः पर्यायवृद्धितः । भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्यते ॥ <— (२/४-५) इत्युक्तमित्यवधेयम् ॥२/१४॥

उत्तमज्ञानं निरूपयति —> **'चिन्मात्रे'**ति ।

---

**નિશ્ચય નયથી પ્રવ્રજ્યાનો પર્યાય ગણાય છે. કેમ કે ઉપદેશમાલામાં જણાવેલ છે કે —> સંયમના પર્યાયમાં આમને આમ પસાર થતાં દિવસો, મહિના કે વર્ષો ગણાતા નથી. પરંતુ મૂળગુણ અને ઉત્તરગુણથી અસ્ખલિત એવા જે દિવસ વગેરે હોય તે જ ગણાય છે. <—'તેજોલેશ્યા' શબ્દની અનેકવિધ વ્યાખ્યાઓ ઉપલબ્ધ થાય છે. ભગવતીસૂત્રની ટીકામાં શ્રી અભય-દેવસૂરિજીએ જણાવેલ છે કે —> 'તેજોલેશ્યા' શબ્દથી સુખાસિકા (= સુખેથી રહેવાપણું ) વિવક્ષિત છે <— પંચસૂત્રની પંજિકામાં શ્રી હરિભદ્રસૂરિજીએ —> તેજોલેશ્યા = ચિત્તસુખલાભ <—આ પ્રમાણે વ્યાખ્યા કરેલી છે. પંચવસ્તુની ટીકામાં તો શ્રીહરિભદ્રસૂરિજીએ સુખપ્રભાવ સ્વરૂપ તેજોલેશ્યા બતાવેલી છે. એક વર્ષના સંયમ પર્યાય પછી મુનિ શુક્લાભિજાત્ય બને છે. આવા મુનિને અન્ય દર્શનકારો સિદ્ધ કહે છે. ધ્યાનબિંદુ ઉપનિષદ્‌માં બતાવેલ છે કે —> બ્રહ્મચારી, પરિમિત આહારી, યોગપરાયણ એવા યોગી એક વર્ષ પછી સિદ્ધ થાય છે. આમાં કોઈ વિચાર ન કરે. <— અધ્યાત્મસાર ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> "આ વિષયો સારા છે અને તે વિષયો ખરાબ છે." - આ પ્રમાણે ઈન્દ્રિયવિષયોમાં વિષમતાને ઉત્પન્ન કરનાર એવા અજ્ઞાનને જ્ઞાનયોગીઓ હણે છે. તેઓ જ્ઞપરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડીને પરમાર્થથી લોકને જાણે છે. અને આ બાજુ (અંતરમાં) અપૂર્વ વિજ્ઞાનને કારણે જ્ઞાનઆનંદની મજાને માણતા એવા જ્ઞાનયોગી પુરૂષો જ્ઞાન દ્વારા કર્મરૂપી કચરાને બાળીને જ્યોતિસ્વરૂપ બને છે ભગવતીસૂત્ર વગેરેમાં સંયમના પર્યાયની ક્રમશઃ વૃદ્ધિથી જે તેજોલેશ્યાની વિશિષ્ટ વૃદ્ધિ બતાવેલ છે તે આવા જ્ઞાનયોગીને સંગત થાય છે. <—જ્ઞાનસાર પ્રકરણમાં પણ પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> પરબ્રહ્મમાં મગ્ન થયેલા મુનિને પૌદ્‌ગલિક વિષયોની વાતચીત શિથીલ થઈ જાય છે. તેને સોના વગેરેનો ઉન્માદ ક્યાં હોય? અને સ્ત્રી ઉપર સ્ફુરાયમાન આદર પણ ક્યાં હોય ? ભગવતી સૂત્રમાં સંયમ પર્યાયની વૃદ્ધિથી સાધુને તેજોલેશ્યાની જે વૃદ્ધિ બતાવેલ છે તે આવા સાધુને જ સંભવી શકે. <—આ વાત ધ્યાનમાં રાખવી. (૨/૧૪)**

**ગ્રંથકારશ્રી ઉત્તમજ્ઞાનનું નિરૂપણ કરે છે.**

**चिन्मात्रलक्षणेनान्यव्यतिरिक्तत्वमात्मनः ।**
**प्रतीयते यदश्रान्तं तदेव ज्ञानमुत्तमम् ॥१५॥**

**आत्मनः** = शुद्धज्ञानादिपर्यायपरिकलितस्य **चिन्मात्रलक्षणेन** = शुद्धोपयोगस्वभावेन **यत् अन्यव्यतिरिक्तत्वं** = स्वेतरदेहमनोवचनकर्मपुद्गलादिभिन्नत्वं **अश्रान्तं** = अस्खलितं **प्रतीयते** = अनुभूयते तदेव अनात्मविषयताशून्यात्मविशेष्यक-चिन्मात्रप्रकारकं **ज्ञानं उत्तमं** = मोक्षाऽऽक्षेपकत्वेन अनुत्तरम् । प्रकृते व्यतिरेकिप्रयोग एवं - आत्मा स्वेतरभिन्नः चिन्मात्रलक्षणत्वात् । यन्नैवं तन्नैवं यथा गगनम् । अनात्मविषयता-शून्यात्मविशेष्यक-चिन्मात्रप्रकारकं ज्ञानं बोधरूपन्त्वभव्यानामपि स्यादिति प्रतीतिस्वरूपं तद् गृहीतम् । तच्च सम्यग्दृष्टेरेव भवति । किन्तु तत्राश्रान्तता न सम्भवति । तदीयोपयोगस्यान्तर्मुखत्वेऽपि योगस्य

**<u>શ્લોકાર્થ</u>** :- જ્ઞાનમાત્ર સ્વરૂપ લક્ષણ આત્મામાં જડ પદાર્થના ભેદની જે અસ્ખલિત પ્રતીતિ થાય છે તે જ જ્ઞાન ઉત્તમ છે. <u>(૨/૧૫)</u>

## ❀ ઉત્તમ જ્ઞાનને ઓળખીએ ❀

**<u>ટીકાર્થ</u>** :- શુદ્ધ જ્ઞાન વગેરે પર્યાયોથી યુક્ત એવા આત્મામાં શુદ્ધ ઉપયોગસ્વભાવ દ્વારા આત્મભિન્ન દેહ મન-વચન-કર્મ-પુદ્ગલ આદિની વિષયતાથી શૂન્ય એવી જે અસ્ખલિત પ્રતીતિ યોગનિષ્ઠતાકાળમાં થાય છે તે જ જ્ઞાન, મોક્ષને ખેંચી લાવનાર હોવાથી, શ્રેષ્ઠ છે. અનાત્મવિષયતાથી રહિતપણે આત્મામાં ચિન્માત્રસ્વરૂપનું જે ભાન થાય છે તેને ન્યાયદર્શનની પરિભાષા મુજબ આ રીતે જણાવી શકાય. ચિન્માત્રપ્રકારક અનાત્મવિષયતા-શૂન્યાત્મવિશેષ્યક જ્ઞાન. પ્રસ્તુતમાં વ્યતિરેકી અનુમાન પ્રયોગ આ રીતે જાણવો. આત્મા સ્વેતર દેહાદિથી ભિન્ન છે, કારણ કે તે ચૈતન્યમાત્રસ્વભાવવાળો છે. જે ચૈતન્યમાત્રસ્વભાવવાળું ન હોય તે અનાત્મભિન્ન પણ ન હોય, જેમ કે આકાશ. આમ દેહ, મન, વચન, પુદ્ગલ વગેરેથી ભિન્ન સિદ્ધ થનાર આત્મામાં દેહાદિનું ભાન કર્યા વગર "હું ચિત્સ્વરૂપ = જ્ઞાનસ્વરૂપ છું" આવી પ્રતીતિ તે જ શુદ્ધ ઉપયોગાત્મક છે. જો કે આવું બોધસ્વરૂપ જ્ઞાન તો અભવ્ય જીવોને પણ થઈ શકે છે. માટે તેની બાદબાકી કરવા 'બોધ' શબ્દના બદલે 'પ્રતીયતે' એવા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. દેહ, મન, વચન , કર્માદિથી ભિન્ન "આત્મા ચિન્માત્રસ્વરૂપ છે." - આવી પ્રતીતિ = અનુભૂતિ = સંવેદન = સાક્ષાત્કાર = પ્રત્યક્ષ = અપરોક્ષાનુભવસ્વરૂપ જ્ઞાન અભવ્યને ક્યારેય પણ થઈ ન શકે. ઉપરોક્ત બન્ને પ્રકારના જ્ઞાનની ભેદરેખાને સમજવા એવું કહી શકાય કે - સિંહના ચિત્રને જોઈને "આ સિંહ છે" આવી બુદ્ધિ-સમજણ એ પ્રથમ કક્ષાના જ્ઞાનમાં આવે અને સાંજના સમયે જંગલમાં એકલા જતા માણસની ઉપર છલાંગ મારતો, ગર્જના કરતો ભૂખ્યો સિંહ ત્રાટકે ત્યારે તે માણસને "આ સિંહ છે." - એવી પ્રતીતિ, અનુભૂતિ એ બીજી કક્ષાના જ્ઞાનમાં આવે. અગ્નિના ચિત્રને કે સળગતા અંગારાને જોઈને "આ અગ્નિ છે." આવું જ્ઞાન બૌદ્ધિક સમજણ સ્વરૂપ હોવાથી પ્રથમ કક્ષાના જ્ઞાનમાં આવે. જ્યારે સળગતા અંગારાને ખુલ્લા હાથે અડકવાથી "આ અગ્નિ છે." એવું જે જ્ઞાન થાય તે સંવેદનાત્મક બીજી કક્ષાના જ્ઞાનમાં સમાવેશ પામે. ગુલાબના પ્રતિબિંબને જોઈને જે બોધ અને આનંદ થાય તથા સાચા ગુલાબને જોઈને - સૂંઘીને જે અનુભવ, આનંદ થાય - આ બે અવસ્થામાં જે ભેદ રહેલો છે, તેવો ભેદ મિથ્યાત્વી અને સમકિતીના "આત્મા દેહાદિથી ભિન્ન છે. જ્ઞાનમાત્રસ્વરૂપ છે." આવા જ્ઞાન વચ્ચે રહેલો છે - એવું કહી શકાય. દેહાતીત - વચનાતીત - વિચારાતીત - કર્માતીત - રૂપાતીત સ્વરૂપે આત્માની અપરોક્ષ અનુભૂતિ સમકિતદૃષ્ટિને જ થાય, મિથ્યાત્વીને નહિ. પરંતુ સમકિતીના તેવા સંવેદનમાં અશ્રાન્ત = અસ્ખલિતપણું ન સંભવી શકે. કેમ કે સમકિતીનો ઉપયોગ અંતર્મુખ હોવા છતાં પણ તેના મન-વચન-કાયાના યોગ બહિર્મુખપણાથી

बहिर्मुखत्वाऽऽक्रान्तत्वात् । तदुक्तं **अध्यात्मसारे** —> शुद्धैव ज्ञानधारा स्यात् सम्यक्त्वप्राप्त्यनन्तरम् । हेतुभेदात् विचित्रा तु योगधारा प्रवर्तते ॥ <— (१८/१५०) इति । सम्यग्दृष्टेः शुद्धोपयोगधाराया नैरन्तर्येऽप्यशुद्धयोगधारयाऽऽत्मवीर्यस्य बहिःप्रवर्त्तनात्सोपयोगधारा पौनःपुन्येन स्खलति । तादृशाश्रान्तप्रतीतिस्तु महामुनीनामेव दृष्टव्या, योगोपयोगयोरैकरूप्यात् । सैव चोत्तमज्ञानम् ।

स्वमतेऽभावस्याधिकरणस्वरूपतयाऽऽत्मनि योऽचेतनभेदकूटो वर्तते तस्याऽऽत्मस्वरूपत्वात् या तन्मुखेनात्मस्वरूपभावना योगारम्भकानां जायते तत्रापि मुख्यत्वं विशुद्धाऽऽत्मस्वरूपभावनस्यैव, स्वेतरभेदकूटस्तु तत्परिचायकतयोपयुज्यते । तदुत्तरकालं जायमाना 'चिन्मात्रोऽहमि'ति प्रतीतिस्तु ततो भिन्नैवेति ध्येयम् ॥२/१५॥

समाधिद्वितयमाविष्करोति —> 'शुभे'ति ।

**शुभोपयोगरूपोऽयं, समाधिः सविकल्पकः ।**
**शुद्धोपयोगरूपस्तु, निर्विकल्पस्तदेकदृक् ॥१६॥**

अयं = आत्मनिष्ठत्वप्रकारकानात्मभेदविशेष्यक-सातत्योपेतानुभवः **शुभोपयोगरूपः** = प्रशस्ताध्य-

---

આક્રાન્ત = છવાયેલા હોય છે. **અધ્યાત્મસાર** ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ્ઞાનધારા શુદ્ધ (= અંતર્મુખ) જ હોય. કર્મ વગેરે વિશેષ હેતુના કારણે વિવિધ યોગધારા પ્રવર્તે છે. <— જો કે સમકિતીને શુદ્ધ ઉપયોગની ધારા સતત હોય છે. પણ અશુદ્ધ યોગધારા દ્વારા આત્મવીર્ય બહાર પ્રવૃત્ત થવાથી તે ઉપયોગની ધારા વારંવાર સ્ખલના પામે છે. તથાવિધ અસ્ખલિત પ્રતીતિ તો મહામુનિઓમાં જ જાણવી. કેમ કે તેઓની યોગધારા અને ઉપયોગની ધારા અંતર્મુખ હોવાથી એકરૂપ છે. અને તે જ ઉત્તમ જ્ઞાન છે.

સ્વ૦ । જૈનદર્શનમાં અભાવને આધારસ્વરૂપ માનેલો છે. તેથી આત્મામાં જડ પદાર્થના ભેદનો જે સમૂહ રહે છે, તે આત્મસ્વરૂપ જ છે. તેથી જડભેદસમૂહ દ્વારા આત્માના સ્વરૂપની અસ્ખલિતરૂપે જે પ્રતીતિ ઉત્પન્ન થાય છે તેમાં પણ મુખ્યતા વિશુદ્ધ ચિન્મય આત્મસ્વરૂપના સંવેદનની જ છે. અનાત્મભેદસમૂહનો તો વિશુદ્ધ આત્મસ્વરૂપના પરિચાયક-જ્ઞાપક તરીકે જ ઉપયોગ થાય છે. જેમ કે ''જમીન ઉપર ઘડો નથી, ટેબલ નથી, કપડા નથી, છોકરા નથી, બીજું કશું જ નથી.'' આવો બોધ થવાથી જમીનનું શુદ્ધ સ્વરૂપ જણાય છે. તેનો પરિચય કરવામાં ભૂમિસ્વરૂપ ઘટાભાવ વગેરેનો બોધ ઉપયોગી છે. બરાબર આ જ રીતે ''આત્મામાં શરીરતાદાત્મ્ય નથી, વાણીતાદાત્મ્ય નથી, વિચારરૂપતા નથી, કર્મસ્વરૂપતા નથી, પુદ્ગલાત્મકતા નથી.'' આવી ભાવના આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવામાં ઉપયોગી છે. પ્રાથમિક કક્ષાના યોગીઓને 'દેહ મન વચન પુદ્ગલ થક, કર્મથી ભિન્ન તુજ રૂપ રે' આવા પ્રકારની ભાવના દ્વારા આત્માના સ્વરૂપનો બોધ, ચિંતન, ધ્યાન વગેરે સરળતાથી થઈ શકે. આત્મામાં અનાત્મભિન્ન સ્વરૂપનો વિચાર કરતાં કરતાં જ આત્મસાક્ષાત્કાર યોગી પુરૂષોને થાય છે. પરંતુ 'હું દેહાદિથી ભિન્ન છું' એવી ભાવના અને 'હું ચિન્મય-જ્ઞાનમય છું' આવી યોગીની પ્રતીતિ આ બન્ને જુદી વસ્તુ છે. આ વાત ધ્યાનમાં રાખવી. (૨/૧૫)

સમાધિના બે ભેદને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**શ્લોકાર્થ** :- શુભ ઉપયોગ સ્વરૂપ આ સવિકલ્પક સમાધિ છે. શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પક સમાધિ આત્મમાત્રનું દર્શન છે. (૨/૧૬)

## ❀ બે પ્રકારની સમાધિ ઓળખીએ ❀

वसायलक्षणः **सविकल्पकः** = विकल्पसमेतः **समाधिः**, प्रशस्तमनोव्यापारसत्त्वात् । **शुद्धोपयोगरूपः** = रागाद्यनुपहितः अखण्डाध्यवसायमयः समाधिः **तु निर्विकल्पः** = विकल्पशून्यः **तदेकदृक्** = आत्ममात्रदृष्टिः, न तु तत्रानात्मभेदावगाहनमस्ति । तदुक्तं **ज्ञानार्णवे** —> क्षीणे रागादिसन्ताने प्रसन्ने चान्तरात्मनि । यः स्वरूपोपलम्भः स्यात् स शुद्धाख्यः प्रकीर्तितः ॥ <— (१३/३१) इति । तत्फलं केवलज्ञानम्। तदुक्तं **ज्ञानार्णवे** एव —> निःशेषक्लेशनिर्मुक्तं स्वभावजमनश्वरम् । फलं शुद्धोपयोगस्य ज्ञानराज्यं शरीरिणाम् ॥ <— (१३/३४) इति । यद्यप्यात्मन्यनात्मधीरूपादशुभोपयोगादात्मन्यनात्मभेदधियः शुभोपयोगरूपत्वादुपोदेयत्वं निर्विवादं तथापि तत्रात्मवृत्तिभेदप्रतियोगिविधयाऽनात्मस्फुरणान्न शुद्धत्वमभिमतम् । अनात्माऽस्फुरणदशायामेवाऽऽत्मदर्शनस्य शुद्धत्वम्, मनोव्यापारविश्रामात् । अयमेव महोदय-योगप्रभृतिपदैः परैः प्रतिपाद्यते । तदुक्तं **महोपनिषदि** —> मनसोऽभ्युदयो नाशो मनोनाशो महोदयः ॥<— (५/९७) इति। यथोक्तं **भगवद्गीतायां** —> यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ! न ह्यसंन्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥ (६/२) <— इति । सङ्कल्पविकल्पसंन्यासस्यैवात्र योगत्वमभिमतं, तत्रात्मदर्शनं समस्त्येवेत्यवधेयम् । **सरस्वतीरहस्योपनिषदि** तु <— सविकल्पो निर्विकल्पःसमाधिर्द्विविधो हृदि । दृश्य-

**<u>ટીકાર્થ</u>** :- આત્મામાં અનાત્મભેદનું સતત ભાન થવું, તેને ન્યાયની પરિભાષામાં 'આત્મનિષ્ઠત્વપ્રકારક અનાત્મભેદવિશેષ્યક સાતત્યશાલી અનુભવ' આમ કહી શકાય. લોકભાષા મુજબ એમ કહી શકાય કે 'આત્મામાં *જડનો ભેદ રહેલો છે.' - આવી સતત અનુભૂતિ. આ અનુભવ શુભ ઉપયોગ સ્વરૂપ = પ્રશસ્ત અધ્યવસાયાત્મક* સવિકલ્પક સમાધિ કહેવાય છે. કારણ કે તેમાં મનનો પ્રશસ્ત વ્યાપાર = શુભ પ્રવૃત્તિ રહેલ છે. અખંડ વિશુદ્ધ અધ્યવસાયને શુદ્ધોપયોગ કહેવાય છે. શુદ્ધ ઉપયોગસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિ તો કેવળ આત્મદર્શન રૂપ છે. તેમાં અનાત્મભેદનું = જડભેદનું આત્મામાં અવગાહન થતું નથી. અર્થાત્ આત્મા જડભિન્ન છે- એવું ભાન થવાને બદલે ચિન્માત્ર જ્યોતિર્મય આત્માનું સંવેદન થવું તે નિર્વિકલ્પ સમાધિ છે. <u>જ્ઞાનાર્ણવ</u>માં કહ્યું છે કે —> રાગાદિનો પ્રવાહ જ્યારે ક્ષીણ થાય અને અંતરાત્મા જ્યારે પ્રસન્ન થાય ત્યારે જે સ્વરૂપની પ્રાપ્તિ થાય તે જ શુદ્ધોપયોગ કહેવાય છે. <— તેનું ફળ કેવલજ્ઞાન છે. <u>જ્ઞાનાર્ણવ</u>માં જ જણાવેલ છે કે —> સર્વ કલેશથી રહિત, સ્વાભાવિક, અવિનાશી જ્ઞાનસામ્રાજ્ય તે જીવોના શુદ્ધ ઉપયોગનું ફળ છે. <— જો કે 'હું કાળો છું, ગોરો છું' આ પ્રકારની આત્મામાં અનાત્મબુદ્ધિ સ્વરૂપ અશુભ ઉપયોગની અપેક્ષાએ 'હું શરીર નથી.' - આવા પ્રકારે આત્મામાં અનાત્મભેદની બુદ્ધિ શુભ ઉપયોગ સ્વરૂપ હોવાથી નિર્વિવાદ રીતે આદરણીય = ગ્રાહ્ય છે, તેમ છતાં પણ તે (શુભ) ઉપયોગમાં આત્મામાં રહેનાર ભેદના સંબંધીરૂપે અનાત્માનું = શરીર વગેરેનું સ્ફુરણ રહેલું હોવાથી તે ઉપયોગ શુદ્ધોપયોગરૂપે માન્ય નથી. જડ એવા શરીર વગેરેનું સ્ફુરણ ન થાય તેવી જ દશામાં થનાર આત્મદર્શન શુદ્ધોપયોગરૂપે માન્ય છે. કારણ કે તેમાં મનની પ્રવૃત્તિ વિશ્રાંત થયેલી છે. આ જ નિર્વિકલ્પક સમાધિને અન્ય દર્શનકારો મહોદય, યોગ વગેરે શબ્દથી વર્ણવે છે. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> મનનો અભ્યુદય તે પોતાનો (= આત્માનો) નાશ જાણવો અને મનનો નાશ તે મહોદય જાણવો. <— *<u>ભગવદ્ગીતા</u>*માં પણ જણાવેલ છે કે —> હે પાંડુપુત્ર (અર્જુન)! જેને 'સંન્યાસ' કહે છે તેને તું 'યોગ' જાણ; કેમ કે જેણે સંકલ્પો છોડ્યાં ન હોય તેવા કોઈ યોગી હોતા નથી. <— આવું કહેવાની પાછળ આશય એ રહેલો છે કે યોગ = સંકલ્પ-વિકલ્પસંન્યાસ = મનોલય = વિચારનિવૃત્તિ. તે વખતે આત્માનુભૂતિ તો જરૂર હોય; આ વાત ખ્યાલમાં રાખવી. <u>સરસ્વતીરહસ્ય</u> ઉપનિષદ્માં તો એવું જણાવેલ છે કે —> હૃદયમાં પ્રાપ્ત થનાર સમાધિના બે પ્રકાર છે. સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પક સમાધિ. સવિકલ્પક

शब्दानुवेधेन सविकल्पः पुनर्द्विधा ॥६०॥ कामाद्याः चित्तगा दृश्याः तत्साक्षित्वेन चेतनम् । ध्यायेद् दृश्यानुविद्धोऽयं समाधिः सविकल्पकः ॥६१॥ 'असङ्गः सच्चिदानन्दः स्वप्रभो द्वैतवर्जितः अस्मी'ति शब्दविद्धोऽयं समाधि : सविकल्पकः ॥६२॥ स्वानुभूतिरसावेशाद् दृश्यशब्दोपेक्षितुः । निर्विकल्पसमाधिः स्यात् निवातस्थितदीपवत् ॥४२॥ <— इत्युक्तम् ॥२/१६॥

समाधिद्वयमेव नामान्तरेण दर्शयति —> 'आद्य' इति ।

**आद्यः सालम्बनो नाम,योगोऽनालम्बनः परः ।**
**छायाया दर्पणाभावे, मुखविश्रान्तिसन्निभः ।१७॥**

**आद्यः** शुभोपयोगरूप-सविकल्पसमाधिः **सालम्बनो नाम योग** उच्यते । **परः** = द्वितीयः शुद्धोपयोगरूपनिर्विकल्पसमाधिः **अनालम्बनो नाम योगः** कथ्यते । अशुभोपयोगपरित्यागाय शुभालम्बनमवलम्ब्य सालम्बनयोगप्रकर्षेऽनालम्बनयोगः प्रादुर्भवति । तदुक्तं **अध्यात्मसारे** —> आलम्बनैः प्रशस्तैः प्रायो भावः प्रशस्त एव यतः । इति सालम्बनयोगी मनः शुभालम्बनं दध्यात् ॥ सालम्बनं क्षणमपि, क्षणमपि कुर्यान् मनो निरालम्बम् । इत्यनुभवपरिपाकादाकालं स्यान्निरालम्बम् ॥ <— (२०/१५-१६) इति । **भगवद्गी-**

---

**સમાધિના બે ભેદ છે. દૃશ્યથી અનુવિદ્ધ સવિકલ્પ સમાધિ અને શબ્દાનુવિદ્ધ સવિકલ્પક સમાધિ. ચિત્તમાં રહેલ કામ, ક્રોધ વગેરે 'દૃશ્ય' કહેવાય છે. કામાદિ દૃશ્યભાવોના સાક્ષીરૂપે ચેતનનું જે ધ્યાન થતું હોય તે દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પક સમાધિ કહેવાય છે. "હું અસંગ છું, સચ્ચિદાનંદમય છું, સ્વાત્મક પ્રભાસ્વરૂપ છું. દ્વૈતશૂન્ય છું." — આ પ્રમાણેની વિચારધારા શબ્દાનુવિદ્ધ સવિકલ્પક સમાધિ કહેવાય છે. સ્વાનુભૂતિના રસાસ્વાદના પ્રભાવથી દૃશ્ય અને શબ્દની ઉપેક્ષા કરનાર યોગીને નિર્વિકલ્પક સમાધિ પ્રાપ્ત થાય છે. પવનશૂન્ય સ્થાનમાં રહેલ દીપકની સ્થિર જ્યોતિ સમાન નિર્વિકલ્પક સમાધિ છે. <— (૨/૧૬)**

ઉપરોક્ત બન્ને સમાધિને જ અન્ય નામ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ :- પ્રથમ = સવિકલ્પક સમાધિ સાલંબન યોગ કહેવાય છે. અને નિર્વિકલ્પક સમાધિ અનાલમ્બન યોગ કહેવાય છે. તે દર્પણનો અભાવ થતાં છાયાની = પ્રતિબિંબની મુખમાં વિશ્રાંતિ થાય તેના જેવી હોય છે. (૨/૧૭)**

## ❀ સાલંબન - નિરાલંબન યોગ ❀

**ટીકાર્થ :- પ્રથમ = શુભ ઉપયોગ સ્વરૂપ સવિકલ્પક સાલંબન નામનો યોગ કહેવાય છે. અન્ય = દ્વિતીય = શુદ્ધોપયોગ સ્વરૂપ નિર્વિકલ્પક સમાધિ અનાલંબન નામનો યોગ કહેવાય છે. અશુભ ઉપયોગના ત્યાગ માટે શુભ આલંબનનો ટેકો લઈને પ્રવર્તમાન એવો સાલંબન યોગ = સવિકલ્પક સમાધિ જ્યારે પ્રકૃષ્ટ બને છે ત્યારે અનાલંબન યોગનો પ્રાર્દુભાવ થાય છે. અધ્યાત્મસાર ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> પ્રશસ્ત આલંબનથી પ્રાયઃ પ્રશસ્ત એવા જ ભાવ થાય છે. એ કારણે સાલંબન યોગવાળા યોગી મનને શુભ આલંબનમાં રાખે. મનને ક્ષણવાર સાલંબન બનાવવું અને ક્ષણવાર નિરાલંબન કરવું - આ પ્રમાણે અનુભવદશાનો પરિપાક થવાથી મન સદા માટે નિરાલંબન થઈ જાય છે. <— ભગવદ્ગીતામાં પણ —> સંકલ્પોથી ઉત્પન્ન થયેલી સર્વ કામનાઓને સંપૂર્ણ ત્યજી મન વડે જ ઈંદ્રિયોના સમૂહને સર્વ તરફથી અંકુશમાં લઈને, ધીરજથી વશ કરેલી બુદ્ધિ વડે ધીમે ધીમે વિષયોથી અટકવું અને મનને આત્મામાં સારી રીતે સ્થિર કરી કંઈ પણ ચિંતવવું નહીં. ચંચળ તથા અસ્થિર મન જે (કારણ)થી બહાર નીકળી જાય, તે તે (કારણ)થી તેને રોકી આત્મામાં**

तायामपि —> सङ्कल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः । मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ शनैः शनैरुपरमैद् बुद्ध्या धृतिगृहीतया । आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥ (**ध्यानबिन्दूपनिषत्**-९३) यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् । ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ <— (६/२४-२५-२६) इत्येवं निरालम्बनयोगस्योत्तरवर्तित्वं तदुपायपुरस्सरमुपदर्शितम् । **षोडशकस्य योगदीपिकाभिधानायां** वृत्तावपि —> सर्वस्यापि ध्यानपरस्य योगिनोऽपरतत्त्ववशात् परतत्त्वमाविर्भवति <— (१५/६) इत्येवं सालम्बनयोगोत्तरं निरालम्बनलाभो दर्शितः । निर्विकल्पसमाधिलक्षणाऽनालम्बनयोगोपलब्धावेव तात्त्विकस्वास्थ्यलाभः सम्भवति । तदुक्तं **महोपनिषदि** —> संशान्तसर्वसङ्कल्पः प्रशान्तसकलैषणः । निर्विकल्पपदं गत्वा स्वस्थो भव मुनीश्वर ! ॥ <— (६/८२) इति ।

अनालम्बनयोगमुदाहरणद्वारा विशदयति - **दर्पणाभावे** = आदर्शविरहे **छायायाः** = प्रतिबिम्बस्य **मुखविश्रान्तिसन्निभः** = बिम्बपर्यवसानतुल्यः अनालम्बनयोगः । अयं भावः यथा दर्पणे सति बिम्बस्य मुखादेः छायोपलभ्यते दर्पणविरहे तु सा छाया बिम्बे मुखादौ विश्राम्यति तथैव दर्पणस्थानीय-परज्ञत्व-परदर्शकत्वसत्त्वे विम्बस्थानीयस्य चैतन्यमात्रलक्षणस्यात्मनः अनात्मभेदप्रकारकचिन्मयात्मबोधलक्षणा सविकल्कसमाधिस्थानीया छायोपलभ्यते । परज्ञत्व-परदर्शकत्वलक्षणौपाधिकस्वभावविरहे त्वनात्मभेदप्रकारकधीः चिन्मये आत्मनि विश्राम्यति । परमार्थतः सैवाऽवस्थोपादेया तत्साधनतयैव चान्यदिति निश्चयनयाभिप्रायः ॥२/१७॥

---

જ વશ કરવું. <— આ પ્રમાણે નિરાલંબન યોગના ઉપાય બતાવવા પૂર્વક, નિરાલંબન યોગ તે સાલંબન યોગ પછી આવનાર છે, તેવું જણાવેલ છે. <u>ષોડશક</u> પ્રકરણની <u>યોગદીપિકા</u> નામની ટીકામાં ન્યાયવિશારદજીએ —> ધ્યાનમાં મગ્ન એવા બધા જ યોગીઓને અપર તત્ત્વના સામર્થ્યથી પરતત્ત્વ પ્રગટ થાય છે. <— આવું કહેવા દ્વારા સાલંબન યોગ પછી નિરાલંબન યોગની પ્રાપ્તિ થાય છે.- તેવું જણાવેલ છે. નિર્વિકલ્પક સમાધિ સ્વરૂપ અનાલંબન યોગની પ્રાપ્તિ થાય તો જ તાત્ત્વિક સ્વસ્થતાનો લાભ સંભવે છે. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> હે મુનીશ્વર ! સર્વ સંકલ્પોને અત્યંત શાંત કરી, સઘળી ઈચ્છાઓને પ્રશાંત કરી, નિર્વિકલ્પક પદને પામી તું સ્વસ્થ થા. <—

## ❀ બિંબમાં પ્રતિબિંબનો લય ❀

**अनाल० । ગ્રંથકારશ્રી અનાલંબન યોગને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરે છે. દર્પણની ગેરહાજરીમાં પ્રતિબિંબની વિશ્રાંતિ મુખમાં થાય છે તેના જેવો અનાલંબન યોગ જાણવો. કહેવાનો મતલબ એ છે કે જેમ અરીસો હોય ત્યારે મુખ વગેરે બિંબની છાયા = પ્રતિબિંબ તેમાં ઉપલબ્ધ થાય છે. પરંતુ દર્પણની ગેરહાજરીમાં તો તે પ્રતિબિંબ બિંબમાં = મુખ વગેરેમાં સમાઈ જાય છે, તે જ રીતે દર્પણસ્થાનીય આત્માનો પરજ્ઞત્વ અને પરદર્શકત્વ સ્વરૂપ ઔપાધિક સ્વભાવ હોય ત્યારે બિંબસ્થાનીય ચૈતન્યમાત્રસ્વરૂપ આત્માની છાયા = સવિકલ્પક સમાધિસ્થાનીય અનાત્મભેદપ્રકારકચિન્મયાત્મક બોધ = 'આત્મા શરીર વગેરેથી ભિન્ન છે' આવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. પરંતુ પરજ્ઞત્વ અને પરદર્શકત્વ સ્વરૂપ ઔપાધિક સ્વભાવની ગેરહાજરીમાં અનાત્મભેદપ્રકારક બુદ્ધિ ચિન્મય આત્મામાં વિશ્રાન્ત થાય છે. પરમાર્થથી તે જ અવસ્થા આદરણીય = ગ્રાહ્ય છે અને તેમાં ઉપાયભૂત હોવાના કારણે જ સવિકલ્પક સમાધિ, ક્રિયાયોગ વગેરે ગ્રાહ્ય છે. આવો નિશ્ચય નયનો અભિપ્રાય છે. <u>(૨/૧૭)</u>**

नन्वात्मन्यनात्मभेदावगाहने कथं न शुद्धोपयोगः ? **प्रवचनसारे** तु —> देवद-जदि-गुरुपूजासु चेव दाणम्मि वा सुसीलेसु । उववासादिसु रत्तो सुहोवओगप्पगो अप्पा ॥ (१/६९) जो जाणदि जिणिंदे पेच्छदि सिद्धे तहेव अणगारे । जीवेसु साणुकंपो उवओगो सो सुहो तस्स ॥ <— (२/६५) इत्येवं शुभोपयोगप्रदर्शनेऽनात्मभेदावगाह्यात्मज्ञानस्याऽप्रदर्शनादित्याशङ्कायामाह —> 'यदि'ति ।

**यद्दृश्यं यच्च निर्वाच्यं, मननीयं च यद् भुवि ।**
**तद्रूपं परसङ्क्लिष्टं, न शुद्धद्रव्यलक्षणम् ॥१८॥**

**भुवि** = जगति **यत्** वस्तुस्वरूपं **दृश्यं** = लौकिकचाक्षुषविषयताक्रान्तं **यच्च निर्वाच्यं** = शब्दनिरूपितवाच्यतालिङ्गितं **यच्च मननीयं** = विकल्पगोचरतोपेतं **तत् रूपं** = वस्तुस्वरूपं अनात्मात्मकेन्द्रियशब्द-विकल्पगोचरतानुविद्धतया **परसङ्क्लिष्टं** = परद्रव्योपरक्तं, **न तु शुद्धद्रव्यलक्षणं** = विशुद्धात्मद्रव्यस्वरूपम् । अखण्डविशुद्धद्रव्यग्राहकनिश्चयनयेन तु तस्य वस्तुत्वमेव नास्ति । **एतेन** —> सविकल्पस्य लक्ष्यत्वे लक्ष्यस्य स्यादवस्तुता । निर्विकल्पस्य लक्ष्यत्वं न दृष्टं न च सम्भवि ॥ <— (१/४९) इति **पञ्चदशी**कृतो

---

અહીં એક સવાલ થાય છે કે 'આત્મા સર્વ જડ પદાર્થોથી ભિન્ન છે' - આ પ્રમાણે આત્મામાં અનાત્મભેદનું અવગાહન હોય ત્યારે તેને શુભ ઉપયોગ જ કેમ કહેવાય ? શુદ્ધ ઉપયોગ કેમ ન કહેવાય ? આવો પ્રશ્ન ઉપસ્થિત થવાનું કારણ એ છે કે <u>કુંદકુંદસ્વામી</u>એ <u>પ્રવચનસાર</u> ગ્રંથમાં —> દેવતા, સાધુ અને ગુરૂની પૂજામાં, તેમ જ દાનમાં અથવા સુંદર શીલમાં તથા ઉપવાસ વગેરેમાં રક્ત થયેલો આત્મા શુભ ઉપયોગવાળો છે. જે અરિહંત પરમાત્માને જાણે છે, સિદ્ધ ભગવંતોને તેમ જ સાધુ ભગવંતોને જુએ છે, જીવોની ઉપર અનુકંપાના પરિણામવાળો છે, તેવા જીવનો ઉપયોગ તે શુભોપયોગ કહેવાય છે. <— આ પ્રમાણે શુભોપયોગ બતાવવાના અવસરે અનાત્મભેદરૂપે આત્માને અવગાહન કરતાં જ્ઞાનનો તેમાં નિર્દેશ કરેલો નથી. તેથી અનાત્મભેદરૂપે આત્માને અવગાહન કરતા જ્ઞાન કે દર્શનનો શુદ્ધોપયોગરૂપે સ્વીકાર કેમ ન થાય ? આ સમસ્યાનું સમાધાન આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

<u>**શ્લોકાર્થ**</u> :- જગતમાં જે કોઈ પણ વસ્તુનું સ્વરૂપ જોઈ શકાય છે, વાણી દ્વારા જણાવાય છે, અને મન દ્વારા વિચારાય છે તે વસ્તુનું સ્વરૂપ પરદ્રવ્યથી મિશ્રિત છે, શુદ્ધદ્રવ્યસ્વરૂપ નથી. <u>(૨/૧૮)</u>

## ❖ શુદ્ધાત્માનું સ્વરૂપ ❖

<u>**ટીકાર્થ**</u> :- જગતમાં જે કોઈ પણ વસ્તુનું સ્વરૂપ દશ્ય = લૌકિક ચાક્ષુષ પ્રત્યક્ષની વિષયતાવાળું છે, અને જે કોઈ પણ શબ્દથી વાચ્ય છે, તેમ જ મનના વિકલ્પોનો વિષય બને છે તે વસ્તુનું સ્વરૂપ આત્મભિન્ન ઈન્દ્રિય, શબ્દ અને વિકલ્પથી અનુવિદ્ધ હોવાના કારણે પરદ્રવ્યથી ઉપરક્ત છે. તે વિશુદ્ધ આત્મદ્રવ્ય સ્વરૂપ નથી. અખંડ વિશુદ્ધ દ્રવ્યને ગ્રહણ કરનાર નિશ્ચય નયના મતે તો પરદ્રવ્યથી ઉપરંજિત વસ્તુ જ નથી. આવું હોવાને લીધે <u>પંચદશીમાં વિદ્યારણ્યસ્વામી</u>એ જે જણાવેલ છે કે —> સવિકલ્પાત્મક બ્રહ્મ તત્ત્વ જો વેદાંતવાક્યનું લક્ષ્ય (= વિષય) હોય તો તે બ્રહ્મ અવસ્તુ = અસત્ = કલ્પિત થઈ જશે. નિર્વિકલ્પાત્મક બ્રહ્મ વેદાંતવાક્યનું લક્ષ્ય બને એવું ક્યાંયે દેખાતું નથી તેમ જ સંભવિત પણ નથી <— તેનું પણ નિરૂપણ થઈ જાય છે. કેમ કે નિર્વિકલ્પક પરબ્રહ્મ તત્ત્વ વિકલ્પનો વિષય જ નથી.

**विद्यारण्यस्वामिनो** वचनमपि **व्याख्यातम्,** निर्विकल्पकस्य परब्रह्मतत्त्वस्य विकल्पाऽगोचरत्वात् ।

यत्तु **तत्त्वज्ञानतरङ्गिण्यां श्रीज्ञानभूषणेन** —> ज्ञेयो दृश्योऽपि चिद्रूपो ज्ञाता दृष्टा स्वभावतः । न तथाऽन्यानि द्रव्याणि ततो द्रव्योत्तमोऽस्ति सः ॥<—(१/१०) इत्युक्तं तत्तु स्वात्मक-ज्ञेयाऽभेदेन ज्ञातुः स्वात्मकदृश्याऽभेदेन च दृष्टुः चिद्रूपस्याऽऽत्मद्रव्यस्योत्तमत्वप्रतिपादनपरतया दृष्टव्यमिति न विरोधलेशोऽपि। तदुक्तं **तत्त्वज्ञानतरङ्गिण्यामेव** —> ज्ञेयं दृश्यं न गम्यं मम जगति किमप्यस्ति कार्यं न वाच्यं, ध्येयं श्रव्यं न लभ्यं न च विशदमतेः श्रेयमादेयमन्यत् । श्रीमत्सर्वज्ञवाणीजलनिधिमथनात् शुद्धचिद्रूपरत्नं, यस्माल्लब्धं मयाऽहो कथमपि विधिनाऽप्राप्तपूर्वं प्रियञ्च ॥ <— (१/१९) इति । परद्रव्याऽभानमेव श्रेय इति तात्पर्यम् । **हर्षवर्धनोपाध्यायेनापि अध्यात्मबिन्दौ** —> यद् दृश्यं तदहं नास्मि यच्चादृश्यं तदस्म्यहम्। अतोऽत्राऽऽत्मधियं हित्वा चित्स्वरूपं निजं श्रये ॥ <—(२/१८) इत्युक्तम् । ततश्चाऽऽत्मनि मूर्त्ततानभ्युपगतेति दर्शितम् । तदुक्तं **अध्यात्मसारे** —> दृशाऽदृश्यं हृदाऽग्राह्यं वाचामपि न गोचरः । स्वप्रकाशं हि यद्रूपं तस्य का नाम मूर्तता॥ <— (१८/३८) इति । शुद्धात्मद्रव्यस्य श्रवण-मनन-निदिध्यासनागोचरत्वेऽपि

---

यत्तु० । <u>જ્ઞાનભૂષણજીએ તત્ત્વજ્ઞાનતરંગિણી</u>માં —> જ્ઞેય અને દૃશ્ય એવો પણ ચિદ્રૂપ આત્મા સ્વભાવથી જ્ઞાતા અને દૃષ્ટા છે. તે પ્રકારે અન્ય દ્રવ્ય નથી. માટે આત્મદ્રવ્ય એ ઉત્તમ દ્રવ્ય છે. <— આવું જે કહેલું છે તેનું પણ તાત્પર્ય એવું જાણવું કે જ્ઞેય અભિન્ન એવો જ્ઞાતા અને દૃશ્યથી અભિન્ન એવો દૃષ્ટા ચિદ્રૂપ આત્મા એ ઉત્તમ દ્રવ્ય છે. કહેવાનો મતલબ એ છે કે પ્રસ્તુત ગ્રંથની મૂળ ગાથામાં અદૃશ્ય, અવાચ્ય, અમંતવ્ય તરીકે શુદ્ધ આત્માનો નિર્દેશ કરવો અભિમત છે. જ્યારે <u>તત્ત્વજ્ઞાનતરંગિણી</u> ગ્રંથમાં જ્ઞેય અને દૃશ્ય એવા આત્માને ઉત્તમ દ્રવ્ય તરીકે જણાવેલ છે. તેથી આ બન્ને વચ્ચે વિરોધ જેવું ભાસે છે, પરંતુ વાસ્તવમાં તે બે વચ્ચે કોઈ વિરોધ છે જ નહિ. કેમ કે યોગસિદ્ધ પુરૂષો આત્મા સિવાયની કોઈ પણ વસ્તુને જાણવાનો કે જોવાનો પ્રયત્ન કરતા નથી. તેઓ માત્ર આત્માને જ જાણવામાં (જ્ઞાન) અને જોવામાં (દર્શન) મગ્ન થયેલા હોય છે. તેથી તેઓને જ્ઞેય અને જ્ઞાતા, તેમ જ દૃશ્ય અને દૃષ્ટા એક જ બને છે. આત્મા સિવાય કોઈ પણ દ્રવ્યના ઉપરાગથી તેઓનું જ્ઞાન કે દર્શન કલંકિત હોતું નથી. તેથી તેઓનું શુદ્ધ થયેલું આત્મદ્રવ્ય એ જ ઉત્તમ દ્રવ્ય છે. એવું <u>તત્ત્વજ્ઞાનતરંગિણી</u>નું તાત્પર્ય માનવું યોગ્ય છે. માટે જ તે ગ્રંથમાં જણાવેલ છે કે —> નિર્મળ બુદ્ધિવાળા એવા મારા માટે જગતમાં અન્ય કોઈ પણ વસ્તુ જ્ઞેય નથી, દૃશ્ય નથી, ગમ્ય નથી, કાર્ય નથી, વાચ્ય નથી, ધ્યેય નથી, શ્રોતવ્ય નથી, લભ્ય નથી, કલ્યાણકારી નથી અને ગ્રાહ્ય નથી. કારણ કે શ્રીમદ્ સર્વજ્ઞવાણીરૂપી સમુદ્રનું મંથન કરવાથી વિધિપૂર્વક મને શુદ્ધ ચિત્તસ્વરૂપ રત્ન પ્રાપ્ત થયેલું છે કે જે કોઈ પણ રીતે પૂર્વે મળેલું નથી અને પ્રિય છે. <— આવું કહેવા દ્વારા <u>જ્ઞાનભૂષણજી</u>નું તાત્પર્ય એવું છે કે પરદ્રવ્યનું ભાન ન થાય તે જ આત્માને માટે કલ્યાણકારી છે. <u>હર્ષવર્ધન ઉપાધ્યાયજીએ અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જે દેખાય છે તે હું નથી, અને જે નથી દેખાતો તે હું છું. તેથી દૃશ્ય એવા આ શરીરમાં આત્મબુદ્ધિ છોડીને જ્ઞાનસ્વરૂપ એવા મારા આત્માનું શરણ હું સ્વીકારૂં છું <—તેથી આત્મામાં મૂર્તતા માન્ય નથી એવું પણ સ્પષ્ટ થાય છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં દર્શાવેલ છે કે —> જે આંખથી દેખાતું નથી, હૃદયથી = અંતઃકરણથી સમજી શકાતું નથી, અને વાણીનો પણ જે વિષય નથી, એવું જે સ્વપ્રકાશાત્મક આત્મસ્વરૂપ છે તેને કઈ મૂર્તતા હોય ? અર્થાત્ ન જ હોય. <—

સ્વદર્શન અને પરદર્શનના અનેક ગ્રંથોમાં મોક્ષલક્ષિતાને સૂચવનારા એવા વાક્યો મળે છે કે "આત્માને

तच्छ्रवण-मननादिविधानस्य स्व-परतन्त्रेषूपलब्धतया दीर्घकाल-नैरन्तर्य सत्काराऽऽसेवितैरात्मगोचरैः श्रवण-मननादिभिः कालपरिपाकवशा-दात्मनोऽतीन्द्रियादृश्यानिर्वचनीयामननीय-विशुद्धस्वरूपमपरोक्षतयाऽनुभूयते । तदेव च शुद्धोपयोगरूपेणा-त्राभिमतम् । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा साक्षादनुभवन्ति ये । तत्त्वं न बन्धधीस्तेषामात्माऽबन्धः प्रकाशते ॥ <— (१८/१७७) इत्युक्तमित्यवधेयम् ॥२/१८॥

अत्रैवाऽऽगमसंवादमाविष्करोति —> 'अपदस्ये'ति ।

**अपदस्य पदं नास्तीत्युपक्रम्यागमे ततः ।**
**उपाधिमात्रव्यावृत्त्या प्रोक्तं शुद्धात्मलक्षणम् ॥१९॥**

**ततः** = अनात्मोपरक्तस्य शुद्धात्मद्रव्यस्य विरहात् **अपदस्य** = अनामिन आत्मनः वाचकं **पदं** = नाम **नास्ति इति उपक्रम्य** = आरभ्य **उपाधिमात्रव्यावृत्त्या** = शब्दवाच्यत्वलक्षणांशिकोपाधितोऽपि रहिततया **शुद्धात्मलक्षणं आगमे** = आचाराङ्गे प्रोक्तम् । तदुक्तं तत्र —> सव्वे रसा नियट्टंति तक्का

---

જ જોવો, જાણવો, વિચારવો...'' પરંતુ શુદ્ધ આત્મદ્રવ્ય ઈંદ્રિયજન્યપ્રત્યક્ષ કે ચિંતન વગેરેનો વિષય નથી, છતાં પણ સાધક પાસે વર્તમાનમાં ઉપલબ્ધ ઈંદ્રિય અને મન વડે દઢતાપૂર્વક દીર્ઘકાળ સુધી આદરસહિત આત્માને જ જોવા, જાણવા અને સમજવાનો પ્રયત્ન કરવાથી કાળક્રમે આત્માના અતીન્દ્રિય, અદૃશ્ય, અનિર્વચનીય, અમનનીય એવા વિશુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. આ જ નિર્વિકલ્પક શુદ્ધ ઉપયોગ છે. આ જ અભિપ્રાયથી <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> વારંવાર સાંભળીને, વારંવાર વિચારીને, વારંવાર યાદ કરીને જેઓ આત્મતત્ત્વને સાક્ષાત્ અનુભવે છે. તેઓને '' હું બંધાઉં છું.'' - આ પ્રમાણે આત્મામાં કર્મબંધની બુદ્ધિ થતી નથી. કારણ કે તે યોગીઓને કર્મબંધશૂન્યપણાથી આત્માનો પ્રકાશ = સાક્ષાત્કાર થાય છે. <— આ વાત ખ્યાલમાં રાખવી. <u>(૨/૧૮)</u>

પ્રસ્તુત વાતમાં જ આગમના સંવાદને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- તેથી ''પદરહિત આત્માનું કોઈ પદ નથી.'' આ પ્રમાણે ઉપક્રમ કરીને આગમમાં ઉપાધિમાત્રની વ્યાવૃત્તિથી શુદ્ધ આત્માનું લક્ષણ જણાવેલ છે. <u>(૨/૧૯)</u>

## ❋ અનામીનું નામ નથી ❋

<u>**ટીકાર્થ**</u> :- અનાત્માથી ઉપરક્ત = જડ પદાર્થથી કોઈ પણ શુદ્ધ આત્મદ્રવ્ય રંગાયેલ નથી. માટે અનામી એવા આત્માનું વાચક કોઈ નામ નથી. આ પ્રમાણે ઉપક્રમ = શરૂઆત કરીને શબ્દવાચ્યત્વસ્વરૂપ આંશિક ઉપાધિથી પણ રહિતરૂપે શુદ્ધ આત્માનું લક્ષણ <u>આચારાંગ</u> નામના આગમમાં જણાવેલ છે. <u>આચારાંગ</u>ના પાંચમા અધ્યયનમાં કહેલું છે કે —> શુદ્ધ આત્મદ્રવ્યમાં શબ્દની પ્રવૃત્તિ હોતી નથી. કારણ કે શુદ્ધ આત્માની એવી કોઈ પણ અવસ્થા નથી કે જે શબ્દ દ્વારા જણાવી શકાય. તેથી આત્માને આશ્રયીને સર્વ સ્વરો = શબ્દો પાછા ફરે છે. અર્થાત્ આત્મસંલગ્ન વાચ્ય-વાચકભાવમાં શબ્દો પ્રવર્તતા નથી. તે આ મુજબ : અર્થનું પ્રતિપાદન કરવામાં પ્રવર્તતા શબ્દો રૂપ, રસ, ગંધ કે સ્પર્શમાંથી કોઈ પણ વિષયનું સંકેત કાળમાં ભાન કરીને તેમાં કે તેને તુલ્ય એવા પદાર્થમાં પ્રવૃત્તિ કરે છે. પરંતુ શબ્દ વગેરેનું રૂપ, રસ વગેરે સ્વરૂપ પ્રવૃત્તિનિમિત્ત આત્મામાં નથી. તેથી શુદ્ધ આત્મદ્રવ્ય સ્વરૂપ મોક્ષ અવસ્થા શબ્દ દ્વારા જણાવી શકાતી નથી. એટલું જ કેવળ નથી પરંતુ એની વિચારણા પણ કરવી સંભવિત નથી. કારણ કે તે તર્કનો પણ વિષય નથી. તેમાં બુદ્ધિ (= મનોવ્યાપાર વિશેષ) પણ પ્રવૃત્તિ ન કરી શકે; કારણ કે મોક્ષ અવસ્થા

जत्थ न विज्जइ, मइ तत्थ न गाहिया ओए अप्पईट्ठाणस्स खेयन्ने, से न दीहे, न हस्से, न वट्टे, न तंसे, न चउरंसे, न परिमंडले, न किण्हे, न नीले, न लोहिए, न हालिद्दे, न सुक्किल्ले, न सुरभिगंधे, न दुरभिगंधे, न तित्ते, न कडुए, न कसाए, न अंबिले, न महुरे, न कक्खडे, न मउए, न गरुए, न लुहए, न उण्हे, न निद्धे, न लुक्खे, न काऊ, न रुहे, न संगे, न इत्थी, न पुरिसे, न अन्नहा, परिन्ने, सन्ने, उवमा न विज्जए, अरूवी सत्ता अपयस्स पयं नत्थि <— (५/६/१७१-१७२) । तदर्थ-लेशस्त्वेवम् —> शुद्धात्मद्रव्ये न शब्दानां प्रवृत्तिः । न चाऽऽत्मनः शुद्धस्य सा काचिदवस्थाऽस्ति या शब्दैरभिधीयेत । तस्मात् सर्वे स्वराः तस्मात् निवर्तन्ते, तद्वाच्यवाचकसम्बन्धे न प्रवर्तन्ते । तथाहि शब्दाः प्रवर्तमाना रूप-रस-गन्ध-स्पर्शानामन्यतमे विशेषे सङ्केतकालगृहीते तत्तुल्ये वा प्रवर्तेरन् । न चैतत्तत्र शब्दानां प्रवृत्तिनिमित्तमस्ति । अतः शब्दानभिधेया शुद्धात्मद्रव्यलक्षणा मोक्षावस्था । न केवलं शब्दानभिधेया किन्तूत्प्रेक्षणीयाऽपि न सम्भवति, तर्काऽगोचरत्वात् । मनोव्यापारविशेषोऽपि नावगाहते, मोक्षावस्थायाः सकलविकल्पातीत्वात् । ओजः = एकोऽशेषमलकलङ्काङ्करहितः । अप्रतिष्ठानस्य = मोक्षस्य खेदज्ञः = निपुणः । न दीर्घत्व-ह्रस्वत्वादियुक्तः । मुक्तात्मनः तत्सुख-ज्ञानयोर्वोपमा न विद्यते लोकातिगत्वात् । किञ्च न विद्यते पदं = अवस्थाविशेषः यस्य सोऽपदः तस्य पदं = अभिधानं नास्ति, वाच्यविशेषाभावात् । तथाहि- योऽभिधीयते स शब्द-रूप-गन्ध-रस-स्पर्शान्यतरविशेषेणाभिधीयते, तस्य च तदभाव इति <— । परेषामपीदमभीष्टम् । तदुक्तं **योगतत्त्वोपनिषदि** —> अनिर्वाच्यपदं वक्तुं न शक्यं तैः सुरैरपि । स्वात्मप्रकाशरूपं तत् किं शास्त्रेण प्रकाश्यते ॥७॥ <— इति । **कण्ठरुद्रोपनिषदि** अपि —> यतो वाचो निवर्तन्ते निमित्तानामभावतः । निर्विशेषपरानन्दे कथं शब्दः प्रवर्तते ॥२६॥ <— इत्युक्तम् । तदुक्तं

---

**સકળ વિકલ્પથી રહિત છે. શુદ્ધ આત્મા એક છે, સર્વ કર્મમલકલંકના ચિહ્નથી રહિત છે, મોક્ષને અનુભવવામાં નિપુણ = મોક્ષમય = મોક્ષાનુભૂતિસ્વરૂપ છે, તે દીર્ઘ નથી, હ્રસ્વ નથી, વર્તુલાકાર નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી, પરિમંડલ નથી, શ્યામ નથી, નીલ નથી, રક્ત નથી, પીળો નથી, શ્વેત નથી, સુગંધી નથી, દુર્ગંધી નથી, કડવો નથી, તીખો નથી, તુરો નથી, ખાટો નથી, મીઠો નથી, કર્કશ નથી, મૃદુ નથી, ભારે નથી, હલકો નથી, ગરમ નથી, ઠંડો નથી, સ્નિગ્ધ નથી, રૂક્ષ નથી, કાયા નથી, (તેને) સંગ = સંયોગ નથી, તે સ્ત્રી નથી, તે પુરૂષ નથી, તે નપુંસક નથી, તે પરિજ્ઞાનયુક્ત છે, સંજ્ઞાનસહિત છે, મુક્તાત્મામાં કે તેના સુખ અને જ્ઞાનની કોઈ ઉપમા વિદ્યમાન નથી, કારણ કે તે લોકાતીત = લોકોત્તર છે. લોકોત્તર પદાર્થને વાસ્તવમાં કોઈક લૌકિક ઉપમા આપીને કોઈની જોડે સરખાવી ન શકાય વળી, તે અરૂપી છે, શુદ્ધ સત્તા સ્વરૂપ છે. તેમ જ પદ = વિશિષ્ટ અવસ્થા આત્માની નથી, તેથી આત્મા અપદ છે. અપદ એવા આત્માનું કોઈ નામ નથી, કારણ કે તેમાં શબ્દવાચ્ય કોઈ પણ અવસ્થા નથી રહેતી. તે આ પ્રમાણે :- શબ્દ દ્વારા જેનું પણ પ્રતિપાદન થાય છે તે શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શમાંથી કોઈ પણ વિશેષ ગુણધર્મને આગળ કરીને થાય છે, અને આત્મામાં તો તેવો કોઈ ગુણધર્મ રહેતો નથી. તેથી અનામી એવા આત્માનું કોઈ નામ નથી. <—અન્યદર્શનકારોને પણ આ વાત માન્ય છે. <u>યોગતત્ત્વોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> સ્વાત્મપ્રકાશ સ્વરૂપ તે અનિર્વચનીય પદનું દેવતાઓ પણ વર્ણન કરવા શક્તિમાન નથી તો શાસ્ત્ર વડે તેનો પૂર્ણ પ્રકાશ કેવી રીતે શક્ય હોય ? <—<u>કંઠરૂદ્રોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> પદપ્રવૃત્તિના નિમિત્તો વગેરે ન હોવાના કારણે જેનાથી વાણી પાછી ફરે છે તે નિર્વિશેષ, પ્રકૃષ્ટ આનંદ સ્વરૂપ પરતત્ત્વમાં શબ્દ**

**ज्ञानार्णवे**ऽपि —> अवाग्गोचरमव्यक्तमनन्तं शब्दवर्जितम् । अजं जन्मभ्रमातीतं निर्विकल्पं विचिन्तयेत् ॥ <— (३१/३३) इति । ततश्चांशतोऽपि परद्रव्य-गुण-पर्यायलक्षणोपाधिसम्पर्कः शुद्धात्मद्रव्ये शुद्धनिश्चयनयेन नास्तीति फलितम् ॥२/१९॥

अत्रैव परतन्त्रसंवादमाविष्करोति —> **'यत'** इति ।

**यतो वाचो निवर्तन्ते ह्य(अ)प्राप्य मनसा सह ।**
**इति श्रुतिरपि व्यक्तमेतदर्थानुभाषिणी ॥२०॥**

**यतः** परब्रह्मणः सकाशात् **वाचः** श्रुतिरूपा अपि **मनसा** = अन्तःकरणेन **सह** = सार्धं **निवर्तन्ते** । 'ताश्च प्रतिपाद्यत्वेनाभिमतं विषयं संप्राप्य तत्प्रतिपादनेन कृतकृत्याः सत्यो निवृत्ता स्युः' इति कल्पनाव्यावृत्तय उक्तं 'अप्राप्य' इति । परं ब्रह्म हि वाचा वदितुं न शक्यते मनसा च चिन्तयितुं न शक्यत इति **तैत्तिरीयोपनिषद्** (२/४/१) **ब्रह्मोपनिषत्** (२२)-**शाण्डिल्योपनिषद्** (२/१) वचनतात्पर्यार्थः **सिद्धान्तबिन्दुवृत्तौ वासुदेवशास्त्रिणा** व्यक्तीकृतः । **इति** = निरुक्तस्वरूपा **तैत्तिरीयोपनिषदादिका श्रुतिः अपि व्यक्तं** = स्पष्टं **एतदर्थानुभाषिणी** = शब्द-तर्क-विचारागोचराऽऽत्मतत्त्वानुवादिनी । उपलक्षणात् —> 'न विज्ञातेर्विज्ञातारं विजानीयाः <— (३/४/२) इति **बृहदारण्यकोपनिषद्**वचनमप्यत्र संवादित्वे-

કેવી રીતે પ્રવૃત્ત થાય ? <— તથા <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> શબ્દાતીત, અવ્યક્ત, અનંત, શબ્દસંપર્કશૂન્ય, નિત્ય, જન્મની ભ્રમણાઓથી રહિત એવા નિર્વિકલ્પક પરતત્ત્વનું વિશેષ પ્રકારે ચિંતન-મનન સાધકે કરવું જોઈએ. <— તેથી ફલિત થાય છે કે શુદ્ધ આત્મદ્રવ્યમાં શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ આંશિક પણ ઉપાધિનો = પર દ્રવ્ય-ગુણ-પર્યાયનો = વિભાવદશાનો સંપર્ક રહેતો નથી. <u>(૨/૧૯)</u>

પ્રસ્તુત વિષયમાં જ પરદર્શનના સંવાદને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>શ્લોકાર્થ</u> :- "જેને પામ્યા વિના વાણી પણ મનની સાથે એનાથી પાછી ફરે છે." આ પ્રમાણે શ્રુતિ = ઉપનિષદ્ પણ સ્પષ્ટ રીતે ઉપરોક્ત અર્થનું જ પ્રતિપાદન કરે છે. <u>(૨/૨૦)</u>

## ❀ વાણી અને વિચારનો અવિષય પરબ્રહ્મ ❀

<u>ટીકાર્થ</u> :- પરબ્રહ્મ પાસેથી વેદ-ઉપનિષદ્ સ્વરૂપ વાણી પણ મનની સાથે પાછી ફરે છે. —> જેમ પોતાના પ્રતિપાદ્યરૂપે અભિમત એવા વિષયને પ્રાપ્ત કરીને વાણી તેનું પ્રતિપાદન કરીને કૃતકૃત્ય થઈ નિવૃત્ત થાય છે તેમ પરબ્રહ્મનું પ્રતિપાદન કરીને કૃતકૃત્ય બનેલ વેદ અને ઉદનિષદ્ સ્વરૂપ વાણી પણ પાછી ફરે છે, એવું માની શકાય છે. <— આવી શંકાનું નિરાકરણ કરવા માટે <u>બ્રહ્મોપનિષદ્, શાંડિલ્યોપનિષદ્</u> અને <u>તૈત્તિરીયોપનિષદ્</u> વગેરેના ઉપરોક્ત વચનમાં 'अप्राप्य' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. મતલબ કે "પરબ્રહ્મ તત્ત્વ વાણી દ્વારા બોલી શકાતું નથી અને મન દ્વારા વિચારી શકાતું નથી - આ પ્રમાણે તૈત્તિરીય ઉપનિષદ્‌ના વચનનો તાત્પર્યાર્થ છે." આવો અર્થ <u>સિદ્ધાન્તબિંદુ</u>ની ટીકામાં <u>વાસુદેવ શાસ્ત્રી</u>એ વ્યક્ત કરેલો છે. ઉપરોક્ત <u>તૈત્તિરીય ઉપનિષદ્</u> પણ સ્પષ્ટ રીતે એવું જણાવે છે કે - વિશુદ્ધ આત્મતત્ત્વ એ શબ્દ, તર્ક અને વિચારનો વિષય બની ન શકે. આમ આગળના શ્લોકમાં આચારાંગનો સાક્ષી પાઠ આપીને જે વાત કરી હતી તે વાતનું સમર્થન કરતી શ્રુતિનો નિર્દેશ કરીને તે વાતને ગ્રંથકારશ્રીએ દૃઢ કરી છે. ઉપલક્ષણથી <u>બૃહદ્આરણ્યક ઉપનિષદ્</u>નું વચન પણ પ્રસ્તુતમાં સંવાદી રૂપે જાણવું. ત્યાં જણાવેલ છે કે —> વિજ્ઞાતા એવા આત્માને લૌકિક બુદ્ધિથી જાણી શકાતો નથી <— આશય

नावगन्तव्यम् । 'विज्ञातेः = लौकिक्या बुद्धेः विज्ञातारं आत्मानं न विजानीयात् । विशुद्ध आत्मा नेन्द्रियसन्निकर्ष-व्याप्तिज्ञान-पदज्ञान-सादृश्यज्ञानजन्यज्ञानैः ज्ञातुं शक्यते' इति भावः । —> 'एतदप्रमेयम्' <— (४/४२०) इति **बृहदारण्यक**वचनमप्यत्रैव पर्यवस्यति । —> यन् मनसा न मनुते येनाऽऽहुर्मनो मतम् । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ <— (१/५) इति **केनोपनिषद्**वचनमप्यात्मनो मनोऽगोचरत्वमाविष्करोति ॥ २/२०॥

प्रकृतमेव समर्थयति —> '**अती**'ति ।

**अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।**
**शास्त्रयुक्तिशतेनापि, नैव गम्यं कदाचन ॥२१॥**

**परं** = विशुद्धं **ब्रह्म** = आत्मतत्त्वं **अतीन्द्रियं** = इन्द्रियाऽगम्यम्, अमूर्त्तत्वात् । तदुक्तं **उत्तराध्ययने** —> नो ईंदियगिज्झु, अमुत्तभावा <— (१४/१९) । **विशुद्धानुभवं** = अनात्मानुपरक्तापरोक्षानुभूतिं **विना शास्त्रयुक्तिशतेनाऽपि** = शुद्धात्मद्रव्यप्रतिपादकशास्त्र-तर्कयुक्तीनां सहस्रेणाऽपि, स्तोकसङ्ख्यानां शास्त्राणां तु का कथेत्यपिशब्दार्थः, तद् ब्रह्म **कदाचन** = कदाचिदपि क्वचिदपि केनाऽपि **नैव, गम्यं** = ज्ञातुं शक्यं, तत्सामर्थ्यविरहात् ।

**ज्ञानसारे**ऽपि —> अतीन्द्रियं परं ब्रह्म विशुद्धानुभवं विना । शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद् बुधा

એ છે કે ઈન્દ્રિયસંન્નિકર્ષ, વ્યાપ્તિજ્ઞાન, પદજ્ઞાન અને સાદશ્યજ્ઞાનથી જન્ય એવી બુદ્ધિથી આત્મા જાણી શકાતો નથી. "આત્મા અપ્રમેય છે." આવું બૃહદ્આરણ્યકનું વચન પણ પ્રસ્તુત અર્થમાં જ વિશ્રાંત થાય છે. —> મન દ્વારા જે જાણી શકાતું નથી અને જેના દ્વારા મન જાણી શકાય છે તે જ બ્રહ્મતત્ત્વ છે એવું તું જાણ. (સ્તુતિ વગેરે સ્વરૂપ વાણી, અને વંદન, પૂજન વગેરે ક્રિયા, અને જપ, ચિંતન વગેરે સ્વરૂપ વિચાર દ્વારા) જેની આ ઉપાસના કરાઈ રહેલ છે તે પરબ્રહ્મ નથી. <—આ પ્રમાણે કેનોપનિષદ્નું વચન પણ 'આત્મા મનનો વિષય નથી' એવું પ્રગટ કરે છે. (૨/૨૦)

પ્રસ્તુત વાતનું જ ગ્રંથકારશ્રી સમર્થન કરે છે.

**શ્લોકાર્થ** :- પરબ્રહ્મ અતીન્દ્રિય છે. વિશુદ્ધ અનુભવ વિના, સેંકડો શાસ્ત્રથી કે તર્કથી તેને ક્યારેય પણ જાણી શકાતું નથી. (૨/૨૧)

## ❀ પરબ્રહ્મ અતીન્દ્રિય ❀

**ટીકાર્થ** :- વિશુદ્ધ આત્મતત્ત્વ અતીન્દ્રિય છે. અર્થાત્ ઈન્દ્રિયનો વિષય નથી. કારણ કે તે અમૂર્ત્ત છે. ઉત્તરાધ્યાયનસૂત્રમાં જણાવેલ છે કે —> આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય નથી, કારણ કે તે અમૂર્ત પદાર્થ છે. <— જડ પદાર્થના લેશ પણ ઉલ્લેખ વગરની અપરોક્ષાનુભૂતિ વિના સેંકડો શાસ્ત્ર કે યુક્તિ દ્વારા પણ પરબ્રહ્મ ક્યારેય પણ, ક્યાંય પણ, કોઈના પણ વડે જાણવું શક્ય જ નથી. કારણ કે તેમાં તેનું સામર્થ્ય નથી રહેલું, ભલે ને શાસ્ત્ર કે તર્ક, વિશુદ્ધ આત્મદ્રવ્યનું પ્રતિપાદન કરવા કટિબદ્ધ રહેલા હોય. મૂળ ગાથામાં 'अपि' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે સેંકડો શાસ્ત્રો કે હજારો યુક્તિઓ દ્વારા પણ વિશુદ્ધ આત્મા જાણી શકાતો નથી; તો પછી થોડા ઘણાં શાસ્ત્રો કે યુક્તિઓની તો શું વાત કરવી ? જ્ઞાનસારમાં પણ જણાવેલ છે કે —> વિશુદ્ધ અનુભવ વિના સેંકડો શાસ્ત્ર કે યુક્તિથી પણ પરબ્રહ્મ જાણી શકાતું નથી, એમ પંડિતો કહે છે. <—

जगुः ॥ <— (२६/३) इत्युक्तम् ।

**मज्झिमनिकाये**ऽपि —> निब्बानं अज्झगम्मं <— (२६) इत्येवमुक्तम् । अत एव विशुद्धानुभवे यतितव्यम् । तदुक्तं **ज्ञानार्णवे** —> निर्विकल्पं मनस्तत्त्वं न विकल्पैरभिद्रुतम् । निर्विकल्पमतः कार्यं सम्यक् तत्त्वस्य सिद्धये ॥ <— (३२/४०) इति ।

**नन्वे**वमात्मन आगमवाद-हेतुवादाविषयत्वे प्राक् (१/९) अतीन्द्रियाणामर्थानां सत्ता-स्वरूपयोः निश्चयाय आगमोपपत्त्योः साधनत्वमाविष्कृतं तत् कथं सङ्गच्छत इति **चेत् ? सत्यम्,** अतीन्द्रियार्थानां सत्ता-सामान्य-स्वरूपयोरागमोपपत्तिभ्यां निश्चयेऽपि आत्मनः शुद्धस्वरूपमन्यानुपरक्तं न जातु शास्त्र-युक्त्योर्विषय इत्येतदेव प्रतिपादनमत्रेष्टम्, अन्यसंश्लिष्टमेवात्मस्वरूपं शास्त्र-युक्त्योर्विषयः । न चैवमागमानादरप्रसङ्गः, 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहते' इति न्यायेन सदागमप्रवृत्तौ तदुत्तरकाले शुद्धात्मतत्त्वाविर्भावात् । शुद्धात्मस्वरूपविषयकापरोक्षानुभवालाभे शुद्धागम-सद्युक्तिज्ञानस्य भ्रमत्वेऽपि संवादित्वेन शुद्धात्मतत्त्वप्रापकत्वादुपादेयता, मण्यदर्शने मणिप्रभायां मणिप्रापकमणिबुद्धिवत् । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> मणिप्रभा-मणिज्ञानन्यायेन शुभकल्पना । वस्तुस्पर्शितया न्याय्या यावन्नानञ्जनप्रथा ॥ <— (१८/१२९) इत्युक्तम्

---

**<u>મજ્ઝિમનિકાય</u> (મધ્યમનિકાય) નામના બૌદ્ધ ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> નિર્વાણ આત્મગમ્ય = અનુભવગમ્ય છે. <— માટે જ વિશુદ્ધ અનુભવને વિશે પ્રયત્ન કરવો જોઈએ. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> નિર્વિકલ્પક એવું અંતઃકરણતત્ત્વ વિકલ્પો દ્વારા વ્યક્ત થતું નથી. માટે તત્ત્વની સિદ્ધિ માટે સમ્યક્ પ્રકારે મનને નિર્વિકલ્પક કરવું <—**

**નનુ૦ । અહીં એવી શંકા થાય કે —> ઉપરોક્ત પ્રતિપાદન મુજબ જો આત્મા અતીન્દ્રિય હોવાથી આગમવાદ કે હેતુવાદનો વિષય ન બને તો પછી પૂર્વે (૧-૯) જે જણાવી ગયા કે "અતીન્દ્રિય વિષયોના અસ્તિત્વ અને સ્વરૂપના નિશ્ચય માટે આગમ અને યુક્તિ સાધન છે" તે વાત કેવી રીતે સંગત થશે ? <— તો તેના સમાધાનમાં એમ જાણવું કે અતીન્દ્રિય વિષયોના અસ્તિત્વનો અને સામાન્ય સ્વરૂપનો આગમ-શાસ્ત્ર અને યુક્તિ દ્વારા નિશ્ચય થાય છે, એવું અમે પૂર્વે જણાવી ગયા તે વાત સત્ય છે. પરંતુ જડ પદાર્થથી અસંશ્લિષ્ટ એવું આત્માનું શુદ્ધ સ્વરૂપ ક્યારેય પણ શાસ્ત્ર કે યુક્તિનો વિષય બનતું નથી- આવું પ્રતિપાદન કરવું જ પ્રસ્તુત શ્લોકમાં અભિમત છે. શબ્દ વગેરે જડ પદાર્થથી રંગાયેલું અશુદ્ધ આત્મસ્વરૂપ જ શાસ્ત્ર કે યુક્તિનો વિષય છે. શાસ્ત્રજ્ઞેય સ્વરૂપ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી પણ અશુદ્ધ સ્વરૂપ છે. આવું હોવા છતાં પણ આગમપ્રમાણ અનાદરણીય બનવાનો પ્રસંગ નહિ આવે. કેમ કે "અશુદ્ધ માર્ગમાં રહીને ત્યાંથી શુદ્ધ માર્ગને મુસાફર ઈચ્છે છે." આવા પૂર્વોક્ત ન્યાયથી આગમને અનુસારે પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પછીના કાળમાં શુદ્ધ આત્મતત્ત્વ પ્રગટ થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપનું અવગાહન કરનાર અપરોક્ષ અનુભવ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તો કષ-છેદ-તાપ પરીક્ષાથી શુદ્ધ અને સદ્યુક્તિ દ્વારા આત્માનું જે જ્ઞાન થાય છે તે આત્માના અશુદ્ધ સ્વરૂપનું અવગાહન કરતું હોવાના કારણે ભ્રમાત્મક હોવા છતાં પણ તે સંવાદી હોવાને લીધે વિશુદ્ધ આત્મતત્ત્વનું પ્રાપક હોવાથી આદરણીય અને ગ્રાહ્ય છે. જેમ તેજસ્વી મણિ ખોખા વગેરેની પાછળ રહેલો હોવાના કારણે દેખાતો ન હોય પરંતુ તેની પ્રભા = કાન્તિ દેખાતી હોય તેવી સ્થિતિમાં દૂર રહેલ વ્યક્તિને થનારી, મણિપ્રભામાં "આ મણિ છે." એવી બુદ્ધિ, ભ્રમાત્મક હોવા છતાં પણ મણિપ્રાપક હોવાના કારણે ઉપાદેય છે. આવા જ અભિપ્રાયથી <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> મણિપ્રભામાં મણિની બુદ્ધિ થાય છે તે દૃષ્ટાંતથી શુભકલ્પના વસ્તુસ્પર્શી હોવાના કારણે ત્યાં સુધી ઉચિત છે, જ્યાં સુધી જડવસ્તુના ઉલ્લેખથી શૂન્ય આત્મતત્ત્વની અનુભૂતિ થતી નથી. <— ભ્રમના બે પ્રકાર છે. (૧) વિસંવાદી ભ્રમ અને (૨) સંવાદી ભ્રમ.**

भ्रम-द्वैविध्यन्तु —> दीपप्रभामणिभ्रान्तिर्विसंवादिभ्रमः स्मृतः । मणिप्रभामणिभ्रान्तिः संवादिभ्रम उच्यते ॥ <— ( ) इत्येवमवसेयम् । **धर्मकीर्त्तिना प्रमाणवार्तिके विद्यारण्येन** च **पञ्चदश्यां** —> मणि-प्रदीपप्रभयोर्मणिबुद्ध्याऽभिधावतोः । मिथ्याज्ञानाऽविशेषेऽपि विशेषोऽर्थक्रियां प्रति ॥ <— (प्र.वा.२/५७ - पं.द.९/२) इत्येवमुक्तमत्रानुसन्धेयम् । यद्वा 'आत्मा न रूपी, न मूर्त्तः, नेन्द्रियग्राह्यः, न जड' इत्यादिरूपेण व्यतिरेकमुखतः शास्त्रादिभिरात्मस्वरूपप्रतिपादनेऽपि कात्स्न्येंनान्वयमुखतः स्वलक्षणात्मकमात्मस्वरूपं नैव जातुचिच्छास्त्रादिगोचर इत्यवधेयम् ॥२/२१॥

ज्ञानसारगतश्लोकचतुष्काभिन्नश्लोकचतुष्टयेनोक्तमेवार्थं प्रतिपादयति —> **'केषामि'**ति ।

**केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।**
**विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ॥२२॥**

**शास्त्रक्षीरान्नगाहिनी** = आगमात्मकपायसभोजनविलोडिनी **कल्पनादर्वी** = तत्त्वास्पर्शितर्कविचार-रचनात्मिका गोजिह्वाकृतिकाष्ठनिर्मिता चटुका केषां पण्डितानां न विद्यते ? अपि तु भूयसामित्यर्थः ।अत्रैव विशेषं विद्योतयति - **अनुभवजिह्वया** = स्वसंवेदनरसनया **तद्रसास्वादविदः** = शास्त्रलक्षणपायसरसस्थानीय-विशुद्धात्मद्रव्यस्वरूपगोचरापरोक्षानुभवकारिणस्तु **विरलाः** = स्तोकाः रत्नवणिजवत् । अन्यत्रापि —> वे-

દીપકની પ્રભામાં મણિની ભ્રાન્ત બુદ્ધિ તે વિસંવાદી ભ્રમ કહેવાય છે. મણિપ્રભામાં મણિની ભ્રાન્તિ તે સંવાદી ભ્રમ કહેવાય છે. પ્રથમ ભ્રમ દ્વારા મણિની પ્રાપ્તિ શક્ય નથી, જ્યારે બીજા ભ્રમને અનુસરીને પ્રવૃત્તિ કરતાં મણિની પ્રાપ્તિ શક્ય છે. <u>ધર્મકીર્તિ</u> નામના બૌદ્ધ વિદ્વાને <u>પ્રમાણવાર્તિક</u> ગ્રંથમાં તથા <u>વિદ્યારણ્યસ્વામી</u> નામના વેદાંતી વિદ્વાન દ્વારા રચિત <u>પંચદશી</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> મણિની પ્રભામાં મણિની બુદ્ધિ અને દીપકની પ્રભામાં મણિની બુદ્ધિ તુલ્યરૂપે મિથ્યાજ્ઞાનરૂપ છે. છતાં પણ તે બન્ને જ્ઞાનને અનુસરીને દોડનાર વ્યક્તિને અર્થક્રિયામાં ભેદ જરૂર પડે છે. એકને મણિની પ્રાપ્તિ થાય છે, બીજાને થતી નથી. <—આ વાતનું અહીં અનુસંધાન કરવું. અથવા એમ પણ કહી શકાય કે 'આત્મા રૂપી નથી, મૂર્ત્ત નથી, ઈન્દ્રિયગ્રાહ્ય નથી, જડ નથી...' આ પ્રમાણે વ્યતિરેકમુખે આત્માનું સ્વરૂપ શાસ્ત્ર વગેરે દ્વારા જણાવી શકાય છે. પરંતુ સંપૂર્ણપણે અન્વયમુખે સ્વલક્ષણાત્મક (સર્વ પદાર્થોથી તદ્દન વિલક્ષણ) આત્મસ્વરૂપ કયારેય પણ શાસ્ત્ર વગેરેનો વિષય નથી જ બનતું. તે તો વિશુદ્ધ આત્માનુભવનો જ વિષય છે- આ વાત ધ્યાનમાં રાખવી. **<u>(૨/૨૧)</u>**

<u>જ્ઞાનસાર</u> અંતર્ગત (૨૬/૫,૬,૭,૮) ચાર શ્લોક દ્વારા ઉપરોક્ત વસ્તુનું જ ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરી રહ્યા છે.

<u>**શ્લોકાર્થ**</u> :- કોની કલ્પનારૂપી કડછી શાસ્ત્રરૂપી દૂધપાકમાં પ્રવેશ કરતી નથી ? અનુભવરૂપી જીભ વડે શાસ્ત્રરૂપી દૂધપાકના રસનો આસ્વાદ માણનારા વિરલ હોય છે. **<u>(૨/૨૨)</u>**

## ❀ આત્માનુભવી થોડા ❀

<u>**ટીકાર્થ**</u> :- જેમ દૂધપાકના ભોજનમાં ગાયની જીભ જેવા આકારવાળા લાકડાથી બનાવેલ ચમચો આમથી તેમ ફરે છે પણ દૂધપાકના સ્વાદને માણતો નથી. બરાબર આ રીતે કોની,તત્ત્વનો = વસ્તુસ્વરૂપનો સ્પર્શ ન કરનાર તર્ક અને વિચારોની રચનારૂપ કલ્પના આગમમાં ચંચુપાત કરતી નથી ? અર્થાત્ એવા ઉપલકિયા પંડિતો ઘણા હોય છે. પરંતુ આત્માનુભવી બહુ જ થોડા હોય છે. પ્રસ્તુત વિષયમાં વિશેષતા એ જાણવી કે જેમ દૂધપાક = શાસ્ત્ર; ચમચો = કલ્પના; તેમ જીભ = અનુભવ જ્ઞાન; દૂધપાકની મીઠાશ = વિશુદ્ધ આત્મસ્વરૂપ, દૂધપાકનો

श्यानामिव विद्यानां मुखं कैः कैः न चुम्बितम् । हृदयग्राहिणस्तासां द्वि-त्राः सन्ति न सन्ति च ॥ <— ( ) इत्युक्तम् । तथा **रविगुप्तोक्तं** —> व्याख्यातुमेव केचित् कुशलाः शास्त्रं प्रयोक्तुमलमन्ये । उपनामयति करोऽन्नं रसांस्तु जिह्वैव जानाति ॥ <— (वल्लभदेवकृत-सुभाषितावली-१५५) इत्यपि स्मर्तव्यमत्र । **मैत्रैय्युपनिषदि** अपि —> अनुभूतिं विना मूढो वृथा ब्रह्मणि मोदते । प्रतिबिम्बितशाखाग्रफलास्वादनमोदवत् ॥ <— (२/२२) इति यदुक्तं तदप्यत्रानुसन्धेयम् । **ज्ञानार्णवे शुभचन्द्रेणोक्तं** —> 'धर्म धर्मे'ति जल्पन्ति तत्त्वशून्याः कुदृष्टयः । वस्तुतत्त्वं न बुध्यन्ते तत्परीक्षाऽक्षमा यतः ॥ <— (धर्मना.१९) इति । —> सत्थं पढंतह ते वि जड अप्पा जे ण मुणंति । तहिँ कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥५३॥ विरला जाणहिँ तत्तु बुह विरला णिसुणहिँ तत्तु । विरला झायहिँ तत्तु जिय विरला धारहिँ तत्तु ॥६६॥ <— इति **योगसारकृतो योगीन्दुदेवस्य** वचनमप्यत्र स्मर्तव्यम् ॥२/२२॥

---

રસાસ્વાદ = આત્માના વિશુદ્ધસ્વરૂપની અપરોક્ષાનુભૂતિ. આવી વિશુદ્ધસ્વરૂપની અપરોક્ષાનુભૂતિ કરનારા જુજ હોય છે. કરિયાણાના વેપારી ઘણા હોય અને રત્નના વેપારી ઘણી ઓછી સંખ્યામાં હોય, તેમ આ વાત જાણવી. અન્યત્ર પણ જણાવેલ છે કે —> વેશ્યાના મુખને કોણ, કોણ ચુંબન નથી કરતા, પરંતુ તેનું હૃદય જીતનાર બે કે ત્રણ હોય અથવા ન પણ હોય, તેમ વિદ્યા આગમ-શાસ્ત્ર વગેરેના શબ્દને સ્પર્શનારા કોણ કોણ નથી હોતા ? પરંતુ આગમનું હાર્દ પામનારા તો બે કે ત્રણ હોય અથવા ન પણ હોય. <— <u>રવિગુપ્ત</u> નામના વિદ્વાને જણાવેલ છે કે —> કેટલાક જીવો માત્ર શાસ્ત્રની વ્યાખ્યા કરવામાં જ કુશળ હોય છે. (આચરવામાં નહિ.) જ્યારે બીજા અમુક જીવો શાસ્ત્રને આચરવામાં = આત્મસાત્ કરવામાં સમર્થ હોય છે. હાથ ભોજનને મોઢા સુધી લાવે છે પરંતુ તેના રસને તો જીભ જ જાણે છે. <—આશય એ છે કે શાસ્ત્રની શુષ્ક ચર્ચા હાથ સમાન છે અને શાસ્ત્રનો હાર્દિક અમલ એ જીભ તુલ્ય છે. <u>મૈત્રેયી</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> પાણીમાં પ્રતિબિંબ રૂપે જણાતી વૃક્ષની શાખાના અગ્ર ભાગ પર રહેલ ફળનો આસ્વાદ કરવાથી જે આનંદ આવે તે વ્યર્થ હોય છે તેમ આત્માનુભૂતિ વિના મૂઢ પુરૂષને બ્રહ્મ તત્ત્વમાં જે આનંદ થાય છે તે વ્યર્થ હોય છે. <—આ વાત ખૂબ માર્મિક છે. શુષ્ક ધ્યાનમાં પડનારા વર્તમાન કાલના સાધકોએ ઉપરોક્ત હકીકતને ગંભીરતાથી ખ્યાલમાં રાખવા જેવી છે. દશમું, બારમું ધોરણ વગેરેની પરીક્ષા આપવાની જેની તૈયારી, ઈચ્છા, પુરૂષાર્થ ન હોય તેવો માણસ ડોક્ટર બનવાની ઈચ્છાથી મેડીકલ કોલેજમાં અવારનવાર આવ-જા કરે તેટલા માત્રથી તે ડોક્ટર બની ન જ શકે. તેને 'હું મેડીકલ કોલેજમાં રોજ જાઉં છું.' આવી કલ્પનાથી થતો માનસિક આનંદ એ એક ભ્રમણા છે. સુજ્ઞ પુરૂષોને આવો માણસ હાસ્યાસ્પદ લાગે. બરાબર આ જ રીતે દેશવિરતિ, સર્વવિરતિ વગેરેની આચારસંહિતાને આત્મસાત્ કરવાની જેની તૈયારી ન હોય તેવી વ્યક્તિ પરમાત્મા બનવાની ઈચ્છાથી ધ્યાનની શિબિરો, પ્રેક્ષાધ્યાનના ક્લાસ, વિપશ્યનાના વર્ગમાં અવાર-નવાર જાય તેટલા માત્રથી તે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત ન કરી શકે. 'હું જ્ઞાનાનંદને મેળવું છું. પરમાત્મપ્રકાશને માણું છું.' ઈત્યાદિ કલ્પનાઓમાં રાચવાથી તેવી વ્યક્તિને જે આનંદ થાય તે પણ એક ભ્રમણા છે. સુજ્ઞ પુરૂષો આવી પ્રવૃત્તિને આવકારે નહિ. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચંદ્રજીએ</u> જણાવેલ છે કે —> 'ધર્મ, ધર્મ' એ પ્રમાણે તત્ત્વશૂન્ય ખરાબદૃષ્ટિવાળા જીવો બોલે છે. પરંતુ વસ્તુતત્ત્વ = ધર્મતત્ત્વ તેઓ જાણતા નથી. કારણ કે તેઓ ધર્મની પરીક્ષા કરવા માટે અસમર્થ છે. <—<u>યોગીન્દુદેવે</u> પણ <u>યોગસાર</u> ગ્રંથમાં —> જે લોકો શાસ્ત્રને ભણે છે પણ આત્માને જાણતા નથી તે લોકો પણ જડ જ છે. તથા તે જ કારણે નિશ્ચયથી તે જીવો મોક્ષને પ્રાપ્ત કરતા નથી - આ સ્પષ્ટ છે. વિરલા પંડિત લોકો જ તત્ત્વને સમજે છે, વિરલા જ તત્ત્વને સાંભળે છે, વિરલા લોકો જ તત્ત્વનું ધ્યાન ધરે છે અને વિરલા લોકો જ તત્ત્વને ધારણ કરે છે. <— આ પ્રમાણે જે કહેલું છે તે પણ અહીં યાદ રાખવું.(૨/૨૨)

अत्रैव हेतुमावेदयति —> 'पश्यतु' इति ।

**पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ॥**
**कथं लिपिमयी दृष्टिः, वाङ्मयी वा मनोमयी ॥२३॥**

**निर्द्वन्द्वं** = रागद्वेष-रत्यरति-दर्पकन्दर्प-कामक्रोधादिलक्षणद्वन्द्वातीतं परं **ब्रह्म** = अखण्डविशुद्धचिदाकारात्मद्रव्यं, **निर्द्वन्द्वानुभवं** = अनुपदोक्त-रागद्वेषादिद्वन्द्वाऽसम्पृक्तसंवेदनं **विना लिपिमयी** = अकारादिसंज्ञाक्षरमयी **वाङ्मयी** = वचनोच्चारणमयी **मनोमयी** = वर्ण-गन्ध-रस-स्पर्शाद्यन्यतरावगाहिविचारमयी **वा दृष्टिः** = दृग् **कथं** = केन प्रकारेण **पश्यतु** = विलोकयतु ? न कथमपीत्यर्थः । द्वन्द्वातीतमात्मद्रव्यं परमार्थतो द्वन्द्वातीतानुभव एव विलोकयितुं क्षमः । इदमेवाभिप्रेत्य **केनोपनिषदि** —> 'यस्याऽमतं तस्य मतं, मतं यस्य न वेद सः । अविज्ञातं विजानतां, विज्ञातमविजानताम् ॥' <— (२/३) इत्युक्तम् । यस्य योगिनो वाच्यवाचकादिभावेन ब्रह्म अमतं = अनधिगतं भवति तस्यैव वस्तुतो वाच्यवाचकभावनिर्मुक्तं ब्रह्म मतम् । यस्य योगिनो वाच्यवाचकादिभावेन ब्रह्म मतं = अधिगतं सो न वेद वाच्यवाचकभावविनिर्मुक्तं ब्रह्म । मननीयत्वादिरूपेण ब्रह्म विजानतां अविज्ञातं = अनधिगतं अमननीयं ब्रह्म । मननीयत्वादिरूपेण ब्रह्म अविजानतां योगिनां तत् विशेषेण = यथावस्थितस्वरूपेण अधिगतं भवतीत्यर्थः । तदुक्तं श्रीपार्श्वनाथस्य **मन्त्राधिराजस्तोत्रेऽपि** —> अलक्ष्यश्चाप्रमेयश्च ध्यानलक्ष्यो निरञ्जनः <— (९) । सविकल्पज्ञानेन अलक्ष्यस्य द्वन्द्वोपेतविचारेण चाप्रमेयस्य निरञ्जनस्य मुक्तात्मनः निर्विकल्पक-द्वन्द्वातीतध्यानसंवेद्यत्वमित्यर्थ इति भावनीयं

---

પ્રસ્તુત વાતમાં ગ્રંથકારશ્રી હેતુ જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- નિર્દ્વન્દ્વ અનુભવ વિના એવા બ્રહ્મતત્ત્વને લીપીમયી દૃષ્ટિ, વાઙ્મયી દૃષ્ટિ કે મનોમયી દૃષ્ટિ કેવી રીતે દેખે ? **<u>(૨/૨૩)</u>**

## ❋ નિર્દ્વન્દ્વ અનુભવથી નિર્દ્વન્દ્વ આત્માને અનુભવીએ ❋

<u>**ટીકાર્થ**</u> :- અખંડ વિશુદ્ધ ચિન્મય આત્મદ્રવ્ય પરબ્રહ્મ કહેવાય છે. તેમાં રાગ-દ્વેષ, રતિ-અરતિ, દર્પ-કંદર્પ અને કામ-ક્રોધ વગેરે સઘળાંયે દ્વંદ્વો હોતા નથી. તેના જ કારણે રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વના સંપર્કથી શૂન્ય એવા સંવેદન વિના અ, આ, ઈ વગેરે સંજ્ઞાઅક્ષર સ્વરૂપ લીપીમયી દૃષ્ટિ, કેવી રીતે નિર્દ્વંદ્વ એવા બ્રહ્મતત્ત્વને જુએ ? અર્થાત્ કોઈ પણ રીતે ન જુએ. દ્વંદ્વશૂન્ય એવો અનુભવ જ પરમાર્થથી દ્વંદ્વરહિત આત્મદ્રવ્યને જોવા માટે સમર્થ છે. આવા જ અભિપ્રાયથી <u>કેનોપનિષદ્</u>માં જણાવ્યું છે કે —> (૧) જે બ્રહ્મતત્ત્વને જાણતો નથી તે તેને જાણે છે. (૨) જે તેને જાણે છે તે નથી જાણતો. (૩) જાણકાર માટે તે અજાણ્યું છે, અને અજાણકાર માટે તે જાણીતું છે. <—કહેવાનો ભાવ એ છે કે (૧) જે યોગી વાચ્ય-વાચક વગેરે ભાવથી બ્રહ્મતત્ત્વને જાણતા નથી તેણે અવાચ્ય બ્રહ્મતત્ત્વને જાણેલ છે. (૨) જે પંડિતે વાચ્ય-વાચકભાવ વગેરે સંબંધથી બ્રહ્મતત્ત્વને જાણેલ છે તે વાચ્ય-વાચકભાવથી શૂન્ય એવા બ્રહ્મતત્ત્વને જાણતો નથી. (૩) મંતવ્ય, ચિંતવ્ય વગેરે સ્વરૂપે બ્રહ્મતત્ત્વને જાણનારાઓ માટે અમંતવ્ય, અમનનીય એવું બ્રહ્મતત્ત્વ ખરેખર અજ્ઞાત છે. (૪) મનનીયત્વ વગેરે સ્વરૂપે બ્રહ્મતત્ત્વને નહિ જાણનારા એવા યોગીઓએ યથાવસ્થિત સ્વરૂપે બ્રહ્મતત્ત્વને જાણેલ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના **<u>મંત્રાધિરાજસ્તોત્ર</u>**માં પણ દર્શાવેલ છે કે —> નિરંજન એવા પરમાત્મા અલક્ષ્ય અને અપ્રમેય છે. છતાં પણ ધ્યાનથી લક્ષ્ય છે. <—કહેવાનો આશય એ છે કે સવિકલ્પક જ્ઞાન દ્વારા જે જાણી ન શકાય, અને દ્વંદ્વયુક્ત વિચારથી જે અભ્રાન્ત રીતે ઓળખી

तत्त्वमेतदनुभवपरतया ॥२/२३॥

निर्द्वन्द्वब्रह्मगोचरद्वन्द्वातीतानुभवस्वरूपमाह —> '**ने**'ति ।

**न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ॥२४॥**

**अनुभवः** = सकलविकल्पातीतात्मगोचरापरोक्षानुभूतिः **न सुषुप्तिः** = नैव मोहानुविद्धदर्शनावरणोदयविशेषवती **दशा, अमोहत्वात्** = मोहातीतत्वात् । **नापि च स्वापजागराविति** । न च स इन्द्रियव्यापारानुगतविकल्पानुविद्धा लौकिकी जागरदशा, **कल्पनाशिल्पविश्रान्तेः** = अवग्रहेहापायादिज्ञानौपयिकेन्द्रियव्यापारप्रयुक्तविचारप्रचारविरहात् । न च स **स्वापः** = स्वप्नप्रेक्षिणी सुषुप्त्यवस्था **कल्पनाशिल्पविश्रान्तेः** = मानसविकल्पविरचनविरहात् । स्वापदशायान्तु मनोव्यापारोऽवश्यं वर्तते, अन्यथा स्वप्नावबोधानुपपत्तेः। तदुक्तं **निशीथभाष्ये** —> नोइंदियस्स विसओ सुमिणं जं सुत्तजागरो पासे <—(४२१८)। **व्याख्याप्रज्ञप्तौ** अपि —> गोयमा ! नो सुत्ते सुमिणं पासइ, नो जागरे सुमिणं पासइ, सुत्तजागरे सुमिणं पासइ <— (१५/५/५७७) इत्युक्तम् । तर्हि का दशाऽनुभव उच्यते ? इत्याशङ्कायामाह - **अनुभवः तुर्या** = चतुर्थी एव उज्जागराभिधाना, प्रातिभज्ञानकालिकी केवलज्ञानकालीना वेयं **दशा** बोध्या, कल्पनाशिल्पविश्रामात्, अमोहत्वाच्च । अनुभवो हि तुरीयचैतन्यमित्यपि वदन्ति ।

**ન શકાય એવા નિરંજન મુક્ત પરમાત્મા એ નિર્વિકલ્પક દ્વંદ્વશૂન્ય ધ્યાન દ્વારા અનુભવી શકાય છે. આ તત્ત્વ અનુભવમાં ઉદ્યત થઈને બરાબર વ્યવસ્થિત રીતે ભાવિત કરવું. (૨/૨૩)**

નિર્દ્વન્દ્વ બ્રહ્મને જણાવનાર દ્વંદ્વશૂન્ય એવા અનુભવના સ્વરૂપને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- અનુભવ એ સુષુપ્તિ દશા નથી. કારણ કે તે મોહશૂન્ય છે તેમ જ તે સુપ્ત = સ્વપ્નદશા કે જાગરદશા પણ નથી. કારણ કે તેમાં કલ્પનાની કારીગરીની વિશ્રાંતિ છે. અનુભવ તો ચોથી ઉજ્જાગર દશા છે. **(૨/૨૪)**

## ❖ અનુભવ એ ઉજ્જાગર દશા ❖

**ટીકાર્થ** :- સઘળા ય વિકલ્પોથી રહિત એવી આત્મવિષયક અપરોક્ષ અનુભૂતિ પ્રસ્તુતમાં અનુભવ શબ્દથી અભિપ્રેત છે. (૧) મોહમિશ્રિત દર્શનાવરણના વિશિષ્ટઉદયયુક્ત એવી સુષુપ્તિદશા સ્વરૂપ એ અનુભવ છે એવું કહી ન શકાય. કારણ કે અનુભવદશા મોહરહિત છે. (૨) તેમ જ ઈન્દ્રિયની પ્રવૃત્તિની સાથે સંકળાયેલ વિકલ્પથી વણાયેલ એવી લૌકિક જાગ્રતદશા સ્વરૂપ પણ તે અનુભવ નથી. કારણ કે અવગ્રહ, ઈહા, અપાય વગેરે જ્ઞાનના ઉપાયભૂત ઈન્દ્રિયવ્યાપાર વગેરે જ ત્યારે હોતા નથી. તો પછી તેનાથી પ્રયુક્ત વિચારનો પ્રચાર તો ત્યારે કેવી રીતે સંભવે ? (૩) તેમ જ સ્વપ્નદર્શનવાળી સ્વાપ અવસ્થા સ્વરૂપ પણ તે અનુભવદશા નથી. કારણ કે અનુભવજ્ઞાનીને મનના વિકલ્પોની રચના અટકી ગઈ છે. સ્વપ્નદશામાં તો મનનો વ્યાપાર અવશ્ય વર્તમાન હોય છે, બાકી તે અવસ્થામાં સ્વપ્નની જાણકારી અસંગત બની જાય. **નિશીથભાષ્ય**માં પણ કહેલું છે કે —> સ્વપ્ન એ નોઈન્દ્રિયનો = મનનો વિષય છે, કારણ કે તેને સુપ્ત-જાગ્રત અવસ્થાવાળો જીવ જુએ છે. <— **ભગવતીસૂત્ર**માં પણ જણાવેલ છે કે —> સુતેલો જીવ સ્વપ્ન જોતો નથી. જાગતો પણ સ્વપ્ન જોતો નથી. સુપ્ત-જાગ્રત વ્યક્તિ સ્વપ્ન જુએ છે. <— તો પછી કઈ દશા અનુભવ કહેવાય ? આ પ્રશ્નનો જવાબ એ છે કે અનુભવ તો ચોથી જ દશા છે, કે જેનું નામ ઉજ્જાગર દશા છે. પ્રાતિભ જ્ઞાનના કાળમાં અથવા તો કેવલજ્ઞાનની અવસ્થામાં આ અનુભવદશા જાણવી. કેમ કે તે વખતે નથી વિકલ્પની જંજાળ હોતી

**माण्डुक्योपनिषदि** तु —> विशुद्धाऽऽन्तरिकचैतन्यस्यावस्था = तुरीयावस्था <— इत्युक्तम् ।—> तुरीये केवलपरमात्मसम्बन्धिनी मतिर्भवति नित्यबोधस्वरूपा तदा भवति <— (१४) इति **ध्यानबिन्दूपनिषद्युक्तम्** । —> लौकिकी संज्ञा स्वप्नः, सुषुप्तं तुर्यश्च । यौगिकी पदस्थं रूपं रूपातीतश्च <— (आह्निक १०/ २४६-पृ.१६७) इति **अभिनवगुप्तरचितस्य तन्त्रालोकस्य** टीकायां **जयरथ** आह ।

**नारदपरिव्राजकोपनिषदि** —> देहिनो जाग्रत्स्वप्नसुषुप्तितुर्यावस्थाः सन्ति <— (५/१) इत्येवं चतस्रोऽवस्था उक्ताः । तत्रैव चाग्रे —> जीवदवस्था प्रथमं जाग्रद्, द्वितीयं स्वप्नं, तृतीयं सुषुप्तं, चतुर्थं तुरीयं, चतुर्भिर्विरहितं तुरीयातीतम् <— (६/४) इत्युक्तम् । **मण्डलब्राह्मणोपनिषदि** अपि —> पञ्चावस्था जाग्रत्स्वप्न-सुषुप्ति-तुरीय-तुरीयातीताः <— इत्येवं पञ्चावस्था दर्शिताः । तत्र जाग्रत्स्वप्नदशानिमग्नः संसारे बम्भ्रमिति । तदुक्तं **ब्रह्मोपनिषदि** —> ऊर्णनाभिर्यथा तन्तून् सृजते संहरत्यपि । जाग्रत्स्वप्ने तथा जीवो गच्छत्यागच्छति पुनः ॥२०॥ <— इति । निश्चयनयेनाऽऽद्यदशात्रितयेन सहात्मनः सम्बन्धो नास्ति । तदुक्तं **कुण्डिकोपनिषदि** —> 'न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः । अतः कुतो मे तद्धर्मा जाग्रत्स्वप्नसुषुप्तिषु ॥१५॥ <— इति । तत्त्वतोऽन्त्ये द्वे एवावस्थे उपादेये, तुरीय-तुरीयातीतावधूतयोः स्वात्मन्येव कैवल्यं स्वरूपानुसन्धानेन भ्रमरकीटन्यायात् । स्वरूपानुसन्धानव्यतिरिक्तान्यशास्त्राभ्यास उष्ट्रकुङ्कुमभारवद् व्यर्थः

---

**કે નથી મોહ હોતો. "અનુભવ ચતુર્થ ચૈતન્ય છે." એવું પણ વિદ્વાનો કહે છે. <u>માણ્ડુક્યોપનિષદ્</u>માં તો —> વિશુદ્ધ આંતરિક ચૈતન્યની અવસ્થા = ચોથી અવસ્થા. <— એમ જણાવેલ છે. <u>અભિનવગુપ્ત</u> નામના વિદ્વાને રચેલ <u>તંત્રાલોક</u> ગ્રંથની ટીકામાં <u>જયરથ</u> નામના વિદ્વાને એવું જણાવેલ છે કે —> (૧) સ્વપ્ન (૨) સુષુપ્ત અને (૩) તુર્યદશા આ લૌકિકી સંજ્ઞા છે. તથા (૧) પદસ્થ, (૨) રૂપ અને (૩) રૂપાતીત- આ યૌગિકી સંજ્ઞા છે. <u>ધ્યાનબિંદુ</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> તુર્ય ચૈતન્ય વ્યક્ત થાય ત્યારે મતિ માત્ર પરમાત્મા સંબંધી બને છે. તેવી બુદ્ધિ ખરેખર નિત્ય બોધ સ્વરૂપ હોય છે. <u>નારદપરિવ્રાજક</u> ઉપનિષદ્‌માં —> જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, સુષુપ્તિ અવસ્થા અને તુર્ય અવસ્થા- આમ ચાર પ્રકારની જીવની અવસ્થા હોય છે <— આમ જણાવેલ છે. તે જ ગ્રંથમાં આગળ જણાવેલ છે કે —> જીવની પ્રથમ જાગ્રત અવસ્થા હોય છે, બીજા નંબરમાં સ્વપ્ન અવસ્થા હોય છે, ત્રીજી સુષુપ્ત અવસ્થા હોય છે, ચોથી તુર્ય = તુરીય = ચતુર્થ અવસ્થા હોય છે. આ ચારેય અવસ્થાથી રહિત તુરીયાતીત અવસ્થા હોય છે. <— <u>મંડલબ્રાહ્મણ</u> ઉપનિષદ્‌માં પણ —> (૧) જાગ્રત, (૨) સ્વપ્ન, (૩) સુષુપ્તિ, (૪) તુરીય અને (૫) તુરીયાતીત દશા - આમ આત્માની પાંચ અવસ્થા છે. <— આ પ્રમાણે જણાવેલું છે. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં ડૂબેલો જીવ સંસારમાં સતત ભટકે છે. <u>બ્રહ્મઉપનિષદ્</u>માં જણાવેલ છે કે —> જેમ કોશેટાનો કીડો તંતુઓનું સર્જન કરે છે અને સંહાર પણ કરે છે તેમ જીવ જાગ્રત્ અને સ્વપ્નદશામાં વારંવાર આવ-જા કરે છે. <— પ્રસ્તુતમાં જણાવેલ પાંચ અવસ્થામાંથી પ્રારંભની ત્રણ દશા સાથે આત્માનો કોઈ પણ સંબંધ નિશ્ચયનયથી નથી. <u>કુણ્ડિકોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> આકાશને જેમ વાદળની સાથે સંબંધ નથી તેમ મારે દેહની સાથે કોઈ સંબંધ નથી. તેથી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ દશામાં દૈહિક ભાવો મને ક્યાંથી હોય ? <— વાસ્તવમાં તુરીય અને તુરીયાતીત દશા આદરણીય-સ્વીકર્તવ્ય છે. "જેમ ભ્રમરના ધ્યાનથી ઈયળ સ્વયં ભ્રમર સ્વરૂપ બને છે તેમ તુરીય અવસ્થા અને તુરીયાતીત અવસ્થામાં રહેલ અવધૂત આત્મસ્વરૂપનું અનુસંધાન કરીને આત્મામાં જ કૈવલ્યદશાને પ્રાપ્ત કરે છે. આત્મસ્વરૂપના અનુસંધાનથી રહિત અન્ય શાસ્ત્રોનો અભ્યાસ એ ઉંટની પીઠ ઉપર રહેલ કેસરના કોથળાના ભારની જેમ વ્યર્થ છે." આવું <u>બૃહત્સંન્યાસ</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે.**

(२/७५) इति **बृहत्संन्यासोपनिषत्कारः**। जाग्रदाद्यवस्थोपयोगस्तु **नारदपरिव्राजकोपनिषदि** —> न 'नाहं ब्रह्मे'ति व्यवहरेत् किन्तु 'ब्रह्माऽहमस्मी'ति अजस्रं जाग्रत्स्वप्न-सुषुप्ति-तुरीयावस्थां प्राप्य तुर्यातीतत्वं व्रजेत <— (६/२) इत्येवमावेदितः। **योगचूडामण्युपनिषदि** —> ॐ नित्यं शुद्धं बुद्धं निर्विकल्पं निरञ्जनं *निराख्यातमनादिनिधनमेकं तुरीयं यद् भूतं भवद् भविष्यत् परिवर्तमानं सर्वदानवच्छिन्नं परं ब्रह्म* <— (७२) इत्येवं तुरीयचैतन्यमावेदितम्।

**पैङ्गलोपनिषदि** तु —> अथ जाग्रत्स्वप्नसुषुप्तिमूर्च्छामरणावस्थाः पञ्च भवन्ति। तत्तद्देवतानुग्रहान्वितैः श्रोत्रादिज्ञानेन्द्रियैः शब्दाद्यर्थविषयग्रहणज्ञानं जाग्रदवस्था भवति। कारणोपरमे जाग्रत्संस्कारार्धप्रबोधवत् ग्राह्यग्राहकरूपस्फुरणं स्वप्नावस्था भवति। चित्तैककरणा सुषुप्त्यवस्था भवति। अकस्मान्मुद्गरदण्डाद्यैस्ताडितवद् भयाऽज्ञानाभ्यामिन्द्रियसङ्घैः कम्पन्निव मृततुल्या मूर्च्छा भवति। जाग्रत्स्वप्न-सुषुप्तिमूर्च्छावस्थानामन्या ब्रह्मादिस्तम्बपर्यन्तसर्वजीवभयप्रदा स्थूलदेहविसर्जनी मरणावस्था भवति <— (२/११-१४) इत्येवं प्रक्रिया प्रदर्शिता। 'अहं ब्रह्मास्मी'त्यनुसन्धानं विना मरणपर्यन्तावस्थापञ्चके जीवो विपरिवर्तते तदनुसन्धाने चाग्रे तुरीयातीतावस्थां जीवः प्राप्नोति इति पराभिमतप्रक्रियाविशेषः।

---

**પ્રસ્તુત પાંચેય અવસ્થાનો ઉપયોગ __નારદપરિવ્રાજક__ ઉપનિષદ્‌માં આ પ્રમાણે જણાવેલ છે કે —> 'હું બ્રહ્મસ્વરૂપ નથી.' - આવો વ્યવહાર ન કરવો, પરંતુ 'अहं ब्रह्मास्मि' આ રીતે ભાવનાને જાગ્રત અવસ્થામાં રાખવી. તેનાથી સ્વપ્ન અવસ્થામાં પણ તેનું અનુસંધાન થાય છે. અને સુષુપ્તિ દશામાં પણ તેવી ભાવનાનો સંપર્ક તૂટતો નથી. આમ પ્રાથમિક ત્રણેય અવસ્થામાં 'હું પરમાત્મા સ્વરૂપ છું.' એવી ભાવનાને સતત ઘૂંટવાથી સાધક તુરીય અવસ્થાને પ્રાપ્ત કરી પાંચમી તુરીયાતીત દશાને મેળવે છે. <— __યોગચૂડામણિ__ ઉપનિષદ્‌માં —> ॐ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, નિરંજન, શબ્દાતીત, અનાદિ-અનંત, અદ્વિતીય એવું જે તુરીય ચૈતન્ય ભૂતકાળ-વર્તમાન અને ભવિષ્યકાળમાં વણાયેલું છે તે જ સર્વદા નિરવચ્છિન્ન (= કાલિક, દૈશિક, દૈહિક, વાચિક, માનસિક, કાર્મિક, પૌદ્ગલિક સર્વ ઉપાધિઓથી શૂન્ય) એવું પરબ્રહ્મ જાણવું <— આ રીતે તુરીય ચૈતન્યનો પરિચય કરાવેલ છે.**

**પૈ૦। __પૈંગલઉપનિષદ્__માં તો —> (૧) જાગ્રત, (૨) સ્વપ્ન, (૩) સુષુપ્તિ, (૪) મૂર્ચ્છા અને (૫) મરણ-આમ પાંચ પ્રકારની અવસ્થા સંસારી જીવની હોય છે. તે તે દેવતાના અનુગ્રહથી યુક્ત વગેરે પાંચેય જ્ઞાનેન્દ્રિયો દ્વારા શબ્દ વગેરે અર્થવિષયક જે જ્ઞાન થાય છે તે જાગ્રત અવસ્થા છે. જાગ્રત દશાના કારણો શાંત થાય ત્યારે જાગ્રત દશાના સંસ્કારો જાણે અર્ધપ્રબુદ્ધ હોય તે રીતે ગ્રાહ્ય-ગ્રાહકભાવની સ્ફુરણા સ્વરૂપ સ્વપ્ન અવસ્થા થાય છે. માત્ર ચિત્ત જ ઈંદ્રિય સ્વરૂપે હોય તેવી અવસ્થા સુષુપ્તિ કહેવાય છે. (તે ચિત્ત શ્વાસોશ્વાસ વગેરેમાં પ્રેરક હોય છે.) અકસ્માત, હથોડા, દંડ વગેરેથી મારેલ હોય તે રીતે ભય અને અજ્ઞાનના કારણે ઈંદ્રિયના સમૂહથી ધ્રૂજતી એવી મડદા જેવી મૂર્ચ્છિત અવસ્થા હોય છે. આ ચાર અવસ્થાથી ભિન્ન એવી પાંચમી મરણ અવસ્થા છે. તેનાથી સ્થૂળ દેહનું વિસર્જન થાય છે. બ્રહ્મા વગેરેથી માંડીને સ્તંભ(વનસ્પતિ) સુધીના સર્વ જીવોને ભયભીત કરનાર મરણ અવસ્થા છે. <— આ પ્રમાણે પ્રક્રિયા જણાવેલી છે. આ પરદર્શનની માન્યતા છે. અહીં એને બતાવવાનું પ્રયોજન એ જ છે કે પૂર્વોક્ત રીતે 'હું પરમાત્મા છું' એવી ભાવનાને જો આત્મસાત્ કરવામાં ન આવે તો પ્રસ્તુત પાંચ અવસ્થામાં જ જીવ પરિભ્રમણ કરતો રહે છે. માટે મરણપર્યન્ત પાંચ દશાથી છુટવા અને તુરીયાતીત પર્યન્ત અવસ્થાને પામવા દરેક સાધકે વિશુદ્ધ આત્મસ્વરૂપનું અનુસંધાન સર્વ અવસ્થામાં જાળવી રાખવા જાગૃતિ કેળવવી.**

नयान्तराभिप्रायेण मिथ्यादृष्टेः सुषुप्तिर्दशा, तीव्रमिथ्यात्वमोहोपहतचैतन्यत्वात् । अविरतसम्यग्दृष्टेः सुप्त-जागरावस्था, अविरतिमत्त्वेन सुप्तत्वात् सम्यग्ज्ञानवत्त्वेन च जागरत्वात् । मुनेः जाग्रद्दशा, रत्नत्रयसद्भावात् । क्षपकश्रेणिवर्तिनः केवलिनो वा तुरीया उज्जागरावस्थेत्यप्यवसेयम् ॥२/२४॥

परब्रह्माधिगमोपायमाह —> 'अधी'ति ।

**अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।**
**स्वसंवेद्यं परं ब्रह्मानुभवैरधिगच्छति ॥२५॥**

**मुनिः** = जगत्तत्त्वदर्शी **शास्त्रदृशा** = आगमैकदृष्ट्या **अखिलं** = अपुनर्बन्धककालादारभ्य क्षपकश्रेणीपूर्वकालं यावत् प्राप्तव्यब्रह्मगोचराद्वेष-शुश्रूषा-श्रवण-बोध-मीमांसा-शुद्धप्रतिपत्ति-वचनोच्चारण-जपादि-प्रवृत्तिरूपं समस्तं **शब्दब्रह्म** = शास्त्रैकभाव्यं निर्वचनीयं अपरं ब्रह्म **अधिगत्य** = उपलभ्यैव **स्वसंवेद्यं** = स्वसंवेदनमात्रलभ्यं **परं** = अनिर्वचनीयं अखण्डानन्दैकरसं **ब्रह्म अनुभवैः** = अपरोक्षानुभूतिभिः **अधिगच्छति** = उपलभते । यत्तु **भगवद्गीतायां** —> जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते <— (६/४४) इत्युक्तं तत्तु तज्जिज्ञासायां सत्यामद्वेषस्वरूपशब्दब्रह्मातिक्रमणापेक्षया बोध्यम् । अत्र ह्युत्तरोत्तरशब्दब्र-

## ❋ અન્ય નયના અભિપ્રાયથી આત્માની ચાર દશા ❋

**नया० ।** અન્ય નયના અભિપ્રાયથી (૧) મિથ્યાદષ્ટિની સુષુપ્તિ અવસ્થા છે. કારણ કે તેનું ચૈતન્ય તીવ્ર મિથ્યાત્વમોહનીયથી હણાયેલું છે. (૨) અવિરત સમ્યગ્દષ્ટિની સુપ્ત-જાગ્રત દશા છે. અવિરતિ હોવાની અપેક્ષાએ જથા ગુણઠાણાવાળો સુતેલો છે, અને સમ્યગ્જ્ઞાન હોવાના કારણે તે જાગતો છે. (૩) મુનિને જાગ્રત દશા હોય છે. કેમ કે તેની પાસે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ રત્ન વિદ્યમાન છે. (૪) ક્ષપકશ્રેણીમાં રહેલા સાધકને અથવા તો કેવલીને ચોથી ઉજ્જાગરદશા હોય છે. આ વાત પણ ધ્યાનમાં રાખવી. (૨/૨૪)

પરબ્રહ્મની પ્રાપ્તિના ઉપાયને હવે ગ્રંથકારશ્રી જણાવે છે.

શ્લોકાર્થ :- મુનિ શાસ્ત્રદષ્ટિથી સમસ્ત શબ્દબ્રહ્મને જાણીને સ્વસંવેદ્ય એવા પરબ્રહ્મને અનુભવો વડે પ્રાપ્ત કરે છે. (૨/૨૫)

## ❯ શબ્દબ્રહ્મ પ્રાપ્તિ પછી પરબ્રહ્મ પ્રકાશ ❯

ટીકાર્થ :- જગતતત્ત્વદર્શી એવા મુનિ માત્ર શાસ્ત્રદષ્ટિ દ્વારા સમસ્ત શબ્દબ્રહ્મને પ્રાપ્ત કરે છે. શબ્દ દ્વારા જેનું નિર્વચન = નિરૂપણ = ઓળખાણ કરી શકાય તેવું 'બ્રહ્મ' તત્ત્વ પ્રસ્તુતમાં શબ્દબ્રહ્મ તરીકે ઈષ્ટ છે. શબ્દબ્રહ્મના અનેક સ્વરૂપ છે. (૧) પ્રાપ્તવ્ય એવા બ્રહ્મને વિષે અદ્વેષ, (૨) તેની જિજ્ઞાસા, (૩) તેને સાંભળવાની ઈચ્છા, (૪) તેનું શ્રવણ, (૫) તેનો બોધ (૬) તેની મીમાંસા-વિચારણા (૭) તેનો શુદ્ધ સ્વીકાર, (૮) તેની પ્રાપ્તિના ઉપાયભૂત રટણ, જાપ વગેરે પ્રવૃત્તિ સ્વરૂપ શબ્દબ્રહ્મ છે. તે શાસ્ત્ર દ્વારા જ ભાવિત કરી શકાય છે. અપુનર્બંધક દશાથી આરંભીને ક્ષપકશ્રેણીના પૂર્વ કાળ સુધી શબ્દબ્રહ્મની હાજરી હોય છે. ઉપરોક્ત સમસ્ત શબ્દબ્રહ્મને પામ્યા બાદ જ અનિર્વચનીય અખંડ આનંદ એકરસ એવા પરબ્રહ્મને અપરોક્ષ અનુભવો દ્વારા મુનિ પ્રાપ્ત કરે છે. કેમ કે તે પરબ્રહ્મ કેવળ સ્વાનુભવથી જ પ્રાપ્ત થઈ શકે છે. ભગવદ્ગીતામાં જે જણાવ્યું છે કે —> યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે. <— તે યોગજિજ્ઞાસા હોય ત્યારે અદ્વેષરૂપ શબ્દબ્રહ્મને

ह्माधिगमे पूर्व-पूर्वशब्दब्रह्मातिक्रमणमवसेयम् । तथा तज्जिज्ञासायां सत्यां प्राणी अद्वेषस्वरूपं शब्दब्रह्माति-वर्तते, तच्छुश्रूषायां सत्यामद्वेष-जिज्ञासास्वरूपं शब्दब्रह्मातिवर्तते इत्येवमवगन्तव्यमग्रेऽपि । समस्तशब्दब्रह्मावगम एव शब्दातीतं ब्रह्माधिगन्तुमर्हति, तथैव शास्त्रवासनानिवृत्तिसम्भवात् । तदुक्तं **ब्रह्मबिन्दूपनिषदि** —> द्वे विद्ये वेदितव्ये हि शब्दब्रह्म परं च यत् । शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥ <— (१७) इति । शब्दब्रह्मैकरतौ तु परब्रह्मप्रकाशो दुर्लभः । इदमेवाभिप्रेत्य **विवेकचूडामणौ शङ्कराचार्येण** —> लोकवासनया जन्तोः शास्त्रवासनयाऽपि च । देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥ <—(२७२) इत्युक्तम्। शब्दब्रह्मातिक्रम एव मुक्तिरिति परेषामपीष्टम् । यथोक्तं **बृहत्संन्यासोपनिषदि** —> ग्राह्य-ग्राहकसम्बन्धे क्षीणे शान्तिरुदेत्यलम् । स्थितिमभ्यागता शान्तिर्मोक्षनाम्नाऽभिधीयते ॥ <— (२/४२) इति ।

परमभावग्राहकनयेन तु अवाच्ये विशुद्धात्मद्रव्ये वाच्य-वाचकभावावगाहनेन शब्दब्रह्मबोधस्याऽज्ञानत्व-मेव । ज्ञानेन तन्नाशे एव परब्रह्मप्रकाशःप्रादुर्भवति । इदमेवाभिप्रेत्य **भगवद्गीतायां** —> ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः । तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ (५/१६) तद्बुद्धयस्तदात्मानस्त-न्निष्ठास्तत्परायणाः । गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ <— (५/१७) इत्युक्तमिति भावनीयम्

---

ઓળંગવાની અપેક્ષાએ જાણવું. પ્રસ્તુતમાં ઉપર જણાવેલ અષ્ટવિધ શબ્દબ્રહ્મમાંથી ઉત્તરોત્તર શબ્દબ્રહ્મને પ્રાપ્ત કર્યે છતે સાધક પૂર્વ પૂર્વ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે તેમ જાણવું. જેમ કે પ્રાપ્તવ્ય બ્રહ્મની જિજ્ઞાસા હોય ત્યારે જીવ અદ્વેષસ્વરૂપ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે. પ્રાપ્તવ્ય બ્રહ્મના સ્વરૂપને સાંભળવાની ઈચ્છા હોય ત્યારે અદ્વેષ અને જિજ્ઞાસા સ્વરૂપ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે. આ પ્રમાણે આગળ પણ જાણવું, સમસ્ત શબ્દબ્રહ્મનો બોધ થાય તો જ શબ્દાતીત પરબ્રહ્મને મેળવવાને યોગ્ય થવાય છે. કેમ કે તે રીતે જ શાસ્ત્રવાસનાની = (શાસ્ત્રીય સંસ્કારની = માત્ર શાસ્ત્રનો ઉપરાગ = કેવળ શબ્દમાં રમવું = શાસ્ત્રના માત્ર શબ્દાર્થને વળગવાની વૃત્તિની) નિવૃત્તિ સંભવે છે. <u>બ્રહ્મબિંદુ</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> વિદ્યા બે પ્રકારની જાણવી. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ. શબ્દબ્રહ્મમાં નિષ્ણાત વ્યક્તિ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. <— કેવલ શબ્દબ્રહ્મમાં જ રતિ હોય તો પરબ્રહ્મનો પ્રકાશ દુર્લભ છે. આવા જ અભિપ્રાયથી <u>વિવેકચૂડામણિ</u> ગ્રંથમાં <u>શંકરાચાર્યે</u> જણાવેલ છે કે —> (૧) લોકવાસનાથી ( = જનમનરંજન બદ્ધતાથી) (૨) દેહવાસનાથી ( = 'હું દેહ છું' એવા ભ્રાન્ત સંસ્કારથી) અને (૩) શાસ્ત્રવાસનાથી પણ જીવને યથાવસ્થિત જ્ઞાન નથી જ થતું. <—શબ્દબ્રહ્મને ઓળંગવામાં આવે તો જ મુક્તિ = કાયમી પરબ્રહ્મની ઉપલબ્ધિ થાય છે. એવું અન્યદર્શનકારોને પણ ઈષ્ટ છે. <u>બૃહત્-સંન્યાસોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> ગ્રાહ્ય-ગ્રાહકભાવ નાશ પામે ત્યારે અત્યંત શાંતિ પ્રગટ થાય છે. સ્થાયી બનેલી તે શાંતિ 'મોક્ષ' શબ્દથી કહેવાય છે. <—

## આત્મામાં શબ્દવાચ્યતાનું જ્ઞાન ભ્રમ છે

परम० । પરમભાવ ગ્રાહક નયથી તો શબ્દથી જણાવી ન શકાય તેવા વિશુદ્ધ આત્મદ્રવ્યમાં વાચ્ય-વાચકભાવનું અવગાહન કરવાને લીધે શબ્દબ્રહ્મનો બોધ તે અજ્ઞાન જ છે. જ્ઞાન દ્વારા તેનો નાશ થાય તો જ પરબ્રહ્મ પ્રકાશ પ્રગટ થાય છે. આવા જ અભિપ્રાયથી <u>ભગવદ્‌ગીતા</u>માં જણાવેલ છે કે —> આત્માના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનથી જેઓનું તે અજ્ઞાન નાશ પામ્યું છે તેઓનું તે જ્ઞાન સૂર્યની પેઠે પરબ્રહ્મને પ્રકાશિત કરે છે. તે જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ (મન) એકરૂપ થયેલ છે, જેમનો આત્મા એકરૂપ થયેલો છે, તે જ્ઞાનમાં જ જેઓ રહેલા છે, તેમાં જ જેઓ સ્થિર થયેલા છે, તેઓ જ્ઞાન દ્વારા પાપને ધોઈને અપુનરાવૃત્તિને (જ્યાંથી

॥२/२४॥

स्वसमय-परसमयस्थयोर्भेदमाह —> 'य' इति ।

**ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः ।**
**आत्मस्वभावनिष्ठानां ध्रुवा स्वसमयस्थितिः ॥२६॥**

**ये** ज्ञानावरणादिद्रव्यकर्म-रागद्वेषादिभावकर्म-देहादिनोकर्मसम्पृक्तेषु **पर्यायेषु निरताः** = निमग्नाः **ते हि अन्यसमयस्थिताः** = परागमनिष्ठाः अशुद्धनयस्था वा, सम्मूढत्वात् । तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** —> कम्मे णोकम्मम्हि य अहमिदि, अहकं च कम्म णोकम्मं । जा एसा बुद्धी अप्पडिबुद्धो हवहि ताव ॥१९॥ अहमेदं एदमहं अहमेदस्सम्हि अत्थि मम एदं । अण्णं च परदव्वं सचित्ताचित्तमिस्सं वा ॥२०॥ आसि मम पुव्वमेदं एदस्स अहंपि आसि पुव्वं हि । पुणो ममेदं एदस्स अहंपि होस्सामि ॥२१॥ एयत्तु असंभूदं आदवियप्पं करेदि संमूढो । भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ॥२२॥ <— इति ।

**आत्मस्वभावनिष्ठानां** = चिन्मात्रबद्धवृत्तीनां हि **ध्रुवा** = निश्चिता **स्वसमयस्थितिः** = स्वागमैकविश्रान्तिः शुद्धनयमात्रवृत्तिः वा, असम्मूढत्वात् । तदुक्तं **समयसारे** एव —> जो पस्सदि अप्पणं अबद्धपुट्ठं अणण्णयं

---

ક્યારેય પાછા ફરવાનું નથી, જન્મ-જરા-મરણના ચક્કરમાં ફસાવવાનું નથી તેવા મોક્ષને) મેળવે છે. <— આ હકીકતથી આત્માને ભાવિત કરવો. (૨/૨૫)

સ્વસમય અને પરસમયમાં રહેલા જીવના ભેદને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>શ્લોકાર્થ</u> :- જે જીવો પર્યાયોમાં આસક્ત છે તેઓ પરસમયમાં રહેલા છે અને આત્મસ્વભાવમાં રહેલા જીવોને નિયમા સ્વસમયમાં સ્થિરતા છે. (૨/૨૬)

## • સ્વસમય અને પરસમયમાં રહેલ વ્યક્તિને ઓળખો •

<u>ટીકાર્થ</u> :- જે જીવો જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મ, રાગદ્વેષ વગેરે ભાવકર્મ અને શરીર વગેરે નોકર્મથી મિશ્રિત થયેલા પર્યાયોમાં ગળાડૂબ થાય છે તે જીવો પરસમયમાં રહેલા કહેવાય છે. અથવા તો અશુદ્ધ નયમાં રહેલા કહેવાય છે. કારણ કે તેઓ સંમૂઢ બનેલા છે. <u>સમયસાર</u> ગ્રંથમાં <u>કુંદકુંદસ્વામી</u>એ જણાવેલ છે કે —> જ્યાં સુધી આ આત્માને કર્મ અને નોકર્મમાં 'આ હું છું' એવી બુદ્ધિ અને આત્મામાં 'આ કર્મ-નોકર્મ છે' તેવી બુદ્ધિ થાય છે ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ છે, આધ્યાત્મિક સમજણ વગરનો છે. જે પુરૂષ પોતાનાથી અન્ય સ્ત્રી, પુત્ર વગેરે સચિત્ત દ્રવ્ય, ધન, ધાન્ય વગેરે અચિત્ત દ્રવ્ય અથવા ગામ, નગર વગેરે મિશ્ર પર દ્રવ્ય - આ બધાને વિશે 'હું આ છું', 'આ હું છું', 'આ પૂર્વે મારૂં હતું', 'હું પણ પૂર્વે તેનો હતો','આ મારૂં ભવિષ્યમાં થશે', 'હું પણ આનો ભવિષ્યમાં થઈશ'' - આવો મિથ્યા આત્મવિકલ્પ કરે છે તે પુરૂષ મૂઢ છે, અજ્ઞાની છે, અને જે પુરૂષ પરમાર્થ વસ્તુ સ્વરૂપને જાણતો થકો એવા મિથ્યા વિકલ્પ કરતો નથી તે પુરૂષ મૂઢ નથી, જ્ઞાની છે. <—

आत्म० । ચિન્માત્રપ્રતિબદ્ધ મનોવૃત્તિવાળા યોગી પુરૂષો આત્મસ્વભાવનિષ્ઠ કહેવાય છે. તેઓ નિયમા સ્વસમયમાં જ વિશ્રાંતિ મેળવનારા છે, અથવા કેવળ શુદ્ધ નયમાં રહેનારા છે. કેમ કે તેઓ સંમૂઢ નથી. <u>સમયસાર</u>માં જ જણાવેલ છે કે —> જે નય આત્માને કર્મબંધરહિત અને પરદ્રવ્યસ્પર્શરહિત, અન્યપણાથી = અનાત્મપણાથી રહિત, ચંચળતારહિત, વિશેષરહિત, પરદ્રવ્યસંયોગશૂન્યરૂપે જુએ છે તેને તું શુદ્ધ નય જાણ.

णियदं । अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ॥१४॥ <— इति । विकल्पातीतेयमवस्था । तदुक्तं **अमृतचन्द्रेण आत्मख्यातौ** —> स खलु निखिलविकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्रः समयसारः <— (समयसारवृत्ति-गा.१४३ पृ.२३२) । इत्थं शुद्धनयावस्थान एव मुक्तिः स्यात् । तदुक्तं **समयसारे** —> परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी । तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं ॥१५१॥ सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहइ जीवो । जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहइ ॥१८६॥ <— इति । **योगसारे योगीन्दुदेवेनापि** —> पुग्गलु अण्णु जिउ अण्णु जिउ अण्णुवि सहु ववहारु । चयहि वि पुग्गलु गएहि जिउ लहु पावहि भावपारु ॥५५॥ जे परभाव चएवि मुणि अप्पं मुणंति । केवलणाणसरूवं लहि ते संसारु मुंचंति ॥६३॥ <— इत्युक्तम् ।

तदुक्तं **प्रवचनसारे**ऽपि —> जे पज्जएसु णिरदा जीवो परसमयिगत्ति णिद्दिट्ठा । आदसहावम्मि ठिदा ते सगसमया मुणेदव्वा ॥ <— (२/२) इति । तद्वृत्तिस्तु —> ये पर्यायेषु निरता जीवा 'परसमयिगत्ति णिद्दिट्ठा ते परसमया इति निर्दिष्टाः कथिताः । तथाहि- 'मनुष्यादिपर्यायरूपोऽहमि'त्यहङ्कारो भण्यते, 'मनुष्यादिशरीरं तच्छरीराधारोत्पन्नपञ्चेन्द्रियविषयसुखस्वरूपं ममे'ति ममकारो भण्यते। ताभ्यां परिणता ममकाराहङ्काररहितपरमचैतन्यचमत्कारपरिणतेश्च्युता ये ते कर्मोदयजनितपरपर्यायनिरतत्वात्परसमया = मिथ्यादृष्टयो भण्यन्ते । 'आदसहावम्मि ठिदा' ये पुनरात्मस्वरूपे स्थितास्ते 'सगसमया मुणेदव्वा' = स्वसमया मन्तव्या

---

<— આ અવસ્થા વિકલ્પાતીત-વિચારાતીત છે. <u>અમૃતચંદ્રાચાર્યે</u> સમયસાર ગ્રન્થની <u>આત્મખ્યાતિ</u> નામની ટીકામાં જણાવેલ છે કે —> ખરેખર તે આત્મા સમસ્ત વિકલ્પોથી અત્યંત અળગો છે. પરમાત્મા છે, જ્ઞાનાત્મા છે, પ્રત્યક્ જ્યોતિ છે, આત્મજ્યોતિ સ્વરૂપ છે, અનુભૂતિમાત્ર સમયસાર છે. <— આ રીતે શુદ્ધ નયમાં રહેવામાં આવે તો જ મોક્ષ થાય. <u>સમયસાર</u>માં જણાવેલ છે કે —> નિશ્ચયથી જે સ્વભાવ પરમાર્થ (= પારમાર્થિક) છે, સમય (=આગમમય) છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે તે સ્વભાવમાં રહેલા મુનિઓ નિર્વાણને પામે છે. શુદ્ધાત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે. અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે. <— તથા <u>યોગીન્દુદેવે</u> પણ <u>યોગસાર</u>માં જણાવેલ છે કે —> પુદ્ગલ જીવથી અન્ય જ છે. અને જીવ પુદ્ગલથી અન્ય જ છે. અન્ય સર્વ વ્યવહાર પણ જીવથી અન્ય છે. તેથી પુદ્ગલોને છોડો, જીવને પકડો અને ભવ પાર પામો. જે મુનિ પરભાવનો ત્યાગ કરી આત્માને આત્મસ્વરૂપે જાણે છે તે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે અને સંસારથી મુક્ત થાય છે. <—<u>પ્રવચનસાર</u> ગ્રંથમાં પણ <u>કુંદકુંદાચાર્યે</u> જણાવેલ છે કે —> જે સંસારી જીવો મનુષ્ય વગેરે પર્યાયોમાં લયલીન છે તેઓ પરસમય છે એવું જણાવેલ છે. અને જે જ્ઞાની જીવ આત્મસ્વભાવમાં રહેલા છે તે સ્વસમય છે. - આવું જાણવું. <—<u>પ્રવચનસાર</u>ની ઉપરોક્ત ગાથાની વ્યાખ્યા કરતાં <u>જયસેનાચાર્ય</u> જણાવે છે કે —> જે જીવો પર્યાયમાં ડૂબેલા છે તે જીવો પરસમય કહેવાયેલા છે. તે આ મુજબઃ 'મનુષ્ય વગેરે પર્યાય સ્વરૂપ હું છું' - આ અહંકાર કહેવાય છે. 'મનુષ્ય વગેરે શરીર અને તે શરીરના આધારે ઉત્પન્ન થયેલ પાંચેય ઈન્દ્રિયોના વિષયોનું સ્વરૂપ મારી માલિકીમાં છે.'- આ મમતા કહેવાય છે. આ અહંકાર અને મમકારથી પરિણત થયેલ એવા જે જીવો અહંકાર અને મમકારથી રહિત એવા પરમ ચૈતન્યના ચમત્કારની પરિણતિથી ભ્રષ્ટ થયેલા છે, તેઓ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ પર્યાયોમાં મગ્ન થયેલા હોવાના કારણે પરસમય = મિથ્યાદષ્ટિ કહેવાય છે. જે જીવો આત્માના સ્વરૂપમાં રહેલા છે તેઓ સ્વસમય જાણવા. તે આ પ્રમાણે :- 'અનેક ઓરડામાં આવ-

= ज्ञातव्या इति । तद्यथा - 'अनेकापवरकसञ्चारितैकरत्नप्रदीप इवानेकशरीरेष्वप्येकोऽहमि'ति दृढसंस्कारेण निजशुद्धात्मनि स्थिता ये ते कर्मोदयजनितपर्यायपरिणतिरहितत्वात्स्वसमया भवन्तीत्यर्थः <— इत्येवं जयसेनाचार्येण कृतेति ध्येयम् । मुक्तिश्च स्वसमयावस्थानादेव भवति । तदुक्तं **अध्यात्मबिन्दौ** —> स्वरूपालम्बनान्मुक्तिर्नान्यथाऽतिप्रसङ्गतः । अहमेव मयोपास्यो मुक्तेर्बीजमिति स्थितम् ॥(२/२५)॥ परद्रव्योन्मुखं ज्ञानं कुर्वन्नात्मपरो भवेत् । स्वद्रव्योन्मुखतां प्राप्तः स्वतत्त्वं विन्दते क्षणात् ॥ <—(३/३) इति ॥२/२६॥

परमात्मस्वरूपमाविष्करोति —> **'आवापे'**ति ।

**आवापोद्वापविश्रान्ति-र्यत्राशुद्धनयस्य तत् ।**
**शुद्धानुभवसंवेद्यं, स्वरूपं परमात्मनः ॥२७॥**

**यत्र** परमात्मस्वरूपे **अशुद्धनयस्य** = औपाधिकपर्यायग्राहकस्य नयस्य **आवापोद्वापविश्रान्तिः** = अध्यारोपापवादाभ्यां निवृत्तिः भवति । तदुक्तं **पैङ्गलोपनिषदि** —> अध्यारोपापवादाभ्यां स्वरूपं निश्चयीकर्तुं शक्यते <—(२/१८) । रागादेर्मुक्तात्मन्यध्यारोपात् सर्वजीवेभ्यो ज्ञानादेरपवादात् रागादिशून्यं ज्ञानमयमात्मस्वरूपं निश्चीयत इति भावः । यद्वा अन्वय-व्यतिरेकाभ्यां गमनागमनाभ्यां वा निवृत्तिः भवति । तथाहि

જાવ કરી રહેલ રત્નદીપક જેમ એક છે તેમ અનેક શરીરોમાં હું પણ એક જ છુ.' આ પ્રમાણે દઢ સંસ્કારથી પોતાના શુદ્ધ આત્મામાં જે જીવો રહેલા છે, તે કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ પર્યાયની પરિણતિથી રહિત હોવાના કારણે સ્વસમયસ્થ કહેવાય છે. <— આ વાત ધ્યાનમાં રાખવી. મોક્ષ તો સ્વસમયમાં રહેવાથી જ થાય છે. <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં <u>હર્ષવર્ધન</u> ઉપાધ્યાયજીએ જણાવેલ છે કે —> પોતાના સ્વભાવના આલંબનથી મોક્ષ થાય છે. તે સિવાય નહીં. જો પરદ્રવ્યના આલંબનથી મોક્ષ થતો હોય તો મિથ્યાત્વીનો પણ મોક્ષ થવાની આપત્તિ આવે. તેથી એવું નિશ્ચિત થાય છે કે " હું જ મારાથી ઉપાસ્ય છું" - આ ભાવ મોક્ષનું બીજ છે. પરદ્રવ્યને અભિમુખ જ્ઞાન કરતો આત્મા પર થાય છે (=પરસમયસ્થ બને છે) તથા જ્ઞાનને સ્વદ્રવ્યની સન્મુખ કરનાર આત્મા ક્ષણ વારમાં વિશુદ્ધ આત્મતત્ત્વને પ્રાપ્ત કરે છે. <— <u>(૨/૨૬)</u>

ગ્રંથકારશ્રી પરમાત્માના સ્વરૂપને પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- અન્વય (આવાપ) અને વ્યતિરેક (ઉદ્‌વાપ) દ્વારા અશુદ્ધ નયની જ્યાં વિશ્રાન્તિ થાય છે તે પરમાત્માનું સ્વરૂપ છે કે જેનું સંવેદન શુદ્ધ અનુભવથી થાય છે. <u>(૨/૨૭)</u>

## ❋ પરમાત્મસ્વરૂપ અનુભવગમ્ય ❋

<u>**ટીકાર્થ**</u> :- ઔપાધિક = ઉપાધિજન્ય = પરદ્રવ્યયુક્ત = આગંતુક ધર્મ એવા પર્યાયો ઉપર પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરનાર નય અશુદ્ધ નય કહેવાય છે. અધ્યારોપ અને અપવાદ દ્વારા તેની નિવૃત્તિ થાય છે. <u>પૈંગલ</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> અધ્યારોપ અને અપવાદ દ્વારા સ્વરૂપનો નિશ્ચય કરવો શક્ય છે. <— અધ્યારોપ એટલે અવિદ્યમાન વસ્તુનો આરોપ કરવો, અને અપવાદ એટલે વિદ્યમાન વસ્તુની બાદબાકી કરવી. જો આત્માનું સ્વરૂપ રાગાદિ પરિણામો હોય તો મોક્ષમાં પણ તે હોય- આ રીતે અધ્યારોપ કરવાથી, તથા જો આત્માનું સ્વરૂપ જ્ઞાનાદિ ન હોય તો કોઈ પણ જીવમાં જ્ઞાનાદિ ઉપલબ્ધ ન થાય - આ રીતે અપવાદ = બાદબાકી કરવાથી નિશ્ચિત થાય છે કે રાગાદિશૂન્ય, જ્ઞાનમય આત્મસ્વભાવ છે. અથવા અન્વય અને વ્યતિરેક

राग-द्वेषादयो वर्णादयश्च नात्मस्वभावभूताः, गमनागमनानुपपत्तेः । किन्तु ते पौद्गलिककर्मकार्यस्वरूपाः, तदुदये तत्सत्त्वात् तदनुदये चासत्त्वात् । पौद्गलिककर्मान्वय-व्यतिरेकानुविधायिरागादि-रूपादिविनिर्मुक्तज्ञायकैकस्वभावो ह्यात्मेत्येवं विमर्शादशुद्धनयप्रचारो विरमति । तदुक्तं **समयसारे** —> पुग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो । ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमिक्को ॥१९९॥ एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणादि जाणगसहावं । उदयं कम्मविवागं च मुअदि तच्चं वियाणंतो ॥२००॥ <— इति ।

—> णिम्मलु णिक्कलु सुद्धु जिणु विण्हु बुद्धु सिवसंतु । सो परमप्पा जिण भणिउ एहउ जाणि णिभंतु ॥९॥ <— इति **योगीन्दुदेवेन योगसारे** दर्शितस्य; —> ससरीरा अरहंता केवलणाणेण मुणियसयलत्था । णाणसरीरा सिद्धा सव्वुत्तमसुक्खसंपत्ता ॥१९८॥ णीसेसकम्मणासे अप्पसहावेण जा समुप्पत्ती। कम्मजभावखए वि य सा वि य पत्ती परा होवि ॥१९९॥ <— इत्येवं **कार्त्तिकेयानुप्रेक्षायां** दर्शितस्य;

દ્વારા અથવા આવાગમન દ્વારા તેની નિવૃત્તિ જ્યાં થાય છે ત્યાં પરમાત્મસ્વરૂપ છે. અશુદ્ધ નયની નિવૃત્તિ આ રીતે થાય —> રાગ-દ્વેષ વગેરે આત્મસ્વભાવભૂત નથી. કારણ કે ગમનાગમનની અન્યથા અનુપપત્તિ થાય છે. જો રાગાદિ આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધ પરમાત્મામાં પણ તે અચૂક હોવા જોઈએ. પરંતુ સિદ્ધ પરમાત્મામાંથી રાગાદિ ચાલી ગયા છે. તથા આત્મામાં નવા નવા રાગાદિ પાછળથી આવતા જણાય પણ છે. અમુક વ્યક્તિ કે વસ્તુ ઉપર પૂર્વે રાગ હોય પણ પાછળથી તે રાગ ચાલ્યો જાય તથા પૂર્વે રાગ ન હોય પણ પાછળથી ઉત્પન્ન થાય, જેના ઉપર પૂર્વે રાગ હોય તેના ઉપર દ્વેષ થાય, અને દ્વેષ હોય તેના ઉપર રાગ થાય - આવું વ્યવહારમાં દેખાય છે. આનાથી ફલિત થાય છે કે રાગાદિ આત્મસ્વભાવભૂત નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ હોવાથી તે અગ્નિમાં આવ-જા નથી કરતો પણ કાયમ રહે છે. તેમ રાગાદિ જો આત્માનો સ્વભાવ હોય તો તે આવ-જા ન કરે, પરંતુ કાયમ રહે. આ જ રીતે વર્ણ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પણ આત્માના સ્વભાવભૂત નથી. કેમ કે તે પણ આવ-જા કરે છે, તેમ જ તેમાં ફેરફાર પણ થાય છે. આમ આવાગમનની અન્યથા અનુપપત્તિ હોવાના કારણે સિદ્ધ થાય છે કે રાગાદિ તથા રૂપ-રસાદિ આત્મસ્વભાવભૂત નથી, પરંતુ તે પૌદ્‌ગલિક કર્મના કાર્ય સ્વરૂપે છે, કેમ કે કર્મનો ઉદય થાય ત્યારે આંતરિક રાગાદિ અને શારીરિક રૂપાદિ હોય છે. કર્મનો ઉદય ન હોય ત્યારે રાગાદિ કે રૂપાદિ હોતા નથી. વીતરાગી-અશરીરી એવા કર્મમુક્ત સિદ્ધ ભગવંતો આનું ઉદાહરણ છે. પૌદ્‌ગલિક કર્મની હાજરી અને ગેરહાજરીને રાગાદિ કે રૂપાદિ અનુસરે છે. પરંતુ વાસ્તવમાં તો આત્મા રાગાદિ કે રૂપાદિથી રહિત કેવળ જ્ઞાયક સ્વભાવવાળો છે - આવા વિચાર-વિમર્શથી અશુદ્ધ નયનો ફેલાવો અટકે છે. <u>સમયસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> 'રાગ એ પુદ્‌ગલકર્મ છે. કેમ કે તેના વિપાકોદયથી જન્ય રાગ છે. રાગ એ મારો સ્વભાવ નથી. હું તો કેવળ જ્ઞાયક સ્વભાવવાળો છું.' - આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ પોતાને જ્ઞાયકસ્વભાવવાળો જાણે છે. અને આત્માના યથાર્થ સ્વરૂપને જાણતો સમકિતી કર્મના વિપાકરૂપ ઉદયને છોડે છે. <—

**णिम्म०** । <u>યોગીન્દુદેવે યોગસાર</u> ગ્રંથમાં પરમાત્માની ઓળખાણ આપતા જણાવેલ છે કે —> જે નિર્મળ, નિષ્કલ, શુદ્ધ, જિન, વિષ્ણુ, બુદ્ધ, શિવ, શાન્ત છે તે પરમાત્મા છે એવું કેવલજ્ઞાની ભગવંતો કહે છે. એ વાતમાં કોઈ ભ્રાન્તિ ન રાખો. <— અલગ અલગ ગ્રંથોમાં વિવિધ પ્રકારે પરમાત્માનું સ્વરૂપ જણાવેલ છે. <u>કાર્તિકેયઅનુપ્રેક્ષા</u>માં જણાવેલ છે કે —> સશરીરી અરિહંતો કેવલજ્ઞાન દ્વારા સઘળા અર્થોને જાણે છે. જ્ઞાનસ્વરૂપદેહવાળા સિદ્ધોએ સર્વોત્કૃષ્ટ સુખ સંપ્રાપ્ત કરેલ છે. બધા કર્મનો નાશ થાય ત્યારે અને કર્મજન્ય

→ निर्लेपो निष्कलः शुद्धो निष्पन्नोऽत्यन्तनिर्वृतः । निर्विकल्पश्च शुद्धात्मा परमात्मेति वर्णितः ॥← (३२/८) इत्येवं **शुभचन्द्रेण ज्ञानार्णवे** दर्शितस्य, → चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः । अत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्तितस्तज्ज्ञैः ॥ ←(२१/८) इत्येवं **योगशास्त्रे श्रीहेमचन्द्रसूरि**प्रदर्शितस्य, → ज्ञानं केवलसंज्ञं योगनिरोधः समग्रकर्महतिः । सिद्धिनिवासश्च यदा परमात्मा स्यात्तदा व्यक्तः ॥ ← (२०/२४) इत्येवं ग्रन्थकृतैव **अध्यात्मसारे** वर्णितस्य **परमात्मनः तत् स्वरूपं शुद्धानुभवसंवेद्यं** = मोहक्षोभविहीनेन निर्विकल्पकेनातीन्द्रियेण स्वसंवेदनेनैव संवेद्यमित्यवसेयम् । निरञ्जनत्वात्परमात्मस्वरूपस्येन्द्रियाऽग्राह्यत्वमेव । तदुक्तं **तत्त्वज्ञानतरङ्गिण्यां ज्ञानभूषणेन** → स्पर्श-रस-गन्ध-वर्णैः शब्दैर्मुक्तो निरञ्जनः स्वात्मा । तेन च (इन्द्रियैः=) खैरग्राह्योऽसावनुभवनाद् गृहीतव्यः ॥ ← (१/४) इति । ततश्च स्वानुभवे यतितव्यमित्युपदेशो ध्वनितः ॥२/२७॥

परमात्मस्वरूपमेव विशिष्य निरूपयति **'गुणे'**ति ।

**गुणस्थानानि यावन्ति, यावन्त्यश्चापि मार्गणाः ।**
**तदन्यतरसंश्लेषो, नैवातः परमात्मनः ॥२८॥**

**अतः** = कर्मोदयजन्यतया गमनागमनशीलानां रागद्वेषादीनां वर्णादीनाञ्चाऽऽत्मन्यौपाधिकत्वात् – → [1]मिच्छे [2]सासण [3]मीसे [4]अविरय [5]देसे [6]पमत्त [7]अपमत्ते । [8]निअट्टि [9]अनिअट्टि [10]सुहुमुवसम[11] [12]खीण

---

ભાવોનો નાશ થાય ત્યારે આત્મસ્વભાવથી જે ઉત્પત્તિ થાય છે તે પ્રાપ્તિ = પરમાત્મદશાની પ્રાપ્તિ એ જ પર = શ્રેષ્ઠ છે. ← <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચંદ્રાચાર્યે</u> એવું જણાવેલ છે કે → નિર્લેપ, નિષ્કલ, શુદ્ધ, નિષ્પન્ન અત્યંત નિર્વૃત્ત અને નિર્વિકલ્પક શુદ્ધાત્મા પરમાત્મા રૂપે જણાવાયેલ છે. ← <u>યોગશાસ્ત્ર</u>માં <u>શ્રીહેમચંદ્રસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે → ચિદ્રૂપ આનંદમય સર્વ ઉપાધિરહિત, શુદ્ધ, અતીન્દ્રિય, અનંતગુણસંપન્ન એવા પરમાત્મા છે. એવું તેના જાણકારોએ કહેલ છે. ← <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારે જ કહેલ છે કે → કેવલ નામનું જ્ઞાન, યોગનિરોધ, સર્વ કર્મનાશ અને સિદ્ધશિલામાં વાસ જ્યારે થાય ત્યારે પરમાત્મા વ્યક્ત થાય. ← આવા પરમાત્માનું સ્વરૂપ શુદ્ધ અનુભવ દ્વારા જ સમ્યક્ રીતે વેદી શકાય છે. મોહનીય કર્મના ક્ષોભ = આઘાત-પ્રત્યાઘાતથી રહિત નિર્વિકલ્પક અને અતીન્દ્રિય એવો આત્મસાક્ષાત્કાર એ શુદ્ધ અનુભવ કહેવાય છે. પરમાત્માનું સ્વરૂપ નિરંજન = રૂપાદિરહિત હોવાથી ઈન્દ્રિય દ્વારા ઓળખી જ ન શકાય. <u>તત્ત્વજ્ઞાનતરંગિણી</u> ગ્રંથમાં <u>જ્ઞાનભૂષણજી</u>એ જણાવેલ છે કે → સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દથી મુક્ત એવો સ્વાત્મા નિરંજન છે. તે કારણે વડે આત્માનો ઈન્દ્રિયો વડે અનુભવ થઈ શકતો નથી. તેથી અપરોક્ષ અનુભૂતિ દ્વારા આત્માનું વેદન કરવું. ← આમ આત્માનુભૂતિને વિશે પ્રયત્ન કરવો - એવો ઉપદેશ અહીં ધ્વનિત થાય છે. <u>(૨/૨૭)</u>

પરમાત્માના સ્વરૂપનું વિશેષ પ્રકારે ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- આથી જેટલા ગુણસ્થાનક છે, તથા જેટલી માર્ગણાઓ છે તે બન્નેમાંથી કોઈની પણ સાથે પરમાત્માને = શુદ્ધ આત્માને સંબંધ નથી. <u>(૨/૨૮)</u>

## ✩ ગુણસ્થાન અને માર્ગણાસ્થાન ઔપાધિક ✩

<u>**ટીકાર્થ**</u> :- આગળના શ્લોકમાં આપણે જણાવી ગયા કે રાગ-દ્વેષાદિ અને રૂપ-રસાદિ કર્મોદયજન્ય હોવાના કારણે સ્થાયી નહીં, પણ આવાગમન કરવાના સ્વભાવવાળા છે. માટે જ આત્મામાં પ્રતિભાસમાન રાગાદિ

[१३]*सजोगि* [१४]*अजोगि गुणा* ॥२॥ <—इत्येवं **कर्मस्तवा**भिधाने *द्वितीयकर्मग्रन्थे प्रोक्तानि* ***यावन्ति गुणस्थानानि;*** —> [१]गई [२]इंदिअ [३]काए [४]जोए [५]वेए [६]कसाय [७]नाणे अ । [८]संजम [९]दंसण [१०]लेसा [११]भव [१२]सम्मे [१३]सन्नि [१४]आहारे ॥४५॥ <—इत्येवं **नवतत्त्वप्रकरण**दर्शिता **यावन्त्यश्चापि** चतुर्दश **मार्गणाः** = औपाधिकानौपाधिकात्मस्वरूपविज्ञानहेतुभूताः, यद्वा —> [१]गइ [२]इंदिए [३]काए [४]जोए [५]वेए [६]कसाय [७]लेसासु । [८]सम्मत्त [९]नाण [१०]दंसण [११]संजय [१२]उवओग [१३]आहारे ॥ [१४]भासग [१५]परित्त [१६]पज्जत्त [१७]सुहुमे [१८]सण्णी य होइ [१९]भव चरिमे[२०] ॥ <— (१४-२४) इत्येवं **आवश्यकनिर्युक्ति**दर्शिता विंशतिविधा **मार्गणाः तदन्यतरसंश्लेषः** = गुणस्थान-मार्गणास्थानान्यतरोपरागः **परमात्मनो नैव** अस्ति । इदमत्रावधेयम् यदुत गुणविकासक्रमप्रदर्शनापेक्षयाऽऽगमे गुणस्थानकव्यवस्थोपदर्शिता संसारिजीववैविध्यदर्शकविभागविवक्षया च मार्गणाव्यवस्थावेदिता। सिद्धपरमात्मनि केवलज्ञानमस्ति तथापि त्रयोदशादिगुणस्थानकातीतत्वात् सयोगिकेवलित्वमयोगिकेवलित्वं वा नाङ्गीक्रियते । यथा गुणस्थानप्रतिबद्धं अयोगिकेवलित्वादिकं सिद्धात्मनि नास्ति तथैव मार्गणास्थानप्रतिबद्धं केवलज्ञान-दर्शनानाहारत्वादिकमपि नास्ति, संसारातीतत्वात्परमात्मनः । एतेन विग्रहगतौ केवलिसमुद्घाते

---

**અને રૂપાદિ ઔપાધિક છે. ગુણસ્થાનકો અને માર્ગણાસ્થાન પણ ઔપાધિક = કર્મના ઉદય સાથે સંકળાયેલા છે. માટે જ પરમાત્માને તે બન્નેમાંથી કોઈની પણ સાથે સંબંધ નથી. ગુણસ્થાનકો ૧૪ છે. <u>કર્મસ્તવ</u> નામના બીજા કર્મગ્રંથમાં (૧) મિથ્યાત્વ ગુણસ્થાનક (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અવિરત સમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરત (૬) પ્રમત્ત સંયત (૭) અપ્રમત્ત સંયત (૮) નિવૃત્તિકરણ = અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મસંપરાય (૧૧) ઉપશાંતમોહ (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગિકેવલી અને (૧૪) અયોગિકેવલી - આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનકો જણાવેલ છે. સંસારી જીવનું ઔપાધિક અને નિરૂપાધિક વિવિધ સ્વરૂપ જાણવાના ઉપાયને માર્ગણાસ્થાન કહેવાય. <u>નવતત્ત્વપ્રકરણ</u>માં ૧૪ પ્રકારે માર્ગણાસ્થાન બતાવેલ છે. તે આ મુજબ : (૧) ગતિ, (૨)ઈન્દ્રિય, (૩) કાયા, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા, (૧૧) ભવ્ય, (૧૨) સમ્યક્ત્વ, (૧૩) સંજ્ઞી અને (૧૪) આહારી. <u>આવશ્યકનિર્યુક્તિ</u>માં <u>શ્રીભદ્રબાહુસ્વામીજી</u>એ ૨૦ પ્રકારે માર્ગણાસ્થાન બતાવેલ છે. તે આ મુજબ છે (૧) ગતિ, (૨) ઈન્દ્રિય, (૩) કાયા, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) લેશ્યા, (૮) સમ્યક્ત્વ, (૯) જ્ઞાન, (૧૦) દર્શન, (૧૧) સંયમ, (૧૨) ઉપયોગ, (૧૩) આહાર, (૧૪) ભાષક, (૧૫) પરિત્ત, (૧૬) પર્યાપ્ત, (૧૭) સૂક્ષ્મ, (૧૮) સંજ્ઞી, (૧૯) ભવ્ય ને (૨૦) ચરમ. આ બધી માર્ગણાઓ સપ્રતિપક્ષ સમજી લેવાની દા.ત.: 'સંજ્ઞી' કહેવાથી અસંજ્ઞી આવી જાય, સકષાય કહેવાથી નિષ્કષાય આવી જાય...અહીં એક વાત ધ્યાનમાં રાખવી. તે એ કે આગમમાં આત્મગુણનો વિકાસક્રમ બતાવવાના અભિપ્રાયથી ગુણસ્થાનકની વ્યવસ્થા બતાવેલ છે. તેમ જ સંસારી જીવની વિવિધતા દેખાડનાર વિભાગનું નિરૂપણ કરવાની વિવક્ષાથી માર્ગણાસ્થાનની વ્યવસ્થા દર્શાવેલ છે. આવું હોવાથી સિદ્ધ પરમાત્મામાં કેવલ જ્ઞાન હોવા છતાં ૧૩ મું કે ૧૪મું ગુણસ્થાનક સિદ્ધ ભગવંતોને ન હોવાના લીધે તેમનામાં સયોગી કેવલી કે અયોગી કેવલી દશા સ્વીકારવામાં આવેલ નથી. જેમ ગુણસ્થાનકપ્રતિબદ્ધ અયોગી કેવલી દશા સિદ્ધ ભગવંતને નથી તેમ માર્ગણાસ્થાનપ્રતિબદ્ધ કેવલજ્ઞાન, કેવલદર્શન, અણાહારી અવસ્થા** ***વગેરે પણ નથી; કેમકે સિદ્ધ ભગવંતો તો સંસારથી અતીત છે અને માર્ગણાદ્વાર તો સંસારી જીવના જ વિભાગ*** **દેખાડવા માટે છે. આનાથી એ પણ સૂચિત થાય છે કે વિગ્રહગતિ કે કેવલી સમુદ્ઘાતમાં જે અણાહારી અવસ્થા છે તે પણ સિદ્ધ ભગવંતમાં નથી. પરન્તુ સિદ્ધ ભગવંતમાં અણાહારી દશા નથી અને આહારી**

वा विद्यमानमनाहारत्वं न सिद्धात्मनि विद्यत इत्यपि ज्ञापितम् । गुणस्थान-मार्गणास्थानाऽप्रतिबद्धं सत् आत्मस्वभावभूतमेव केवलज्ञानानाहारत्वादिकं सिद्धात्मनि स्वीक्रियते ।

उपलक्षणात् मार्गणास्थानाऽविनाभाविवर्ण-गन्ध-रस-शब्द-देह-संस्थानादिसंस्पर्शाभावोऽपि परमात्मनि बोध्यः । तदुक्तं **समयसारे** —> जीवस्स णत्थि वण्णो णवि गंधो णवि रसो णवि य फासो । णवि रूवं ण सरीरं णवि संठाणं णवि संहणणं ॥५०॥ जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्ढया केई। णो अज्झप्पट्ठाणा णेव य अणुभायठाणाणि ॥५२॥ जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा। णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई ॥५३॥ णो ठिइबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा । णेव विसोहिट्ठाना णो संजमलद्धिट्ठाणा वा ॥५४॥ णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स। जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥५५। ववहारेण दु एदे जीवस्य हवंति वण्णमादीया । गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स ॥५६॥ <— इति । **अध्यात्मबिन्दौ** अपि —> बन्धोदयोदीरणसत्त्वमुख्याः भावाः प्रबन्धः खलु कर्मणां स्यात् । एभ्यः परं यत्तु तदेव धामास्म्यहं परं कर्मकलङ्कमुक्तम् ॥ <—(१/१४) इत्युक्तम् । **योगीन्दुदेवेनापि योगसारे** —> मग्गण-गुणठाणाइ कहिया ववहारेण विणिदिट्ठि। णिच्छयणइँ अप्पा मुणहि जिम पावहु परमेट्ठि ॥१७॥ <— इत्युक्तम् ॥२/२८॥

---

**દશા છે- એવું પણ નથી. તેમનામાં અણાહારી અવસ્થા છે જ. પણ તે આત્મસ્વભાવસ્વરૂપ છે, માર્ગણાસ્થાન સાથે તે સંકળાયેલ નથી. આ જ રીતે ગુણસ્થાનસાપેક્ષ કેવલજ્ઞાનાદિ તેમનામાં નથી. પરંતુ આત્મસ્વભાવભૂત કેવલજ્ઞાનાદિ તો છે જ.**

**ઉપલક્ષણથી માર્ગણાસ્થાનમાં નિયત એવા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, દેહ, સંસ્થાન વગેરેનો પણ સંપર્ક પરમાત્મામાં નથી- આવું જાણવું. <u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જીવને વર્ણ નથી, ગંધ પણ નથી, રસ પણ નથી, અને સ્પર્શ પણ નથી, રૂપ પણ નથી, શરીર પણ નથી, સંસ્થાન પણ નથી, સંઘયણ પણ નથી. જીવને રાગ પણ નથી, દ્વેષ પણ નથી, મોહ પણ વિદ્યમાન નથી, પ્રત્યયો (આશ્રવો) પણ નથી, કર્મ પણ નથી, નોકર્મ (દેહાદિ) પણ નથી, જીવને વર્ગ (કર્મના રસની શક્તિઓનો સમૂહ) નથી, વર્ગણા નથી, કોઈ સ્પર્ધકો પણ નથી, અધ્યાત્મસ્થાનો પણ નથી, અનુભાગસ્થાનો પણ નથી. જીવને કોઈ યોગસ્થાનો પણ નથી અથવા બંધસ્થાનો પણ નથી, વળી ઉદયસ્થાનો પણ નથી, કોઈ માર્ગણાસ્થાનો પણ નથી, જીવને સ્થિતિ-બંધસ્થાનો પણ નથી, અથવા સંકલેશસ્થાનો પણ નથી, વિશુદ્ધિસ્થાનો પણ નથી અથવા સંયમલબ્ધિસ્થાનો પણ નથી. વળી જીવને જીવસ્થાનો પણ નથી અથવા ગુણસ્થાનો પણ નથી, કારણ કે આ બધા પુદ્ગલદ્રવ્યોના પરિણામ છે. વર્ણથી માંડીને ગુણસ્થાન સુધીના આ ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહાર નયથી તો જીવના છે, પરંતુ નિશ્ચય નયના મતમાં તેમાંના કોઈ પણ ભાવ જીવને નથી. <— <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં પણ બતાવેલ છે કે —> બંધ, ઉદય, ઉદીરણા, સત્તા વગેરે ભાવો ખરેખર કર્મનો પ્રબંધ છે, આ બધા ભાવોથી જે સ્થાન અળગું છે તે જ 'હું છું,' કે જે કર્મના કલંકથી મુક્ત છે અને શ્રેષ્ઠ છે. <—<u>યોગીન્દુદેવે</u> પણ <u>યોગસાર</u>માં જણાવેલ છે કે —> માર્ગણાસ્થાન અને ગુણસ્થાનનો વ્યવહારથી ઉપદેશ કરવામાં આવેલ છે. નિશ્ચય નયથી આત્માને તું સમજ, જેથી તું પરમેષ્ઠિપદને પ્રાપ્ત કરી શકે. <— <u>(૨/૨૮)</u>**

अबुद्धपरमात्मस्वरूपमावेदयति —> 'कर्मे'ति ।

**कर्मोपाधिकृतान् भावान्, य आत्मन्यध्यवस्यति ।**
**तेन स्वाभाविकं रूपं, न बुद्धं परमात्मनः ॥२९॥**

**कर्मोपाधिकृतान्** = पौद्गलिकाष्टविधकर्मलक्षणोपाधिजनितान् अज्ञत्व-देहमयत्व-श्यामत्व-ह्रस्वत्व-दीर्घत्वादीन् प्रातिहार्यकलितत्वांश्च **भावान् यः** कश्चित् पुरुषः 'अहं अज्ञः', 'अहं श्यामो ह्रस्वो दीर्घो वा' इत्यादिरूपेण **आत्मनि** = स्वात्मनि **अध्यवस्यति** = अध्यारोपयति 'अष्टप्रातिहार्यपरिकलितः अशोकवृक्षस्याधः छत्रत्रयकलितः सिंहोसनोपविष्टः परमात्मा देशनामातनोति' इत्येवं रूपेण **च** परमात्मनि **अध्यवस्यति** = अध्यारोपयति **तेन** पुरुषेण **परमात्मनः स्वाभाविकं** सच्चिदानन्दमयं **रूपं** = स्वरूपं **न** = नैव **बुद्धं** = वेदितं, निश्चयतः परमात्मनः कर्मातीतत्वात् ।

'यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं निर्मापितः....' (भक्तामर-१२) इत्यादिना वीतरागस्तुतिः व्यवहारतोऽवगन्तव्या । तदुक्तं ग्रन्थकृतैव **अध्यात्मसारे** —> शरीररूपलावण्यवप्रच्छत्रध्वजादिभिः । वर्णितैर्वीतरागस्य वास्तवी नोपवर्णना ॥ व्यवहारस्तुतिः सेयं वीतरागात्मवर्तिनाम् । ज्ञानादीनां गुणानां तु वर्णना

---

પરમાત્માના સ્વરૂપને નહિ જાણનાર વ્યક્તિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- કર્મસ્વરૂપ ઉપાધિથી ઉત્પન્ન થયેલા ભાવોને જે વ્યક્તિ આત્મામાં આરોપિત કરે છે તેણે પરમાત્માનું સ્વાભાવિક સ્વરૂપ જાણ્યું નથી. (૨/૨૯)

## ❋ વ્યવહારસ્તુતિ અને નિશ્ચયસ્તુતિ ❋

**ટીકાર્થ** :- કર્મ આઠ પ્રકારના છે. તેમ જ બધા જ કર્મ પૌદ્ગલિક છે. સંસારી આત્માને વળગેલા કર્મ તે આત્માની ઉપાધિ છે. તેનાથી સંસારી આત્મામાં અજ્ઞત્વ, દેહમયત્વ, કાળાશ, ટુંકાપણું - લાંબાપણું વગેરે ભાવો ઉત્પન્ન થાય છે. તે બધા ભાવોનો પોતાના આત્મામાં જે વ્યક્તિ આરોપ કરે છે, અર્થાત્ "હું અજ્ઞાની છું, હું કાળો છું, હું નાનો છું, હું લાંબો છું." ઈત્યાદિ રૂપે કર્મકૃત ભાવોને આત્માના ભાવો સમજે છે તે વ્યક્તિ મૂઢ છે. તેણે શુદ્ધ આત્માને જાણેલ નથી. તેમ જ તીર્થંકર પરમાત્માના અષ્ટપ્રાતિહાર્ય વગેરે ભાવો પણ કર્મજન્ય હોવાના કારણે ઔપાધિક છે. તેથી "આઠ પ્રાતિહાર્યથી યુક્ત અને ત્રણ છત્રથી શોભતા તથા અશોકવૃક્ષની નીચે સિંહાસન ઉપર બેઠેલા તીર્થંકર પરમાત્મા દેશના આપે છે." આ પ્રમાણે કર્મકૃત ભાવોને પરમાત્માના ભાવો તરીકે જે સમજે છે તે વ્યક્તિએ પણ પરમાત્માનું સ્વાભાવિક સચ્ચિદાનંદમય સ્વરૂપ જાણેલું નથી, કેમ કે નિશ્ચય નયથી તો પરમાત્મા કર્મશૂન્ય છે.

यै० । "શાંતરસની કાન્તિવાળા જે પરમાણુઓ દ્વારા હે પરમાત્મા ! તમે નિર્મિત થયેલા છો...." ઈત્યાદિ રૂપે ભક્તામરસ્તોત્રમાં (यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं निर्मापितः....) વીતરાગની જે સ્તુતિ કરવામાં આવેલ છે તે વ્યવહાર નયથી જાણવી. કેમ કે પ્રસ્તુત ગ્રંથકારે જ અધ્યાત્મસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> શરીર, રૂપ, લાવણ્ય, સમોસરણના ત્રણ ગઢ, ત્રણ છત્ર, ધર્મધ્વજ વગેરેનું વર્ણન કરવાથી વીતરાગનું વાસ્તવિક વર્ણન (સ્તુતિ) થતું નથી. તેને વ્યવહારસ્તુતિ જાણવી. નિશ્ચય નયથી તો વીતરાગના આત્મામાં રહેલા જ્ઞાનાદિ ગુણોને વખાણવા તે જ વીતરાગસ્તુતિ છે. નગર વગેરેનું વર્ણન કરવાથી થતી રાજાની પ્રશંસા

निश्चयस्तुतिः ।। पुरादिवर्णनाद्राजा स्तुतः स्यादुपचारतः । तत्त्वतः शौर्य-गाम्भीर्य-धैर्यादिगुणवर्णनात् ।। <— (१८/१२४-१२५-१२६) इति । **समयसारे**ऽपि —> इणमण्णं जीवादो देहं पुग्गलमयं मुणित्तु मुणी । मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं ।।२८।। तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि हुंति केवलिणो । केवलिगुणो थुणदि जो सो तच्च दो केवलिं थुणदि ।।२९।। णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि । देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति ।।३०।। <— इत्युक्तमिति भावनीयं तत्त्वमेतत्तात्त्विकनिश्चयनयप्रवीणैः ।।२/२९।।

विवेकविज्ञानविरहप्रयुक्तोपचारमाह —> 'यथे'ति ।

**यथा भृत्यैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते ।**
**शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ।।३०।।**

**यथा** = येन प्रकारेण **भृत्यैः** = युद्धपरिणामेन स्वयं परिणममानैः राजयोधैः **कृतं युद्धं अविवेकेन** = भूपति-योधगतभेदगोचरविज्ञानविरहेण **स्वामिनि** = युद्धपरिणामेन स्वयमपरिणममाने भूपतौ एव 'राज्ञा युद्धं कृतं' इत्येवं **उपचर्यते** = व्यवह्रियते । उपलक्षणाज्जय-पराजयाद्युपचारोऽप्यवगन्तव्यः । न चायं परमार्थः । **तथा** = तेन प्रकारेण **कर्मस्कन्धोर्जितं** = ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन

---

**એ ઓપચારિક પ્રશંસારૂપ છે. રાજાના શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય વગેરે ગુણોનું વર્ણન કરવાથી જ વાસ્તવમાં રાજાની સ્તુતિ થાય છે. તેમ આ વાત સમજવી. <— <u>સમયસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જીવથી ભિન્ન આ પુદ્ગલમય દેહની સ્તુતિ કરીને મુનિ એમ માને છે કે 'મેં કેવલી ભગવાનની સ્તુતિ કરી, વંદના કરી.' નિશ્ચય નયમાં તે સ્તુતિ યોગ્ય નથી. કારણ કે શરીરના ગુણો કેવળજ્ઞાનીના નથી. જે વ્યક્તિ કેવલજ્ઞાનીના ગુણોની સ્તુતિ કરે છે તે જ પરમાર્થથી કેવલજ્ઞાનીની સ્તુતિ કરે છે. જેમ નગરનું વર્ણન કરવા છતાં રાજાનું વર્ણન (વખાણ) થતું નથી, તેમ શરીરના ગુણની સ્તુતિ-પ્રશંસા કરવાથી કેવલજ્ઞાનીના ગુણોની સ્તુતિ-પ્રશંસા થતી નથી. <— તાત્ત્વિક નિશ્ચય નયમાં કુશળ સાધકોએ આ તત્ત્વથી આત્માને ભાવિત કરવો.<u>(૨/૨૯)</u>**

**ગ્રંથકારશ્રી વિવેક-વિજ્ઞાનની ગેરહાજરીથી થતા ઉપચારને = વ્યવહારને જણાવે છે કે**

**<u>શ્લોકાર્થ</u> :- જેમ સુભટોએ કરેલ યુદ્ધનો સ્વામીને વિશે જ ઉપચાર થાય છે, તેમ કર્મના સમૂહથી ઉત્પન્ન થયેલ ભાવો શુદ્ધ આત્મામાં અવિવેકના કારણે આરોપાય છે. <u>(૨/૩૦)</u>**

## ❯ નિશ્ચયથી આત્મા કર્મનો અકર્તા ❯

**<u>ટીકાર્થ</u> :- જે રીતે યુદ્ધના પરિણામથી સ્વયં પરિણમતા સુભટો વડે યુદ્ધ કરાયેલ હોય અને યુદ્ધના પરિણામથી રાજા સ્વયં પરિણમતો નથી છતાં પણ 'રાજાએ યુદ્ધ કર્યું' - આ પ્રમાણે રાજાને વિશે સુભટકૃત યુદ્ધનો ઉપચાર થાય છે. રાજા અને યુદ્ધ કરનાર - આ બે વચ્ચે રહેલ ભેદનું ભાન ન હોવાના કારણે આવો ઉપચાર = વ્યવહાર થાય છે. ઉપલક્ષણથી હાર-જીત વગેરેનો ઉપચાર પણ સમજી લેવાનો. અર્થાત્ સૈનિકો હારે ત્યારે રાજા હાર્યો વગેરે. પરંતુ વસ્તુસ્થિતિ આ મુજબ નથી. કેમ કે રાજા યુદ્ધના પરિણામથી પરિણમતો નથી. તે રીતે જ્ઞાનાવરણાદિ કર્મના પરિણામથી સ્વયં પરિણમતા કાર્મણવર્ગણા નામના પુદ્ગલપુંજો વડે જ્ઞાનાવરણાદિ કર્મ ઉત્પન્ન થાય છે. વિશુદ્ધ આત્મા પોતે કોઈ જ્ઞાનાવરણાદિ કર્મના પરિણામથી પરિણમતો નથી; છતાં પણ 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું (બાંધ્યું)' આવો ઉપચાર = વ્યવહાર થાય છે. ઉપલક્ષણથી એવું પણ સમજી લેવું કે શરીર વગેરેના**

कार्मणवर्गणाभिधानेन पुद्गलराशिना कृतं ज्ञानावरणादिकर्म **अविवेकेन** = कर्म-नोकर्मकर्तृप्रतियोगिकाऽऽत्मानुयोगिकभेदविज्ञानविरहेण **शुद्धात्मनि** = ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयमपरिणममाने विशुद्धे आत्मनि एव 'आत्मना ज्ञानावरणादि कर्म कृतं ' इत्येवं **उपचर्यते** = व्यवह्रियते । उपलक्षणात् देहादिपरिणामेन स्वयं परिणममाणाभिरौदारिकादिवर्गणाभिः कृतं शरीरादिकं **शुद्धात्मनि** = देहादिपरिणामेन स्वयमपरिणममाने शुद्धे आत्मनि एव 'मया देहःकृतः, देहपुष्ट्यादिकं कृतं, शरीरं धवलीकृतमि'त्येवं **उपचर्यते** = व्यवह्रियते निर्विकल्पकविज्ञानघनभ्रष्टैः सङ्कल्प-विकल्पसन्दोहपरायणैर्व्यवहारनयावलम्बिभिः । न चायं परमार्थः, यतः ज्ञानावरणादिकर्मकर्तृत्वं कार्मणवर्गणायामेव, देहादिलक्षण-नोकर्मकर्तृत्वमौदारिकादिवर्गणायामेवेत्यवधेयम् । एवमेव 'मया धनमुपार्जितं', 'अहमस्याः पतिः पिता पुत्रो वा' इत्याद्युपचारोऽप्यवगन्तव्यः । न चायं परमार्थः ।

तदुक्तं **समयसारे** —> जोदेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो । ववहारेण तह कदं णाणावरणादि जीवेण ॥१०६॥ <—इति । **ज्ञानसारेऽपि** —> यथा योधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते । शुद्धात्मन्यविवेकेन

**પરિણામથી સ્વયં પરિણમતી ઔદારિકાદિ વર્ગણાઓ દ્વારા શરીર વગેરે ઉત્પન્ન થાય છે. શુદ્ધાત્મા તો દેહાદિ પરિણામથી સ્વયં પરિણમતો નથી. છતાં પણ 'મેં શરીર બનાવ્યું.' 'શરીરને મેં તગડું બનાવ્યું, 'સાબુ ઘસવાથી અને પાવડર લગાડવાથી મેં શરીરને ઉજળું બનાવ્યું.' - આવા ઉપચાર થતાં હોય છે. પરંતુ અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે - કર્મના કર્તા અને આત્મા વચ્ચે ભેદ રહેલો છે. નોકર્મના = શરીરના કર્તા અને આત્મા વચ્ચે પણ ભેદ રહેલો છે. પરંતુ આ ભેદનું જ્ઞાન ન હોવાના કારણે ઉપરોક્ત વ્યવહાર થાય છે. પરંતુ આ પરમાર્થ = વાસ્તવિકતા નથી. આનું કારણ એ છે કે જ્ઞાનાવરણ વગેરે કર્મોનું કર્તૃત્વ કાર્મણવર્ગણામાં રહેલું છે. નોકર્મ = દેહનું કર્તૃત્વ ઔદારિકાદિ વર્ગણામાં રહેલું છે. આ વાત ધ્યાનમાં રાખવી. જેઓ નિર્વિકલ્પક વિજ્ઞાનઘન આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થયેલા છે અને સંકલ્પ-વિકલ્પના ઢગલાઓમાં ડૂબેલા છે એવા વ્યવહારઅવલંબી જીવો જ ઉપરોક્ત વ્યવહાર કરે છે. આનું બીજું એક દૃષ્ટાંત એવું લઈ શકાય કે ઘઉંનો લોટ રોટલીના પરિણામરૂપે પરિણમે તો તેમાંથી રોટલીનું નિર્માણ થાય. માટે ઘઉંનાં લોટે રોટલી બનાવી છે. રસોઈયાએ વાસ્તવમાં રોટલી બનાવી નથી; કારણ કે તે પોતે રોટલીના પરિણામથી પરિણત થતો નથી. જો રોટલીના પરિણામથી પરિણમતો એવો રસોઈયો રોટલી બનાવી શકતો હોય તો તે રસોઈયો ઘઉંના લોટની જેમ રેતીમાંથી પણ રોટલી બનાવી શકે. પરંતુ એવું નથી. માટે રસોઈયો રોટલીને બનાવનાર નથી - એવું સિદ્ધ થાય છે. છતાં પણ 'રસોઈયાએ રોટલી બનાવી.' આવો વ્યવહાર રોટલીના કર્તા (ઘઉંનો લોટ) અને રસોઈયા વચ્ચે રહેલ ભેદનું જ્ઞાન ન હોવાથી લોકોમાં થાય છે. આ ઔપચારિક વ્યવહાર જાણવો. પ્રસ્તુતમાં ઘઉંનો લોટ = કાર્મણવર્ગણા, રોટલી = જ્ઞાનાવરણાદિ કર્મ, રસોઈયો = આત્મા- આ પ્રમાણે સમજીને દૃષ્ટાંતનું અર્થઘટન વાચકવર્ગે સ્વયં કરવું. ઘણા વ્યવહાર તો ખોટા હોવા છતાં પણ લોકમાં પ્રસિદ્ધ છે. જેમ કે નળમાંથી પાણી આવે ત્યારે 'નળ આવ્યો' એવો વ્યવહાર છે. મુસાફરો ગામની નજીક આવે ત્યારે તેઓ 'ગામ આવ્યું' આવો વ્યવહાર કરે છે આ જ રીતે 'મેં ધન ઉત્પન્ન કર્યું.' 'હું આનો પતિ છું', 'પિતા છું', 'પુત્ર છું'...ઈત્યાદિ ઉપચાર પણ પ્રસ્તુતમાં આત્મા અને દેહ વગેરે વચ્ચે રહેલા ભેદના અજ્ઞાનના કારણે થતો હોય છે - એવું જાણી લેવું. પરંતુ વસ્તુસ્થિતિ આવી નથી.**

**<u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં "રાજાએ યુદ્ધ કર્યું" - એમ લોકો (વ્યવહારથી) કહે છે. તેવી રીતે "જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું" - એમ વ્યવહારથી લોક કહે**

कर्मस्कन्धोर्जितं तथा ॥ <— (१५/४) इत्युक्तम् । **गम्भीरविजयगणिना** तु मूलकारिकाव्याख्याने **ज्ञानसारवृत्तौ** —> 'अविवेकेन = निर्विचारज्ञानेन' <— इत्युक्तं तदनया दिशा चिन्तनीयम् ॥२/३०॥

अज्ञव्यवहारमेवोपदर्शयति —> **'मुषितत्वमि'**ति ।

**मुषितत्वं यथा पान्थगतं पथ्युपचर्यते**
**तथा व्यवहरत्यज्ञश्चिद्रूपे कर्मविक्रियाम् ॥३१॥**

**यथा** = येन प्रकारेण पथि प्रस्थितान् कांश्चित् पान्थान् मुष्यमाणानवलोक्य तात्स्थ्यात्तदुपचारेण **पथि** = मार्गे 'मुष्यते एष पन्था' इत्येवं **पान्थगतं मुषितत्वं** व्यवहारिभिः **उपचर्यते** = व्यवह्रियते । न च निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः कश्चिदपि पन्था मुष्यते । **तथा** = तेन प्रकारेण **अज्ञः** = जीवकर्मभेदविज्ञानशून्यः जीवः श्यामोज्ज्वलादिपर्यायरूपेण परिणममाणं देहमवलोक्य तात्स्थ्यात्तदुपचारेण **चिद्रूपे** = ज्ञानानन्दैकलक्षणे विशुद्धे आत्मनि 'अहं श्यामो गौरो वा' इत्यादिरूपेण **कर्मविक्रियां** = कर्मविपाकोदयप्रयुक्तनोकर्मगतविकृतिं **व्यवहरति** = अविष्वग्भावेनोपचरति । न च निश्चयतः शुद्धचैतन्यमात्रलक्षणे आत्मनि वर्णादिसंश्लेषः समस्ति । तदुक्तं ग्रन्थकृतैव **अध्यात्मसारे** —> मुषितत्वं यथा पान्थगतं पथ्युपचर्यते । तथा पुद्गलकर्मस्था विक्रियाऽऽत्मनि बालिशैः ॥ (१८/११९) कृष्णः शोणोऽपि

---

છે. <— તથા **<u>જ્ઞાનસારપ્રકરણ</u>**માં પણ ઉપરોક્ત મૂળ ગાથામાં જણાવેલ વિગત જ જણાવેલ છે. તેની ટીકામાં **<u>ગંભીરવિજયજી મહારાજે</u>** "અવિવેક = નિર્વિચાર જ્ઞાન" આમ જણાવેલ છે - આ વસ્તુ વિચારણીય છે. **<u>(૨/૩૦)</u>**

અજ્ઞાનના વ્યવહારને જ ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- જેમ માર્ગમાં મુસાફર લૂંટાતો હોય તો 'આ માર્ગ લૂંટાય છે' - આ પ્રમાણે માર્ગમાં ઉપચાર થાય છે. તેમ પરમાર્થને નહિ જાણનાર જીવ, કર્મની વિકૃતિનો ચૈતન્યસ્વરૂપ આત્મામાં વ્યવહાર કરે છે. **<u>(૨/૩૧)</u>**

## ❀ માર્ગ લૂંટાય છે કે વટેમાર્ગુ ? ❀

**<u>ટીકાર્થ</u>** :- જે રીતે માર્ગમાં નીકળેલા કેટલાક મુસાફરોને લૂંટાતા દેખીને, અમુક જનસમૂહ તે માર્ગમાં રહેલા હોવાથી તે જનસમૂહમાં માર્ગનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે.' - આ રીતે મુસાફરગત લૂંટાવાપણાનો માર્ગમાં ઉપચાર = વ્યવહાર વ્યવહારવર્તી લોકો દ્વારા થાય છે. વિશિષ્ટ = અમુક આકાશનો ભાગ માર્ગ કહેવાય છે. એવો કોઈ પણ માર્ગ નિશ્ચય નયથી લૂંટાતો નથી. તે રીતે જીવ અને કર્મ વચ્ચે રહેલ ભેદનું જેને ભાન નથી તેવો જીવ, કાળા-ધોળા વગેરે પર્યાયરૂપે પરિણમતા શરીરને જોઈને, કર્મ-નોકર્મના વર્ણ આદિ બંધપર્યાયથી જીવમાં રહેલ હોવાથી, તેમાં આત્માનો ઉપચાર કરીને 'હું ગોરો છું.' ઈત્યાદિરૂપે ચિદાનંદૈકસ્વરૂપ વિશુદ્ધ આત્મામાં અવિષ્વગ્ભાવ = અપૃથક્ભાવ સંબંધથી, કર્મના વિપાકોદયથી પ્રયુક્ત અને નોકર્મમાં રહેલ એવી વિકૃતિનો (શ્યામ, ઉજ્જવળતા આદિ પર્યાયનો) ઉપચાર કરે છે. નિશ્ચય નયથી શુદ્ધચૈતન્ય માત્રસ્વરૂપ એવા વિશુદ્ધ આત્મામાં રૂપ, રસ વગેરેના સંબંધ નથી. પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ **<u>અધ્યાત્મસાર</u>** ગ્રંથમાં જણાવેલ છે કે —> જેમ વટેમાર્ગુઓ લૂંટાયા હોય ત્યારે માર્ગ લૂંટાયો એવો ઉપચાર કરવામાં આવે છે, તેમ પુદ્ગલ દ્રવ્યમાં રહેલી વિકૃતિઓનો આત્મામાં બાલિશ પુરૂષો ઉપચાર કરે છે. જેમ ઉપાધિના = સ્વભિન્નવસ્તુના સંસર્ગથી કાળો કે લાલ દેખાતો સ્ફટિક ઉપાધિથી અશુદ્ધ થતો નથી, તે જ રીતે પુણ્ય અને

चोपाधेर्नाशुद्धः स्फटिको यथा । रक्तो द्विष्टस्तथैवात्मा संसर्गात्पुण्य-पापयोः ॥ <— (१८/१२०) इति। **समयसारे**ऽपि —> पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी । मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई ॥५८॥ तह जीव कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं । जीवस्स एस वण्णो जिणेहि ववहारदो उत्तो ॥५९॥ <— इत्युक्तम् ॥२/३१॥

कर्मविपाकोदयेऽपि ज्ञानिनो नास्ति तन्निमित्तो बन्धलेशोऽपीत्याह —> 'स्वत' इति ।

**स्वत एव समायान्ति, कर्माण्यारब्धशक्तितः ।**
**एकक्षेत्रावगाहेन, ज्ञानी तत्र न दोषभाक् ॥३२॥**

**कर्माणि** ज्ञानावरणीयादीनि **आरब्धशक्तितः** = अबाधाकालपरिपूर्णतालब्धावकाशात् सामर्थ्यात् उदयावलिकाप्रवेशप्रयुक्तसामर्थ्यात् विपाकोदयसामर्थ्यतो **वा स्वत एव** = जीवाऽप्रेरितान्येव द्रव्य-क्षेत्रादिकं सम्प्राप्य **समायान्ति** = समन्तत आभिमुख्येन विपाकमुपयान्ति । यस्मिन्नेव क्षेत्रे कर्माणि स्वविपाकमुपदर्शयन्ति तस्मिन्नेव क्षेत्रे जीवोऽपि वर्तते । अत एव 'तस्य जीवस्य तानि कर्माणी'त्युपचर्यन्ते । न चैवं सति

---

પાપના સંસર્ગથી રાગી કે દ્વેષી થયેલો આત્મા અશુદ્ધ થતો નથી. <u>સમયસાર</u> ગ્રંથમાં બતાવેલ છે કે—> જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો દેખીને 'આ માર્ગ લૂંટાય છે.' - એમ વ્યવહારી લોકો કહે છે ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો કોઈ પણ માર્ગ લૂંટાતો નથી, પરંતુ માર્ગમાં ચાલનાર જ લૂંટાય છે, તે જ રીતે જીવ કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને 'જીવનો (=મારો) આ વર્ણ છે.' એમ બોલે છે. આ વાત નિશ્ચયથી નહિ પણ વ્યવહારથી સત્ય છે- આ મુજબ જિનેશ્વર દેવોએ કહ્યું છે. <— <u>(૨/૩૧)</u>

''કર્મના વિપાકોદયમાં પણ જ્ઞાની પુરૂષને તેના નિમિત્તે લેશ પણ કર્મબંધ નથી.'' - આ વાતને ગ્રંથકારશ્રી આગળની ગાથામાં જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- આરબ્ધશક્તિથી કર્મો જાતે આવે છે. જે ક્ષેત્રમાં કર્મો આવે છે ત્યાં આત્મા રહેલો છે. આમ એક જ ક્ષેત્રમાં આત્મા અને કર્મો રહેલા હોવા છતાં પણ જ્ઞાનીને તેમાં કોઈ દોષ લાગતો નથી. <u>**(૨/૩૨)**</u>

## ✦ આત્મજ્ઞાની કર્મ ન બાંધે ✦

<u>**ટીકાર્થ**</u> :- જ્ઞાનાવરણીય વગેરે કર્મ બંધાયા પછી તેનો અબાધાકાળ પૂરો ન થાય ત્યાં સુધી તે કર્મોને ઉદયમાં આવવાને અવકાશ રહેતો નથી. તે તે કર્મોનો અબાધાકાળ પરિપૂર્ણ થયા પછી કર્મોને ઉદયમાં આવવાનો અવકાશ રહે છે. ઉદયમાં આવતા પહેલાં કર્મોનો નિષેક રચાય છે. તેમાંથી જે નિષેકોનો ઉદયાવલિકામાં પ્રવેશ થાય તેનું ફળ નિયમા ઉદયમાં આવે છે. તે જ રીતે ક્યારેક કર્મો પ્રદેશોદયથી ખરી પડે છે, તો ક્યારેક પોતાનો વિપાકોદય બતાવે છે. આનાથી જણાય છે કે પોતાના અબાધાકાળની પૂર્ણતાથી કર્મોને પોતાનું ફળ બતાવવાનું સામર્થ્ય મળવાનો અવકાશ રહે છે. અથવા તો ઉદયાવલિકામાં પ્રવેશ થવાને લીધે કર્મોને તેવું સામર્થ્ય મળે છે. અથવા તો વિપાદોકયથી કર્મને તેવું સામર્થ્ય મળે છે. આ સામર્થ્યને આરબ્ધશક્તિ કહેવાય છે. આ આરબ્ધશક્તિથી જ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેને પ્રાપ્ત કરીને , જીવોની પ્રેરણા વિના જ કર્મો જાતે જ ચારે બાજુથી સામે ચાલીને પોતાના ફળને બતાવે છે = વિપાક ઉદયને પામે છે. જે ક્ષેત્રમાં રહીને કર્મો પોતાનો વિપાક બતાવે છે, એ જ ક્ષેત્રમાં જીવ પણ રહેલો છે. આથી જ 'તે જીવના તે કર્મો છે' એવો ઉપચાર થાય છે.

जीवस्य कथं न तन्निमित्तो बन्ध इति **शङ्कनीयम्, तत्र** स्थलेऽज्ञस्याहङ्कार-राग-द्वेषादिकलुषितहृदयस्येष्यत एव कर्मबन्धः । तदुक्तं **भगवद्गीतायामपि** —> प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः । अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ॥ <— (३/२७) इति अहङ्कारात्कर्मबन्धो जायते एव । किन्तु **एकक्षेत्रावगाहेन** = समानाकाशप्रदेशपङ्क्त्यवगाहनमात्रेण रागादिशून्यो **ज्ञानी न दोषभाक्** = न तन्निमित्तकर्मबन्धभाजनम्, तन्निमित्तकरागादिशून्यत्वात् धर्मास्तिकायवत् । तदुक्तं **अध्यात्मसारे** —> एकक्षेत्रस्थितोऽप्येति नात्मा कर्मगुणान्वयम् । तथाभव्यस्वभावत्वाच्छुद्धो धर्मास्तिकायवत् ॥ <—(१८/१९) इति । यथोक्तं **समयसारेऽपि** —> जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि । पुग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झए णाणी ॥१९५॥ जह मज्जं पिवमाणो अरदिभावेण मज्जदि ण पुरिसो ॥ [1]दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव ॥१९६॥ उप्पण्णोदयभोगो वियोगबुद्धिए तस्स सो णिच्चं । कंखामणागयस्स य उदयस्स ण कुव्वए णाणी ॥२१५॥ जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि । तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं ॥१८४॥ <— इति । **अध्यात्मबिन्दौ** अपि —> विषमश्नन् यथा वैद्यो

---

**"આવું હોવાથી તે વ્યક્તિને તન્નિમિત્તક કર્મબંધ થવાનો અવકાશ કેમ ન થાય ?" આવી શંકા ન કરવી, કારણ કે તેવા સ્થળમાં રાગ-દ્વેષ વગેરેથી કલુષિત હૃદયવાળા અજ્ઞાનીને કર્મબંધ થાય છે એવું અમે માનીએ જ છીએ. ભગવદ્ગીતામાં પણ જણાવેલ છે કે —> પ્રકૃતિના (કર્મપ્રકૃતિના) ગુણો વડે સર્વ કાર્યો કરાય છે, છતાં અહંકારથી મૂઢ થયેલ વ્યક્તિ 'હું કર્તા છું.' - એમ માને છે. <— આવા અહંકારથી તેને કર્મબંધ થાય જ છે. પરંતુ એક જ ક્ષેત્રમાં = સમાન આકાશપ્રદેશની શ્રેણીઓમાં જીવ અને કર્મ રહેવા માત્રથી રાગાદિરહિત જ્ઞાની તન્નિમિત્તક કર્મબંધનું ભાજન બનતો નથી. કારણ કે તન્નિમિત્તક કોઈ પણ રાગાદિથી ભાવો જ્ઞાનીને થતા નથી. જેમ કે જે આકાશપ્રદેશમાં રહીને કર્મો પોતાનું ફળ બતાવે છે તે જ આકાશપ્રદેશમાં આત્માની જેમ ધર્માસ્તિકાય (ગતિસહાયક દ્રવ્ય) પણ રહેલ જ છે; છતાં ધર્માસ્તિકાયને તન્નિમિત્તક કર્મબંધ થતો નથી કેમ કે ધર્માસ્તિકાયમાં રાગાદિભાવ સ્વરૂપ ચીકાશ રહેલી નથી; તેમ આત્મજ્ઞાનીને પણ કર્મોદયનિમિત્તક રાગાદિભાવરૂપી ચીકાશ ન હોવાથી જ્ઞાની કર્મ બાંધતો નથી. અધ્યાત્મસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> જે ક્ષેત્રમાં કર્મો રહેલાં છે તે જ ક્ષેત્રમાં જ્ઞાનીનો આત્મા રહેલો હોવા છતાં પણ તે આત્મા કર્મોના ગુણોના અન્વયને પામતો નથી. અર્થાત્ આત્મા કર્મના ફળની મલિનતાને અનુભવતો નથી. કેમ કે તથાભવ્ય સ્વભાવને લીધે તે આત્મા ધર્માસ્તિકાયની જેમ શુદ્ધ = રાગાદિશૂન્ય જ છે. <— સમયસાર ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જેમ વૈદ્ય પુરૂષ વિષને ભોગવતો = ખાતો હોવા છતાં મરણ પામતો નથી તેમ જ્ઞાની પૌદ્ગલિક કર્મના ઉદયને ભોગવે છતાં પણ બંધાતો નથી. જેમ કોઈ પુરૂષ મદિરાને અપ્રીતિથી પીતો હોય તો મદોન્મત્ત થતો નથી, તેવી જ રીતે જ્ઞાની પણ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે પ્રીતિ વિના વૈરાગ્યભાવે વર્તતો હોવાથી કર્મોથી બંધાતો નથી.[1] વર્તમાન કાળમાં ઉદયે આવેલ કર્મના ફળનો ભોગ પણ જ્ઞાનીને સદા 'આ ભોગસુખ ક્યારે મારાથી દૂર થાય ?' 'હું આનાથી કયારે છૂટીશ ?' આ પ્રમાણે વિયોગબુદ્ધિથી હોય છે અને ભવિષ્ય કાળના કર્મના ઉદયની વાંછા આત્મજ્ઞાની પુરૂષ કરતો નથી. જેમ સુવર્ણ અગ્નિથી તપેલું હોવા છતાં પણ સુવર્ણપણાને છોડતું નથી. તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપવા છતાં જ્ઞાનીપણાને છોડતો નથી <— તથા અધ્યાત્મબિંદુ ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જેમ વૈદ્ય ઝેરને ખાવા છતાં પણ વિકૃતિને પામતો નથી તેમ આત્મજ્ઞાની કર્મના**

---

૧. સમયસાર ગ્રન્થાનુસાર એ પણ સિદ્ધ થાય છે કે વૈરાગ્યભાવે વર્તનારા શ્વેતાંબર સાધુઓ વસ્ત્ર-પાત્રાદિ દ્રવ્યનો ઉપભોગ કરવા છતાં કર્મોથી બંધાતા નથી.

विक्रियां नोपगच्छति । कर्मोदये तथा भुञ्जानोऽपि ज्ञानी न बध्यते ॥ (३/२६) मन्त्रादिध्वस्तसामर्थ्यो न दहत्यनलो यथा । बद्धुं नालं तथा ज्ञानशक्तिकुण्ठीकृतोऽप्ययम् ॥ (३/२७) मद्यं पिबन् यथा मत्तो न स्यादरतिमान् पुमान् । द्रव्यभोगं तथा कुर्वन् सम्यग्दृष्टिर्न लिप्यते ॥ <— (३/२८) इत्युक्तम् ।

**अथ** सम्यग्ज्ञानवतोऽपि, सर्वविरतस्याऽपि, अप्रमत्तस्यापि, क्षपकश्रेणिवर्तिनोऽपि, सयोगिकेवलिनोऽपि च कर्मबन्ध आगमे दर्शित एवेति कथं भवद्भिः 'ज्ञानी तत्र न दोषभाक्' इत्युद्घुष्यते इति चेत् ? **तर्हि** व्याख्यान्तरमित्थमवधेहि - **आरब्धशक्तितः** = तत्तद्गुणस्थानप्रतिबद्ध-बन्धोच्छेदपूर्वकालीन-नियतविविधकर्मबन्ध-सामर्थ्यतो यद्वोदितकर्मविशेषसामर्थ्यतः **स्वत एव** = विशिष्य जीवाऽप्रेरितान्येव **कर्माणि समायान्ति** = समन्तात् सर्वेष्वात्मावगाढप्रदेशेष्वागच्छन्ति एव । **एकक्षेत्रावगाहेन** = बध्यमानकर्माधारभूताकाशप्रदेशेष्वेवा-ऽऽत्मनो वृत्तितयाऽपि **ज्ञानी** = आत्मदर्शी **तत्र** = कर्मबन्धे **न दोषभाक्** = न कर्मबन्धकर्तृत्वलक्षणक-लङ्कभाजनं स्यात्, कर्मबन्धानुकूलाभोगप्रयत्नरहितत्वात् । अत एव प्रत्यस्तमितमिथ्यात्वाविरतिकषाये आत्मदर्शिनि केवलादेव योगाद् बध्यमानानि कर्माणि विपाकोदयतो न स्वफलमुपदधति । न हि कर्मणां बध्यमानत्वेऽपि केवलिनि कर्मबन्धकर्तृत्वं समस्ति, तेषां तत्रावस्थानमात्रात् । यावती मिथ्यात्वाविरत्यादिमात्रा हीयते तावती

ઉદયને ભોગવતો હોવા છતાં પણ બંધાતો નથી. જેમ મંત્રાદિના કારણે, જે અગ્નિની દાહશક્તિનો નાશ થયેલ છે, તેવો અગ્નિ બાળતો નથી, તેમ જ્ઞાનની શક્તિથી કુંઠિત થયેલો કર્મનો ઉદય પણ આત્માને બાંધવા માટે સમર્થ નથી. જેમ અપ્રીતિથી દારૂ પીતો માણસ મદોન્મત્ત થતો નથી તેમ દ્રવ્યભોગને કરતો સમ્યગ્દષ્ટિ કર્મોથી/રાગાદિથી લેપાતો નથી. <—

<u>શંકા</u> :- —> સમ્યક્જ્ઞાનવાળાને પણ, સર્વવિરતને પણ, અપ્રમત્તને પણ, ક્ષપકશ્રેણીમાં રહેલાને પણ અને સયોગી કેવલજ્ઞાનીને પણ કર્મબંધ થાય જ છે. <— આવું આગમમાં બતાવેલ જ છે. તો પછી તમે 'કર્મના ઉદયમાં જ્ઞાની નવા કર્મો બાંધતો નથી.' - આવી ઘોષણા કેમ કરો છો ?

<u>સમાધાન</u> :- ઉપરોક્ત શંકા ઉપસ્થિત થાય ત્યારે પ્રસ્તુત શ્લોકની બીજી વ્યાખ્યા આ પ્રમાણે કરવી કે તે ગુણસ્થાનકોની સાથે સંકળાયેલ તે તે કર્મનો બંધઉચ્છેદ થવાના પૂર્વકાળમાં નિયમા વિવિધ પ્રકારના કર્મોને બાંધવાનું સામર્થ્ય એ પ્રસ્તુતમાં "આરબ્ધશક્તિ" પદનો અર્થ જાણવો. દ્વિતીય કર્મગ્રંથના અભ્યાસુને કયા કયા ગુણસ્થાનક સુધી કયા કયા કર્મો બંધાય છે ? તે વાતની સારી રીતે જાણકારી હોય. તથા પાંચમા કર્મગ્રંથમાં બતાવેલ ધ્રુવબંધી કર્મોના જાણકારને કયા કયા ગુણસ્થાનકો સુધી કયા કયા કર્મો અવશ્ય બંધાય? - તે વાતનો સારી રીતે ખ્યાલ હોય. તેથી તે વિષયની ચર્ચા પ્રસ્તુતમાં કરવામાં આવતી નથી. વિશેષ પ્રકારે જીવની પ્રેરણા વિના કર્મો પોતે જ ઉપરોક્ત આરબ્ધશક્તિથી સામે ચાલીને સર્વ આત્મપ્રદેશોમાં આવે છે જ (બંધાય છે) અથવા તો ઉદયમાં આવેલ અમુક પ્રકારના કર્મના સામર્થ્યને લીધે સ્વયં નૂતન કર્મ સર્વ આત્મપ્રદેશોમાં આવે છે. જે આકાશપ્રદેશો બંધાતા એવા કર્મોનો આધાર બને છે તે જ આકાશપ્રદેશોમાં આત્મા રહે છે, છતાં પણ આત્મદર્શી યોગી તે કર્મબંધમાં દોષનું ભાજન બનતો નથી અર્થાત્ કર્મબંધકર્તૃત્વસ્વરૂપ કલંક આત્મજ્ઞાનીને સ્પર્શતું નથી. કારણ કે તે કર્મબંધને અનુકૂળ આભોગ પ્રયત્નથી રહિત છે. આત્મજ્ઞાનીને તેરમા ગુણઠાણા સુધી કર્મ બંધાય જરૂર છે પણ તેઓ કર્મ બાંધતા નથી. માટે જ જેમણે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનો નાશ કરેલો છે એવા આત્મદર્શી યોગીમાં કેવલ યોગના કારણે જ બંધાતા કર્મો વિપાકોદયથી પોતાનું ફળ દેખાડતા નથી. યોગના કારણે કર્મો બંધાવા છતાં પણ કેવલજ્ઞાનીમાં કર્મબંધનું કર્તૃત્વ નથી,

व्यवहारनयत आत्मनिष्ठत्वेनाऽभिमता कर्मबन्धकर्तृता विलीयते । इत्थञ्च कर्मणामात्मनि सम्बद्धतयाऽवस्थाने उदये वा 'अहं गौरः, श्यामो, अज्ञः, कर्ता, संसर्ता वा' इत्याद्यज्ञानविरहात् ज्ञानी **न दोषभाक्** = न कर्मबन्धकर्तृत्व-कर्मफलभोक्तृत्वादिलक्षणदोषभाजनमिति 'सविशेषणौ हि विधि-निषेधौ विशेषणमुपसङ्क्रामतः सति विशेष्यबाधे' इति निश्चयनयाभिप्रायात् यथा श्रीमता धान्यादौ वस्तुनि क्रीते क्रयणकर्तृत्वं तत्त्वतः श्रियामेव पर्यवस्यति न तु पुरुषे; अन्यथा दरिद्रस्यापि तत्क्रयणप्रसङ्गात् तथा मिथ्यात्वादियुक्तेन जीवेन कर्मणि बद्धे कर्मबन्धकर्तृत्वं निश्चयतो मिथ्यात्वाविरतिकषाययोगेष्वेव पर्यवस्यति न तु जीवे; अन्यथा सिद्धस्यापि कर्मबन्धापत्तेः । यथा सहकारारूढलतागतफलं लताया एव कार्यं न तु सहकारवृक्षस्य तथा मिथ्यात्वादिकमपि जीवसंलग्नानां कर्मणामेव परिणामो न तु जीवस्य । अत एव प्राक् (२/२८) गुणस्थान-मार्गणास्थानान्यतरसंश्लेषाभावः शुद्धात्मन्युक्त इति विभावनीयं शुद्धात्मस्पर्शिनिश्चयनयाभिज्ञैः ॥२/३२॥

ज्ञानिप्रवृत्तिमावेदयति —> '**दारुयन्त्रस्थे**'ति ।

કારણ કે કર્મો માત્ર તેમાં રહેલા છે. જેટલા અંશે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય વગેરેની માત્રા ઘટે તેટલા અંશમાં વ્યવહાર નયથી આત્મનિષ્ઠરૂપે અભિમત એવું કર્મબંધનું કર્તૃત્વ વિલીન થાય છે. આમ આત્મામાં સંબદ્ધ હોવા રૂપે કર્મ વિદ્યમાન હોય કે કર્મનો ઉદય હોય તે વખતે "હું ગોરો છું', 'હું કાળો છું', હું અજ્ઞાની છું, હું કર્તા છું, હું ચારે ગતિના ભાવોને ભજનાર સંસારી છું." આવું અજ્ઞાન ન હોવાના કારણે જ્ઞાની યોગી પુરૂષમાં કર્મબંધનું કર્તૃત્વ કે કર્મફળનું ભોક્તૃત્વ સ્વરૂપ દોષ આવતો નથી. જ્યારે વિશેષણથી વિશિષ્ટ વસ્તુમાં કોઈ વિધાન કે નિષેધ કરવામાં આવે અને કેવલ વિશેષ્યમાં તે વિધાન કે નિષેધ બાધિત હોય તો તે વિધિ-નિષેધ વિશેષણને લાગુ પડે છે. આ ન્યાય નિશ્ચય નયને માન્ય છે એવું <u>સામાચારી પ્રકરણ</u>માં જણાવેલ છે. આને ખ્યાલમાં રાખીને એવું કહી શકાય કે કોઈ શ્રીમંત વ્યક્તિ, વેપારી પાસેથી અનાજ વગેરે માલ ખરીદે-વાપરે ત્યારે તે શ્રીમંતમાં માલની ખરીદીનું કર્તૃત્વ અને ખરીદેલા માલનું ભોક્તૃત્વ જણાય છે. પરંતુ વાસ્તવમાં માલની ખરીદીનું કર્તૃત્વ તે પુરૂષમાં નથી પરંતુ તેની પાસે રહેલ ધનમાં છે. માટે જ તે શ્રીમંત જ્યારે ગરીબ-દરિદ્ર બને છે ત્યારે વેપારીના કિંમતી માલને ખરીદી શકતો નથી, તેમ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના કારણે કર્મ બંધાય છે ત્યારે 'જીવ કર્મ બાંધે છે' એવો વ્યવહાર થાય છે. પરંતુ વાસ્તવમાં તે કર્મબંધનું કર્તૃત્વ તો મિથ્યાત્વ, અવિરતિ વગેરેમાં જ રહેલું છે. જો જીવમાં કર્મબંધનું કર્તૃત્વ હોય તો સિદ્ધ ભગવંતો પણ કર્મ બાંધે. પરંતુ તેવું નથી. માટે કર્મબંધનું કર્તૃત્વ જીવમાં નહિ પણ જીવસંલગ્ન કર્મોદયજન્ય મિથ્યાત્વ, વગેરે ઔદયિક ભાવોમાં રહેલું છે. આ ઔદયિક ભાવો કર્મના પરિણામરૂપ છે, નહિ કે આત્માના પરિણામરૂપ. આ વાતનું વધારે સ્પષ્ટીકરણ કરવા એમ કહી શકાય કે આંબાના ઝાડ ઉપર રહેલ પરોપજીવી વેલમાં જે ફળ આવે તેનું કર્તૃત્વ તે વેલમાં કહેવાય છે; નહિ કે આંબાના ઝાડમાં. ભલે ને ! તે વેલો આંબાના ઝાડ ઉપર રહીને જ પોતાનું ભરણ-પોષણ મેળવી જીવન ગુજારતો હોય. પ્રસ્તુતમાં આંબાનું ઝાડ = આત્મા, પરોપજીવી વેલ = કર્મ અને વેલમાં ઉગતું ફળ = મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. - આ રીતે અર્થઘટન કરવાથી ખ્યાલમાં આવશે કે મિથ્યાત્વ વગેરે જીવના પરિણામ નથી પણ કર્મના પરિણામ છે. માટે જ પૂર્વે ૨/૨૮ શ્લોકમાં જણાવેલ હતું કે "શુદ્ધ આત્માને ગુણસ્થાનકો કે માર્ગણાસ્થાનકો સાથે કોઈ સંપર્ક નથી." શુદ્ધ આત્મલક્ષી નિશ્ચય નયમાં નિપુણ વ્યક્તિઓએ આ વાતથી પોતાના આત્માને ભાવિત કરવો. <u>(૨/૩૨)</u>

જ્ઞાનીની પ્રવૃત્તિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**दारुयन्त्रस्थपाञ्चालीनृत्यतुल्याः प्रवृत्तयः ।**
**योगिनो नैव बाधायै ज्ञानिनो लोकवर्तिनः ॥३३॥**

इयं कारिका **अध्यात्मसारे**ऽपि (५/३३) वर्तत इत्यवधेयम् । **दारुयन्त्रस्थपाञ्चालीनृत्यतुल्याः** = काष्ठनिर्मितयन्त्रसंलग्नपुत्तलिकानर्तनसदृशाः हर्ष-शोकादिशून्याः **प्रवृत्तयः** = लौकिक्यो भोजनवस्त्राच्छादनादिचेष्टाः **लोकवर्तिनः** सदेहस्य **ज्ञानिनः** = सम्यग्दृष्टेः **योगिनः** = मोक्षयोजकसदनुष्ठानशालिनः **नैव बाधायै** = कर्मबन्धाय स्युः, तासां कर्मोदयमात्रप्रेरितत्वात् निर्जरामात्रफलकत्वाच्च । तदुक्तं **समयसारे** —> उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं । जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं ॥१९३॥ <— इति । **भगवद्गीतायामपि** —> कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि । योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ <— (५/११) इत्युक्तम् । तदुक्तं **आत्मख्यातौ अमृतचन्द्रेणापि** —> तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल । यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते ॥१३४॥ <— इति ।

वस्तुतस्तु मोक्षाकांक्षाव्याप्तचित्तत्वात् सम्यग्दृष्टेर्या या चेष्टा सा सा मोक्षपर्यवसानफला, चित्तपरिणामानुरूपफलत्वात् सर्वव्यापाराणाम् । इदमेवाभिप्रेत्य **योगबिन्दौ** —> भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे

---

**<u>શ્લોકાર્થ</u>** :- લોકમાં રહેલ જ્ઞાની એવા યોગી પુરૂષની પ્રવૃત્તિઓ, લાકડાના યંત્રમાં રહેલી પૂતળીઓના નૃત્ય જેવી છે કે જે તેમને બાધક બનતી નથી. <u>(૨/33)</u>

## ✧ જ્ઞાનીની પ્રવૃત્તિ યાંત્રિક પૂતળીના નૃત્ય જેવી[1] ✧

**<u>ટીકાર્થ</u>** :- આ ગાથા <u>અધ્યાત્મસાર</u> પ્રકરણમાં પણ આવે છે આ વાત ખ્યાલમાં રાખવી. જેમ લાકડાથી બનાવેલ યંત્રમાં રહેલી પૂતળીઓ નાચે છે તેમાં તે પૂતળીઓને કોઈ હર્ષ કે શોક નથી તે રીતે લોકમાં રહેલ સદેહી સમકિતી આત્મજ્ઞાની એવા યોગી પુરૂષ, કે જે મોક્ષયોજક સદનુષ્ઠાનોથી શોભે છે તેમને દેહના નિર્વાહ સાથે સંકળાયેલી ભોજન, વસ્ત્રઆચ્છાદન વગેરે લૌકિક પ્રવૃત્તિઓ કર્મબંધ માટે બનતી જ નથી. કેમ કે તે ચેષ્ટાઓ કેવળ કર્મના ઉદયથી જ પ્રેરિત છે અને તેનું ફળ કેવળ નિર્જરા છે. તથા તે સ્થળે કર્મ બંધાય તેવો ઈરાદાપૂર્વકનો પ્રયત્ન યોગી પુરૂષમાં હોતો નથી. <u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> સમ્યગ્દષ્ટિ જીવ જે ઈન્દ્રિયો વડે અચેતન અને ચેતન દ્રવ્યનો ઉપભોગ કરે છે તે બધું નિર્જરાનું નિમિત્ત છે. <— <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> યોગીઓ શરીરથી, મનથી, બુદ્ધિથી કે કેવળ ઈન્દ્રિયોથી પણ જે ક્રિયા કરે છે તે સંગ છોડીને આત્મવિશુદ્ધિ માટે જ કરે છે. <— <u>અમૃતચંદ્રાચાર્ય</u>એ પણ <u>સમયસાર</u> ગ્રન્થની <u>આત્મખ્યાતિ</u> નામની ટીકામાં જણાવેલ છે કે —> ખરેખર તે સામર્થ્ય જ્ઞાનનું જ છે અથવા વૈરાગ્યનું સામર્થ્ય જ છે કે કર્મને ભોગવવા છતાં પણ કર્મ વડે કોઈ બંધાતો નથી. <—

## ❋ સમકિતી આશ્રવને સંવર બનાવે ❋

વસ્તુ ૦ । વાસ્તવમાં તો સમ્યગ્દષ્ટિનું ચિત્ત મોક્ષની આકાંક્ષાથી વ્યાપ્ત હોવાના લીધે સમકિતીની જે જે પ્રવૃત્તિઓ હોય છે તે તે છેવટે મોક્ષસ્વરૂપ ફળને આપે છે. કેમ કે સર્વ પ્રવૃત્તિઓનું ફળ ચિત્તની વૃત્તિને જ અનુરૂપ હોય છે. આ જ અભિપ્રાયથી <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જેણે ગ્રંથિભેદ કરેલ છે તેવા સમકિતીનું

---

૧. આજે જૈનોના વરઘોડામાં જે ઈંદ્રરાજાની ગાડી નીકળે છે તેમાં રહેલી ઈંદ્રધ્વજામાં લાકડાની પૂતળીઓ અલગ અલગ નૃત્યના હાવભાવને વર્તુળ આકારે ફરીને છે. તે અહીં પ્રતિક રૂપે સમજી લેવું. 'કટપૂતળીનો ખેલ' આનું બીજું દૃષ્ટાંત જાણવું.

तनुः। तस्य तत्सर्वं एवेह योगो योगो हि भावतः ॥२०३॥ नार्या यथाऽन्यसक्तायास्तत्र भावे सदा स्थिते। तद्योगः पापबन्धश्च तथा मोक्षेऽस्य दृश्यताम् ॥२०४॥ ← इत्युक्तम् । → 'जे आसवा ते परिसवा ← (१/४/२) इति **आचाराङ्गसूत्र**मप्यत्र संवदति । सम्यग्दर्शनप्रभावादेव बन्धहेतूनां निर्जराकारणतया परिणमनमवगन्तव्यम् । **गीताभाष्ये शङ्कराचार्ये**णापि → सम्यग्दर्शनात् क्षिप्रं मोक्षो भवति ← (४/३९) इत्युक्तमित्यात्मपरिणतिनैर्मल्योपादान एव यतितव्यम् ॥२/३३॥

ज्ञानिप्रवृत्तिमावेदयति → 'प्रारब्धे'ति ।

**प्रारब्धादृष्टजनिता सामायिकविवेकतः ।**
**क्रियापि ज्ञानिनो व्यक्तामौचितीं नातिवर्तते ॥३४॥**

**ज्ञानिनः** = नैश्चयिकसम्यग्दर्शनसम्पन्नस्य योगिनः **प्रारब्धादृष्टजनिता** = उदयावलिकाप्रविष्ट-जीवन-निर्वाहककर्मजन्या **क्रियाऽपि**= श्वासोच्छ्वास-भोजन-देहाच्छादन-शयनादि कायिकी प्रवृत्तिरपि किमुत भाषादिकमित्यपिशब्दार्थः **सामायिकविवेकतः** = लोकविरुद्धत्याग-शासनापभ्राजनानिवृत्त्यनुकूलपरिणामानुविद्ध-चारित्रनिर्वाहकाऽऽचारसम्बन्धिविवेकशक्तितः **व्यक्तां** = लोक-शास्त्रयोः प्रसिद्धां **औचितीं** = आवश्यकत्व-परिमितत्वादिलक्षणोचिततां **नातिवर्तते** = नातिक्रामति । निरभिष्वङ्गे हि चित्ते सति प्राय उचितैव

---

**મન મોક્ષમાં હોય છે, અને શરીર સંસારમાં = સાંસારિક કાર્યોમાં હોય છે. તેથી પ્રસ્તુતમાં સમકિતીની ધર્મ, અર્થ, કામ પુરુષાર્થ સંબંધી પ્રવૃત્તિ હોય છે તે યોગ જ છે. કારણ કે યોગ એ ભાવથી = નૈશ્ચયિક પરિણતિથી છે. જેમ પરપુરુષમાં આસક્ત થયેલી સ્ત્રીનું મન હંમેશા પરપુરુષમાં જ હોય છે. તેથી તે સ્ત્રી પોતાના પતિની સેવા વગેરે જે કંઈ કરે તો પણ તેને પરપુરુષગમનજન્ય પાપબંધ થાય છે, તેમ સમકિતીને કુટુંબચિંતા વગેરે પ્રવૃત્તિ સમયે પણ મન મોક્ષમાં પ્રતિબદ્ધ હોવાથી તે સાંસારિક પ્રવૃત્તિઓ પણ યોગ સ્વરૂપ છે અને નિર્જરા આપનાર છે. ← "કલેશે વાસિત મન સંસાર, કલેશરહિત મન તે ભવ પાર." આવી ઉક્તિઓ પણ પ્રસ્તુત હકીકત તરફ અંગુલિનિર્દેશ કરે છે. "જે આશ્રવ તે જ સંવર" આવું <u>આચારાંગસૂત્ર</u>નું વચન પણ પ્રસ્તુત અર્થનો સંવાદ બતાવે છે. સમ્યગ્દર્શનના પ્રભાવથી જ સમકિતી કર્મબંધના હેતુને નિર્જરાના કારણરૂપે પરિણમાવે છે. આ વાત ખ્યાલમાં રાખવી. <u>ભગવદ્ગીતા</u>ના ભાષ્યમાં <u>શંકરાચાર્યે</u> પણ જણાવેલ છે કે → સમ્યગ્દર્શનથી જલ્દી મોક્ષ થાય છે. ← આ બધા શાસ્ત્રવચનો નિર્મલ આત્મપરિણતિ કેળવવા ઉપર ભાર આપે છે. ← <u>(૨/૩૩)</u>**

**<u>શ્લોકાર્થ</u> :- જ્ઞાનીની પ્રારબ્ધઅદષ્ટથી ઉત્પન્ન થયેલી ક્રિયા પણ સામાયિક-વિવેકથી બહુ સ્પષ્ટ રીતે ઔચિત્યનું ઉલ્લંઘન કરતી નથી જ. <u>(૨/૩૪)</u>**

## ❋ જ્ઞાનીમાં વ્યકત ઔચિત્ય ❋

**<u>ટીકાર્થ</u> :- નૈશ્ચયિક સમ્યગ્દર્શનસંપન્ન યોગી પ્રસ્તુતમાં જ્ઞાની તરીકે અભિમત છે. આવા જ્ઞાનીની ભોજન, શરીરઆચ્છાદન, ઊંઘ વગેરે પ્રવૃત્તિઓ પણ પ્રારબ્ધ અદષ્ટથી ઉત્પન્ન થયેલી હોય છે. કર્મને બાંધ્યા પછી તેનો અબાધાકાળ પૂર્ણ થયા બાદ ઉદયને અભિમુખ એવું કર્મ ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે. ઉદયાવલિકામાં પ્રવેશ પામેલ કર્મને દરેક જીવોએ અવશ્ય ભોગવવું જ પડે છે. તેથી જ્ઞાની પુરુષના જીવનમાં પણ તેવા કર્મો આવવા સહજ છે. જીવનનિર્વાહક કર્મનો ઉદય થતાં જીવનનો નિર્વાહ કરનાર શ્વાસોશ્વાસ, રક્તાભિસરણ વગેરે ક્રિયાની જેમ ભોજન વગેરે ક્રિયાઓ પણ સંપન્ન થાય છે. પ્રાયઃ ઉદયાવલિકામાં પ્રવિષ્ટ જીવનનિર્વાહક કર્મ પ્રસ્તુતમાં**

प्रवृत्तिर्जायते। तदुक्तं **पञ्चाशके**ऽपि —> समभावो समाइयं तण-कंचण-सत्तु-मित्तविसओत्ति । निरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥ <—(११/५) इति । अतः समभावलक्षण-नैश्चयिकनिर्मलसम्यग्दर्शनवतोऽपि प्रवृत्तिरुचितैव, तदुक्तं **योगबिन्दौ** —> अस्यौचित्यानुसारित्वात् प्रवृत्तिर्नासती भवेत् । सत्प्रवृत्तिश्च नियमाद् ध्रुवः कर्मक्षयो यतः ॥३४०॥ <—इति । किञ्च लोकस्य महाजनानुसारित्वाज्ज्ञानिप्रवृत्तेरुचितत्वमुचितमेव। तदुक्तं **भगवद्गीतायां** —> यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥

**'પ્રારબ્ધઅદષ્ટ'** શબ્દથી અભિમત છે. મૂળ ગાથામાં જે **'अपि'** શબ્દ છે તેનાથી વાચિક અને માનસિક પ્રવૃત્તિનું ગ્રહણ સમજી લેવું. પ્રારબ્ધ અદષ્ટથી ઉત્પન્ન કાયિક, વાચિક કે માનસિક એવી જ્ઞાની પુરૂષની કોઈ પણ પ્રવૃત્તિ, લોકમાં અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા ઔચિત્યનું ઉલ્લંઘન કરતી નથી. જેમ કે યોગી મહાત્માને જો કોઈ વ્યક્તિ મેવા, મીઠાઈ, ફળ, ફરસાણ વગેરેની તેમ જ રોટલી, દાળ, ભાત વગેરેની વિનંતિ કરે તો તે યોગી પુરૂષને મન મેવા, મીઠાઈ કે દાળ, ભાતમાં કોઈ વિશેષતા જણાતી નથી, તેને મન બન્ને જડ પુદ્ગલ માત્ર છે. તેમાંથી કોઈને પણ ગ્રહણ કરવું તે આત્માને માટે તો કલંક સ્વરૂપ જ છે. છતાં સદેહ અવસ્થામાં દેહને ટકાવવા આવશ્યકતા મુજબ મહાત્મા સામાન્ય સંજોગોમાં રોટલી, દાળ વગેરે લેવાનું ઉચિત સમજે, નહિ કે મેવા, મીઠાઈ વગેરે. રોટલી, દાળ વગેરે પણ આવશ્યકતા મુજબ પરિમિત જ લે, પરંતુ અપરિમિત ન લે. તે જ રીતે રેશમી, મખમલના કપડાં કે સુતરાઉ ખાદી વગેરેના કપડામાં યોગી પુરૂષને મન કોઈ ભેદભાવ હોતો નથી. છતાં પણ તે અલ્પ મૂલ્યવાળા સાદા સુતરાઉ કપડાં સ્વીકારે, નહીં કે કિંમતી ભપકાદાર રંગબેરંગી કપડાં. સંયમજીવનના નિર્વાહ માટે આવશ્યક ઊંઘ વગેરે પણ યોગી મહાત્માઓને પરિમિત જ હોય. આ રીતે બોલવામાં પણ મિત, મધુર, હિતકારી સત્ય વાણીને મહાત્માઓ અવસરે બોલે. વિચારવામાં પણ આમ સમજી લેવું. આ રીતે મુનિઓની કાયિક, વાચિક કે માનસિક પ્રવૃત્તિઓમાં લોકપ્રસિદ્ધ અને શાસ્ત્રપ્રસિદ્ધ ઔચિત્ય વણાયેલું હોય છે. તેનું કારણ છે સામાયિકવિવેક. લોકવિરૂદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ, શાસનની અવહેલનાનો ત્યાગ વગેરેને અનુકૂળ એવા પરિણામથી ચારિત્ર = સામાયિક વણાયેલું હોય છે. આવા ચારિત્રના નિર્વાહક આચાર સંબંધી અત્યંત નિર્મળદષ્ટિનું સામર્થ્ય એ પ્રસ્તુતમાં 'સામાયિકવિવેક' શબ્દનો અર્થ છે. આના પ્રભાવથી ઉપર જણાવ્યા મુજબ જીવન જરૂરી ક્રિયાઓમાં ઔચિત્યને સાધુઓ ઓળંગતા નથી. જો સાધુઓ નિષ્કારણ રીતે ગોચરીમાં મેવા, મીઠાઈથી ભિક્ષાપાત્ર ભરે, કિંમતી ભપકાદાર કપડાં પહેરે કે દિવસે નિષ્કારણ ઉંઘે, કડવી બરછટ ભાષાનો પ્રયોગ કરે, ગમે ત્યાં મળ-મૂત્ર પરઠવે તો તેમાં લોકવિરૂદ્ધ પ્રવૃત્તિ થવાને કારણે લોકપ્રસિદ્ધ ઔચિત્યનો ભંગ થાય છે. તેમ જ ધર્મની જિનશાસનની અપભ્રાજના થવાના કારણે શાસ્ત્રસિદ્ધ ઔચિત્યનો પણ ભંગ થાય છે. ભાવચારિત્રવાળા મહાત્માઓ આવું કદાપિ કરી ન શકે. કેમ કે યોગીપુરૂષનું ચિત્ત નિરભિષ્વંગ = મૂર્ચ્છા-આગ્રહરહિત હોવાથી પ્રાયઃ તેમની પ્રવૃત્તિ ઉચિત જ થાય. અહીં 'પ્રાયઃ' શબ્દનું ગ્રહણ એટલા માટે કરેલ છે કે ક્યારેક અનાભોગને લીધે = અજાણતાથી થતી સાધુની પ્રવૃત્તિમાં અનૌચિત્ય દેખાવાનો સંભવ છે. <u>પંચાશકજી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> ઘાસ કે સોનું, શત્રુ કે મિત્ર - આ બધાને વિશે સમભાવ એ સામાયિક છે. તે નિરભિષ્વંગ ચિત્તસ્વરૂપ છે અને ઉચિત પ્રવૃત્તિ પ્રધાન છે. <—<u>પંચાશક</u>માં સમભાવ સામાયિક કહેલું હોવાથી સમભાવસ્વરૂપ નૈશ્ચયિક નિર્મળ સમ્યગ્દર્શનવાળા જીવની પ્રવૃત્તિ ઉચિત જ હોય. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> ગ્રંથિભેદ કરનાર સમકિતદષ્ટિ જીવ સર્વ કાર્યમાં ઉચિત પ્રવૃત્તિને પ્રધાન બનાવે છે. તેથી તેની ધર્મપુરૂષાર્થ, અર્થપુરૂષાર્થ વગેરે સંબંધી પ્રવૃત્તિ પણ ખરાબ = અનુચિત ન જ હોય અને નિશ્ચયથી તે સત્પ્રવૃત્તિ જ હોય. કારણ કે તે પ્રવૃત્તિથી નિયમા કર્મનો ક્ષય થાય છે. વળી, જ્ઞાનીની પ્રવૃત્તિ ઉચિત હોય એ જ યોગ્ય છે. કેમ કે લોકો

<— (३/२१) इति ।

इत्थञ्च सर्वस्या ज्ञानिप्रवृत्तेः परोपकारव्याप्तत्वमपि सिध्यति । तदुक्तं **योगदीपिकायां** ग्रन्थकृतैव -—> विशुद्धयोगशक्तेश्चोचितप्रवृत्तिहेतुसामायिकशक्त्या तदर्थितानियतत्वात् <—(षोडशक-१३/५) तदर्थितानियतत्वात् = परानुग्रहार्थिताव्याप्तत्वात् । तदुक्तं **लिङ्गपुराणे** —> आत्मप्रयोजनाभावे परानुग्रह एव हि। प्रयोजनं समस्तानां क्रियाणां परमेष्ठिनः ॥ <—(९/४९) इति । आत्मप्रयोजनश्चात्र कर्मनिर्जरणमवगन्तव्यम् । केवलप्रारब्धादृष्टजनितत्वान्न परोपकारगर्भा ज्ञानिप्रवृत्तिः श्वासोच्छ्वासादिक्रिया इव समभावं बाधते। इत्थमुपगमे एव —> व्यवहारो लौकिको वा शास्त्रीयो वाऽन्यथाऽपि वा । ममाकर्तुरलेपस्य यथारब्धं प्रवर्तताम् ॥ अथवा कृतकृत्योऽपि लोकानुग्रहकाम्यया । शास्त्रीयेणैव मार्गेण वर्तेऽहं का मम क्षतिः ॥<— (पं.द.७/२६७/२६८) इत्येवं **अवधूतोपनिषदि** (अ. २५/२६) **पञ्चदश्यां** चोक्तं सङ्गच्छेतेत्यवधेयम्। प्रवृत्तिविरामस्तु प्रारब्धादृष्टक्षय एव स्यात्, तदुक्तं **अवधूतोपनिषदि** (२१) **पञ्चदश्याञ्च** —> प्रारब्धकर्मणि क्षीणे व्यवहारो निवर्तते। कर्माऽक्षये त्वसौ नैव शाम्येद् ध्यानसहस्रतः॥<—(पं.७/२६३)इति॥२/३४॥

ज्ञानसारगतनिर्लेपाष्टकप्रदर्शितकारिकापञ्चकद्वारा ज्ञानिनोऽलिप्तत्वं विशदयति —> **'संसार'** इति ।

---

મહાપુરૂષને અનુસરતા હોય છે. <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે. તે જેને પ્રમાણ બનાવે છે તેને અનુસારે લોકો વર્તે છે. <—

## ✡ જ્ઞાનીની પ્રવૃત્તિ પરોપકારગર્ભિત ✡

इत्थं च० । જ્ઞાનીની પ્રવૃત્તિ સામાન્ય લોકો માટે દીવાદાંડીનું કામ કરતી હોવાથી જ્ઞાનીની સર્વ પ્રવૃત્તિ પરોપકારથી વણાયેલી હોય છે. આવું પણ સિદ્ધ થાય છે. <u>ષોડશક</u> ગ્રંથની <u>યોગદીપિકા</u> નામની ટીકામાં મહોપાધ્યાયજી મહારાજે જ જણાવેલ છે કે —> વિશુદ્ધ યોગશક્તિના લીધે ઉચિતપ્રવૃત્તિજનક તેવી સામાયિકશક્તિથી જ્ઞાનીની પ્રવૃત્તિનું પ્રયોજન નિયમા પરોપકાર હોય છે. <— <u>લિઙ્ગપુરાણ</u>માં પણ જણાવેલ છે કે —> પોતાનું પ્રયોજન ન હોય તો પરોપકાર એ જ પરમેષ્ઠીની સર્વ ક્રિયાનું પ્રયોજન છે. <—પ્રસ્તુતમાં સ્વપ્રયોજન તરીકે કર્મક્ષય જાણવો. જ્ઞાની પુરૂષોની પ્રવૃત્તિ પરોપકારગર્ભિત હોવા છતાં પણ જ્ઞાનીના સમભાવને = સામયિકને તે બાધિત કરતી નથી. કારણ કે તે પ્રવૃત્તિ શ્વાસોચ્છ્વાસ ક્રિયાની જેમ, માત્ર પ્રારબ્ધ અદૃષ્ટથી ઉત્પન્ન થયેલ છે. આ રીતે સ્વીકારવામાં આવે તો જ —> "હું કર્તા નથી. હું કર્મથી લેપાતો નથી. તેથી મારો વ્યવહાર પ્રારબ્ધકર્મ મુજબ પ્રવર્તો. ભલે, તે વ્યવહાર લૌકિક હોય, શાસ્ત્રીય હોય કે અન્ય પ્રકારનો હોય, અથવા હું કૃતકૃત્ય હોવા છતાં પણ લોકોપકારની ઈચ્છાથી શાસ્ત્રીય માર્ગાનુસારે જ હું પ્રવૃત્તિ કરૂં. તેવું કરવામાં મારે શું ક્ષતિ છે ?"<— આ પ્રમાણે <u>અવધુત ઉપનિષદ્</u>માં અને <u>પંચદશી</u> ગ્રંથમાં યોગી પુરૂષના મનના જે ભાવ જણાવ્યા છે તે સંગત થાય. આ વાત ધ્યાનમાં રાખવી. પ્રારબ્ધ અદૃષ્ટનો નાશ થાય તો જ જ્ઞાનીની પ્રવૃત્તિઓ અટકે. <u>અવધુત ઉપનિષદ્</u>માં અને <u>પંચદશી</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> પ્રારબ્ધ કર્મનો નાશ થાય ત્યારે યોગી પુરૂષનો વ્યવહાર નિવૃત્ત થાય છે. પ્રારબ્ધ કર્મનો જો નાશ ન થાય તો હજારો ધ્યાનથી પણ આત્મજ્ઞાનીનો વ્યવહાર (ભોજન, શ્વાસોચ્છ્વાસ, આરામ, મલમૂત્ર વિસર્જનાદિ) અટકે નહિ. <—<u>(૨/૩૪)</u>

જ્ઞાનસારના ૧૧મા નિર્લેપ અષ્ટકની પાંચ ગાથા દ્વારા 'જ્ઞાની લેપાતા નથી.' - આ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।**
**लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥३५॥**

**कज्जलवेश्मनि** = अञ्जनगृहस्थानीये **संसारे निवसन् स्वार्थसज्जः** = पौद्गलिकसुखलिप्सुः **निखिलो लोकः** द्रव्य-भावकर्मभिः **लिप्यते** = बध्यते, औपाधिकलेपस्वभावत्वात् । **ज्ञानसिद्धः** = कर्म-नोकर्मभिन्नत्वप्रकारकात्मज्ञाननिष्णातः **न** द्रव्य-भावकर्मभिः लिप्यते, औपाधिकलेपस्वभावावगमात् । यथोक्तं **हर्षवर्धनोपाध्यायेन अध्यात्मबिन्दौ** —> स्वत्वेन स्वं परमपि परत्वेन जानन् समस्तान्यद्रव्येभ्यो विरमण-मितश्चिन्मयत्वं प्रपन्नः । स्वात्मन्येवाभिरतिमुपयन् स्वात्मशीली स्वदर्शीत्येवं कर्ता कथमपि भवेत् कर्मणां नैष जीवः ॥ <— (१/२६) इति । तदुक्तं **समयसारे**ऽपि —> बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स । संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो ॥२१७॥ णाणी रागप्पसहो सव्वदव्वेसु कम्ममज्झगदो । णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं ॥२१८॥ अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो । लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं ॥२१९॥ <—इति । **भगवद्गीतायामपि** —> यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः । समः सिद्धावसिद्धौ च कृत्वाऽपि न निबध्यते ॥ (४/२२) योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः । सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ <— (५/७) इत्युक्तम् । अयमेव परैः प्रशस्यते । तदुक्तं **बृहत्संन्यासोपनिषदि** —> यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते । यः

---

**<u>શ્લોકાર્થ</u>** :- કાજલના ઘર જેવા સંસારમાં વસતા સ્વાર્થલંપટ સર્વ લોકો લેપાય છે. પણ પણ જ્ઞાનસિદ્ધ યોગી લેપાતા નથી. **<u>(૨/૩૫)</u>**

## ❀ જ્ઞાની નિર્લેપ ❀

**<u>ટીકાર્થ</u>** :- કાજળના ઘર જેવા સંસારમાં વસતા પૌદ્ગલિક સુખના લંપટ એવા બધા લોકો જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષાદિ ભાવકર્મોથી લેપાય છે. કેમ કે તે લોકોનો ઔપાધિક લેપસ્વભાવ વિદ્યમાન છે. <u>હર્ષવર્ધન ઉપાધ્યાયે</u> પણ <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> સ્વદ્રવ્યને સ્વસ્વરૂપે અને પરદ્રવ્યને પરરૂપે જાણતા તથા સર્વ અન્ય દ્રવ્યોથી અટકેલા અને આત્માની અંદર ચિન્મયપણાને પામેલા, પોતાના આત્મામાં જ આનંદને પામતા, પોતાના આત્માનું અનુશીલન કરનારા, પોતાના આત્માને જ જોનારા એવા જીવ (જ્ઞાની) કોઈ પણ પ્રકારે કર્મોના કર્તા = કર્મબંધકર્તા થતા નથી <— <u>સમયસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે --> કર્મબંધ અને ઉપભોગના નિમિત્ત એવા સંસારસંબંધી અને દેહસંબંધી અધ્યવસાયના ઉદયમાં જ્ઞાનીને રાગ ઉત્પન્ન થતો નથી. જ્ઞાનીએ સર્વ દ્રવ્યો વિશે રાગ છોડેલો હોય છે. તે કર્મોની વચ્ચે રહેલો હોવા છતાં પણ કર્મરૂપી રજથી લેપાતો નથી. જેમ સોનું કાદવની અંદર રહેલું હોય તો પણ કાદવથી લેપાતું (= વિકૃત થતું) નથી તેમ. અજ્ઞાની તો સર્વ દ્રવ્યોમાં રાગી હોય છે. તેથી કર્મોની વચ્ચે રહેલો તે કર્મરૂપી ધૂળથી લેપાય છે. જેમ લોખંડ કાદવની અંદર રહેલું હોય તો લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ. <— <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> અનાયાસે જે મળી જાય તેનાથી સંતુષ્ટ, સુખ-દુઃખ આદિ દ્વંદ્વથી મુક્ત, દ્વેષથી રહિત, સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવવાળો જે છે તે કોઈ કાર્ય કરીને પણ કર્મથી બંધાતો નથી. જેણે ઈન્દ્રિયોને જીતેલી છે, આત્માને = મનને જીતેલ છે, જેનો આત્મા વિશુદ્ધ છે, જેનો આત્મા સર્વ પ્રાણીઓ માટે આત્મરૂપ બન્યો છે અર્થાત્ જે પોતાનામાં અને પારકામાં કોઈ ભેદભાવ રાખતા નથી એવા યોગયુક્ત = યોગી કામકાજ કરવાં છતાં પણ કર્મથી લેપાતા નથી. <— આ જ વ્યક્તિની અન્ય દર્શનકારો પ્રશંસા કરે છે. <u>બૃહત્સંન્યા-</u>

समः सर्वभूतेषु जीवितं तस्य शोभते ॥ <— (२/५५) ॥२/३५॥

**नाहं पुद्गलभावानां कर्ता कारयिता च न ।**
**नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥३६॥**

'**पुद्गलभावानां** = कर्म-नोकर्मलक्षणानां ज्ञानावरणादिद्रव्यकर्म-रागादिभावकर्म-धन-देह-कान्ताऽऽपण-गृहादिनोकर्मणां **अहं न** = नैव **कर्ता, न च** = नैव **कारयिता नापि च अनुमन्ता** = अनुमोदकः **इति** = एवं प्रकारेण **आत्मज्ञानवान् कथं** कर्मभिः **लिप्यते** = बध्यते ? नैवेत्यर्थः । रागादिविरहेण तदकर्तृत्वादिकमवसेयम् । तदुक्तं **समयसारे** —> ण य रायदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा । सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं ॥२८०॥ <— इति । **भगवद्गीतायामपि** —> 'नैव किञ्चित् करोमी'ति युक्तो मन्येत तत्त्ववित् । पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन्नश्नन्गच्छन् स्वपन् श्वसन् ॥ प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि । इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः । लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ <— (५/८-९-१०) इत्युक्तम् । **ब्रह्मोपनिषदि** अपि —> मनोऽप्यन्यत्र निक्षिप्तं चक्षुरन्यत्र पातितम् । तथापि योगिनां योगो ह्यविच्छिन्नः प्रवर्तते ॥४४॥ एतत्तु परमं गुह्यमेतत्तु परमं शुभम् । नातः परतरं किञ्चिन्नातः परतरं शुभम् ॥४५॥ <— इत्युक्तम् ।

---

<u>**સોપનિષદ્**</u>માં જણાવેલ છે કે —> જેને "મેં આમ કર્યું." - આવો અહંકાર ભાવ નથી, જેની બુદ્ધિ લેપાતી નથી, (રાગદ્વેષવાળી થતી નથી) અને જે સર્વ જીવોને સમાનરૂપે જુએ છે. (आत्मवत् सर्वभूतेषु...) તેનું જીવન શોભે છે. <— <u>(૨/૩૫)</u>

<u>**શ્લોકાર્થ**</u> :- "હું પૌદ્ગલિક ભાવોને કરનાર, કરાવનાર અને તેની અનુમોદના કરનાર નથી." આ પ્રમાણે આત્મજ્ઞાનવાળો સાધક કેવી રીતે લેપાય ? <u>(૨/૩૬)</u>

## ❀ આત્મા કર્મ-નોકર્મનો અકર્તા ❀

<u>**ટીકાર્થ**</u> :- કર્મ અને નોકર્મ એ પૌદ્ગલિક ભાવો છે. કર્મના બે પ્રકાર છે. - દ્રવ્યકર્મ અને ભાવકર્મ. જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મ છે અને રાગ-દ્વેષાદિ પરિણામો એ ભાવકર્મ છે. શરીર, ધન, પત્ની, દુકાન, ઘર વગેરે નોકર્મ છે. આ સઘળાયે પૌદ્ગલિક ભાવોને હું કરનાર નથી જ, કરાવનાર નથી જ, અને તેઓની અનુમોદના કરનાર પણ નથી જ- આ પ્રમાણે આત્મજ્ઞાનવાળા યોગી કેવી રીતે લેપાય ? અર્થાત્ તેઓ કર્મબંધ કરતા નથી. રાગાદિ ન હોવાના કારણે તેઓમાં પૌદ્ગલિક ભાવોનું અકર્તૃત્વ વગેરે જાણવું. <u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જ્ઞાની રાગ-દ્વેષ-મોહને કે કષાય ભાવને પોતાની મેળે પોતાનામાં કરતો નથી. તેથી તે જ્ઞાની તે ભાવોનો કર્તા નથી. <—<u>ભગવદ્ગીતા</u>માં પણ જણાવેલ છે કે —> "હું કાંઈ જ કરતો નથી."- આ પ્રમાણે તત્ત્વજ્ઞાનવાળો યોગી જુએ, સાંભળે, સ્પર્શ કરે, સૂંઘે, ખાય, ચાલે, ઊંઘે, શ્વાસ લે, બોલે, મલવિસર્જન કરે, ગ્રહણ કરે, આંખ ઉઘાડે તથા મીંચે, તો પણ "ઈન્દ્રિયોના વિષયમાં ઈન્દ્રિયો પ્રવર્તે છે." - આવી ધારણા કરે છે. જે યોગી વિશુદ્ધ બ્રહ્મમાં મનને રાખીને, આસક્તિ છોડીને ક્રિયાઓ કરે છે તે પાણીથી જેમ કમળનું પાંદડું લેપાતું નથી તેમ લેપાતો નથી. <—<u>બ્રહ્મઉપનિષદ્</u>માં પણ જણાવેલ છે કે —> મન બીજે ઠેકાણે પડ્યું હોય, અને આંખો બીજા કોઈ સ્થાને ફરતી હોય છતાં પણ યોગી પુરુષોનો યોગ નિરંતર પ્રવર્તે છે. આ તત્ત્વ અત્યંત ગૂઢ છે અને પ્રકૃષ્ટ શુભ છે. આનાથી ચઢિયાતું કોઈ તત્ત્વ નથી. <—તથા <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> "પરદ્રવ્ય

**अध्यात्मबिन्दौ** अपि —> न स्वं मम परद्रव्यं नाहं स्वामी परस्य च । अपास्येत्यखिलान् भावान् यद्यास्ते बध्यतेऽथ किम् ?॥ (३/५) ॥ राग-द्वेषद्वितयमुदितं यस्य नैवास्ति सर्वद्रव्येष्वात्मस्थितदृढमतेर्निर्विकारानुभूतेः। टङ्कोत्कीर्णप्रकृतिकलसंज्ञानसर्वस्वभाजो यत्कर्म स्यात् तदिदमुदितं बन्धकृज्जातु नैव ॥ <— (४/२७) इत्युक्तम् ॥२/३६॥

*ज्ञानिनोऽलिप्तत्वमुपपादयति —> 'लिप्यत' इति ।*

**लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ॥३७॥**

''**पुद्गलस्कन्धः** = कर्मसमूहः जीवगतपरिणाममवलम्ब्य स्वयमेव **लिप्यते** = बध्यते **पुद्गलैः** = कार्मणवर्गणाभिः, **अञ्जनेन** = कज्जलेन **चित्रव्योम** = चित्रीयमाणं गगनं **इव अहं न लिप्ये** = बध्ये'' **इति** = एवं प्रकारेण **ध्यायन्** योगी कर्मभिः **न लिप्यते** = नैव बध्यते । तदुक्तं **कुण्डिकोपनिषदि** —> न साक्षिणं साक्ष्यधर्माः संस्पृशन्ति विलक्षणम् । अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ॥२३॥ जले वाऽपि स्थले वाऽपि लुठत्वेष जडात्मकः । नाहं विलिप्ये तदुत्थैर्घटधर्मैर्नभो यथा ॥२४॥ <— इति । **योगीन्दुदेवेनापि योगसारे** —> जेहउ सुद्ध आयासु जिय तेहउ अप्पा वुत्तु । आयासु वि जडु जाणि जिय अप्पा चेयणुवंतु ॥५९॥

મારી માલિકીનું નથી. અને હું પરદ્રવ્યનો માલિક નથી.'' આ પ્રમાણે સર્વ પૌદ્ગલિક ભાવોને દૂર કરીને જો જીવ રહે તો કેવી રીતે કર્મ બંધાય ? જે આત્માને સર્વ દ્રવ્યમાં રાગદ્વેષસ્વરૂપ યુગલ ઉદયમાં નથી, જેની બુદ્ધિ દૃઢ રીતે આત્મામાં રહેલી છે, જે નિર્વિકાર = નિર્વિકલ્પ સ્વાનુભૂતિને માણે છે, ''મારી પ્રકૃતિ = સ્વભાવ ટંકોત્કીર્ણ = અવિચલિત છે.'' આવા સુંદર સમ્યક્ જ્ઞાનના કારણે સર્વથા પોતાના સ્વરૂપને જ જે ભજે છે તેવો યોગી જે કાંઈ ક્રિયા કરે તે ક્રિયા ક્યારેય પણ તેને કર્મબંધ કરનારી થતી નથી. - આ પ્રમાણે કહેવાયેલું છે. <— (૨/૩૬)

'જ્ઞાની લેપાતા નથી' - આ વાતને આગળ ચલાવતા ગ્રંથકારશ્રી કહે છે.

**શ્લોકાર્થ** :- ''પુદ્ગલો વડે પુદ્ગલનો સમૂહ લેપાય છે, જેમ કાજળ દ્વારા ચીતરવામાં આવતું આકાશ કાજળથી લેપાતું નથી તેમ હું પુદ્ગલો વડે લેપાતો નથી.'' - આ પ્રમાણે ધ્યાન કરતો આત્મા લેપાતો નથી. (૨/૩૭)

## ❀ પુદ્ગલથી પુદ્ગલ બંધાય, આત્મા નહિ. ❀

**ટીકાર્થ** :- ''કર્મનો સમૂહ જીવમાં રહેલી રાગાદિ પરિણતિને પામીને જાતે જ કાર્મણ વર્ગણાથી બંધાય છે. જેમ કાજળ દ્વારા ચીતરાતું આકાશ કાજળ દ્વારા લેપાતું નથી તેમ હું કાર્મણ વર્ગણા વડે લેપાતો = બંધાતો નથી.'' - આ પ્રમાણે ધ્યાન ધરતો યોગી કર્મ વડે બંધાતો નથી. કુણ્ડિકોપનિષદ્માં જણાવેલ છે કે —> વિલક્ષણ, અવિકારી અને ઉદાસીન એવા સાક્ષીભૂત ચેતનને સાક્ષ્યધર્મ = કર્મ પરિણામો સ્પર્શતા નથી. ઘરમાં રહેલ દીવાને ઘરના લાલ, પીળા રંગ જેમ સ્પર્શતા નથી તેમ આ વાત જાણવી. જેમ ઘટ વગેરે ઔપાધિક ધર્મોથી શુદ્ધ આકાશ લેપાતું નથી, તેમ પાણીમાં કે જમીનમાં આ જડ શરીર ભલે આળોટે, પણ તેનાથી ઉત્પન્ન થયેલ પરિણામોથી હું લેપાતો નથી. <— તથા યોગીન્દુદેવે પણ યોગસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> હે જીવ ! જેમ આકાશ શુદ્ધ છે તેમ આત્મા પણ શુદ્ધ કહેવાય છે. તે બન્ને વચ્ચે ફરક માત્ર એટલો જ છે કે આકાશ જડ અને આત્મા ચૈતન્યયુક્ત છે. <— શુદ્ધ સંગ્રહ નયની અપેક્ષાએ આ વાત જાણવી. આ જ અભિપ્રાયથી અધ્યાત્મસાર ગ્રંથમાં કહ્યું છે કે —> જાણે ઉદાસીન હોય, તે રીતે રહેલો આત્મા કાંઈ પણ કરવાને પ્રયત્ન કરતો નથી. જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ કર્મ દ્વારા આત્મા લેપાતો નથી. <— આત્માની વિદેહ અવસ્થાની અપેક્ષાએ આ વાત જાણવી. કારણ કે મોક્ષમાં આત્માને કાર્મણવર્ગણાનો સંપર્ક હોવા છતાં કર્મનો સંપર્ક જરા પણ નથી હોતો. તો

<— इत्युक्तम् । इदञ्च शुद्धसङ्ग्रहनयेनावगन्तव्यम् । इदमेवाभिप्रेत्योक्तं **अध्यात्मसारे** —> कर्तुं व्याप्रियते नायमुदासीन इव स्थितः । आकाशमिव पङ्केन लिप्यते न च कर्मणा ॥ <— (१८/९०) इति । इदञ्च विदेहावस्थापेक्षयाऽवगन्तव्यम् । कार्मणवर्गणासम्पर्कसत्त्वेऽपि कर्मसम्पर्कस्य मुक्तात्मनि विरहेण तल्लेपाऽसम्भवात् । योगिनः सदेहावस्थामधिकृत्य तु **अध्यात्मबिन्दौ** —> यथैव पद्मिनीपत्रमस्पृष्टं तोयबिन्दुभिः । तथाऽऽत्माऽयं स्वभावेन न स्पृष्टः कर्मपुद्गलैः ॥ <—(२/२६) इत्युक्तम्, कर्मसम्पर्कसत्त्वेऽपि तल्लेपस्वभावविरहात् । तदुक्तं **योगसारे योगीन्दुदेवेना**ऽपि —> जह सलिलेण ण लिप्पियइ कमलणिपत्तं कयावि । तह कम्मेहिं ण लिप्पियइ जइ रइ अप्पसहावि ॥९२॥ <—इति । **अध्यात्मसारे**ऽपि —> कर्मनैष्कर्म्यवैषम्यमुदासीनो विभावयन् । ज्ञानी न लिप्यते भोगैः पद्मपत्रमिवाऽम्भसा ॥ विषयेषु न रागी वा द्वेषी वा मौनमश्नुते । समं रूपं विदंस्तेषु ज्ञानयोगी न लिप्यते ॥ <— (१५/३५-३७) इत्युक्तम् ।

निश्चयनयेन तत्कर्तृत्वं कस्मिन्नप्यात्मनि न विद्यते, स्वस्वभावकर्तृत्वात्सर्वभावानाम् । तदुक्तं **अध्यात्मबिन्दौ** एव —> सर्वे भावा निश्चयेन स्वभावान् कुर्वन्तीत्थं साधु सिद्धान्ततत्त्वम् । भिन्नद्रव्यीभूतकर्मप्रपञ्चं जीवः कुर्यात् तत्कथं वस्तुतोऽयम् ॥(१/२२) कर्ताऽयं स्वस्वभावस्य परभावस्य न क्वचित् । कर्ताऽऽत्मेति श्रुतिः साक्षाद् यत् स्वभावक्रियापरा ॥ <—(२/८) इति । कर्तृत्वञ्चात्र ज्ञातृत्वरूपं स्थितिरूपं वाऽवगन्तव्यं

---

**પછી કર્મથી લેપાવાની તો શક્યતા જ ક્યાંથી હોય ? કાર્મણવર્ગણાને સ્વીકારવાનો પરિણામ અંશતઃ પણ હોય તો જ સિદ્ધાત્મામાં કર્મસંપર્ક માની શકાય. પરંતુ તેવું નથી. સયોગી કેવલીમાં કર્મસંપર્ક હોવા છતાં કર્મજન્ય પરિણામોને તેઓ ન સ્વીકારતા હોવાથી તેમનામાં કર્મસંસર્ગ નથી. રાગી જીવોમાં તો કર્મસંસર્ગ પણ હોય છે. તેથી તેઓ કર્મથી લેપાય છે. યોગીની સદેહ અવસ્થાની અપેક્ષાએ <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે – —> જેમ કમળનું પાંદડું પાણીના ટીપાં વડે લેપાયેલ નથી તેમ આ આત્મા પોતાના સ્વભાવથી જ કર્મપુદ્ગલ વડે લેપાયેલ નથી. <— જેમ કમલપત્રને જળબિંદુનો સંપર્ક છે પણ તેનાથી તે લેપાતું નથી તેમ યોગીપુરૂષને સદેહ અવસ્થામાં કર્મનો સંપર્ક છે પરંતુ તે તેનાથી લેપાયેલ નથી. કારણ કે કર્મથી લેપાવાનો સ્વભાવ તે યોગીમાં નથી. અને જેમ આકાશને કાદવનો સંપર્ક પણ નથી અને કાદવથી તે લેપાતું પણ નથી તેમ સિદ્ધ અવસ્થામાં આત્માને તેવો કર્મસંપર્ક નથી અને કર્મોથી તે લેપાતો પણ નથી. <u>યોગીન્દુદેવે</u> પણ <u>યોગસારમાં</u> જણાવેલ છે કે 'જેમ કમલપત્ર પાણીથી ક્યારેય પણ લેપાતું નથી તે જ રીતે જીવ કર્મોથી લેપાતો નથી. જો તે આત્મસ્વભાવમાં રક્ત હોય = પ્રસન્ન હોય તો.' <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> ઉદાસીન રહીને કર્મ અને નૈષ્કર્મ્ય (કર્મરહિતતા) ની વિષમતાને વિચારતા એવા જ્ઞાની પુરૂષ, પાણી દ્વારા કમળપત્ર જેમ ન લેપાય તેમ, ભોગો દ્વારા લેપાતા નથી. ઈન્દ્રિયોના વિષયોમાં રાગી કે દ્વેષી જીવ મૌનને = મુનિપણાને પામતા નથી. સર્વ ઈન્દ્રિયવિષયોમાં એકસરખાપણાને = પરદ્રવ્યપણાને (= ઉપેક્ષ્યતાને) જોતા જ્ઞાનયોગી વિષયોમાં લેપાતા નથી. <—**

**निश्च० । નિશ્ચય નયથી કર્મનું કર્તૃત્વ કોઈ પણ આત્મામાં હોતું નથી. કેમ કે સર્વ ભાવો પોતપોતાના સ્વભાવને કરનાર છે. <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જીવાદિ સર્વ ભાવો નિશ્ચયનયથી પોતાના પરિણામને જ કરે છે. સિદ્ધાંતનું સાચું તત્ત્વ આ જ છે. કર્મ તો આત્માથી ભિન્ન દ્રવ્યરૂપ છે. તેથી આ આત્મા વાસ્તવમાં કર્મનો પ્રપંચ કેવી રીતે કરે ? આ આત્મા તો સ્વસ્વભાવનો કર્તા છે. આત્મા ક્યાંય પણ પરભાવનો કર્તા નથી. ''આત્મા કર્તા છે.'' આવું જે આગમવચન છે તે સાક્ષાત્ સ્વભાવક્રિયાને જણાવવામાં તત્પર છે. અર્થાત્ આત્મા પોતાના સ્વભાવનો કર્તા છે. <—શુદ્ધ સંગ્રહ નયના અભિપ્રાયથી પ્રસ્તુતમાં કર્તૃત્વ જ્ઞાતૃત્વસ્વરૂપ જાણવું. અથવા તો સ્થિતિસ્વરૂપ જાણવું. <u>(૨/૩૭)</u>**

शुद्धसङ्ग्रहनयाभिप्रायेण (अध्यात्मसार १८/१९) ॥२/३७॥

नन्वात्मनो निश्चयतोऽलिप्तत्वे ज्ञाते कथं ज्ञानिनो धर्मक्रिया युज्यते ? इत्याशङ्कायामाह —> 'लिप्तते'ति ।

**लिप्तताज्ञानसम्पातप्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥३८॥**

**केवलं लिप्तताज्ञानसम्पातप्रतिघाताय** = 'ज्ञानावरणादिना मोहादिना देहादिना वा लिप्तोऽहम्' इत्येवं स्वविशेष्यक-लिप्तत्वप्रकारकं यत् कर्मप्रयुक्तं स्वस्वभावानुपयोगप्रयुक्तं वा ज्ञानं तदागमनस्य प्रतिरोधाय **निर्लेपज्ञानमग्नस्य** = 'कुटुम्ब-देह-वस्त्र-शब्द-विचार-कर्मादिनाऽलिप्तोऽहं सर्वदा शुद्धचिन्मात्रः' इत्येवं स्वविशेष्यकालिप्तत्वप्रकारकानुभवनिमग्नस्य प्रतिक्रमण-प्रतिलेखन-विहार-भिक्षाटन-समिति-गुप्त्यादिका **सर्वा क्रिया उपयुज्यते** । ज्ञानपूर्णस्यापि यथा धर्मक्रियाऽपेक्ष्यते तथा स्पष्टीभविष्यति अग्रे (३/१४ पृष्ठ-२८७) इत्यवधेयम् ॥२/३८॥

कर्मबन्धकारणमन्वय-व्यतिरेकाभ्यामावेदयति —> 'तप' इति ।

**तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते ।**
**भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ॥३९॥**

---

—> "નિશ્ચય નયથી આત્મા અલિપ્ત છે." આવું જાણ્યા પછી જ્ઞાની પુરૂષ જે ધર્મક્રિયા કરે છે તેની જરૂર શું ? <— આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે

<u>**શ્લોકાર્થ**</u> :- નિર્લેપજ્ઞાનમાં મગ્ન થયેલા યોગીને સર્વ ક્રિયાઓ કેવળ "આત્મા કર્મથી લેપાયેલ છે." એવા જ્ઞાનના આગમનને રોકવા માટે ઉપયોગી થાય છે. <u>(૨/૩૮)</u>

## ❀ આત્મજ્ઞાનીને પણ ધર્મક્રિયા ઉપયોગી ❀

<u>**ટીકાર્થ**</u> :- "જ્ઞાનાવરણીય વગેરે કર્મ દ્વારા, મોહ વગેરે દ્વારા કે દેહ વગેરે દ્વારા હું લેપાયેલો છું." - આ પ્રમાણે પોતાનામાં લેપાયેલપણાનું અવગાહન કરનાર જે જ્ઞાન છે તે કાં તો કર્મના મલિન પ્રકારના ક્ષયોપશમને કારણે આવે છે કાં તો પોતાના સ્વભાવના અનુપયોગને લીધે આવે છે. આવું જ્ઞાન જ્ઞાનીને ઈષ્ટ નથી. ભલે, તે જ્ઞાની "કુટુંબ, શરીર, વસ્ત્ર, શબ્દ, વિચાર, કર્મ વગેરેથી હું લેપાયેલ નથી, હું સર્વદા કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું." - આ પ્રમાણે પોતાનામાં નિર્લેપતાનું અવગાહન કરનાર અનુભવમાં ડૂબેલા હોય. પરંતુ તે જે કાંઈ પ્રતિક્રમણ, પડિલેહણ, વિહાર, ભિક્ષાટન, સમિતિ-ગુપ્તિ વગેરે ધર્મક્રિયા કરે છે તે ઉપરોક્ત લિપ્તતા જ્ઞાનના આગમનને કેવળ અટકાવવા માટે જ ઉપયોગી બને છે. જ્ઞાનથી પૂર્ણ એવા યોગીને પણ જે રીતે ધર્મક્રિયા અપેક્ષિત છે તે રીતે આગળ ૩જા અધિકારના ૧૪ મા શ્લોકમાં સ્પષ્ટ થશે, આ વાત ખ્યાલમાં રાખવી. <u>(૨/૩૮)</u>

કર્મબંધના કારણને અન્વય અને વ્યતિરેક દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- તપ અને શ્રુતજ્ઞાન વગેરેના કારણે અભિમાનથી ગ્રસ્ત થયેલ જીવ શાસ્ત્રોક્ત ક્રિયાવાળો હોવા છતાં પણ કર્મથી લેપાય છે. જ્યારે ભાવનાજ્ઞાનથી યુક્ત જીવ ક્રિયા વગરનો હોવા છતાં પણ લેપાતો નથી. <u>(૨/૩૯)</u>

## ❀ અભિમાની લેપાય - આત્મજ્ઞાની ન લેપાય ❀

<u>**ટીકાર્થ**</u> :- 'હું તપસ્વી છું.' 'હું બહુશ્રુત છું.' - આ પ્રમાણે અભિમાનગ્રસ્ત એવો જીવ, શાસ્ત્રવિહિત

**तपःश्रुतादिना मत्तः** = 'अहं तपस्वी, बहुश्रुतोऽहमि'त्यादिरूपेणाभिमानग्रस्तः **क्रियावानपि** = शास्त्रविहित-तपआचार-ज्ञानाचारादिमानपि प्रबलाशुभानुभागवद्भिः कर्मभिः **लिप्यते** = बध्यते, कषायस्य कर्मबन्धं प्रति कारणत्वात् । **भावनाज्ञानसम्पन्नः** = प्रागुक्त-श्रुत-चिन्तोत्तरकालीन-भावनाज्ञानभावितात्मः **निष्क्रियोऽपि** = देहदौर्बल्यादिना शास्त्रोक्त-तपःप्रभृतिरहितोऽपि **न लिप्यते** = प्रबलाशुभानुभागवद्भिः कर्मभिर्न बध्यते, कर्तृत्वाद्यभिमानविरहात् । तदुक्तं **अध्यात्मसारे** —> पराश्रितानां भावानां कर्तृत्वाद्यभिमानतः । कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते ॥ <— (१८/१०९) इति । निश्चयतः प्रबलरस-घात-स्थितिघात-गुणश्रेण्यादितः कर्माणि निर्जरन्ति स्वयमेव । तदुक्तं **समयसारे** —> रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो <— (१५०) । तदुक्तं **महोपनिषदि** अपि —> प्रक्षीणचित्तदर्पस्य निगृहीतेन्द्रिय-द्विषः । पद्मिन्य इव हेमन्ते क्षीयन्ते भोगवासनाः ॥ <— (५/७७) इति ।

एवमेवाज्ञानी सामग्रीविरहेण विषयानसेवमानोऽपि रागादिसद्भावेन विषयसेवनफलाभिलाषित्वात्तत्सेवक एव । तदुक्तं **अध्यात्मसारे** —> अनिगृहीतमनाः कुविकल्पतो नरकमृच्छति तन्दुलमत्स्यवत् । इयमभक्षणजा तदजीर्णतानुपनतार्थविकल्पकदर्थना ॥ <—(११/१०) इति । ज्ञानी तु पूर्वसञ्चितकर्मोदयसम्पन्नान् विषयान्

તપાચાર, જ્ઞાનાચાર વગેરેથી યુક્ત હોવા છતાં પણ કર્મો વડે બંધાય છે. કારણ કે કર્મબંધ પ્રત્યે કષાય કારણ છે, અને અભિમાન એ કષાયનો જ એક પ્રકાર છે. અહીં બંધાતા કર્મ પ્રબળ અશુભ રસવાળા હોય છે- આ વાત ખ્યાલમાં રાખવી. પૂર્વે (૧/૬૫-૬૬) જે શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાન જણાવી ગયા તેના પછી થનાર ભાવનાજ્ઞાનથી (૧/૬૭-૬૯) ભાવિત એવો જીવ શરીરની દુર્બલતા વગેરેના કારણે શાસ્ત્રોક્ત તપ વગેરે આચારથી રહિત હોય છતાં પણ પ્રબળ અશુભ રસવાળા કર્મો વડે બંધાતો નથી, કેમ કે તેને 'હું તપસ્વી છું." વગેરે રૂપે કર્તૃત્વ વગેરે ભાવોનો અહંકાર નથી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જીવથી ભિન્ન એવા જડ પદાર્થને આશ્રયીને રહેલા ઔદયિક ભાવોને વિશે 'મેં આ કર્યું...' ઈત્યાદિ રૂપે કર્તૃત્વ વગેરેનું અભિમાન કરવાના લીધે અજ્ઞાની જીવ કર્મથી બંધાય છે. આત્મજ્ઞાની કર્મથી લેપાતો નથી. <—કારણ કે તેને કર્તાપણાનું અભિમાન હોતું નથી. નિશ્ચયથી તો પ્રબળ રસઘાત, સ્થિતિઘાત, ગુણશ્રેણિ અને ગુણસંક્રમથી કર્મ સ્વયં જ ખરી પડે છે. <u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> રાગી કર્મને બાંધે છે. જ્યારે વૈરાગ્ય પામેલ જીવ કર્મને છોડે છે. <—<u>મહોપનિષદ્</u>માં પણ જણાવેલ છે કે —> જેણે ચિત્તના અહંકારને પ્રકૃષ્ટ ક્ષીણ કરેલ છે તથા ઈન્દ્રિયરૂપી દુશ્મનનો નિગ્રહ કરેલ છે તેની ભોગવાસનાઓ હેમંતઋતુમાં (શિયાળામાં) કમલ ક્ષીણ થાય તેમ ક્ષીણ થાય છે.

## ❀ ભોજન વગર અજીર્ણ ! ❀

एवमेव० । આ જ રીતે અજ્ઞાની જીવ સામગ્રીનો અભાવ હોવાથી પાંચે ઈન્દ્રિયના વિષયને ન ભોગવવા છતાં પણ તેના પ્રત્યે રાગ વગેરે હોવાના કારણે તે વિષયસેવનનું ફળ (=વિષયભોગ વિના પણ વિષયરાગથી બાંધેલ પાપ કર્મનું કટુ ફળ) ભોગવે છે. માટે તે વિષયોને ભોગવનાર જ કહેવાય. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જેમ તંદુલીયો મત્સ્ય માછલા ન ખાવા છતાં પણ માછલાને મારવાના ક્રૂર પરિણામને કારણે નરકમાં જાય છે તેમ પોતાના મન ઉપર અંકુશ ન રાખનાર અજ્ઞાની જીવ કુવિકલ્પના કારણે નરકમાં જાય છે. તેથી આ તો ખાધા વગરનું અજીર્ણ કહેવાય. ઉપસ્થિત ન થયેલા = ગેરહાજર વિષયોને પણ ભોગવવાની વાંછા (વિકલ્પ) કરવાની આ વિડંબના છે. <— જ્ઞાની તો પૂર્વસંચિત કર્મના ઉદયના કારણે આવી પડેલા

सेवमानोऽपि रागादिविरहेण विषयसेवनकटुफलस्वामित्वाभावात्तदसेवक एवेत्यपि दृष्टव्यम् । तदुक्तं **समयसारे** —> सेवंतो वि ण सेवइ असेवमाणो वि सेवगो कोई <— (१९७) इति । ज्ञानाज्ञानयोरिदं विजृम्भितम् । इदमेवाभिप्रेत्य **ज्ञानार्णवे** —> करोत्यतो ग्रह-त्यागौ बहिरन्तस्तु तत्त्ववित् । शुद्धात्मा न बहिर्वान्तस्तौ विदध्यात् कथञ्चन ॥ <— (३२/६०) इति ।

इदञ्चात्रावधातव्यम् —> अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः । शुध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ॥ <— (११/६) इति **ज्ञानसार**दर्शितव्यवस्थया ज्ञानी अलेपदृष्ट्या क्रियावांश्च सलेपदृष्ट्या शुध्यति । प्रथममेवाऽलेपदृष्ट्युपादाने सर्वविषयसाम्यदर्शने सर्वदर्शनसाम्यदर्शने वा दोष एव रागिणः । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> अर्वाग्दशायां दोषाय वैषम्ये साम्यदर्शनम् । निरपेक्षमुनीनान्तु राग-द्वेषक्षयाय तत् ॥ <— (१५/४६) इत्युक्तमिति भावनीयम् ॥२/३९॥

**વિષયોને ભોગવવા છતાં પણ તેના પ્રત્યે રાગાદિ ન હોવાના કારણે વિષયોને ભોગવવાના કટુ ફળને મેળવતો નથી. આ કારણે તે વિષયોનું સેવન કરનાર નથી જ. આ વાત પણ ખ્યાલમાં રાખવી. <u>સમયસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> કોઈ જીવ વિષયોને સેવવા છતાં નથી સેવતો અને કોઈ જીવ વિષયને નહિ સેવતો હોવા છતાં સેવનારો છે. <—જ્ઞાન અને અજ્ઞાનનો આ વિલાસ છે. આ જ અભિપ્રાયથી <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> અજ્ઞાની જીવ બહારમાં વસ્તુને પકડે છે અને છોડે છે. તત્ત્વજ્ઞાની પુરૂષ મનમાં સારી વસ્તુને પકડે છે અને ખરાબ વસ્તુને (કૃષ્ણલેશ્યા વગેરેને) છોડે છે. જ્યારે શુદ્ધ આત્મા બહાર કે અંદર કોઈ પણ પ્રકારે ત્યાગ કે સ્વીકાર કરતો નથી.**

## ❀ જ્ઞાનયોગી અને ક્રિયાયોગીની શુદ્ધિની પ્રક્રિયા ❀

इदं चा० । **અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે —> નિશ્ચય નયથી આત્મા અલિપ્ત છે અને વ્યવહાર નયથી આત્મા કર્મ વગેરેથી લેપાયેલો છે. તત્ત્વજ્ઞાની 'આત્મા અલિપ્ત છે' - આવી દૃષ્ટિથી શુદ્ધ થાય છે. અને ક્રિયાયોગી 'મારો આત્મા કર્મથી લેપાયેલો છે.' આવી દૃષ્ટિથી શુદ્ધ થાય છે. <—આમ <u>જ્ઞાનસાર</u> ગ્રંથમાં બતાવેલી વ્યવસ્થા મુજબ જ્ઞાનયોગી નિર્લેપ દૃષ્ટિથી, અને ક્રિયાયોગી સલેપ દૃષ્ટિથી શુદ્ધ થાય છે. પરંતુ પ્રાથમિક અવસ્થામાં જ 'હું કર્મો, શરીર વગેરેથી લેપાયેલો નથી.' - આવી દૃષ્ટિને અપનાવવામાં આવે અથવા તો સર્વ વિષયોમાં સમાનતાનું દર્શન કરવામાં આવે અથવા સર્વ ધર્મોમાં સમાનતાનું દર્શન કરવામાં આવે તો રાગી વ્યક્તિને માટે તે દોષ સ્વરૂપ છે. આવા જ અભિપ્રાયથી <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> સાધનાની પ્રાથમિક ભૂમિકામાં વિષમ પદાર્થોમાં સમાનતાનું દર્શન દોષ માટે થાય છે. નિરપેક્ષ વૃત્તિવાળા મહામુનિઓને તો વિષમ પદાર્થોમાં સમાનતાનું દર્શન રાગ-દ્વેષના ક્ષય માટે થાય છે. <—કહેવાનો મતલબ એ છે કે ધર્મની પ્રાથમિક અવસ્થામાં 'હું કર્મથી ક્યારેય પણ લેપાતો નથી. મીઠાઈ અને સૂકો રોટલો પુદ્ગલ સ્વરૂપ હોવાના કારણે સમાન જ છે. જૈન અને જૈનેતર ધર્મ પણ મોક્ષનું પ્રતિપાદન કરવાના કારણે તુલ્ય છે.' - આવી દૃષ્ટિને આગળ કરીને જો સાધક નિષ્કારણ રીતે મીઠાઈ, ફરસાણ વગેરે ઉત્તમ દ્રવ્યોનો ઉપભોગ કરે અથવા અસર્વજ્ઞકથિત અશુદ્ધ ધર્મનો સ્વીકાર કરે તો તે પોતાનું ભવભ્રમણ વધારી બેસે તેવી પુરેપુરી શક્યતા છે. વિશુદ્ધિની પરમોચ્ચ દશામાં મહર્ષિઓને સર્વ શુભાશુભ દ્રવ્યોમાં માત્ર પુદ્ગલપણાનું ભાન થાય અને મોક્ષદર્શી સર્વ આસ્તિકદર્શનોમાં સમાનતાનું ભાન થાય અને આત્મજાગૃતિપૂર્વક વિવેકપૂર્ણ વ્યવહારમાં યથોચિત રૂપે તેનો આશ્રય કરવામાં આવે તો તેવા પરમજ્ઞાનીઓને તો એકાંતે કર્મનિર્જરા જ છે. અવસ્થાભેદે ધર્મની પ્રક્રિયા પણ બદલાય છે. સંગ્રહણીના દર્દીને ગુંદરપાક નુકશાનનું કારણ બને છે અને સશક્ત હોજરીવાળા પુરૂષને તે જ ગુંદરપાક વધુ પુષ્ટિનું કારણ બને છે. માટે દરેક સાધકે**

अलिप्तात्मस्वरूपाविर्भावकालमाविष्करोति —> 'समलमि'ति ।

**समलं निर्मलं चेदमिति द्वैतं यदा गतम् ।**
**अद्वैतं निर्मलं ब्रह्म तदैकमवशिष्यते ॥४०॥**

'**इदं** = ब्रह्म = आत्मतत्त्वं मत्स्वरूपं **समलं** = कर्मलिप्तं, **इदं** = परमात्मस्वरूपं ब्रह्म **निर्मलं** = अलिप्तं' **इति** = एवंप्रकारेण योगारम्भदशायां भासमानं **द्वैतं** समलत्व-निर्मलत्वलक्षणं **यदा** = यत्काले **गतं** = अपुनर्भाविन विलीनं **तदा** = तत्काले **एकं अद्वैतं** = अद्वितीयं **निर्मलं** = अशेषकर्ममलसम्पर्कशून्यं **ब्रह्म अवशिष्यते** = अवतिष्ठते, कर्मविरहात् । यथोक्तं **महोपनिषदि** —> सङ्कल्पसंक्षयवशाद् गलिते तु चित्ते संसारमोहमिहिका गलिता भवन्ति । स्वच्छं विभाति शरदि यत् खमागतायां *चिन्मात्र*मेकमजमनाद्यनन्तमन्तः ॥ <— (५/५३) इति ।

तदुक्तं **जाबालदर्शनोपनिषदि** अपि —> यदा सर्वाणि भूतानि समाधिस्थो न पश्यति । एकीभूतः परेणासौ तदा भवति केवलः ॥ <— (१०/११) इति । **शाण्डिल्योपनिषदि** अपि —> मानसे विलयं याते कैवल्यमवशिष्यते <— (६/२३) इत्युक्तम् । तदुक्तं **पञ्चदश्यामपि** —> अनेकजन्मभजनात् स्वविचारं चिकीर्षति । विचारेण विनष्टायां मायायां शिष्यते स्वयम् ॥ <— (१०/३) इति । विशुद्धयोगसिद्धावस्थे-

---

પોતાની ઉચિત ભૂમિકાને યથાવસ્થિત રીતે સમજીને આત્મ ઉત્થાનના માર્ગે આગળ વધવા પ્રયત્ન કરવો. અવસ્થા બદલતાં આગળ વધવાના સાધનોમાં ક્યારેય પણ એકાંત આગ્રહનું સેવન સુજ્ઞ સાધક ન જ કરે. ગુરૂગમ દ્વારા આ ગહન તત્ત્વથી આત્માને ભાવિત કરવો. <u>(૨/૩૯)</u>

અલિપ્ત આત્માનું સ્વરૂપ ક્યારે પ્રગટ થાય ? તેને જણાવતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે

<u>**શ્લોકાર્થ**</u> :- 'આ મલયુક્ત છે અને આ નિર્મળ છે.' આવા પ્રકારનો દ્વૈતભાવ = ભેદ જ્યારે દૂર થાય છે ત્યારે અદ્વિતીય નિર્મળ બ્રહ્મ જ એક બાકી રહે છે. <u>**(૨/૪૦)**</u>

## ❀ દ્વૈત વિલય પછી અદ્વૈત આવિર્ભાવ ❀

<u>**ટીકાર્થ**</u> :- "મારૂં આ આત્મસ્વરૂપ = બ્રહ્મ કર્મથી લેપાયેલું છે. અને પરમાત્મસ્વરૂપ બ્રહ્મ કર્મો વડે લેપાયેલ નથી." - આ પ્રમાણે બ્રહ્મતત્ત્વમાં માલિન્ય અને નિર્મળતા રૂપ દ્વૈત ભાવ સાધકને યોગારંભદશામાં ભાસે છે. આત્મા અને પરમાત્મામાં જણાતો આ ભેદભાવ જે સમયે ચાલ્યો જાય છે અર્થાત્ ફરી ક્યારેય ન આવે તે રીતે વિલીન થાય છે તે સમયે અદ્વિતીય, સર્વ કર્મમલસંબંધથી શૂન્ય એવું એક બ્રહ્મતત્ત્વ જ બાકી રહે છે. કેમ કે ત્યારે ભેદભાવજનક કર્મ હોતા નથી. <u>મહોપનિષદ્માં</u> જણાવેલ છે કે —> સંકલ્પનો સમ્યક્ પ્રકારે ક્ષય થવાના લીધે અંતઃકરણ જ્યારે ઓગળી જાય છે ત્યારે સંસારની મોહમાયા વિલીન થાય છે. જેમ શરદ્ઋતુ આવે ત્યારે આકાશ સ્વચ્છ રીતે શોભે છે. બરાબર તે જ રીતે ચિન્માત્રસ્વરૂપ એક અજર, અમર, અનાદિ અનંત અંતસ્તત્ત્વ શોભે છે. <— <u>જાબાલદર્શન</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> સમાધિમાં રહેલો આત્મા પરમાત્માથી અભિન્નપણે પોતાના આત્માનું સંવેદન કરવાના કારણે પોતાનાથી ભિન્ન સ્વરૂપે સર્વ જીવોને જોતો નથી ત્યારે તે કેવલ અદ્વિતીય સ્વરૂપ બને છે. <— તથા <u>શાણ્ડિલ્યોપનિષદ્</u>માં પણ કહ્યું છે કે —> માનસદશા વિલીન થાય ત્યારે કૈવલ્ય અવસ્થા આત્મામાં બાકી રહે છે. <— તેમ જ <u>પંચદશી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> અનેક જન્મમાં પરમાત્મસમર્પણ સ્વરૂપ ભજન કરવાથી જીવ આત્મસ્વરૂપનો

यम् । **मण्डलब्राह्मणोपनिषदि** अपि —> यस्य सङ्कल्पनाशः स्यात्तस्य मुक्तिः करे स्थिता <— (२/३) इत्युक्त्वा द्वैताभानेऽद्वैतभावो द्योतितः । **रुद्रहृदयोपनिषदि** अपि —> चिदेकत्वपरिज्ञाने न शोचति न मुह्यति । अद्वैतं परमानन्दं शिवं याति तु केवलम् ॥ <— (४६) इत्युक्तम् । इदमेवाभिप्रेत्य —> 'एगे आया' (१/२) इति **स्थानाङ्गसूत्रमपि** सङ्गच्छते । यद्यपि जन्म-मृत्यु-बन्ध-मोक्षादिव्यवस्थात आत्मनां नानात्वमभिमतमेव तथाप्युपयोगरूपैकलक्षणत्वादात्मैक्यमङ्गीक्रियतेऽनेकान्तवादिभिः । अखिलकर्ममलक्षये शुद्धात्मत्वापेक्षमात्मैक्यं कर्मोदयप्रयुक्तपर्यायानवभासे वाऽऽत्माद्वैतमनुभूयमानमत्र निश्चयतः प्रतिपिपादयिषितमित्यस्माकमाभाति ।

यद्वा स्वस्यैव स्वनिष्ठितत्वादचेतनस्य कस्याप्यात्मनिष्ठत्वविरहेणाऽऽत्मैक्यमनेकान्तवादिभिः कक्षीक्रियते। यथा वृक्ष-मार्ग-पथिकादिनां सत्त्वेऽपि ज्ञायमानत्वेपि चैकाकिनः पथि गच्छतः पान्थस्य 'अहमेक एवे'त्यनुभवो

---

વિચાર કરવાને ઈચ્છે છે. આત્મવિચારથી માયાનો = અવિદ્યાનો નાશ થાય ત્યારે અદ્વિતીય પૂર્ણસ્વરૂપ પોતે જ બાકી રહે છે. <— આ વાતને સક્રિય રીતે સુજ્ઞ સાધકે વિચારવી. માત્ર આ વાંચીને આગળનું વાંચવા ઉતાવળ ન કરવી.

<u>મણ્ડલબ્રાહ્મણ ઉપનિષદ્</u>માં પણ —> જેના સંકલ્પનો નાશ થયેલો છે તેનો મોક્ષ તેના હાથમાં રહેલો છે. <— આવું કહેવા દ્વારા દ્વૈતનું ભાન ન થાય ત્યારે જ અદ્વૈતભાવ પ્રકાશિત થાય છે - એવું જણાવ્યું છે. <— <u>રુદ્રહૃદયોપનિષદ્</u>માં પણ દર્શાવેલ છે કે —> કેવલ ચિત્તના સ્વરૂપનું પરિપક્વ જ્ઞાન થાય ત્યારે આત્મા શોક કરતો નથી કે મૂંઝાતો નથી. તે કેવલ અદ્વૈત પરમાનંદ શિવસ્વરૂપને જ પ્રાપ્ત કરે છે. <— આ જ વિશુદ્ધ યોગસિદ્ધ અવસ્થા છે. કર્મ દૂર થયા બાદ એક અદ્વિતીય બ્રહ્મ તત્ત્વ જ બાકી રહે છે. - આ જ અભિપ્રાયથી 'આત્મા એક છે.' આવું <u>સ્થાનાંગસૂત્ર</u> પણ સંગત થાય છે. જો કે કોઈક જન્મે છે તે જ સમયે કોઈક મૃત્યુ પણ પામતો હોય છે, કોઈક કર્મથી બંધાતો હોય છે તે વખતે કોઈક કર્મને કેવળ છોડતો હોય છે. તેથી જો આત્મા એક જ હોય તો એકના મૃત્યુમાં સર્વનું મૃત્યુ અને એકની મુક્તિ થતાં સર્વની મુક્તિ થઈ જાય. કોઈ સંસારી ન રહે. પરંતુ આવું માનવામાં દૃષ્ટ-ઈષ્ટ વિરોધ આવે છે. આમ જન્મ-મરણ, બંધ-મોક્ષ વગેરે વ્યવસ્થાને અનુસરીને આત્માઓ અનેક છે - એવું જૈનદર્શનકારોને ઈષ્ટ જ છે, છતાં પણ બધા જ જીવોનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગલક્ષણ દ્વારા સર્વ જીવનો સંગ્રહ થઈ જાય છે. તેથી ઉપયોગસ્વરૂપ એક લક્ષણની અપેક્ષાએ = સામાન્ય ધર્મની વિવક્ષાએ 'આત્મા એક છે.' - આવું અનેકાન્તવાદીઓ સ્વીકારે છે. પ્રસ્તુતમાં સર્વ કર્મમલનો નાશ થવાથી સિદ્ધ પરમાત્માઓમાં રહેલા શુદ્ધ આત્મત્વ ધર્મની અપેક્ષાએ અભેદનું પ્રતિપાદન કરવાને ઈષ્ટ છે અથવા તો સદેહ આત્મજ્ઞાનીઓને કર્મના ઉદયના કારણે આવતા પર્યાયોનું જ્યારે ભાન થતું નથી ત્યારે કેવળ એક, અદ્વિતીય આત્માનું જ ભાન થાય છે - આવું પ્રતિપાદન કરવું નિશ્ચય નયથી અભિમત છે. આ પ્રમાણે અમને જણાય છે.

यद्वा. । અથવા એમ પણ કહી શકાય કે પોતે જ પોતાનામાં રહે છે. કોઈ પણ જડ પદાર્થ ચેતનમાં રહેતો નથી, ચેતનની માલિકીમાં નથી. આત્મા પોતે એકલો જ છે. આ અભિપ્રાયથી 'આત્મા એક છે' એવું અનેકાન્તવાદી સ્વીકારે છે. જેમ વૃક્ષ, રસ્તો, મુસાફરો વગેરે પારમાર્થિક હોવા છતાં પણ અને તે બધા પદાર્થ જણાતા હોવા છતાં પણ માર્ગમાં જે મુસાફર એકાકી જતો હોય તેને કોઈ પ્રશ્ન પૂછે કે 'તમે એકલા છો ?' તો તેના જવાબમાં તે કહે છે કે 'હા, હું એકલો જ છું.' કોઈ ન પૂછે તો પણ 'હું આ બધાની વચ્ચે એકલો છું' આવી પ્રતીતિ તે એકાકી મુસાફરને થાય છે. બરાબર તે જ રીતે સર્વ જડ

जायते तथैवाचेतनानां स्वेतरचेतनानाञ्च सत्त्वेऽपि ज्ञायमानत्वेऽपि चात्मज्ञानिनस्तु 'अहमेक एवे'त्यनुभवोऽनाविल एवेत्यभिप्रायेण 'एगे आया' इति सूत्रं सङ्गच्छत इत्यपि प्रतिसन्धातव्यम् ।

यद्वा नानौदयिकभावेष्वप्यन्वय्यात्मद्रव्यस्यैकत्वादात्माद्वैतमनुसन्धेयम् । तदुक्तं **अध्यात्मसारे** —> नृनारकादिपर्यायैरप्युत्पन्न-विनश्वरैः । भिन्नैर्जहाति नैकत्वमात्मद्रव्यं सदान्वयि ॥ यथैकं हेम केयुर-कुण्डलादिषु वर्तते । नृनारकादिभावेषु तथात्मैको निरञ्जनः ॥ कर्मणस्ते हि पर्याया नात्मनः शुद्धसाक्षिणः । कर्म क्रियास्वभावं यदात्मा त्वजस्वभाववान् ॥ नाणूनां कर्मणो वासौ भवसर्गः स्वभावजः । एकैकविरहेऽभावान्न च तत्त्वान्तरं स्थितम् ॥ श्वेतद्रव्यकृतं श्वैत्यं भित्तिभागे यथा द्वयोः । भात्यनन्तर्भवच्छून्यं[1] प्रपञ्चोऽपि तथेक्ष्यताम् ॥ यथा स्वप्नावबुद्धोऽर्थो विबुद्धेन न दृश्यते । व्यवहारमतः सर्गो ज्ञानिना न तथेक्ष्यते ॥ मध्याह्ने मृगतृष्णायां पयःपूरो यथेक्ष्यते । तथा संयोगजः सर्गो विवेकाख्यातिविप्लवे ॥ गन्धर्वनगरादीनामम्बरे डम्बरो यथा । तथा संयोगजः सर्वो विलासो वितथाऽऽकृतिः ॥ इति शुद्धनयायत्तमेकत्वं प्राप्तमा-

**પદાર્થો અને પોતાના સિવાયના બીજા આત્માઓ વાસ્તવિક હોવા છતાં અને અન્ય ચેતન કે જડ પદાર્થનું ભાન થવા છતાં પણ 'હું એકલો જ છું' આવો અનુભવ આત્માજ્ઞાનીને થતો હોય છે. ('હું' = 'આત્મા') આ કારણસર 'આત્મા એક છે' આવું સ્થાનાંગસૂત્ર સંગત થાય છે. આ પ્રમાણે પણ સૂત્રનું પ્રતિસંધાન-સંબંધ જોડી શકાય તેમ છે.**

**અથવા તો અનેક પ્રકારના ઔદયિક ભાવોમાં પણ અનુગત એવું આત્મદ્રવ્ય એક જ હોવાના કારણે આત્માના અદ્વૈતનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. અધ્યાત્મસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> નરકનો જીવ મરીને માણસ થાય ત્યારે જીવના નારક પર્યાયનો નાશ થાય છે અને મનુષ્ય પર્યાયની ઉત્પત્તિ થાય છે. છતાં પણ સદા અનુગત એવું આત્મદ્રવ્ય તો મનુષ્ય, નારક વગેરે ક્ષણભંગુર વિભિન્ન પર્યાય દ્વારા બદલાતું નથી. જેમ કેયુર (આભૂષણવિશેષ) તોડીને કુંડલ વગેરે બનાવવામાં આવે છતાં પણ કેયુર, કુંડલ વગેરે પર્યાયોમાં સોનું તો એક જ હોય છે. તેમ નર, નારક આદિ પર્યાયોમાં નિરંજન એવો આત્મા એક જ છે. નર, નારક વગેરે ભાવો તો કર્મના પર્યાયો છે, આત્માના નહિ. આત્મા તો માનવ, નારક આદિ પર્યાયોમાં શુદ્ધ સાક્ષીમાત્ર છે. ઉત્પત્તિ, નાશ વગેરે ક્રિયા કરવાનો તો કર્મનો = પુદ્ગલનો સ્વભાવ છે. જ્યારે આત્મા તો ઉત્પત્તિ, વિનાશથી રહિત સ્વભાવવાળો છે. સંસારની સૃષ્ટિ માત્ર પરમાણુના સ્વભાવથી ઉત્પન્ન થતી નથી, અથવા તો કેવળ કર્મના સ્વભાવથી ઉત્પન્ન થતી નથી, કેમ કે કર્મ કે પરમાણુ - આ બેમાંથી કોઈનો પણ અભાવ હોય તો સંસારનું સર્જન અશક્ય છે. વળી, સંસારની સૃષ્ટિ સ્વતન્ત્ર તત્ત્વ પણ નથી. જેમ દીવાલ ઉપર સફેદ ચુના દ્વારા સફેદાઈ કરવામાં આવે ત્યારે તે સફેદાઈનો કેવળ દીવાલમાં કે કેવળ ચુનામાં સમાવેશ થતો નથી. માત્ર દીવાલરૂપે કે ફક્ત ચુના રૂપે ત્યારે સફેદાઈનું અસ્તિત્વ નથી. તે જ રીતે સંસારનો પ્રપંચ જાણવો. જેમ સ્વપ્નમાં જાણેલો અર્થ જાગેલો માણસ જોતો નથી. તેમ વ્યવહારમાન્ય ભવસૃષ્ટિને જ્ઞાની જોતા નથી. જેમ ઉનાળાના મધ્યાહ્ન કાળમાં રણપ્રદેશમાં મરૂમરીચિકામાં = સૂર્યકિરણો-ગરમીના લીધે જમીનમાંથી ઉષ્મા વગેરેમાં પાણીનું પૂર દૂરથી દેખાય છે, તેમ સંયોગજનિત સૃષ્ટિ વિવેકદૃષ્ટિના અભાવ સ્વરૂપ ઉપદ્રવના લીધે દેખાય છે. જેમ આકાશમાં ગંધર્વ નગર વગેરેનો આડંબર મિથ્યા છે તેમ સંયોગજન્ય સર્વ પ્રપંચ મિથ્યા આકારનો છે. આ પ્રમાણે આત્મામાં શુદ્ધ નયને આધીન એવું એકત્વ પ્રાપ્ત થાય છે. નિશ્ચય નય પરિપૂર્ણ વસ્તુને સ્વીકારે**

१. —> आदौ अन्ते च यन्नास्ति तन्मध्येऽपि भवेत्तथा <— इति न्यायेनेदमवगन्तव्यम् ।

त्मनि । अंशादिकल्पनाप्यस्य नेष्टा यत्पूर्णवादिनः ॥ 'एक आत्मे'ति सूत्रस्याप्ययमेवाशयो मतः । प्रत्यग्ज्योतिषमात्मानमाहुः शुद्धनयाः खलु ॥ <—(१८/२४-३२) इति । अस्यामेवावस्थायामव्याहतसाम्यसुखोपलब्धिः स्यात् । तदुक्तं **अध्यात्मसार** एव —> जगज्जीवेषु नो भाति द्वैविध्यं कर्मनिर्मितम् । यदा शुद्धनयस्थित्या तदा साम्यमनुत्तरम् ॥ <—(९/९) इति । एवमेव स्वात्मन्यपि शुद्धनयानुसारेणोद्यम्यम् । तदुक्तं **समयसारे** —> जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा । णवि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं ॥१८८॥ <—इति । अनेन नैरात्म्यमपि व्याख्यातम्, अन्यात्मभानविरहात् । तदुक्तं **तत्त्वानुशासने** —> परस्परपरावृत्ताः सर्वे भावाः कथञ्चन । नैरात्म्यं जगतो यद्वन्नैरात्म्यं हि तथाऽऽत्मनः॥१७५॥ अन्यात्माभावो नैरात्म्यं स्वात्मसत्तात्मकश्च सः । स्वात्मदर्शनमेवातः सम्यग्नैरात्म्यदर्शनम् ॥१७६॥ <— इति । इत्थमेव मुक्तिस्स्यात्। तदुक्तं **अध्यात्मबिन्दौ** —> 'शुद्धं ब्रह्मे'ति संज्ञानसुधाकुण्डसमाप्लुताः । धौतकर्ममलाः सन्तो निर्वृत्तिं परमां श्रिताः ॥ (२/२४) <—इति । किन्तु व्यवहारे ज्ञानिभिरपि द्वैतभावः कक्षीकर्तव्यः, अन्यथा व्यवस्थाविप्लवात् । इदमेवाभिप्रेत्य **स्वसंवेद्योपनिषदि** —> कर्माद्वैतं तु न कार्यं, भावाद्वैतं तु कार्यम् । निश्चयेन सर्वाद्वैतं कर्तव्यम् <— (५) इत्युक्तम् । **महोपनिषदि** अपि —> बहिः कृत्रिमसंरम्भो हृदि संरम्भवर्जितः ।

---

છે. તેથી આત્મામાં અંશ-અંશીભાવની કલ્પના પણ તેને માન્ય નથી. 'આત્મા એક છે' - આવા <u>સ્થાનાંગસૂત્રનો</u> પણ આ જ આશય માન્ય છે. ખરેખર શુદ્ધ નયો આત્માને સાક્ષાત્ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ માને છે. <— આ જ અવસ્થામાં અવ્યાહત સુખની ઉપલબ્ધિ થઈ શકે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જ જણાવેલ છે કે —> કર્મજન્ય હીનતા કે ઉચ્ચતા રૂપ ભેદભાવનું જગતના જીવોમાં ભાન ન થાય ત્યારે શુદ્ધનયમાં રહેવાથી ઉત્કૃષ્ટ સામ્યની પ્રાપ્તિ થાય. <—જેમ જગતના જીવમાં કર્મજન્ય ભેદભાવનું ભાન નથી કરવાનું તેમ પોતાના આત્મામાં પણ શુદ્ધનયના અનુસારે ભેદભાવને છોડવાનો પ્રયત્ન કરવો. <u>સમયસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જે આત્મા સર્વ સંગથી રહિત થઈને પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે, કર્મો અને નોકર્મોને ચિંતવતો નથી તે જ્ઞાતા એકત્વને જ ચિંતવે છે. <— આવું કહેવાથી નૈરાત્મ્યનું પણ નિરૂપણ થઈ ગયું. કેમ કે તે અવસ્થામાં અન્ય આત્માનું ભાન થતું નથી. <u>તત્ત્વાનુશાસન</u> ગ્રંથમાં <u>નાગસેન</u> આચાર્યએ જણાવેલ છે કે —> કોઈકને કોઈક પ્રકારે સર્વ ભાવો પરસ્પરથી વ્યાવૃત્ત = ભિન્ન છે. જે રીતે જગત્ નૈરાત્મ્ય સ્વરૂપ (= આત્મભિન્ન) છે તે રીતે આત્મા પણ નૈરાત્મ્ય (= અન્ય આત્માથી ભિન્ન) છે. પોતાના આત્મામાં રહેલ અન્ય આત્માનો અભાવ = સ્વભિન્ન આત્માનો ભેદ તે સ્વાત્મસત્તા સ્વરૂપ છે. તેથી પોતાના આત્માનું દર્શન કરવું તે જ વાસ્તવિક નૈરાત્મ્યદર્શન છે. <— મતલબ કે 'આત્મા નથી' એવું ભાન નૈરાત્મ્યદર્શન નથી, પરંતુ અન્ય આત્માથી ભિન્નપણે પોતાના આત્મા માત્રનું દર્શન કરવું તે નૈરાત્મ્યદર્શન છે. આ રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો મોક્ષ થાય. <u>અધ્યાત્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> 'હું શુદ્ધ બ્રહ્મ છું.' - આ પ્રમાણે સમ્યગ્ જ્ઞાનના અમૃતકુંડમાં ડૂબકી લગાવનારા યોગીઓ કર્મ મલને ધોઈને શ્રેષ્ઠ આનંદને પ્રાપ્ત કરે છે. <—આ પ્રમાણે ઉપરોક્ત તત્ત્વને ભાવિત કરવું. પરંતુ વ્યવહારમાં તો જ્ઞાનીઓએ પણ દ્વૈતભાવને સ્વીકારવો. જો વ્યવહારમાં દ્વૈતભાવ સ્વીકારવામાં ન આવે તો લોકવ્યવસ્થા, શાસ્ત્રવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા વગેરેનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે અને તેવું થાય તો ભારે ગરબડ થઈ જાય. આવા જ અભિપ્રાયથી <u>સ્વસંવેદ્ય ઉપનિષદ્</u>માં જણાવેલ છે કે —> વ્યવહારમાં અદ્વૈતભાવ લાવવો નહિ પરંતુ ભાવમાં જ અદ્વૈત લાવવો. નિશ્ચયથી સર્વ અદ્વૈત કરવો. <—અર્થાત્ પરમાર્થથી સર્વ આત્માઓ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાની દૃષ્ટિએ અભિન્ન છે. એવું હૃદયમાં આત્મસાત્

कर्ता बहिरकर्ताऽन्तर्लोके विहर शुद्धधीः ॥ <— (६/६८) इत्युक्तमिति भावनीयम् ॥२/४०॥

द्वैतलयहेतुमाविष्करोति —> 'महे'ति ।

**महासामान्यरूपेऽस्मिन्मज्जन्ति नयजा भिदाः ।**
**समुद्र इव कल्लोलाः पवनोन्माथनिर्मिताः ॥४१॥**

**महासामान्यरूपे** = सङ्ग्रहनयेन सदेकलक्षणे **अस्मिन्** ब्रह्मणि **नयजाः** = अभिप्रायविशेषजन्या **भिदाः** = नानाविधा विशेषा **मज्जन्ति** = विलीयन्ते, तेषां ब्रह्माभिन्नत्वात् । दृष्टान्तेनेदं स्पष्टयति - **समुद्रे पवनोन्माथनिर्मिताः** = अनिलप्रचारोत्पन्नाः **कल्लोलाः** = ऊर्मय **इव** = यथा **मज्जन्ति**, तेषां समुद्राभिन्नत्वात् । ततश्च नानाविधसुनयजन्यसूक्ष्मशास्त्रावबोधपरिणत्युत्तरमनिलस्थानीयनयप्रचारविराम एव यतितव्यमक्षुब्धसमुद्रस्थानीय-स्वीयसत्स्वरूपोपलब्धये इत्युपदेशः ।

यद्वा यथा बहूनां बहुविधानामनोकहानामात्मीयस्याऽऽत्मीयस्य विशेषलक्षणस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वं

---

કરી ઉચિત રીતે લૌકિક વ્યવહાર અને શાસ્ત્રીય વ્યવહારનું પાલન સાધકે કરવું જોઈએ. <u>**મહોપનિષદ્**</u>માં પણ જણાવેલ છે કે —> બહારમાં કૃત્રિમ પ્રવૃત્તિને કરતો એવો તું હૃદયમાં સર્વ પ્રવૃત્તિઓથી રહિત થા. બહારના જગતમાં કર્તા બનવા છતાં અભ્યંતર જગત્‌માં અકર્તૃત્વ ભાવ કરી શુદ્ધ બુદ્ધિવાળો એવો તું લોકમાં વિચર.<— મતલબ કે બહારની દૃષ્ટિએ કર્તા દેખાવા છતાં એ વ્યવહાર પ્રત્યેનું કર્તૃત્વ પોતાના હૃદયમાં સ્થાપિત ન કરવું. બાહ્ય પ્રવૃત્તિનો, યોગસાધનાનો, જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિનો કર્તૃત્વભાવ = અહંકાર આવે તો સાધક આગળ વધી શકતો નથી. તેથી લોકવ્યવહાર, શાસ્ત્ર વ્યવહાર અને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં પ્રવૃત્તિ કરવા છતાં પણ તે સર્વ પ્રત્યે કેવલ જ્ઞાતા-દૃષ્ટા ભાવને કેળવી પરમ સાક્ષીભાવને આત્મસાત્ કરી સાધક પરમોચ્ચ દશાને પ્રાપ્ત કરે છે. આ વાતથી આત્માને ભાવિત કરવો. **<u>(૨/૪૦)</u>**

દ્વૈતલયનો હેતુ ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- પવનના ઉછાળાથી ઉત્પન્ન થયેલા તરંગો જેમ સમુદ્રમાં વિલીન થાય છે તેમ મહાસામાન્ય સ્વરૂપ બ્રહ્મમાં નયજન્ય ભેદભાવો ડૂબી જાય છે. **<u>(૨/૪૧)</u>**

## નયજન્ય ભેદભાવ બ્રહ્મમાં વિલીન થાય

**<u>ટીકાર્થ</u>** :- દરેક આત્મા સત્ = વાસ્તવિક છે. તેથી સર્વ આત્માઓમાં સત્તા નામનો એક મહાસામાન્ય = સર્વઆત્મવ્યાપી ધર્મ રહેલો છે. સંગ્રહ નયના મતે સત્તા એ જ બ્રહ્મનું સ્વરૂપ છે. અલગ અલગ નયના વિભિન્ન અભિપ્રાયોથી ઉત્પન્ન થનારા આત્મસંબંધી ભેદભાવ શુદ્ધ આત્મામાં લીન થાય છે. કેમ કે નયજન્ય ભેદભાવ = દ્વૈતભાવ બ્રહ્મથી = શુદ્ધાત્માથી અભિન્ન છે. ગ્રંથકારશ્રી આ જ વાતને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરતાં જણાવે છે કે જેમ પવનના ખળભળાટથી ઉત્પન્ન થયેલા તરંગો સમુદ્રથી અભિન્ન હોવાના કારણે સમુદ્રમાં લીન થાય છે તેમ ઉપરની વાત સમજવી. નયનો અભિપ્રાય એ પવનસ્થાનીય છે. નયનો પ્રચાર અને પ્રસાર એ પવનના ખળભળાટ જેવો છે. આત્મા સમુદ્ર તુલ્ય છે. તેથી ક્ષોભરહિત પોતાના સત્ સ્વરૂપની પ્રાપ્તિ માટે અનેક સુનયથી ઉત્પન્ન થનાર શાસ્ત્રવિષયક સૂક્ષ્મ બોધની પરિણતિ મેળવ્યા બાદ નયના ફેલાવાને અટકાવવામાં જ પ્રયત્ન કરવો જોઈએ. એવો ઉપદેશ પ્રાપ્ત થાય છે.

यद्वा० । અથવા એમ કહી શકાય કે જેમ અનેક પ્રકારના ઘણા વૃક્ષોમાં પોતપોતાના વિશેષ લક્ષણના આલંબનથી ઉત્પન્ન થતી વિશેષતાને સાદૃશ્યથી વ્યક્ત થનાર સામાન્યલક્ષણ સ્વરૂપ વૃક્ષત્વ ધર્મથી ઉભો થયેલ

सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिनाऽनोकहत्वेनोत्थापितमेकत्वं तिरियति तथा बहूनां बहुविधानां आत्मनामात्मीयस्यात्मीयस्य विशेषलक्षणस्योपष्टम्भेनोत्तिष्ठन्नानात्वं सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिना 'सदि'त्यस्य भावेनोत्थापितमेकत्वं तिरियति । ततश्च सर्वात्मसादृश्यावलम्बन एव यतितव्यमित्युपदेशः ॥२/४१॥

अतिप्रसङ्गमपाकर्तुमाह —> '**षड्द्रव्ये**'ति ।

**षड्द्रव्यैकात्म्यसंस्पर्शि, सत्सामान्यं हि यद्यपि ।**
**परस्यानुपयोगित्वात्, स्वविश्रान्तं तथापि तत् ॥४२॥**

**यद्यपि सत्सामान्यं** = सत्ताभिधानं महासामान्यं हि अतिव्यापकतया **षड्द्रव्यैकात्म्यसंस्पर्शि** = धर्माधर्माकाश-पुद्गल-जीवास्तिकाय-कालाख्यषड्द्रव्यतादात्म्यं सामस्त्येन स्पृशति । अत एव **प्रवचनसारे**ऽपि —> इह विविहलक्खणाणं लक्खणमेगं सदिति सव्वगयं । उपदिसदा खलु धम्मं जिणवरवसहेण पन्नत्तं ॥ <— (२/५) इत्येवं चेतनाऽचेतनानां विभिन्नलक्षणानां द्रव्याणां सत्त्वलक्षणेन ग्रहणमकारि **कुन्दकुन्दस्वामिना** । अतः सत्त्वं नात्ममात्रविश्रान्तं किन्तु आत्मानात्मपर्याप्तमिति । **तथापि परस्य** = अनात्मद्रव्यस्य धर्माधर्माकाशपुद्गलास्तिकाय-काललक्षणस्य परमभावग्राहकनयविचारे **अनुपयोगित्वात्** = निष्प्रयोजनत्वात्

---

અભેદ ઢાંકી દે છે અર્થાત્ વૃક્ષ સમુદાયમાં 'આ આંબો છે, આ પીપળો છે,... ઈત્યાદિ' - આ પ્રમાણે વૃક્ષના વિશેષ લક્ષણને આગળ કરવાથી તે વૃક્ષોમાં પરસ્પર વિભિન્નતા જણાય છે. પરંતુ 'આ વૃક્ષ છે, તે પણ વૃક્ષ છે, પેલું પણ વૃક્ષ છે...' - આ પ્રમાણે સામાન્ય ધર્મને આગળ કરવાથી વૃક્ષોમાં ઐક્યનું ભાન થાય છે. અને તેના દ્વારા વૃક્ષોમાં ભેદભાવ શમી જાય છે, ઢંકાઈ જાય છે. બરાબર આ જ રીતે અનેક પ્રકારના અનેક આત્માઓમાં પોતપોતાના વિશેષ લક્ષણનું આલંબન કરવાથી 'આ ચૈત્ર છે, તે મૈત્ર છે, પેલો યજ્ઞદત્ત છે...'- આ પ્રમાણે ભેદભાવ ઉપસ્થિત થાય છે. પરંતુ દરેક આત્મામાં રહેલ સાદૃશ્યને પ્રગટ કરનાર સામાન્ય ધર્મના આલંબનથી 'આ સત્ છે, તે સત્ છે, પેલો સત્ = શુદ્ધ છે....' આ પ્રમાણે ઉપસ્થિત થયેલ આત્માઓનું ઐક્ય પૂર્વોક્ત ભેદભાવને ઢાંકી દે છે. તેથી 'સર્વ આત્માઓમાં સાદૃશ્ય રહેલું છે.' એવી બુદ્ધિનું આલંબન કરવામાં જ પ્રયત્ન કરવો. આવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. **(૨/૪૧)**

પ્રસ્તુતમાં ઉપસ્થિત થતા અતિપ્રસંગને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે -

**શ્લોકાર્થ** :- જો કે સત્તા સામાન્ય તો છ એ દ્રવ્યના તાદાત્મ્યની સાથે સંબંધ રાખે છે. છતાં પણ અનાત્મદ્રવ્ય પ્રસ્તુતમાં અનુપયોગી હોવાથી સત્તા સામાન્ય આત્મામાં જ વિશ્રાંત છે. **(૨/૪૨)**

## ❀ સત્તા સામાન્ય પણ આત્મવિશ્રાંત ❀

**ટીકાર્થ** :- જો કે સત્તા નામનો મહાસામાન્ય ધર્મ અતિવ્યાપક હોવાના કારણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ નામના છ એ દ્રવ્યના તાદાત્મ્યને = ઐક્યને સંપૂર્ણતયા સ્પર્શે છે. અર્થાત્ છએ દ્રવ્ય સત્ સ્વરૂપ છે. તેથી સત્તા ધર્મની અપેક્ષાએ છએ દ્રવ્યનો અભેદ છે. માટે જ **પ્રવચનસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામીએ** —> આ લોકમાં ધર્મનો ઉપદેશ આપતા ઋષભદેવ ભગવાને વિવિધ લક્ષણવાળા જુદાં જુદાં દ્રવ્યોનું 'સત્' આ પ્રમાણે સર્વ દ્રવ્યમાં રહેવાવાળું એક લક્ષણ બતાવેલ છે. <— આ પ્રમાણે કહેવા દ્વારા વિભિન્ન લક્ષણવાળા ચેતન અને અચેતન દ્રવ્યોનું સત્તા લક્ષણ દ્વારા ગ્રહણ કર્યું. માટે સત્તા (અસ્તિત્વ) ધર્મ કેવળ આત્મામાં વિશ્રાંત થતો નથી. પરંતુ આત્મા અને અનાત્મા - બન્નેમાં

**तत्** = सत्ताभिधानं महासामान्यं **स्वविश्रान्तं** = आत्ममात्रनिमग्नं इति वक्तुं युज्यत एव । अतो न सदद्वैताभिधानं दुष्टम् ।

नन्वेवं जीवाजीवादिसप्ततत्त्ववादो व्याहन्येत, अनुपदमेवाऽनात्मतत्त्वस्यानुपयोगित्वोक्तेः । न च जीवाजीवयोरेवाश्रव-संवरादीनां समावेशान्न सप्तत्वैकान्त इति शङ्कनीयम्, तथापि अद्वैतात्मतत्त्ववादासिद्धेरिति चेत् ? **अत्रोच्यते** अशुद्ध-सङ्ग्रहनयेन द्विधा विभक्तस्य तत्त्वस्य व्यवहारनयेन सप्तधा नवधा वा तत्त्वविभागप्रसिद्धावपि परमभावग्राहकनयाभिप्रायेणाविभक्तं सदेकलक्षणमात्माद्वैतमेव तत्त्वं परमार्थतः, प्राधान्येन निर्देशादिति न कश्चिदपि दोषमुत्पश्यामः । यथोक्तं **योगीन्दुदेवेनापि योगसारे** —> सव्वं अचेयणं जाणि जिय एक्क सचेयणु सारु । जो जाणेविणु परममुणि लहु पावइ भवपारु ॥३६॥ <— इति ॥२/४२॥

केनाभिप्रायेणेदमुक्तमित्याशङ्कायामाह —> **'नयेने'**ति ।

**नयेन सङ्ग्रहेणैवमृजुसूत्रोपजीविना ।**
**सच्चिदानन्दरूपत्वं ब्रह्मणो व्यवतिष्ठते ॥४३॥**

---

પર્યાપ્ત છે, છતાં પણ આત્મા સિવાયના ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્ય પ્રસ્તુતમાં પરમભાવગ્રાહક નયની મીમાંસામાં અનુપયોગી = નિષ્પ્રયોજન છે. તેથી સત્તા નામનો મહાસામાન્ય ધર્મ કેવળ આત્મામાં વિશ્રાંત છે- એવું કહેવું સંગત જ છે. માટે સત્ અદ્વૈતનું પ્રતિપાદન દોષગ્રસ્ત નથી.

<u>પૂર્વપક્ષ</u> :- નનુ૦ । હમણાં જ ઉપર જણાવી ગયા કે આત્મભિન્ન દ્રવ્ય અનુપયોગી છે. આ વાતનો સ્વીકાર કરવામાં આવે તો જીવ, અજીવ વગેરે સાત તત્ત્વની પ્રરૂપણા ભાંગી પડશે. જીવ સિવાયના તત્ત્વનું જ્ઞાન જો જરૂરી ન હોય તો શા માટે જીવ સિવાયના શેષ છ તત્ત્વનો તત્ત્વમીમાંસામાં સમાવેશ કરવામાં આવે છે ? અહીં એવી શંકા થાય કે —> આશ્રવ, સંવર વગેરે તત્ત્વનો જીવ અને અજીવમાં જ સમાવેશ થાય છે. તેથી એકાંતે સાત જ તત્ત્વ છે એવું નથી. જીવ અને અજીવ એમ બે તત્ત્વ પણ કહી શકાય છે. <— તો તેનું સમાધાન એ છે કે આશ્રવ, સંવર વગેરેનો જીવ અને અજીવમાં જ સમાવેશ કરવામાં આવે તો પણ અદ્વિતીય આત્મતત્ત્વવાદની સિદ્ધિ તો નહીં જ થાય. કારણ કે આત્માથી ભિન્ન એવા અજીવ તત્ત્વનો ઉલ્લેખ તમે પોતે જ કરી રહ્યા છો.

<u>**ઉત્તરપક્ષ**</u> :- અશુદ્ધ સંગ્રહનયથી જીવ અને અજીવ આ પ્રમાણે બે તત્ત્વ છે, અને વ્યવહાર નયથી સાત કે નવ તત્ત્વનો વિભાગ પ્રસિદ્ધ છે. છતાં પણ પરમભાવગ્રાહક નયના અભિપ્રાયથી અવિભક્ત, અખંડ, સન્માત્ર સ્વરૂપ અદ્વિતીય આત્મા એ જ પરમાર્થથી તત્ત્વ છે. સર્વ દ્રવ્યોમાં આત્મતત્ત્વ જ પરમ શ્રેષ્ઠ-પ્રધાન હોવાથી તેનો જ ઉલ્લેખ પરમભાવગ્રાહક નય કરે છે. માટે અહીં કોઈ પણ દોષને અમે જોતાં નથી. <u>યોગીન્દુદેવે</u> પણ <u>યોગસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જેટલા પણ પદાર્થ છે તે બધા અચેતન છે, ચેતન તો કેવલ એક જીવ જ છે. અને તે જ સારભૂત છે. આવું જાણીને પરમમુનિ તરત જ સંસારથી પાર પામે છે. <— <u>(૨/૪૨)</u>

કયા અભિપ્રાયથી આ વાત તમે જણાવી રહ્યા છો ? તેવી શંકાનું સમાધાન આપતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે -

<u>**શ્લોકાર્થ**</u> :- આ રીતે ઋજુસૂત્ર નયનો ટેકો લેનાર સંગ્રહનયથી સત્-ચિત્-આનંદ સ્વરૂપ બ્રહ્મતત્ત્વ =

**एवं** = निरुक्तरीत्या **ऋजुसूत्रोपजीविना** = क्षणभङ्गुर-साम्प्रतीन-स्वकीयपर्यायमात्रग्राहकर्जुसूत्रनयानुगृहीतेन **सङ्ग्रहेण** = सामान्यमात्रग्राहकेण सङ्ग्रहाभिधानेन **नयेन** = इतरांशाप्रतिक्षेपिना प्रकृतवस्त्वंशग्राहकेणाध्यवसायविशेषेण । **ब्रह्मणः** = आत्मनः परमात्मनो वा **सच्चिदानन्दरूपत्वं** परस्परव्यामिश्रितसत्त्व-ज्ञान-सुखमयत्वं **व्यवतिष्ठते** = व्यवस्थाप्यते । तदुक्तं **ब्रह्मविद्योपनिषदि** —> सच्चिदानन्दमात्रोऽहं स्वप्रकाशोऽस्मि चिद्घनः सत्त्वस्वरूप-सन्मात्र-सिद्ध-सर्वात्मकोऽस्म्यहम् ॥१०९॥ <— इति । यथा शाबलेयत्व-धावलेयत्वादिरूपेण नानात्वेन प्रतिभासमानानां बहूनां गवामन्यूनानतिरिक्तेन गोत्वरूपेण सङ्ग्रहो भवति तथा व्यवहारतो मनुष्यत्व-पशुत्वाज्ञत्वादिरूपेण नानात्वेन प्रतिभासमानानां बहूनामात्मनामन्यूनानतिरिक्तेन चित्त्वाद्यनुविद्धसत्त्वेन रूपेण सङ्ग्रहो युज्यत एव । केवलेन सङ्ग्रहनयेन तु ब्रह्मणः सद्रूपत्वमेव किन्तु ज्ञानादिपर्यायप्रेक्षिणमृजुसूत्रनयमवलम्ब्य सङ्ग्रहनयेन तस्य सच्चिदानन्दरूपतोच्यत इत्यवधेयम् ॥२/४३॥

ननु ब्रह्मणः सच्चिदानन्दमयत्वं न घटते, यतः ब्रह्मगतानां सत्त्वचित्त्वादिधर्माणां ब्रह्मणो भिन्नत्वमभिन्नत्वं वा ? इति विमलविकल्पयुगलमत्रोपतिष्ठते । तत्र नाद्योऽनवद्यः, आत्माद्वैतभङ्गापत्तेः । नापि

શુદ્ધ આત્મા છે. - આ પ્રમાણે વ્યવસ્થા કરાય છે. (૨/૪૩)

## ❀ આત્મા સચ્ચિદાનંદમય ❀

**ટીકાર્થ :-** અભિમત વસ્તુના અંશને સ્વીકારવા છતાં તે જ વસ્તુના અન્ય (પોતાને અનભિમત) અંશનો અપલાપ નહીં કરનાર એવો અધ્યવસાયવિશેષ નય કહેવાય છે. ઋજુસૂત્ર નય ક્ષણભંગુર વર્તમાનકાલીન પોતાના પર્યાયને જ સ્વીકારે છે. અર્થાત્ તેવા પર્યાય સ્વરૂપ પદાર્થનું પ્રતિપાદન કરે છે. જ્યારે સંગ્રહનય કેવળ સામાન્ય ધર્મને સ્વીકારે છે. અર્થાત્ સામાન્ય સ્વરૂપ અભિમુખે વસ્તુનું નિરૂપણ કરે છે. ઋજુસૂત્ર નયથી ઉપકૃત થયેલ એવા સંગ્રહનયથી આત્મા કે પરમાત્મા સચ્ચિદાનંદમય છે. અર્થાત્ પરસ્પર અનુવિદ્ધ એવા સત્ત્વ, જ્ઞાન અને સુખ - આ ત્રણ ધર્મમય આત્મા-પરમાત્મા છે. આવી વ્યવસ્થા ઋજુસૂત્રથી અનુગૃહીત સંગ્રહનય કરે છે. બ્રહ્મવિદ્યા ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> હું કેવલ સદ્ચિદાનંદ સ્વરૂપ છું. સ્વપ્રકાશાત્મક છું, જ્ઞાનઘન છું, પારમાર્થિક કેવલ સન્માત્ર સિદ્ધ સર્વ આત્મસ્વરૂપ છું. <— જેમ કાળાશ, ધોળાશ વગેરે વિવિધ ધર્મરૂપે જણાતી સર્વ ગાયોમાં અવશ્ય રહે અને ગાય સિવાય અન્ય પદાર્થમાં ક્યાંય પણ ન રહે એવા ગોત્વ નામના સામાન્ય ધર્મથી વિવિધ ગાયોનો સંગ્રહ થાય છે તેમ સર્વ આત્મામાં રહેલ અને આત્મા સિવાય ક્યાંય પણ ન રહેલ એવા સત્ત્વાનુવિદ્ધ જ્ઞાન વગેરે સામાન્ય ધર્મથી સર્વ આત્માનો સંગ્રહ સંગત જ છે, ભલે ને વ્યવહારથી મનુષ્યત્વ, પશુત્વ, અજ્ઞત્વ વગેરે વિવિધ ધર્મથી આત્માઓ અનેક પ્રકારના જણાતા હોય. કેવળ સંગ્રહનયથી તો આત્મતત્ત્વ સન્મય જ છે. તેથી શુદ્ધ સંગ્રહનય આત્મામાં જ્ઞાન કે સુખનો ઉલ્લેખ કરી ન શકે. પરંતુ ઋજુસૂત્રનય જ્ઞાનાદિ પર્યાયોને પણ જુએ છે. તેથી ઋજુસૂત્રનય આત્માને જ્ઞાનમય કે સુખમય = સુખમાત્ર કહેશે. તેથી ઋજુસૂત્રનયનું અવલંબન કરનાર સંગ્રહનય આત્માને સચ્ચિદાનંદમય કહેશે. આ વાત ધ્યાનમાં રાખવી. (૨/૪૩)

અહીં એવી શંકા થઈ શકે કે —> 'બ્રહ્મ તત્ત્વ સચ્ચિદાનંદમય છે.' - આ વાત સંભવી શકતી નથી. કેમ કે તેવું માનવામાં એવી સમસ્યા ઉભી થાય છે કે બ્રહ્મતત્ત્વમાં રહેલ સત્ત્વ, ચિત્ત્વ વગેરે ધર્મો બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે ? આ સ્પષ્ટ બે વિકલ્પ પ્રસ્તુતમાં ઉપસ્થિત થાય છે. સત્ત્વ વગેરે ધર્મો આત્માથી ભિન્ન છે - આવો પ્રથમ વિકલ્પ નિર્દોષ નથી જ, કેમ કે તેવું માનવામાં આત્મઅદ્વૈત ભાંગી પડશે. આત્મા, સત્ત્વ, જ્ઞાન વગેરે અનેક

द्वितीयः, पौनरुक्त्यापत्तेः 'घटो घट' इतिवत् । एवमेव सत्त्व-चित्त्वादीनां मिथो भेदोऽभेदो वा ? भिन्नत्वे द्वैतापातः, अभेदे तु 'ब्रह्म सत्' इत्यनेनैव 'विज्ञानं ब्रह्म' इत्यादेर्गतार्थत्वादित्याशङ्कायामाह —> 'सत्त्वे'ति।

**सत्त्वचित्त्वादिधर्माणां, भेदाभेदविचारणे ।**
**न चार्थोऽयं विशीर्येत, निर्विकल्पप्रसिद्धितः ॥४४॥**

**न च सत्त्व-चित्त्वादिधर्माणां** = सत्ता-ज्ञानानन्दानां ब्रह्मणो मिथो वा पूर्वोक्तरीत्या **भेदाभेदविचारणे** = भिन्नत्वाभिन्नत्वमीमांसायां अपि **अयं** = 'अद्वितीयं सच्चिदानन्दमयं ब्रह्म' इति **अर्थो विशीर्येत** = भज्येत । तदनुपप्लवहेतुमाह- **निर्विकल्पप्रसिद्धितः** = नानानयविकल्पोपस्थापितभेदाभेदानवगाहिनोऽखण्ड-

---

સ્વતંત્ર પદાર્થને સ્વીકારવામાં બ્રહ્માદ્વૈત કેવી રીતે ટકી શકે ? સત્ત્વ વગેરે ધર્મો આત્માથી અભિન્ન છે - આવો બીજો વિકલ્પ સ્વીકારવો પણ વ્યાજબી નથી, કેમ કે તેવું માનવામાં પુનરુક્તિ દોષ આવશે. જેમ ''લાલ ઘડો' - આ પ્રમાણે બોલી શકાય છે, કેમ કે લાલાશ અને ઘડા વચ્ચે ભેદ રહેલો છે. પરંતુ 'ઘડો ઘડો' એમ ન બોલાય, કેમ કે અહીં ઉદ્દેશ્ય અને વિધેયમાં સર્વથા અભેદ જ છે. દાર્શનિક પરિભાષામાં 'ઘડો ઘડો' એવું વાક્ય પુનરુક્તિ દોષવાળું કહેવાય છે. બરાબર આ જ રીતે 'સચ્ચિદાનંદમય બ્રહ્મ' આવો વાક્યપ્રયોગ પણ પુનરુક્તિ દોષથી ગ્રસ્ત થશે, કેમ કે પ્રસ્તુત બીજા વિકલ્પમાં સત્ત્વ, જ્ઞાન વગેરે ધર્મોને બ્રહ્મ તત્ત્વથી સર્વથા અભિન્નરૂપે સ્વીકારવામાં આવેલ છે. આ જ રીતે સત્ત્વ જ્ઞાન વગેરે ધર્મો પરસ્પર ભિન્ન છે કે અભિન્ન ? આવા બે વિકલ્પ ઉપસ્થિત થાય છે. જો તેઓને પરસ્પર ભિન્ન માનવામાં આવે તો દ્વૈતની આપત્તિ આવે. કેમ કે સત્ત્વ ધર્મથી ભિન્ન એવા જ્ઞાનાદિ ધર્મો પણ વાસ્તવિક છે - આવું પ્રથમ વિકલ્પથી સિદ્ધ થાય છે. જો સત્ત્વ અને જ્ઞાન વગેરે ધર્મો વચ્ચે એકાંતે અભેદ માનવામાં આવે તો 'બ્રહ્મ સત્ છે.' આ વાક્ય દ્વારા જ 'विज्ञानं ब्रह्म' ઈત્યાદિ વાક્ય ગતાર્થ = નિરર્થક થવાની આપત્તિ આવશે, કેમ કે સત્ત્વ અને જ્ઞાનમાં એકાંતે અભેદ હોવાથી 'सद् ब्रह्म' આ વાક્યથી જે કહેવામાં આવેલ છે તે જ અર્થનું પ્રતિપાદન 'विज्ञानं ब्रह्म' ઈત્યાદિ વાક્ય કરે છે. કોઈ વિશેષ અર્થનું પ્રતિપાદન નહીં. <— આ શંકાનું સમાધાન આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :

<u>**શ્લોકાર્થ**</u> :- સત્ત્વ, ચિત્ત્વ (ચૈતન્ય = જ્ઞાન) વગેરે ધર્મો ભિન્ન છે કે અભિન્ન ? આવો વિચાર કરવામાં આવે તો (પણ) 'બ્રહ્મ સચ્ચિદાનંદમય છે' એવો અર્થ ભાંગી પડતો નથી, કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન પ્રસિદ્ધ છે. <u>(૨/૪૪)</u>

## નિર્વિકલ્પ જ્ઞાનમાં અખંડ આત્મભાન

<u>**ટીકાર્થ**</u> :- પૂર્વોક્ત રીતે સત્તા, ચૈતન્ય અને આનંદ- આ ધર્મો આત્માની અપેક્ષાએ તેમ જ પરસ્પરની અપેક્ષાએ ભિન્ન છે કે અભિન્ન ? આવી વિચારણા કરવામાં આવે ત્યારે પણ 'અદ્વિતીય બ્રહ્મતત્ત્વ સચ્ચિદાનંદમય છે.' - આ અર્થ ભાંગી પડતો નથી. પ્રસ્તુત અર્થની અસંગતિ નથી. એનું કારણ એ છે કે નિર્વિકલ્પ જ્ઞાન પ્રસિદ્ધ છે. ''જ્ઞાનાદિ ધર્મ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ?'' - આવી વિચારણા નયને આશ્રયીને થતી હોય છે. અનેક પ્રકારના નયની વિચારણાઓથી ભેદ કે અભેદ ઉપસ્થિત થાય છે. નિર્વિકલ્પ જ્ઞાનમાં તો નયોની = વિવક્ષાઓની પ્રવૃત્તિ જ નથી. તેથી વિભિન્ન નયોની વિચારણાથી રજુ થતા ભેદ કે અભેદનું અવગાહન નિર્વિકલ્પ જ્ઞાનમાં થતું નથી. બ્રહ્મતત્ત્વનું અવગાહન કરનાર નિર્વિકલ્પ જ્ઞાન બ્રહ્મતત્ત્વને સત્ત્વ રૂપે, ચૈતન્ય રૂપે કે આનંદ રૂપે અનુભવતું નથી. પરંતુ અખંડ સચ્ચિદાનંદઘન સ્વરૂપે બ્રહ્મતત્ત્વનું સંવેદન કરે છે. જેમ કેવળ મરચાને ખાવાથી માત્ર તીખાશનો અનુભવ થાય. કેવળ લીંબુને ચાખવાથી ખટાશનો જ અનુભવ થાય. માત્ર

सच्चिदानन्दघनब्रह्मगोचरस्य ज्ञानस्य प्रसिद्धेः । ततश्च निर्विकल्पकज्ञानापेक्षयाऽद्वितीयस्य सच्चिदानन्दरूपस्य ब्रह्मणः प्रतिपादने नयोपस्थापितभेदाभेदविकल्पोद्भावनमसङ्गतमेव । नयावतारे नानारूपतया प्रतिभासमानानां धर्माणां नयविकल्पविलये ब्रह्मणि विलयादित्युक्तत्वात् ॥२/४४॥

ननु निर्विकल्पाङ्गीकारेऽपि नयावतारोपस्थापितधर्माणां ब्रह्मणो भिन्नत्वमभिन्नत्वं वा ? ब्रह्मव्यतिरेकेण सत्त्वमसत्त्वं वा ? सत्यत्वमसत्यत्वं वा ? इत्यादिविकल्पवृन्दोपस्थितौ न सम्यग् निर्वचनं सम्भवतीति दूषणमनिवार्यमित्याशङ्कायामाह —> 'योगजे'ति ।

**योगजानुभवारूढे, सन्मात्रे निर्विकल्पके ।**
**विकल्पौघासहिष्णुत्वं, भूषणं न तु दूषणम् ॥४५॥**

**योगजानुभवारूढे** = मोक्षयोजकप्रबलसद्व्यापारजन्यात्मसाक्षात्कारसमारूढे **सन्मात्रे** = अनिर्वचनीयेऽस्तित्वमात्रे **निर्विकल्पके** = विकल्पातीते शब्दागोचरज्ञाने **विकल्पौघासहिष्णुत्वं** = भिन्नत्वाभिन्नत्वा-

---

મીઠું ખાવાથી ખારાશનો જ અનુભવ થાય. પરંતુ પ્રમાણસર મરચું, મીઠું અને લીંબુ નાંખીને બનાવેલ ઉત્તમ ભોજનમાં 'આ સ્વાદિષ્ટ છે.' એવો જ અનુભવ થાય છે, નહિ કે સ્વતંત્રરૂપે ખારાશ, ખટાશ કે તીખાશનો. ત્યાં 'સ્વાદિષ્ટપણું ખારાશ, ખટાશ કે તીખાશથી ભિન્ન છે કે અભિન્ન ?' - આવી ચર્ચા અસ્થાને છે. બરાબર આ જ રીતે અખંડ સચ્ચિદાનંદઘનસ્વરૂપે બ્રહ્મતત્ત્વનું સંવેદન કરતા નિર્વિકલ્પ જ્ઞાનમાં, શંકાકારે ઉપસ્થિત કરેલ ભેદાભેદની વિચારણા અસ્થાને છે. તેથી નિર્વિકલ્પ જ્ઞાનની અપેક્ષાએ સચ્ચિદાનંદમય અદ્વિતીય રૂપે બ્રહ્મ તત્ત્વનું નિરૂપણ કરવું જરા પણ અસંગત નથી. નયની વિચારણાઓને એમાં ઉતારવામાં આવે ત્યારે વિભિન્ન રૂપે સત્ત્વ, ચૈતન્ય વગેરે ધર્મો ભલે જણાતા હોય પરંતુ નયનો પ્રચાર અને પ્રસાર જ્યારે તદ્દન અટકે ત્યારે સત્ત્વ, ચૈતન્ય વગેરે ધર્મો બ્રહ્મમાં = આત્મામાં વિલીન થાય છે. આ વાત અમે પૂર્વે (૨/૪૧- પૃષ્ઠ ૨૩૯માં) જણાવેલ જ છે. <u>(૨/૪૪)</u>

પૂર્વોક્ત શંકાકાર પોતાની શંકાને વળગીને એમ કહે છે કે —> નિર્વિકલ્પ જ્ઞાનને સ્વીકારવા છતાં પણ નયાવતારથી ઉપસ્થિત થયેલા સત્ત્વ, ચૈતન્ય વગેરે ધર્મો શુદ્ધ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? બ્રહ્મથી સ્વતંત્ર રૂપે તે ધર્મનું અસ્તિત્વ છે કે નહિ ? તે ધર્મો સત્ય છે કે મિથ્યા ?... ઈત્યાદિ વિકલ્પનું ટોળું હાજર થાય ત્યારે તેનો વ્યવસ્થિત રીતે જવાબ (શબ્દ દ્વારા સ્પષ્ટ નિરૂપણ) અસંભવિત છે. આ અહીં એક મોટું દૂષણ છે કે જેનું નિવારણ કરી શકાય તેમ નથી. <— આનો જવાબ આપતા ગ્રંથકારશ્રી કહે છે કે -

<u>**શ્લોકાર્થ**</u> :- વિકલ્પના ઢગલાઓને સહન કરવા નહિ તે યોગજ અનુભવમાં આરૂઢ થયેલ સન્માત્ર નિર્વિકલ્પક જ્ઞાનમાં ભૂષણ છે, દૂષણ નહિ. <u>(૨/૪૫)</u>

## ❀ નિર્વિકલ્પમાં દૂષણ પણ ભૂષણ ❀

<u>**ટીકાર્થ**</u> :- મોક્ષની સાથે આત્માને જોડી આપે તેવો પ્રબળ સદ્ધર્મવ્યાપાર એ યોગ છે. તેનાથી જે આત્મસાક્ષાત્કાર ઉત્પન્ન થાય છે તે યોગજ અનુભવ કહેવાય છે. તેમાં રહેલ નિર્વિકલ્પક અનુભવ તે માત્ર 'છે' એટલા શબ્દથી જ જણાવી શકાય છે. તેનું સ્વરૂપ તો અનિર્વચનીય છે. શબ્દને અગોચર એવાં નિર્વિકલ્પક જ્ઞાનમાં અનુભવાતા સત્ત્વ, ચૈતન્ય વગેરે ગુણધર્મો આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? - આવા પ્રશ્નનું શબ્દ દ્વારા સ્પષ્ટ સમાધાન ન મળવું તે ગુણ જ છે. તે દોષરૂપ નથી જ. કેમ કે યોગજ આત્મસાક્ષાત્કાર એ લોકોત્તર

दिविकल्पवृन्दासमाधेयत्वं **भूषणं** = गुण एव, **न तु** = नैव **दूषणं** = दोषः, लोकोत्तरस्य योगजसाक्षात्कारस्य लौकिकविकल्पैः कुतर्कप्रायैर्हीनबलत्वेनापर्यनुयोज्यत्वात् ॥२/४५॥

इदमेवोदाहरणेन समर्थयति –> 'य' इति ।

**यो ह्याख्यातुमशक्योऽपि, प्रत्याख्यातुं न शक्यते ।**
**प्राज्ञैर्न दूषणीयोऽर्थः, स माधुर्यविशेषवत् ॥४६॥**

**यो हि आख्यातुं** = शब्दविशेषेण निर्वक्तुं **अशक्योऽपि** = असम्भाव्योऽपि **प्रत्याख्यातुं** = निह्नोतुं **न शक्यते सोऽर्थः माधुर्यविशेषवत् प्राज्ञैः** = प्रकृष्टज्ञानवद्भिः **न दूषणीयः** = नैव निराकरणीयः, अपरोक्षानुभवैकगम्यत्वात् । यथाऽऽम्र-गुड-शर्करा-खण्डादिगत-माधुर्याणां मिथोभेदेऽपि शब्दैः तन्निरूपणमशक्यमेव, तदुक्तं **भासर्वज्ञेनापि न्यायभूषणे** –> इक्षु-क्षीर-गुडादीनां माधुर्यस्यान्तरं महत् । भेदस्तथापि नाऽऽख्यातुं सरस्वत्यापि शक्यते ॥<– (पृ.४९) तथैवाऽद्वैतब्रह्मणः शब्दैर्निरूपणमशक्यमेव । न चानिर्वचनीयत्वेऽपि माधुर्यविशेषोऽपलप्यते, अनुभवसिद्धत्वात् । तथैवाद्वैतब्रह्मस्वरूपस्यानिर्वचनीयत्वेऽप्यपरोक्षानुभूतिगम्यत्वेनानपलपनीयत्वमेव । तदुक्तं **पञ्चदश्यां** –> अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केषु योजयेत् <– (६/१५०) इति । तदुक्तं **अध्यात्मसारेऽपि** –> क्षणं चेतः समाकृष्य समता यदि सेव्यते । स्यात्तदा सुखमन्यस्य यद्वक्तुं नैव पार्यते ॥ <– (९/१९) इति । न ह्यपरोक्षानुभवो व्याख्यायते, इन्द्रिय-मनोव्यापाराजन्य-

---

છે, અને ભેદાભેદના વિકલ્પો લૌકિક અને કુતર્ક જેવા છે, નિર્બળ છે. નિર્બળ હોવાના લીધે તેવા શાબ્દિક, લૌકિક વિકલ્પો દ્વારા નિર્વિકલ્પ આત્મસાક્ષાત્કારને પ્રશ્નો કરીને વખોડી ન શકાય. <u>(૨/૪૫)</u>

ગ્રંથકારશ્રી આ જ વાતનું ઉદાહરણ દ્વારા સમર્થન કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જે પદાર્થનું શબ્દ દ્વારા નિરૂપણ કરી શકાય તેવું ન હોય, છતાં પણ પ્રાજ્ઞ પુરુષો વડે તેનો અપલાપ કરી શકાતો નથી. માધુર્યવિશેષની જેમ આ વાત જાણવી. <u>(૨/૪૬)</u>

## ❀ અનભિલાપ્ય ભાવો અતિરસ્કરણીય ❀

<u>**ટીકાર્થ**</u> :- જે અર્થનું વિશિષ્ટ શબ્દો દ્વારા નિરૂપણ કરવું અસંભવિત જ હોય તેમ છતાં પ્રકૃષ્ટ બુદ્ધિશાળી પુરુષ વડે તે અર્થનું નિરાકરણ કરી ન શકાય. કેમ કે તે કેવળ અપરોક્ષ અનુભવથી જ ગમ્ય છે. જેમ કેરી, ગોળ, સાકર, ખાંડ વગેરેની મીઠાશમાં પરસ્પર ભેદ રહેલો છે પરંતુ શબ્દો વડે તે ભેદનું નિરૂપણ કરવું અશક્ય જ છે. <u>ન્યાયભૂષણ</u> ગ્રંથમાં <u>ભાસર્વજ્ઞએ</u> જણાવેલ છે કે –> શેરડી, દૂધ, ગોળ વગેરેની મીઠાશમાં ઘણો મોટો તફાવત રહેલો છે, છતાં પણ તે તફાવતને શબ્દ વડે જણાવવો તે સરસ્વતી માતાથી પણ શક્ય નથી. <– બરાબર આ જ રીતે અદ્વિતીય બ્રહ્મનું શબ્દ દ્વારા નિરૂપણ અશક્ય જ છે. શબ્દ વડે વિશિષ્ટ પ્રકારની મીઠાશનું નિરૂપણ ન થવા છતાં પણ તેનો અપલાપ થતો નથી, કેમ કે તે અનુભવસિદ્ધ છે. બરાબર આ જ રીતે અદ્વૈત બ્રહ્મનું સ્વરૂપ અનિર્વચનીય હોવા છતાં પણ તેનો અપલાપ કરી શકાય તેમ નથી જ, કેમ કે અપરોક્ષ અનુભૂતિ દ્વારા તે જણાય છે જ. <u>પંચદશી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે –> જે ભાવો અચિંત્ય છે તેને કલ્પનારૂપી તર્કોમાં જોડવા નહિ. <– <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે –> અનાત્મભાવોમાંથી ક્ષણ વાર પણ મનને ખેંચીને જો સમતાનું સેવન કરવામાં આવે તો જે સુખ થાય છે તે બીજાને શબ્દ દ્વારા કહી શકાતું નથી. <– ખરેખર અપરોક્ષ અનુભવની કોઈ વ્યાખ્યા હોતી નથી,

त्वात् । तदुक्तं **योगशास्त्रे श्रीहेमचन्द्रसूरिभिरपि** —> यदिदं तदिति न वक्तुं साक्षाद् गुरुणाऽपि हन्त ! शक्येत । औदासीन्यपरस्य प्रकाशते तत्स्वयं तत्त्वम् ॥ <— (१२/२१) इति । ततश्च परभावौदासीन्येन स्वाधीनायै स्वापरोक्षानुभूतये यतितव्यं यतिनेत्युपदेशः ॥२/४६॥

नन्वपरोक्षात्मानुभूतेस्स्वाधीनत्वे कथं न लोकानां तद्वत्यनुभूतिः ? इत्याशङ्कायामाह —> '**कुमारी**'ति।

**कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् ।**
**न जानाति तथा लोको, योगिनां ज्ञानजं सुखम् ॥४७॥**

स्पष्टार्था कारिकेयम् । अध्यात्मसारेऽपि —> कुमारी न यथा वेत्ति सुखं दयितभोगजम् । न जानाति तथा लोको योगिनां समतासुखम् ॥ <— (९/२०) इत्युक्तमित्यवधेयम् ॥२/४७॥

एतदुपदेशयोग्यमावेदयति —> '**अत्यन्ते**'ति ।

**अत्यन्तपक्वबोधाय, समाधिर्निर्विकल्पकः ।**
**वाच्योऽयं नार्धविज्ञस्य, तथा चोक्तं परैरपि ॥४८॥**

**अयं** निरुक्तो **निर्विकल्पकः समाधिः अत्यन्तपक्वबोधाय** = विशिष्टतरत्याग-वैराग्य-भगवद्भक्ति-गुर्वादिवैयावृत्त्याद्युपबृंहितभावनाज्ञानशालिने **वाच्यः** = उपदेश्यः । **अर्धविज्ञस्य** = स्थूलाचारनिपुणत्वे सति

---

કારણ કે ઈન્દ્રિય અને મનના વ્યાપારથી તે ઉત્પન્ન થતો નથી. <u>હેમચંદ્રસૂરિ</u> મહારાજે પણ <u>યોગશાસ્ત્ર</u>માં જણાવેલ છે કે —> સાક્ષાત્ ગુરુદેવ પણ જે તત્ત્વને "આ તે છે." - આ પ્રમાણે કહેવાને શક્તિમાન નથી, તે તત્ત્વ અનાત્મભાવો પ્રત્યેની ઉદાસીનતામાં ડૂબેલા સાધકને સ્વયં પ્રકાશે છે. <—તેથી અનાત્મભાવોમાં ઉદાસીન થઈને સ્વાધીન એવી આત્માની અપરોક્ષ અનુભૂતિમાં જ મુનિએ પ્રયત્ન કરવો જોઈએ. - આવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. <u>(૨/૪૬)</u>

"જો અપરોક્ષ આત્માનુભૂતિ સ્વાધીન હોય તો શા માટે લોકોને આનંદની અનુભૂતિ થતી નથી ?" - આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :

<u>**શ્લોકાર્થ**</u> :- જેમ કુંવારી છોકરી પતિસમાગમથી થનારા સુખને જાણતી નથી તેમ સામાન્ય લોકો યોગીઓના જ્ઞાનજન્ય સુખને જાણતા નથી. <u>(૨/૪૭)</u>

<u>**ટીકાર્થ**</u> :- શ્લોકાર્થ સ્પષ્ટ હોવાના કારણે આ ગાથાની ટીકા કરવામાં આવેલ નથી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પણ યોગીઓના સમતા-સુખને આ પ્રકારે જ જણાવેલ છે - આ વાત ખ્યાલમાં રાખવી. <u>(૨/૪૭)</u>

ઉપરોક્ત ઉપદેશને યોગ્ય એવા શ્રોતાને ગ્રંથકારશ્રી જણાવે છે. -

<u>**શ્લોકાર્થ**</u> :- અત્યન્ત પરિપક્વબોધવાળા સાધકને આ નિર્વિકલ્પક સમાધિ કહેવી. અધકચરા જ્ઞાનવાળાને આ વાત ન કરવી. આ પ્રમાણે અન્યદર્શનકારો પણ કહે છે. <u>(૨/૪૮)</u>

### ❀ અર્ધપંડિતમાં જ્ઞાન-ક્રિયાની ચતુર્ભંગી ❀

<u>**ટીકાર્થ**</u> :- ઉપરોક્ત '(૨/૧૬) નિર્વિકલ્પક સમાધિની પ્રરૂપણા અત્યંત પરિપક્વબોધવાળા સાધકને કરવી. વિશિષ્ટતર ત્યાગ, વૈરાગ્ય, પ્રભુભક્તિ, ગુરૂ વગેરેની વૈયાવચ્ચ આદિ ગુણોથી જે ભાવનાજ્ઞાન પુષ્ટ થયેલું છે

सूक्ष्माचाराप्रेक्षिणो यद्वा भावनाज्ञानविमुखत्वे सति दृष्ट-श्रुत-सत्क्रियामात्रविलग्नस्य यद्वा सद्व्यवहारपराङ्मुखत्वे सति ज्ञानलवदुर्विदग्धस्य यद्वा सुविस्तृतमतित्वेऽप्यैदम्पर्यार्थानभिज्ञस्य तु न = नैव **अयं निर्विकल्पकः समाधिः वाच्यः**, तस्यैतत्तत्त्वविडम्बकत्वात् । स हि 'न लिप्यतेऽयमात्मा' इति ज्ञात्वा सद्धर्माचारभ्रष्टः सन् दुराचारनिमग्नो वाग्विलासे एव भ्राम्येत । तदुक्तं **अध्यात्मसारे** —> गुह्याद् गुह्यतरं तत्त्वमेतत्सूक्ष्मनयाऽऽश्रितम् । न देयं स्वल्पबुद्धीनां ते ह्येतस्य विडम्बकाः ।। जनानामल्पबुद्धीनां नैतत्तत्त्वं हितावहम् । निर्बलानां क्षुधार्त्तानां भोजनं चक्रिणो यथा ।। ज्ञानांशदुर्विदग्धानां तत्त्वमेतदनर्थकृत् ।

---

તેને અહીં પરિપક્વ જ્ઞાન તરીકે જાણવું. અધકચરા જ્ઞાનવાળાને આ નિર્વિકલ્પ સમાધિનો ઉપદેશ ન આપવો. અધકચરા જ્ઞાનવાળા માણસો ૪ પ્રકારના હોય છે. : (૧) ધર્મના સ્થૂળ આચારને પાળવામાં જેઓ નિપુણ હોય અર્થાત્ કેવલ ઔત્સર્ગિક આચારને જ જે વળગી રહે અને આપવાદિક યથાવસ્થિત આચારની શ્રદ્ધા પણ ન કરે તેવો જીવ અધકચરા જ્ઞાનવાળો જાણવો. (૨) અથવા જે માણસ ભાવનાજ્ઞાનથી વિમુખ હોય અને કેવલ ધર્મક્રિયાને વળગેલો હોય તે માણસને અધકચરા જ્ઞાનવાળો જાણવો. બીજી વ્યક્તિના આચાર જોઈને અથવા તો બીજા પાસે આચારને સાંભળીને કેવલ તેને વળગી રહે, પણ ભાવનાજ્ઞાનને પામવાનું કોઈ લક્ષ્ય જ ન હોય, રસ ન હોય તેને અહીં અધકચરા જ્ઞાનવાળો જાણવો. અથવા (૩) જે પંડિત શાસ્ત્રોક્ત વ્યવહારથી પરાઙ્મુખ હોય અને આંશિક જ્ઞાનના કારણે મત્ત થયેલો હોય તે અર્ધપંડિત જાણવો. જ્ઞાનનું ફળ વિરતિ છે. ખરાબને છોડવું અને સારાને ગ્રહણ કરવું, તે જ્ઞાનનું પ્રયોજન છે. શાસ્ત્રનો ઉપલક બોધ થવાથી 'હું જ્ઞાની છું.' - એવું જે જ્ઞાનનું અભિમાન થાય તે જ્ઞાનનું અજીર્ણ છે. શાસ્ત્રવિહિત આચારને પાળવાની સાથે જેને કોઈ નિસ્બત નથી છતાં પોતે જ્ઞાની છે એવો ફાંકો લઈને ફરે તે અર્ધપંડિત છે. કહેવાય છે કે

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."

આ શ્લોકના પૂર્વાર્ધમાં પ્રસ્તુત ૩જા અર્ધપંડિતનો નિર્દેશ કરેલ છે. અને ઉત્તરાર્ધમાં ઉપરોક્ત ૨જા પ્રકારના અર્ધપંડિતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અથવા (૪) અનેક શાસ્ત્રનો અભ્યાસ કરેલ હોવાના કારણે જેની બુદ્ધિ ઘણી વિશાળ હોય પણ ઊંડાણ ન હોવાથી શાસ્ત્રોના ઐદંપર્યાર્થથી જે તદ્દન અજાણ હોય તે પ્રસ્તુતમાં અર્ધપંડિત તરીકે જાણવો. મતલબ કે જેની બુદ્ધિની પહોળાઈ ઘણી હોય પરંતુ ઉંડાણ ન હોય, તેને અર્ધપંડિત જાણવો. અહીં પ્રથમ પ્રકારમાં આચારનો આચારની સાથે સંવેધ છે. બીજા ભેદમાં જ્ઞાનનો આચારની સાથે સંવેધ છે. ત્રીજા ભાંગામાં આચારનો જ્ઞાનની સાથે સંવેધ છે. અને ૪થા પ્રકારમાં જ્ઞાનનો જ્ઞાનની સાથે સંવેધ છે. આ રીતે જ્ઞાનક્રિયાની ચતુર્ભંગી અર્ધપંડિતમાં જાણવી. તેને નિર્વિકલ્પ સમાધિનો ઉપદેશ ન કરાય, કારણ કે તે નિર્વિકલ્પ સમાધિની વિડંબના જ કરે. 'આત્મા કર્મોથી બંધાતો નથી.' - એવું જાણીને તે ધર્મના આચારને ઊંચા મૂકી, દુરાચારમાં ગ્રસ્ત થઈ 'હું ક્યારેય કર્મથી બંધાતો નથી.' - એવા વાણીના વિલાસમાં અટવાશે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> "આત્મા ક્યારેય બંધાતો નથી." - આ પ્રમાણે સૂક્ષ્મનયનો આશ્રય કરીને જે કહેવામાં આવે છે તે ગૂઢ તત્ત્વ કરતાં પણ અત્યંત ગૂઢ તત્ત્વ છે. અલ્પબુદ્ધિવાળા માણસોને આ તત્ત્વનો ઉપદેશ ન આપવો, કેમ કે તેઓ આ તત્ત્વના વિડંબક છે. જેમ ભૂખ્યા હોવા છતાં પણ નબળી હોજરીવાળા માણસોને ચક્રવર્તિનું ભોજન હિતકારી નથી, તેમ અલ્પબુદ્ધિવાળા માણસોને નિશ્ચય નયનું તત્ત્વ હિતકારી નથી. જેમ મણિસાધક મંત્રનો અશુદ્ધ પાઠ-જાપ કરનારને નાગના માથા પર રહેલ મણિનું ગ્રહણ અનર્થકારી છે તેમ આંશિક જ્ઞાનના અભિમાનથી છકી ગયેલા જીવને આ

अशुद्धमन्त्रपाठस्य फणिरत्नग्रहो यथा ।। व्यवहाराऽविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम् । कासारतरणाऽशक्तः सागरं स तितीर्षति ।। ← (१८/१९२-१९५) इति । **तथा** = तेन प्रकारेण **चोक्तं परैः** = वेदान्त्यादिभिः **अपि** ।।२/४८।।

परोक्तमेवाऽऽविष्करोति → 'आदा'विति ।

**आदौ शमदमप्रायैर्गुणैः शिष्यं प्रबोधयेत् ।**
**पश्चात् सर्वमिदं ब्रह्म शुद्धस्त्वमिति बोधयेत् ।।४९।।**

**आदौ** = योगारम्भदशायां **शिष्यं** = मुमुक्षुं **शम-दमप्रायैः** = कषायोपशमेन्द्रियदमनप्रमुखैः **गुणैः** गुरुः **प्रबोधयेत्** = विशोधयेत् । प्रायःपदेनोपरत्यादिग्रहणम् । **वेदान्तपरिभाषाकारः अध्वराजेन्द्रस्तु** → (१) अन्तरिन्द्रियनिग्रहः = शमः, (२) बहिरिन्द्रियनिग्रहो दमः, (३) विक्षेपाभावः = उपरतिः, (४) शीतोष्णादिद्वन्द्वसहनं = तितिक्षा, (५) चित्तैकाग्र्यं = समाधानम्, (६) गुरुवेदान्तवाक्येषु विश्वासः = श्रद्धा ←(पृ.३१८) इत्याह । **पश्चात्** = शमदमादिगुणलाभोत्तरावस्थायां 'सर्वं इदं ब्रह्म', 'त्वं शुद्धोऽसि, निरञ्जनोऽसि' इति **बोधयेत्** = प्रतिबोधयेत् । तदुक्तं **महोपनिषदि** → आदौ शम-दमप्रायैर्गुणैः शिष्यं विशोधयेत् । पश्चात् 'सर्वमिदं ब्रह्म शुद्धस्त्वमि'ति बोधयेत् ।। ← (५/१०४) इति । शमादिना विषयाऽऽसक्तिकुतर्कादिलक्षणप्रतिबन्धक्षय एव शुद्धब्रह्मस्वरूपलाभसम्भवात् 'शुद्धोऽसी'त्याद्युपदेश उत्तरकाले

---

તત્ત્વ અનર્થકારી છે. વ્યવહારનયમાં નિષ્ણાત થયા વિના જે માણસ તાત્ત્વિક નિશ્ચય નયને જાણવાને ઈચ્છે છે તે માણસ ખરેખર તળાવને તરવામાં અસમર્થ હોવા છતાં જે દરિયાને તરવાની ઈચ્છા કરે તેના જેવો છે. ← વેદાંતી વગેરે પણ આ પ્રમાણે જ જણાવે છે. <u>(૨/૪૮)</u>

અન્યદર્શનકારોએ કહેલી વાતને જ ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે. :

<u>**શ્લોકાર્થ**</u> :- પ્રારંભમાં શમ, દમ આદિ ગુણો વડે શિષ્યને ગુરૂ પ્રતિબોધ આપે. અને પાછળથી 'આ બધું બ્રહ્મ છે. તું શુદ્ધ છે.' - આ પ્રમાણે બોધ આપે. <u>(૨/૪૮)</u>

## ❀ ઉપદેશ શ્રોતાની ભૂમિકા મુજબ થાય ❀

<u>**ટીકાર્થ**</u> :- યોગારંભદશામાં અર્થાત્ સાધનાના પ્રારંભકાળમાં રહેલા મુમુક્ષુ એવા શિષ્યને શમ = કષાયનો ઉપશમ, દમ = ઈન્દ્રિયનું દમન વગેરે ગુણો દ્વારા ગુરૂ પ્રતિબોધ આપે. મૂળ ગાથામાં રહેલ 'પ્રાયઃ' શબ્દથી ઉપરતિ વગેરેનું ગ્રહણ કરવું. <u>વેદાંતપરિભાષાકાર અધ્વરાજેન્દ્ર</u> કહે છે કે → (૧) આંતરિક ઈન્દ્રિય-મનનો નિગ્રહ = શમ, (૨) બાહ્ય ઈન્દ્રિયનો નિગ્રહ = દમ (દમન), (૩) વિક્ષેપનો અભાવ (સાધનમાં આવતા બાહ્ય અને આંતરિક વિક્ષેપનો અભાવ) = ઉપરતિ, (૪) ઠંડી, ગરમી વગેરે દ્વંદ્વોને સહન કરવા = તિતિક્ષા, (૫) ચિત્તની એકાગ્રતા = સમાધાન અને (૬) ગુરૂના વચન અને વેદાંત વચનોમાં વિશ્વાસ = શ્રદ્ધા. ←આ ૬ ગુણો દ્વારા ગુરૂ શિષ્યના ચિત્તને સાધનાની પ્રાથમિક અવસ્થામાં શુદ્ધ કરે. શમ, દમ વગેરે ગુણોની પ્રાપ્તિ પછીની અવસ્થામાં ''આ બધું બ્રહ્મ છે. તું શુદ્ધ છે, નિરંજન છે.' - આ પ્રમાણે ગુરૂ શિષ્યને પ્રતિબોધ આપે. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે → પ્રારંભમાં શમ, દમ વગેરે ગુણો વડે શિષ્યને શુદ્ધ કરવો, ત્યાર બાદ 'આ બધું બ્રહ્મ છે. તું શુદ્ધ છે.' - આ પ્રમાણે ગુરૂ શિષ્યને પ્રતિબોધ કરે. ← શમ વગેરે ગુણો દ્વારા ઈન્દ્રિયના વિષયોની આસક્તિ, કુતર્ક વગેરે પ્રતિબંધક તત્ત્વોનો નાશ થાય ત્યારે શુદ્ધ બ્રહ્મસ્વરૂપનો લાભ

उक्तः । तदुक्तं **पञ्चदश्यां** —> शमाद्यैः श्रवणाद्यैश्च तत्र तत्रोचितैः क्षयम् । नीतेऽस्मिन् प्रतिबन्धेऽतः स्वस्य ब्रह्मत्वमश्नुते ॥ <— (९/४४) इति ॥२/४९॥

**महोपनिषद्वचनमेव** (५/१०५) प्रकृते संवादयति —> **'अज्ञस्ये'**ति ।

**अज्ञस्यार्धप्रबुद्धस्य, सर्वं ब्रह्मेति यो वदेत् ।**
**महानरकजालेषु, स तेन विनियोजितः ॥५०॥**

**अज्ञस्य** = क्रियामात्रविलग्नस्य मूढस्य **अर्धप्रबुद्धस्य** = ज्ञानलवोपेतस्यापि विषयासक्तस्य यद्वा **अज्ञस्य** = अपरिणामिनः, **अर्धप्रबुद्धस्य** = अतिपरिणामिनः 'च' इत्यध्याहार्यम् । **'सर्वं ब्रह्म'**, 'शुद्धस्त्वं' **इति यो वदेत्** = उपदिशेत् **स** श्रोता **तेन** उपदेशकेन गुरुणा **महानरकजालेषु विनियोजितः** = स्थापितः। ततश्च 'सर्वं खल्विदं ब्रह्म' इति **निरालम्बनोपनिषद्वचनं**, 'बन्ध-मोक्षादिकं नास्ति' (५/३८) इति **तेजोबिन्दूपनिषद्वचनञ्च** बालादिकं प्रति न प्रयोक्तव्यमिति ध्वनितम् । एवमेव —> जो परमप्पा सो जि हउँ

---

સંભવે છે. માટે 'તું શુદ્ધ છે.' - વગેરે ઉપદેશ પાછળથી = પરિપક્વ દશામાં આપવાની વાત કરેલી છે. <u>પંચદશી</u> ગ્રંથમાં પણ જણાવ્યું છે કે —> શમ વગેરે તથા શાસ્ત્રના શ્રવણ-મનન વગેરે સાધનોમાં જે જ્યાં ઉચિત હોય ત્યાં તેના દ્વારા વિષયાસક્તિ વગેરે પ્રતિબંધનો નાશ કર્યા બાદ જ પ્રત્યગ્ આત્મા = જીવ બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે. <— <u>(૨/૪૯)</u>

મહોપનિષદ્ના વચનને જ પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- અજ્ઞ એવા અપ્રબુદ્ધને 'બધું બ્રહ્મ છે. તું શુદ્ધ છે.' - આ પ્રમાણે જે બોલે છે તે ઉપદેશક શ્રોતાને મહાનરકની જાળમાં ફસાવે છે. <u>**(૨/૫૦)**</u>

## ❀ શાસ્ત્રવચન પણ અયોગ્યને અહિતકારી ❀

<u>**ટીકાર્થ**</u> :- માત્ર બાહ્ય ક્રિયાને વળગી રહેનાર મૂઢ જીવ અજ્ઞ કહેવાય છે. થોડું ઘણું જ્ઞાન હોવા છતાં પણ જે ઈન્દ્રિયના વિષયોમાં આસક્ત છે તે અર્ધપ્રબુદ્ધ કહેવાય. 'પાંચ તિથિએ એકાસણું કરવું જોઈએ' - આવા જ્ઞાનવાળો કોઈ જીવ પાંચ તિથિએ એકાસણા કરે પણ 'મારો સ્વભાવ અનાહારી છે. મારે આહારસંજ્ઞાને કાપવા તપ કરવાનો છે.' - આવી સમજણ જો તેને ન હોય અને એકાસણામાં ઉત્તમ દ્રવ્યોને પુષ્કળ પ્રમાણમાં વાપરી આહારસંજ્ઞાને કેવલ પુષ્ટ કરવાનું જ કામ કરતો હોય તેવો જીવ પ્રસ્તુતમાં અજ્ઞ કે અપ્રબુદ્ધ જાણી શકાય. આવા પ્રકારે અન્ય દૃષ્ટાંતની પણ વિચારણા કરવી. અથવા જે જીવ અપરિણામી છે તેને અજ્ઞ જાણવો અને જે જીવ અતિપરિણામી છે તેને અર્ધપંડિત જાણવો. મૂળ ગાથામાં 'च' શબ્દ નથી પણ તેનો અધ્યાહાર જાણવો. તેથી અપરિણામી અને અતિપરિણામી એવા બે પ્રકારના શ્રોતાને સૂક્ષ્મ દેશના માટે અયોગ્યરૂપે અભિપ્રેત જાણવા. આવા પ્રકારના જીવને 'સઘળું યે જગત બ્રહ્મ તત્ત્વ સ્વરૂપ છે. તું શુદ્ધ છે. તું કર્મોથી ક્યારેય લેપાતો નથી.' - આવો ઉપદેશ જો ઉપદેશક એવા ગુરૂ આપે તો અજ્ઞ શ્રોતા આચારસંહિતાને છોડી દે અને વધુને વધુ દુરાચાર વગેરેમાં પ્રવૃત્ત થઈ પરલોકમાં મહાનરકની ઘોર વ્યથાને અનુભવે. આમાં નિમિત્ત બને છે અયોગ્ય ઉપદેશ. આવો ઉપદેશ આપવાને કારણે ગુરૂ તેને નરકમાં પહોંચાડનાર કહેવાય છે. તેથી 'આખું જગત્ બ્રહ્મસ્વરૂપ છે.' - આવું <u>નિરાલંબન ઉપનિષદ્</u>નું વચન, તથા 'જીવને કર્મનો બંધ કે કર્મથી મુક્તિ નથી.' - આ પ્રમાણે <u>તેજોબિંદુ ઉપનિષદ્</u>નું વચન બાળ વગેરે જીવોને ઉપદેશમાં ન કહેવું એવું ધ્વનિત થાય છે. તેમ જ —> 'જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે જ પરમાત્મા છે.' - આવું સમજીને હે યોગી ! અન્ય કોઈ પણ

जो हउँ सो परमप्पु । इउ जाणेविणु जोइया अण्णु म करहु वियप्पु ॥२२॥ जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंति । मोक्खहँ कारण जोइया अण्णु ण तंतु ण मंतु ॥७५॥ <— इति **योगसार**कृतो **योगीन्दुदेवस्य** वचनमपि बालादिकं प्रति न प्रयोक्तव्यम् । तथा —> समस्तं खल्विदं ब्रह्म सर्वमात्मेदमाततम् <— (६/१२) <— इति **महोपनिषद्**वचनमपि बालादिकं प्रति न प्रयोक्तव्यम् । तदुक्तं **प्रतिमाशतकवृत्तौ** —> निश्चयनयानां बाल-मध्यमौ प्रति अपरिणामकातिपरिणामकत्वेन दुष्टत्वात् <— (गा. ६५) । अनुषङ्गत उपदेशविधिप्रतिपादिका —> यस्य येन प्रकारेण बीजाऽऽधानादिसम्भवः । सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः ॥१३५॥ <—इति **योगदृष्टिसमुच्चय**कारिकाऽप्यत्रानुसन्धेया, 'एते = सर्वज्ञाः'। अधिकन्त्वस्मत्कृत-**कल्याणकन्दली**तोऽवसेयम् ॥२/५०॥

निरुक्ततन्त्रान्तरीयश्लोकद्वयप्रदर्शनप्रयोजनमाह —> **'तेने'**ति ।

**तेनादौ शोधयेच्चित्तं, सद्विकल्पैर्व्रतादिभिः ।**
**यत्कामादिविकाराणां, प्रतिसङ्ख्याननाश्यता ॥५१॥**

**तेन** = योगारम्भदशायां शम-दमप्रभृतिभिर्गुणैः शिष्यप्रतिबोधस्य दर्शितत्वेन, **आदौ** = योगारम्भावस्थायां **सद्विकल्पैः** = शुभोपयोगानुविद्धैः **व्रतादिभिः** = यम-नियमादिभिः **चित्तं** = मनः **शोधयेत्** = उत्कटरागादिशून्यं कुर्यात् । **यत्** = यस्मात् कारणात् **कामादिविकाराणां** = विषय-कषायावेगानां

---

વિકલ્પ કરો નહિ. 'જે જિનેશ્વર ભગવંત છે તે જ હું છું. હું તે જ છું કે જે પરમાત્મા છે' - આ પ્રમાણે ભ્રાન્તિરહિતપણે હે યોગી ! તું ભાવના કર. કારણ કે બીજો કોઈ તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી. <— આ રીતે <u>યોગસાર</u> ગ્રંથમાં <u>યોગીન્દુદેવે</u> જણાવેલ તાત્ત્વિક વાત પણ બાલ વગેરે જીવોને ઉદ્દેશીને બોલવી નહિ. તથા —> આ બધું જ બ્રહ્મતત્ત્વ છે. આ પ્રત્યક્ષ રીતે દેખાતો સઘળો પ્રપંચ છે તે આત્મા જ છે. <— આ પ્રમાણે <u>મહોપનિષદ્</u>નું વચન પણ બાલ વગેરે જીવોને જણાવવું નહિ. <u>પ્રતિમાશતકની</u> ટીકામાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> બાલ જીવને અપરિણામી બનાવવાના કારણે અને મધ્યમ જીવને અતિપરિણામી બનાવવાના કારણે નિશ્ચયનય તેમના પ્રત્યે દોષકારી છે. <—આનુષંગિક રીતે ઉપદેશની વિધિનું પ્રતિપાદન <u>યોગદષ્ટિસમુચ્ચય</u> ગ્રંથમાં આ પ્રમાણે છે કે —> જેને જે પ્રકારે સાનુબંધ રીતે બીજાધાન વગેરે સંભવે તે પ્રકારે તે જીવને સર્વજ્ઞ ઉપદેશ આપે છે. <— આ ગાથાનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. આ બાબતનો અધિક વિસ્તાર અમે બનાવેલ <u>કલ્યાણકંદલી</u> નામની (ષોડશકની) ટીકામાંથી જાણી લેવો.<u>(૨/૫૦)</u>

અન્યદર્શનકારોના ઉપરોક્ત બે શ્લોક બતાવવાનું પ્રયોજન ગ્રંથકારશ્રી ૫૧મા શ્લોકમાં જણાવે છે :

<u>**શ્લોકાર્થ**</u> :- તેથી પ્રાથમિક ભૂમિકામાં વ્રત વગેરે સદ્વિકલ્પોથી ચિત્તનું શુદ્ધિકરણ કરવું જોઈએ, કારણ કે કામવાસના વગેરે વિકારો પ્રતિસંખ્યાનથી નાશ પામે છે. <u>(૨/૫૧)</u>

## અશુભના ત્યાગ માટે શુભવ્યવહારનું આલંબન

<u>**ટીકાર્થ**</u> :- 'યોગની પ્રાથમિક અવસ્થામાં શમ, દમ વગેરે ગુણો વડે શિષ્યને પ્રતિબોધ કરવો.' - આવું બતાવેલ હોવાથી યોગની પ્રારંભિક દશામાં શુભ ઉપયોગથી વણાયેલ યમ-નિયમ વગેરે વડે મનને ઉત્કટ રાગાદિથી

**प्रतिसङ्ख्याननाश्यता** = प्रतिपक्षभूतविज्ञानलक्षणेन प्रतिपक्षभूतभावनाऽऽसेवनात्मकेन वा प्रतिसङ्ख्यानेन नाशप्रतियोगिता अभिमता । तदुक्तं —> काम ! जानामि ते मूलं सङ्कल्पात् किल जायसे । न त्वां सङ्कल्पयिष्यामि ततो मे न भविष्यसि ॥ <— (सूत्रकृताङ्गवृत्त्यादौ उद्धृतोऽयं श्लोकः) इति । योगाभ्यासदशायां शुभोपयोगमयैः सदनुष्ठानैरशुभोपयोगनिवृत्तौ एव शुद्धोपयोगसम्भवः । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> ज्ञानविचाराभिमुखं यथा यथा भवति किमपि सानन्दम्। अर्थैः प्रलोभ्य बाह्यैरनुगृह्णीयात्तथा चेतः ॥<—(२०/१३) इत्युक्तम् । 'अर्थैः = सदालम्बनैः' ॥२/५१॥

ननु प्रतिसङ्ख्यानस्यापि विकल्परूपत्वात्कथं तेन काम-क्रोधादिविकल्पविनाशस्स्यात् ? इत्याशङ्कायामाह —> **'विकल्पे'**ति ।

**विकल्परूपा मायेयं, विकल्पेनैव नाश्यते ।**
**अवस्थान्तरभेदेन, तथा चोक्तं परैरपि ॥५२॥**

इयं काम-क्रोधादिवासना **विकल्परूपा** = अशुभोपयोगात्मिका **माया** महेन्द्रजालवत् विनश्वरा । अत

---

રહિત કરવું. કારણ કે કામ, ક્રોધ (વિષય-કષાય) વગેરેના આવેગો પ્રતિસંખ્યાનથી નાશ પામે છે. પ્રતિપક્ષનું વિશેષ રીતે જ્ઞાન = પ્રતિસંખ્યાન અથવા તો વિરોધી ભાવનાનું આસેવન = પ્રતિસંખ્યાન. કામ, ક્રોધ વગેરે ચિત્તવિકૃતિઓનો નાશ નિષ્કામ, નિષ્કષાય ભાવનાઓથી થાય છે. કામ, ક્રોધના નુકશાનની ભાવના, કામક્રોધાદિના ઉત્પાદક કારણોની વિચારણા અને તેનાથી દૂર રહેવાનો સંકલ્પ, નિર્વિકાર અને નિષ્કષાય અવસ્થાની પ્રાપ્તિની વિચારણા અને તેને પામવાની તમન્ના તેમ જ નિર્વિકાર આત્મદશાના લાભોનો વિચારવિમર્શ - આ બધાથી કામક્રોધ વગેરે ચિત્તવિકારો નાશ પામે છે. કહેવાય છે કે —> હે કામદેવ ! હે વાસના ! હું તારૂં મૂળ કારણ જાણું છું. ખરેખર તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે. હું તને લાવવાનો સંકલ્પ જ નહિ કરૂં. તેથી તું મારામાં ઉત્પન્ન થઈ જ નહિ શકે. <— યોગાભ્યાસ-દશામાં શુભઉપયોગમય સદનુષ્ઠાનો વડે અશુભ ઉપયોગની નિવૃત્તિ થાય તો જ શુદ્ધ ઉપયોગ સંભવિત છે. આ જ અભિપ્રાયથી <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં કહેવામાં આવેલ છે કે —> જે જે પ્રકારે મન કોઈ પણ રીતે આનંદપૂર્વક આત્મજ્ઞાનની વિચારણાને અભિમુખ થાય તે પ્રકારે બાહ્ય આલંબનો વડે આકર્ષીને મનની ઉપર અનુગ્રહ કરવો જોઈએ.<— **<u>(૨/૫૧)</u>**

અહીં એવી શંકા થાય કે —> પ્રતિસંખ્યાન પણ વિકલ્પરૂપ છે. તેથી કામ ક્રોધ વગેરે વિકલ્પોનો વિનાશ કઈ રીતે થઈ શકે ? <— તો તે શંકાનો જવાબ આપતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે :

**<u>શ્લોકાર્થ</u> :-** વિકલ્પ સ્વરૂપ આ માયા અવસ્થાવિશેષથી વિકલ્પ દ્વારા જ નાશ પામે છે. આ પ્રમાણે અન્ય દર્શનકારોએ પણ જણાવેલ છે. **<u>(૨/૫૨)</u>**

## ❀ શુભ વિકલ્પ અશુભ વિકલ્પને હટાવે ❀

**<u>ટીકાર્થ</u> :-** કામ, ક્રોધ વગેરે વાસના વિકલ્પસ્વરૂપ છે. અર્થાત્ અશુભ ઉપયોગાત્મક છે. મહેન્દ્રજાળની જેમ તે વિનશ્વર હોવાના કારણે તે માયા પણ કહેવાય છે. માટે જ શુભ ઉપયોગસ્વરૂપ વિકલ્પથી જ તે કામાદિ માયાનો નાશ થાય છે. વ્યવહાર નયની વિશિષ્ટ મર્યાદાથી આ વાત જાણવી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં

एव सा शुभोपयोगात्मकेन **विकल्पेनैव नाश्यते अवस्थान्तरभेदेन** = व्यवहारनयमर्यादाविशेषेण । तदुक्तं **अध्यात्मसारे** —> प्रथमतो व्यवहारनयस्थितोऽशुभविकल्पनिवृत्तिपरो भवेत् । शुभविकल्पमयव्रतसेवया हरति कण्टक एव हि कण्टकम् ॥ विषमधीत्य पदानि शनैः शनैर्हरति मन्त्रपदावधि मान्त्रिकः । भवति देशनिवृत्तिरपि स्फुटा, गुणकरी प्रथमं मनसस्तथा ॥ <— (११/१५-१६) इति । **तथा च** = तेनैव प्रकारेण **परैः** = तीर्थान्तरीयैः **अपि उक्तम्** ॥२/५२॥

**योगवाशिष्ठ**संवादमावेदयति —> 'अविद्यये'ति ।

**अविद्ययैवोत्तमया, स्वात्मनाशोद्यमोत्थया ।**
**विद्या सम्प्राप्यते राम ! सर्वदोषापहारिणी ॥५३॥**

**स्वात्मनाशोद्यमोत्थया** = स्वस्य आत्मनः = अविद्याया नाशाय य उद्यमः —> 'आत्मा वा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' <— इत्याद्याकाङ्क्षास्वरूपः तदुत्थया तज्जातया, शुभोपाधिरूपत्वेन **उत्तमया** = प्रशस्तया **अविद्यया** = शुभोपयोगपरिणत्या **राम ! सर्वदोषापहारिणी** = सकलकर्मकलङ्कविनाशिनी **विद्या** = शुद्धोपयोगपरिणतिः **सम्प्राप्यते** = सम्यग् उपलभ्यते । वशिष्ठर्षेः रामं प्रतीयमुक्तिः। प्रकृते शुद्धोपयोगो विद्यात्वेन शुभोपयोगश्चाविद्यात्वेन ग्राह्यः । यद्यप्यशुभोपयोगोऽप्यविद्यैव किन्तु तद्ग्रहणमत्र

---

જણાવેલ છે કે —> વ્યવહાર નયમાં રહેલો જીવ સૌ પ્રથમ શુભવિકલ્પમય વ્રતનું પાલન કરવા વડે અશુભ વિકલ્પની નિવૃત્તિમાં સજ્જ બને. કારણ કે કાંટો કાંટાને દૂર કરે. જેમ મંત્રવેત્તા પુરૂષ મંત્રોચ્ચારની મર્યાદા સુધી મંત્રાક્ષરો ભણીને ધીમે ધીમે ઝેરને દૂર કરે છે, તે પ્રમાણે પહેલાં મનના શુભ-અશુભ વિકલ્પમાંથી અશુભ વિકલ્પોની જે આંશિક નિવૃત્તિ થાય છે તે પણ સ્પષ્ટ રીતે ગુણકારી છે. <— અન્ય દર્શનકારોએ પણ આ જ પ્રમાણે જણાવેલ છે. (૨/૫૨)

યોગવાશિષ્ઠ ગ્રંથનો સંવાદ પ્રકરણકારશ્રી રજુ કરે છે.

**શ્લોકાર્થ** :- પોતાની જાતનો નાશ કરવાના ઉદ્યમથી ઉત્પન્ન થયેલ એવી ઉત્તમ અવિદ્યા વડે જ, હે રામ ! વિદ્યા પ્રાપ્ત થાય છે, તે વિદ્યા સર્વ દોષોનો નાશ કરનારી હોય છે. (૨/૫૩)

## ❀ પ્રબળ શુભવિચાર સ્વનાશ દ્વારા શુદ્ધિપ્રાપક ❀

**ટીકાર્થ** :- આ શ્લોક, વશિષ્ઠ ઋષિ રામને જણાવે છે. અહીં વિદ્યા રૂપે શુદ્ધ ઉપયોગ અભિમત છે, અને અવિદ્યા રૂપે શુભ ઉપયોગ અભિમત છે. શુભ અને અશુભ બન્ને પ્રકારના વિચારો - શુદ્ધ આત્માને માટે ઉપાધિ સ્વરૂપ છે. માટે તે અવિદ્યારૂપે ઓળખાવાય છે. જો કે અશુભ ઉપયોગ પણ અવિદ્યા જ છે, પરંતુ તેનું ગ્રહણ અહીં અભિમત નથી. માટે અવિદ્યાના વિશેષણ રૂપે 'उत्तम' શબ્દનો ઉલ્લેખ કરેલ છે. ઉત્તમ એવી અવિદ્યા તરીકે તો શુભ ઉપયોગ જ આવે, અશુભ ઉપયોગ નહિ. અપુનર્બંધક વગેરે જીવોની સાથે સંકળાયેલી, (ભગવદ્ભક્તિ, ગુરૂસેવા, તપ, જપ, ત્યાગ વગેરે માર્ગાનુસારી ક્રિયામાં વણાયેલી) શુભ વિચારણાઓ ઉત્તમ અવિદ્યા છે જ. છતાં પણ તે પ્રસ્તુતમાં અભિમત નથી કારણ કે તે અવસ્થામાં તેવી શુભ વિચારણાઓ તો પોતાની વૃદ્ધિ માટેનો જે પુરૂષાર્થ થાય છે તેનાથી જ ઉત્પન્ન થાય છે. તે વિચારણાઓ ઉત્તરોત્તર શુભ વિચારોને વધારવામાં નિમિત્ત બને છે, નહિ કે પોતાનો નાશ કરવામાં. જો કે આવી શુભ વિચારણાઓથી

नाभिमतम् । अत 'उत्तमया' इति विशेषणमुपात्तम् । अपुनर्बन्धकादिनियता मन्दशक्तियुक्ता तादृशी उत्तमा अविद्याऽपि प्रकृते नाभिमता, तदानीं तस्याः स्वविवर्धनोद्यमोत्थत्वात् । तदानीन्तनेन शुभोपयोगेन हि शुभोपयोगसन्ततिर्विवर्धत एव, न तु हीयते । **यद्यपि** तादृशशुभोपयोगेन कालान्तरे शुद्धोपयोगलाभात् शुभोपयोगसन्ततिर्विनश्यत्येव **तथापि** प्रबलशक्तिशून्यतया स साक्षात् स्वनाशाऽकारणत्वान्नात्राभिमतः । यद्वा साधिकनवपूर्वविदः द्रव्यचारित्रिणोऽभव्यस्यासन्नग्रन्थिदेशस्य योत्तमाऽविद्या तद्व्यवच्छेदार्थं 'स्वात्मनाशोद्यमोत्थया' इति विशेषणमवगन्तव्यम् । **एतेन** —> अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते <— (११) इति **ईशावास्योपनिषद्**वचनमपि **व्याख्यातम्**, विद्यापदेन शुद्धोपयोगस्याऽविद्यापदेन शुभोपयोगस्य, मृत्युपदेन हिंसाद्यशुभोपयोगस्य ग्रहणात् अमृतपदेन च मुक्तिग्रहणादिति जिनसमयवेदिभिर्विभावनीयम् ।

वस्तुतस्त्वात्मतत्त्वविलोकनपरायणत्वमेवाऽविद्यायाः उत्तमायाः स्वनाशोद्यमः । इदमेवाभिप्रेत्य **महोपनिषदि** —> अस्याः परं प्रपश्यन्त्याः स्वात्मनाशः प्रजायते <— (४/११३) इत्युक्तम् । **महोपनिषदि** तु —> अविद्ययैवोत्तमया स्वार्थनाशोद्यमार्थया । विद्या हि प्राप्यते ब्रह्मन् ! सर्वदोषापहारिणी ॥ <—

---

દીર્ઘ કાલ પછી શુદ્ધ ઉપયોગનો લાભ થાય છે જ, અને તેનાથી તે શુભ વિચારણાઓની ધારા નાશ પામે જ છે, છતાં પણ પ્રબળ શક્તિથી રહિત હોવાના કારણે તે શુભ વિચારણાઓ પોતાના નાશની સાક્ષાત્ કારણ બનતી નથી. માટે તે પ્રસ્તુતમાં અભિમત નથી. અથવા એમ પણ કહી શકાય કે ૯॥ પૂર્વથી કાંઈક ન્યૂન જ્ઞાનવાળા અને માખીની પાંખ જેવું શુદ્ધ દ્રવ્ય ચારિત્ર પાળનારા એવા અભવ્ય જીવ ગ્રંથિદેશ પાસે આવીને જે શુભ વિચારોની હારમાળા બનાવે છે તે પણ ઉત્તમ અવિદ્યા જ કહી શકાય, પરંતુ તેનાથી શુદ્ધ ઉપયોગ સ્વરૂપ વિદ્યા પ્રાપ્ત થતી નથી. તેથી તેની બાદબાકી કરવા માટે 'પોતાની જાતના નાશ કરવાના પુરૂષાર્થથી ઉત્પન્ન થયેલી' - (स्वात्मनाशोद्यमोत्थया) આ પ્રમાણે ઉત્તમ અવિદ્યાનું વિશેષણ સાર્થક જાણવું. - 'આત્માને સાંભળવો, વિચારવો અને ઘૂંટવો' - આવી આકાંક્ષા સ્વરૂપ જે પુરૂષાર્થ છે તેના વડે ઉત્તમ અવિદ્યા સ્વયં નાશ પામે છે. અર્થાત્ આત્મકેન્દ્રિત પ્રબળ શુભ વિચાર પોતાના નાશ માટે જ ઉત્પન્ન થાય છે. અને તેનાથી શુદ્ધ ઉપયોગ પરિણતિ સ્વરૂપ વિદ્યા પ્રાપ્ત થાય છે. તે વિદ્યા સર્વ કર્મકલંકનો નાશ કરનારી છે.

एतेन० । ઈશાવાસ્ય ઉપનિષદ્‌માં જે જણાવેલ છે કે —> અવિદ્યા વડે મૃત્યુને તરીને વિદ્યા દ્વારા સાધક અમૃતને મેળવે છે. <— તેની પણ વ્યાખ્યા ઉપરોક્ત વિવરણ દ્વારા થઈ જાય છે. 'મૃત્યુ' શબ્દથી અશુભ ઉપયોગ અને 'અમૃત' શબ્દથી મોક્ષનું ગ્રહણ સમજવું. અર્થાત્ શુભ વિકલ્પ સ્વરૂપ અવિદ્યા વડે હિંસા, જૂઠ, ચોરી વગેરે વિષયક અશુભ ઉપયોગ સ્વરૂપ મૃત્યુને ઓળંગી શુદ્ધ ઉપયોગ સ્વરૂપ વિદ્યા દ્વારા સાધક મોક્ષને મેળવે છે. આવું તેનું તાત્પર્ય છે. આ પ્રમાણે જિનાગમવેત્તાઓએ વિચારવું.

वस्तुत० । વાસ્તવમાં તો આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવામાં રચ્યા-પચ્યા રહેવું - તે જ પોતાની જાતના નાશ માટેનો ઉત્તમ અવિદ્યાનો ઉદ્યમ જાણવો. 'આત્માને સાંભળવો, જાણવો, વિચારવો....' આવી શબ્દપ્રધાન સામાન્ય કક્ષાની આકાંક્ષા તો યોગારંભદશામાં પણ આવી શકે છે, પરંતુ તેનાથી કાંઈ તેવી વિચારધારાનો નાશ થતો નથી. તેમ જ શુદ્ધ - નિર્વિકલ્પક ઉપયોગ દશા પ્રાપ્ત થતી નથી. આત્મતત્ત્વના અપરોક્ષ અનુભવમાં પરાયણ એવી ઉત્તમ અવિદ્યા જ પોતાની જાતનો નાશ કરવા સમર્થ છે. આ જ અભિપ્રાયથી મહોપનિષદ્ ગ્રંથમાં જણાવેલ છે કે —> પરબ્રહ્મને પ્રકૃષ્ટ રીતે જોતી એવી અવિદ્યા પોતાની જાતનો નાશ કરે છે. <— પ્રસ્તુત બીજા અધિકારના ૫૩માં શ્લોકના જ ભાવનો શ્લોક મહોપનિષદ્‌માં પ્રાપ્ત થાય છે. ત્યાં જણાવેલ

(५/१०९-११०) इत्येवमुक्तमिति ज्ञेयम् । —> सङ्कल्पनाशने यतो न भूयोऽनुगच्छति । भावनाऽभावमात्रेण सङ्कल्पः क्षीयते स्वयम् ॥ सङ्कल्पेनैव सङ्कल्पो मनसैव मनो मुने ! भित्त्वा स्वात्मनि तिष्ठ त्वं किमेतावति दुष्करम् ॥ (५/१८२-३-४) इति **महोपनिषत्**कारिकेऽपि ध्यातव्येऽत्र ॥२/५३॥

महोपनिषदुक्तमेव (५/११०-१११-११२) कारिकायुगलं दर्शयति —> '**शाम्यती**'ति ।

**शाम्यति ह्यस्त्रमस्त्रेण, मलेन क्षाल्यते मलः ।**
**शमं विषं विषेणैति, रिपुणा हन्यते रिपुः ॥५४॥**

**अस्त्रं** = अस्त्रविद्योपहितसर्पाद्यस्त्रं अस्त्रविद्याविशारदनिर्मितगरुडादिना **अस्त्रेण शाम्यति** = नश्यति । **मलः** = मलिनवस्त्रादिगतमलः क्षारादिविमिश्रितेन प्रक्षालितवस्त्रसम्बन्धिना **मलेन क्षाल्यते** = दूरीक्रियते। विरुद्धद्रव्यमिश्रणकृतं **विषं** चिकित्साशास्त्रोक्तविधिनिर्मितेन वैद्यप्रयुक्तेन विषेण **शमं एति** = शाम्यति । स्वीयो **रिपुः** तदीयेन बलवता **रिपुणा हन्यते** = विनिपात्यते ॥२/५४॥

**ईदृशी भूतमायेयं, या स्वनाशेन हर्षदा ।**
**न लक्ष्यते स्वभावोऽस्याः, प्रेक्ष्यमाणैव नश्यति ॥५५॥**

**ईदशी** = शुभविकल्पनाश्या **इयं भूतमाया** = सद्भूता अशुभविकल्परूपा अविद्या या **स्वनाशेन** = स्वप्रतियोगिकनाशद्वारा **हर्षदा** = आनन्ददायिनी, तन्नाशोत्तरं शुद्धोपयोगलक्षणविद्याप्रभवसुखलाभात् । **अस्याः** विकल्पात्मिकायाः सद्भूतायाः मायायाः **स्वभावो न** = नैव **लक्ष्यते** = दृश्यते, यतः सा

---

છે કે —> હે બ્રાહ્મણ ! પુરૂષને ભોગ-ઉપભોગ કરાવવા સ્વરૂપ પોતાના (ઉત્તમ અવિદ્યાના) પ્રયોજનના નાશ માટે ઉદ્યમને ઈચ્છતી એવી ઉત્તમ અવિદ્યા વડે જ સર્વદોષનાશક વિદ્યા પ્રાપ્ત થાય છે. <— આ વાત ખ્યાલમાં રાખવી. બે શ્લોક દ્વારા <u>મહોપનિષદ્</u> ગ્રન્થમાં જણાવેલ છે કે સંકલ્પનાશ થાય ત્યારે ફરીથી સંકલ્પ થતો નથી. કોઈ પણ પ્રકારની ભાવના - વિચારધારા ન કરવા માત્રથી સંકલ્પ સ્વયં નાશ પામે છે. હે મુનિ! સંકલ્પ દ્વારા જ સંકલ્પને તોડીને, મન દ્વારા જ મનને ભેદીને તું તારા પોતાના આત્મામાં રહે. આટલું જો તું કરે તો તારા માટે બીજું શું દુષ્કર છે ? <— મતલબ કે સંકલ્પ અને મનનો નાશ કરે તો મોક્ષ સ્વયંસિદ્ધ જ છે. આ વાત પણ પ્રસ્તુતમાં ધ્યાનમાં રાખવી. <u>(૨/૫૩)</u>

<u>મહોપનિષદ્</u>માં જણાવેલ બે ગાથા ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- અસ્ત્રથી અસ્ત્ર શાંત થાય છે, મેલથી મેલ ધોવાય છે, ઝેરથી ઝેર શમે છે, શત્રુથી શત્રુ હણાય છે. આ જે ભૂતમાયા (અવિદ્યા) છે તે આવા પ્રકારની છે કે જે પોતાના નાશ દ્વારા હર્ષ આપનારી છે. તેનો સ્વભાવ દેખાતો નથી, કારણ કે તે દેખવા માત્રથી જ નાશ પામે છે. <u>(૨/૫૪-૫૫)</u>

## ❀ અવિદ્યાનાશની પ્રક્રિયા ઓળખીએ ❀

<u>**ટીકાર્થ**</u> :- અસ્ત્ર વિદ્યાથી રચાયેલ સર્પ વગેરે આકારના અસ્ત્ર, અસ્ત્ર વિદ્યાના વિશારદે રચેલા ગરૂડ વગેરે આકારના અસ્ત્રથી શાંત થાય છે. સાબુ વગેરેના ક્ષાર વગેરથી મિશ્રિત થયેલ, ધોયેલ વસ્ત્ર સંબંધી મેલ દ્વારા મેલા વસ્ત્ર વગેરેનો મેલ ધોવાય છે. <u>ચિકિત્સા શાસ્ત્ર</u>માં દર્શાવેલ વિધિથી બનાવેલ અને વૈદ્યએ પ્રયોજેલા ઝેર વડે, વિરૂદ્ધ દ્રવ્ય મિશ્ર કરવાથી ઉત્પન્ન થયેલું ઝેર, શમે છે. દુશ્મનના (A) બળવાન દુશ્મન (B) વડે દુશ્મન

ह्यशुभोपयोगात्मिका अविद्याऽपराभिधाना माया **प्रेक्ष्यमाणैव** = शुभोपयोगेन दृश्यमाणा एव **नश्यति** = विनश्यति । प्रकृते **महोपनिषदि** —> वीक्ष्यमाणैव <— (५/११२) इति पाठः साम्प्रतमुपलभ्यत इति विज्ञेयम् । अयं भावः- यथा 'इयं रज्जुः' इति ज्ञानेन प्रातिभासिकः सर्पो वेदान्तिनये नश्यति यथा वाऽधिष्ठानप्रमया भ्रमो निवर्तते लोकानां, तथैव शुभोपयोगेनाऽशुभोपयोगलक्षणा विकल्पापराभिधाना दृश्यमानैव माया नश्यति, शुद्धोपयोगेन च शुभोपयोगात्मिका माया प्रेक्ष्यमाणैव नश्यति । तदुक्तं **पञ्चदश्यामपि** —> अविचारकृतो बन्धो विचारेण निवर्तते <— (१०/५) इति । तदुक्तं **जाबालदर्शनोपनिषदि** अपि —> आत्मस्वरूपविज्ञानादज्ञानस्य परिक्षयः । क्षीणेऽज्ञाने महाप्राज्ञ ! रागादीनां परिक्षयः ॥ रागाद्यसम्भवे प्राज्ञ ! पुण्य-पापविमर्दनम् । तयोर्नाशे शरीरेण पुनर्नैव स युज्यते ॥ <— (६/५०-५१) इति । **बृहत्संन्यासोपनिषदि** अपि —> मनसा मनसि च्छिन्ने निरहङ्कारता मुने ! । भावेन गलिते भावे स्वस्थस्तिष्ठामि केवलः ॥ <—(१/५२) इत्युक्तम् । **योगतत्त्वोपनिषदि** अपि —> अज्ञानादेव संसारो ज्ञानादेव विमुच्यते <— (१/१६) इत्युक्तम् । **ज्ञानार्णवे**ऽपि —> अविद्याप्रसरोद्भूतं तमस्तत्त्वावरोधकम् । ज्ञानसूर्यांशुभिर्बाढं स्फेटयन्त्यात्मदर्शिनः ॥ <— (संवर/८) इत्युक्तम् ॥२/५५॥

---

**(A) હણાય છે. તેમ સુવિકલ્પથી નાશ પામનારી અશુભ વિકલ્પ સ્વરૂપ વાસ્તવિક માયા = અવિદ્યા જાણવી. તે પોતાના નાશ દ્વારા આનંદ આપનારી છે. કારણ કે તેનો નાશ થયા બાદ શુદ્ધ ઉપયોગ સ્વરૂપ વિદ્યાથી ઉત્પન્ન થનાર સુખની પ્રાપ્તિ થાય છે. વિકલ્પાત્મક સદ્ભૂત માયાનો સ્વભાવ દેખાતો નથી જ, કારણ કે અશુભ ઉપયોગાત્મક જે માયા છે તે, શુભ ઉપયોગ દ્વારા જોવા માત્રથી જ નાશ પામે છે. માયાનું બીજું નામ અવિદ્યા છે. મૂળ ગાથામાં અહીં દર્શાવેલ ''प्रेक्ष्यमाणैव'' શબ્દના સ્થાનમાં <u>મહોપનિષદ્</u>માં વર્તમાનકાળમાં 'वीक्ष्यमाणैव' - આવો પાઠ પ્રાપ્ત થાય છે - આ વાતની વાચકવર્ગે નોંધ લેવી. કહેવાનો મતલબ એ છે કે જેમ અંધારામાં દૂરથી દોરડાને સર્પ રૂપે જોતો માણસ ત્યાં નજીક જઈને દીવો લઈને 'આ દોરડું છે' - આવું જાણે છે તેનાથી ત્યાં રહેલ વેદાંતદર્શનને માન્ય પ્રાતિભાસિક સર્પ નાશ પામે છે. અથવા તો લોકપરિભાષા મુજબ કહેવું હોય તો કહી શકાય કે જે વસ્તુમાં ભ્રમ થયેલો હોય તે વસ્તુનો સાચો બોધ થવાથી જેમ ભ્રમ નિવૃત્ત થાય છે તે જ રીતે શુભ ઉપયોગ દ્વારા જોવા માત્રથી અશુભ ઉપયોગ સ્વરૂપ વિકલ્પ નામની માયા નાશ પામે છે, અને શુદ્ધ ઉપયોગ વડે જોવા માત્રથી શુભ ઉપયોગાત્મક માયા નાશ પામે છે. <u>પંચદશી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> અવિચાર દ્વારા કરાયેલો બંધ, વિચાર દ્વારા નિવૃત્ત થાય છે. <— <u>જાબાલદર્શન</u> ઉપનિષદ્માં જણાવેલ છે કે —> આત્માના સ્વરૂપને વિશિષ્ટ રીતે જાણવાથી અજ્ઞાન નાશ પામે છે. હે મહાપ્રાજ્ઞ ! અજ્ઞાનનો નાશ થયા બાદ રાગાદિનો નાશ થાય છે. હે બુદ્ધિશાળી ! રાગાદિ જ જો ન સંભવે તો પુણ્ય અને પાપનો પણ નાશ થાય. અને જો પુણ્ય-પાપનો નાશ થાય તો તે સાધક ફરીથી ક્યારેય શરીર સાથે બંધાતો નથી. <—<u>બૃહત્સંન્યાસ</u> ઉપનિષદ્માં જણાવેલ છે કે —> હે મુનિ ! મન દ્વારા મનનો ઉચ્છેદ થાય અને મનનો ઉચ્છેદ થાય તો અહંકારનો નાશ થાય. આમ ભાવ (મન) દ્વારા ભાવનો (મનનો) નાશ થવાના લીધે હું કેવલ સ્વસ્થ બનું છું = આત્મામાં રહું છું. <—તથા <u>યોગતત્ત્વ</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> અજ્ઞાનથી જ સંસાર છે. જ્ઞાનથી જ જીવ મુક્ત બને છે. <—<u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> અવિદ્યાના વિસ્તારથી ઉત્પન્ન થયેલ અંધારૂં તત્ત્વને ઢાંકે છે. આત્મદર્શન કરનારા મહામુનિઓ જ્ઞાનરૂપી સૂર્યના કિરણો વડે તે અંધારાનો નાશ કરે છે. <— <u>(૨/૫૪-૫૫)</u>**

अशुभोपयोगं विनाश्य शुभोपयोगोऽपि नश्यतीति स्पष्टयति —> 'व्रतादि'रिति ।

**व्रतादिः शुभसङ्कल्पो, निर्णाश्याशुभवासनाम् ।**
**दाह्यं विनेव दहनः, स्वयमेव विनङ्क्ष्यति ॥५६॥**

**व्रतादिः** = व्रत-महाव्रत-प्रतिक्रमणालोचनादिरूपः पुण्यानुबन्धिपुण्यप्रयोजकः **शुभसङ्कल्पः** = प्रशस्तोपयोगः हिंसाद्यव्रतस्वरूपां अशुभवासनां संस्कारात्मनाऽपि यदा विनाशयति तदा तां **निर्णाश्य** = विनाश्य **स्वयमेव** = अन्यनैरपेक्ष्येणैव **विनङ्क्ष्यति,** तथास्वाभाव्यात् । किंवत् ? इत्याह - **दाह्यं** = इन्धनं **विना दहनो** = वह्निः इव । एवमेव ध्यानादावप्यवगन्तव्यम्, असदालम्बनगर्भितमप्रशस्तचित्तं विनाश्य स्वालम्बनस्य प्रशस्तध्यानस्याऽपि स्वयमेव नाशात् । इत्थमेव निरालम्बनध्यानकालीनाऽव्याहतसाम्यसुखलाभात् । तदुक्तं **अध्यात्मसारे** —> आलम्ब्यैकपदार्थं यदा न किञ्चिद् विचिन्तयेत् । अनुपनतेन्धनवह्निवदुपशान्तं स्यात्तदा चेतः ॥ <— (२०/१७) इति । **मैत्रेय्युपनिषद्यपि** —> यथा निरिन्धनो वह्निः स्वयोनावुपशाम्यति । तथा वृत्तिक्षयाच्चित्तं स्वयोनावुपशाम्यति ॥ <— (१/३) इत्युक्तम् ॥ यथा बद्धकोष्ठतात्यागार्थं गृहीतमेरण्डतैलं मलविसर्जनेन सहैव स्वयमेव निर्गच्छति तथेदमपि भावनीयम् ॥२/५६॥

---

**અશુભ ઉપયોગનો નાશ કરીને શુભ ઉપયોગ પણ નાશ પામે છે આ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.**

**<u>શ્લોકાર્થ</u> :- વ્રત વગેરે સંકલ્પો હિંસાદિ સ્વરૂપ અશુભ વિકલ્પોનો નાશ કરી, સ્વયં જ દૂર થશે. જેમ ઈન્ધન વિના અગ્નિ સ્વંય બુઝાય છે તેમ. (૨/૫૬)**

## ❀ અશુભ દૂર થતાં શુભ દૂર થાય, શુદ્ધ પ્રગટે ❀

**<u>ટીકાર્થ</u> :-** જે વ્રત, મહાવ્રત, પ્રતિક્રમણ, આલોચના વગેરે સ્વરૂપ પ્રશસ્ત ઉપયોગ પુણ્યાનુબંધી પુણ્યનો પ્રયોજક હોય તે હિંસા, જૂઠ, ચોરી વગેરે અવ્રત સ્વરૂપ અશુભ ઉપયોગનો સંસ્કારરૂપે પણ નાશ કરી, બીજા કોઈની અપેક્ષા વિના જાતે જ નાશ પામશે. કારણ કે તેનો તેવા પ્રકારનો સ્વભાવ છે. જેમ ઈન્ધનને અગ્નિ બાળે છે અને ઈન્ધનનો નાશ કર્યા પછી ઈન્ધનની ગેરહાજરીમાં અગ્નિ જાતે જ નાશ પામે છે તેમ આ વાત સમજવી. આ જ રીતે ધ્યાન વગેરેમાં જાણવું. અશુભ આલંબન યુક્ત ચિત્તનો નાશ કરીને સારા આલંબનવાળું પ્રશસ્ત ધ્યાન પણ જાતે જ નાશ પામે છે. આ રીતે જ નિરાલંબન ધ્યાનકાલીન અવ્યાહત સામ્ય સુખની પ્રાપ્તિ થાય છે. <u>અદ્યાત્મસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> એક પદાર્થનું આલંબન કરીને જ્યારે કશું પણ વિચારવામાં ન આવે ત્યારે મન શાંત = નિર્વિચાર થાય છે. જેમ સળગતા અગ્નિમાં લાકડા વગેરે નાંખવામાં આવે ત્યાં સુધી અગ્નિ સળગે છે, અને નવા લાકડા વગેરે ઉમેરવાનું બંધ કરવામાં આવે, અને પૂર્વે ઉમેરેલા લાકડા ભસ્મીભૂત થાય ત્યારે અગ્નિ શાંત થઈ જાય છે તેમ આ જાણવું. <— તથા **<u>મૈત્રેયી</u>** ઉપનિષદ્‌માં પણ જણાવેલ છે કે —> જેમ ઈન્ધન વગરનો અગ્નિ પોતાના કારણમાં શમી જાય છે તેમ વૃત્તિઓનો ક્ષય થવાના કારણે ચિત્ત પોતાના કારણમાં શમી જાય છે. <— જેમ કબજિયાત દૂર કરવા માટે દિવેલ લેવામાં આવે તો તે દિવેલ કબજિયાતને દૂર કરીને જાતે જ બહાર નિકળી જાય છે. દિવેલને બહાર કાઢવા માટે બીજી કોઈ ચીજની આવશ્યકતા રહેતી નથી, તેમ અશુભ ઉપયોગને દૂર કરવા શુભ ઉપયોગની આવશ્યકતા રહે છે. પરંતુ શુભ ઉપયોગને દૂર કરવા બીજી કોઈ ચીજની આવશ્યકતા રહેતી નથી❀ અશુભ ઉપયોગ દૂર કરી, શુભ ઉપયોગ સ્વયં દૂર થાય છે. શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય છે. **<u>(૨/૫૬)</u>**

'तर्हि किं शुभसङ्कल्पत्यागार्थं किमपि नोपयुज्यते ?' इत्याशङ्कायामाह —> '**इयमि**'ति ।

**इयं नैश्चयिकी शक्तिर्न प्रवृत्तिर्न वा क्रिया ।**
**शुभसङ्कल्पनाशार्थं योगिनामुपयुज्यते ॥५७॥**

**शुभसङ्कल्पनाशार्थं** = अप्रशस्तोपयोगनाशकप्रशस्तोपयोगविनाशकृते **योगिनां** = आत्मज्ञानिनां **न** शयनासनादिका लौकिकी **प्रवृत्तिः** उपयुज्यते **न वा** प्रतिक्रमण-प्रतिलेखनादिका लोकोत्तरा **क्रिया** अपि **उपयुज्यते** । किन्तु **इयं** नाश्याऽशुभोपयोगमात्रनाशप्रयुक्ता क्षपकश्रेणिकालीना फलावञ्चकयोगलभ्या प्रातिभज्ञानसङ्गता **नैश्चयिकी** = शुद्धनिश्चयनयाभिमता सामर्थ्ययोगात्मिका **शक्तिः** निरुक्तशुभसङ्कल्पनाशार्थं **उपयुज्यते** = उपयुक्ता भवति ॥२/५७॥

नैश्चयिक्या आत्मशक्तेः शुभसङ्कल्पनाशकत्वं स्पष्टयति —> '**द्वितीये**'ति ।

**द्वितीयापूर्वकरणे, क्षायोपशमिका गुणाः ।**
**क्षमाद्या अपि यास्यन्ति, स्थास्यन्ति क्षायिकाः परम् ॥५८॥**

**द्वितीयापूर्वकरणे** = क्षपकश्रेणिकालीनापूर्वकरणे । ग्रन्थिभेदनिबन्धनप्रथमापूर्वकरणव्यवच्छेदार्थं द्वितीयग्रहणं, प्रथमेऽधिकृतसामर्थ्यासिद्धेः । अपूर्वकरणन्त्वपूर्वपरिणामः अनादावपि भवे तेषु तेषु धर्मस्थानेषु

"તો શું શુભ સંકલ્પના ત્યાગ માટે કાંઈ પણ જરૂરી નથી ?"આવી જિજ્ઞાસાના શમન માટે ગ્રંથકારશ્રી ફરમાવે છે કે :

**<u>શ્લોકાર્થ</u> :-** યોગીઓને શુભ સંકલ્પનો નાશ માટે નથી તો પ્રવૃત્તિ ઉપયોગી કે નથી તો ક્રિયા ઉપયોગી. પરંતુ આ નૈશ્ચયિકી શક્તિ ઉપયોગી છે. **<u>(૨/૫૭)</u>**

### ❀ નૈશ્ચયિકી શક્તિને ઓળખીએ ❀

**<u>ટીકાર્થ</u> :-** અપ્રશસ્ત ઉપયોગનો નાશ કરનાર એવા પ્રશસ્ત ઉપયોગના નાશ માટે આત્મજ્ઞાની એવા યોગી પુરૂષોને ઉંઘવું, બેસવું, જમવું, ચાલવું વગેરે લૌકિક પ્રવૃત્તિ કામમાં નથી આવતી તેમ જ પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે લોકોત્તર ક્રિયા પણ ઉપયોગમાં નથી આવતી, પરંતુ આ નૈશ્ચયિકી શક્તિ ઉપયોગમાં આવે છે. સર્વે અશુભ ઉપયોગોનો વિલય થવાથી આ શક્તિ ક્ષપકશ્રેણીમાં પ્રાપ્ત થાય છે. તે શક્તિ સામર્થ્યયોગ છે. તે સમયે યોગી પાસે પ્રાતિભજ્ઞાન અવશ્ય હોય છે. આ શક્તિ ફલાવંચક યોગથી પ્રાપ્ત થાય છે. આ શક્તિ શુદ્ધ નિશ્ચય નયને માન્ય છે. **<u>(૨/૫૭)</u>**

નૈશ્ચયિક આત્મશક્તિ શુભ સંકલ્પનો ઉચ્છેદ કરે છે. આ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**<u>શ્લોકાર્થ</u> :-** દ્વિતીય અપૂર્વકરણ વખતે ક્ષાયોપશમિક એવા ક્ષમા વગેરે ગુણો પણ ચાલી જશે, કેવલ ક્ષાયિક ગુણો રહેશે. **<u>(૨/૫૮)</u>**

### ❀ ક્ષાયોપશમિક ગુણો પણ અંતે ત્યાજ્ય ❀

**<u>ટીકાર્થ</u> :-** અનાદિકાલીન એવા સંસારમાં સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પૂજા, જીવદયા, પંચાચાર વગેરે ક્રિયાઓ તે તે ધર્મસ્થાનોમાં સેવવા છતાં પણ, પૂર્વે કદી પણ પ્રાપ્ત થયો ન હોય તેવો પરિણામ અપૂર્વકરણ કહેવાય છે. તેનું ફળ ગ્રંથિભેદ વગેરે છે. ગ્રંથિભેદનું ફળ સમ્યગ્દર્શન છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને

वर्तमानस्य तथाऽसञ्जातपूर्वो ग्रन्थिभेदादिफल उच्यते । तत्र प्रथमेऽस्मिन् ग्रन्थिभेदः फलं, अयञ्च सम्यग्दर्शनफलः, सम्यग्दर्शनञ्च प्रशम-संवेग-निर्वेदानुकम्पास्तिक्यलिङ्ग आत्मपरिणामः । द्वितीये त्वपूर्वकरणे तथाविधकर्मस्थितेः तथाविधसंख्येयसागरोपमातिक्रमभाविनि **क्षायोपशमिकाः** = मोहनीयादिघातिकर्मक्षयोपशमजन्याः **क्षमाद्याः** = क्षान्ति-मार्दवार्जव-सन्तोषादयो **गुणा अपि यास्यन्ति** किम्पुनः औदयिका प्रशस्ता गुणा अप्रशस्ता दोषा वा ? इत्यपिशब्दार्थः । अयमेव धर्मसंन्यासः तात्त्विकः कथ्यते इति व्यक्तं **योगदृष्टिसमुच्चये** । **परं** = तदुत्तरं केवलं **क्षायिकाः** घनघातिकर्मक्षयाभिव्यक्ताः स्वाभाविकाः **क्षमाद्याः गुणा** आत्मनि सदा **स्थास्यन्ति** = स्थिरा भविष्यन्ति । इत्थञ्च सामर्थ्ययोगाऽपराभिधानाया नैश्चयिक्या आत्मशक्तेः शुभोपयोगनाशकत्वं शुद्धोपयोगप्रापकत्वञ्च सिद्धम् ॥२/५८॥

सविकल्पक-निर्विकल्पकसमाधियत्नफलमाविष्करोति —> 'इत्थमि'ति ।

**इत्थं यथाबलमनुद्यममुद्यमं च, कुर्वन् दशानुगुणमुत्तममान्तरार्थे ।**
**चिन्मात्रनिर्भरनिवेशितपक्षपातः, प्रातर्द्युरत्नमिव दीप्तिमुपैति योगी ॥५९॥**

**इत्थं** = निरुक्तरीत्या **यथाबलं** = स्वीयाऽध्यात्मशक्त्यनुसारेण **आन्तरार्थे** = सच्चिदानन्दमयात्मगुणे

---

આસ્તિક્ય આ પાંચેય સમ્યગ્દર્શનના ચિહ્ન છે. સમ્યગ્દર્શન આત્માના પરિણામ સ્વરૂપ હોવાના કારણે અતીન્દ્રિય છે. તેથી તેની હાજરીનો નિશ્ચય કરવા માટે શમ વગેરે ચિહ્નોની ઓળખાણ પરીક્ષકો માટે જરૂરી જણાય છે. જીવ જ્યારે ગ્રંથિભેદ કરે છે ત્યારે તેનું કારણ જે અપૂર્વકરણ હોય છે તે પ્રથમ અપૂર્વકરણ કહેવાય છે. તે વખતે પ્રસ્તુત સામર્થ્યયોગ ન હોવાથી તેની બાદબાકી કરવા માટે ગ્રંથકારશ્રીએ દ્વિતીય અપૂર્વકરણનું ગ્રહણ કરેલ છે. જીવ જ્યારે ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે બીજું અપૂર્વકરણ પ્રાપ્ત કરે છે. અંતઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સાત કર્મોની સ્થિતિમાંથી તથાવિધ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ખલાસ થયા પછી દ્વિતીય અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે. તે વખતે મોહનીય વગેરે ઘાતીકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ વગેરે ગુણો પણ ચાલી જવાના છે તો પછી ઔદયિક એવા પ્રશસ્ત ગુણો કે અપ્રશસ્ત દોષોને દૂર થવાની તો શી વાત કરવી ? પરમોચ્ચ દશામાં આત્મા આ રીતે જે ક્ષમા વગેરે ગુણધર્મોનો ત્યાગ કરે છે, તે જ તાત્ત્વિક ધર્મસંન્યાસ કહેવાય છે. આ વાત <u>યોગદષ્ટિસમુચ્ચય</u> ગ્રંથમાં સ્પષ્ટ જણાવેલ છે. ત્યાર બાદ કેવલ ક્ષાયિક અર્થાત્ ઘનઘાતિકર્મના ક્ષયથી અભિવ્યક્ત થનારા ક્ષમા વગેરે સ્વાભાવિક ગુણો સદા માટે સ્થિર રહેશે. આ રીતે સામર્થ્યયોગ નામની નૈશ્ચયિક આત્મશક્તિ શુભ ઉપયોગનો નાશ કરે છે અને શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ કરાવે છે. - એ સિદ્ધ થાય છે. <u>(૨/૫૮)</u>

સવિકલ્પક અને નિર્વિકલ્પક સમાધિના પ્રયત્નનું ફળ ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- આ રીતે પોતાની શક્તિ મુજબ આંતરિક ગુણોને વિશે પોતાની ભૂમિકાને અનુરૂપ ઉત્તમ એવા અનુદ્યમ અને ઉદ્યમને કરતા અને કેવલ ચૈતન્યમાં જ નિશ્ચિંત રીતે પોતાનો પક્ષપાત સ્થાપિત કરનાર એવા યોગી, પ્રભાતના સૂર્યની જેમ પ્રકાશને પ્રાપ્ત કરે છે. <u>(૨/૫૯)</u>

## ❀ શુભ અને શુદ્ધ બન્ને ઉપયોગ ઉપાદેય ❀

<u>**ટીકાર્થ**</u> :- ઉપરોક્ત રીતે પોતાની અધ્યાત્મશક્તિ મુજબ સચ્ચિદાનંદમય આત્માના ચૈતન્ય વગેરે આંતરિક ગુણોને વિશે પોતાને ઉચિત ભૂમિકાને અનુરૂપ એવો ઉત્તમ ઉદ્યમ અને અનુદ્યમ યોગી કરે છે. ઉદ્યમ =

**दशानुगुणं** = स्वोचितभूमिकानुरूपं **उत्तमं** = प्रधानं **उद्यमं** = शुभोपयोग-शुद्धोपयोगप्रवर्त्तकं प्रयत्नं **अनुद्यमं च** = अशुभोपयोगप्रेरकात्मवीर्यप्रतिघातं हि **कुर्वन् चिन्मात्रनिर्भरनिवेशितपक्षपातः** = केवलशुद्धचैतन्ये निर्भरं स्थापितः दृढाभिरुचिलक्षणः पक्षपातो येन स **योगी** = आत्मज्ञानी सन् तादृशपक्षपातानुकूल-सदनुष्ठानसमूहप्रवृत्तः **प्रातः** = प्रगे **द्युरत्नमिव** = भास्करवत् **दीप्तिं** = कान्तिं **उपैति** = प्राप्नोति । **अनेन** शुद्धोपयोग एव श्रेयानित्येकान्तः **प्रतिक्षिप्तः**; शुद्धोपयोगलाभासमर्थस्य योगारम्भकदशायामुत्कटविषय-कषायकदाग्रहावेशादित्यागपुरस्सरं प्रशस्तोपयोगस्याऽपि हितावहत्वात्, अप्राप्तस्वर्णाभूषणस्य रजताभूषणवत् ।

—> अशुद्धाऽपि हि शुद्धायाः क्रिया हेतुः सदाशयात् । ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ॥ (२/१६) <— इति **अध्यात्मसार**वचनानुसारेण कदाग्रहादिशून्यस्याशुद्धक्रियायाः कालक्रमेण शुद्धक्रियाहेतुत्वमिव, अशुद्धस्यापि सतः शुभोपयोगस्य कालक्रमेण शुद्धोपयोगहेतुत्वं नैव विरुध्यते । इत्थमेव प्रायशः शुद्धोपयोगलाभसम्भवादिति विभावनीयं योगमर्मवेदिभिः ॥२/५९॥

शुभोपयोगद्वारा शुद्धोपयोगलाभं विशदीकरोति —> 'अभ्यस्ये'ति ।

**अभ्यस्य तु प्रविततं व्यवहारमार्गं, प्रज्ञापनीय इह सद्गुरुवाक्यनिष्ठः ।**
**चिद्दर्पणप्रतिफलत्त्रिजगद्विवर्ते, वर्तेत किं पुनरसौ सहजात्मरूपे ॥६०॥**

---

પોતાની ઉચિત ભૂમિકા અનુસાર શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગનો પ્રેરક પ્રયત્ન તથા અનુદ્યમ = અશુભ ઉપયોગ તરફ લઈ જનાર આત્મશક્તિનો પ્રતિઘાત. આ બન્નેમાં રમતા એવા આત્મજ્ઞાની યોગી કેવલ શુદ્ધ ચૈતન્યમાં જ નિશ્ચિંત રીતે પોતાની દૃઢ અભિરૂચિને સ્થાપિત કરે છે. અને તેવી દૃઢ અભિરૂચિને અનુકૂલ એવા સદનુષ્ઠાન સમૂહમાં આત્મજ્ઞાની પ્રવૃત્ત રહે છે. આવા યોગી પ્રભાતના સૂર્ય જેવી દેદીપ્યમાન કાંતિને પ્રાપ્ત કરે છે. આવું હોવાના કારણે —> શુદ્ધ ઉપયોગ જ એકાંતે કલ્યાણકારી છે <— આવા એકાંતનું નિરાકરણ થઈ જાય છે, કેમ કે શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ માટે અસમર્થ એવા જીવને યોગની પ્રાથમિક ભૂમિકામાં તો ઉત્કટ વિષય, કષાય, કદાગ્રહ, આવેશ વગેરેના ત્યાગપૂર્વક પ્રશસ્ત ઉપયોગ પણ હિતકારી છે. જેમ વ્યવહારમાં લગ્ન વગેરે પ્રસંગે સુવર્ણના આભૂષણ પહેરવાં જોઈએ. પરંતુ જેની પાસે સુવર્ણના આભૂષણ મેળવવાની તાકાત નથી તેને ચાંદીના આભૂષણ પણ શોભાસ્પદ જ કહેવાય.

अशुद्ध० । અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે —> અશુદ્ધ ક્રિયા પણ સદાશયના કારણે શુદ્ધ ક્રિયાનો હેતુ બને છે, તાંબુ પણ સુવર્ણરસના અનુવેધથી સુવર્ણપણાને મેળવે છે, તેમ આ વાત સમજવી. <— આ પ્રકારના <u>અધ્યાત્મસાર</u> ગ્રંથના વચનને અનુસારે કદાગ્રહથી શૂન્ય એવા જીવને અશુદ્ધ ક્રિયા કાળક્રમે જેમ શુદ્ધ ક્રિયાનો હેતુ બને છે બરાબર તે જ રીતે અશુદ્ધ હોવા છતાં પણ શુભ ઉપયોગ કાળક્રમે શુદ્ધ ઉપયોગનું કારણ બને છે- આવું માનવામાં કોઈ વિરોધ આવતો નથી. પ્રાયઃ આ રીતે જ શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ સંભવિત છે. આ પ્રમાણે યોગના મર્મને જાણનાર સાધકોએ શાંત ચિત્તે વિચારવું. <u>(૨/૫૯)</u>

શુભ ઉપયોગ દ્વારા શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થાય છે- આ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- અહીં વિસ્તૃત વ્યવહારમાર્ગનો અભ્યાસ કરીને સદ્‌ગુરૂના વચનમાં વર્તતો પ્રજ્ઞાપનીય જીવ (પણ) ચૈતન્ય સ્વરૂપ અરીસામાં ત્રણેય જગતના પર્યાયો જેમાં પ્રતિબિંબિત થયેલા છે એવા સહજ આત્મ-સ્વરૂપમાં રહે છે, તો આ આત્મજ્ઞાનીની તો શી વાત કરવી ? <u>(૨/૬૦)</u>

**इह** = जिनप्रवचने **प्रविततं** = असङ्ख्येयभेदभाजनतया प्रकर्षेण विस्तृतं **व्यवहारमार्गं** = व्यवहारनयनिरूपितं मोक्षमार्गं **अभ्यस्य तु** = सम्यक् परिशील्य एव **सद्गुरुवाक्यनिष्ठः** = निर्व्याजकृपान्वितगीतार्थसंविग्नगुरूपदेशवर्ती **प्रज्ञापनीयः** = कदाग्रहत्यागेन प्रज्ञापनीयत्वगुणोपेतः असौ = आत्मज्ञानी योगी वीर्योल्लासक्रमेण **चिद्दर्पणप्रतिफलत्त्रिजगद्विवर्ते** = विशुद्धविज्ञानलक्षणादर्शसङ्क्रामत्त्रिभुवनगतसर्वद्रव्य-गुण-पर्याये **सहजात्मरूपे** = सहजे कैवल्यैकलक्षणे आत्मस्वभावे **किं पुनः** = कथमपि = अकथनीयरूपेण **वर्तेत** = अवतिष्ठेत । इदमेवाभिप्रेत्य **अध्यात्मसारे** —> गुर्वाज्ञापारतन्त्र्येण द्रव्यदीक्षाग्रहादपि । वीर्योल्लासक्रमात् प्राप्ता बहवः परमं पदम् ॥ (२/२७) शास्त्रोपदर्शितदिशा गलितासद्ग्रहकषायकलुषाणाम् । प्रियमनुभवैकवेद्यं रहस्यमाविर्भवति किमपि । <— (२०/९) इत्युक्तम् ।

इदञ्चात्रावधेयम् प्रशस्ताऽप्रशस्तवस्तुप्रतिबिम्बनिमित्तकराग-द्वेषराहित्य-प्रतिबिम्बमूर्च्छाराहित्य-यथावस्थि-

## ❀ આત્મજ્ઞાની આત્મરમણતાને માણે ❀

<u>**ટીકાર્થ**</u> :- જૈન શાસનમાં વ્યવહાર નયથી બતાવેલો મોક્ષમાર્ગ અત્યંત વિસ્તૃત છે. કેમ કે તેના અસંખ્ય ભેદ અને પેટા ભેદ રહેલા છે. આવા વ્યવહાર નયને માન્ય વિસ્તૃત મોક્ષમાર્ગનું સમ્યક્ રીતે પરિશીલન કરીને જ અપુનર્બંધક વગેરે પ્રજ્ઞાપનીય જીવ મોક્ષમાર્ગે આગળ વધે છે. કદાગ્રહનો ત્યાગ કરી પ્રજ્ઞાપનીયત્વ (જેને સુખેથી સમજાવી શકાય તે) ગુણથી યુક્ત એવા જીવો પ્રસ્તુતમાં પ્રજ્ઞાપનીય પદથી સમજવા. કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના કૃપાદૃષ્ટિ રાખનારા ગીતાર્થ સંવિગ્ન ગુરૂને સદ્ગુરૂ જાણવા. આવા સદ્ગુરૂના ઉપદેશ-હુકમમાં રહેવાને કારણે પ્રજ્ઞાપનીય જીવ મોક્ષમાર્ગે આગળ વધવાનો વીર્યોલ્લાસ પ્રાપ્ત કરે છે. એ વીર્યોલ્લાસ ક્રમે કરીને જ્યારે પ્રબલ બને છે ત્યારે પ્રજ્ઞાપનીય આત્મજ્ઞાની યોગી કોઈક અવર્ણનીયરૂપે સહજ આત્મસ્વરૂપમાં રહે છે. કેવલજ્ઞાન = સંપૂર્ણ વિશુદ્ધ જ્ઞાન એ તો આત્માનો સહજ સ્વભાવ છે. આત્માનું શુદ્ધ ચૈતન્ય એ દર્પણ જેવું નિર્મળ છે. તેમાં ત્રણેય જગતમાં રહેલ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયો સંક્રમે છે. આવા જ અભિપ્રાયથી <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં —> દ્રવ્યદીક્ષા ગ્રહણ કરીને પણ ગુરૂઆજ્ઞાની પરતંત્રતા (સમર્પિતતા) ના કારણે ક્રમે કરીને વીર્યોલ્લાસ વધતાં ઘણા જીવો મોક્ષમાં ગયા છે. શાસ્ત્રોક્ત દિશા મુજબ કદાગ્રહ અને કષાયની કલુષિતતા દૂર કરનારા જીવોને કોઈક પ્રિય રહસ્ય પ્રાપ્ત થાય છે કે જે કેવલ અનુભવગમ્ય જ હોય છે. <— આ પ્રમાણે જણાવેલ છે. તેથી આત્મજ્ઞાની યોગી નિયમા સહજ આત્મસ્વભાવમાં રહે - આ વાત નિર્વિવાદ સિદ્ધ છે.

## ❀ દર્પણ ઉપમાનું રહસ્યોદ્ઘાટન ❀

અહીં આત્માના વિશુદ્ધ ચૈતન્યને દર્પણની ઉપમા આપવાની પાછળ ચાર પ્રયોજન રહેલા છે. (૧) જેમ અરીસાની સામે સારી વસ્તુ આવે ત્યારે તેનું સુંદર પ્રતિબિંબ બતાવવા છતાં અરીસાને તેના પ્રત્યે રાગ નથી હોતો અને તેની સામે ખરાબ વસ્તુ આવે ત્યારે તેનું અસુંદર પ્રતિબિંબ બતાવવા છતાં અરીસાને તેના પ્રત્યે દ્વેષ ભાવ નથી હોતો. બરોબર આ રીતે જ શુભ કે અશુભ દ્રવ્ય, ગુણ, પર્યાયોને શુભ કે અશુભ રૂપે જાણવા છતાં આત્માનું શુદ્ધ ચૈતન્ય તેના પ્રત્યે રાગ-દ્વેષની પરિણતિથી દૂષિત થતું નથી. (૨) જેમ અરીસો વસ્તુના પ્રતિબિંબને બતાવવા છતાં તેને પકડી રાખતો નથી, તેમ આત્મા શુભાશુભ ભાવોને જાણવા છતાં તેનો પરિગ્રહ રાખતો નથી. (૩) જેમ સાદો અરીસો વસ્તુ જેવી હોય તેવી જ તેને બતાવે છે. વસ્તુના સ્વરૂપને વિકૃત કરીને અરીસો તેને જણાવતો નથી, બરોબર આ જ રીતે આત્માનું શુદ્ધ ચૈતન્ય પણ સર્વ પ્રશસ્ત, અપ્રશસ્ત

तार्थप्रदर्शकत्वार्थस्वरूपविपर्यासाकर्तृत्वानि ऋजुदर्पणे इव शुद्धचैतन्येऽपि सन्तीति दर्पणोपमा सङ्गतिमङ्गति ॥२/६०॥

तर्हि तत्त्वं किमपुनर्बन्धकादिकर्तृकं सत्क्रियाकलापात्मकं योगिकर्तृकं शुद्धोपयोगलक्षणं वा ? इत्याशङ्कायामाह —> **'भवतु'** इति ।

**भवतु किमपि तत्त्वं बाह्यमाभ्यन्तरं वा, हृदि वितरति साम्यं निर्मलश्चेद्विचारः ॥**
**तदिह निचितपञ्चाचारसञ्चारचारु-स्फुरितपरमभावे पक्षपातोऽधिको नः ॥६१॥**

कश्चिदपि **चेत्** = यदि **निर्मलः** = रागाद्युपरागशून्यः **विचारः** = आत्मविचारः **हृदि** = आत्मनि **साम्यं** = अविद्योपकल्पितेष्टत्वानिष्टत्वसंज्ञापरिहारेण व्यवहारतः शुभाशुभानां विषयाणां तुल्यताभावनं **वितरति** = वितनोति तदा **तत्त्वं** = मोक्षौपयिकं **बाह्यं** = शुभोपयोगमयसदनुष्ठानात्मकं **आभ्यन्तरं** = सविकल्पकध्याननिर्विकल्पकसमाधिलक्षणं **वा किमपि भवतु** नात्रास्माकमाग्रहः । **तत्** = तस्मात् कारणात् = निरुक्तसाम्यस्य कुशलानुबन्धितया मोक्षौपयिकत्वसम्पादकत्वात् **इह** = जैनप्रवचने **नः** = अस्माकं ग्रन्थकृतां न्यायविशारदानां **अधिकः** = अतिशयितः अभिरुचिलक्षणः **पक्षपातः** तु **इह** = प्रावचनिके

---

દ્રવ્ય-ગુણ-પર્યાયો જેવા હોય તેવા જ બતાવે છે. તેના સ્વરૂપને વિકૃત કરીને તેને બતાવતું નથી. (૪) જેમ અરીસો વસ્તુનું પ્રતિબિંબ બતાવે છે તેના નિમિત્તે તે વસ્તુના સ્વરૂપને હાનિ પહોંચતી નથી. બરાબર તે જ રીતે આત્મા સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તેના નિમિત્તે સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચતી નથી. આ ચાર વિશેષતાને લીધે શુદ્ધ ચૈતન્યને અરીસાની ઉપમા આપવામાં આવી છે - તે વાત ખ્યાલમાં રાખવી. (૨/૬૦)

'તો પછી અપુનર્બંધક વગેરે જીવોએ આદરેલ સત્ ક્રિયાઓનો સમુદાય એ તત્ત્વ છે કે યોગી પુરૂષોએ આદરેલ શુભ ઉપયોગ એ તત્ત્વ છે ?' આવી શંકા થવી અહીં સ્વાભાવિક છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે-

**શ્લોકાર્થ** :- તત્ત્વ ચાહે બાહ્ય કે અભ્યન્તર કોઈ પણ રૂપે હોય, જો નિર્મળ વિચાર હૃદયમાં સમતાને ઉત્પન્ન કરે તો. અહીં સમુદિત પંચાચારના સમ્યક્ સેવનથી સ્ફુરાયમાન એવા પરમ ભાવમાં અમારો અધિક પક્ષપાત છે. (૨/૬૧)

## ❀ પરમ ભાવમાં પક્ષપાત ❀

**ટીકાર્થ** :- શુભ ઉપયોગમય બાહ્ય સદનુષ્ઠાન એ મોક્ષનું ઉપાયભૂત તત્ત્વ હોય કે સવિકલ્પક ધ્યાન અને નિર્વિકલ્પક અભ્યન્તર સમાધિ મોક્ષનું ઉપાયભૂત તત્ત્વ હોય. જો રાગાદિના સંપર્કથી શૂન્ય તેવો નિર્મળ આત્મવિચાર આત્મામાં સામ્યભાવને ફેલાવતો હોય તો મોક્ષનું ઉપાયભૂત તત્ત્વ ચાહે બાહ્ય કે અભ્યન્તર કોઈ પણ હોય, તેમાં અમારો કોઈ પણ આગ્રહ નથી. વ્યવહારથી શુભ કે અશુભ વિષયોમાં મોહનીય કર્મસ્વરૂપ અવિદ્યાથી ઈષ્ટપણાની કે અનિષ્ટપણાની બુદ્ધિ (સંજ્ઞા) ઉત્પન્ન થાય છે. આવી બુદ્ધિનો પરિહાર કરીને સારા કે ખરાબ વિષયોમાં સમાનતાનું ભાવન કરવું તે પ્રસ્તુતમાં સામ્યભાવ તરીકે જાણવો. પ્રસ્તુત સામ્યભાવ કુશળાનુબંધી હોવાને લીધે બાહ્ય આચાર કે અભ્યન્તર ધ્યાન વગેરેમાં મોક્ષજનકતાનો સંપાદક છે. અર્થાત્ બાહ્ય કે અભ્યન્તર

**निचितपञ्चाचारसञ्चारचारुस्फुरितपरमभावे** = समुदितानां ज्ञानादिसम्बन्धिनां पञ्चाचाराणां यत् सम्यक् समुचितं सेवनं तेन चारुतया स्फुरिते विकसितेऽनात्मोपरागशून्ये क्षायिके ज्ञायकैकस्वभावे एव, न तु प्रणिधानादिशून्ये केवले बाह्ये पञ्चाचारपालनेऽविध्ययतनानादराशंसाशातनादियुक्ते न वा सद्व्यवहारविमुखे आलस्यनिद्रातन्द्राद्यनुकूले रागाद्युपबृंहके शुष्कध्यानसमाध्यादौ, कुशलानुबन्धशून्यत्वादिति भावनीयं मध्यस्थैः॥२/६१॥

नन्वपरमभावे किं नाऽऽश्वासः ? इत्याशङ्कायामाह —> 'स्फुटमि'ति ।

**स्फुटमपरमभावे नैगमस्तारतम्यं, प्रवदतु न तु हृष्येत्तावता ज्ञानयोगी ।**
**कलितपरमभावं चिच्चमत्कारसारं, सकलनयविशुद्धं चित्तमेकं प्रमाणम् ॥६२॥**

प्राक् (१/४-पृष्ठ१४) निरूपितः सर्वाविशुद्धलक्षणः प्रथमो विशुद्धाविशुद्धलक्षणो वा द्वितीयो नैगमो नयः प्रस्थकाद्युदाहरणेन **अपरमभावे** = शुद्धज्ञायकैकात्मस्वभावलक्षण-परमभावभिन्नेऽध्यात्मपदार्थे **स्फुटं** = लोक-शास्त्रप्रसिद्धं **तारतम्यं** = न्यूनाऽऽधिक्यं **प्रवदतु** = प्रकर्षेण प्रतिपादयतु । नैगमो हि कारणे कार्य-

---

કોઈ પણ ભાવો સામ્યયુક્ત હોય તો જ મોક્ષના ઉપાય બની શકે છે. તેમાં રહેલ મોક્ષકારણતા સામ્યભાવને આભારી છે. તે કારણે અમને (ગ્રંથકારશ્રી ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ <u>યશોવિજયજી</u> મહારાજને) જૈન શાસનમાં દર્શાવેલ પરમ ભાવમાં અત્યન્ત અભિરૂચિ છે. અનાત્મસંપર્કશૂન્ય કેવલ ક્ષાયિક એવો જ્ઞાયક સ્વભાવ એ પરમભાવ છે. સમુદિત એવા જ્ઞાનાચાર વગેરે પંચાચારનું સમ્યક્ પ્રકારે વિધિ, યતના, બહુમાનપૂર્વક પોતાની ભૂમિકાને ઉચિત રીતે જે પાલન કરવામાં આવે તેના કારણે સુંદરતાથી પરમભાવ સ્ફુરાયમાન થાય છે, વિકસે છે. આવું કહેવા દ્વારા ગ્રંથકારશ્રીએ ઉચિત વ્યવહારમાં નિશ્ચયપ્રાપકતાનું સૂચન પણ કરી દીધું. પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ <u>શ્રીસીમંધરસ્વામીના</u> ૧૨૫ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે —> "નિશ્ચયદષ્ટિ હૃદય ધરીજી જે પાળે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર." <— આનાથી એ ફલિત થાય છે કે પ્રણિધાનાદિશૂન્ય એવા જે બાહ્ય પંચાચાર, પરમભાવની નજીક જીવને ન પહોંચાડે તેમાં ગ્રંથકારશ્રીની અભિરૂચિ નથી. કેમ કે તે અવિધિ, અજયણા, અનાદર, આશાતના, આશંસા વગેરે દોષોથી કલંકિત હોવાના કારણે કુશલાનુબંધથી શૂન્ય છે. તેમ જ સદ્વ્યવહારથી પરાઙ્મુખ અને આળસ, ઊંઘ, બગાસા, ઝોકા, તન્દ્રા વગેરેને લાવી આપે તથા રાગાદિ વિભાવદશાને પુષ્ટ કરે એવા શુષ્ક ધ્યાન, સમાધિ વગેરેમાં પણ ગ્રંથકારશ્રીનો પક્ષપાત નથી, કારણ કે તેવા શુષ્ક ધ્યાન વગેરે કુશલાનુબંધથી શૂન્ય છે. મધ્યસ્થ પુરૂષોએ શાંતિપૂર્વક આ વાતથી આત્માને ભાવિત કરવો. <u>(૨/૬૧)</u>

અપરમ ભાવમાં ગ્રંથકારશ્રીને આસ્થા શા માટે નથી ? આ પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતા પ્રકરણકારશ્રી પ્રકાશે છે કે -

<u>શ્લોકાર્થ</u> :- નૈગમનય અપરમભાવમાં સ્ફુટ રીતે તરતમતાને ભલે બોલે, પરંતુ એટલા માત્રથી જ્ઞાનયોગી આનંદ ન પામે. જેના દ્વારા પરમભાવનો અનુભવ થયેલો છે અને જે જ્ઞાનમહોદયપ્રધાન છે તેવું સર્વનયવિશુદ્ધ એક ચિત્ત જ પ્રમાણ છે. <u>(૨/૬૨)</u>

## ❖ પરમભાવ એ જ પ્રમાણ ❖

<u>ટીકાર્થ</u> :- પૂર્વે (૧/૪) નૈગમ નયના ત્રણ ભેદ જણાવેલા. (૧) સર્વઅવિશુદ્ધ, (૨) વિશુદ્ધઅવિશુદ્ધ અને (૩) સર્વ વિશુદ્ધ. તેમાંથી પ્રથમ બે પ્રકારના નૈગમનય પ્રસ્થક વગેરેના ઉદાહરણથી અપરમભાવમાં ન્યૂનતા કે અધિકતાને ભલે પ્રકર્ષથી જણાવે. કેવલ શુદ્ધ જ્ઞાયક આત્મસ્વભાવ એ પરમભાવ છે. તેનાથી ભિન્ન એવા

त्वोपचारेणाऽपि प्रवर्तते । **तावता** = तावन्मात्रेण = कारणे कार्यत्वोपचारेण अनुभवं विना **ज्ञानयोगी**, **न तु** = नैव **हृष्येत्** = तुष्येत् । यतः ज्ञानयोगिनः **कलितपरमभावं** = अनुभूतशुद्धोपयोगं **चिच्चमत्कारसारं** = अखण्डज्ञानमहोदयप्रधानं **सकलनयविशुद्धं** = सर्वनयपरीक्षोत्तीर्णं **एकं** = अद्वितीयं **चित्तं** = स्वीयमनुभवसन्तानात्मकं भावमनः **प्रमाणं** = अर्थतथात्वनिश्चायकतयाऽभिमतम् । स्वारसिकाबाधितस्वानुभवं विहाय न किमप्यत्र प्रमाणं ज्ञानयोगिनः; नानानय-युक्ति-लोकव्यवहार-शास्त्रव्यवहारादीनामव्यवस्थितेः । तदुक्तं **पञ्चदश्यामपि** —> स्वानुभूतावविश्वासे तर्कस्याऽप्यनवस्थितेः । कथं वा तार्किकंमन्यः तत्त्वनिश्चयमाप्नुयात् ॥ <— (३/२९) इति भावनीयम् ॥२/६२॥

ननु नानानयनिरूपितार्थानामनुभवमृतेऽनङ्गीकारः किं ज्ञानयोगिनां शक्यः ? किं तेषां नयवादभयं नास्ति ? इत्याशङ्कायामाह —> 'हरि'रिति ।

**हरिरपरनयानां गर्जितैः कुञ्जराणां, सहजविपिनसुप्तो निश्चयो नो बिभेति ।**
**अपि तु भवति लीलोज्जृम्भिजृम्भोन्मुखेऽस्मिन्, गलितमदभरास्ते नोच्छ्वसन्त्येव भीताः ॥६३॥**

यथा **कुञ्जराणां** = गजानां **गर्जितैः सहजविपिनसुप्तः** = अकृत्रिमनिबिडरमणीयारण्यनिर्भरशयितः

---

અધ્યાત્મ પદાર્થમાં લોકપ્રસિદ્ધ અને શાસ્ત્રપ્રસિદ્ધ એવી તરતમતાનું પ્રતિપાદન નૈગમનય કરે છે, કેમ કે નૈગમનય કારણમાં કાર્યપણાનો આરોપ કરીને પણ પ્રવર્તે છે. અર્થાત્ સ્વયં જે પરમભાવ સ્વરૂપ ન હોય પરંતુ કાળક્રમે પરમભાવને લાવવામાં નિમિત્ત બની શકે તેમ હોય એવા અપરમભાવને પરમભાવ તરીકે નૈગમ નય ઓળખાવશે. પરંતુ કારણમાં કાર્યનો ઉપચાર કરવા માત્રથી જ્ઞાનયોગી હર્ષ પામે નહીં જ, તેમ જ સંતોષ પામે નહીં, જો તેને તેવા પ્રકારનો અનુભવ ન થતો હોય તો. આનું કારણ એ છે કે જ્ઞાનયોગી પોતાની અનુભવધારા સ્વરૂપ અદ્વિતીય ભાવ મનને જ અર્થતથાત્વના નિશ્ચાયક પ્રમાણ રૂપે માને છે, કે જે સર્વનયની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય અને જેણે શુદ્ધ ઉપયોગનો અનુભવ કરેલો હોય તેમ જ અખંડ જ્ઞાનનો મહોદય જેમાં પ્રધાન હોય. સ્વારસિક અબાધિત સ્વાનુભવને છોડીને જ્ઞાનયોગીને કંઈ પણ પ્રમાણભૂત હોતું નથી, કારણ કે અનેક પ્રકારના નય, યુક્તિઓ, લોકવ્યવહારો, શાસ્ત્રવ્યવહારો વગેરે સર્વદા ચોક્કસ એક સ્વરૂપે તત્ત્વનું પૂર્ણ રૂપે પ્રતિપાદન કરતા નથી. <u>પંચદશી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> સ્વાનુભવમાં જો આસ્થા ન હોય તો, પોતાની જાતને તાર્કિક માનનાર તર્કથી તત્ત્વનિશ્ચય કેવી રીતે પામશે ? કારણ કે તર્ક પણ અનિશ્ચિત છે. <— આ વાતની શાંતિથી વિચારણા કરવી. <u>(૨/૬૨)</u>

—> અલગ અલગ નયો પોતાને અભિપ્રેત એવા અર્થનું જોરશોરથી પ્રતિપાદન કરી રહેલા હોય ત્યારે કેવલ અનુભવ ન થવાને કારણે જ્ઞાનયોગીઓ તે પદાર્થોનો સ્વીકાર ન કરે એવું શું શક્ય છે ? શું નયવાદનો જ્ઞાનયોગીઓને ભય ન હોય ? <— આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે –

<u>**શ્લોકાર્થ**</u> :- સહજ એવા જંગલમાં સૂતેલો નિશ્ચયનયરૂપી સિંહ અન્ય નયો રૂપી હાથીઓના ચિત્કારથી = ચિચિયારીઓથી ભય પામતો નથી. પરંતુ આ સિંહ જ્યારે લીલાના વિલાસથી બગાસું ખાતો હજુ તો પોતાનું મોઢું પહોળું કરે કે તરત ભયભીત થયેલા અન્ય નયસ્વરૂપ હાથીઓના મદના ઢગલા ગળી જાય છે અને તેઓ શ્વાસ પણ નથી જ લઈ શકતા. <u>(૨/૬૩)</u>

## ❀ સર્વ નયોમાં નિશ્ચય નય બળવાન ❀

**हरिः** = सिंहो **न बिभेति** = नैव त्रस्यति, अधिकबलत्वात् । तथा कुञ्जरस्थानीयानां **अपरनयानां** = उपचारबहुलानां नैगमादीनां व्यवहारनयानां **गर्जितैः** = भाषितैः **सहजविपिनसुप्तः** = निरुपाधिकज्ञायकैकस्वभावरमणीयात्मकाननिर्भरविश्रान्तः सिंहसमो **निश्चयो न बिभेति** = नैव लब्धस्वारसिकाऽऽत्मनीनापरोक्षानुभवाद्विचलति, स्वरसवाह्यात्मनीनापरोक्षात्मानुभूतेः सर्वतो बलवत्त्वात् । **अपि तु** = प्रत्युत **अस्मिन्** सिंहे **लीलोज्जृम्भिजृम्भोन्मुखे** = क्रीडाविलासिजृम्भणोर्ध्वानने **भवति** = सति **गलितमदभराः** = विगलितदाननिचयाः **ते** गजाः **भीताः** = भयाक्रान्ताः सन्तः यथा **नैव उच्छ्वसन्ति** = जीवननिर्वाहकस्वभ्यस्तश्वासोच्छ्वासक्रियायामप्यसमर्था भवन्ति तथैव **अस्मिन्** निश्चयनये **लीलोज्जृम्भिजृम्भोन्मुखे** = अनायास-स्फुरित-चिदानन्दानुभवोद्गाराभिमुखे **भवति** = सति **गलितमदभराः** = अवगतवैगुण्यतया मोघीभूतवक्तव्यवृन्दाः **ते** = उपचारबहुलाः शुद्धनिश्चयभिन्ना मुखरा नया **भीताः** = मूकाः सन्तः **नैव उच्छ्वसन्ति** = स्वरूपोपष्टम्भकसुपरिशीलित-स्वाभिप्रायनिवेदनेऽप्यप्रत्यला जायन्ते । तावदेव स्कन्धमास्फाल्य व्यवहारनया निगदन्तु यावत् व्यवहारनयवृन्दद्विरदमदभिदकेसरिक्रीडनैकप्रागल्भ्याभ्यासभाक् निश्चयनयो नोत्तिष्ठते, तदुपस्थितौ तु ते न तथाकर्तुमुत्सहन्ते प्रत्युत प्रलीयन्ते इति भावः ॥२/६३॥

भावनाज्ञानिदशामावेदयति —> '**कलिते**'ति ।

---

**<u>ટીકાર્થ</u>** :- સહજ = અકૃત્રિમ હોવાના કારણે અત્યંત ગીચ અને રમણીય એવા જંગલમાં નિશ્ચિંત રીતે સૂતેલો સિંહ, હાથીઓની ચિચિયારીઓથી ડરતો નથી, લેશ પણ ત્રાસ પામતો નથી, કારણ કે હાથી કરતાં સિંહની તાકાત ચઢિયાતી છે. નૈગમ વગેરે વ્યવહાર નયો વારંવાર ઉપચાર કરનારા છે. તેથી તેઓ તે હાથી જેવા છે. સિંહના સ્થાનમાં નિશ્ચય નય છે. નિરૂપાધિક કેવલ જ્ઞાયક સ્વભાવ રમણીય એવો આત્મા જંગલના સ્થાને જાણવો. આવા નિરૂપમ આત્મામાં નિશ્ચય નય નિશ્ચિંત રીતે વિશ્રાંત થયેલો છે. અન્ય નયોના વક્તવ્યથી નિશ્ચય નય ડરતો નથી. અર્થાત્ પોતાને મળેલા સ્વારસિક આત્મ હિતકારી એવા અપરોક્ષ અનુભવથી નિશ્ચયનય ચલાયમાન થતો નથી, કારણ કે સ્વરસવાહી, આત્મકલ્યાણકારી અપરોક્ષ અનુભૂતિ બધા કરતાં બળવાન છે. જેમ સિંહ હાથીઓની ચિચિયારીઓથી ડરતો તો નથી પરંતુ જ્યારે લીલાના વિલાસથી બગાસું ખાતો પોતાનું મોઢું પહોળું અને ઉંચું કરે છે ત્યારે તે હાથીઓના મદના રગડા ગળી જાય છે અને તે હાથીઓ પોતાને અત્યંત અભ્યસ્ત થયેલ અને જીવનનિર્વાહક એવી શ્વાસોચ્છ્વાસ ક્રિયામાં પણ અસમર્થ બની જાય છે. બરાબર તે જ રીતે નિશ્ચયનય પણ અન્ય નયોના વક્તવ્યથી ડરતો તો નથી પરંતુ જ્યારે નિશ્ચય નય અનાયાસે સ્ફુરેલા ચિદાનંદના અનુભવના ઉદ્‌ગારને અભિમુખ થાય છે ત્યારે અન્ય નયો પોતાની વિગુણતાને = ન્યૂનતાને ઓળખી જાય છે. પોતાના ઢગલાબંધ વક્તવ્યો નિષ્ફળ થઈ જાય છે. અવારનવાર ઉપચાર કરનારા અને શુદ્ધ નિશ્ચયનયથી ભિન્ન એવા વાચાળ નયો મૂંગા થઈ જાય છે તથા પોતાના સ્વરૂપને ટેકો આપનાર અને અત્યંત સારી રીતે પરિશીલન કરેલા એવા પોતાના અભિપ્રાયને જણાવવા માટે પણ અસમર્થ થઈ જાય છે. ત્યાં સુધી જ પોતાના ખભાને ઊંચો કરીને વ્યવહાર નયો બોલે છે કે જ્યાં સુધી વ્યવહારનયના સમૂહ રૂપી હાથીઓના મદને તોડનાર સિંહની ક્રીડામાં જ અત્યન્ત વિક્રમસ્થાપક નિશ્ચયનય સામે આવીને ઉભો રહેતો નથી. નિશ્ચયનય ઉપસ્થિત થાય અર્થાત્ અનુભવમાં આવે ત્યારે વ્યવહારનયો પોતાનું વક્તવ્ય રજુ કરવા ઊભા રહેતા નથી, પરંતુ ભાગી જાય છે. <u>(૨/૬૩)</u>

ભાવનાજ્ઞાનવાળા યોગીની દશાને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**कलितविविधबाह्यख्यातिकोलाहलौघ-**
**व्युपरमपरमार्थे भावनापावनानाम् ।**
**क्वचन किमपि शोच्यं नास्ति नैवास्ति मोच्यं,**
**न च किमपि विधेयं नैव गेयं न देयम् ॥६४॥**

**कलितविविधबाह्यख्यातिकोलाहलौघव्युपरमपरमार्थे** = अनुभूते नानाप्रकारौदयिकयशःकीर्त्यादिसंक्षोभ-समूहविश्रामे शुद्धोपयोगमय-निर्विकल्पकसमाधिलक्षणे परमार्थे **भावनापावनानां** = भावनाज्ञान-पुनीतानां सिद्धयोगानां **क्वचन** = कुत्रचिद्देशे कदाचित् **किमपि** वस्तु **शोच्यं** = शोचनीयं **नास्ति नैव मोच्यं** = मोक्तव्यं **अस्ति, नैव** किमपि काव्यादिकं **गेयं** अस्ति, **न** च किमपि वस्तु **देयं** = दातव्यं समस्ति । **न च किमपि** सदनुष्ठानादिकं **विधेयं** = कर्तव्यं समस्ति, कृतकृत्यत्वात् । तदुक्तं **समयसारे** —> ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए । णाणी जाणंतो वि हु पुग्गलकम्मं अणेयविहं ॥७६॥ ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए । णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं ॥७७॥ ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए । पुग्गलदव्वं पि तहा परिणमइ सएहिं भावेहिं ॥७९॥ <— इति । **प्रवचनसारे**ऽपि —> गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं । पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं ॥ <— (१/३२) इत्युक्तम् ॥२/६४॥

उपसंहरति —> 'इती'ति ।

***શ્લોકાર્થ*** :- વિવિધ પ્રકારની બાહ્ય ખ્યાતિના કોલાહલના જત્થાઓ જેમાં શાંત થઈ ગયા છે તેવા અનુભૂત પરમાર્થવિષયક ભાવનાથી પાવન થયેલા યોગીઓને ક્યાંય પણ, કંઈ પણ શોક કરવા લાયક નથી, છોડવા લાયક નથી, કરવા લાયક નથી, ગાવા લાયક નથી, કે આપવા લાયક નથી. (૨/૬૪)

### ❈ ભાવનાજ્ઞાનવાળા સિદ્ધ યોગી કૃતકૃત્ય ❈

***ટીકાર્થ*** :- શુદ્ધ ઉપયોગમય નિર્વિકલ્પક સમાધિ એ જ પરમાર્થ છે, પરમ તત્ત્વ છે. તેમાં અનેક પ્રકારના યશકીર્તિ વગેરે ઔદયિક ભાવોના ઢગલાબંધ ખળભળાટો શાંત થઈ જાય છે. નામનાની કામનાવાળો જીવ તેવા પરમતત્ત્વનો પરમાર્થથી અનુભવ કરી શકતો નથી. એ પરમતત્ત્વવિષયક ભાવનાજ્ઞાનથી પવિત્ર થયેલા સિદ્ધ યોગી પુરૂષોને કોઈ પણ દેશમાં, કોઈ પણ કાળમાં, કોઈ પણ વસ્તુનો શોક કરવાની જરૂર નથી, લેવા જેવી નથી, દેવા જેવી નથી, કોઈ પણ કાવ્ય વગેરે ગાવાની જરૂર નથી. કોઈ પણ સદનુષ્ઠાન કર્તવ્યરૂપે આવશ્યક રહેતું નથી, કારણ કે તે યોગી પુરૂષો કૃતકૃત્ય થયેલા છે. સમયસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> પૌદ્ગલિક ધર્મો અનેકવિધ છે, આત્માના પરિણામ પણ અનેકવિધ છે તથા પુદ્ગલદ્રવ્ય પણ પોતપોતાના ભાવોથી પરિણમે છે. - આવું જાણતો પણ જ્ઞાની પરદ્રવ્યના પર્યાયોને પરિણમાવતો નથી, ગ્રહણ કરતો નથી કે ઉત્પન્ન કરતો નથી. <— તથા પ્રવચનસાર ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> કેવલજ્ઞાની ભગવાન ચારે બાજુથી સર્વ દ્રવ્યને સંપૂર્ણપણે જાણે છે પરંતુ પરદ્રવ્યને ગ્રહણ કરતા નથી કે છોડતા નથી. <— (૨/૬૪)

બીજા અધિકારનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે –

***શ્લોકાર્થ*** :- આ પ્રમાણે જે મુનિરાજ સારી રીતે આત્મજ્ઞાનની ચતુરાઈમાં ક્રીડા કરે છે અને જ્ઞાનધારાને

**इति सुपरिणतात्मख्यातिचातुर्यकेलि-र्भवति यतिपतिर्यश्चिद्भरोद्भासिवीर्यः ।**
**हरहिमकरहारस्फारमन्दारगङ्गा-रजतकलशशुभ्रा स्यात्तदीया यशःश्रीः ॥६५॥**

**इति** = अमुना प्रकारेण **यो यतिपतिः** = वाचंयमवरेण्यः **सुपरिणतात्मख्यातिचातुर्यकेलिः** = सत्फलोपधायक-स्वानुभूतिनैपुण्यक्रीडः **चिद्भरोद्भासिवीर्यः** = अपरोक्षानुभवधारोत्कर्षकसामर्थ्यो **भवति तदीया** = स्वामित्वसम्बन्धेन तन्निष्ठा **यशःश्रीः स्यात्** । सा च कीदृशी ? इत्याह **हरहिमकरहारस्फारमन्दारगङ्गारजतकलशशुभ्रेति** । शङ्करशिर्षोर्ध्वस्थशशिना, उज्ज्वलमुक्ताफलनिर्मितेन शुक्लसूत्रग्रथितेन हारेण, स्फारेण तेजस्विना मन्दारेण = कल्पवृक्षेण, निर्मलगङ्गया, रजतनिर्मितेन च कुम्भेन सदृशा शुभ्रा = शुक्ला । 'यशःश्रीः'पदेनानुषङ्गतः ग्रन्थकृता 'यशोविजय' इति स्वाभिधानमपि सूचितम् ॥२/६५॥

इदञ्चात्रावधेयम् - अभव्यादीनां तु ज्ञानमेव नास्ति, साधिकनवपूर्वगोचरः तद्बोधोऽप्यज्ञानस्वरूप एव। अपुनर्बन्धकादीनां बोधः सहजमलह्रासात् व्यवहारतः ज्ञानबीजरूपः । सम्यग्दृष्ट्यादीनां बोधः तात्त्विकं ज्ञानम्; ग्रन्थिभेदेन विपर्यासनाशात् । अपूर्वकरणादिगुणस्थानकेषु प्रागुक्तः (२/२) प्रातिभज्ञानरूपो नैश्चयिको ज्ञानयोगः समस्ति । ज्ञानयोगस्य कृत्स्ना शुद्धिः = सार्थकता तु केवलज्ञान एव । अस्याधिकारस्य च ज्ञानयोगशुद्धिनिमित्तत्वात् 'ज्ञानयोगशुद्धिः' इत्यभिधानं गुणनिष्पन्नमेवेति ध्येयम् ।

---

વધારનાર સામર્થ્યવાળા બને છે તેના યશની શોભા મહાદેવના માથા ઉપર રહેલ ચંદ્ર, મોતીનો હાર, કલ્પવૃક્ષ, નિર્મળ ગંગા, ચાંદીના કળશ જેવી ઉજ્જવળ થાય છે. (૨/૬૫)

## ✧ મહામુનિની ઉજ્જવળ યશકીર્તિ ✧

**ટીકાર્થ** :- આ પ્રકારે જે મુનિઓમાં શિરોમણિ એવા યોગી સત્ફલોત્પાદક એવી સ્વાનુભૂતિની ચતુરાઈમાં રમવાના કારણે અપરોક્ષ સ્વાનુભવની ધારાને વધારે તેવા સામર્થ્યને પામે છે તેમનામાં સ્વામિત્વસંબંધથી રહેલી યશની શોભા અત્યંત ઉજ્જવળ થાય છે. મહાદેવના માથાની ઉપર રહેલ ચંદ્ર, ઉજ્જવળ મોતીથી બનાવેલ અને સફેદ દોરાથી ગૂંથેલ હાર, તેજસ્વી કલ્પવૃક્ષ, નિર્મળ ગંગા અને ચાંદીના કળશ જેવી તે યશની શોભા ઉજ્જવળ હોય છે. 'यशःश्री' આ શબ્દ દ્વારા આનુષંગિક રીતે ગ્રંથકારશ્રીએ 'યશોવિજય' એવું પોતાનું નામ પણ સૂચિત કરેલ છે. (૨/૬૫)

અભવ્ય પાસે તો જ્ઞાન જ નથી. તેનો સાધિક નવપૂર્વસંબંધી જે કાંઈ બોધ છે તે અજ્ઞાનસ્વરૂપ જ છે. અપુનર્બંધક વગેરે જીવો પાસે જે બોધ છે તે સહજમલહ્રાસના કારણે વ્યવહારથી જ્ઞાનબીજસ્વરૂપ છે. સમકિતદષ્ટિ વગેરે જીવ પાસે જે કાંઈ બોધ છે તે વાસ્તવિક જ્ઞાનસ્વરૂપ છે. કેમ કે ગ્રંથિભેદ થવાના લીધે તેનો વિપર્યાસ નષ્ટ થયેલ છે. ૮મા ગુણસ્થાનકથી ૧૨મા ગુણસ્થાનક સુધી રહેલા જીવો પાસે નિશ્ચય નયથી જ્ઞાનયોગ છે. તેનું બીજું નામ પ્રાતિભજ્ઞાન છે આ પ્રસ્તુત અધિકારના બીજા શ્લોકમાં જણાવી ગયેલા જ્ઞાનયોગની પરિપૂર્ણ શુદ્ધિ-સાર્થકતા તો કેવલજ્ઞાનમાં છે. જ્ઞાનયોગશુદ્ધિનું નિમિત્ત હોવાથી આ અધિકારનું જ્ઞાનયોગશુદ્ધિ એવું નામ ગુણનિષ્પન્ન જ છે, યાદચ્છિક નથી - આ વાત ધ્યાનમાં રાખવી.

આ પ્રમાણે જગદ્ગુરૂબિરૂદને ધારણ કરનાર શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય અને છએ દર્શનોની વિદ્યામાં વિશારદ એવા મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજય ગણિવર થયા. તેમના શિષ્ય અને શાસ્ત્રવેત્તામાં

**।। इति जगद्गुरुबिरुदधारि-श्रीहीरविजयसूरीश्वर-शिष्यषट्तर्कविद्याविशारद-महोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्य-शास्त्रज्ञतिलकपण्डितश्री-लाभविजयगणिशिष्य-मुख्यपण्डितजीतविजयगणि-सतीर्थ्यालङ्कारपण्डितश्रीनयविजयगणिचरणकजचञ्चरीकेण पण्डितपद्मविजयगणिसहोदरेण न्यायविशारदेन महोपाध्यायश्री-यशोविजयगणिना विरचितेऽध्यात्मोपनिषत्प्रकरणे ज्ञानयोगशुद्धिनामा द्वितीयोऽधिकारः ।।२।।**

इति वर्धमानतपोनिधिन्यायविशारद-श्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारकमुनि-**श्रीविश्वकल्याणविजयशिष्यश्रीयशोविजयेन** विरचितायां अध्यात्मवैशारद्यां अध्यात्मोपनिषट्टीकायां ज्ञानयोग-शुद्धिनामाऽयं द्वितीयोऽधिकारः ।

---

શાસ્ત્રવેત્તામાં તિલકસમાન એવા પંડિત શ્રીલાભવિજયગણિના શિષ્ય, પંડિતશિરોમણિ જિતવિજયજીગણિના ગુરૂભાઈ પંડિતશ્રી નયવિજયજી ગણિ થયા. તેમના ચરણ-કમલમાં ભ્રમરસમાન અને પંડિત પદ્મવિજયજી ગણીના સંસારીપણે ભાઈ એવા ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિએ રચેલ **અધ્યાત્મોપનિષદ્** પ્રકરણના જ્ઞાનયોગશુદ્ધિ નામના બીજા અધિકારની ઉપર વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ શ્રીભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પદ્મમણિતીર્થોદ્ધારક મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી યશોવિજયે રચેલ **અધ્યાત્મવૈશારદી ટીકા** તેમ જ તેનો **અધ્યાત્મપ્રકાશ** નામનો ભાવાનુવાદ સાનંદ સમાપ્ત થયો.

## ॥ अथ तृतीयः क्रियायोगशुद्ध्यधिकारः ॥

**यान्येव साधनान्यादौ, गृह्णीयाज्ज्ञानसाधकः ।**
**सिद्धयोगस्य तान्येव, लक्षणानि स्वभावतः ॥१॥**

❖ अध्यात्मवैशारदी ❖

द्वितीयाधिकारे ज्ञानयोगशुद्धिरभिहिता । अधुना ज्ञानयोगिनः क्रियायोगशुद्धिमावेदयति —> **'यानी'**ति ।

**ज्ञानसाधकः** = ज्ञानयोगसमाराधको **यानि एव** तपो-नियम-संयम-स्वाध्याय-ध्यानावश्यकादीनि **साधनानि आदौ** = ज्ञानयोगारम्भदशायां **गृह्णीयात्** = जिनवचन-प्रणीधानपुरस्सरमुपाददित **सिद्धयोगस्य** = सिद्धसंज्ञानयोगस्य **लक्षणानि** = चिह्नानि **स्वभावतः** = सदागमवचनस्मरणं विनैव तज्जन्यात् मोहविलयानुविद्धात् दृढसंस्कारात् **तान्येव** तपो-नियमादीनि विशुद्धतराणीत्यवगन्तव्यम् । असङ्गानुष्ठानरूपाणि तान्यवगन्तव्यानि । तल्लक्षणन्तु प्रवृत्तिकाले वचनप्रतिसन्धाननिरपेक्षं दृढतरसंस्काराच्चन्दनगन्धन्यायेनाऽऽत्मसाद्भूतं क्रियासेवनमित्यवगन्तव्यम् । तदुक्तं **षोडशके** —> यत्त्वभ्यासातिशयात् सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः । तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ॥ <— (१०/७) इति ॥३/१॥

निरुक्तमेव समर्थयति —> **'अत'** इति ।

---

### ❖ અધ્યાત્મ પ્રકાશ ❖

બીજા અધિકારમાં જ્ઞાનયોગની શુદ્ધિ જણાવી હવે જ્ઞાનયોગીના ક્રિયાયોગની શુદ્ધિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u> :-** જ્ઞાનસાધક પ્રારંભમાં જે સાધનોને ગ્રહણ કરે છે તે જ સાધનો યોગસિદ્ધ પુરૂષના સ્વભાવથી લક્ષણ બની જાય છે. અર્થાત્ તે સાધનો સ્વભાવભૂત બની જાય છે.

### ❦ પ્રારંભિક સાધનો પશ્ચાત્ સ્વભાવ બને ❦

**<u>ટીકાર્થ</u> :-** જ્ઞાનયોગના સમારાધક યોગી પુરૂષ જ્ઞાનયોગની પ્રારંભિક અવસ્થામાં તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક વગેરે જે સાધનોને "ભગવાને આ યોગને સ્વીકારવાનું મારા માટે જણાવેલ છે." - આ પ્રમાણે આદરપૂર્વક જિનવચનના પ્રણિધાનપૂર્વક ગ્રહણ કરે તે તપ, નિયમ વગેરે સાધનો યોગસિદ્ધ પુરૂષોના સ્વાભાવિક ચિહ્ન બની જાય છે. પૂર્વકાળમાં સમ્યગ્ રીતે જે આગમ વચનનું પ્રણિધાન કરેલું તેનાથી ઉત્પન્ન થયેલા દઢ સંસ્કાર મોહનીયકર્મના ક્ષયોપશમ વગેરેથી અનુવિદ્ધ હોય છે. આથી જિનવચનના સ્મરણ વિના જ તથાવિધ દઢ સંસ્કારથી તપ, નિયમ વગેરે સાધનો અત્યંત વિશુદ્ધ બની જાય છે. સ્વભાવભૂત થયેલા પરિશુદ્ધ તપ, નિયમ વગેરે જ યોગસિદ્ધ પુરૂષના લક્ષણ જાણવા. અર્થાત્ તે અનુષ્ઠાનો અસંગ કક્ષાના હોય છે તેવું જાણવું. પ્રવૃત્તિ સમયે જિનવચનના સ્મરણની જેને અપેક્ષા નથી તેવું ક્રિયાનું પાલન અત્યંત દઢ સંસ્કારથી થાય કે જે ચંદનગંધન્યાયથી આત્મસાત્ થઈ ચૂકેલ હોય તે અસંગ અનુષ્ઠાન જાણવું. જેમ ચંદનની સાથે સુગંધ એકમેક થઈ જાય છે તેમ દઢ સંસ્કારથી ક્રિયાનું આચરણ અહીં આત્મસાત્ થઈ ગયેલું જાણવું. <u>ષોડશક</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> અભ્યાસના પ્રકર્ષના લીધે જાણે આત્મસાત્ થઈ ગયેલ હોય તે રીતે જે અનુષ્ઠાન મહામુનિઓ દ્વારા આચરવામાં આવે તે અસંગ અનુષ્ઠાન કહેવાય છે. જિનવચનપ્રણિધાનયુક્ત અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલ દઢ સંસ્કારથી અસંગ અનુષ્ઠાન થાય છે. <— <u>(૩/૧)</u>

પ્રસ્તુત વાતનું જ ગ્રંથકારશ્રી સમર્થન કરે છે.

**अत एव जगौ यात्रां, सत्तपोनियमादिषु ।**
**यतनां सोमिलप्रश्ने, भगवान् स्वस्य निश्चिताम् ।।२।।**

**अत एव** = ज्ञानयोगसाधकगृहीतसाधनानां सिद्धयोगे स्वभावतः सद्भावादेव, —> भगवन् ! किं तव यात्रा ? <— इत्येवं **सोमिलप्रश्ने** समुपस्थिते सति **भगवान्** महावीरः **सत्तपो-नियमादिषु स्वस्य यतनां निश्चितां** = निश्चयनयाभिप्रेतां **यात्रां** = संयमयात्रां **जगौ** = उवाच । तदुक्तं **भगवत्यां —>** किं ते भंते जत्ता ? सोमिला ! जं मे तव-नियम-संजम-सज्झाय-झाणावस्सयमादीएसु जोगेसु जयणा से त्तं जत्ता <— (१८/१०-६४२) इति । तद्व्याख्यायां **श्रीअभयदेवसूरिभिः —>** इह तपः अनशनादि, नियमाः तद्विषया अभिग्रहविशेषा यथा 'एतावत्तपःस्वाध्याय-वैयावृत्त्यादि मयाऽवश्यं रात्रिन्दिवादौ विधेयमि'-त्येवंरूपाः, संयमः प्रत्युपेक्षादिः, स्वाध्यायो धर्मकथादिः, ध्यानं धर्मादिः, आवश्यकं षड्विधं- एतेषु च यद्यपि भगवतः **किञ्चिन्न तदानीं विशेषतः सम्भवति** तथापि तत्फलसद्भावात्तदस्तीत्यवगन्तव्यम् <— इत्येवं व्याख्यातम् । निश्चयनयो हि तत्कार्यसत्त्वे तत्सत्त्वमभ्युपैति । अत एव सिद्धेष्वपि चारित्रमिष्यते निश्चयनयेन । यथा धन-धान्य-हिरण्यादिनवविधपरिग्रहमध्याद् रूप्यकलक्षण-धनशून्योऽपि महार्घ्यप्रासादाऽऽपण-महाक्षेत्र-

**<u>શ્લોકાર્થ</u>** :- માટે જ "તમારી યાત્રા શું છે ?" - આવો સોમિલકૃત પ્રશ્ન ઉપસ્થિત થતાં ભગવાને સત્ તપ, નિયમ વગેરેને વિશે પોતાની યતનાને નિશ્ચિત રીતે યાત્રા તરીકે જણાવી. **<u>(૩/૨)</u>**

### ❀ ભગવાનની યતના એ જ યાત્રા ❀

**<u>ટીકાર્થ</u>** :- જ્ઞાનયોગના સાધક એવા યોગી પુરૂષે પ્રાથમિક કક્ષામાં ગ્રહણ કરેલ તપ, નિયમ વગેરે સાધનો યોગસિદ્ધ પુરૂષમાં સ્વભાવથી વિદ્યમાન હોવાના કારણે જ —> હે ભગવાન ! તમારી યાત્રા શું છે ? આ પ્રમાણે સોમિલ નામના બ્રાહ્મણ દ્વારા કરવામાં આવેલ પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે ભગવાનશ્રી મહાવીરસ્વામીએ સુંદર એવા તપ, નિયમને વિશે પોતાની યતનાને નિશ્ચિતરૂપે = નિશ્ચયનયને અભિપ્રેત રૂપે સંયમ યાત્રારૂપે જણાવી. <u>ભગવતી સૂત્રમાં</u> જણાવેલ છે કે —> "હે ભગવાન ! તમારી યાત્રા શું છે ?" આવા પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરે જણાવ્યું કે "હે સોમિલ ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યકષટ્ક વગેરે યોગોને વિશે મારી જે જયણા છે તે જ મારી યાત્રા છે." <—તેની વ્યાખ્યામાં <u>શ્રીઅભયદેવસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે - —> અહીં અનશન વગેરે = તપ, તપવિષયક અભિગ્રહવિશેષ = નિયમ, જેમ કે "રાતદિવસ વગેરેમાં આટલો તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ વગેરે મારે અવશ્ય કરવાના છે.", પ્રત્યુપેક્ષા = સંયમ, ધર્મકથા વગેરે = સ્વાધ્યાય, ધર્મધ્યાન વગેરે ધ્યાન અને ષડ્વિધ આવશ્યક - આ બધામાંથી જો કે ભગવાનને કોઈ પણ યોગ ત્યારે વિશેષરૂપે સંભવતો નથી, તો પણ તેનું ફળ વિદ્યમાન હોવાના કારણે તે વિદ્યમાન છે તેમ જાણવું. <— નિશ્ચય નય તે યોગનું ફળ હોય ત્યારે તે યોગને સ્વીકારે છે. તેથી જ સિદ્ધ ભગવંતોમાં નિશ્ચય નયને ચારિત્ર માન્ય છે. જેમ મોટી કિંમતી હવેલી, મોટી દુકાન, લાંબા ખેતરો, પુષ્કળ કરિયાણું, અનેક વાહનો (મરસીડીઝ-મારૂતી વગેરે મોટરો) અને અનેક નોકરચાકરના માલિક પાસે ખીસામાં પાંચ પૈસા પણ ન હોય અથવા સંયોગવશ બેન્ક બેલેન્સ વગેરે કશું ન હોય છતાં પણ ત્યારે 'તે ધનવાન છે.' - આ પ્રમાણે લોકો જાણે છે અને વ્યવહાર કરે છે, કારણ કે ધન, ધાન્ય, સુવર્ણ વગેરે નવ પ્રકારના પરિગ્રહમાંથી પોતાની પાસે રોકડા પૈસા ન હોવા છતાં પણ ધનનું ફળ મોટર, ગાડી, બંગલો, દુકાન, ખેતર વગેરે તેની પાસે વિદ્યમાન છે. તે જ રીતે પ્રસ્તુત ભગવદ્યાત્રાને વિશે અર્થઘટન વિજ્ઞવાચકવર્ગે જાણવું. <u>અભયદેવસૂરિ</u> મહારાજના શબ્દોને અનુસરીને અહીં આ પ્રમાણે નિરૂપણ કરેલ છે.

इदञ्चा० । અહીં આ વાત ખ્યાલમાં રાખવી કે "વાસ્તવમાં તો ભગવાનને કોઈ પણ યોગ ત્યારે વિશેષરૂપે સંભવતો

प्रचुरक्रयाणक-नानाविधयानानेकभृत्यसमेतो जनो 'धनवानि'ति व्यवह्रियते ज्ञायते च, धनफलसद्भावात्। तथेदमप्यवगन्तव्यम् । इदञ्च यथाश्रुतव्याख्यानं कृतम् ।

इदञ्चात्रावधेयम्-व्याख्याप्रज्ञप्तिवृत्तिकृता 'किञ्चिन्न तदानीं विशेषतः सम्भवती'ति यदुक्तं तत्र विशेषतः = प्रीति-भक्ति-वचनानुष्ठानत्वमाश्रित्य तदानीं = केवलिदशायां तपोनियमादि न सम्भवति तथापि असङ्गानुष्ठानरूपं तु तत् सर्वं स्वरूपतोऽपि प्रायः तदानीमबाधितमेवेत्यर्थोऽवगन्तव्यः । तथाहि- भगवतः महावीरस्य केवलज्ञानलाभोत्तरकाले जघन्यत एकाशनरूपं तपः सर्वदा भवति स्म, अन्तकाले षष्ठभक्तरूपं तपः, पञ्चमहाव्रतस्वरूपो नियमः, चत्वारिंशद्दोषशुद्धपिण्डभोजन-सावद्याप्रवृत्तगृहस्थाप्रवर्त्तनात्मकोपेक्षादिरूपः संयमः, स्वस्याऽऽत्मनोऽनुभवलक्षणोऽध्यायः = स्वाध्यायः सार्वकालिकः; धर्मकथालक्षणः स्वाध्यायस्तु प्रहरद्वयप्रमाणः प्रतिदिनं, 'करेमि सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए:...' इत्यादिना दीक्षाकाले प्रतिज्ञातं यावत्कालिकं सामायिकाभिधानं प्रथममावश्यकं, देशनावसरे चतुर्विंशतिजिनेन्द्रनाम-देहमानाद्युत्कीर्त्तनाद्यात्मकं चतुर्विंशतिस्तवाभिधानं द्वितीयमावश्यकं यद्वा देशनाकाले

---

**નથી.'' આવું જે અભયદેવસૂરિ મહારાજે ભગવતીસૂત્રની ટીકામાં જણાવેલ છે તેનું તાત્ત્વિક અર્થઘટન આ પ્રમાણે લાગે છે કે —> 'ભગવાનને ત્યારે =કેવલી અવસ્થામાં તપ, નિયમ વગેરે કોઈ પણ યોગ વિશેષરૂપે = સાધના કક્ષાના પ્રીતિ, ભક્તિ અને વચન-અનુષ્ઠાન રૂપે સંભવતો નથી, તો પણ અસંગ અનુષ્ઠાન રૂપે તે બધા જ યોગો સ્વરૂપથી પણ ત્યારે કેવલી અવસ્થામાં અબાધિત જ છે.' તે આ પ્રમાણે - ભગવાન મહાવીરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી જઘન્યથી રોજ એકાસણા રૂપ તપ હતો અને અંતસમયે તો છઠ્ઠસ્વરૂપ તપ હતો. પાંચ મહાવ્રતસ્વરૂપ નિયમ પણ કેવલી તીર્થંકરને હોય છે. બેંતાલીશ દોષરહિત ગોચરીનું ભોજન, સાવદ્યયોગમાં સ્વયં પ્રવૃત્ત ન થયેલા અથવા ધંધા વગેરેમાં સીદાતા ગૃહસ્થને સાવદ્યમાં ન પ્રવર્તાવવા સ્વરૂપ ઉપેક્ષા (દશવૈકા-વૃત્તિ-પૃષ્ઠ.૨૬) વગેરે સ્વરૂપ સંયમ ભગવાનમાં હોય છે. સ્વાધ્યાય = સ્વનો- પોતાનો અધ્યાય-અનુભવ. આત્માનુભવ સ્વરૂપ સ્વાધ્યાય તીર્થંકર પરમાત્માને સર્વદા હોય છે. તેમ જ ધર્મકથા સ્વરૂપ સ્વાધ્યાય રોજ બે પ્રહર (સામાન્યથી ૬ કલાક) પ્રમાણ હોય છે. ભગવાન કેવલજ્ઞાન પ્રાપ્તિ બાદ રોજ સવારે અને સાંજે ૧-૧ પ્રહરની અમોઘ ધર્મદેશના રોજ અવશ્ય આપે. આ રીતે ભગવાનમાં સ્વાધ્યાય પણ નિરાબાધરૂપે સંગત થાય છે. તેમજ 'હું સામાયિક કરૂં છું. જ્યાં સુધી જીવું ત્યાં સુધી સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો હું ત્યાગ કરૂં છું...' ઈત્યાદિરૂપે દીક્ષા સમયે ભગવાને જીવનભર સુધી પ્રતિજ્ઞા કરેલ સામાયિક નામનું પ્રથમ આવશ્યક ભગવાનમાં અવશ્ય હોય છે. ભગવાન દેશનામાં વર્તમાન ઉત્સર્પિણી-અવસર્પિણીમાં થયેલા ચૌવિશેય તીર્થંકરોના નામ, દેહમાન વગેરેની પ્રરૂપણા કરે છે. તે ચતુર્વિંશતિસ્તવ(કીર્તન) નામનું બીજું આવશ્યક ગણી શકાય. અથવા દેશના સમયે 'नमो तित्थस्स' કહીને સિંહાસન પર આરૂઢ થાય છે. એ અપેક્ષાએ એમ કહી શકાય કે તીર્થ અને તીર્થંકરની વચ્ચે અભેદ ઉપચાર કરવાથી ચોવીસેય તીર્થંકર ભગવંતો તીર્થસ્વરૂપ છે. માટે તીર્થનમસ્કારમાં તીર્થંકરનમસ્કાર સમાઈ જાય. વળી તીર્થ શ્રમણપ્રધાન સંઘસ્વરૂપ પણ છે. આથી ગુરૂતત્ત્વ પણ તીર્થસ્વરૂપ છે. તેથી ગુરૂવંદન = ગુરૂતત્ત્વનમસ્કાર પણ તીર્થનમસ્કારમાં સમાઈ જાય છે. તેથી તીર્થને નમસ્કાર કરવાથી ચતુર્વિંશતિસ્તવ નામનું બીજું આવશ્યક અર્થાત્ ચોવીશેય તીર્થંકરને નમસ્કાર તેમ જ વંદન નામનું ત્રીજું આવશ્યક ભગવાનમાં સંગત થાય છે. પ્રતિક્રમણ એ ચોથું આવશ્યક છે. કરેલાં પાપથી પાછા ફરવું એ બીજા નંબરનું પ્રતિક્રમણ છે. વાસ્તવમાં તો 'પાપ જ ન કરવું' એ જ મૂળ પ્રતિક્રમણ છે. આ વાત આવશ્યક-નિર્યુક્તિમાં જણાવેલ છે તે ધ્યાનમાં રાખવું. ભગવાનમાં 'પાપને ન કરવા સ્વરૂપ' પ્રતિક્રમણ તો નિયમા હોય જ છે. આ રીતે ચોથું આવશ્યક પણ ભગવાનમાં નિરુપચરિતરૂપે સંગત થાય છે. સંપૂર્ણપણે દેહાધ્યાસને છોડવો તે નૈશ્ચયિક કાયોત્સર્ગ છે. ભગવાનને**

'नमो तित्थस्स' इत्येवमुच्चारणरूपं चतुर्विंशतिस्तववंदनाभिधानमावश्यकद्वितयं; तीर्थ-तीर्थङ्करयोरभेदोपचारात्, गुरुतत्त्वस्य श्रमणप्रधानसङ्घलक्षणे तीर्थे समावेशाच्च, पापाऽकरणस्वरूपं **आवश्यकनिर्युक्ति**प्रतिपादितं प्रतिक्रमणाभिधानं चतुर्थमावश्यकं, कृत्स्नदेहाध्यासत्यागरूपो नैश्चयिकः सार्वत्रिकः सार्वदिकः कायोत्सर्गः, यद्वाऽन्तकाले पादपोपगमनानशनरूपः कायोत्सर्गः, तथा सार्वकालिकं सार्वदैशिकञ्च नैश्चयिकं सर्वसावद्यप्रत्याख्यानं स्वरूपतश्चानुष्ठीयमानमेकाशनादिरूपं प्रत्याख्यानं निर्विवादसिद्धम् । यद्वा —> सामाइअं[1] समइअं[2] सम्मावाओ[3] समास[4] संखेवो[5] । अणवज्जं[6] च परिन्ना[7] पच्चक्खाणे[8] अ ते अट्ठ ॥८६४॥ <— इत्येवं **आवश्यकनिर्युक्तौ** सामायिकप्रत्याख्यानयोः पर्यायशब्दत्वेन प्रदर्शनात् सामायिकसत्त्वे प्रत्याख्यानसत्त्वमयत्नसिद्धम् । यद्वा परिहरणीयसकलसावद्यवस्तुपरित्यागाद् भगवति प्रत्याख्यानसिद्धिः । तेषु च रागद्वेषरहितप्रयत्नरूपा यतनाऽपि निराबाधैव । तदुक्तं **निशीथभाष्ये** —> रागद्दोषविउत्तो जोगो असढस्स होति जयणा उ <— (६६९६) इति स्वरूपतोऽपि सत्सु असङ्गानुष्ठानरूपेषु तपोनियमादिषु भगवतो यतना रूपा हि यात्रा निश्चिता = अव्याहतैवेत्युत्प्रेक्षामहे ।

प्रतिसूत्रमनन्तार्थाः सर्वज्ञेनोपदर्शिताः । तन्मध्याद्भासते कश्चित् क्वचिद्गुरुप्रसादतः ॥१॥
कस्यचिद् भासतेऽन्योऽर्थो भिन्ननयव्यपाश्रयः । व्यामोहस्तत्र कार्यो न राद्धान्तमर्मवेदिना ॥२॥
स्वसिद्धान्ताऽविरोधेन नय-युक्त्याऽनुयोज्यताम् । तादृग्बहुश्रुतो नास्ति सम्प्रदायवियोगतः ॥३॥ ॥३/२॥

अत्रैव तन्त्रान्तरसंवादमाविष्करोति —> 'अत' इति ।

---

આવો કાયોત્સર્ગ સર્વદા અને સર્વત્ર હોય છે. અથવા તો અંતકાળે પાદપોપગમન અનશન સ્વરૂપ કાયોત્સર્ગ ભગવાનને હોય છે. આ રીતે પાંચમું કાઉસ્સગ નામનું આવશ્યક પણ ભગવાનમાં સિદ્ધ થાય છે. પચ્ચક્ખાણ એ છઠ્ઠું આવશ્યક છે. ભગવાનને સર્વત્ર, સર્વદા, સર્વ સાવદ્યનું નૈશ્ચયિક પચ્ચક્ખાણ હોય છે, અને સ્વરૂપથી તો આચરાઈ રહેલા એકાસણા વગેરે સ્વરૂપ પચ્ચક્ખાણ હોય જ છે. અથવા (૧) સામાયિક, (૨) સમયિક (૩) સમ્યક્વાદ (૪) સમાસ (૫) સંક્ષેપ (૬) અનવદ્ય (૭) પરિજ્ઞા અને (૮) પચ્ચક્ખાણ આ આઠ શબ્દ સામાયિકના પર્યાયવાચી છે. <— આ પ્રમાણે <u>આવશ્યકનિર્યુક્તિ</u>માં જણાવ્યા મુજબ સામાયિક અને પચ્ચક્ખાણ આ બન્ને પર્યાયવાચક શબ્દો છે. તેથી ભગવાનમાં સામાયિકની સિદ્ધિ થવાથી અનાયાસે પચ્ચક્ખાણની પણ સિદ્ધિ થઈ જાય છે. અથવા તો છોડવા યોગ્ય સર્વ સાવદ્યવસ્તુનો ત્યાગ હોવાના લીધે ભગવાનમાં પચ્ચક્ખાણની સિદ્ધિ થાય છે. આમ મહાવીર સ્વામી ભગવાનમાં છએ આવશ્યકો નિર્વિવાદ સિદ્ધ થાય છે. ઉપરોક્ત રીતે ભગવાનમાં સિદ્ધ થયેલા તપ, નિયમ, સંયમ વગેરેને વિશે રાગ-દ્વેષરહિત પ્રયત્ન સ્વરૂપ જયણા = યતના પણ નિરાબાધ જ છે. <u>નિશીથભાષ્ય</u>માં જણાવેલ છે કે —> દંભરહિત વ્યક્તિનો રાગાદિશૂન્ય યોગ એ જ યતના છે.<— આ રીતે સ્વરૂપથી પણ વિદ્યમાન અને અસંગ અનુષ્ઠાન કક્ષાના તપ, નિયમ વગેરેને વિશે ભગવાનની ઉપરોક્ત (જયણા=) યતના એ જ નિશ્ચિત=અવ્યાહત યાત્રાસ્વરૂપ જ છે. એવું અમને વિચારતા જણાય છે.

'જૈન આગમના પ્રત્યેક સૂત્રના અનન્ત અર્થ છે' એવું સર્વજ્ઞ ભગવંતોએ બતાવેલ છે. તે અનન્તા અર્થોમાંથી ગુરુની કૃપાથી કોઈક સાધકને આગમનો કોઈક અર્થ સ્ફુરાયમાન થાય છે તો અન્ય કોઈ સાધકને તે જ આગમનો બીજો જ અર્થ ગુરુકૃપાથી અન્ય નયની અપેક્ષાએ જણાય છે. પરંતુ જૈનસિદ્ધાન્તના મર્મજ્ઞ પુરુષે આ બાબતમાં કોઈ વ્યામોહ ન કરવો કે 'આ બે અર્થમાંથી કયો અર્થ સાચો હશે અને કયો અર્થ ખોટો હશે ?' કેમ કે પ્રાચીન તથાવિધ સમ્પ્રદાયનો વિયોગ હોવાથી હાલ કોઈ તેવા બહુશ્રુત સંયમી વિદ્યમાન નથી કે જે આવી તમામ ગૂઢ આગમિક બાબતોનો નિઃશંક નિર્ણય કરી શકે. માટે વિજ્ઞ વાચકવર્ગનું કર્તવ્ય એ જ છે કે જૈનસિદ્ધાન્તને બાધ ન આવે તે રીતે નયયુક્તિ દ્વારા આગમનું અર્થઘટન કરવું. વધુ કહેવાથી સર્યું. <u>(૩/૨)</u>

અહીં જ અન્યદર્શનના સંવાદને ગ્રંથકારશ્રી પ્રગટ કહે છે :-

**अतश्चैव स्थितप्रज्ञ-भावसाधनलक्षणे ।।**
**अन्यूनाभ्यधिके प्रोक्ते, योगदृष्ट्या परैरपि ।।३।।**

**अत एव** = योगसाधकगृहीतसाधनानां सिद्धयोगे स्वभावतः सद्भावादेव **च** = हि **परैरपि** = जैनेतरैरपि **योगदृष्ट्या** मोक्षयोजक-समत्वयोगगोचरबोधलक्षणया **अन्यूनाऽभ्यधिके** = तारतम्यशून्ये **स्थितप्रज्ञ-भावसाधनलक्षणे** = स्थितप्रज्ञभावस्य साधनं लक्षणं च **प्रोक्ते** ।

तदुक्तं **भगवद्गीतायां** —> प्रजहाति यदा कामान् सर्वान् पार्थ ! मनोगतान् । आत्मन्येवाऽऽत्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।।(२/५५) दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः । वीतरागभयक्रोधः *स्थितधीर्मुनिरुच्यते ।।* (२/५६) *यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् । नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा* प्रतिष्ठिता ।। (२/५७) यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः । इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ।। <—(२/५८) इत्येवं स्थितप्रज्ञभावलक्षणान्युक्तानि । **अध्यात्मतत्त्वालोके**ऽपि —> न हीन्द्रियार्थेषु यदाऽनुरज्येद् विकल्पनिर्मुक्तमना महात्मा । स किङ्करीभूतहृषीकवर्गो योगाधिरूढः स्थितधीस्तदा स्यात् ।। <— (६/८) इत्येवं स्थितप्रज्ञभावलक्षणमुक्तम् । स्थितप्रज्ञभावसाधनानि च **भगवद्गीतायामेव** —> बुद्ध्या विशुद्धया युक्तो धृत्याऽऽत्मानं नियम्य च । शब्दादीन् विषयान् त्यक्त्वा राग-द्वेषौ व्युदस्य च ।। विविक्तसेवी लघ्वाशी यत-वाक्कायमानसः । ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ।। अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् । विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूमाय कल्पते ।।<—(१८/५१-५३) इत्येवमुक्तानि । स्थितप्रज्ञभावसाधनानि **नारदपरि-**

---

**<u>શ્લોકાર્થ</u>** :- માટે જ અન્યદર્શનકારોએ પણ યોગદષ્ટિથી સ્થિતપ્રજ્ઞભાવના સાધન અને લક્ષણ અન્યૂનાધિક જણાવેલા છે. <u>(3/3)</u>

### ❀ સ્થિતપ્રજ્ઞના સાધન અને લક્ષણ સમાન છે ❀

**<u>ટીકાર્થ</u>** :- યોગની સાધના કરનાર સાધકે પ્રાથમિક અવસ્થામાં ગ્રહણ કરેલા સાધનો યોગસિદ્ધ પુરૂષમાં સ્વાભાવિક રીતે રહેલા હોય છે. તેથી જ જૈનેતર દર્શનકારોએ પણ સ્થિતપ્રજ્ઞભાવના સાધન અને લક્ષણ ઓછા-વધતાં નહિ પણ સમાન જ છે - એવું યોગદષ્ટિથી જણાવેલ છે. મોક્ષની સાથે જોડી આપે એવા સમત્વ યોગનો બોધ એ પ્રસ્તુતમાં યોગદષ્ટિ જાણવી. સ્થિતપ્રજ્ઞભાવના લક્ષણો <u>ભગવદ્ગીતામાં</u> આ પ્રમાણે જણાવેલ છે - —> હે અર્જુન ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી દે છે અને આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખોમાં નિસ્પૃહ થયેલ અને જેના રાગ, ભય, ક્રોધ ચાલી ગયા હોય તે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. જે સર્વત્ર આસક્તિ રહિત હોય, અને સારૂં કે ખરાબ જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી હર્ષ કે ખેદ કરતો નથી, તેની બુદ્ધિ સ્થિર છે અર્થાત્ તે સ્થિતપ્રજ્ઞ છે. જેમ કાચબો સર્વ અંગોને સમેટી લે છે તેમ આ યોગી પુરૂષ જ્યારે સર્વ ઈન્દ્રિયોને ઈન્દ્રિયોના વિષયથી ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે. અર્થાત્ તે સ્થિતપ્રજ્ઞ થાય છે. <—<u>અધ્યાત્મતત્ત્વાલોકમાં</u> પણ સ્થિતપ્રજ્ઞભાવના લક્ષણ જણાવતા કહેલ છે કે —> ઈન્દ્રિયના વિષયમાં જ્યારે અનુરાગ ન થાય ત્યારે મહામુનિ વિષયોમાં ઈષ્ટ, અનિષ્ટ વિકલ્પોથી વિમુક્ત મનવાળા થાય છે. ઈન્દ્રિયોના સમૂહને પોતાના કિંકર બનાવીને તે મહામુનિ જ્યારે યોગાધિરૂઢ થાય છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ બને છે. <—<u>ભગવદ્ગીતામાં</u> જ સ્થિતપ્રજ્ઞભાવના સાધનો આ પ્રમાણે જણાવેલ છે <—વિશુદ્ધ બુદ્ધિવાળો યોગી ધીરતાપૂર્વક પોતાની જાતનું નિયમન કરી, શબ્દ-સ્પર્શાદિ વિષયોનો ત્યાગ કરીને, રાગ,દ્વેષને છોડીને, પરિમિત આહાર અને એકાંત સેવન દ્વારા મન, વચન, કાયાને વશ કરી, સદા ધ્યાન-યોગમાં પરાયણ રહી, વૈરાગ્ય ધારણ કરી, અહંકાર-ઘમંડ-કામ-ક્રોધ-પરિગ્રહનો ત્યાગ કરી મમતા રહિત અને શાંત થાય

**व्राजकोपनिषदि** -> निर्मानी चानहङ्कारो निर्द्वन्द्वो नष्टसंशयः । नैव क्रुध्यति न द्वेष्टि नानृतं भाषते गिरा ॥ पुण्यायतनचारी च भूतानामविहिंसकः । काले प्राप्ते भवेद् भैक्षं कल्पते ब्रह्मभूयसे ॥ <— (५/४४-४५) इत्येवमुक्तानि। सिद्ध-साधकसादृश्यं प्रदर्शयता ग्रन्थकृतैव **अध्यात्मसारे** —> शान्तो दान्तो भवेदीदृगात्मारामतया स्थितः। सिद्धस्य हि स्वभावो यः सैव साधकयोग्यता ॥ <— (१६/६८) इत्युक्तम् ॥३/३॥

सिद्धयोगस्य यथेच्छाचरणमनुचितमित्याह —> 'ने'ति ।

**नाज्ञानिनो विशिष्येत, यथेच्छाचरणे पुनः ।**
**ज्ञानी स्वलक्षणाभावात्, तथा चोक्तं परैरपि ॥४॥**

**यथेच्छाचरणे** = लोक-शास्त्रनिरपेक्षस्वमनःकल्पितकार्यकरणे **पुनः ज्ञानी** = ज्ञानिपदेन व्यवहार्यः **अज्ञानिनः** = आत्मज्ञानशून्यात् पुरुषात् **न विशिष्येत** = नातिशेते । ज्ञान्यज्ञानिनौ तुल्यौ स्यातां कामचारप्रवृत्ताविति भावः । अत्र हेतुमाह - **स्वलक्षणाभावात्** = ज्ञानयोगिसम्बन्धियसाधारणलक्षणविरहात् । प्रकृते ज्ञानिपदेन पण्डितो योगारूढो युक्तयोगी ज्ञानसंन्यासी वा बोध्यः । तल्लक्षणानि तु —> यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः । ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ (४/१९) यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्यते । सर्वसङ्कल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ (६/४) ज्ञान-विज्ञानतृप्तात्मा

---

છે. આથી તે બ્રહ્મભાવને પ્રાપ્ત થવા યોગ્ય બને છે. <— સ્થિતપ્રજ્ઞપણાના સાધનો બતાવતા <u>નારદપરિવ્રાજક</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> મનશૂન્ય, અહંકારરહિત, દ્વંદ્વરહિત જેના સંશય ટળી ગયા છે એવો આત્મા ક્યારેય ક્રોધ કરતો નથી, દ્વેષ કરતો નથી કે વાણીથી જુઠું બોલતો નથી. પુણ્યના સ્થાનોમાં રમનારો એવો તે સાધક જીવોની ક્યારેય હિંસા કરતો નથી. અને અવસર પ્રાપ્ત થાય ત્યારે ભિક્ષા ગ્રહણ કરે છે. તેવા સાધક બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે યોગ્ય છે. <— ઉપરોક્ત વચનોમાં સ્થિતપ્રજ્ઞભાવના સાધન અને લક્ષણમાં રહેલી સમાનતા આંખે ઉડીને વળગે એવી છે. સિદ્ધયોગી અને સાધકયોગી વચ્ચે રહેલી સમાનતાને બતાવતા પ્રસ્તુત ગ્રંથકારે <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> આત્મરમણતાથી સ્થિર થયેલ શાન્ત અને દાન્ત યોગી સ્થિતપ્રજ્ઞ થાય છે કારણ કે યોગસિદ્ધ પુરૂષનો જે સ્વભાવ છે તે જ યોગસાધક પુરૂષમાં યોગ્યતા રૂપે રહેલો છે. <— <u>(૩/૩)</u>

યોગસિદ્ધ પુરૂષનું આચરણ જો યથેચ્છ = સ્વચ્છંદ હોય તો તે અનુચિત કહેવાય છે. એવું જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે :

<u>**શ્લોકાર્થ**</u> :- જ્ઞાની પણ જો સ્વચ્છંદ રીતે આચરણા કરે તો તે જ્ઞાની અજ્ઞાની કરતાં ચઢિયાતા નથી કારણ કે તેમાં જ્ઞાનીના અસાધારણ લક્ષણ રહેલા નથી. તે પ્રમાણે અન્ય દર્શનકારોએ પણ જણાવેલ છે. <u>(૩/૪)</u>

## ❀ સ્વચ્છંદ આચારવાળો જ્ઞાની પણ અજ્ઞાની જ ❀

<u>**ટીકાર્થ**</u> :- જ્ઞાની તરીકે જે વ્યક્તિનો લોકમાં વ્યવહાર થાય છે તે જો લોકથી અને શાસ્ત્રથી નિરપેક્ષ અને પોતાના મનથી કલ્પિત કાર્ય કરે અર્થાત્ શાસ્ત્રવિરૂદ્ધ કે ધર્મવિરૂદ્ધ કે લોકવિરૂદ્ધ આચરણ કરે તો તે કહેવાતા જ્ઞાની પણ આત્મજ્ઞાનશૂન્ય અજ્ઞાની પુરૂષ કરતાં કોઈ રીતે ચઢિયાતા નથી. કહેવાનો ભાવ એ છે કે કામચાર પ્રવૃત્તિ = પોતાની ઈચ્છા મુજબ આચરણા જ્ઞાની કરે તો જ્ઞાની અને અજ્ઞાની બન્ને સરખા છે; કારણ કે તે જ્ઞાનીમાં જ્ઞાનયોગીના અસાધારણ લક્ષણ રહેતા નથી. પ્રસ્તુતમાં જ્ઞાની પદથી (૧) પંડિત, (૨) યોગારૂઢ (૩) યુક્તયોગી અથવા જ્ઞાનસંન્યાસીને જાણવા. આ ત્રણેયના લક્ષણ <u>ભગવદ્ગીતામાં</u> આ પ્રમાણે જણાવ્યા છે. —> (૧) જેના સર્વ આરંભો કામના અને સંકલ્પથી રહિત હોય તથા જેના કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયા હોય તેને જ્ઞાની પુરુષો

कूटस्थो विजितेन्द्रियः । युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥ (६/८) यदा विनियतं चित्त-मात्मन्येवावतिष्ठते । निःस्पृहः सर्वकामेभ्यो 'युक्त' इत्युच्यते तदा ॥ <— (६/१८) इत्येवं **भगवद्गीता-**प्रदर्शितानि ग्राह्याणि । ज्ञानसंन्यासिलक्षणं तु **संन्यासोपनिषदि** —> शास्त्रज्ञानात् पाप-पुण्यलोकानुभव-श्रवणात्प्रपञ्चोपरतो देहवासनां शास्त्रवासनां लोकवासनां च त्यक्त्वा वान्तान्नमिव प्रवृत्तिं सर्वां हेयां त्यक्त्वा साधनचतुष्टयसम्पन्नो यः संन्यस्यति स एव ज्ञानसंन्यासी <— (२/२०) इत्येवमुक्तम् । —> निषेवते प्रशस्तानि निन्दितानि न सेवते । अनास्तिकः श्रद्धधान एतत् पण्डितलक्षणम् ॥ <— (उद्योगपर्व - ३३/१६) इत्येवं **महाभारतो**क्तमपि पण्डितलक्षणमत्रानुसन्धेयम् । —> अनागतानां भोगानामवाञ्छनमकृत्रिमम् । आगतानाञ्च सम्भोग इति पण्डितलक्षणम् ॥ <— (५/१७१) इति **महोपनिषदुक्तं** पण्डितलक्षणम-प्यत्रानुस्मर्तव्यम् । आगतानां भोगानां = शब्दाद्याहारादीनां तु सम्भोगः = समीचीन उपयोगो जीव-ननिर्वाहाद्यपेक्षया बोध्यः । **तथा च** = निरुक्तप्रकारेण हि **परैरपि** = जैनेतरैरपि उक्तम् । तदुक्तं **पञ्च-दश्यां** —> तत्त्वं बुद्ध्वापि कामादीन् निःशेषं न जहासि चेत् । यथेष्टाचरणं ते स्यात् कर्मशास्त्राति-लङ्घिनः ॥ <— (४/५४) इति ॥३/४॥

तन्त्रान्तरसम्मतिमेव **पञ्चदशीकारिकाद्वारा** (४/५५) दर्शयति —> **'बुद्धे'**ति ।

**बुद्धाऽद्वैतसतत्त्वस्य, यथेच्छाचरणं यदि ।**

---

'પંડિત' કહે છે. (૨) જ્યારે જીવ ઈન્દ્રિયોના વિષયોમાં અને અનુષ્ઠાનોમાં આસક્ત થતો નથી. તથા સર્વ સંકલ્પોનો ત્યાગ કરે છે ત્યારે 'યોગારૂઢ' કહેવાય છે. (૩) જ્ઞાન અને વિજ્ઞાન વડે તૃપ્ત આત્માવાળો, વિકારરહિત, જિતેન્દ્રિય તથા માટીનું ઢેફું, પથ્થર કે સોનું જેને મન સમાન છે તેવા યોગીને 'યુક્તયોગી' કહેવાય છે. જ્યારે વશ થયેલું ચિત્ત આત્મામાં જ રહે છે અને સર્વ કામનાઓથી નિસ્પૃહ થાય છે ત્યારે મનુષ્ય 'યુક્તયોગી' કહેવાય છે. <— જ્ઞાનસંન્યાસનું લક્ષણ બતાવતા <u>સંન્યાસોપનિષદ્માં</u> જણાવેલ છે કે —> શાસ્ત્રજ્ઞાનથી પુણ્યલોકનો (સ્વર્ગાદિનો) અને પાપલોકનો (નરકાદિ વગેરેનો) અનુભવ સાંભળીને કર્મપ્રપંચથી અટકી, દેહવાસના, શાસ્ત્રવાસના અને લોકવાસનાને છોડી વમન કરેલ અન્ન જેવી સર્વ હેયપ્રવૃત્તિ છોડી શમ, દમ, તિતિક્ષા વગેરે સાધન ચતુષ્ટયથી સંપન્ન એવો જે સાધક સંન્યાસ સ્વીકારે છે તે જ જ્ઞાનસંન્યાસી છે. <—<u>મહાભારત</u>માં જણાવેલ —> પ્રશસ્તનું જે સેવન કરે, અને નિંદિતનું જે સેવન ન કરે, જે નાસ્તિક ન હોય પણ શ્રદ્ધાસંપન્ન હોય તે પંડિતનું લક્ષણ છે. <—આ પ્રમાણે પંડિતના લક્ષણનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. —> ભવિષ્યકાલીન ઈન્દ્રિયવિષયક ભોગોની સ્વાભાવિક રીતે વાંછા ન હોવી અને આવી પડેલા જીવન જરૂરી શુભ કે અશુભ શબ્દાદિ, આહારાદિ વિષયોનો સમ્યક્ પ્રકારે ઉપયોગ કરવો તે પંડિતનું લક્ષણ છે. <—આ પ્રમાણે <u>મહોપનિષદ્માં</u> જણાવેલ પંડિતનું લક્ષણ યાદ રાખવું. તે જ પ્રકારે સ્વચ્છંદી જ્ઞાની અજ્ઞાની જ છે તેવું જૈનેતરો પણ કહે છે. <u>પંચદશી</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> તત્ત્વને જાણીને પણ જો તું કામના વગેરેને સંપૂર્ણપણે છોડીશ નહિ તો આચારપ્રતિપાદક શાસ્ત્રોનું ઉલ્લંઘન કરનાર તારૂં આચરણ યથેચ્છ = સ્વચ્છંદ કહેવાશે. <— <u>(૩/૪)</u>

અન્યદર્શનની સંમતિને જ ગ્રંથકારશ્રી <u>પંચદશી</u> ગ્રંથના શ્લોક દ્વારા દર્શાવે છે :-

<u>**શ્લોકાર્થ**</u> :- જેણે 'બધું જ બ્રહ્મ છે' - આ પ્રમાણે અદ્વૈત તત્ત્વને જાણી લીધું છે એવો જ્ઞાની પણ જો સ્વચ્છંદ રીતે આચરણ કરે તો અશુચિ એવા માંસ વગેરેના ભક્ષણ કરનાર કુતરાઓ અને વિષયરૂપી અશુચિનું

**शुनां तत्त्वदृशां चैव, को भेदोऽशुचिभक्षणे ॥५॥**

साम्प्रतं **पञ्चदश्यां** तु —> 'बुद्धाद्वैतस्वतत्त्वस्य यथेष्टाचरणं यदि । शुनां तत्त्वदृशाश्चैव को भेदोऽशुचि-भक्षणे ॥ <— इत्येवं पाठ उपलभ्यत इति ध्येयम् । शुनां मांसाद्यशुचिभक्षणवत् तत्त्वदृशां विषयाद्यशुचिसेवने पशुत्वमेवेति भावः । ज्ञानफलं विषय-कषायादिदोष-हिंसादिविराधनाविरतिः । निश्चयेन विरत्युपधायकमेव सम्यक्ज्ञानम् । ततश्च यथेच्छाचरणे तत्त्वदृशामप्यज्ञानित्वमेव निश्चयनयाभिप्रायेण । **तेजोबिन्दूपनिषदि** अपि —> कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः । तेऽप्यज्ञानतया नूनं पुनरायान्ति यान्ति च ॥ <— (१/४६) इत्युक्तम् । —> सुचा ते जीवलोए जे जिणवयणं ण याणंति । सुचाण वि ते सुचा णाऊण वि जे नवि करेंति ॥ <— इति **धर्मदासगणिन उपदेशमाला**वचनमप्यत्र स्मर्तव्यम् । एतदनुसारेण **धर्मरत्नकरण्डकवृत्तौ श्रीवर्धमानसूरि**भिरपि —> ते शोच्या ये न जानन्ति सर्वज्ञमतमुज्ज्वलम् । शोच्यानामपि ते शोच्या ज्ञात्वा ये न प्रकुर्वते ॥ <— (१/४४/६३ - पृ.२७) इत्युक्तम् । अन्यत्रापि —> तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः । तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥<— ( ) इत्युक्तम् ॥३/५॥

---

સેવન કરનાર તત્ત્વદષ્ટામાં શું ફરક પડે ? <u>(૩/૫)</u>

## ♆ વિષયાસક્ત જ્ઞાની પણ પશુતુલ્ય ♆

<u>**ટીકાર્થ**</u> :- વર્તમાનકાળમાં <u>**પંચદશી**</u> ગ્રંથમાં એકાદ અક્ષરના ફેરફાર સાથે સંપૂર્ણ શ્લોક ઉપર પ્રમાણે ઉપલબ્ધ થાય છે. - આ વાત ધ્યાનમાં રાખવી. માંસ વગેરે અશુચિ પદાર્થનું કુતરા જેમ ભક્ષણ કરે છે તેમ જો અદ્વૈતતત્ત્વવેત્તા પાંચે ઈન્દ્રિયોના વિષયો રૂપી કાદવમાં પોતાની જાતને રગદોળે તો તે પશુ જ છે એવો આ શ્લોકનો ભાવ છે. અર્થાત્ તે જ્ઞાની અજ્ઞાની જ છે. જ્ઞાનનું ફળ વિષય કષાય વગેરે દોષની અને હિંસા, જૂઠ વગેરે વિરાધનાની વિરતિ છે. નિશ્ચયનયથી જે જ્ઞાન વિરતિને લાવી આપે તે જ સમ્યગ્ જ્ઞાન છે. તેથી સ્વચ્છંદ આચરણ કરનાર તત્ત્વવેત્તા પણ નિશ્ચયનયથી અજ્ઞાની જ છે. <u>તેજોબિંદુ</u> ઉપનિષત્‌માં પણ જણાવેલ છે કે —> બ્રહ્મતત્ત્વની વાર્તામાં હોંશિયાર એવા પંડિતો જો શબ્દાદિ વિષય વગેરેમાં અત્યન્ત આસક્ત હોય અને સદાચાર-શિષ્ટાચારથી શૂન્ય હોય તો તે પણ (દુ:ખના સાધનમાં સુખનું ભાન કરવા સ્વરૂપ) અજ્ઞાનના કારણે જન્મ-મરણના ચક્કરમાં ચોક્કસ આવા-ગમન કરે રાખે છે. <— <u>ધર્મદાસગણિએ ઉપદેશમાળા</u> ગ્રંથમાં જે જણાવેલ છે કે —> જીવલોકમાં જે જીવો જિનવચનને નથી જાણતા તેઓ શોચનીય-શોકપાત્ર છે. પરંતુ જાણવા છતાં પણ જે આચરતાં નથી તેવા જીવો તો અત્યંત શોચનીય છે.<—આ પણ અહીં યાદ કરવા જેવું છે. આના અનુસારે <u>ધર્મરત્નકરંડક</u> ગ્રંથની સ્વોપજ્ઞ ટીકામાં <u>શ્રીવર્ધમાનસૂરિએ</u> પણ જણાવેલ છે કે —> સર્વજ્ઞના નિર્મળ મતને જેઓ જાણતા નથી તે શોકપાત્ર છે. પરંતુ જાણીને જે આચરતા નથી તેઓ અત્યંત શોકપાત્ર છે.<— અન્યત્ર પણ જણાવેલ છે કે —> તે જ્ઞાન જ ન હોય કે જેનો ઉદય થવાં છતાં રાગ વગેરે ઢગલાબંધ વિભાવદશાઓ ઉછાળા મારે. સૂર્યના કિરણો પાસે અંધકારને ઉભા રહેવાની શક્તિ ક્યાંથી હોય? <— અર્થાત્ અંધકારના સ્થાનમાં રાગાદિ ભાવ છે. પ્રકાશના સ્થાનમાં સમ્યગ્ જ્ઞાન જાણવું. પ્રકાશ આવે તો અંધકાર ગાયબ, જ્ઞાન આવે તો રાગ ગાયબ. પ્રકાશ હોવા છતાં અંધારૂં રહે તો તે પ્રકાશ પ્રકાશ ન કહેવાય. જ્ઞાન હોવાં છતાં રાગાદિ વિભાવદશા વિલસે તો તે જ્ઞાન જ્ઞાન ન કહેવાય.<u>(૩/૫)</u>

तत्त्वज्ञानिनो यथेच्छाचरणासम्भवमावेदयति —> 'अबुद्धी'ति ।

**अबुद्धिपूर्वका वृत्तिर्न दुष्टा तत्र यद्यपि ।**
**तथापि योगजादृष्टमहिम्ना सा न सम्भवेत् ।।६।।**

**यद्यपि तत्र** = तत्त्वज्ञानिनि **अबुद्धिपूर्विका** = रागादिपरिणत्यजन्या **वृत्तिः** = यथेच्छा प्रवृत्तिः **न दुष्टा** = कर्मबन्धलक्षणदोषग्रस्ता प्रवृत्तेरशुभपरिणामाङ्गतयैव कर्मबन्धकारणत्वात्, प्रधानविरहेऽङ्गस्याकिञ्चित्करत्वात् । तदुक्तं **धर्मबिन्दौ** —> अशुभपरिणाम एव हि प्रधानं बन्धकारणम्, तदङ्गतया तु बाह्यमिति <— (७/३०) । **श्रावकप्रज्ञप्तौ श्रीउमास्वातिवाचकेन** अपि —> इय परिणामा बंधे <— (२२९) इत्युक्तम् । **प्रवचनसारे**ऽपि —> परिणामादो बंधो परिणामो राग-दोस-मोहजुदो <—(२/८८) इत्युक्तम् । —> परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं <— (१०९८) इति **ओघनिर्युक्तिवचनमप्यत्रानुसन्धेयम्** । **तथापि योगजादृष्टमहिम्ना** = मोक्षयोजकपरिशुद्धधर्मव्यापारजन्यपुण्यकर्मप्रभावेन **सा** = यथेच्छप्रवृत्तिः **न सम्भवेत्**, योगजाऽदृष्टस्य तत्प्रतिबन्धकत्वात् । न हि लब्धामृतास्वादस्य विषोद्गारः सम्भवति ।

---

તત્ત્વજ્ઞાની સ્વચ્છંદ આચરણ કરે તેવું ન સંભવે. આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જો કે તત્ત્વજ્ઞાનીમાં અબુદ્ધિપૂર્વકની સ્વચ્છંદ પ્રવૃત્તિ દુષ્ટ નથી, તો પણ યોગજ અદૃષ્ટના પ્રભાવથી સ્વચ્છંદ પ્રવૃત્તિ સંભવી ન શકે. <u>(૩/૬)</u>

## ❀ તત્ત્વજ્ઞાનીને સ્વચ્છંદ પ્રવૃત્તિ ન હોય ❀

<u>**ટીકાર્થ**</u> :- જો કે તત્ત્વજ્ઞાની યોગી પુરૂષ રાગાદિ પરિણતિ વિના યથેચ્છ પ્રવૃત્તિ કરે તો તેનાથી કર્મબંધ સ્વરૂપ દોષ તત્ત્વજ્ઞાનીને લાગતો નથી. કારણ કે પાપકર્મબંધ પ્રત્યે અશુભ પરિણામ એ પ્રધાન કારણ છે અને બાહ્ય પ્રવૃત્તિ તેના અંગરૂપે = ઘટકરૂપે પાપબંધનું કારણ છે. તત્ત્વજ્ઞાનીને રાગાદિ અશુભ પરિણામ સ્વરૂપ પ્રધાન કારણ ન હોવાથી તેની અંગભૂત બાહ્ય અશુદ્ધ પ્રવૃત્તિ પણ કર્મબંધ કરવા માટે સમર્થ નથી. <u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં <u>શ્રીહરિભદ્રસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે —> અશુભ પરિણામ જ કર્મબંધનું પ્રધાન કારણ છે. બાહ્ય પ્રવૃત્તિ તો તેના અંગ રૂપે કારણ છે. <— <u>શ્રાવકપ્રજ્ઞપ્તિમાં</u> પણ <u>ઉમાસ્વાતિ</u> મહારાજે જણાવેલ છે કે —> આથી પરિણામના લીધે જ કર્મબંધ થાય છે. <— <u>પ્રવચનસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> રાગ, દ્વેષ અને મોહથી યુક્ત એવા પરિણામથી કર્મબંધ થાય છે. <— <u>ઓઘનિર્યુક્તિમાં</u> —> નિશ્ચયનયનું અવલંબન કરતા મહર્ષિઓને પરિણામ જ પ્રમાણભૂત છે. <— આ પ્રમાણે જે જણાવેલ છે તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. અર્થાત્ ઉપરોક્ત ચારે ય શાસ્ત્રપાઠોને આધારે ફલિત થાય છે કે રાગાદિ પરિણામ તત્ત્વજ્ઞાનીને ન હોવાથી તે સ્વચ્છંદ પ્રવૃત્તિ કરે તો પણ પાપકર્મથી ન લેપાય. તેમ છતાં પણ હકીકત એ છે કે યોગજ અદૃષ્ટના પ્રભાવથી તત્ત્વજ્ઞાનીમાં સ્વચ્છંદ પ્રવૃત્તિ સંભવી જ ન શકે. મોક્ષની સાથે આત્માને જોડી આપે તેવા પરિશુદ્ધ ધર્મવ્યાપાર સ્વરૂપ યોગથી ઉત્પન્ન થયેલ પુણ્ય કર્મ એ સ્વચ્છંદ પ્રવૃત્તિ પ્રત્યે પ્રતિબંધક છે. ખરેખર, અમૃતનો આસ્વાદ કરનાર વ્યક્તિને ઝેરના ઓડકાર ન આવે, તેમ આત્માનંદનો અનુભવ કરનાર તત્ત્વજ્ઞાનીના જીવનમાં દુરાચાર, વ્યભિચાર, અશિષ્ટાચાર, સ્વચ્છંદ પ્રવૃત્તિ, ઉચ્છૃંખલતા વગેરે ન સંભવે.

यदपि **योगशास्त्रे** —> रूपं कान्तं पश्यन्नपि शृण्वन्नपि गिरं कलमनोज्ञाम् । जिघ्रन्नपि च सुगन्धीन्यपि भुञ्जानो रसान् स्वादून् ॥ भावान् स्पृशन्नपि मृदूनवारयन्नपि च चेतसो वृत्तिम् । परिकलितौदासीन्यः प्रणष्टविषयभ्रमो नित्यम् ॥ बहिरन्तश्च समन्ताच्चिन्ताचेष्टापरिच्युतो योगी । तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावम् ॥ <—(१२/२३-२४-२५) इत्युक्तं तदपि देहनिर्वाहमात्रोपयोगिभोजनादिविषयभोगापेक्षया, यद्वा कदाचित् स्वत एवाऽऽरब्धकर्मशक्तितः समायातानां शब्दादीनामपेक्षयाऽवगन्तव्यं, न तु यथेच्छाचरणापेक्षयेति । अन्यथा ज्ञानिन उपहास्यता स्यात् बाल-मध्यमानां च विपरिणामता स्यात् । तदुक्तं **पञ्चदश्यां** —> भिक्षावस्त्रादि रक्षेयुर्यद्येते भोगतुष्टये । अहो यतित्वमेतेषां वैराग्यभरमन्थरम् ! ॥ <— (९/११२) इति ध्येयम् ॥३/६॥

मुनिचित्तमावेदयति —> '**निवृत्तमि**'ति ।

**निवृत्तमशुभाचाराच्छुभाचारप्रवृत्तिमत् ।**
**स्याद्वा चित्तमुदासीनं सामायिकवतो मुनेः ॥७॥**

**सामायिकवतः** = तृणकाञ्चन-शत्रुमित्रादिविषयकसमभावशालिनः **मुनेः** = उत्पाद-व्यय-ध्रौव्याऽऽलिङ्गित-सकलहेयोपादेयज्ञेय-द्रव्यगुणपर्यायगोचरयथार्थमननवतः **चित्तं** = अन्तःकरणं **अशुभाचारात्** =

---

यदपि० । **યોગશાસ્ત્રમાં** —> રમણીય રૂપને જોવાં છતાં પણ, અત્યંત સુંદર મનગમતી વાણી સાંભળવા છતાં પણ, અત્યન્ત સુગંધી વસ્તુને સુંઘવાં છતાં પણ, સ્વાદિષ્ટ રસોનો આસ્વાદ કરવા છતાં પણ, મૃદુ સ્પર્શવાળા પદાર્થોને સ્પર્શવા છતાં પણ મનવૃત્તિને અટકાવવા ન છતાં પણ હંમેશા ઉદાસીન ભાવમાં રહેતા અને વિષયોની ભ્રાન્તિથી શૂન્ય એવા યોગી બહાર અને અંદર ચારે બાજુથી ચિંતા અને ચેષ્ટાથી રહિત થઈને તન્મયભાવને પામે છે અને અત્યંત ઉન્મનીભાવને પામે છે. <—આવું જે કહેલું છે તેનો મતલબ એ નથી કે યોગી પુરૂષો સ્વચ્છંદ આચરણવાળા હોય, પરંતુ તેનો આશય એ છે કે કેવલ દેહના નિર્વાહ માટે ઉપયોગી અન્નપાન વગેરે વિષયો સારા કે નરસા હોય તેમાં ઈષ્ટત્વ કે અનિષ્ટત્વની બુદ્ધિ છોડી યોગીઓ ઉદાસીન ભાવને ધારણ કરે છે અથવા તો આરબ્ધકર્મની શક્તિના કારણે સામે ચાલીને આવેલા શબ્દાદિ વિષયોમાં યોગીને પરમ ઉદાસીન ભાવ હોય છે. જો જ્ઞાની યથેચ્છ આચરણ કરે તો તે પોતે જ લોકોની દૃષ્ટિએ હાસ્યાસ્પદ બને. તેમ જ બાલજીવો અને મધ્યમજીવો તેવી પ્રવૃત્તિ જોઈને વિપરિણામી = ધર્મવિમુખ થઈ જાય. **પંચદશી** ગ્રંથમાં જણાવેલ છે કે —> આ સંન્યાસીઓ ઈન્દ્રિયવિષયોના ભોગના આનંદ માટે ભિક્ષા-વસ્ત્ર-પાત્ર વગેરે રાખતા હોય તો તેઓનું સાધુપણું કેવું કહેવાય! ખરેખર, તેવું સાધુપણું વૈરાગ્યના ભારથી ડામાડોળ થયેલું છે. <— આવું કહેવા દ્વારા વિષયલંપટ સંન્યાસીઓ પ્રત્યે એક જાતનો કટાક્ષ કરવામાં આવેલ છે.(૩/૬)

સાધુના ચિત્તને જ ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**શ્લોકાર્થ** :- સામાયિકવાળા મુનિનું મન અશુભ આચારથી નિવૃત્ત અને શુભ આચારમાં પ્રવૃત્તિવાળું હોય છે અથવા તો ઉદાસીન હોય છે. (૩/૭)

## ❀ વ્યવહારનયથી મુનિના ચિત્તને ઓળખીએ ❀

**ટીકાર્થ** :- ઘાસનું તણખલું કે સોનાની લગડી, શત્રુ કે મિત્ર-આ બધા ભાવને વિશે જે સમતા = સમાન ભાવની બુદ્ધિ તે સામાયિક કહેવાય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત સર્વ જ્ઞેય-હેય-ઉપાદેય એવા દ્રવ્ય-ગુણ-પર્યાયને વિશે યથાર્થ મનન કરનાર મુનિ કહેવાય છે. આવા મનનવાળા અને ઉપરોક્ત સામાયિકવાળા મુનિનું

निषिद्धाऽऽचारात् अविध्ययतनानादराद्युपेतविहिताचारात् वा **निवृत्तं** = व्युपरतं, **शुभाचारप्रवृत्तिमत्** = स्वभूमिकोचित-विहित-पञ्चाचारप्रवृत्तिपरायणम् । इदञ्च व्यवहारनयापेक्षयाऽवगन्तव्यम् । व्यवहारनयो हि सदसत्प्रवृत्ति-निवृत्तिलक्षणं चारित्रमभ्युपैति ।

निश्चयनयमनुरुध्य कल्पान्तरमावेदयति **स्याद्वा उदासीनं**=ऊर्ध्वमासीनं निजगुणस्थैर्यनिमग्नं **चित्तं सामायिकवतः** = शास्त्रविहित-निषिद्धाऽऽचारगोचरसमभाववतः —> 'पडिसिद्धेसु अ देसे विहिएसु य ईसिरागभावे वि । सामाइयं असुद्धं, सुद्धं समयाए दोसुं पि ॥१७॥ <— इति **योगशतक**वचनात्, **मुनेः** = ज्ञायकैकस्वभावात्मदर्शिनः । न चैतादृशसमभावलक्षणसामायिकाभ्युपगमे कथं तद्वतः भिक्षाटनादिका क्रिया क्रियाऽभ्युपगमे वा कथं तादृशं सामायिकं स्यादिति शङ्कनीयम्, विशुद्धभावयोगिनः तथाविधक्लिष्टकर्मविगमात् आज्ञासंस्कारात् भिक्षाटनानटनयोः दण्डेन चक्रभ्रमणाभ्रमणवत् समवृत्तित्वाबाधात् । तदुक्तं **योग-**

---

**અંતઃકરણ શાસ્ત્રનિષિદ્ધ આચારથી નિવૃત્ત થયેલું હોય છે, અથવા તો શાસ્ત્રવિહિત એવા પણ જે અવિધિ-અયતના-અનાદર વગેરેથી યુક્ત એવા આભાસિક ધર્મના આચારથી નિવૃત્ત થયેલું હોય છે તેમ જ પોતાની ભૂમિકાને ઉચિત એવા શાસ્ત્રવિહિત પંચાચારના પાલનમાં પરાયણ હોય છે. આમ વ્યવહાર નયની અપેક્ષાએ સામાયિકવાળા મુનિનું મન પ્રવૃત્તિ-નિવૃત્તિવાળું જાણવું. વ્યવહાર નયના મતે સત્માં પ્રવૃત્તિ અને અસત્થી નિવૃત્તિ = ચારિત્ર છે.**

## ❀ નિશ્ચયનયથી મુનિના ચિત્તને જાણીએ ❀

निश्चय० । **નિશ્ચયનયને અનુસરીને ગ્રંથકારશ્રી અન્ય વ્યવસ્થા જણાવે છે. નિશ્ચયથી સામાયિકવાળા યોગીનું ચિત્ત ઉદાસીન હોય છે. ઉદાસીન એટલે દીવેલ પીધેલા મોઢે બેસવાનું નહિ, પણ ઉત્ = ઉપર, આસીન = બેસવું. ઉપરની ગુણભૂમિકાએ બેસવું = ઉદાસીન રહેવું. મતલબ કે પોતાના ગુણોની સ્થિરતામાં નિમગ્ન ચિત્ત = ઉદાસીન ચિત્ત. તેથી નિશ્ચય નયના મતે સામાયિક = શાસ્ત્રવિહિત તપ, જ્ઞાન વગેરે આચાર અને શાસ્ત્રનિષિદ્ધ હિંસા વગેરે આચાર આ બન્ને વિશે સમભાવ. યોગશતક ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે જણાવેલ છે કે —> પ્રાણાતિપાત વગેરે શાસ્ત્રનિષિદ્ધ હેય પદાર્થોમાં દ્વેષ હોય અને શાસ્ત્રવિહિત એવા તપ, જ્ઞાન વગેરે ભાવોમાં ઉત્સુકતા કરવા દ્વારા આંશિક રાગ હોય તો પણ તાત્ત્વિક સામાયિક અશુદ્ધ થાય છે. વિહિત અને નિષિદ્ધ બન્નેને વિશે સમતા = મધ્યસ્થતા હોય તો જ સામાયિક શુદ્ધ = નિર્મળ બને. <— શુદ્ધ સામાયિકવાળા અને જ્ઞાયક એક સ્વભાવવાળા આત્માને જોનાર મુનિનું ચિત્ત ઉદાસીન = આત્મગુણોની સ્થિરતામાં ડૂબેલું હોય છે.** उत् + आसीन = उदासीन. उत् = **ઉંચે, અને** आसीन = **બેસવું. તામસી ભાવો કે ઔદયિકભાવોની ઊંડી ખીણમાંથી ઉપર આવી ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવના આત્મગુણોમાં બેસવું = સ્થિર થવું = ઠરી ઠામ થવું તે તાત્ત્વિક ઉદાસીનતા કહેવાય. મુનિનું ચિત્ત આવી ઉદાસીનતાવાળું હોય છે. દીવેલ પીધેલાં શોગીયા મોઢા લઈને ફરવું તેવી લોકપ્રસિદ્ધ ઉદાસીનતા અહીં માન્ય નથી. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.**

**અહીં એવી શંકા થઈ શકે છે કે —> જો શાસ્ત્ર દ્વારા વિહિત અને નિષિદ્ધ એવા આચારોમાં સમભાવ = સામાયિક-આવું સ્વીકારવામાં આવે તો આવા સામાયિકવાળા મુનિને ભિક્ષાટન વગેરે ક્રિયા કેવી રીતે સંભવી શકે ? અથવા જો ભિક્ષાટન વગેરે ક્રિયા સ્વીકારો તો તેવું સામાયિક કેવી રીતે સંભવી શકે ? <—આનું સમાધાન સરલ છે. અને તે એ છે કે નૈશ્ચયિક સામાયિકવાળા મુનિને વિશુદ્ધ ભાવના યોગથી તેવા પ્રકારના ક્લિષ્ટ કર્મોનો નાશ થયેલ હોય છે. અને તેના કારણે જિનાજ્ઞાસંસ્કારને અનુસારે ભિક્ષાટન કરે કે ન કરે - આ બન્ને અવસ્થામાં**

**शतके** —> किरिया उ दंडजोगेण चक्कभमणं व होइ एयस्स । आणाजोगा पुव्वाणुवेहओ चेव णवरं ति ॥१९॥ <— इति ।

प्रथमं व्यवहारचारित्रमभ्यस्य तत्प्रकर्षे तद्विशुद्धौ च नैश्चयिकचारित्रं प्रादुर्भवतीति तु ध्येयम् । तदुक्तं **तत्त्वज्ञानतरङ्गिण्यां** —> याता यान्ति च यास्यन्ति ये भव्या मुक्तिसम्पदम् । आलम्ब्य व्यवहारं ते पूर्वं पश्चाच्च निश्चयम् ॥ कारणेन विना कार्यं न स्यात् तेन विना नयम् । व्यवहारं कदोत्पत्तिर्निश्चयस्य न जायते ॥ जिनागमे प्रतीतिः स्यात् जिनस्याऽऽचरणेऽपि च । निश्चयं व्यवहारं तन्नयं भज यथाविधि ॥ <— (७/१६/१८) इति भावनीयम् ॥३/७॥

कारिकात्रितयेन पूर्वपक्षयति —> 'विधय' इति ।

**विधयश्च निषेधाश्च, नन्वज्ञाननियन्त्रिताः ।**
**बालस्यैवागमे प्रोक्तो, नोद्देशः पश्यकस्य यत् ॥८॥**

**ननु विधयश्च** 'इदं कर्तव्यमि'त्येवंरूपा, **निषेधाश्च** 'इदं न कर्तव्यमि'त्येवंलक्षणाः **अज्ञाननियन्त्रिताः** = मिथ्याज्ञानेन परिपक्वज्ञानाभावेन वा नियमिताः = अवच्छिन्नाः = व्याप्ताः, **यत्** = यतः = यस्मात्

---

મુનિની પરિણતિ સમભાવના લીધે બાધિત થતી નથી. જેમ દંડથી ચક્રભ્રમણ થાય અથવા ન થાય - આ બન્ને સ્થિતિમાં ચક્રને કોઈ રાગ-દ્વેષ હોતા નથી. તેવી રીતે આ વાત જાણવી. <u>યોગશતક</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> દંડથી જેમ ચક્રભ્રમણ થાય તેમ નૈશ્ચયિક સામાયિકવાળા મુનિને આજ્ઞાયોગથી ભિક્ષાટન વગેરે (વચનઅનુષ્ઠાન) ક્રિયા હોય છે. અને જેમ દંડ દ્વારા ચક્રમાં પ્રબળ વેગ ઉત્પન્ન થયા પછી દંડની ગેરહાજરીમાં પણ ચક્ર અસ્ખલિત રીતે ફરે છે તેમ ક્ષાયોપશમિક એવો આજ્ઞાયોગનો ઉપયોગ ન હોવા છતાં પણ વીતરાગ મુનિને પૂર્વના સંસ્કારના કારણે ભિક્ષાટન વગેરે (અસંગ અનુષ્ઠાનની કક્ષાની) ક્રિયાઓ થાય છે. <—

પહેલાં વ્યવહારનયને અભિમત ચારિત્રનો અભ્યાસ કર્યા બાદ તેનો પ્રકર્ષ થતાં અને તેની વિશુદ્ધિ થતાં નૈશ્ચયિક ચારિત્ર પ્રગટ થાય છે. - આ વાત ધ્યાનમાં રાખવી. <u>તત્ત્વજ્ઞાનતરંગિણી</u> ગ્રંથમાં શ્રી<u>જ્ઞાનભૂષણજીએ</u> જણાવેલ છે કે —> જે ભવ્ય જીવો મોક્ષસંપત્તિને પામેલા છે, પામે છે, અને પામશે તેઓ પૂર્વે વ્યવહારનું (વ્યવહારનય અભિમત ચારિત્રનું) આલંબન લઈને અને પાછળથી નિશ્ચયનું = નૈશ્ચયિક ચારિત્રનું આલંબન લઈને - આમ જાણવું. કારણ વિના કાર્ય ન થાય માટે વ્યવહારનય (ને માન્ય ચારિત્ર) વિના નિશ્ચયનય (ને માન્ય ચારિત્ર) ની ક્યારેય પણ ઉત્પત્તિ થતી નથી. જો ભગવાનના આગમ ઉપર વિશ્વાસ હોય અને ભગવાનના આચરણ ઉપર પણ વિશ્વાસ હોય તો વ્યવહારનય અને નિશ્ચયનયને તું વિધિ અનુસારે સ્વીકાર. <— આ વાતને વિજ્ઞવાચક વર્ગે શાંતિથી વાગોળવી. <u>(૩/૭)</u>

ત્રણ ગાથા દ્વારા ગ્રંથકારશ્રી પૂર્વપક્ષને જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- વિધિ અને નિષેધ અજ્ઞાનથી જ નિયંત્રિત છે. કારણ કે બાલજીવને જ આગમમાં ઉપદેશ જણાવેલો છે. પશ્યકને ઉપદેશ જણાવેલ નથી. (૩/૮)

## ❀ તત્ત્વજ્ઞાનીને વિધિ-નિષેધ ન હોય - પૂર્વપક્ષ ❀

<u>**ટીકાર્થ**</u> :- (પૂર્વપક્ષઃ) 'આત્મજ્ઞાની યથેચ્છ પ્રવૃત્તિ ન કરે પણ શાસ્ત્રાનુસારે જ પ્રવૃત્તિ કરે' - આવું પૂર્વે જે જણાવેલું તેની સામે અહીં એવી એક વિરોધી વિચારધારા ઉપસ્થિત થાય છે કે 'આ કરવું' - આ રીતે શાસ્ત્રીય વિધાનો તેમ જ 'આ ન કરવું' - તેવા શાસ્ત્રીય નિષેધો મિથ્યાજ્ઞાનથી અથવા તો પરિપક્વજ્ઞાનના અભાવથી નિયંત્રિત = નિયમિત = અવચ્છિન્ન = વ્યાપ્ત છે. અર્થાત્ જે વ્યક્તિમાં મિથ્યાજ્ઞાન છે અથવા તો

कारणात् **बालस्य** = रागिण **एव आगमे** = **आचाराङ्गे उद्देशः** = उपदेशः **प्रोक्तः, पश्यकस्य** = विदितहेयोपादेयस्य **उद्देशः** = उपदेशो **न** = नैव । तदुक्तं **आचाराङ्गे** —> उद्देसो पासगस्स नत्थि, बाले पुण निहे कामसमणुन्ने असमियदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं अणुपरियट्टइ <— (१/२/३-सू.८२) इति । अस्य **श्रीशीलाङ्काचार्य**कृतव्याख्यालेशः —> उपदेशोऽनवगततत्त्वस्य विनेयस्य यथोपदेशं प्रवर्तमानस्य दीयते । यस्तु अवगतहेयोपादेयविशेषः स यथावसरं यथाविधेयं स्वत एव विधत्त इत्याह- 'उद्देसो' इति । उद्दिश्यते इति उद्देशः = उपदेशः, सदसत्कर्तव्याकर्तव्याऽऽदेशः । स, पश्यतीति पश्यः स एव पश्यकः, तस्य न विद्यते, स्वत एव विदितवेद्यत्वात्तस्य । अथवा पश्यतीति पश्यकः = सर्वज्ञः तदुपदेशवर्ती वा तस्योद्दिश्यत इत्युद्देशो नारकादिव्यपदेशः उच्चावचगोत्रादिव्यपदेशो वा स तस्य न विद्यते, द्रागेव मोक्षगमनादिति भावः । कः पुनर्यथोपदेशकारी न भवतीत्याह 'बाले' इत्यादि । बालो नाम रागादिमोहितः । स पुनः कषायैः कर्मभिः परिषहोपसर्गैर्वा निहन्यत इति निहः । निपूर्वात् हन्तेः कर्मणि ङः । अथवा स्निह्यत इति स्नेहः स्नेहवान् रागीत्यर्थः । अत एवाह 'कामसमणुन्ने' इति । कामान् सम्यग् अनु = पश्चात् स्नेहानुबन्धात् जानाति = सेवते इति कामसमनुज्ञः । अशमितं = अनुपशमितं विषयाभिष्वङ्गकषायोत्थं दुःखं येन सः । तथा अत एव दुःखी दुःखानामेवावर्तं = पौनःपुन्यभवनं अनुपरिवर्तन्ते ।

---

પરિપૂર્ણ જ્ઞાનનો અભાવ છે તે જ વ્યક્તિનું અનુશાસન વિધિ-નિષેધ દ્વારા શાસ્ત્ર કરી શકે. જે વ્યક્તિને પરિપક્વ આત્મજ્ઞાનની ઉપલબ્ધિ થઈ છે તેના ઉપર શાસ્ત્રનું કોઈ નિયંત્રણ = બંધન = મર્યાદા = અનુશાસન હોતું નથી. કારણ કે રાગી એવા બાલ જીવને જ આચારાङ્ગ નામના આગમમાં ઉપદેશ (આપવાનું) જણાવેલ છે. જેણે હેય અને ઉપાદેય પદાર્થોને જાણેલા છે એવા પશ્યકને = તત્ત્વજ્ઞાનીને ઉપદેશ (આપવાનું કહેલ) નથી. <u>આચારાङ्ગમાં</u> જણાવેલ છે કે—> પશ્યકને ઉદ્દેશ = ઉપદેશ નથી. સ્નેહવાળા અને પાંચે ઈન્દ્રિયોના વિષયનો ઉપભોગ કરનારા, અશાંત, દુઃખવાળા દુઃખી એવા બાલ જીવ દુઃખના ચક્કરમાં ભટકે છે. <—<u>શ્રીશીલાંકાચાર્ય</u> આની વ્યાખ્યામાં જણાવે છે કે —> જે વિનીત શિષ્ય તત્ત્વને જાણતો ન હોય અને જો તેને ઉપદેશ આપવામાં આવે તો તે ઉપદેશ મુજબ પ્રવૃત્તિ કરતો હોય તો તેને ઉપદેશ અપાય. પરંતુ જે વ્યક્તિ વિશિષ્ટ ગ્રાહ્ય અને ત્યાજ્ય પદાર્થોને જાણે છે અને અવસર મુજબ જે કાંઈ કરવા યોગ્ય હોય તે બીજાના ઉપદેશ વગર જાતે જ કરે છે તે પશ્યકને ઉદ્દેશ = ઉપદેશ = સારા કે ખરાબ કાર્યમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિનો આદેશ હોતો નથી, કારણ કે તેણે જાણવા યોગ્ય વસ્તુ સ્વયં જ જાણી લીધેલી છે. જે જોનાર હોય તે પશ્યક કહેવાય અથવા તો જે સર્વજ્ઞ હોય તે પશ્યક કહેવાય. અથવા સર્વજ્ઞના ઉપદેશ અનુસારે વર્તનાર પશ્યક કહેવાય. ઉદ્દેશ = નારક, તિર્યંચ આદિ વ્યવહાર અથવા ઉચ્ચ, નીચ ગોત્ર વગેરેનો વ્યવહાર. આવો ઉદ્દેશ સર્વજ્ઞને કે સર્વજ્ઞના આદેશ મુજબ વર્તનારને હોતો નથી, કારણ કે તે તરત જ મોક્ષમાં જવાના છે. જે નરક વગેરેમાં જવાના ન હોય તેમાં નારક તરીકેનો વ્યવહાર, કે જે નીચગોત્રમાં ભવાન્તરમાં જવાના ન હોય તેમાં નીચગોત્રનો વ્યવહાર કેવી રીતે થાય ? કોણ ઉપદેશ મુજબ પ્રવર્તતો નથી ? તે પ્રશ્નનો જવાબ એ છે કે રાગાદિથી મોહિત થયેલો બાલ જીવ ઉપદેશ મુજબ પ્રવૃત્તિ કરતો નથી, કેમ કે તે કષાય વગેરે દ્વારા, કર્મો દ્વારા, પરિષહ-ઉપસર્ગો દ્વારા હણાયેલ છે. અથવા તે સ્નેહરાગવાળો છે. વિષયોમાં સ્નેહ થયા બાદ તે તેનું સેવન કરે છે. તેના કારણે વિષયાસક્તિથી કે કષાયના આવેશથી ઉત્પન્ન થયેલ દુઃખ શાંત થતું નથી. માટે જ તે દુઃખી છે અને વારંવાર દુઃખના ચક્કરમાં ડૂબેલો તે ભવમાં ભટકે છે. <— તેમ જ <u>નારદપરિવ્રાજક</u> ઉપનિષદ્માં પણ કહ્યું છે

दुःखावर्ताविमग्नो बम्भ्रम्यत इत्यर्थः <— इत्येवं वर्तते । **नारदपरिव्राजकोपनिषदि** अपि —> न विधिर्न निषेधश्च न वर्ज्याऽवर्ज्यकल्पना ब्रह्मविज्ञानिनामस्ति तथा वान्यच्च नारद !॥ <—(६/१९) इत्युक्तम् । **नारदपञ्चरात्रे**ऽपि —> विदिते परतत्त्वे तु समस्तैर्नियमैरलम् । तालवृन्तेन किं कार्यं लब्धे मलयमारुते ॥ <—(९/१०/४०) इत्यादिना ज्ञानिनः कृत्यविरहो दर्शितः । **पाशुपतब्रह्मोपनिषदि** अपि —> न तस्य धर्मोऽधर्मश्च न निषेधो विधिर्न च । यदा ब्रह्मात्मकं सर्वं विभाति तत एव तु ॥ <— (उत्तरकाण्ड-२३) इत्युक्तम् । ततश्च ज्ञानयोगसिद्धस्य शास्त्रनियन्त्रणमसङ्गतमेव ॥३/८॥

तदेव समर्थयति —> 'न चे'ति ।

**न च सामर्थ्ययोगस्य युक्तं शास्त्रं नियामकम् ।**
**कल्पातीतस्य मर्यादाप्यस्ति न ज्ञानिनः क्वचित् ॥९॥**

—> शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः । शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥५॥ <— इत्येवं **योगदृष्टिसमुच्चये श्रीहरिभद्रसूरिभिः** निरूपितस्य **सामर्थ्ययोगस्य** = धर्मसंन्यास-योगसंन्यास-संज्ञया द्विधा विभक्तस्याऽक्षेपेण प्रधानफलकारणस्याऽऽत्मसामर्थ्यप्रधानस्य सर्वोत्तमस्य योगस्य **शास्त्रं** = असमर्थानुशासन-त्राणकारणं **नियामकं** = प्रवृत्ति-निवृत्तिमर्यादाकारि इति वक्तुं **न च** = नैव **युक्तं** =

---

કે —> હે નારદ! કોઈ શાસ્ત્રીય વિધિ કે નિષેધ, ત્યાજ્ય કે ગ્રાહ્યની કલ્પના કે બીજું કંઈ પણ બ્રહ્મવેત્તા યોગીઓને હોતું નથી. <—<u>નારદપંચરાત્ર</u> ગ્રન્થમાં પણ 'જ્ઞાનીને કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી એવું જણાવવા માટે કહેલ છે કે —> પરતત્ત્વનું વેદન થાય ત્યારે સમસ્ત નિયમ-વ્રત-કર્તવ્યોથી સર્યું. મલયાચલનો શીતળ પવન વહેતો હોય ત્યારે પંખાની શી જરૂર ? <—<u>પાશુપતબ્રહ્મ</u>ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે —> જ્યારે સર્વ આત્માઓ શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ જ લાગે છે ત્યારે તે પરમ મહર્ષિને કોઈ ધર્મ કે અધર્મ, વિધિ કે નિષેધ લાગુ પડતા નથી. <— માટે જ્ઞાનયોગસિદ્ધ પુરુષને શાસ્ત્રનું નિયંત્રણ અસંગત જ છે. <u>(૩/૮)</u>

આ જ વસ્તુનું સમર્થન કરતા પૂર્વપક્ષી જણાવે છે કે -

**<u>શ્લોકાર્થ</u>** :- સામર્થ્યયોગવાળા યોગીને શાસ્ત્ર નિયામક બને - આ વાત યોગ્ય નથી. કારણ કે કલ્પાતીત એવા જ્ઞાનીને ક્યાંય પણ મર્યાદા નથી. <u>(૩/૯)</u>

## ❀ શાસ્ત્રથી સામર્થ્યયોગ અનિયંત્રિત ❀

**<u>ટીકાર્થ</u>** :- શ્રી <u>હરિભદ્રસૂરિ</u> મહારાજે <u>યોગદષ્ટિસમુચ્ચય</u>માં જણાવેલ છે કે —> શાસ્ત્ર દ્વારા સામાન્યથી બતાવેલ માર્ગે ચાલતાં પ્રાપ્ત થયેલી આત્માની પ્રબળ શક્તિના કારણે શાસ્ત્રોક્ત માર્ગને વિશેષ રીતે ઓળંગીને મોક્ષમાર્ગે આગળ વધાય તે ઉત્તમ એવો સામર્થ્ય યોગ જાણવો. <—આ સામર્થ્ય યોગ સર્વ યોગોમાં ઉત્તમ છે, કારણ કે તે તાત્કાલિક પ્રધાનફળભૂત વીતરાગતા, કેવળજ્ઞાન વગેરેનું કારણ છે. આ યોગમાં આત્માનું સામર્થ્ય પ્રધાન છે. સામર્થ્યયોગના બે પ્રકાર છે. (૧) ધર્મ સંન્યાસ અને (૨) યોગ સંન્યાસ. શાસ્ત્ર તો અસમર્થ એવા જીવનું અનુશાસન અને રક્ષણ કરવામાં કારણ બને. કારણ કે અસમર્થ જીવની પ્રવૃત્તિ કે નિવૃત્તિની મર્યાદાને શાસ્ત્ર નક્કી કરે છે. પરંતુ શાસ્ત્ર દ્વારા મોક્ષમાર્ગે આગળ વધવા જે સામર્થ્ય પ્રાપ્ત થાય તેના કરતાં અનંતગણું સામર્થ્ય, સામર્થ્યયોગવાળો આત્મા ધરાવે છે. તેથી સામર્થ્ય યોગવાળા જીવનું અનુશાસન કે રક્ષણ કરવામાં શાસ્ત્ર નિયામક = પ્રવૃત્તિ કે નિવૃત્તિની મર્યાદાને નક્કી કરનાર બને-તેવું કહેવું લોકોત્તર યુક્તિથી સંગત

लोकोत्तरयुक्तिसङ्गतम् । न हि **कल्पातीतस्य** = आत्मानुशासनत्राणकारणीभूतशास्त्रदर्शितविधि-निषेधानुसारि-प्रवृत्तिप्राप्यशक्तितः प्रबलया शक्त्या शास्त्रातिक्रान्तगोचरस्य **ज्ञानिनः** = सिद्धज्ञानयोगस्य **क्वचित्** = कुत्रचित् कदाचित् काचित् **अपि मर्यादा** = नियन्त्रितता **अस्ति** । किञ्च किञ्चिदपि तस्य कर्तव्यमपि नास्ति । तदुक्तं **जाबालदर्शनोपनिषदि** —> ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः । न चास्ति किञ्चित्कर्तव्यमस्ति चेन्न तत्त्ववित् ॥ <— (१/२३) ॥३/९॥

किञ्च ज्ञानिनः क्रिया किमकिञ्चित्करत्वादुपादेया किञ्चित्करत्वाद्वा ? इति विमलविकल्पयुगलमत्रोपतिष्ठते । नाऽद्योऽनवद्यः, अकिञ्चित्करोपादाने ज्ञानित्वहानेः । नाऽपि द्वितीयो युक्तः, यतस्तत्राऽपि विकल्पयामलमुपतिष्ठते यदुत ज्ञानिक्रियायाः किं भावजनकत्वमन्यजनकत्वं वा ? द्वितीयस्तु न सङ्गच्छते, अनिर्वचनात् । प्रथमपक्षेऽपि विकल्पयुगल्यव्याहतप्रसरा प्रसरीसरिति यदुत क्रियाकारक-ज्ञानिनः पार्श्वे भावोऽस्ति न वा ? अस्ति चेत्, अकिञ्चित्कर्येव क्रिया प्राप्ता, भावस्य सिद्धत्वात् । न हि पिष्टपेषणं जातजननं वा भवति । नास्ति चेत् ? सृतं क्रियया । न हि भावविरहे सहस्रशोऽपि क्रियाकरणे मुक्तिस्सम्भवति, अन्यथा

---

નથી. ખરેખર, આત્માનું અનુશાસન અને રક્ષણ કરવામાં કારણ બને તેવા શાસ્ત્રો દ્વારા પ્રદર્શિત વિધિ કે નિષેધને અનુસરતી પ્રવૃત્તિ દ્વારા જે શક્તિ પ્રાપ્ત થાય છે તેના કરતાં પ્રબળ શક્તિ દ્વારા શાસ્ત્રદર્શિત મોક્ષ-માર્ગને ઓળંગી ગયેલ એવા જ્ઞાનયોગસિદ્ધ મહર્ષિને ક્યાંય પણ, ક્યારેય પણ, કોઈ પણ પ્રકારની મર્યાદા - નિયંત્રણ, બંધન, અંકુશ ન હોય. કરોડપતિ માણસ પોતાની બુદ્ધિ, સંપત્તિ, આવડત, દુકાન, માલ-સામાન વગેરે દ્વારા નવું ધન ઉપાર્જન કરવામાં પરાયણ હોય ત્યારે વધુ ધન કમાવાની મોટી યોજનાને સાકાર કરવા માટે તેને કોઈ માણસ પાસેથી સો-બસો રૂપીયા મેળવવાની આવશ્યકતા રહેતી નથી. વળી, તેવા યોગસિદ્ધ પુરૂષને કોઈ કર્તવ્ય પણ બાકી હોતું નથી. જાબાલદર્શન ઉપનિષદ્‌માં પણ જણાવેલ છે કે —> જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલ કૃતકૃત્ય એવા યોગીને કશું પણ કર્તવ્ય બાકી રહેતું નથી. જો તેને કોઈ કર્તવ્ય કરવાનું બાકી હોય તો તે પરમાર્થથી તત્ત્વવેત્તા જ નથી. <— (૩/૯).

—> વળી, અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે જ્ઞાની પુરૂષ ક્રિયાને શા માટે સ્વીકારે ? શું તેના માટે ક્રિયા કિંચિત્કર = કોઈ કાર્યને કરનાર છે કે નથી ? આ પ્રમાણે બે ઉજ્જવળ વિકલ્પ ઉપસ્થિત થાય છે. જો શાસ્ત્રોક્ત ક્રિયા કંઈ પણ કામમાં ન આવતી હોય છતાં પણ તેનો સ્વીકાર જ્ઞાની કરે તો તેમાં જ્ઞાનીપણું રહેશે નહિ. જો તમે એમ કહો કે ''જ્ઞાનીની ક્રિયા કંઈક કરે છે.'' તો પ્રશ્ન એ થશે કે જ્ઞાનીની ક્રિયા શું ભાવને ઉત્પન કરે છે કે અન્ય કાંઈક ? 'અન્ય કાંઈક ઉત્પન્ન કરે છે' એવો વિકલ્પ સ્વીકાર્ય નહિ બને. કેમ કે 'અન્ય કાંઈક' શબ્દ દ્વારા શું કહેવું છે ? તેનું સ્પષ્ટીકરણ થઈ શકતું નથી. 'જ્ઞાનીની ક્રિયા ભાવને ઉત્પન્ન કરે છે'-તેવો વિકલ્પ સ્વીકારવામાં આવે તો તેને સ્વીકારવામાં બીજા બે વિકલ્પ ઉપસ્થિત થાય છે. તે આ પ્રમાણે : ક્રિયા કરનાર જ્ઞાની પાસે ભાવ છે કે નહિ ? 'જો ક્રિયા કરનાર જ્ઞાની પાસે ભાવ છે'-આવું સ્વીકારવામાં આવે તો જ્ઞાનીની ક્રિયા અકિંચિત્કર જ બનશે, કારણ કે જ્ઞાની પાસે ભાવ ઉત્પન્ન થયેલ જ છે. ઉત્પન્ન કરેલાને ફરીથી ઉત્પન્ન કરવાનું હોતું નથી. ખરેખર, પીસેલા ઘઉંના આટાને ફરી પીસવાનો ન હોય. જો જ્ઞાની પાસે ભાવ ન હોય તો ક્રિયાથી સર્યું, કારણ કે ભાવ વિના હજારો વખત ક્રિયા કરવામાં આવે તો પણ મોક્ષ ન સંભવે. બાકી તો ભવાભિનંદી વગેરે જીવોનો તો ક્યારનો ય મોક્ષ થઈ ગયો હોત. આનાથી ફલિત થાય છે કે ક્રિયા કરતાં જ્ઞાન ચઢિયાતું છે. <— આવા પૂર્વપક્ષીના આશયને ૧૦મા શ્લોકમાં ગ્રંથકારશ્રી જણાવે છે.

भवाभिनन्द्यादीनामपवर्गप्राप्तेरित्याशयेन पूर्वपक्षी ज्ञानस्याऽभ्यर्हितत्वमावेदयति —> '**भावस्ये**'ति ।

**भावस्य सिद्ध्यसिद्धिभ्यां, यच्चाकिञ्चित्करी क्रिया ।**
**ज्ञानमेव क्रियामुक्तं, राजयोगस्तदीष्यताम् ॥१०॥**

**यच्च** = यस्माद्धि **भावस्य सिद्ध्यसिद्धिभ्यां** = सद्भावाऽसद्भावाभ्यां **क्रिया** शास्त्रविहितप्रवृत्तिः क्रमशः अनतिप्रयोजनत्व-फलजननायोग्यत्वाभ्यां **अकिञ्चित्करी** । **तत्** = तस्मात्कारणात् **क्रियामुक्तं** = शास्त्रोक्ताचारशून्यं **ज्ञानमेव** = शुद्धोपयोगलक्षणं आत्मज्ञानमेव **राजयोगः** राजयोगत्वेन रूपेण **ईष्यताम्**; तत्र द्वैताऽभानात् । तदुक्तं **शिखासंहितायां** —> राजयोगः स्यात् द्विधाभावविवर्जितः <— (५/१७) इति । **श्रीबुद्धिसागरसूरि**भिरपि **आत्मसमाधौ** —> शुद्धात्मनो हि यज्ज्ञानं वैराग्य-शमसंयुतम् । राजयोगः समाधिः सः शुद्धोपयोग ईष्यते ॥<— (६) इत्येवं राजयोग उपदर्शितः । अयमेव च परो योगः, —> राजयोगश्च सर्वेषां योगानामुत्तमः स्मृतः <— (पृ.४३९) इति **दत्तात्रेयसंहिता**वचनात् । हठयोगप्रक्रियाया अप्येतत्पर्यवसानत्वात् । तदुक्तं **स्वात्मारामेण हठयोगप्रदीपिकायां** —> केवलं राजयोगाय हठविद्योपदिश्यते <— (१/२) । राजयोगस्यैव मुक्तिदायित्वम् । तदुक्तं **योगेश्वरोदये** —> पञ्चदशप्रकारोऽयं राजयोगः शिवप्रदः <— इति फक्किकार्थः ॥३/१०॥

ग्रन्थकार उत्तरपक्षयति —> '**मैवमि**'ति ।

---

**<u>શ્લોકાર્થ</u>** :- ભાવ હોય તો ક્રિયા અકિંચિત્કર છે, અને ભાવ ન હોય તો પણ ક્રિયા અકિંચિત્કર છે, તે કારણે ક્રિયામુક્ત જ્ઞાનને જ રાજયોગ તરીકે સ્વીકારો. <u>(૩/૧૦)</u>

## ❀ ભાવની સિદ્ધિ-અસિદ્ધિ દ્વારા ક્રિયા નિષ્ફળ - પૂર્વપક્ષ ❀

**<u>ટીકાર્થ</u>** :- ભાવ વિદ્યમાન હોય તો શાસ્ત્રવિહિત પ્રવૃત્તિનું કાંઈ ખાસ પ્રયોજન રહેતું નથી, કારણ કે ક્રિયા દ્વારા જે ભાવ પ્રાપ્ત કરવાનો હતો તે વિદ્યમાન જ છે. દવાની દુકાને જતાં પૂર્વે ઘરે બેઠાં બેઠાં દવા મળી જાય તો દુકાને જવાની આવશ્યકતા રહેતી નથી. જો ક્રિયા કરનાર પાસે ભાવ નહિ હોય તો પણ તે શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ અકિંચિત્કર બનશે, કારણ કે ભાવશૂન્ય ક્રિયામાં ફળને ઉત્પન્ન કરવાની યોગ્યતા નથી. તે કારણે શાસ્ત્રોક્ત આચારથી શૂન્ય શુદ્ધ ઉપયોગસ્વરૂપ આત્મજ્ઞાનને જ રાજયોગ તરીકે સ્વીકારો. કેમ કે રાજયોગમાં કોઈ પણ પ્રકારનું દ્વૈતનું ભાન થતું નથી. 'અનાદિ અનંત ચૈતન્યનો પિંડ એવો હું અને વિનશ્વર તથા જડ એવા શરીરથી મારે પ્રવૃત્તિ કરવાની !' - આવા પ્રકારનો દ્વૈત ભાવ = આત્મ-અનાત્મભાન જ્ઞાનયોગસ્વરૂપ રાજયોગમાં નથી હોતો. <u>શ્રીબુદ્ધિસાગરસૂરીશ્વરજી</u> મહારાજે પણ રાજયોગનું સ્વરૂપ બતાવતાં <u>આત્મસમાધિ</u> ગ્રન્થમાં જણાવેલ છે કે "વૈરાગ્ય અને પ્રશમભાવથી યુક્ત એવું જે શુદ્ધ આત્માનું જ્ઞાન છે તે જ રાજયોગ સમાધિ છે. તે જ શુદ્ધોપયોગ તરીકે માન્ય છે." <u>શિખાસંહિતા</u>માં જણાવેલ છે કે —> દ્વૈતભાવ રહિત રાજયોગ હોય. <— આ જ રાજયોગ એ શ્રેષ્ઠ યોગ છે, કેમ કે <u>દત્તાત્રયસંહિતા</u>માં જણાવેલ છે કે — —> બધા યોગોમાં રાજયોગ ઉત્તમ યોગ છે એવું કહેવાયેલ છે. <— હઠયોગની પ્રક્રિયા પણ રાજયોગમાં જ ફલિત થાય છે. <u>હઠયોગપ્રદીપિકા</u>માં <u>સ્વાત્મારામ</u> નામના યોગીએ જણાવેલ છે કે —> કેવલ રાજયોગ માટે હઠવિદ્યા = હઠયોગ બતાવવામાં આવે છે. <—રાજયોગ જ મોક્ષને આપનાર છે. <u>યોગેશ્વરોદય</u> નામના ગ્રંથમાં જણાવેલ છે કે —> પંદર પ્રકારનો આ રાજયોગ મોક્ષને આપનાર છે. <— આ પ્રમાણે જ્ઞાની માટે શાસ્ત્ર નિયામક ન બને તે માટે પૂર્વપક્ષીએ જોરદાર વિસ્તારપૂર્વક રજુઆત કરી છે. <u>(૩/૧૦)</u>

ઉપર પ્રમાણે પૂર્વપક્ષીની રજુઆત બરોબર નથી. તે વાતને જણાવતાં ગ્રંથકારશ્રી ઉત્તરપક્ષ સ્થાપિત કરે છે.

**मैवं नाकेवली पश्यो नापूर्वकरणं विना ।**
**धर्मसन्न्यासयोगी चेत्यन्यस्य नियता क्रिया ॥११॥**

'उद्देसो पासगस्स नत्थि' इत्युपक्रम्य **आचाराङ्गे** पश्यकस्योपदेशाविषयत्वमुक्त्वा शास्त्रीयविधिनिषेध-नियन्त्रितत्वमपश्यकस्योक्तं तदीष्यत एवास्माभिः किन्तु **अकेवली** = असर्वज्ञः **न** = नैव **पश्यः** = पश्यक इति त्वाचाराङ्गटीकोक्तं न विस्मर्तव्यं तत्रभवद्भिः भवद्भिः । **नारदपरिव्राजको**पनिषदुक्तं ब्रह्मविज्ञानिनां विध्याद्यगोचरत्वमपि केवलज्ञान्यपेक्षयैवावबोध्यम् । **नारदपञ्चरात्रो**पदर्शितं परतत्त्ववेदिनां नियमवर्जितत्वमप्यस्माभिरङ्गीक्रियत एव किन्तु परतत्त्वदर्शनं त्रयोदशगुणस्थानक एवाभ्युपगम्यत इति व्यक्तं **षोडशके** । सर्वत्र ब्रह्मात्मकतोपदर्शनमपि तत्त्वतः केवलज्ञानिनामेवेति **पाशुपत**ब्रह्मोपनिषदुक्तिरपि न नो बाधिकेति ध्येयम् ।

किञ्च सामर्थ्ययोगस्य द्विविधस्यापि शास्त्राऽनियम्यत्वमिष्यत एवास्माभिः परन्तु क्षपकश्रेणिगतं द्वितीयमपूर्वसत्परिणामविशेषलक्षणं **अपूर्वकरणं विना धर्मसंन्यासयोगी** = धर्मसंन्यासाभिधान-प्रथमसामर्थ्ययोगशाली **न** भवति । आयोज्यकरणं विना च योगसंन्यासाख्य-द्वितीयसामर्थ्ययोगशाली न भवति । **अन्यस्य** =

**શ્લોકાર્થ** :- પૂર્વપક્ષનું ઉપરોક્ત કથન વ્યાજબી નથી. કારણ કે જે કેવલજ્ઞાની ન હોય તે પશ્યક નથી હોતા, અને અપૂર્વકરણ વિના ધર્મસંન્યાસ નથી હોતો. આ બે સિવાયના જ્ઞાનીને તો શાસ્ત્રોક્ત ક્રિયા નિયત છે.(૩/૧૧)

## ❀ તત્ત્વજ્ઞાનીને પણ શાસ્ત્રોક્ત ક્રિયા આવશ્યક - ઉત્તરપક્ષ ❀

**ટીકાર્થ** :- 'પશ્યકને ઉદ્દેશ = ઉપદેશ ન હોય' - આ પ્રમાણે રજુઆત કરીને આચારાઙ્ગજીમાં —> શાસ્ત્રીય ઉપદેશનો વિષય પશ્યક નથી બનતા.''<— આવું જણાવીને શાસ્ત્રીય વિધિ કે નિષેધનું નિયંત્રણ અપશ્યકને હોય છે.- આવું જે જણાવેલ છે તે અમને માન્ય જ છે. શાસ્ત્રોક્ત વાત અમને માન્ય ન હોય એવું થોડું બને! પરંતુ જે સર્વજ્ઞ ન હોય તે પશ્યક ન હોય'- આવું આચારાઙ્ગની ટીકામાં શ્રીશીલાંકાચાર્યે જણાવેલ છે તે ભૂલતા નહિ. 'બ્રહ્મવિજ્ઞાનીઓને શાસ્ત્રના વિધાનો લાગુ પડતાં નથી' આ પ્રમાણે નારદપરિવ્રાજકઉપનિષદ્‌માં જે પૂર્વે (૩/૮, પૃ.૨૮૧) જણાવેલ તે પણ કેવલજ્ઞાનીની અપેક્ષાએ યથાર્થ સમજવું. મતલબ કે બ્રહ્મવિજ્ઞાની તરીકે કેવલજ્ઞાની જ લેવા. પૂર્વે નારદપંચરાત્ર ગ્રન્થમાં 'પરતત્ત્વવેદીઓને કોઈ નિયમની (વ્રતની, અભિગ્રહની, અનુષ્ઠાનની) આવશ્યકતા નથી હોતી' આવું જે જણાવેલ છે તે પણ અમને માન્ય જ છે. પરંતુ પરતત્ત્વનો = સિદ્ધસ્વરૂપનો સાક્ષાત્કાર તેરમા ગુણસ્થાનકે જ અમે માનીએ છીએ. ૧૫મા ષોડશકમાં આ વાતને શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે સ્પષ્ટ રીતે જણાવેલ છે. પૂર્વે (૩/૮/પૃ.૨૮૧) પાશુપતબ્રહ્મઉપનિષદ્‌નો હવાલો આપી પૂર્વપક્ષીએ જે જણાવેલ કે 'સર્વ બ્રહ્મસ્વરૂપ જણાય ત્યારે શાસ્ત્રીય વિધિ-નિષેધ નિવૃત્ત થાય છે' તે પણ અમારા પક્ષમાં બાધક નથી. આનું કારણ એ છે કે વાસ્તવમાં સર્વત્ર બ્રહ્માત્મકતાનું દર્શન પણ કેવલજ્ઞાનીઓને જ હોય છે. તથા કેવલીઓને તો કોઈ શાસ્ત્રીય વિધિ-નિષેધ લાગુ પડતા જ નથી, માટે કેવલીને ઉપદેશ ન હોય આ સ્પષ્ટ છે.

વળી, ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ નામના બન્ને સામર્થ્યયોગ શાસ્ત્રથી અનિયંત્રિત છે - આવું અમને માન્ય જ છે. પરંતુ ક્ષપકશ્રેણિમાં રહેલ વિશિષ્ટ અપૂર્વ સત્ પરિણામ સ્વરૂપ દ્વિતીય અપૂર્વકરણ વિના ધર્મસંન્યાસ નામનો પ્રથમ સામર્થ્યયોગ પ્રાપ્ત થતો નથી. તેમ જ આયોજ્યકરણ વિના યોગસંન્યાસ નામનો બીજો સામર્થ્યયોગ પ્રાપ્ત થતો નથી. આ વાતને પૂર્વપક્ષીએ જાણી જોઈને અંધારામાં રાખેલ છે. કેવલજ્ઞાની સ્વરૂપ પશ્યક તેમ જ

अप्राप्तकेवलज्ञान-क्षपकश्रेण्यायोज्यकरणस्याऽष्टमगुणस्थानकपूर्ववर्तिनो ज्ञानयोगिनोऽपि **क्रिया नियता** = शास्त्रनियन्त्रिता स्वोचितभूमिकानुसारिण्येव, समुचितोत्सर्गापवादानुसारिक्रियानुकूलेत्यवधेयम् ॥३/११॥

—> भावस्य सिद्ध्यसिद्धिभ्यां यच्चाकिञ्चित्करी क्रिया <— (३/१०) इति यदुक्तं तत्प्रत्युत्तरयति —> 'स्थैर्ये'ति ।

**स्थैर्याधानाय सिद्धस्यासिद्धस्यानयनाय च ।**
**भावस्यैव क्रिया शान्तचित्तानामुपयुज्यते ॥१२॥**

**सिद्धस्य** = स्वसामग्रीतः समुत्पन्नस्य **भावस्य** = निर्मलाध्यवसायस्य **स्थैर्याधानाय** = स्थिरतापादनकृते वृद्धिकृते च तथा **असिद्धस्य** = असञ्जातस्य भावस्य **आनयनाय च** = उत्पादार्थमेव **शान्तचित्तानां** = प्रशान्तवृत्तीनां तत्त्वज्ञानिनां **क्रिया** = शास्त्रविहितप्रवृत्तिः **उपयुज्यते एव** । अलब्धभावलाभ-लब्धपरिरक्षणादिकमेव सत्क्रियाप्रयोजनमात्मज्ञानिनाम् । इत्थमेव तेषां स्व-परतारकत्वं स्यात् । तदुक्तं **ज्ञानसारे** —> ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः । स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षमः ॥

---

ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ નામના બે સામર્થ્યયોગ વાળા યોગી માટે શાસ્ત્રનું નિયમન હોતું નથી. આવો શાસ્ત્રકારોનો અભિપ્રાય છે અને તે અમને સંપૂર્ણતયા માન્ય જ છે. પરંતુ જે તત્ત્વજ્ઞાનીએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું નથી, કે ક્ષપકશ્રેણિ માંડી નથી, કે આયોજ્યકરણ કરેલ નથી તેવા તમામ તત્ત્વજ્ઞાનીઓ કે જે ૮મા ગુણસ્થાનકની પૂર્વે રહેલા છે, તેઓની ક્રિયા તો શાસ્ત્રનિયંત્રિત અને સ્વોચિત ભૂમિકાને અનુસારે જ હોય છે. આનું કારણ એ છે કે સમુચિત ઉત્સર્ગ અને અપવાદને અનુસરનારી ક્રિયાને અનુકૂળ એવી સામાયિકની વિવેકદૃષ્ટિ તે તત્ત્વજ્ઞાનીઓ પાસે હોય છે. માટે ૮મા અને ૯મા શ્લોક દ્વારા પૂર્વપક્ષીએ જે સ્થાપના કરી કે તત્ત્વજ્ઞાનીને ક્રિયા ન હોય તેનું નિરાકરણ થઈ જાય છે. આ વાતને સુજ્ઞ પાઠકવર્ગે ખ્યાલમાં રાખવી. <u>(૩/૧૧)</u>

'ભાવની સિદ્ધિ-અસિદ્ધિ દ્વારા ક્રિયા નિષ્ફળ છે.' - આ પ્રમાણે પૂર્વપક્ષીએ ૧૦ મા શ્લોકમાં જણાવેલ તેનો ઉત્તર આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે

<u>**શ્લોકાર્થ**</u> :- ઉત્પન્ન થયેલા ભાવની સ્થિરતા લાવવા માટે અને અનુત્પન્ન ભાવને ઉત્પન્ન કરવા માટે શાંતચિત્તવાળા યોગીઓને ક્રિયા ઉપયોગી બને છે. <u>(૩/૧૨)</u>

## ❀ શુભ ભાવના યોગક્ષેમ માટે ક્રિયા આવશ્યક - ઉત્તરપક્ષ ❀

<u>**ટીકાર્થ**</u> :- પોતાની સામગ્રીથી ઉત્પન્ન થયેલા અધ્યવસાયને સ્થિર કરવા માટે અને વૃદ્ધિ કરવા માટે તેમ જ અનુત્પન્ન એવા નિર્મળ પરિણામને ઉત્પન્ન કરવા માટે જ પ્રશાન્તવૃત્તિવાળા તત્ત્વજ્ઞાનીને શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ ઉપયોગી થાય છે જ. નહિ પ્રાપ્ત થયેલા ભાવને પ્રાપ્ત કરવો, અને પ્રાપ્ત થયેલ ભાવનું રક્ષણ વગેરે કરવું એ જ આત્મજ્ઞાનીની સત્‌ક્રિયાનું પ્રયોજન છે. આ રીતે જ આત્મજ્ઞાની પુરૂષો સ્વપરના તારક બને. <u>**જ્ઞાનસાર**</u> પ્રકરણમાં જણાવેલ છે કે —> જિતેન્દ્રિય, ભાવિત આત્માવાળો, પ્રશાન્ત અને ક્રિયામાં તત્પર એવો જ્ઞાની સંસાર સાગરને સ્વયં તરી ગયેલ છે અને બીજાને પણ તારવા માટે સમર્થ છે. <— માટે જ કેવળજ્ઞાનીઓ પણ આધાકર્મ વગેરે દોષથી દુષ્ટ એવી ગોચરી વગેરેને છોડે છે અને નિર્દોષ ગોચરીગ્રહણ, વિહાર વગેરે ક્રિયાઓને કરે છે. જો કેવળજ્ઞાની દોષિત ગોચરીને ગ્રહણ કરે, એક જ સ્થાને વિના કારણે પડ્યા પાથર્યા રહે અને વિહાર ન કરે, સચિત્ત પૃથ્વી, પાણી ઉપર ચાલે, વનસ્પતિ વગેરે ઉપર લઘુ શંકા વગેરે કરે તો

<— (९/१) इति । अत एव केवलिनोऽपि आधाकर्मादिदोषदुष्टपिण्डादिकं परित्यजन्ति निर्दोषपिण्डग्रहण-विहारादिकञ्च स्वोचितं कुर्वन्तीति विभावनीयम् ॥३/१२॥

स्वरचितज्ञानसारगत (९/२-७) कारिकाषट्केन क्रियानयाभिप्रायमाविष्करोति —> '**क्रिये**'ति ।

**क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥१३॥**

**हन्त** इति शोचने । तदुक्तं **हलायुधकोशे** —> शोचने सम्प्रहर्षे च हन्तशब्दः प्रयुज्यते <— (५/८७६) । **क्रियाविरहितं** = स्वाभिधेयार्थ-तात्पर्यार्थानुकूलप्रवृत्तिनिवृत्त्योरप्रयोजकमकारणमनुपधायकं वा **ज्ञानमात्रं** = सर्वं ज्ञानं **अनर्थकं** = स्वाश्रयाऽयोग्यत्वतारतम्येनाऽपायकारि इष्टार्थाऽसम्पादकं वा **स्यात्** । दृष्टान्तेनेदं समर्थयति **पथज्ञोऽपि** = अभीष्टनगरप्रापकमार्गगोचराऽभ्रान्तज्ञानवानपि **गतिं** = इष्टपुरसंयोगानुकूलक्रियां **विना ईप्सितं** = अभिमतं **पुरं नाप्नोति** = नैव प्राप्नोति । इदञ्चोदाहरणमिष्टार्थालाभापेक्षयाऽ-

---

તેવું જોનારા બીજા જીવો વ્યવહારમાર્ગ ઉપરનો વિશ્વાસ ગુમાવી બેસે. આવું ન બને તે માટે કેવલજ્ઞાની પણ ઉચિત ક્રિયાને જ કરે છે. કેવળજ્ઞાની દોષિત ગોચરી વાપરે કે નિષ્કારણ વિહાર વગેરે ન કરે તો પણ તેઓને કોઈ પાપ લાગવાનું જ નથી, છતાં પણ બીજા ધર્મભ્રષ્ટ ન થાય તે માટે તેઓ તેવું ન જ કરે. ઊલટું, પોતાને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હોવાં છતાં પણ સમવસરણમાં ગણધર ભગવંતની દેશનામાં પણ લોકોને આસ્થા પ્રગટે, વધે, ટકે તે માટે કેવલી ભગવંતો પણ ત્યાં ઉપસ્થિત રહે છે. આમ પોતાને આવશ્યક ન હોવા છતાં પણ પરોપકાર માટે કેવળજ્ઞાનીઓ પણ સામાયિક શક્તિના કારણે ઉચિત પ્રવૃત્તિ જ કરે છે તો પછી જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી એવા તત્ત્વજ્ઞાની તો નિયમા શાસ્ત્રોક્ત ઉચિત પ્રવૃત્તિને આચરે જ - આ હકીકતને શાંત ચિત્તે સમજવી. <u>(૩/૧૨)</u>

સ્વરચિત <u>જ્ઞાનસાર</u> પ્રકરણના નવમા અષ્ટકની છ કારિકા દ્વારા ક્રિયાનયના અભિપ્રાયને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- ક્રિયા વગરનું એકલું જ્ઞાન અનર્થક છે. માર્ગનો જાણકાર પણ માર્ગમાં ગતિ કર્યા વિના, ઈચ્છિત નગરમાં પહોંચતો નથી. <u>(૩/૧૩)</u>

## ❀ નિષ્ક્રિય જ્ઞાન અનર્થક ❀

<u>**ટીકાર્થ**</u> :- <u>હલાયુધ</u> કોશમાં જણાવેલ છે કે —> 'हन्त' શબ્દનો પ્રયોગ શોક અને અત્યંત હર્ષ - આ બે અર્થમાં થાય છે. <—પ્રસ્તુતમાં 'હન્ત' શબ્દ શોક અર્થમાં છે. જે જ્ઞાન પોતાના અભિધેયાર્થ અને તાત્પર્યાર્થને અનુકૂળ એવી પ્રવૃત્તિ અને નિવૃત્તિનું પ્રયોજક ન બને, કારણ ન બને, કે ઉપધાયક (= અવ્યવહિત ઉત્તરક્ષણમાં ફલોત્પાદક) ન બને તેવું બધું જ જ્ઞાન અનર્થક છે. અર્થાત્ એ જ્ઞાન પોતાના આશ્રયની અયોગ્યતાના તારતમ્ય મુજબ નુકશાન કરનાર બને છે. જે વ્યક્તિએ સ્થૂલ હિંસા વગેરેની નિવૃત્તિની પ્રતિજ્ઞા કરી હોય તથા તેના જીવનમાં થતી પ્રવૃત્તિ તેની પ્રતિજ્ઞાની બાધક હોય અને છતાં પણ તે વ્યક્તિ તેવી પ્રવૃત્તિ ન છોડે તો તેનું શુષ્ક જ્ઞાન નુકશાનકારક પુરવાર થાય છે. પછી તે નિષ્ઠુરપણે પ્રવૃત્તિ કરે તો વધારે નુકશાન થાય. અને પાપનો ભય રાખી પ્રવૃત્તિ કરે તો ઓછું નુકશાન થાય છે. અથવા તો તેવું નિષ્ક્રિય જ્ઞાન પોતાના ઈષ્ટ અર્થનું સંપાદન કરતું નથી. હિંસાના ક્રૂર વિપાક જાણ્યા બાદ હિંસાને નહિ છોડનાર વ્યક્તિને તેવી જાણકારીનો કોઈ વિશેષ

वगन्तव्यम् । अपायकारित्वापेक्षया तु —> समुद्रपतितः तरणनिपुणोऽपि बाहुप्रसारणं विना स्वाभिमतकुलं नाप्नोति किन्त्वधोऽधो मज्जत्येव <— इत्थमप्युदाहर्तव्यमपायकृत्तादृशज्ञानविचारणे विचक्षणैः ॥३/१३॥

ज्ञानयोगिनोऽपि क्रियाऽऽवश्यकतामाह —> 'स्वे'ति ।

**स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ॥१४॥**

**ज्ञानपूर्णोऽपि** = परिपक्वज्ञानयोगः किं पुनरपरिपक्वज्ञानयोगः ? इत्यपिशब्दार्थः **काले** = अवसरे **स्वानुकूलां** = स्वोचितभूमिकानुरूपां **क्रियां अपेक्षते** । तथाहि क्षपकश्रेणिपूर्ववर्ती आत्मज्ञानी भिक्षाटन-शयनादिकां देहनिर्वाहानुकूलां आत्मश्रवण-मनन-निदिध्यासनादिकां च संयमस्थाननिर्वाहानुकूलां क्रियामपेक्षते । क्षपकश्रेणिवर्ती आत्मज्ञानी प्रमादपरिहारादिकां बहिरङ्गां शुक्लध्यानात्मिकां चाऽन्तरङ्गां क्रियामपेक्षते । क्षीणघातिकर्मा केवल्यपि केवलिसमुद्घात-योगनिरोधादिकां बहिरङ्गां व्युपरतक्रियानिवृत्तिलक्षणशुक्लध्यानादिकाञ्चान्तरङ्गां क्रियामपेक्षते । दृष्टान्तमाह - **यथा** = येन प्रकारेण **स्वप्रकाशोऽपि** = स्वप्रकाशनक्रियायामन्यानपेक्षोऽपि **प्रदीपः तैलपूर्त्यादिकं** प्रकाशक्रियानुकूलमपेक्षते, अन्यथा प्रकाशस्यैवाऽसम्भवात्, जातस्यापि प्रकाशस्य चिरमनवस्थानात् । अधुनातनः स्वप्रकाशको विद्युद्दीपकोऽपि विद्युत्प्रवाहवाहकधातुमयरज्जुमीलनादिकां क्रियामपेक्षत

---

લાભ થયો ન કહેવાય. દૃષ્ટાંત દ્વારા આ જ વાતનું ગ્રંથકારશ્રી સમર્થન કરે છે. કે - 'પોતાને ઈચ્છિત નગર સુધી પહોંચાડે તેવા માર્ગનું જે વ્યક્તિને અભ્રાન્ત જ્ઞાન છે છતાં પણ તે વ્યક્તિ જો ઈચ્છિત નગરનો સંયોગ થાય તેવા પ્રકારની ગતિ ક્રિયા ન કરે તો તે પોતાના ઈચ્છિત નગરને પ્રાપ્ત કરી શકતો જ નથી. આ ઉદાહરણ ઈષ્ટ અર્થનો લાભ નથી થતો એ અપેક્ષાએ જાણવું. 'નિષ્ક્રિય જ્ઞાન નુકશાન કરે છે' - એવી અપેક્ષાથી દૃષ્ટાંત સમજવું હોય તો એવું ઉદાહરણ વિચક્ષણ પુરૂષોએ સમજવું કે - "સમુદ્રમાં પડેલો કુશળ તરવૈયો (તરવાના નિપુણ જ્ઞાનવાળો) પણ જો હાથ-પગ ન હલાવે તો પોતાને ઈચ્છિત એવા સામા કિનારે પહોંચતો તો નથી જ, ઊલટું, સમુદ્રના ઊંડા તળિયે ડૂબી જાય છે." (૩/૧૩)

જ્ઞાનયોગીને પણ ક્રિયા આવશ્યક છે-એ વાત ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- જેમ સ્વપ્રકાશક એવો પણ દીપક અવસરે તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે તેમ પરિપૂર્ણ જ્ઞાનવાળો પણ અવસરે પોતાને અનુકૂળ ક્રિયાની અપેક્ષા રાખે છે. (૩/૧૪)

### ❀ પૂર્ણજ્ઞાનીને પણ ક્રિયા જરૂરી ❀

**ટીકાર્થ** :- અપરિપક્વ જ્ઞાનયોગવાળાની તો શી વાત કરવી ? પરંતુ પરિપક્વ જ્ઞાનયોગવાળાને પણ અવસરે પોતાને ઉચિત એવી ભૂમિકાને અનુરૂપ ક્રિયાની અપેક્ષા રહે છે. તે આ મુજબ-ક્ષપકશ્રેણિના પૂર્વ કાળમાં રહેલા આત્મજ્ઞાનીને દેહનિર્વાહને અનુકૂળ એવી ભિક્ષાટન, શયન વગેરે ક્રિયાની અપેક્ષા રહે છે, તેમજ સંયમસ્થાનના નિર્વાહને અનુકૂળ આત્મશ્રવણ-મનન-નિદિધ્યાસન વગેરે ક્રિયાની અપેક્ષા રહે છે. ક્ષપકશ્રેણિમાં રહેલ આત્મજ્ઞાનીને શુક્લધ્યાન સ્વરૂપ અંતરંગ ક્રિયાની અને શ્વાસોશ્વાસ વગેરે બહિરંગ ક્રિયાની અપેક્ષા રહે છે. ઘાતિકર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાની બની ચૂકેલા જીવને પણ કેવલીસમુદ્ઘાત, યોગનિરોધ વગેરે ક્રિયાની અપેક્ષા રહે છે. ઉદાહરણ દેખાડવા પૂર્વક આ વાતનું સમર્થન કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે સ્વપ્રકાશ એવો દીવો પ્રકાશક્રિયાને અનુકૂળ એવી તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે. બાકી તો પ્રકાશ જ સંભવી ન શકે. ઉત્પન્ન થયેલો પ્રકાશ પણ તેલ પૂર્યા વિના લાંબો સમય ટકી ન શકે. વર્તમાનકાળમાં ઈલેક્ટ્રીસીટીથી

एव ॥३/१४॥

क्रियाऽऽवश्यकतामावेदयति —> 'बाह्ये'ति ।

**बाह्यभावं पुरस्कृत्य, येऽक्रिया व्यवहारतः ।**
**वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥१५॥**

'प्रतिक्रमण-प्रतिलेखनादिकाः क्रियास्तु बाह्यभावरूपाः मोक्षस्त्वात्मानंदाऽनुभूतिरूप आन्तरभावः । अतः मोक्षार्थं क्रिया नोपादेया' इत्येवं **बाह्यभावं पुरस्कृत्य** = अग्रे कृत्वा ये मूढा **व्यवहारतः** = सद्व्यवहारमाश्रित्य **अक्रियाः** = निष्क्रियाः = दृश्यसद्धर्माचारशून्याः **ते वदने** = मुखे **कवलक्षेपं विना तृप्तिकाङ्क्षिणः** । यथा तेषां नैव तृप्तिः स्यात्तथाऽक्रियाणां नैव परमार्थतः तत्त्वोपलब्धिस्स्यादित्यर्थः । तदुक्तं **तत्त्वज्ञानतरङ्गिण्यां** —> व्यवहारं समालम्ब्य ये स्वीकुर्वन्ति निश्चयम् । शुद्धचिद्रूपसम्प्राप्तिस्तेषामेवेतरस्य न ॥ (७/८) <— इति ।

हस्तादर्शे तु 'बाह्याऽभावं' इति पाठः । तदनुसारेण व्याख्यैवं ज्ञेया —> 'मोक्षे परमानन्दमये कोऽपि क्रियाकलापादिरूपो बाह्यभावो नास्ति । मोक्षगमनकाले सर्वैव क्रिया त्याज्यैव । ततः सा किमर्थमुपादेया

---

ચાલતી ટ્યુબ લાઈટ વગેરે સ્વપ્રકાશક = પોતાની જાતને અજવાળવા માટે બીજાથી નિરપેક્ષ હોવા છતાં પણ સ્વીચ ચાલુ કરવી વગેરે ક્રિયાની અપેક્ષા જરૂર રાખે છે. વિદ્યુતપ્રવાહને વહન કરતા ધાતુના તાર વિદ્યુતપ્રવાહને પસાર થવા માટે અમુક ચોક્કસ પ્રકારે ભેગા થાય તે જરૂરી છે. (૩/૧૪)

ક્રિયાની આવશ્યકતાને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- બાહ્ય ભાવને આગળ કરી જેઓ વ્યવહારથી અક્રિય = નિષ્ક્રિય છે તેઓ મોઢામાં કોળિયો નાંખ્યા વિના તૃપ્તિ ઈચ્છે છે. (૩/૧૫)

## ❑ ક્રિયાશૂન્ય જ્ઞાનથી કાર્યનિષ્પત્તિ ન થાય ❑

**ટીકાર્થ** :- "પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે ક્રિયાઓ તો બાહ્ય ભાવ સ્વરૂપ છે. જ્યારે મોક્ષ તો આત્માની અનુભૂતિ સ્વરૂપ આંતર ભાવ છે. તેથી મોક્ષ માટે ક્રિયા ઉપાદેય નથી." - આ પ્રમાણે બાહ્ય ભાવને આગળ કરીને જે મૂઢ જીવો સદ્વ્યવહારની અપેક્ષાએ નિષ્ક્રિય છે અર્થાત્ બહારથી દેખી શકાય તેવા સદ્ધર્માચારથી રહિત છે તે જીવો મોઢામાં અનાજનો કોળિયો નાંખ્યા વિના તૃપ્તિની ઈચ્છા રાખે છે. જેમ ભોજનના કોળિયા હાથેથી મોઢામાં મૂકવા પડે, ખોરાકને ચાવવો પડે, પેટ ભરવું પડે, તો જ તૃપ્તિ થાય. કેવળ ભોજનના જ્ઞાનથી તૃપ્તિ ન થાય. બરોબર આ જ રીતે સાધકે કષ્ટમય સાધના કરીને ઉપસર્ગ-પરિષહને સહન કરવા પડે તો જ પરમાનંદની પ્રાપ્તિ થાય. કષ્ટભીરૂ એવો જે જ્ઞાની નિષ્ક્રિય બેઠો રહે છે તેને પરમાર્થથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. તત્ત્વજ્ઞાનતરંગિણી ગ્રંથમાં જણાવેલ છે કે —> વ્યવહારનું સમ્યક્ રીતે આલંબન કરીને જેઓ નિશ્ચય નયને સ્વીકારે છે તેઓને જ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ થાય છે, બીજાને નહિ. <— અર્થાત્ વ્યવહારનો આદર કર્યા વિના જેઓ નિશ્ચયનો આદર કરે છે અથવા તો વ્યવહારનો આશ્રય કરવા છતાં પણ સમ્યગ્ રીતે વ્યવહાર ધર્મનું પાલન કર્યા વિના નિશ્ચય નયને જે વળગે છે, અથવા તો જેઓ વ્યવહાર ધર્મને બરાબર પકડવા છતાં પણ નિશ્ચય નયથી નિરપેક્ષ રહે છે તેઓને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

हस्ता० । આ ગ્રંથની હસ્તલિખિત પ્રતમાં "बाह्यभावं" ના બદલે "बाह्याभावं" એવો પાઠ મળે છે. તે

प्रथमम् ?' इत्येवं मोक्षे बाह्याभावं पुरस्कृत्य ये पण्डितंमन्याः व्यवहारतः अक्रियाः = सद्धर्माचाररहिताः **ते वदने कवलक्षेपं विना तृप्तिकाङ्क्षिणः** । तुल्यन्यायेन कवलग्रहणानुपपत्तेः गृहीतकवलस्यापि प्रान्ते मलरूपेण त्यक्तव्यत्वादेव । न चैवं युक्तम् । ततश्च निश्चयमवलम्ब्य स्वोचितव्यवहाराश्रिताः परमतत्त्वभाजस्स्युः । तदुक्तं **तत्त्वज्ञानतरङ्गिण्यां** —> व्यवहाराद् बहिः कार्यं कुर्याद् विधिनियोजितम् । निश्चयं चान्तरे धृत्वा तत्त्ववेदी सुनिश्चलम् ॥ <— (७/२२) इत्यवधेयम् ॥३/१५॥

क्रियाया भावयोग-क्षेमकारित्वमाविष्करोति —> **'गुणवदि'**ति ।

**गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया ।**
**जातं न पातयेद्भावमजातं जनयेदपि ॥१६॥**

**गुणवद्बहुमानादे**रिति । तपस्त्याग-तितिक्षा-संयम-ब्रह्मचर्य-क्षमा-मार्दवाऽऽर्जवादिगुणवतां बहुमान-सत्कार-सन्मान-भक्त्यादेः **नित्यस्मृत्या** = प्रतिज्ञाताहिंसादियम-स्वाध्यायादिनियम-द्रव्याद्यभिग्रहानां सदैव स्मरणेन, चः समुच्चये **सत्क्रिया** = वन्दन-पूजन-वैयावृत्त्य-द्रव्याद्यभिग्रहपालन-सिद्धान्तसम्बन्धिश्रवण-

---

પાઠ મુજબ પ્રસ્તુત શ્લોકનું અર્થઘટન એવું જાણવું કે ''મોક્ષ પરમાનંદ સ્વરૂપ છે. મોક્ષમાં કોઈ પણ પ્રકારના ક્રિયાકલાપસ્વરૂપ બાહ્ય ભાવ નથી. મોક્ષે જવાના સમયે બધી જ ક્રિયાઓ છોડવાની છે જ. તેથી મોક્ષે જતાં પહેલા ક્રિયાનું આલંબન શા માટે કરવું ?'' - આ રીતે મોક્ષમાં બાહ્ય પદાર્થોના અભાવને આગળ કરીને, પોતાની જાતને પંડિત માનનારા જે શુષ્ક જ્ઞાનીઓ વ્યવહારથી = સદ્ધર્માચારથી રહિત છે તેઓ મોઢામાં કોળિયો મૂક્યા વિના તૃપ્તિને ઈચ્છે છે. જો મોક્ષમાં જવાના અંત સમયે સર્વ ક્રિયાઓ છોડવાની હોવાના લીધે ક્રિયાનો સ્વીકાર સદંતર ન જ કરવાનો હોય તો તે માણસ અનાજનો કોળિયો પણ ગ્રહણ નહિ કરી શકે, કારણ કે ગ્રહણ કરેલા કોળિયાને પણ અંતે તો મળ રૂપે છોડવાનો જ છે. જેમ મળરૂપે ભોજનનો કોળિયો છોડવાનો હોવા છતાં પણ બધા લોકો ભોજન ગ્રહણ કરે છે કારણ કે ભૂખ લાગી હોય, શક્તિ મેળવવી હોય, તૃપ્તિ લાવવી હોય તો તે જરૂરી જ છે. બરાબર આ જ રીતે મોક્ષમાં જતા પૂર્વે સઘળીયે ક્રિયાઓ છોડવાની હોવા છતાં પણ ધર્મમાર્ગે આગળ વધવા, ધર્મસામગ્રીપ્રાપક પુણ્ય મેળવવા, આત્મશુદ્ધિ મેળવવા, શાસનને ટકાવવા માટે પોતાને ઉચિત એવી બાહ્ય ધર્મક્રિયાનો આશ્રય કરવો જરૂરી છે. તે વખતે હૃદયમાં નિશ્ચયનયનો યથાવસ્થિત બોધ હોય તે જરૂર આવકાર્ય છે, કારણ કે તે રીતે ધર્મક્રિયાને આચરવાથી પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. <u>તત્ત્વજ્ઞાનતરંગિણીમાં</u> જણાવેલ છે કે —> જે તત્ત્વવેદી પુરૂષ હોય તેણે અત્યંત નિશ્ચલ રીતે હૃદયમાં નિશ્ચયને ધારણ કરીને શાસ્ત્રીય વિધિથી નિશ્ચિત થયેલા એવા કાર્યને બહારથી વ્યવહારને આશ્રયીને કરવું જોઈએ. <— આ વાત ખ્યાલમાં રાખવી. <u>(૩/૧૫)</u>

ક્રિયા એ જ ભાવના યોગક્ષેમને કરનાર છે -એ વાત જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે :

<u>**શ્લોકાર્થ**</u> :- ગુણવાનો પ્રત્યેનું બહુમાન વગેરે અને નિત્ય સ્મૃતિ દ્વારા થતી સત્ક્રિયા અનુત્પન્ન ભાવને ઉત્પન્ન કરે છે, અને ઉત્પન્ન થયેલા ભાવને પડવા દેતી નથી. <u>(૩/૧૬)</u>

<u>**ટીકાર્થ**</u> :- તપ, ત્યાગ, તિતિક્ષા, સંયમ, બ્રહ્મચર્ય, ક્ષમા, નમ્રતા, સરળતા વગેરે ગુણોથી અલંકૃત જીવોનું બહુમાન, સત્કાર, સન્માન, ભક્તિ કરવાથી અને પ્રતિજ્ઞા કરેલ અહિંસા વગેરે યમ, સ્વાધ્યાય વગેરે નિયમ, દ્રવ્ય-ક્ષેત્ર વગેરે સંબંધી અભિગ્રહનું સદૈવ સ્મરણ કરવાથી વંદન, પૂજન, વૈયાવચ્ચ, દ્રવ્ય-ક્ષેત્ર વગેરે અભિગ્રહનું

लेखन-दानादिका सर्वज्ञोक्ता शुभक्रिया प्रबलशक्तिमती सती **जातं** = स्वसामग्रीसमुपजातं **भावं** = प्रशस्ताध्यवसायं **न पातयेत्** = स्थिरीकुर्यात् वृद्धिञ्चापादयेत्, **अजातं** = सामग्रीवैकल्यादनुत्पन्नं **भावं** = प्रशस्ताध्यवसायं **जनयेदपि** = उत्पादयेदपि । शुभक्रियात्यागे जातोऽपि शुभभावः शिथिलः स्यात् विनश्येच्च । अजातश्च शुभाध्यवसायो नैव जायेत । तदुक्तं **पराशरस्मृतौ** अपि —> आचारभ्रष्टदेहानां भवेद् धर्मः पराङ्मुखः <— (१/३७) इति ।

वस्तुतस्तु 'गुणवद्बहुमानादेः' इत्यत्राऽऽदिपदेन प्रतिपक्षजुगुप्सा-परिणत्यालोचन-तीर्थङ्करभक्ति-साधुपर्युपासनोत्तरगुणश्रद्धानां ग्रहणं कर्तव्यम् । तदुक्तं **पञ्चाशके** —> तम्हा णिच्चसईए बहुमाणेणं च अहिगयगुणंमि । पडिवक्खदुगंछाए परिणइआलोयणेणं च ॥ तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य । उत्तरगुणसद्धाए य एत्थ सया होइ जइयव्वं ॥ एवमसंतो वि इमो जायइ, जाओ वि ण पडइ कयाई । ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ॥ <— (१/३६-३७-३८) इति ॥३/१६॥

ननु **विनयरत्नादिभिः** बहुशःशुभक्रियाकरणेऽपि तेषां न शुभभावो जातः, सत्क्रियाकुशलानां **नन्दिषेणा-**

---

**પાલન, સિદ્ધાન્તસંબંધી શ્રવણ-લેખન-દાન વગેરે સર્વજ્ઞ ભગવંતે બતાવેલી શુભ ક્રિયાઓ પ્રબળ શક્તિશાળી થાય છે અને તેના કારણે તે શુભ ક્રિયાઓ પોતાની સામગ્રીથી ઉત્પન્ન થયેલા એવા પ્રશસ્ત અધ્યવસાયોને સ્થિર કરે છે અને વૃદ્ધિંગત કરે છે, તેમજ સામગ્રીની ન્યૂનતાને કારણે અનુત્પન્ન એવા પ્રશસ્ત અધ્યવસાયને ઉત્પન્ન કરે છે. આ રીતે પ્રશસ્ત પરિણામના યોગક્ષેમ માટે શુભ ક્રિયા આવશ્યક છે. આનાથી ઊલટું જો શુભ ક્રિયાનો ત્યાગ કરવામાં આવે તો પૂર્વે ઉત્પન્ન થયેલો પણ પ્રશસ્ત ભાવ શિથિલ થાય અને નાશ પામે, તેમ જ અનુત્પન્ન અધ્યવસાય = શુભ ભાવ ઉત્પન્ન જ ન થઈ શકે. પરાશરસ્મૃતિમાં પણ જણાવેલ છે કે - —> જેનો દેહ આચારથી ભ્રષ્ટ થયેલ છે તેવા જીવોને ધર્મ પરાઙ્મુખ બને છે. <—**

## ❀ પરિણામના યોગક્ષેમ માટેના ૭ ઉપાયો ❀

**वस्तु० । વાસ્તવમાં તો "ગુણવાનનું બહુમાન વગેરે" - આ પ્રમાણે મૂળ ગાથામાં જણાવેલ છે તેમાં 'વગેરે' શબ્દથી પ્રતિપક્ષની જુગુપ્સા, પરિણતિની વિચારણા, તીર્થંકરની ભક્તિ, સાધુની ઉપાસના અને ઉત્તરગુણની શ્રદ્ધા - આ પાંચનું ગ્રહણ કરવાનું છે. શુભ પરિણામના યોગક્ષેમ કરનાર આ સાત પ્રકારના પરિબળોને જ જણાવતા પંચાશક ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જણાવેલ છે કે —> તેથી (૧) નિત્ય સ્મૃતિથી, (૨) પ્રસ્તુત ગુણવાળાનું બહુમાન કરવાથી, (૩) પ્રતિપક્ષની જુગુપ્સા કરવાથી, (૪) પરિણામનો = ફળનો વિચાર કરવાથી, (૫) તીર્થંકરની ભક્તિથી (૬) સુસાધુ વર્ગની પર્યુપાસના કરવાથી અને (૭) ઉત્તર ગુણની શ્રદ્ધા કરવાથી અહીં સદા પ્રયત્ન કરવો. આ રીતે પ્રવૃત્તિ કરવાથી અનુત્પન્ન એવો શુભ અધ્યવસાય ઉત્પન્ન થાય છે, અને પૂર્વે ઉત્પન્ન થયેલો પ્રશસ્ત પરિણામ ક્યારેય પડતો નથી. તેથી બુદ્ધિશાળી પુરુષે આ સાત બાબતોને વિશે સદા અપ્રમત્ત રહેવું. <— (૩/૧૬)**

**અહીં એક સમસ્યા ઉભી થાય છે કે —> વિનયરત્ન વગેરેએ અનેક વખત શુભ ક્રિયા કરી તો પણ તેને સુંદર ભાવ = અધ્યવસાય ઉત્પન્ન થયો નહિ તેમ જ જિનોક્ત ક્રિયાકલાપમાં કુશળ એવા નંદિષેણ વગેરે સાધકોને પૂર્વે ઉત્પન્ન થયેલો પણ શુભ ભાવ પડી ગયો - આ વાત જૈનવાઙ્મયમાં સુપ્રસિદ્ધ છે. વિનયરત્ન વગેરેમાં શુભ ભાવનો યોગ અને નંદીષેણ વગેરેમાં શુભ ભાવનો ક્ષેમ = રક્ષણ કરવામાં ક્રિયા નિષ્ફળ ગઈ.**

दीनां च जातोऽपि शुभभावः पतित इति न सद्धर्मक्रियायाः शुभाध्यवसाययोग-क्षेमकारित्वं सङ्गच्छत इत्याशङ्कायामाह —> 'क्षायोपशमिक' इति ।

**क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।**
**पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥१७॥**

**क्षायोपशमिके** = मोहनीयकर्मक्षयोपशमजन्ये निर्मलाध्यवसाये **भावे** सति वर्तमाना या सर्वज्ञोदिता शुभा **क्रिया क्रियते तया** अजातोऽपि शुभभावः सञ्जायते । यद्यपि "एवञ्चापगमोऽप्यस्याः प्रत्यावर्तं सुनीतितः। स्थित एव तदल्पत्वे भावशुद्धिरपि ध्रुवा ॥" (यो.बि.१७०) इति **योगबिन्दु**वचनादचरमावर्तकालेऽपि कर्मबन्धयोग्यतालक्षणस्य सहजमलस्य ह्रासो भावशुद्धिश्च विद्यत एव तथापि तयोरप्राधान्यान्नेह ग्रहणमभिमतम्। चरमावर्तकाल एव जायमानः सहजमलह्रासलक्षणो भावशुद्धिलक्षणो वा क्षायोपशमिकभावोऽधिकृतोऽपुनर्बन्धककृत-धर्मक्रियायाम् । सम्यग्दृष्टिकृतायां धर्मक्रियायाञ्चानन्तानुबन्धिकषाय-मिथ्यात्वमोहादिह्रासलक्षणस्-

---

તેથી સદ્ધર્મક્રિયા શુભ પરિણતિનું યોગક્ષેમ કરે છે-આ વાત માની શકાય તેમ નથી. <—આ સમસ્યાનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે :

__શ્લોકાર્થ__ :- ક્ષાયોપશમિક ભાવમાં રહીને જે શુભ ક્રિયા કરવામાં આવે છે તેનાથી પૂર્વે પડેલા શુભ ભાવની પણ ફરીથી પ્રકૃષ્ટ વૃદ્ધિ થાય છે. __(૩/૧૭)__

## ❀ સદ્ગુણને પરિધિમાં નહિ, કેન્દ્રસ્થાનમાં રાખો ❀

__ટીકાર્થ__ :- મોહનીય વગેરે ઘાતિકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા નિર્મળ અધ્યવસાય એ ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે. પ્રસ્તુતમાં ક્ષાયોપશમિકભાવ એ સહજમલહ્રાસસ્વરૂપ અથવા તો તેનાથી પ્રાપ્ત થનાર ભાવવિશુદ્ધિસ્વરૂપ સમજવો. જો કે અચરમાવર્ત કાળમાં પણ સહજમલહ્રાસ તો થાય જ છે. કેમ કે __યોગબિન્દુ__માં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે જણાવેલ છે કે "માત્ર ચરમાવર્તમાં નહિ પણ તે પૂર્વેના પણ દરેક પુદ્ગલપરાવર્તમાં કર્મબન્ધયોગ્યતાસ્વરૂપ સહજમલનો ઘટાડો પ્રામાણિકપણે થાય જ છે. અને સહજમલહ્રાસ થતાં આત્માના પરિણામોની નિર્મલતા પણ નિશ્ચિત જ હોય" <—પરંતુ અચરમાવર્તકાળમાં થનાર સહજમલહ્રાસ તથા ભાવવિશુદ્ધિ અપ્રધાન છે, અલ્પ બળવાળી છે. માટે પ્રસ્તુતમાં 'ક્ષાયોપશમિક ભાવ' શબ્દથી તેનું ગ્રહણ ન કરવું. ધર્મક્રિયામાં જે ક્ષાયોપશમિક પરિણામની પ્રસ્તુતમાં વાત કરેલ છે તે માત્ર ચરમાવર્તકાળમાં જ પ્રાપ્ત થનાર સહજમલહ્રાસ કે ભાવવિશુદ્ધિસ્વરૂપ જ સમજવો. સામાન્યથી અપુનર્બન્ધક જીવોની ધર્મક્રિયામાં આવો ક્ષાયોપશમિક ભાવ સંભવી શકે છે. સમકિતીની ધર્મક્રિયામાં અનન્તાનુબન્ધી કષાય, મિથ્યાત્વ મોહનીય વગેરેના ક્ષયોપશમ કે તેનાથી પ્રાપ્ત થનાર ભાવવિશુદ્ધિસ્વરૂપ સહજમલહ્રાસ અધિકૃત સમજવો. ચરમાવર્તી જીવની ધર્મક્રિયામાં ક્યારેક સ્વર્ગ, યશ-કીર્તિ વગેરેની પ્રાપ્તિ વગેરેનું પ્રયોજન હોવારૂપે ઔદયિક ભાવ પણ સંભવી શકે છે. પરન્તુ તે બાધ્યમાન હોવાથી ગૌણ હોય, મુખ્યપણે ન હોય, મુનિ ભગવન્તોના પંચાચારપાલનમાં તો અનન્તાનુબંધી વગેરે ચારેય પ્રકારના ક્રોધાદિ ચારેયનો ક્ષયોપશમ કે તેનાથી પ્રાપ્ત થનાર શુદ્ધિને ક્ષાયોપશમિક ભાવ તરીકે લઈ શકાય. આ રીતે આગમ મુજબ અહીં વિચારણા કરવી. આવા ક્ષાયોપશમિક ભાવમાં રહીને સર્વજ્ઞ ભગવંતે બતાવેલી જે શુભ ક્રિયા કરવામાં આવે છે તેના કારણે પૂર્વે અનુત્પન્ન એવો શુભ ભાવ ઉત્પન્ન થાય છે. __વિનયરત્ન__ વગેરે તો અભવ્ય હોવાના લીધે કોરડા મગ જેવા હતા. અત્યન્ત અયોગ્ય હતા તે __વિનયરત્ન__ વગેરેએ સર્વજ્ઞ ભગવંતે બતાવેલી શુભ ક્રિયાઓ જરૂર કરી હતી, પરંતુ તે શુભ ક્રિયાઓ ચરમાવર્તકાળમાં પ્રાપ્ત થનાર સહજમલહ્રાસ કે તેનાથી મળનાર

तदविनाभाविभावविशुद्धिविशेषलक्षणो वा क्षायोपशमिकभावोऽधिकृतः । क्वचिच्चरमावर्त्तिजीवक्रियायां विद्यमानः स्वर्गयशःप्राप्तिप्रभृतिप्रयोजनलक्षण औदायिकभावस्तु बाध्यमानत्वेनाऽविघ्नकरोऽवगन्तव्यः । मुनीनान्तु प्रायशः सदैवानन्तानुबन्ध्यादिक्रोधादिह्रासलक्षणस्तदविनाभाविभावविशुद्धिविशेषलक्षणो वा क्षायोपशमिकभावो पञ्चाचारकलापगतोऽङ्गीकर्तव्य इत्यादिकमागमानुसारेण विभावनीयमत्र । कङ्कटुकस्थानीयैः विनयरत्नादिभिस्तु न चरमावर्तकालीनसहजमलह्रासलक्षणे क्षायोपशमिके भावे वर्तमाने क्रिया कृता किन्तु मुख्यतया औदयिके भावे वर्तमाने। ततश्च न तया व्यभिचारः।

क्षायोपशमिकभावे सति कृतया सत्क्रियया प्रथमं शुभभावजननेऽपि भवितव्यता-निकाचितकर्मादितः कदाचित् योगी शुभभावाद् भ्रश्येत् । किन्तु **पतितस्यापि** नन्दिषेणादेरिव **तद्भावप्रवृद्धिः** = प्राक्तनक्षयोपशमभावकालीन-सत्क्रियाजन्यशुभानुबन्धात् पूर्वप्राप्तशुभभावानां प्रकर्षेण वृद्धिः **पुनः जायते** ।

---

**ભાવવિશુદ્ધિ સ્વરૂપ ક્ષાયોપશમિક ભાવમાં રહીને કરી ન હતી પણ ઔદયિક ભાવમાં રહીને કરી હતી. તેથી ઔદયિકભાવમાં રહીને ક્રિયા કરવા છતાં પણ શુભ ભાવ ન પ્રગટે તો પણ અમે જણાવેલ ઉપરોક્ત વાતને કોઈ બાધા પહોંચતી નથી. અમે તો એમ કહીએ છીએ કે ક્ષાયોપશમિક પરિણામમાં રહીને જે ક્રિયા કરવામાં આવે તેનાથી પૂર્વે અપ્રગટ એવો શુભ ભાવ પ્રગટે છે. <u>વિનયરત્ન</u> અભવ્ય હતો, અને રાજાનું ખૂન કરવાના આશયને કેન્દ્ર સ્થાનમાં રાખીને દીક્ષા લીધેલી અને પાળી હતી. અભવ્ય, અચરમાવર્તી જીવો વગેરે ક્યારેક ધર્મ ક્રિયા કરે તો પણ તેના કેન્દ્રસ્થાનમાં સત્તા, સંપત્તિ, સૌંદર્ય, શરીરસ્વસ્થતા, સ્વર્ગ વગેરે ઔદયિક- સાંસારિક ભાવ હોય છે. અને પરિધિના સ્થાનમાં (= ગૌણરૂપે) પણ ક્ષાયોપશમિક ભાવ હોતા નથી. ચરમાવર્તમાં પ્રવેશ કરેલા જીવને પ્રારંભમાં ધર્મક્રિયામાં સ્વર્ગ, યશકીર્તિ, લબ્ધિ વગેરે ઔદયિક ભાવ કેન્દ્રમાં હોય છે અને ગુણીનું બહુમાન, પાપ ભય, ધર્મશ્રદ્ધા વગેરે ક્ષાયોપશમિક ભાવો પરિધિના સ્થાનમાં (= ગૌણ) હોય છે. ગ્રંથિ દેશની નજીક આવેલ ચરમયથાપ્રવૃત્તકરણવાળા ચરમાવર્તી જીવને તેમ જ સમકિતદૃષ્ટી જીવને કેન્દ્રસ્થાનમાં ગુણીબહુમાન, પાપભય, ભગવદ્ભક્તિ, સાધુસેવા વગેરે ક્ષાયોપશમિક ભાવ કેન્દ્ર સ્થાનમાં હોય છે અને પરિધિના સ્થાનમાં ક્યારેક સ્વર્ગ, સંપત્તિ, સ્વાસ્થ્ય, સૌંદર્ય, સત્તા વગેરે હોય છે. સાધુને કેન્દ્રસ્થાનમાં અને પરિધિના સ્થાનમાં પ્રાયઃ ક્ષાયોપશમિક એવા સદ્ગુણો જ હોય, બાહ્ય સૌંદર્ય વગેરે નહિ.**

## ❀ ક્ષાયોપશમિક ભાવની ક્રિયા પડેલા ભાવને જગાવે ❀

क्षायो० । **સદ્ગુણને કેન્દ્રસ્થાનમાં રાખવા સ્વરૂપ ક્ષાયોપશમિક ભાવમાં રહીને જે સદનુષ્ઠાન કરવામાં આવે છે તેનાથી સૌપ્રથમ શુભ ભાવ ઉત્પન્ન થાય છે, છતાં પણ ભવિતવ્યતા ની વક્રતા તેમ જ નિકાચિત કર્મ વગેરેના વાંકથી ક્યારેક યોગી શુભ પરિણામની ધારાથી ભ્રષ્ટ થાય છે. આવું બનવા છતાં પણ <u>નંદિષેણ</u> વગેરેની જેમ સંયમપતિત જીવોના પૂર્વપ્રાપ્ત શુભ ભાવો પ્રકૃષ્ટ રીતે ફરીથી વૃદ્ધિને પામે છે. કારણ કે તેવા જીવોમાં પૂર્વકાલીન ક્ષયોપશમ ભાવની અવસ્થામાં વિધિ-આદર-યતના-બહુમાનથી થયેલી ધર્મક્રિયાથી ઉત્પન્ન થયેલા શુભ અનુબંધ વિદ્યમાન છે. નિકાચિત કર્મનો ઉદય ખસી જતાં તે શુભ અનુબંધ શુભ અધ્યવસાયની ધારા પ્રગટાવવા માટે સમર્થ બને છે. પ્રામાણિકપણે ધર્મની આરાધના કરેલ હોવાથી તેમ જ પોતાના અવળા પુરૂષાર્થથી નહિ પરંતુ કેવલ કર્મની વિચિત્રતાથી સાધનાથી ચ્યુત થયેલા જીવો પતિત અવસ્થામાં પણ ઉપાસનામાર્ગ પ્રત્યે અહોભાવ અને ઝંખના ટકાવી રાખે છે. આમ આત્મસાક્ષીએ પૂર્વે કરેલ ધર્મક્રિયા જીવને શુભ અનુબંધ દ્વારા ફરીથી નિર્મળ અધ્યવસાયના ઉદ્યાનમાં પહોંચાડી દે છે. <u>અષાઢાભૂતિ, નંદિષેણ, રહનેમિ, આર્દ્રકુમાર, ઈલાચિકુમાર</u> વગેરેના આ ભવ અને પૂર્વ ભવના જીવનને વિચારવાથી પૂર્વોક્ત હકીકત સારી રીતે સમજી**

इदञ्चात्रावधेयम् - यथा ज्ञानगर्भितवैराग्यस्यैव परमार्थत उपादेयत्वेऽपि दुःखगर्भित-मोहगर्भितयोर्वैराग्ययोः कदाचित् कस्यचित् स्वोपमर्दतो ज्ञानगर्भवैराग्यप्रापकतयोपादेयत्वं न व्याहन्यते तथैव क्षायोपशमिकभावकृताया एव शुभक्रियायाः परमार्थत उपादेयत्वेऽपि कदाचित् प्रथममौदयिकभावे कृताया अपि सर्वज्ञोक्तक्रियाया विध्यादिपरिपूर्णायाः स्वोपमर्दतः क्षायोपशमिकभावगर्भक्रियाप्रापकतयोपादेयत्वं न विरुध्येत, आर्यगोविन्दभवदेव-मेतार्य-मरिचि-श्रीपालादिषु तथैव दृष्टत्वादिति भावनीयं तत्त्वमेतदागमममर्मवेदिभिः ॥३/१७॥

प्रकृतफलितार्थमाह —> 'गुणे'ति ।

**गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा ।**
**एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥१८॥**

**ततः** = सर्वज्ञोदितक्रियायाः शुभभावयोग-क्षेम-वृद्धिकारकत्वतः **गुणवृद्ध्यै** = शुभभावप्रवर्धनाय, शुभाध्यवसायात् **अस्खलनाय वा** = पतननिवारणाय वा सर्वज्ञोक्तामकृत्रिमादर-विधि-यतनाद्युपेतां **क्रियां कुर्यात्**। **न च** तत्त्ववेदिनः कथं स्खलना स्यादिति **शङ्कनीयम्**, अनादिवासनाया बलवत्त्वात् । तदुक्तं **ज्ञानार्णवे** —> समभ्यस्तं सुविज्ञानं निर्णीतमपि तत्त्वतः । अनादिविभ्रमात्तत्त्वं प्रस्खलत्येव योगिनः ॥ (३२/५८)

---

શકાય તેમ છે.

### ❋ ક્યારેક ઔદયિક ભાવ પણ અબાધક ❋

इदं० । અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જેમ પરમાર્થથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ આદરણીય-સ્વીકર્તવ્ય હોવા છતાં પણ ક્યારેક કોઈક જીવને દુઃખગર્ભિત-મોહગર્ભિત વૈરાગ્ય આગળ વધતા પોતાની મેળે દૂર થઈને જ્ઞાનગર્ભિત વૈરાગ્યને પ્રાપ્ત કરાવે છે અને તેના કારણે જ ક્યારેક દુઃખગર્ભ-મોહગર્ભ વૈરાગ્ય પણ અવસ્થાવિશેષમાં સ્વીકાર્ય બને છે. બરાબર આ જ રીતે ક્ષાયોપશમિક ભાવમાં રહીને કરાયેલી શુભ ક્રિયા પરમાર્થથી ઉપાદેય હોવા છતાં પણ ક્યારેક પ્રાથમિક અવસ્થામાં વિધિ આદિથી પૂર્ણ એવી સર્વજ્ઞકથિત ધર્મક્રિયા ઔદયિક ભાવથી કરવામાં આવે તો પણ આગળ જતાં ઔદયિક ભાવ જાતે જ દૂર થઈને ક્ષાયોપશમિક ભાવથી ગર્ભિત એવી ધર્મક્રિયાનું નિમિત્ત બને છે. તેથી ક્યારેક ઔદયિક ભાવથી કરાયેલી ધર્મક્રિયા પણ સ્વીકાર્ય બને છે - આવું માનવામાં કોઈ વિરોધ નથી. જૈનાચાર્યને હરાવવા માટે દીક્ષા લેનાર <u>આર્યગોવિંદ</u>, ભાઈની શરમથી દીક્ષા લેનાર <u>ભવદેવમુનિ</u>, મોતના ભયથી પરાણે દીક્ષા લેનાર <u>મેતાર્યમુનિ</u>, પોતાના દાદાની સમૃદ્ધિના દર્શનના નિમિત્તે દીક્ષા લેનાર <u>મરિચિ</u>, રોગનિવારણની ભાવનાથી આંબેલ તપ કરનાર <u>શ્રીપાલ</u> રાજા વગેરેના વૃતાન્તમાં ઉપરોક્ત હકીકત પ્રતિબિંબિત થાય છે, પરંતુ ઔદયિક ભાવથી થતી ક્રિયામાં પણ જીવની યોગ્યતા જરૂર અપેક્ષિત હોય છે. આગમના મર્મને જાણનારા પુરૂષોએ આ તત્ત્વને શાંતિથી વિચારવું. <u>(૩/૧૭)</u>

પ્રસ્તુતના ફલિતાર્થને જણાવતા ગ્રંથકારશ્રી કહે છે. :

<u>**શ્લોકાર્થ**</u> :- તેથી ગુણવૃદ્ધિ માટે અથવા તો સ્ખલના ન થાય તે માટે ક્રિયાને કરવી જોઈએ. એક અખંડ સંયમસ્થાન તો જિનેશ્વર ભગવંતને હોય છે. <u>(૩/૧૮)</u>

### ❤ મોહવિજેતાને અખંડ સંયમસ્થાન ❤

<u>**ટીકાર્થ**</u> :- સર્વજ્ઞ ભગવંતે જણાવેલી ક્રિયા તો શુભ ભાવનો યોગ, ક્ષેમ, વૃદ્ધિ કરે છે. તે કારણે શુભ ભાવની, સદ્ગુણની વૃદ્ધિ માટે, તેમ જ શુભ અધ્યવસાયથી પડી ન જવાય તે માટે અકૃત્રિમ-સહજ આદર, વિધિ, યતના વગેરેથી યુક્ત એવી સર્વજ્ઞકથિત ધર્મક્રિયાને કરવી જોઈએ. 'તત્ત્વવેદી શા માટે સ્ખલના પામે ?' આવો

लब्ध्वाऽपि यत् प्रमाद्यन्ति यत् स्खलत्यथ संयमात् । सोऽपि चारित्रमोहस्य विपाकः परिकीर्तितः (३५/१८) <— इति । अतः छद्मस्थानां संयमस्थानानि तारतम्याऽऽलिङ्गितानि भवन्ति । **एकं** = अद्वितीयं तारतम्यशून्यमखण्डं मोहक्षोभविहीनं **तु संयमस्थानं** = यथाख्यातचारित्रं **जिनानां** राग-द्वेष-मोहजेतॄणां **अवतिष्ठते** । तद्भिन्नानां छद्मस्थानां त्वप्रमाद-प्रमादभावनाभ्यां शुद्धि-वृद्धि-हानियुक्तानि नानाविधानि संयमस्थानानि चञ्चलानि भवन्ति । अतः तदप्रतिपात-वृद्ध्यादिकृतेऽवश्यमजिनैः सत्क्रियायोगो न त्यक्तव्यः तत्परिशुद्धये यतितव्यश्चेत्युपदेशः ॥३/१८॥

*ज्ञाननयानुसारी शङ्कते —> 'अज्ञाने'ति ।*

**अज्ञाननाशकत्वेन ननु ज्ञानं विशिष्यते ।**
**न हि रज्जावहिभ्रान्तिर्गमनेन निवर्तते ॥१९॥**

**ननु** अज्ञाननाशकत्वं ज्ञान एव वर्तते न तु क्रियायाम् । इत्थं **अज्ञाननाशकत्वेन ज्ञानं** = सम्यग्ज्ञानं **विशिष्यते** = क्रियामतिशेते । **न हि** रात्रौ सन्ध्याकाले वा **रज्जौ** = दूरस्थे दवरके जायमाना **अहिभ्रान्तिः** = 'अयं सर्पः' इत्याकारको भ्रमः शतशोऽपि **गमनेन** = पलायनक्रियया निवर्तते । अतो बलाधिकत्वा-

---

**પ્રશ્ન અસ્થાને છે. કેમ કે અનાદિ કાળના કુસંસ્કાર બળવાન છે. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચંદ્રજીએ</u> જણાવેલ છે કે —> તત્ત્વનો સારી રીતે અભ્યાસ કરેલ હોય, સારી રીતે જાણેલ હોય અને દઢ નિર્ણય પણ કરેલો હોય છતાં અનાદિકાલીન વિભ્રમ = મિથ્યાસંસ્કારના કારણે યોગીઓ પણ તત્ત્વથી સ્ખલના પામે જ છે. ચારિત્ર મેળવ્યા પછી પણ જેઓ પ્રમાદ કરે છે, સંયમથી સ્ખલના પામે છે તે પણ ચારિત્રમોહનીયનો વિપાક કહેવાયેલ છે. <—અર્થાત્ ચારિત્રમોહનીય કર્મના ઉદયના લીધે યોગીઓ પણ શુભ અધ્યવસાયની ધારાથી, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રથી સ્ખલના પામે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. કારણ કે છદ્મસ્થ જીવોના સદ્ગુણો, સંયમસ્થાનો તરતમ ભાવવાળા હોય છે. સમ્યગ્ દર્શન, દેશવિરતિ કે સર્વવિરતિ પામ્યા પછી તેનાથી પતિત થયા વિના મોક્ષમાં જનારા જીવો વિરલ હોય છે - આ વાત આગમમાં પ્રસિદ્ધ છે. અદ્વિતીય, તારતમ્યશૂન્ય, અખંડ, મોહક્ષોભરહિત એવું એકનું એક સંયમસ્થાન = યથાખ્યાત ચારિત્ર તો રાગ-દ્વેષ-મોહને જીતનારા જિનેશ્વર ભગવંતોને જ હોય છે. યથાખ્યાત ચારિત્રીથી ભિન્ન એવા છદ્મસ્થ સંયમી જીવોના વિવિધ પ્રકારના સંયમસ્થાનો ચંચળ હોય છે, કારણ કે અપ્રમાદ ભાવથી તે સંયમ સ્થાનોની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે તેમ જ પ્રમાદભાવથી તેની હાનિ-અશુદ્ધિ થાય છે. તે કારણે સંયમસ્થાનથી ભ્રષ્ટ ન થવાય તેમ જ તેની પુષ્ટિ-શુદ્ધિ થાય તે માટે યથાખ્યાત ચારિત્રી સિવાયના જ્ઞાનયોગીઓએ સત્ક્રિયા યોગ છોડવો ન જોઈએ તેમ જ ક્રિયાયોગની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ. આવો ઉપદેશ પ્રસ્તુતમાં પ્રાપ્ત થાય છે.<u>(૩/૧૮)</u>**

**જ્ઞાનનયને અનુસાર વ્યક્તિ પ્રસ્તુતમાં શંકા કરે છે કે :**

**<u>શ્લોકાર્થ</u> :- અજ્ઞાનનાશક હોવાના કારણે જ્ઞાન જ ઉત્કૃષ્ટ છે. ખરેખર, દોરડામાં થયેલ સર્પની ભ્રાન્તિ ભાગી જવાથી નિવૃત્ત થતી નથી. <u>(૩/૧૯)</u>**

## ❀ ક્રિયા કરતાં જ્ઞાન બળવાન - પૂર્વપક્ષ ❀

**<u>ટીકાર્થ</u> :- —> જ્ઞાન જ અજ્ઞાનનો નાશ કરે છે, નહિ કે ક્રિયા. આમ અજ્ઞાનનાશક હોવાના કારણે સમ્યગ્ જ્ઞાન એ ક્રિયા કરતા ચઢી જાય છે. રાત્રીના સમયે અથવા સંધ્યાકાળે દૂર રહેલા દોરડામાં 'આ સાપ છે'- તેવા પ્રકારનો જે ભ્રમ ઉત્પન્ન થાય છે તે સેંકડોવાર પણ ભાગી જવાની ક્રિયાથી નિવૃત્ત થતો નથી.**

ज्ञानमेवोपादेयमिति पूर्वपक्षाशयः ॥३/१९॥

उत्तरपक्षयति —> 'सत्यमि'ति ।

**सत्यं क्रियागमप्रोक्ता ज्ञानिनोऽप्युपयुज्यते ।**
**सञ्चितादृष्टनाशार्थमासुरोऽपि यदभ्यधात् ॥२०॥**

अपेक्षाविशेषेण क्रियातो ज्ञानस्य बलाधिकत्वमभ्युपगम्य विशेषद्योतनाय **'सत्यमि'**त्युक्तम् । यद्यप्यत्र —> क्रियैव फलदा पुंसां न ज्ञानं फलदं मतम् । यतस्त्रीभक्ष्यभोगज्ञो न ज्ञानात् सुखितो भवेत् ॥ (नयोपदेश-१३०) इति वक्तुं शक्यते तथापि प्रकारान्तरेणाऽऽह **ज्ञानिनोऽपि** = तत्त्वज्ञानिनोऽपि **सञ्चितादृष्टनाशार्थं** = पूर्वबद्धसदनुदितादृष्टविनाशाय **आगमोक्ता** = सदागमप्रतिपादिता **क्रिया उपयुज्यते** = आवश्यकतामुपैति । **यत्** = यस्मात् कारणात् **आसुरोऽपि अभ्यधात्** = कथयामास ॥३/२०॥

श्लोकद्वयेन आसुरोक्तिमावेदयति —> **'तण्डुलस्य'** इति, **'जीवस्ये'**ति च ।

**तण्डुलस्य यथा चर्म यथा ताम्रस्य कालिका ।**
**नश्यति क्रियया पुत्र ! पुरुषस्य तथा मलम् ॥२१॥**

---

આમ ક્રિયા કરતા અધિક બળવાન હોવાના કારણે સમ્યગ્ જ્ઞાન જ આદરણીય છે, ક્રિયા નહિ. <— આ પ્રમાણે પૂર્વપક્ષનો આશય છે. <u>(3/૧૯)</u>

ઉત્તરપક્ષ રજુ કરતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે —>

<u>**શ્લોકાર્થ**</u> :- તમારી વાત બરોબર છે, પરંતુ શાસ્ત્રમાં જણાવેલી ક્રિયા સંચિત અદષ્ટના નાશ માટે જ્ઞાનીને પણ ક્રિયા ઉપયોગી છે. આસુર નામના મહર્ષિએ જણાવેલ છે કે [આગળના શ્લોકમાં આવશે.]

## ❀ સંચિત અદષ્ટના નાશ માટે ક્રિયા જરૂરી ❀

<u>**ટીકાર્થ**</u> :- અપેક્ષાવિશેષથી ક્રિયા કરતા જ્ઞાન અધિક બળવાન છે - આવી વાત સ્વીકારીને વિશેષ અર્થ જણાવવા માટે ગ્રંથકાર શ્રી 'सत्यम्' શબ્દનો પ્રયોગ કરેલ છે. જો કે —> "ક્રિયા જ પુરૂષને ફળ આપનાર છે જ્ઞાન ફળ આપનાર નથી, કારણ કે સ્ત્રી અને ભક્ષ્ય પદાર્થને ભોગવવાની ક્રિયાને કેવળ જાણનારો જ્ઞાનમાત્રથી સુખી થતો નથી. <— પરંતુ તેને સુખ મેળવવા માટે ક્રિયા કરવી પડે છે." - આ પ્રમાણે જ્ઞાન કરતાં ક્રિયા અધિક બળવાન છે તેમ જણાવી શકાય છે. છતાં પણ અન્ય પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે કે —> તત્ત્વજ્ઞાનીને પણ સંચિત = પૂર્વ કાળે બાંધેલ અને વર્તમાનમાં સત્તામાં રહેલ પરંતુ ઉદયમાં નહિ આવેલા એવા કર્મનો નાશ કરવા માટે પરિશુદ્ધ આગમમાં જણાવેલી ક્રિયા આવશ્યક બની જાય છે. કારણ કે <u>આસુર</u> નામના ઋષિએ પણ જણાવેલ છે કે <u>(3/૨૦)</u>

આસુર ઋષિના વચનને જ ગ્રંથકારશ્રી બે શ્લોક દ્વારા જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- હે પુત્ર ! જેમ ક્રિયાથી તણ્ડુલના ફોતરા દૂર થાય છે, તાંબાની કાળાશ જેમ ક્રિયાથી દૂર થાય છે, તેમ આત્માનો મેલ ક્રિયાથી નાશ પામે છે. જેમ તણ્ડુલના ફોતરા સ્વાભાવિક હોવા છતાં પણ નાશ પામે છે તેમ જીવનો કર્મમળ સ્વાભાવિક હોવા છતાં પણ ક્રિયા દ્વારા અત્યંત નાશ પામે છે. તેમાં કોઈ સંદેહ નથી. માટે હે પુત્ર ! ઉદ્યમવાળો થા. <u>(3/૨૧-૨૨)</u>

**जीवस्य तण्डुलस्येव मलं सहजमप्यलम् ।**
**नश्यत्येव न सन्देहस्तस्मादुद्यमवान् भव ॥२२॥**

**यथा** = येन प्रसिद्धेन प्रकारेण **तण्डुलस्य चर्म** = त्वक् अवहननादिलक्षणया **क्रियया नश्यति** = दूरीभवति । **यथा ताम्रस्य कालिका** = श्यामिका क्षारप्रक्षेप-तापनादिलक्षणया **क्रियया नश्यति** = पृथक् भवति । **तथा** = तेन प्रसिद्धेन प्रकारेण हे **पुत्र ! पुरुषस्य** = आत्मनः **मलं** = कर्मरजः औचित्यादियुक्तया स्वस्वभूमिकानुरूपया **क्रियया नश्यति** = परिशटति ॥३/२१॥

ननु जीवमलस्य सहजत्वेन कथं तन्नाशसम्भवः क्रियया इति चेत् ? अत्रोच्यते, एतादृशः **सन्देहः** = संशयो **न** कार्यः यतो **तण्डुलस्य मलं** = वर्म इव **जीवस्य मलं अपि सहजं** = स्वास्तित्वकालीननियतास्तित्वप्रतियोगि । सहजमपि यथा तण्डुलमलं नश्यति तथाऽनादिसिद्ध-सहजमलमपि **अलं** = अत्यन्तं = अपुनर्भाविन **नश्यति एव** । **तस्मात्** = जीवगतसहजमलस्याऽऽत्यन्तिकध्वंसप्रतियोगित्वात् हे पुत्र !

---

## ❀ આસુર મહર્ષિની સંમતિ ❀

**<u>ટીકાર્થ</u>** :- જેમ ખાંડવું વગેરે ક્રિયાથી તણ્ડુલના છોતરા દૂર થાય છે - એ વાત પ્રસિદ્ધ છે. ક્ષાર નાંખવો, લીંબુ વગેરે ઘસવું, તપાવવું, ઓગાળવું વગેરે ક્રિયા દ્વારા તાંબાની કાળાશ-અશુદ્ધિ દૂર થાય છે તેમ હે પુત્ર ! ઔચિત્ય વગેરેથી યુક્ત તેમ જ પોતપોતાની ભૂમિકાને અનુરૂપ એવી ક્રિયા દ્વારા આત્માનો કર્મમળ નાશ પામે છે. અહીં → જીવનો મળ તો સહજ હોવાથી તેનો નાશ ક્રિયા દ્વારા કેવી રીતે સંભવી શકે ? ←આવો સંદેહ ન કરવો, કારણ કે જેમ તણ્ડુલની છાલ સહજ હોવા છતાં પણ ક્રિયા દ્વારા દૂર થાય છે તેમ જીવનો કર્મમળ સહજ = જીવની સાથે જ સદા રહેવા છતાં પણ એવી રીતે નાશ પામે છે કે તે ફરીથી ક્યારેય ઉત્પન્ન ન થાય. તણ્ડુલનું જ્યારથી અસ્તિત્વ છે ત્યારથી જ ચોક્કસ જેનું અસ્તિત્વ છે તેવું ફોતરૂં તણ્ડુલની દૃષ્ટિએ સહજ કહેવાય. બરાબર આ જ રીતે આત્માનું જ્યારથી અસ્તિત્વ રહેલું છે ત્યારથી જ ચોક્કસ પ્રકારે કર્મોનું અસ્તિત્વ હોય છે. તેથી કર્મ તે આત્માની અપેક્ષાએ સહજ (=સહગામી) કહેવાય છે. જીવમાં રહેલા સહજ કર્મમળનો અત્યંત નાશ થઈ શકવાના કારણે હે પુત્ર ! આત્મામાં રહેલા સહજ મલ સ્વરૂપ સંચિત અદૃષ્ટના નાશને અનુકૂળ એવા ઉદ્યમવાળો તું થા. <u>મહોપનિષત્‌માં</u> પણ → શ્રેષ્ઠ પરાક્રમયુક્ત પ્રયત્નને લઈને તેમ જ સુંદર ઉદ્યમને આશ્રયીને શાસ્ત્ર મુજબ, ઉદ્વેગ વિના, પ્રયત્ન કરનાર કોણ સિદ્ધિને પામતો નથી ? ←આ પ્રમાણે પુરૂષાર્થની મહત્તા-ઉપયોગિતા-આવશ્યકતા જણાવેલ છે. <u>ભગવદ્‌ગીતામાં</u> પણ → પોતપોતાના અનુષ્ઠાનોમાં રત રહેલ મનુષ્ય ઉત્તમ સિદ્ધિને = મોક્ષને પામે છે. ← આ પ્રમાણે ક્રિયાયોગની ઉપાદેયતા જણાવેલ છે. <u>મહાભારતમાં</u> પણ → જ્ઞાની હોય અને શીલભ્રષ્ટ (= આચારભ્રષ્ટ) હોય, ત્યાગી હોય અને ધનનો સંગ્રહ કરનાર હોય, ગુણવાન હોય અને ભાગ્યહીન હોય - આ વાતની હે રાજન ! હું શ્રદ્ધા કરતો નથી ← આવું કહેવા દ્વારા જ્ઞાનીને અવશ્ય ક્રિયાયોગ હોય એવું જણાવેલ છે. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચંદ્રજીએ</u> પણ → મલિન એવું પણ સુવર્ણ અગ્નિ દ્વારા શુદ્ધ થાય છે તેમ તપરૂપી અગ્નિ દ્વારા તપાઈ રહેલ કર્મમલિન જીવ પણ શુદ્ધ થાય છે. ← આવું કહેવા દ્વારા ક્રિયાયોગની આવશ્યકતા સૂચિત કરેલી છે. <u>(૩/૨૧-૨૨)</u>

→ આસુરે તો ક્રિયા દ્વારા મલ નાશ પામે છે-તેવું જણાવેલ છે, 'નહિ કે કર્મ નાશ પામે છે' તેમ ← આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે →

**उद्यमवान्** = आत्मगतसहजमलस्वरूपसञ्चितादृष्टनाशानुकूलक्रियावान् **भव** । **महोपनिषदि** अपि —> परमं पौरुषं यत्नमास्थायाऽऽदाय सूद्यमम् । यथाशास्त्रमनुद्वेगमाचरन् को न सिद्धिभाक् ॥ <— (५/८८) इत्युक्तम् । **भगवद्गीतायामपि** —> स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः <— (१८/४५) इति क्रियायोगस्योपादेयताऽऽवेदिता । **महाभारतेऽपि** —> ज्ञानवान् शीलहीनश्च त्यागवान् धनसङ्ग्रही । गुणवान् भाग्यहीनश्च राजन् ! न श्रद्धधाम्यहम् ॥ <— ( ) इत्येवं ज्ञानिनः क्रियायोगावश्यम्भावो दर्शितः । **ज्ञानार्णवे शुभचन्द्रेणापि** —> विशुध्यति हुताशेन सदोषमपि काञ्चनम् । यद्वत्तथैव जीवोऽयं तप्यमानस्तपोऽग्निना ॥ <— (निर्जरा-८) इत्युक्त्या क्रियायोगावश्यकता सूचिता ॥३/२२॥

नन्वासुरेण मलस्य क्रियानाश्यत्वमुक्तं न तु कर्मणः इत्याशङ्कायामाह —> **'अविद्ये'**ति ।

**अविद्या च दिदृक्षा च, भवबीजं च वासना ।**
**सहजं च मलं चेति, पर्यायाः कर्मणः स्मृताः ॥२३॥**

भ्रान्तिरूपा **अविद्या** वेदान्त्यभिमता, पुरुषस्य प्रकृतिविकारान् द्रष्टुमिच्छा = **दिदृक्षा** साङ्ख्यमान्या, संसारकारणरूपं **भवबीजं** शैवप्रोक्तं, अनादिक्लेशरूपा **वासना** सौगताभीष्टा, अनादिकालतो जीवस्वरूपस्य

---

**શ્લોકાર્થ** :- અવિદ્યા, દિદક્ષા, ભવબીજ, વાસના અને સહજમલ આ પ્રમાણે કર્મના પર્યાયવાચક શબ્દો કહેવાયેલ છે. (૩/૨૩)

## ꕥ વિવિધ દર્શનોમાં કર્મનો સ્વીકાર ꕥ

**ટીકાર્થ** :- જૈનદર્શન જેને કર્મ કહે છે તેને વેદાન્તીઓ 'અવિદ્યા' શબ્દથી ઓળખે છે. તે અવિદ્યા ભ્રાન્તિરૂપે તેઓને માન્ય છે. સાંખ્યદર્શનના અનુયાયિઓ કર્મને દિદક્ષા શબ્દથી દર્શાવે છે. પ્રકૃતિના વિકારોને જોવાની આત્માને જે ઈચ્છા થાય તે દિદક્ષા કહેવાય એમ સાંખ્યદર્શનકારો માને છે. શૈવ અનુયાયીઓ કર્મને ભવબીજ કહે છે, કારણ કે તે સંસારનું કારણ છે. બૌદ્ધ અનુયાયીઓ કર્મને વાસના શબ્દથી ઓળખાવે છે. તે વાસના અનાદિકાલીન ક્લેશ સ્વરૂપ છે-તેમ બૌદ્ધદર્શનકારો કહે છે. યોગદર્શનના અનુયાયીઓ કર્મને સહજમલ કહે છે. અનાદિ કાલથી જીવના સ્વરૂપને મલિન કરવાના કારણે કર્મને તેઓ સહજમલ શબ્દથી ઓળખાવે છે. આ પ્રમાણે જૈનદર્શનને માન્ય એવું કર્મ અન્યદર્શનકારો અલગ અલગ શબ્દથી સ્વીકારે છે. શબ્દો અલગ અલગ હોવા છતાં અર્થ તો સમાન જ છે. કાલાન્તરમાં ઉત્પન્ન થનાર સારા કે નરસા ફળને અનુકૂળ એવી શાસ્ત્રવિહિત કે શાસ્ત્રનિષિદ્ધ એવી ક્રિયાથી કર્મો ઉત્પન્ન થાય છે. સારી કે ખરાબ ક્રિયા તો અહીં જ નાશ પામે છે પણ તેના કારણે જીવને ભવિષ્યમાં શુભાશુભ ફળ મળે છે. ક્રિયા તો ઘણા સમય પૂર્વે નાશ પામી ગયેલી છે તેથી કાલાન્તરભાવી ફળને તે ઉત્પન્ન કરી શકે તે માટે કર્મ નામનું એક માધ્યમ જન્માવી જાય છે કે જે યોગ્ય અવસરે, પૂર્વકાલીન શાસ્ત્રવિહિત કે નિષિદ્ધ એવી ક્રિયાના ફળને આપે છે. તે કર્મ પૌદ્ગલિક છે = કાર્મણવર્ગણામય છે. આવું જૈનદર્શનકારને માન્ય છે. યોગબિંદુ ગ્રંથમાં જણાવેલ છે કે —> મોક્ષમાર્ગનું અવલંબન કરનાર અન્યદર્શનકારો પણ દિદક્ષા, ભવબીજ વગેરે શબ્દોથી તે તે સ્વરૂપે કર્મને = કર્મબંધયોગ્યતાને સ્વીકારે છે. <—આ ગ્રંથની મૂળ ગાથામાં રહેલ પાંચે ય 'च' શબ્દ સમાન રીતે સમુચ્ચય કરવા માટે છે. અર્થાત્ દિદક્ષા વગેરે શબ્દો કર્મને જણાવવાનું (કે દિદક્ષા વગેરે પદાર્થો કર્મના ફળને આપવાનું) એકસરખું સામર્થ્ય ધરાવે છે. પ્રકૃતિ વગેરે શબ્દો દ્વારા પણ કર્મ જણાવાય

मलनात् **सहजं मलं** योगदर्शनाभिहितम् । **इति** = एवंप्रकाराः सर्वेऽपि **कर्मणः** = जैनदर्शनाभिमतस्य कालान्तरभाविफलानुकूलविहितनिषिद्धक्रियाजन्यभावव्यापाररूपस्य पौद्गलिकस्य **पर्यायाः** = समानार्थका विभिन्नाः शब्दाः **स्मृताः** पूर्वाचार्यैः । तदुक्तं **योगबिन्दौ** —> दिदृक्षा-भवबीजादिशब्दवाच्या तथा तथा । इष्टा चान्यैरपि ह्येषा मुक्तिमार्गावलम्बिभिः ॥१६९॥ <—इति । मूलकारिकास्थास्सर्वेऽपि चकाराः तुल्यवत्स-मुच्चये । प्रकृत्यादिपदेनापि तदुच्यते । तदुक्तं **महोपनिषदि** —> क्वचित् प्रकृतिरित्युक्तं क्वचिन्मायेति कल्पितम् । क्वचिन्मलमिति प्रोक्तं, क्वचित् कर्मेति तत् स्मृतम् ॥ <—(५/१३१)। उपलक्षणात् वैशेषिकोक्तं अदृष्टं, वैनाशिकाभिहितः संस्कारः, वेदवादिनिरूपिते पुण्यापुण्ये, गणकाख्याते च शुभाशुभे इत्यादयोऽपि कर्मणः पर्याया एवावगन्तव्याः । तदुक्तं **शास्त्रवार्तासमुच्चये** —> अदृष्टं कर्म संस्कारः पुण्यापुण्ये शुभाशुभे । धर्माधर्मौ तथा पाशः पर्यायास्तस्य कीर्तिताः ॥ (१/१०७) दैव-विधि-बीज-क्लेशातिशय-शक्ति-मायादयोऽपि कर्मण एव पर्याया इत्यवधातव्यम् । ततश्चाऽऽसुरेण क्रियानाश्यत्वं मलस्य = कर्ममलस्याभिहितमित्यर्थः प्राप्यते । **भगवद्गीतायामपि** —> कर्मणैव हि संसिद्धिमाश्रिता जनकादयः । <—(३/२०) इत्येवं क्रियाया उपादेयत्वमाविष्कृतम् ॥३/२३॥

ननु तत्त्वज्ञानिनोऽदृष्टाभिधानं कर्मैव नास्तीत्याशङ्कायामाह —> **'ज्ञानिन'** इति ।

**ज्ञानिनो नास्त्यदृष्टं चेद् भस्मसात्कृतकर्मणः ।**
**शरीरपातः किं न स्याज्जीवनादृष्टनाशतः ॥२४॥**

---

છે. <u>મહોપનિષત્</u>માં જણાવેલ છે કે —> ક્યાંક 'પ્રકૃતિ' એ પ્રમાણે કહેવાયેલ છે તો ક્યાંક 'માયા' એમ મનાયેલ છે, ક્યાંક 'મલ' એ પ્રમાણે કહેવાયેલ છે, તો ક્યાંક કર્મ એમ સંભળાયેલ છે. <—ઉપલક્ષણથી અહીં એમ પણ સમજી લેવું કે વૈશેષિકો જેને અદૃષ્ટ કહે છે, વૈનાશિક જેને સંસ્કાર કહે છે, વેદવાદીઓ જેને પુણ્ય-પાપ કહે છે, ગણક સંપ્રદાયવાળા જેને શુભ-અશુભ કહે છે તે વસ્તુ કર્મ જ છે. અદૃષ્ટ વગેરે શબ્દ તો તેના પર્યાયવાચી છે. <u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u> ગ્રંથમાં <u>શ્રીહરિભદ્રસૂરિ</u> મહારાજે જણાવેલ છે કે —> અદૃષ્ટ, કર્મ, સંસ્કાર, પુણ્ય-અપુણ્ય (= પાપ), શુભ-અશુભ, ધર્મ-અધર્મ, પાશ (= બંધન) વગેરે શબ્દો કર્મના પર્યાયવાચી કહેવાયેલ છે. <—દૈવ, ભાગ્ય, વિધિ, વિધાતા, બીજ, ક્લેશ, અતિશય, શક્તિ, માયા, નસીબ, પ્રારબ્ધ વગેરે શબ્દો પણ કર્મના પર્યાયવાચી છે - આ વાત ખ્યાલમાં રાખવી. તેથી આસુરે 'ક્રિયાથી મલ નાશ પામે છે' એવું જે જણાવેલ છે તેનો મતલબ એમ જ થાય કે 'શાસ્ત્રોક્ત ક્રિયાથી કર્મ નાશ પામે છે' ભગવદ્ગીતામાં પણ —> ક્રિયાથી જ જનક વગેરે પણ સિદ્ધિને પામેલા. <—આવું કહીને ધર્મક્રિયા ઉપાદેય છે એવું સૂચિત કર્યું છે. <u>(૩/૨૩)</u>

"ક્રિયા દ્વારા કર્મ નાશ પામે છે - એ વાત તમે જણાવી, પરંતુ અમે તો એમ કહીએ છીએ કે કર્મ = અદૃષ્ટ તો તત્ત્વજ્ઞાનીને હોય જ નહિ. કર્મ હોય તો તત્ત્વજ્ઞાની કઈ રીતે કહી શકાય ?"- આવી શંકાનું સમાધાન કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે :

<u>**શ્લોકાર્થ**</u> :- —> જ્ઞાનીને કર્મ હોતા નથી, કારણ કે જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા તેના કર્મો બળીને રાખ થઈ ગયા હોય છે. <—આવું જો તમે કહો તો અમે પૂછીએ છીએ કે જીવનનિર્વાહક કર્મોનો નાશ થવાથી જ્ઞાનીના શરીરનો નાશ કેમ થતો નથી ? <u>(૩/૨૪)</u>

अथ **ज्ञानिनः** = पक्वतत्त्वज्ञानवतः **अदृष्टं** = प्रारब्धं कर्म एव **नास्ति** । तदुक्तं **भगवद्गीतायां** —> यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन !। ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ।। <— (४/३७) इति । अतो न तन्नाशाय क्रियाश्रयणं युक्तम् । न हि नाश्यविरहे नाशकं व्यापारयेत्कश्चित् विपश्चित्, अन्यथा प्रेक्षावत्ताहानेरनवस्थानाच्चेति **चेत्** ? नैतद्युक्तं, यतः **भस्मसात्कृतकर्मणः** = ज्ञानाग्निदग्धसर्वकर्मणः **जीवनाऽदृष्टनाशतः** = देहनिर्वाहक-श्वासोच्छ्वास-रक्तपरिभ्रमणाद्युपष्टम्भककर्मविनाशात् **शरीरपातः किं न स्यात्** ? स्यादेव । न च तथेष्यते, ततश्च सर्वकर्मनाशकत्वं ज्ञाने नास्त्येव ।

इदञ्चात्रावधेयम् ज्ञानाग्निरप्रारब्धकर्माणि भस्मसात् कुरुते इत्येवाभिमतं परेषाम् । अत्र च **भगवद्गीता-भाष्ये शङ्कराचार्येण** —> ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा= निर्बीजीकरोतीत्यर्थः । न हि साक्षादेव ज्ञानाग्निः कर्माणीन्धनवद्भस्मीकर्तुं शक्नोति । तस्मात् सम्यग्दर्शनं सर्वकर्मणां निर्बीजने कारणमित्यभिप्रायः । सामर्थ्याद्येन कर्मणा शरीरमारब्धं तत्प्रवृत्तफलत्वादुपभोगेनैव क्षीयते । अतो यान्यप्रवृत्तफलानि ज्ञानोत्पत्तेः

---

## ❀ શું તત્ત્વજ્ઞાની સર્વકર્મ શૂન્ય હોય ? ❀

**__ટીકાર્થ__ :- —> પરિપક્વ તત્ત્વજ્ઞાનવાળા યોગીને પ્રારબ્ધકર્મ જ હોતા નથી, કેમ કે __ભગવદ્ગીતા__માં જણાવેલ છે કે 'જેમ ઘી વગેરેથી પુષ્ટ થયેલ અગ્નિ ઈંધનને ભસ્મસાત્ કરે છે તેમ હે અર્જુન ! જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મને બાળીને રાખ કરે છે.' તેથી કર્મનો નાશ કરવા માટે જ્ઞાની ક્રિયાનો આશ્રય કરે - તેવું માનવું વાજબી નથી. નાશ કરવા યોગ્ય કોઈ ચીજ ન હોય તો કોઈ બુદ્ધિશાળી માણસ તેનો નાશ કરવા માટે પ્રયત્ન કરતો નથી. અન્યથા તે બુદ્ધિશાળી જ ન કહેવાય. અને નાશ્ય ન હોવા છતાં પણ નાશક = વિધ્વંસક વસ્તુનો પ્રયોગ કરવામાં આવે તો તેનો સદા માટે પ્રયોગ કરવાની આપત્તિ આવશે. અર્થાત્ અનવસ્થા દોષ આવશે. <—આવું જો તમે કહો તો તે વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે જો જ્ઞાનીએ તત્ત્વજ્ઞાનરૂપી અગ્નિ દ્વારા સર્વ કર્મ બાળીને રાખ કરી નાંખ્યા હોય તો દેહનિર્વાહક એવા શ્વાસોશ્વાસ, રક્તભ્રમણ (Blood Circulation) વગેરેને જીવંત રાખનાર કર્મોનો પણ નાશ થવાના કારણે તત્ત્વજ્ઞાનીના શરીરનો નાશ કેમ ન થાય ? અર્થાત્ સર્વ કર્મનો નાશ થાય તો દેહ પણ પડવો જ જોઈએ. પરંતુ 'તત્ત્વજ્ઞાન મળે અને તરત મૃત્યુ અવશ્ય થાય' એવું તો તમે પણ નથી સ્વીકારતા. માટે 'જ્ઞાન સર્વ કર્મનો નાશ કરે છે'- એવું સિદ્ધ થતું નથી.**

**इदं० । અહીં એ વાત ખ્યાલમાં રાખવી કે જ્ઞાન સ્વરૂપ અગ્નિ પ્રારબ્ધ કર્મને નહિ પણ અપ્રારબ્ધ (= ઉદયમાં નહિ આવેલા) કર્મોને ભસ્મસાત કરે છે. આ પ્રમાણે જ અન્યદર્શનકારોને માન્ય છે. __ભગવદ્ગીતાના__ ભાષ્યમાં __શંકરાચાર્યે__ જણાવેલ છે કે —> જ્ઞાનાત્મક અગ્નિ સર્વ કર્મને ભસ્મસાત કરે છે અર્થાત્ નિર્બીજ કરે છે. કેમ કે અગ્નિ જેમ ઈંધનને સાક્ષાત્ રાખ બનાવે છે તે રીતે જ્ઞાન કાંઈ સાક્ષાત્ કર્મને રાખરૂપે નથી બનાવતું. તેથી સર્વ કર્મોને નિર્બીજ બનાવવામાં સમ્યગ્દર્શન કારણ છે. અહીં એક વાત સામર્થ્યગમ્ય છે અને તે એ છે કે જે કર્મ દ્વારા તત્ત્વજ્ઞાનીનું શરીર ઉત્પન્ન થયેલું તે તો ભોગવવા દ્વારા જ દૂર થાય, કારણ કે તે કર્મ પોતાનું ફળ આપવા પ્રવૃત્ત છે. માટે તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય તેની પહેલાં કરેલા અને તત્ત્વજ્ઞાનની હાજરીમાં ઉપસ્થિત રહેલા એવા આ જન્મના કે અનેક પૂર્વ જન્મના કરેલા જે કર્મો પોતાનું ફળ આપવાને**

प्राक् कृतानि ज्ञानसहभावीनि चातीतानेकजन्मकृतानि च तान्येव सर्वाणि भस्मसात् कुरुते <—(४/३७) इति व्याख्यातम् । ततश्च तत्त्वज्ञानाऽनाश्य-प्रारब्धकर्मनाशार्थं क्रियोपयुज्यत एव । —> आरब्धकर्मनानात्वाद् बुद्धानामन्यथाऽन्यथा वर्तनम् <—(६/२८७) इति **पञ्चदशी**वचनादपि तत्त्वज्ञानिनोऽदृष्टमस्त्येवेति सिध्यति । यत्तु **पञ्चदश्यां** —> दग्धबीजमरोहेऽपि भक्षणायोपयुज्यते <— (७/१६५) इत्येवं **विद्यारण्येन** गदितं तत्तु अङ्कुराजनकभर्जितबीजतुल्यं ज्ञानदग्धमदृष्टं जन्मान्तराऽजनकमपि सत् योगिदेहोपष्टम्भकारीत्यभिप्रायेण सङ्गच्छते । तन्नाशाय क्रिया ज्ञानिनोऽप्युपयुज्यत एव, तस्य भोगैकनाश्यत्वे मानाभावात् । एतेन —> [1]कायव्यूहादिकल्पना <— परास्ता ॥३/२४॥

अत्रैवान्यमतमपाकर्तुमुपन्यस्यति —> 'शरीरमि'ति ।

**शरीरमीश्वरस्येव, विदुषोऽप्यवतिष्ठते ।**
**अन्यादृष्टवशेनेति, कश्चिदाह तदक्षमम् ॥२५॥**

---

**પ્રવૃત્ત થયેલા નથી તેવા જ બધા કર્મોને જ્ઞાનરૂપ અગ્નિ નિર્બીજ કરે છે. <—તેથી તત્ત્વજ્ઞાનથી જેનો નાશ ન થઈ શકે તેવા પ્રારબ્ધ કર્મોના નાશ માટે ક્રિયા તત્ત્વજ્ઞાનીને ઉપયોગી જ છે. <u>પંચદશી</u> ગ્રંથમાં જે જણાવેલ છે કે —> આરબ્ધ કર્મ વિવિધ પ્રકારનું હોવાના કારણે તત્ત્વજ્ઞાનીઓ પણ વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે. <—તેનાથી પણ સિદ્ધ થાય છે કે તત્ત્વજ્ઞાનીને પણ કર્મ છે જ. <u>પંચદશી</u> ગ્રંથમાં <u>વિદ્યારણ્યસ્વામીએ</u> —> સેકેલું બીજ ભલે ઊગે નહિ પરંતુ ખાવાના તો ઉપયોગમાં આવે. <—આ પ્રમાણે જે જણાવેલ છે તેનો અભિપ્રાય એવી રીતે સંગત થાય છે કે અંકુરની ઉત્પત્તિ કરવા માટે અસમર્થ એવા સેકાયેલા બીજ જેવું કર્મ જ્ઞાનથી સેકાયેલું છે તે પુનર્જન્મનું કારણ ભલે ન હોય છતાં પણ તત્ત્વજ્ઞાનીના દેહને ટકાવવાનું કાર્ય તો જરૂર કરે. આથી તેના નાશમાં તો તત્ત્વજ્ઞાનીને પણ ક્રિયા ઉપયોગી છે. કર્મ કેવલ ઉપભોગ દ્વારા જ નાશ પામે તેવું માનવામાં કોઈ પ્રમાણ નથી. માટે જ કાયવ્યૂહ[1] વગેરે કલ્પનાનું પણ નિરાકરણ થઈ જાય છે. <u>(૩/૨૪)</u>**

**પ્રસ્તુતમાં અન્યમતનું ખંડન કરવા માટે ગ્રંથકારશ્રી અન્ય મતને જણાવે છે.**

**<u>શ્લોકાર્થ</u> :- 'બીજાના કર્મને લીધે ઈશ્વરની જેમ તત્ત્વજ્ઞાનીનું પણ શરીર ટકી રહે છે.' આ પ્રમાણે કોઈક કહે છે. પરંતુ તે વાત વ્યાજબી નથી. <u>(૩/૨૫)</u>**

**<u>ટીકાર્થ</u> :- જેમ ઈશ્વર સર્વકર્મમુક્ત છે છતાં પણ જીવોના કર્મના પ્રભાવથી ઈશ્વરનું શરીર ઈશ્વરના કાર્યો કરવામાં કુશળતાથી પ્રવૃત્ત થાય છે તે જ રીતે તત્ત્વજ્ઞાની પણ સર્વ કર્મથી શૂન્ય છે. છતાં પણ શિષ્યએ**

---

૧. અન્યદર્શનકારો એવું માને છે કે ભૂંડ, કુતરા, બીલાડા, નરક, દેવ વગેરે અનેક ભવમાં જઈને ભોગવી શકાય તેવા કર્મો બાંધ્યા પછી તે કર્મો ભોગવાય તે પહેલાં જ જો તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય તો મોક્ષે જતા પહેલાં તથાવિધ કર્મોને ભોગવવા માટે યોગી ભૂંડ, કુતરા, બીલાડા, નરક કે દેવ ભવ સંબંધી અનેક શરીરોને એકી સાથે ધારણ કરી તે તે કર્મોને તે તે શરીર દ્વારા ભોગવીને દૂર કરે છે. આ એક જ ભવમાં અનેક શરીરને ધારણ કરવાની પરદર્શનમાન્ય પ્રક્રિયા કાયવ્યૂહ કહેવાય છે. પરંતુ આ વાત પ્રામાણિક નથી. તેનું વિસ્તારથી પ્રતિપાદન ઉપાધ્યાયજી મહારાજે **અધ્યાત્મમતપરીક્ષા, સ્યાદ્વાદકલ્પલતા** વગેરે ગ્રંથમાં કરેલ છે. જિજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું.

**अन्यादृष्टवशेन** = जीवकर्ममहिम्ना अदृष्टशून्यस्य **ईश्वरस्य शरीरं इव** = यथा **अवतिष्ठते** = ईश्वरकार्यकरणप्रवणतया वर्तते तथा **अन्यादृष्टवशेन** = शिष्यसञ्चितकर्ममहिम्ना कर्मशून्यस्य **विदुषोऽपि** = तत्त्वज्ञानिनोऽपि **शरीरं अवतिष्ठते** = तिष्ठति एव **इति** = एवं प्रकारेण **कश्चित्** नव्यो वेदान्ती **आह तत् अक्षमं** = युक्त्यसहम् ॥३/२५॥

तदक्षमत्वमेवावेदयति —> 'शरीरमि'ति ।

**शरीरं विदुषः शिष्याद्यदृष्टाद्यदि तिष्ठति ।**
**तदाऽसुहृददृष्टेन न नश्येदिति का प्रमा ॥२६॥**

**यदि शिष्याद्यदृष्टात्** = स्वशिष्य-भक्तवृन्दादिसञ्चिताऽदृष्टात् **विदुषः** = तत्त्वज्ञानिनः **शरीरं तिष्ठति** = अवतिष्ठते **तदा असुहृददृष्टेन** = शत्रुसञ्चितादृष्टवशेन तुल्यन्यायात् विनश्येत् । तेन तत् **न नश्येत् इति** अत्र **का प्रमा** ? वस्तुतस्तु सामानाधिकरण्येनैवाऽदृष्टं कार्यकारि भवति । अतो न स्वशिष्याद्यदृष्टेन तत्त्वज्ञानिशरीरमवतिष्ठते न वाऽर्यदृष्टेन तन्नश्यति किन्तु स्वप्रारब्धवशेनैव तदवतिष्ठते नश्यति चेत्युपगन्तव्यम् ॥३/२६॥

वेदान्तिमतमपाकर्तुमुपक्रमते —> 'न चे'ति ।

---

ભેગા કરેલા કર્મના પ્રભાવથી જ્ઞાની ગુરૂનું શરીર ટકે જ છે. <— કોઈક નવીન વેદાન્તી વ્યક્તિ આ પ્રમાણે કહે છે. પરંતુ તે વાત યુક્તિસંગત નથી. <u>(૩/૨૫)</u>

કઈ રીતે તે વાત અસંગત છે ? તેને ગ્રંથકારશ્રી જણાવે છે. :

<u>**શ્લોકાર્થ**</u> :- શિષ્ય વગેરેના કર્મથી જો જ્ઞાનીનું શરીર ટકી રહેતું હોય તો "દુશ્મનના કર્મથી જ્ઞાનીનું શરીર નાશ ન પામે" આ વાતમાં શું પ્રમાણ છે ? <u>(૩/૨૬)</u>

## ✠ અન્યના કર્મથી કોઈ શરીર ધારણ ન કરે ✠

<u>**ટીકાર્થ**</u> :- જો પોતાના શિષ્ય, ભક્તવૃંદ વગેરેએ ભેગા કરેલ પુણ્યના પ્રભાવથી જ્ઞાની ગુરૂનું શરીર ટકી રહેતું હોય તો તુલ્ય ન્યાયથી શત્રુએ ભેગા કરેલ કર્મના પ્રભાવથી તત્ત્વજ્ઞાનીનું શરીર નાશ પણ પામી જાય. શિષ્ય વગેરેના કર્મથી જ્ઞાનીનું શરીર ટકે પણ દુશ્મનના કર્મથી જ્ઞાનીનું શરીર નાશ ન પામે આવું માનવામાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી. આથી જ એવી અપ્રામાણિક વાતને સ્વીકારી ન શકાય. વાસ્તવમાં તો સમાનાધિકરણ અદૃષ્ટ જ કાર્ય કરે છે. અર્થાત્ જે આત્મામાં કર્મ રહેલું હોય તેનાથી તે આત્માને જ તે કર્મનું ફળ મળે. માટે શિષ્ય વગેરેના અદૃષ્ટથી જ્ઞાની ગુરૂનું શરીર ટકતું નથી અને દુશ્મનના કર્મના કારણે તત્ત્વજ્ઞાનીનું શરીર નાશ પામતું નથી. પરંતુ પોતાના જ પ્રારબ્ધ કર્મના કારણે તત્ત્વજ્ઞાનીનું શરીર ટકે છે અને પોતાનું પ્રારબ્ધ કર્મ ખલાસ થતાં તત્ત્વજ્ઞાનીનું શરીર નાશ પામે છે.-આવું માનવું યોગ્ય છે. <u>(૩/૨૬)</u>

વેદાન્તી મતને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી પ્રારંભ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- ઉપાદાન કારણનો નાશ થવા છતાં પણ કાર્ય એક ક્ષણ રહે છે તેવું તાર્કિક લોકો જેમ માને છે તેમ ઉપાદાન કારણનો નાશ થવા છતાં પણ તત્ત્વજ્ઞાનીના શરીરની સ્થિતિ ચિરકાળ સુધી મનાય છે - આવું વક્તવ્ય વ્યાજબી નથી. <u>(૩/૨૭)</u>

**न चोपादाननाशेऽपि क्षणं कार्यं यथेष्यते ।**
**तार्किकैः स्थितिमत्तद्वच्चिरं विद्वत्तनुस्थितिः ॥२७॥**

**यथा** = येन प्रसिद्धेन प्रकारेण **उपादाननाशेऽपि** = स्वसमवायिकारणनाशेऽपि **तार्किकैः** = नैयायिकैः **क्षणं** एकं **स्थितिमत्** = वर्तमानं समवेतं **कार्यं इष्यते** । तन्तुनाशक्षणे एव न नैयायिकैः पटनाश ईष्यते किन्तु तन्तुनाशक्षणानन्तरमेव, कारणस्य कार्याव्यवहितपूर्वक्षणवृत्तित्वाभ्युपगमात् । अतस्तन्तुनाशक्षणे निरुपादानं पटादिलक्षणं कार्यमवतिष्ठते यौगनये । **तद्वत्** = तेनैव प्रकारेण = उपादानकारणविरहदशायामप्युपादेयस्थिति-स्वीकाररीत्या वेदान्तिनये **चिरं** = दीर्घकालं **विद्वत्तनुस्थितिः** = तत्त्वज्ञानिशरीरास्तिता सम्भवति । यद्यपि नैयायिकदर्शने शरीरोपादानकारणताऽदृष्टे नाङ्गीक्रियते तथापि वेदान्तिनयेऽविद्याऽपरपर्यायस्याऽदृष्टस्य शरीरोपादा-नकारणत्वात्तत्त्वज्ञानिनोऽदृष्टनाशे देहस्य निरुपादानत्वोक्तिस्सङ्गच्छत एव । यथा नैयायिकैरुपादानकारणमृते क्षणमेकमवस्थितिरुपादेयस्येष्यते तथा वेदान्तिभिरविद्यानाशेऽपि तत्त्वज्ञानिशरीरस्थितिर्दीर्घकालमिष्यते । न ह्यनुपादानमुपादेयमेकमेव क्षणमवतिष्ठते न तु चिरमिति नैयायिको वक्तुमर्हति, अप्रयोजकत्वात् । तदुक्तं

## ❀ નિરુપાદાન કાર્યની સ્થિતિની મીમાંસા ❀

<u>**ટીકાર્થ**</u> :- પટનું સમવાયિકારણ = ઉપાદાન કારણ તંતુઓ છે. નૈયાયિક મતે તંતુનો જે ક્ષણે નાશ થાય છે તે ક્ષણમાં પટનો નાશ થતો નથી, પરંતુ તે પછીની ક્ષણમાં પટનો નાશ થાય છે. આનું કારણ એ છે કે સમવાયિકારણનો નાશ એ કાર્યનાશનું કારણ છે, અને કાર્યની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વ ક્ષણે કારણની ઉપસ્થિતિ આવશ્યક છે. માટે કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પત્તિ સમકાલીન ન હોય પરંતુ પૂર્વોત્તરકાલીન હોય. આથી જે સમયે તંતુનો નાશ થશે તે સમયે પટસ્વરૂપ કાર્ય એક ક્ષણ વિદ્યમાન હોય છે. મતલબ કે જેમ નૈયાયિક મતે ઉપાદાન કારણ વિના કાર્ય એક ક્ષણ ટકે છે. બરાબર તે જ રીતે અર્થાત્ ઉપાદાન કારણની ગેરહાજરીમાં પણ ઉપાદેયની = કાર્યની સ્થિતિ સ્વીકારવાની પદ્ધતિ મુજબ વેદાન્તીમતે દીર્ઘ કાળ સુધી તત્ત્વજ્ઞાનીના શરીરનું અસ્તિત્વ સંભવી શકે છે. જો કે <u>નૈયાયિકદર્શન</u>માં શરીરનું ઉપાદાન કારણ અદૃષ્ટ માનવામાં આવતું નથી, છતાં પણ અવિદ્યા એવા બીજા નામથી અદૃષ્ટને જ વેદાન્તીદર્શનમાં શરીરનું ઉપાદાન કારણ માનવામાં આવેલ હોવાથી તત્ત્વજ્ઞાન દ્વારા અદૃષ્ટનો નાશ થાય ત્યારે તત્ત્વજ્ઞાનીનો દેહ ઉપાદાન કારણ વિના ટકે છે - આવું વેદાન્તીઓ કહી શકે છે. મતલબ કે 'અદૃષ્ટની ગેરહાજરીમાં તત્ત્વજ્ઞાનીનો દેહ દીર્ઘકાળ સુધી ટકે છે' એમ વેદાંતદર્શન મુજબ કહી શકાય, નૈયાયિકદર્શન મુજબ નહિ. કેમ કે "અદૃષ્ટ વિના દેહ ટકવો = નિમિત્ત કારણ વિના કાર્ય ટકવું" - આવું અર્થઘટન નૈયાયિક સંપ્રદાય મુજબ થાય. જ્યારે વેદાંતી દર્શન મુજબ "અદૃષ્ટ વિના શરીર ટકવું = ઉપાદાન કારણ વિના કાર્ય ટકવું" - આવું અર્થઘટન થઈ શકે છે. જેમ નૈયાયિક વિદ્વાનો ઉપાદાન કારણ વિના એક ક્ષણ કાર્યનું અવસ્થાન ઈચ્છે છે તેમ વેદાંતીઓ અવિદ્યાનો નાશ થવા છતાં પણ તત્ત્વજ્ઞાનીનું શરીર દીર્ઘ કાળ સુધી ટકે છે તે પ્રમાણે ઈચ્છે છે. 'ઉપાદાનકારણ વિના કાર્ય એક જ ક્ષણ સુધી ટકે, દીર્ઘકાળ સુધી નહિ' - આ પ્રમાણે નૈયાયિક કહી શકે તેમ નથી. કારણ કે તેવું નૈયાયિકનું વચન અપ્રયોજક છે. અર્થાત્ 'ઉપાદાન કારણ વિના કાર્ય એક ક્ષણ ટકે તેમ લાંબો સમય ટકે' - તેવું માનવામાં શું વાંધો ? આવા પ્રશ્નનો કોઈ જવાબ નૈયાયિક પાસે નથી. <u>પંચદશી</u> ગ્રંથમાં <u>વિદ્યારણ્યસ્વામીએ</u> જણાવેલ છે કે —> ઉપાદાન કારણનો નાશ થયા પછી પણ ક્ષણવાર કાર્ય રહે છે

**पञ्चदश्यां** वेदान्तिना **विद्यारण्येन** —> उपादाने विनष्टेऽपि क्षणं कार्यं प्रतीक्षते । इत्याहुस्तार्किकास्तद्वदस्माकं किं न सम्भवेत् ? ॥ <— (६/५४) इति । न च वेदान्तिगदितमिदं सम्यक् ॥३/२७॥

वेदान्त्युक्तस्याऽयुक्तत्वे हेतुमावेदयति ग्रन्थकृत् —> **'निरुपादाने'**ति ।

**निरुपादानकार्यस्य, क्षणं यत्तार्किकैः स्थितिः ।**
**नाशहेत्वन्तराभावादिष्टाऽत्र च स दुर्वचः ॥२८॥**

**यत्** = यस्मात् कारणात् **निरुपादानकार्यस्य** = समवायिकारणरहितस्य समवेतत्वेनाभिमतस्य कार्यस्य **क्षणं** एकं **स्थितिः** = विद्यमानता **नाशहेत्वन्तराभावात्** = कार्यनाशकहेतुविशेषविरहात् **तार्किकैः** = नैयायिकैः **इष्टा** । नैयायिकनये स्वप्रतियोगितासम्बन्धेन समवेतनाशं प्रति स्वप्रतियोगिसमवेतत्वसम्बन्धेन समवायिकारणनाशस्य कारणत्वमङ्गीक्रियते, अन्यविधनाश्य-नाशकभावस्याऽघटमानत्वात् । कारणञ्च कार्याऽव्यवहितपूर्वक्षणे कार्यतावच्छेदकसम्बन्धेन कार्याधिकरणतयाऽभिमतेऽवश्यं विद्यते एव, अन्यथा कारणत्वहानेः । ततश्च पटनाशकस्तन्तुनाशः पटनाशाऽव्यवहितपूर्वक्षणे पटनाशार्थमपेक्ष्यते एव, अन्यथा पटनाशानापत्तेः । अतः कथं तन्तुनाशसमकालमेव पटनाशो जायेत, गौतमीयदर्शने समकालीनयोः कार्यकारणभावाऽनभ्युपगमात् । न च तन्तुनाशपूर्वक्षण एव पटनाशकं अन्यत् किञ्चित् समवधीयते नियमेन, येन तद्वशेन तन्तुनाशसमकालमेव पटनाशसमुत्पादान्निरुपादानकार्यावस्थानं प्रतिक्षिप्येत । इत्थं **सः** = तन्तुनाशक्षणे पटाऽनाशोपपादकः तन्तु-

---

આ પ્રમાણે તાર્કિકો કહે છે, તે જ રીતે અમારા મતે પણ કેમ ન સંભવે ? <— અર્થાત્ અવિદ્યાનો નાશ થયા પછી પણ તત્ત્વજ્ઞાનીનું શરીર ટકે એ વાત સંભવિત છે. ગ્રંથકારશ્રી કહે છે કે આ પ્રમાણે વેદાંતીનું કહેલું બરાબર નથી. (૩/૨૭)

વેદાંતીએ જણાવેલ ઉપરોક્ત વાત શા માટે અયોગ્ય છે ? તેના હેતુને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- કારણ કે કાર્યના નાશનો અન્ય કોઈ હેતુ ન હોવાના કારણે ઉપાદાન કારણથી શૂન્ય એવું કાર્ય ક્ષણવાર ટકે છે એવું તાર્કિકોને ઈષ્ટ છે પણ પ્રસ્તુતમાં (વેદાંતમતમાં) નાશકનો અભાવ દુર્વચ છે.(૩/૨૮)

**ટીકાર્થ** :- ઉપરોક્ત વેદાંતી મત અયુક્ત હોવાનું કારણ એ છે કે નૈયાયિક તર્કનિષ્ણાતો સમવાયિકારણશૂન્ય હોવા છતાં કારણમાં સમવેતરૂપે અભિમત એવા કાર્યની એક ક્ષણ સ્થિતિ સ્વીકારે છે એમાં હેતુ છે નાશક અન્ય હેતુનો અભાવ. અર્થાત્ જે સમયે સમવાયિકારણનો નાશ થાય છે તે સમયે, સમવેત તરીકે અભિમત એવા કાર્યનો નાશ કરનાર અન્ય કોઈ હેતુ ન હોવાના કારણે તે સમયે કાર્યનો નાશ માની શકાતો નથી. નૈયાયિક મતે સ્વપ્રતિયોગિતાસંબંધથી સમવેતનાશ પ્રત્યે સ્વપ્રતિયોગિ-સમવેતત્વસંબંધથી સમવાયિકારણનો નાશ કારણરૂપે માનવામાં આવે છે. પ્રસ્તુતમાં કાર્ય છે સમવેત એવા કાર્યનો નાશ. કાર્ય પોતાના અધિકરણમાં જે સંબંધથી ઉત્પન્ન થાય તે સંબંધ કાર્યતાઅવચ્છેદકસંબંધ કહેવાય. પ્રસ્તુતમાં સ્વપ્રતિયોગિત્વ એ કાર્યતાઅવચ્છેદક સંબંધ છે. કાર્યના અધિકરણમાં કારણ જે સંબંધથી રહીને કાર્યને ઉત્પન્ન કરે તે સંબંધ કારણતાઅવચ્છેદકસંબંધ કહેવાય. પ્રસ્તુતમાં સ્વપ્રતિયોગિસમવેતત્વ એ કારણતાઅવચ્છેદકસંબંધ છે. દા.ત. પટનાશ = કાર્ય. તેનો પ્રતિયોગી = પટ, તેથી સ્વપ્રતિયોગિતાસંબંધથી પટનાશનું અધિકરણ પટ બનશે. તેમાં જે સમયે તંતુનાશ સ્વપ્રતિયોગિસમવેતત્વસંબંધથી રહે તે પછીની ક્ષણે પટનાશસ્વરૂપ કાર્ય ઉત્પન્ન થાય. તંતુનાશના પ્રતિયોગી એવા તંતુમાં પટ સમવેત હોવાથી સ્વપ્રતિયોગિસમવેતત્વસંબંધથી

नाशाऽव्यवहितपूर्वक्षणवर्ती पटनाशकविरहः नैव दुर्वचः = दुरुपपादः । तन्तुनाशाऽव्यवहितोत्तरक्षणे त्ववश्यं पटो नश्येत्, तदव्यवहितपूर्वक्षणे स्वनाशकसमवधानात् । इत्थञ्च निरुपादानं कार्यं क्षणमेकमवतिष्ठते नैयायिकराद्धान्तेनेति स्पष्टमेव । किन्तु **अत्र च** = 'निरुपादानं तत्त्वज्ञानिशरीरं चिरकालमवतिष्ठते' इत्यत्र हि वेदान्तिनये **सः** = निरुपादान-ज्ञानिदेहाऽनाशोपपादकस्तन्नाशकविरहः **दुर्वचः** = दुर्निर्वचनीयः । अतः 'तत्त्वज्ञानिनोऽदृष्टं नास्ति तथापि तच्छरीरं चिरकालमवतिष्ठत' इति वेदान्तिमतमश्रद्धेयम्, युक्तिवैकल्यादिति तात्पर्यम् ॥३/२८॥

ननूक्तमेवाऽस्माभिर्वेदान्तिभिः यदुत 'तत्त्वज्ञानिनोऽदृष्टविरहेऽपि शिष्याद्यदृष्टवशेन तच्छरीरं न पतती'ति इति चेत् ? सत्यमुक्तम्, किन्त्वसत्यमुक्तमित्याशयेन ग्रन्थकृदाह —> **'अन्ये'**ति ।

---

તંતુનાશ પટમાં રહી શકે છે. અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે કાર્યતાઅવચ્છેદકસંબંધમાં રહેલ 'સ્વ' શબ્દથી કાર્યનું ગ્રહણ કરવું. અને કારણતાઅવચ્છેદકસંબંધમાં રહેલ 'સ્વ' શબ્દથી કારણનું ગ્રહણ કરવું. કાર્યતાઅવચ્છેદકસંબંધથી કાર્યના અધિકરણરૂપે જે અભિમત હોય તેમાં કાર્યની અવ્યવહિત પૂર્વ ક્ષણે કારણ અવશ્ય રહે. જો તેમ ન હોય તો તે કારણ જ ન કહેવાય. તેથી પ્રસ્તુતમાં પટનાશની ઉત્પત્તિ માટે પટનાશની અવ્યવહિત પૂર્વક્ષણે પટનાશનો હેતુ એવો તંતુનાશ જરૂર અપેક્ષિત બને છે. તંતુનાશ ન થાય તો પટનાશ થઈ જ ન શકે. તેથી જે સમયે તંતુનો નાશ ઉત્પન્ન થાય છે તે જ સમયે પટનો નાશ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? કારણ કે <u>ન્યાયદર્શન</u>માં સમાનકાલીન પદાર્થો વચ્ચે કાર્યકારણભાવ માનવામાં આવતો નથી. ઉપરોક્ત નાશ્ય-નાશકભાવ સિવાય બીજી કોઈ પણ રીતે નાશ્ય-નાશક ભાવ માની શકાતો નથી. જો તંતુનાશની અવ્યવહિત પૂર્વ ક્ષણે જ પટનો નાશ કરનાર અન્ય કોઈ વસ્તુ અવશ્ય ઉપસ્થિત થાય તો જે સમયે તંતુનો નાશ ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે પટનો નાશ પણ ઉત્પન્ન થઈ શકે, અને આવું બને તો ઉપાદાનકારણની ગેરહાજરીમાં કાર્યના અસ્તિત્વનો પ્રતિકાર કરી શકાય. પરંતુ તેવું નથી. કારણ કે જે સમયે તંતુનો નાશ થાય છે તેની પૂર્વ ક્ષણે પટનો નાશ કરનાર અન્ય કોઈ પણ ચીજ અવશ્ય ઉપસ્થિત થતી નથી. આથી તંતુનો નાશ થાય તે ક્ષણે પટનો નાશ થઈ શકતો નથી. આ રીતે તંતુનાશની અવ્યવહિતપૂર્વ ક્ષણમાં પટના નાશકની ગેરહાજરી નૈયાયિકમતમાં જણાવી શકાય તેવી છે. અને તે જ તંતુનાશની ક્ષણે પટનો નાશ ન થવાનું સમર્થન કરે છે. તંતુનો નાશ થયા પછીની અવ્યવહિત ઉત્તરક્ષણે તો પટનો અવશ્ય નાશ થાય. દા.ત. ચોથી ક્ષણે તંતુનો નાશ થાય તો પાંચમી ક્ષણે પટનો નાશ અવશ્ય થાય. કારણ કે પટનો નાશક એવો તંતુનાશ ચોથી ક્ષણે ઉપસ્થિત છે. આમ નૈયાયિક સિદ્ધાંતથી સ્પષ્ટ જ છે કે ઉપાદાન કારણની ગેરહાજરીમાં કાર્ય માત્ર એક જ ક્ષણ ટકી શકે. પરંતુ "ઉપાદાનકારણ વિના તત્ત્વજ્ઞાનીનું શરીર ચિરકાળ સુધી ટકી રહે છે." - આ પ્રમાણે વેદાંતીની માન્યતા સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે તેમાં નિરુપાદાન એવો તત્ત્વજ્ઞાનીનો દેહ નાશ ન પામે - તેનું સમર્થન કરે તેવો જ્ઞાનીદેહનાશકવિરહ શબ્દ દ્વારા બતાવવો મુશ્કેલ છે. આથી "તત્ત્વજ્ઞાનીને અદષ્ટ નથી, કારણ કે તત્ત્વજ્ઞાન દ્વારા અદષ્ટ નષ્ટ થયેલ છે છતાં પણ તત્ત્વજ્ઞાનીનો દેહ લાંબો સમય ટકી શકે છે." - આવો વેદાંતીમત વિશ્વાસ કરવા યોગ્ય નથી. કારણ કે તેના સ્વીકારમાં કોઈ યુક્તિ રહેલી નથી. આવું ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે. <u>(૩/૨૮)</u>

<u>**વેદાન્તી**</u> :- અમે તો કહી જ દીધું છે કે "તત્ત્વજ્ઞાનીને અદષ્ટ ન હોવા છતાં પણ શિષ્ય વગેરેના અદષ્ટના બળથી તત્ત્વજ્ઞાનીનું શરીર પડી ભાંગતું નથી."

<u>**સ્યાદ્વાદી**</u> :- "એ વાત સાચી છે કે તમે કીધું છે" પણ તમે અસત્ય વાત જણાવી છે. આ વાતને

**अन्यादृष्टस्य तत्पातप्रतिबन्धकतानये ।**
**म्रियमाणोऽपि जीव्येत शिष्यादृष्टवशाद्गुरुः ॥२९॥**

'**अन्याऽदृष्टस्य** = शिष्य-भक्तादिसञ्चिताऽदृष्टस्य **तत्पातप्रतिबन्धकतानये** = तत्त्वज्ञानिदेहनाशं प्रति **प्रतिबन्धकता**' इति वेदान्तिमते स्वायुःक्षयेण **म्रियमाणोऽपि** तत्त्वज्ञानी **गुरुः शिष्याद्यदृष्टवशात्** = स्वशिष्य-भक्ताद्यदृष्टबलात् चिरं **जीव्येत** । वेदान्तिनं प्रत्युपहासोऽयम् । स्वसमानाधिकरणमेवाऽदृष्टं फलोपधायकमिति प्रागुक्तं तत्त्वमत्रानुसन्धेयम् ॥३/२९॥

वेदान्त्यभिमतं युक्त्यन्तरं निराकर्तुमुपक्रमते —> 'स्वे'ति ।

**स्वभावान्निरुपादाना यदि विद्वत्तनुस्थितिः ।**
**तथापि कालनियमे तत्र युक्तिर्न विद्यते ॥३०॥**

**यदि स्वभावात्** = तथाविधस्वभावादेव **निरुपादाना** = उपादानकारणशून्या **विद्वत्तनुस्थितिः** = तत्त्वज्ञानिदेहावस्थितिः वेदान्तिभिरुच्यते तदा निरुपादानस्य विद्वच्छरीरस्य चिरमवस्थानमनाबाधं यद्यपि, **तथापि तत्र** = स्वभावबलेनोपादानशून्यविद्वत्तनुस्थित्युपपादने 'एतावन्तं कालं तत्त्वज्ञानिशरीरेण स्थातव्यं तदनु विनष्टव्यमि'त्येवंरूपे **कालनियमे** बलवती **युक्तिः न** = नैव **विद्यते** । शपथमात्रप्रत्यायनीयत्वा-

---

ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- શિષ્યનું અદૃષ્ટ તત્ત્વજ્ઞાનીના દેહને પડવામાં જો પ્રતિબંધક બનતું હોય તો મરતા એવા પણ તત્ત્વજ્ઞાની ગુરૂ શિષ્યના અદૃષ્ટના કારણે જીવી જશે. <u>(૩/૨૯)</u>

<u>**ટીકાર્થ**</u> :- "શિષ્ય, ભક્ત વગેરેએ ભેગા કરેલા અદૃષ્ટ એ તત્ત્વજ્ઞાનીના દેહના નાશ પ્રત્યે પ્રતિબંધક બને છે." - આવા વેદાંતી મતમાં તો પોતાના આયુષ્યના ક્ષયથી મરતા એવા તત્ત્વજ્ઞાની ગુરૂ પોતાના શિષ્ય, ભક્ત વગેરેના અદૃષ્ટથી અતિ લાંબા સમય સુધી જીવી જશે. વેદાન્તી પ્રત્યે આ ગ્રંથકારશ્રીનો ઉપહાસ છે. વાસ્તવમાં તો જે આત્મા કર્મને કરે છે તે જ આત્મા કર્મને ભોગવે છે. પોતાનું સમાનાધિકરણ એવું જ અદૃષ્ટ પોતાને ફળ આપે છે - આવું પૂર્વે જે તત્ત્વ જણાવ્યું તેનું અહીં અનુસંધાન કરવું. <u>(૩/૨૯)</u>

વેદાંતીને માન્ય એવી અન્ય યુક્તિનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી પ્રારંભ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- ઉપાદાનકારણ વગરનું એવું વિદ્વાનનું શરીર જો સ્વભાવથી જ ટકી રહેતું હોય તો પણ ત્યાં કાળનિયમમાં કોઈ યુક્તિ નથી. <u>(૩/૩૦)</u>

<u>**ટીકાર્થ**</u> :- જો વેદાંતી એવું કહે કે 'ઉપાદાન કારણ વિના તત્ત્વજ્ઞાનીનો દેહ તથાવિધ સ્વભાવથી જ ટકે છે.' - તો ઉપાદાન કારણ વિના વિદ્વાનનું શરીર લાંબા કાળ સુધી નિરાબાધ ટકી શકશે, તો પણ સ્વભાવના બળથી ઉપાદાનશૂન્ય એવા જ્ઞાનીશરીરની સ્થિતિનું ઉપપાદન કરવામાં 'આટલા સમય સુધી તત્ત્વજ્ઞાનીનું શરીર ટકવું જોઈએ અને ત્યાર પછી તે નષ્ટ થવું જોઈએ. તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી કોઈનું શરીર મહિનો, કોઈનો દેહ એક વર્ષ, કોઈનું ખોળિયું ૫૦ વર્ષ તો કોઈનું તન ૨૦૦ વર્ષ ટકે અને ત્યાર પછી તે નાશ પામે' - આ પ્રમાણે અલગ અલગ તત્ત્વજ્ઞાનીના શરીરની સ્થિતિ સંબંધી કાળનું નિયમન કરવામાં કોઈ બળવાન યુક્તિ નથી. —> 'હું સોગંદ ખાઈને કહું છું કે "હકીકત અમે જે જણાવી તેવી જ છે." <— આ રીતે કહીને વેદાંતી પોતાની વાતમાં વિશ્વાસ કરાવે તેનાથી કંઈ તે વાતનો સ્વીકાર કરવો યોગ્ય નથી. <u>(૩/૩૦)</u>

न्नेदमङ्गीकर्तुमर्हति ॥३/३०॥

ग्रन्थकारस्तदेवाऽऽह —> 'उच्छृङ्खलस्ये'ति ।

**उच्छृङ्खलस्य तच्चिन्त्यं, मतं वेदान्तिनो ह्यदः ।**
**प्रारब्धादृष्टतः किन्तु, ज्ञेया विद्वत्तनुस्थितिः ॥३१॥**

**तद्धि** = तस्मात् कारणात् = युक्तिविकलत्वात् **उच्छृङ्खलस्य** = सद्युक्त्यनुभवादिलक्षणायाः सार्वतन्त्रिक्याः शृङ्खलाया उद्गतस्य-निर्गतस्य **वेदान्तिनो** मधुसूदनादेः अदः निरुक्तं **मतं चिन्त्यं** न तु विपक्षबाधकतर्कोपबृंहितविचारमृते तदङ्गीकर्तव्यम्, वस्तुव्यवस्थाविप्लवात् । अदृष्टस्य स्वसमानाधिकरणकार्यजनकत्वनियमेन सर्वतन्त्रेषु शिष्याद्यदृष्टवशेन न तत्त्वज्ञानिशरीरस्थितिः सम्भवति **किन्तु प्रारब्धादृष्टतः** = स्वीयप्रारब्धादृष्टवशादेव **विद्वत्तनुस्थितिः ज्ञेया** । इत्थञ्च तत्त्वज्ञानिनोऽप्यदृष्टमस्तीति सिद्धम् । ततश्च —> ज्ञानिनो नास्त्यदृष्टं <— (३/२४) इति प्रागज्ञोक्तमपाकृतमवगन्तव्यम्, अदृष्टत्वस्य तत्त्वज्ञाननाश्यतावच्छेदकत्वे व्यभिचारप्रदर्शनात् ॥३/३१॥

—> ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ! <—(४/३७) इति **भगवद्गीतावचनोपपत्तिमावेदयति** —> 'तदि'ति ।

---

ગ્રંથકાર આ જ વાત જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- તેથી ઉચ્છૃંખલ એવા વેદાન્તીનો આ મત વિચારણીય છે. (વિચાર કરવામાં આવે તો તે અસંગત હોવાથી ત્યાજ્ય છે.) પરંતુ હકીકતમાં વિદ્વાનનું શરીર પોતાના પ્રારબ્ધ અદષ્ટથી જ ટકે છે- તેવું જાણવું.<u>(૩/૩૧)</u>

**<u>ટીકાર્થ</u>** :- <u>મધુસૂદન સરસ્વતી</u> વગેરે વેદાંતીઓ ખરેખર ઉચ્છૃંખલ છે. કેમ કે સદ્યુક્તિ, અનુભવ વગેરે સ્વરૂપ સર્વદર્શનમાન્ય મર્યાદામાંથી તેઓ બહાર નીકળી ગયેલ છે. તેઓનો ઉપરોક્ત મત યુક્તિશૂન્ય હોવાના કારણે વિચારણીય છે. વિપક્ષબાધક તર્ક વગેરેથી પરિપુષ્ટ થયેલ વિચારણા વિના તે અંગીકાર કરવા યોગ્ય નથી. કારણ કે તેમ કરવામાં તો વસ્તુવ્યવસ્થા ભાંગી પડે. સર્વદર્શનને એવું માન્ય છે કે જે આત્મામાં અદષ્ટ = કર્મ = અવિદ્યા રહેલ હોય તે જ આત્મામાં તે પોતાનું કાર્ય કરી શકે. તેથી શિષ્ય વગેરેના અદષ્ટના બળથી તત્ત્વજ્ઞાનીના શરીરની સ્થિતિ સંભવતી નથી, પરંતુ પોતાના જ પ્રારબ્ધ અદષ્ટના કારણે જ વિદ્વાનનું શરીર ટકે છે. - એવું જાણવું. આ રીતે સિદ્ધ થાય છે કે શરીર વિદ્યમાન હોવાના કારણે તત્ત્વજ્ઞાનીને પણ અદષ્ટ છે. તેથી 'જ્ઞાનીને કોઈ કર્મ જ નથી હોતા.' - આવું પૂર્વે કોઈ (૩/૨૪) અજ્ઞ વ્યક્તિએ જણાવેલું તેનું નિરાકરણ થઈ ગયું સમજવું. આનું કારણ એ છે કે તત્ત્વજ્ઞાનીનું શરીરસ્થિતિકારી અદષ્ટ તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે તેવું માની શકાતું નથી. અર્થાત્ તત્ત્વજ્ઞાનના નાશ્યતાઅવચ્છેદક-ધર્મરૂપે અદષ્ટત્વનો સ્વીકાર કરવામાં અન્વય વ્યભિચાર દેખાડેલ છે. તત્ત્વજ્ઞાની પાસે તત્ત્વજ્ઞાન હોવા છતાં પણ તેનાથી સઘળા કર્મોનો નાશ થતો નથી, બાકી તો તેનું શરીર જ ન ટકે - આ વાત પૂર્વે જણાવી ગયા છીએ. કારણ હોવા છતાં કાર્ય ઉત્પન્ન ન થવાના કારણે અન્વય વ્યભિચાર સ્પષ્ટ છે. <u>(૩/૩૧)</u>

"જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મીભૂત કરે છે." - આવા <u>ભગવદ્ગીતા</u>ના વચનની સંગતિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**तत्प्रारब्धेतरादृष्टं, ज्ञाननाश्यं यदीष्यते ।**
**लाघवेन विजातीयं, तन्नाश्यं तत्प्रकल्प्यताम् ॥३२॥**

**तत्** = तस्मात् कारणात् = तत्त्वज्ञानिनोऽपि प्रारब्धादृष्टसत्त्वात् **यदि** वेदान्तिभिः **प्रारब्धेतरादृष्टं** = प्रारब्धभिन्नमदृष्टं **ज्ञाननाश्यं** = तत्त्वज्ञानजन्यनाशप्रतियोगीतीष्यते तदा प्रारब्धप्रतियोगिकभेदवददृष्टत्वस्य तत्त्वज्ञाननाश्यतावच्छेदकतया कार्यतावच्छेदकगौरवम् । तदपेक्षया **लाघवेन** = कार्यतावच्छेदकशरीरकृतलाघवेन **विजातीयं** = जातिविशेषवत् **तत्** = अदृष्टं **तन्नाश्यं** = तत्त्वज्ञानजन्यनाशप्रतियोगीति **प्रकल्प्यतां** = वेदान्तिभिरभ्युपगम्यताम् । तत्त्वज्ञाननाश्यतावच्छेदकधर्मविधया अदृष्टनिष्ठः प्रारब्धादृष्टव्यावृत्तो जातिविशेषः सिद्ध्यतीति भावः ॥३/३२॥

प्रकृतफलितमाह —> 'इत्थमि'ति ।

**इत्थं च ज्ञानिनो ज्ञाननाश्यकर्मक्षये सति ।**
**क्रियैकनाश्यकर्मौघक्षयार्थं सापि युज्यते ॥३३॥**

**इत्थञ्च** = विजातीयाऽदृष्टस्य तत्त्वज्ञाननाश्यत्वेन हि **ज्ञाननाश्यकर्मक्षये सति** = तत्त्वज्ञानजन्यनाश-

---

**<u>શ્લોકાર્થ</u>** :- તેથી જો પ્રારબ્ધ સિવાયનું અદૃષ્ટ જ્ઞાન દ્વારા નાશ પામે છે એવું તમે સ્વીકારો તો લાઘવથી વિજાતીય અદૃષ્ટ જ્ઞાન દ્વારા નાશ પામે છે તેવું સ્વીકારો. <u>(3/3૨)</u>

**<u>ટીકાર્થ</u>** :- તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ પ્રારબ્ધ અદૃષ્ટ રહે છે - આ વાત આપણે આગળ જણાવી ગયા. તે કારણે પ્રારબ્ધથી ભિન્ન એવું અદૃષ્ટ તત્ત્વજ્ઞાન દ્વારા નાશ પામે છે- એવું જો વેદાંતી લોકો સ્વીકારે તો તત્ત્વજ્ઞાનનો નાશ્યતાઅવચ્છેદક ધર્મ પ્રારબ્ધભિન્નઅદૃષ્ટત્વ બનશે. આમ થવાથી કાર્યતાઅવચ્છેદક ધર્મમાં ગૌરવ દોષ પ્રાપ્ત થશે. જ્યારે વિજાતીય અદૃષ્ટને તત્ત્વજ્ઞાનથી નાશ્ય માનવામાં કાર્યતાઅવચ્છેદક ધર્મના શરીરમાં લાઘવ થશે. કારણ કે તેવું સ્વીકારવામાં નાશ્યતાઅવચ્છેદક ધર્મ અદૃષ્ટગત જાતિવિશેષ બનશે. જાતિ એ અખંડ પદાર્થ છે અર્થાત્ તે અન્ય કોઈ પદાર્થથી ઘટિત નથી. જ્યારે પ્રારબ્ધભિન્નઅદૃષ્ટત્વ તો પ્રારબ્ધપ્રતિયોગિકભેદવિશિષ્ટ અદૃષ્ટત્વ સ્વરૂપ = તાદાત્મ્યસંબંધઅવચ્છિન્ન પ્રારબ્ધત્વઅવચ્છિન્ન પ્રતિયોગિતાક અન્યોન્યાભાવવિશિષ્ટ અદૃષ્ટત્વ સ્વરૂપ સખંડ ઉપાધિ રૂપ હોવાથી તે અત્યંત ગુરુભૂત શરીરવાળું છે. સખંડ ઉપાધિ અનેક પદાર્થથી ઘટિત હોય છે. પ્રસ્તુતમાં તેના અનેક ઘટક પદાર્થો રહેલા છે, તે ઉપરની વિગતથી સ્પષ્ટ છે. કાર્યતાઅવચ્છેદક કે નાશ્યતાઅવચ્છેદક વગેરે તરીકે જો જાતિ કે અખંડ ઉપાધિ પ્રાપ્ત થઈ શકે એમ હોય તો તેવા સ્થળમાં સખંડ ઉપાધિનો તત્સ્વરૂપે સ્વીકાર દાર્શનિક જગતમાં કરવામાં આવતો નથી. આ વાતથી ન્યાયના પ્રારંભિક અભ્યાસીઓ પણ સુપરિચિત જ છે. આથી વેદાંતીઓએ તત્ત્વજ્ઞાનના નાશ્યતાઅવચ્છેદક ધર્મરૂપે અદૃષ્ટગત એક વિલક્ષણ જાતિનો સ્વીકાર કરવો જરૂરી છે. તત્ત્વજ્ઞાનનાશ્યતા-અવચ્છેદક ધર્મરૂપે જ તે જાતિવિશેષની સિદ્ધિ થશે. <u>(3/3૨)</u>

પ્રસ્તુત વાતના ફલિતાર્થને ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- આ રીતે તત્ત્વજ્ઞાનીના તત્ત્વજ્ઞાનથી નાશ પામે તેવા કર્મનો નાશ થાય ત્યારે માત્ર ક્રિયાથી જ નાશ પામે તેવા કર્મસમૂહના નાશ માટે શાસ્ત્રોક્ત ક્રિયા પણ ઉપયોગી છે. <u>(3/33)</u>

## ❀ ક્રિયાથી પણ કર્મ નાશ પામે ❀

*प्रतियोगि-विजातीयादृष्टध्वंसे सति* ***क्रियैकनाश्यकर्मौघक्षयार्थं*** = *क्रियामात्रजन्यनाशप्रतियोग्यदृष्टविशेषवृन्द-*विनाशाय **ज्ञानिनः** = तत्त्वज्ञानिनः **अपि सा** = क्रिया **युज्यते** = उपयुज्यते इति सिद्धम् । ज्ञाननाश्य-कर्मक्षयार्थं यथा ज्ञानमुपयुज्यते तथा क्रियानाश्यकर्मक्षयार्थं क्रियोपयुज्यते इति भावः ॥३/३३॥

ननु तर्हि सर्वकर्मक्षयार्थं किमुपयुज्यते ? इत्याशङ्कायामाह —> **'सर्वे'**ति ।

**सर्वकर्मक्षये ज्ञानकर्मणोस्तत्समुच्चयः ।**
**अन्योऽन्यप्रतिबन्धेन तथा चोक्तं परैरपि ॥३४॥**

**तत्** = तस्मात् कारणात् = ज्ञानस्येव क्रियाया अपि कर्मविशेषनाशकत्वात् **सर्वकर्मक्षये** = कृत्स्नकर्मक्षयं प्रति **अन्योऽन्यप्रतिबन्धेन** = मिथोऽनुवेधेन **ज्ञान-कर्मणोः** = तत्त्वज्ञान-सत्क्रिययोः **समुच्चयः** = समुदायः उपयुज्यते । तदुक्तं **नयामृततरङ्गिण्यां** —> पुष्टि-शुद्ध्यनुबन्धद्वारा ज्ञान-कर्मणोर्मुक्तौ तुल्यवदेव हेतुतया समुच्चयपक्ष एवानाविलः <— (नयोपदेशवृत्ति पृ.१०२) इति । **स्याद्वादरहस्येऽपि** —> ज्ञान-कर्मणोः समुच्चित्य मोक्षकारणत्वात् । नन्विदमसिद्धम्, योगनिरोधरूपकर्मण एव साक्षात् हेतुत्वात्, तत्त्वज्ञानस्य तु पूर्वमपि सत्त्वादिति चेत् ? न, न हि समकालोत्पत्तिकत्वेन समुच्चयः, अपि तु परस्पर-

---

**<u>ટીકાર્થ</u>** :- તત્ત્વજ્ઞાન દ્વારા સર્વ કર્મ નાશ પામતા નથી, પરંતુ અદષ્ટવિશેષ જ = વિજાતીય અદષ્ટ જ નાશ પામે છે. તેવું હોવાના કારણે તત્ત્વજ્ઞાનથી નાશ પામનાર વિજાતીય અદષ્ટનો નાશ થઈ જાય ત્યારે કેવળ ક્રિયાથી જ નાશ પામે તેવા વિલક્ષણ કર્મના ઢગલાઓના નાશ માટે તત્ત્વજ્ઞાનીને પણ શાસ્ત્રોક્ત ક્રિયા ઉપયોગી છે - તેમ સિદ્ધ થાય છે. કહેવાનો ભાવ એ છે કે જ્ઞાનથી નાશ પામે તેવા કર્મના ક્ષય માટે જેમ જ્ઞાન જરૂરી છે તેમ ક્રિયાથી નાશ પામે તેવા કર્મોના ક્ષય માટે ક્રિયા ઉપયોગી છે. <u>(3/33)</u>

અમુક કર્મ જ્ઞાનથી નાશ પામે અને અમુક કર્મ ક્રિયાથી નાશ પામે તો પછી સર્વ કર્મના ક્ષય માટે શું ઉપયોગી છે ? આવી જિજ્ઞાસાનું શમન કરવા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે

**<u>શ્લોકાર્થ</u>** :- તેથી સર્વ કર્મના ક્ષય માટે અન્યોન્ય અનુવેધથી જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય ઉપયોગી છે. અન્યદર્શનકારોએ પણ તે પ્રમાણે જણાવેલ છે. <u>(3/34)</u>

### ❀ જ્ઞાન-ક્રિયાસમુચ્ચયથી મોક્ષ ❀

**<u>ટીકાર્થ</u>** :- જ્ઞાનની જેમ ક્રિયા પણ કર્મનો નાશ કરે છે. તેથી સર્વ કર્મના નાશ માટે પરસ્પર અનુવિદ્ધ એવો તત્ત્વજ્ઞાન અને સત્ક્રિયાનો સમુચ્ચય ઉપયોગી છે. <u>નયોપદેશની નયામૃતતરંગિણી</u> ટીકામાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> પુષ્ટિ અને શુદ્ધિના અનુબંધ દ્વારા જ્ઞાન અને ક્રિયા મોક્ષ પ્રત્યે સમાન રીતે હેતુ હોવાના કારણે સમુચ્ચય પક્ષ જ નિર્દોષ છે. <— મધ્યમપરિમાણ <u>સ્યાદ્વાદરહસ્ય</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> જ્ઞાન અને ક્રિયા પરસ્પર સમુચ્ચિત થઈને મોક્ષનું કારણ છે. અહીં એવી શંકા થાય કે "યોગનિરોધ સ્વરૂપ ક્રિયા એ જ મોક્ષનો સાક્ષાત્ હેતુ છે, કારણ કે તેની પ્રાપ્તિ પછી તુરત આત્માનો મોક્ષ થાય છે. તત્ત્વજ્ઞાન તો તેની પૂર્વે (૧૩ મા ગુણઠાણે) પણ હોય છે. છતાં તેટલા માત્રથી મોક્ષ થતો નથી. આથી સમુચ્ચિત જ્ઞાન-ક્રિયા મોક્ષનું કારણ છે એ વાત અસિદ્ધ છે." તો આ શંકાનું સમાધાન એ છે કે જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય સમકાલીન ઉત્પત્તિ રૂપે નહિ, પરંતુ પરસ્પરના સહકાર માત્રથી મોક્ષ પ્રત્યે કારણ છે. <— કહેવાનો આશય એ છે કે જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિને સમાનકાલીન મોક્ષ અથવા

सहकारमात्रेण <— (खण्ड-३ का.११- पृ.८३५) इत्युक्तम् । **तथा** = तेन प्रकारेण = ज्ञान-क्रिययोः समुच्चित्य मोक्षकारणत्वेन रूपेण **परैः** = तीर्थान्तरीयैः **अपि उक्तं**, किम्पुनरस्माभिरनेकान्तवादिभिरित्यपि-शब्दार्थः ॥३/३४॥

तीर्थान्तरीयोक्तमेव दर्शयति —> **'न यावदि'**ति ।

**न यावत्सममभ्यस्तौ, ज्ञानसत्पुरुषक्रमौ ।**
**एकोऽपि नैतयोस्तावत्, पुरुषस्येह सिध्यति ॥३५॥**

**ज्ञान-सत्पुरुषक्रमौ** = तत्त्वज्ञान-महापुरुषाचारौ **यावत् समं** = तुल्यवत् **न अभ्यस्तौ** = पौनःपुन्येन परिशीलितौ **तावत् इह** लोके **पुरुषस्य** साधकस्य **एतयोः** = ज्ञान-सत्पुरुषक्रमयोः **एकोऽपि**, किमुत द्वितयं, **न सिध्यति** । ततश्च ज्ञान-क्रिययोस्समुच्चयोऽभिमतः परेषामपि । **योगवाशिष्ठे**ऽपि —> उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणां गतिः । तथैव ज्ञान-कर्मभ्यां जायते परमं पदम् ॥ केवलात् कर्मणो ज्ञानात् न हि मोक्षोऽभिजायते । किन्तूभाभ्यां भवेन्मोक्षः साधनं तूभयं विदुः ॥ <— (१/७-८) इत्युक्तम् । **योगशिखोपनिषदि** अपि —> योगहीनं कथं ज्ञानं मोक्षदं भवतीह भोः । योगोऽपि ज्ञानहीनस्तु न क्षमो मोक्षकर्मणि ॥ तस्माज्ज्ञानं च योगं च मुमुक्षुर्दृढमभ्यसेत् <— (१/१३-१४) इति ज्ञान-क्रियायोगसमुच्चय उक्तः । **ईशोपनिषदि** अपि —> विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह । अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥ <— (११) इत्येवं ज्ञान-कर्मसमुच्चयः सूचितः । **मुण्डकोपनिषदि** अपि —> आत्मक्रीड आत्मरतिः क्रिया-

---

તો સમકાલીન જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થયા બાદ તુરત મોક્ષ થાય એવું અમને અભિમત નથી, પરંતુ અમારે એમ કહેવું છે કે જ્ઞાનનાશ્ય કર્મોના નાશ પ્રત્યે જ્ઞાન પ્રધાન કારણ હોય છે પણ ક્રિયા એને મદદ કરે છે. તેમ જ ક્રિયાનાશ્ય કર્મોના નાશ પ્રત્યે ક્રિયા મુખ્ય ભાગ ભજવે છે અને જ્ઞાન તેમાં મદદગાર થાય છે. આ રીતે એકબીજાના સહકારી હોવાના લીધે જ્ઞાન અને ક્રિયાના સમુચ્ચયને મોક્ષનું કારણ માનવામાં આવેલ છે. માત્ર અમે અનેકાંતવાદી નહિ, પરંતુ અન્યદર્શનકારોએ પણ આ પ્રમાણે જ જણાવેલ છે. <u>(૩/૩૪)</u>

અન્યદર્શનકારની વાતને ગ્રંથકારશ્રી ૩૫માં શ્લોક દ્વારા જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જ્યાં સુધી જ્ઞાન અને મહાપુરૂષોના આચારોને સમાન રીતે અભ્યસ્ત કરેલ નથી, ત્યાં સુધી પુરૂષને અહીં જ્ઞાન કે ક્રિયામાંથી એક પણ વસ્તુ સિદ્ધ થતી નથી. <u>(૩/૩૫)</u>

<u>**ટીકાર્થ**</u> :- જ્યાં સુધી તત્ત્વજ્ઞાન અને મહાપુરૂષના આચારનું સમાન રીતે વારંવાર પરિશીલન ન થાય ત્યાંસુધી આ લોકમાં સાધકને જ્ઞાન કે ક્રિયામાંથી એક પણ વસ્તુ સિદ્ધ થતી નથી. બન્નેની તો શી વાત કરવી ? આ શ્લોકથી સિદ્ધ થાય છે કે અન્યદર્શનકારોને પણ જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય અભિમત છે. <u>યોગવાશિષ્ઠમાં</u> જણાવેલ છે કે —> જેમ આકાશમાં બન્ને પાંખ દ્વારા પક્ષીની ગતિ થાય છે તેમ જ્ઞાન અને ક્રિયા દ્વારા પરમપદ પ્રાપ્ત થાય છે. કેવળ ક્રિયાથી કે માત્ર જ્ઞાનથી મોક્ષ થતો નથી. પરંતુ તે બન્ને દ્વારા મોક્ષ થાય છે. તે બન્ને મોક્ષના સાધન છે - એવું મહર્ષિઓ જાણે છે. <—<u>યોગશિખા</u> નામના ઉપનિષદ્‌માં પણ —> યોગહીન = ક્રિયાશૂન્ય એવું જ્ઞાન કેવી રીતે અહીં મોક્ષને આપે ? અને જ્ઞાનહીન એવી ક્રિયા પણ મોક્ષપ્રાપ્તિમાં સમર્થ નથી. તે માટે મુમુક્ષુઓએ જ્ઞાન અને ક્રિયા-બન્નેનું દૃઢતાથી વારંવાર પરિશીલન કરવું જોઈએ. <—આ પ્રમાણે જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય જણાવેલ છે. <u>ઈશોપનિષદ્</u>માં પણ —> વિદ્યા અને અવિદ્યા - આ બન્નેને જે સાથે જાણે છે તે અવિદ્યા (ક્રિયા) દ્વારા મૃત્યુને તરીને વિદ્યા દ્વારા અમૃતને

वानेष ब्रह्मविदां वरिष्ठः <— (३/४) इत्येवं ज्ञान-क्रियासाहित्यमभ्यर्हिततया श्रूयते । **कूर्मपुराणे**ऽपि -> कर्मणा प्राप्यते धर्मो ज्ञानेन च न संशयः । तस्माज्ज्ञानेन सहितं कर्मयोगं समाश्रयेत् ॥ (१/२-पृ.२८) कर्मणा सहिताज्ज्ञानात् सम्यग् योगोऽभिजायते । ज्ञानञ्च कर्मसहितं जायते दोषवर्जितम् ॥ <—(३/२३) इत्युक्तम् । **विष्णुपुराणे**ऽपि -> तस्मात्तत्प्राप्तये यत्नः कर्तव्यः पण्डितैर्नरैः । तत्प्राप्तिहेतुर्विज्ञानं कर्म चोक्तं महामते !॥ <— ( ) इत्येवं ज्ञान-क्रिययोः समुच्चित्य मोक्षहेतुताऽऽवेदिता ।

**विशेषावश्यकभाष्ये**ऽपि -> हयं णाणं किरियाहीणं हया अन्नाणओ किरिया । पासंतो पंगुलो दड्ढो धावमाणो अ अंधओ ॥११५९॥ संजोगसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाई । अंधो य पंगू य वणे समिच्चा ते संपणट्ठा नगरं पविट्ठा ॥११६५॥ <— इत्येवं मोक्षजनकतया ज्ञान-क्रियासंवेधः प्रदर्शितः । अन्यत्रापि -> ज्ञानं प्रधानं न तु कर्महीनं, कर्म प्रधानं न तु बुद्धिहीनम् । तस्माद् द्वयोरेव भवेत्प्रसिद्धिर्न ह्येकपक्षो विहगः प्रयाति ॥ <— ( ) इत्युक्तम् । स्वभूमिकानुसारेणोपसर्जनानुपस-

---

(મોક્ષને) પામે છે. <— આ પ્રમાણે જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય સૂચિત કરેલ છે. **મુણ્ડકોપનિષદ્**માં પણ -> જે આત્મામાં ક્રીડા કરે છે, આત્મામાં જ આનંદ પામે છે, અને ક્રિયાનિષ્ઠ છે તે વ્યક્તિ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે. <— આ પ્રમાણે જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય પ્રધાન છે એવું સંભળાય છે. **કૂર્મપુરાણમાં** પણ જણાવેલ છે કે -> ક્રિયા દ્વારા અને જ્ઞાન દ્વારા ધર્મ પ્રાપ્ત થાય છે તેમાં કોઈ સંશય નથી. માટે જ્ઞાનસહિત ક્રિયાયોગનું સમ્યગ્ રીતે સેવન કરવું જોઈએ. ક્રિયાસહિત એવા જ્ઞાનથી સમ્યગ્ યોગ ઉત્પન્ન થાય છે અને ક્રિયાયુક્ત જ્ઞાન નિર્દોષ થાય છે. <— **વિષ્ણુપુરાણ**માં પણ -> તેથી મોક્ષની પ્રાપ્તિ માટે પંડિત પુરૂષોએ પ્રયત્ન કરવો જોઈએ. હે મહાબુદ્ધિશાળી ! મોક્ષની પ્રાપ્તિના હેતુ તરીકે જ્ઞાન અને ક્રિયા કહેવાયેલ છે <— આ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને ભેગા થઈને મોક્ષનો હેતુ બને છે - એવું જણાવેલ છે.

વિશેષા૦ । **વિશેષાવશ્યકભાષ્યમાં** પણ જણાવેલ છે કે -> ક્રિયાશૂન્ય જ્ઞાન હણાયેલ છે, અને અજ્ઞાનના કારણે ક્રિયા હણાયેલી છે. આગના ભડકાને ચારે તરફ જોતો પાંગળો માણસ (ચાલવાની, ભાગવાની યોગ્યક્રિયા ન કરી શકવાના લીધે) બળી ગયો અને ("ક્યાં આગ લાગેલી છે ?" એના યથાવસ્થિત બોધ વગર આમથી તેમ આડેધડ) દોડતો આંધળો પણ બળી ગયો. "જ્ઞાન અને ક્રિયાનો સંયોગ નિષ્પન્ન થાય તો ફળ પ્રાપ્ત થાય." - એમ યોગીઓ કહે છે. ખરેખર, એક ચક્રથી કાંઈ રથ ચાલતો નથી. આંધળો અને પાંગળો વનમાં ભેગા થઈને (આંધળાના ખભા ઉપર બેઠેલ પાંગળા પુરૂષના માર્ગદર્શન મુજબ) સમ્યક્ રીતે ભાગીને નગરમાં પ્રવેશ્યા.<— આ રીતે મોક્ષના કારણરૂપે જ્ઞાન અને ક્રિયાનો સંવેધ બતાવેલ છે. કહેવાનો મતલબ એ છે કે પાંગળા પાસે માર્ગનું જ્ઞાન છે પણ ચાલવાની ક્રિયા નથી. આંધળા પાસે ચાલવાની ક્રિયા છે પણ માર્ગનું જ્ઞાન નથી. આથી બન્ને જો એકબીજાને સહકાર ન આપે તો જંગલમાં લાગેલ દાવાનળથી બચવું તેમના માટે શક્ય નથી. તેમ એકલી ક્રિયા કે શુષ્ક જ્ઞાનથી મોહરાજાની ભૂલભૂલામણીમાંથી છૂટીને સર્વકર્મમુક્ત થવું શક્ય નથી. બન્ને ભેગા થાય તો બન્ને પ્રધાન રીતે મોક્ષહેતુ છે. અન્યત્ર પણ જણાવેલ છે કે -> મોક્ષ પ્રત્યે જ્ઞાન પ્રધાન કારણ છે, પરંતુ ક્રિયાશૂન્ય જ્ઞાન નહિ. (અર્થાત્ ક્રિયાયુક્ત જ્ઞાન પ્રધાન કારણ છે.) અને ક્રિયા મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ છે, પરંતુ જ્ઞાનહીન ક્રિયા નહિ. (અર્થાત્ જ્ઞાનયુક્ત ક્રિયા એ મોક્ષનું પ્રધાન કારણ છે.) માટે જ્ઞાન અને ક્રિયા બન્નેથી જ પ્રકૃષ્ટસિદ્ધિ = મોક્ષ થાય છે. ખરેખર, એક પાંખથી કાંઈ પંખી આકાશમાં ઉડતું નથી. <— પોતાની ભૂમિકાને અનુસારે જ્ઞાન-ક્રિયામાં ગૌણપ્રધાન ભાવ તો સ્વીકારાય જ છે. **અધ્યાત્મસાર**

र्जनभावस्त्वङ्गीक्रियत एव । तदुक्तं **अध्यात्मसारे** —> ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता। गुणप्रधानभावेन दशाभेदः किलैनयोः ॥ ज्ञानिनां कर्मयोगेन चित्तशुद्धिमुपेयुषाम् । निरवद्यप्रवृत्तीनां ज्ञानयोगौचिती ततः ॥ <— (१५/२४-२५) इत्यादि। **तत्त्वज्ञानतरङ्गिण्यामपि** —> व्यवहारं समालम्ब्य ये स्वीकुर्वन्ति निश्चयम् । शुद्धचिद्रूपसम्प्राप्तिस्तेषामेवेतरस्य न ॥ <— (७/८) इत्युक्तम् ॥३/३५॥

ज्ञान-क्रिययोः मिथः सहकारित्वं विशदयति —> '**यथे**'ति ।

**यथा छाद्मस्थिके ज्ञानकर्मणी सहकृ(ग)त्वरे ।**
**क्षायिके अपि विज्ञेये तथैव मतिशालिभिः ॥३६॥**

**यथा** = येनाऽऽगमप्रसिद्धेनान्ध-पङ्गुप्रकारेण **छाद्मस्थिके** = क्षायोपशमिके **ज्ञान-कर्मणी** = तत्त्वज्ञान-सत्क्रिये **सहकृत्वरे** = परस्परसहकारिणी **तथैव** = तेनैवान्धपङ्गुप्रकारेण **क्षायिके अपि** केवलज्ञान-यथाख्यातचारित्रे मिथःसहकारिणी **विज्ञेये मतिशालिभिः** = जिनागमपरिकर्मितप्रज्ञालङ्कृतैः । यथा क्षायोपशमिकं ज्ञानं क्षायोपशमिकचारित्रेणाऽन्यथासिद्धं न भवति; न वा क्षायोपशमिकचारित्रं क्षायोपशमिकज्ञानेनाऽन्यथासिद्धं भवति, कर्मनिर्जरार्थं अवश्यक्लृप्तत्वात् । तथैव केवलज्ञानं न यथाख्यातचारित्रेणान्यथासिद्धं भवति न वा यथाख्यातचारित्रं केवलज्ञानेन, कर्मनिजरार्थं अवश्यक्लृप्तत्वात् । न हि मोक्षाव्यवहितपूर्वसमये केवलं

---

ગ્રંથમાં જણાવેલ છે કે —> ક્રિયાશૂન્ય જ્ઞાન કે જ્ઞાનશૂન્ય ક્રિયા મોક્ષનું કારણ નથી. ખરેખર, ગૌણ-પ્રધાન ભાવથી જ્ઞાન અને ક્રિયાની વિશિષ્ટ અવસ્થા હોય છે. તેથી કર્મયોગ દ્વારા જ્ઞાની પુરૂષો ચિત્તશુદ્ધિને પામે છે. નિરવદ્યપ્રવૃત્તિવાળા યોગીને જ્ઞાનયોગ ઉચિત બને છે. <— <u>તત્ત્વજ્ઞાનતરંગિણી</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> વ્યવહારનું સમ્યક્ રીતે આલંબન લઈને જેઓ નિશ્ચય નયને સ્વીકારે છે તેઓને જ શુદ્ધ ચિત્સ્વરૂપની સંપ્રાપ્તિ થાય છે. બીજા કોઈને નહિ. <— <u>(૩/૩૫)</u>

જ્ઞાન અને ક્રિયા પરસ્પર સહકારી છે. આ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જેમ છદ્મસ્થકાલીન જ્ઞાન અને ક્રિયા પરસ્પર સહકારી છે તે જ રીતે ક્ષાયિક જ્ઞાન અને ક્રિયા પણ પરસ્પર સહકારી છે તેવું બુદ્ધિશાળીએ જાણવું. <u>(૩/૩૬)</u>

## ❀ ક્ષાયિક જ્ઞાન-ક્રિયા પરસ્પર સહકારી ❀

<u>**ટીકાર્થ**</u> :- આગમમાં જે આંધળા અને પાંગળાનું દષ્ટાંત દર્શાવેલું છે તે મુજબ ક્ષાયોપશમિક એવા જ્ઞાન અને ક્ષાયોપશમિક સત્ક્રિયા પરસ્પર સહકારી છે, બરાબર તે જ પ્રકારે અન્ધ અને પંગુના દષ્ટાંત મુજબ કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર પરસ્પર સહકારી છે. - આ પ્રમાણે જિનાગમથી પરિકર્મિત એવી પ્રજ્ઞાથી અલંકૃત વ્યક્તિએ જાણવું. જેમ ક્ષાયોપશમિક ચારિત્રથી ક્ષાયોપશમિક જ્ઞાન અન્યથાસિદ્ધ = ચરિતાર્થ = ઉપક્ષીણ = નિષ્પ્રયોજન = નિષ્ફળ = અકિંચિત્કર બનતું નથી. અથવા તો ક્ષાયોપશમિક જ્ઞાન વડે ક્ષાયોપશમિક ચારિત્ર અન્યથાસિદ્ધ = નિરર્થક બનતું નથી, કારણ કે કર્મનિર્જરા માટે જ્ઞાન આવશ્યક છે તેમ ક્રિયા પણ આવશ્યક = પ્રમાણસિદ્ધ કારણ છે; બરાબર આ જ રીતે યથાખ્યાત ચારિત્રથી કેવળજ્ઞાન અન્યથાસિદ્ધ બનતું નથી કે કેવળજ્ઞાન દ્વારા યથાખ્યાત ચારિત્ર અન્યથાસિદ્ધ બનતું નથી, કારણ કે કર્મનિર્જરા માટે કેવળજ્ઞાનની જેમ યથાખ્યાતચારિત્ર પણ આવશ્યક છે. મોક્ષના અવ્યવહિત સમય પૂર્વે માત્ર કેવળજ્ઞાન જ કે માત્ર યથાખ્યાત ચારિત્ર જ વિદ્યમાન નથી. પરંતુ બન્ને વિદ્યમાન છે. માટે જ્ઞાન અને ક્રિયા પરસ્પર સહકાર દ્વારા મોક્ષ પ્રત્યે હેતુ છે, એવું નિર્વિવાદ સિદ્ધ થાય છે. <u>(૩/૩૬)</u>

केवलज्ञानमेव यथाख्यातचारित्रमेव वा विद्यते किन्तूभयमित्युभयोरेव परस्परसहकारेणापवर्गहेतुताऽनाविलैव ॥३/३६॥

यः कश्चित्केवलज्ञानेन चारित्रस्यान्यथासिद्धत्वं मन्यते तन्मतव्यपोहायाह —> '**सम्प्राप्ते**'ति ।

**सम्प्राप्तकेवलज्ञाना अपि यज्जिनपुङ्गवाः ।**
**क्रियां योगनिरोधाख्यां कृत्वा सिद्ध्यन्ति नान्यथा ॥३७॥**

**यत्** = यस्मात् कारणात् **सम्प्राप्तकेवलाः** = उत्पन्नकेवलज्ञाना अपि **जिनपुङ्गवाः** = जिनेश्वराः **योग-निरोधाख्यां क्रियां कृत्वा** एव **सिध्यन्ति** = सर्वकर्ममुक्ता भवन्ति, **नान्यथा** = योगनिरोधकरणं विना नैवापवर्गमुपलभन्ते । किञ्च प्रतिबन्धकनिवृत्त्याऽन्यथासिद्धत्वेन क्रियाया अहेतुत्वोक्तौ तु केवलज्ञानस्य सुतरामहेतुत्वं स्यात् । न ह्युत्पन्नकेवलज्ञाना अपि भवोपग्राहिकर्मचतुष्टयं मुक्तिप्रतिबन्धकमनाशयित्वा सद्य एव मुक्तिमासादयन्ति । अतो मुक्तिप्रतिबन्धककर्मनिवर्तकत्वेन तत्त्वज्ञानस्य कुतो नान्यथासिद्धिः ? **न च** 'जं अन्नाणी कम्मं खवेइ' ( ) इति वचनात् सम्यक्क्रियाशरीरनिर्वाहकत्वनयेन ज्ञानमेवोत्कृष्यत इति **शङ्कनीयम्**, कारकसम्यक्त्वशरीरनिर्वाहकत्वनयेन चारित्रेऽप्युत्कर्षस्य सुवचत्वात् । **न च** परमभावग्राहकनयेन ज्ञाने एव मुख्यत्वमिति **वाच्यम्**, परमपुमर्थग्राहकनयेन क्रियायामेव तद्विनिगमनायाः सुवचत्वात् । किञ्च यदर्थं यदीष्यते तन्मुख्यमिति चारित्रकृते ज्ञानस्येष्यमाणत्वाच्चारित्रस्यैव मुख्यत्वं स्यात् । तस्मात् विनिगमनाविरहेण

"કેવળજ્ઞાન દ્વારા ચારિત્ર અન્યથાસિદ્ધ થાય છે." - આવું કોઈક માને છે. તેના મતનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે.

<u>શ્લોકાર્થ</u> :- કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર જિનેશ્વર ભગવંતો પણ યોગનિરોધ નામની ક્રિયા કરીને જ સિદ્ધ થાય છે, અન્યથા નહિ. <u>(3/37)</u>

## ❀ કેવલજ્ઞાનીને પણ ક્રિયા જરૂરી ❀

<u>ટીકાર્થ</u> :- કેવલજ્ઞાન દ્વારા ક્રિયા અન્યથાસિદ્ધ બનતી નથી, કારણ કે કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ જિનેશ્વર ભગવંતો યોગનિરોધ નામની ક્રિયા કરીને જ સર્વ કર્મથી મુક્ત થાય છે. યોગનિરોધ કર્યા વિના મોક્ષ મળી ન જ શકે. વળી, બીજી વાત એ છે કે પ્રતિબંધકને દૂર કરવું તે જ ક્રિયાનું પ્રયોજન છે. તેથી પ્રતિબંધકનિવૃત્તિ દ્વારા ક્રિયાને અન્યથાસિદ્ધ બનાવીને મોક્ષ પ્રત્યે ક્રિયાને અહેતુ માનવામાં આવે તો કેવળજ્ઞાન સુતરાં મોક્ષ પ્રત્યે અહેતુ બનવાની આપત્તિ આવશે. કેમ કે કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ગયા પછી પણ મોક્ષપ્રતિબંધક એવા ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મનો નાશ કર્યા વિના જિનેશ્વર ભગવંતો પણ મોક્ષ પામતા નથી. તેથી મુક્તિપ્રતિબંધક કર્મને દૂર કરવાના કારણે તત્ત્વજ્ઞાન શા માટે મોક્ષ પ્રત્યે અન્યથાસિદ્ધ ન બને ? અહીં એવી શંકા થઈ શકે છે કે —> 'અજ્ઞાની કરોડો વર્ષો સુધી ક્રિયા કરીને જેટલા કર્મ ખપાવે છે તેટલા કર્મ જ્ઞાની શ્વાસોશ્વાસમાં ખપાવે છે.'- આવું આગમમાં જણાવેલ હોવાથી સમ્યક્ એવી ક્રિયાના સ્વરૂપનું નિર્વાહક હોવાના કારણે ક્રિયા કરતાં જ્ઞાન જ ચઢિયાતું છે. <— પરંતુ આ શંકા વ્યાજબી નથી, કેમ કે રોચક સમ્યક્ત્વ અને દીપક સમ્યક્ત્વ કરતાં બળવાન એવા કારકસમ્યક્ત્વના સ્વરૂપના નિર્વાહકનયના અભિપ્રાયથી જ્ઞાનની અપેક્ષાએ ચારિત્રમાં ઉત્કર્ષ = શ્રેષ્ઠતા જણાવી શકાય છે. પરમભાવગ્રાહક નયથી જ્ઞાનમાં જ મોક્ષની મુખ્ય કારણતા જો તમે કહો તો પરમપુરૂષાર્થગ્રાહક નયથી ક્રિયામાં જ મોક્ષની મુખ્ય કારણતાનો નિર્ણય સારી રીતે જણાવી શકાય તેમ છે.

पङ्ग्वन्धयोरिव ज्ञान-क्रिययोरन्यतरस्याऽकिञ्चित्करत्वेन संयोगपक्ष एव श्रेयान् ॥३/३७॥

प्रकृतफलितमाह –> '**तेने**'ति ।

**तेन ये क्रियया मुक्ता, ज्ञानमात्राभिमानिनः ।**
**ते भ्रष्टा ज्ञानकर्मभ्यां, नास्तिका नात्र संशयः ॥३८॥**

**तेन** = ज्ञान-क्रिययोः मोक्षं प्रति मिथः सहकारितया हेतुत्वेन, **ये ज्ञानमात्राभिमानिनः** = ज्ञानलव-दुर्विदग्धाः **क्रियया** = स्वभूमिकोचिताऽऽवश्यकसत्क्रियया **मुक्ताः** = रहिताः **ते** फलोपधायककारणग्राहक-नयमतेनोपादेय-हेयप्रवृत्ति-निवृत्तिफलकतत्त्वज्ञानशून्यतया **ज्ञान-कर्मभ्यां** = नैश्चयिकज्ञानोचिताचरणाभ्यां **भ्रष्टाः** मोक्षपराङ्मुखचेतोवृत्तितया **नास्तिका** एव, **न अत्र** = तन्नास्तिकत्वे **संशयः** । मनसोऽतिचञ्चलतयाऽनादिकालीनकुसंस्कारवशेन च सदाचार-विचारविमुखत्वेऽसदाचार-विचारपरायणत्वमेव स्यात् । ततश्च भौतिक-सुखलम्पटत्वे सदाचारविमुखतया श्रद्धा-ज्ञान-चारित्रभ्रष्टानां 'आत्मन्येव तात्त्विकं सुखमस्ती'ति धीरूपस्याऽऽस्तिक्यस्य विलयात् नास्तिकत्वं स्फुटमेव सदाचारविनिर्मुक्तानां ज्ञानलवमत्तानाम् । आलस्या-

---

વળી, જેના (A) માટે જે (B) કાંઈ ઈચ્છાય તે (A) મુખ્ય હોય. ધન માટે માણસ નોકરી ઈચ્છે છે. તેથી તેને મન નોકરી મુખ્ય નથી, પણ ધન મુખ્ય છે. સુખ માટે પૈસા ઈચ્છનાર વ્યક્તિને માટે પૈસા નહિ પણ સુખ મુખ્ય છે, તેમ ચારિત્ર માટે જ્ઞાન અભિપ્રેત હોવાથી જ્ઞાન કરતાં ચારિત્ર જ મુખ્ય બની શકે છે. માટે એકલું જ્ઞાન પાંગળુ છે અને એકલી ક્રિયા આંધળી છે. બેમાંથી કોઈ એક જ હોય તો કંઈ પણ કાર્ય થઈ શકે નહિ. માટે વિનિગમનાવિરહથી જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમ્યગ્ યોગ સ્વીકારવામાં આવે એ જ કલ્યાણકારી છે. <u>(૩/૩૭)</u>

પ્રસ્તુત વાતના ફલિતાર્થને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- તેથી જેઓ ક્રિયાથી રહિત થઈને માત્ર જ્ઞાનના જ અભિમાનથી ગ્રસ્ત છે તેઓ જ્ઞાન અને ક્રિયાથી ભ્રષ્ટ થયેલા નાસ્તિક જ છે - એમાં જરા પણ સંદેહ નથી. <u>(૩/૩૮)</u>

## ક્રિયાને અવગણતો જ્ઞાની પણ નાસ્તિક છે.

<u>**ટીકાર્થ**</u> :- જ્ઞાન અને ક્રિયા પરસ્પર સહકાર આપવા દ્વારા મોક્ષ પ્રત્યે હેતુ હોવાના કારણે પોતાની ભૂમિકાને ઉચિત એવી આવશ્યક સત્ક્રિયાથી રહિત એવા આંશિક જ્ઞાનથી મત્ત થયેલા જીવો નૈશ્ચયિક જ્ઞાન અને આચરણથી ભ્રષ્ટ થયેલા છે. જે કારણ પોતાનું ફળ આપે તેને જ કારણરૂપે સ્વીકારનાર નયના મતે જે વ્યક્તિ ઉપાદેયમાં પ્રવૃત્તિ કરતી નથી કે હેયની નિવૃત્તિ કરતી નથી તેની પાસે પોપટીયું જ્ઞાન હોવા છતાં નૈશ્ચયિક જ્ઞાન નથી; કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ છે. આમ આંશિક જ્ઞાનના અભિમાની ક્રિયાભ્રષ્ટ પુરૂષો ખરેખર, જ્ઞાનથી પણ ભ્રષ્ટ થયેલા છે અને તેમના મનની વૃત્તિ પણ મોક્ષથી પરાઙ્મુખ હોવાના કારણે ખરેખર, તેઓ નાસ્તિક છે, એમાં કોઈ સંશય ન કરવો. માનવનું મન અતિ ચંચળ હોવાના કારણે અને અનાદિકાલીન કુસંસ્કારને વશ જો સદાચાર અને સદ્વિચારથી મન વિમુખ થાય તો તે દુરાચાર અને કુવિચારમાં જ ડૂબી જાય. પછી ભૌતિક સુખમાં લંપટતા આવે, સદાચારથી વિમુખતા આવે. તેના લીધે તે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી ભ્રષ્ટ થાય. તેથી 'આત્મામાં જ તાત્ત્વિક, સાત્ત્વિક, આધ્યાત્મિક, પારમાર્થિક સુખ રહેલું છે.' - આવી બુદ્ધિસ્વરૂપ આસ્તિક્ય પણ દુરાચાર અને કુવિચારના કારણે નાશ પામે છે. તેથી સદાચારભ્રષ્ટ અને આંશિકજ્ઞાનોન્મત્ત

दिदोषवृन्दोपहततया निश्चयनयाभासाः चारित्रादपि भ्रश्यन्त्येव । तदुक्तं **ओघनिर्युक्तौ श्रीभद्रबाहुस्वामिभिः** —> निच्छयमालंबंता निच्छयदो निच्छयं अयाणंता । नासंति चरणकरणं बाहिरचरणालसा केई ॥७६१॥ <— इति । यदपि **तत्त्वज्ञानतरङ्गिण्यां** —> व्यवहारं विना केचिन्नष्टाः केवलनिश्चयात्। निश्चयेन विना केचित्केवलव्यवहारतः ॥ <— (७/१९) इत्युक्तं तदत्रानुसन्धेयम् ॥३/३८॥

तथा —> **'ज्ञानोत्पत्तिमि'**ति ।

**ज्ञानोत्पत्तिं समुद्भाव्य, कामादीनन्यदृष्टितः ।**
**अपह्नुवानैर्लोकेभ्यो, नास्तिकैर्वञ्चितं जगत् ॥३९॥**

स्वस्मिन् शास्त्रश्रवण-वादादिना **ज्ञानोत्पत्तिं** = तत्त्वज्ञानोत्पादं **समुद्भाव्य** = अनुमाप्य **अन्यदृष्टितः** = —> मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् । तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ॥ भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् । भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ॥ <— (योगदृष्टिसमुच्चय १६५/१६६) इत्येवं कान्तादियोगदृष्टिमवलम्ब्य यद्वा 'देहादिपुद्गला मिष्टान्नादिपुद्गलान् भुञ्जन्ति, अहं तु तत्र निर्लेपः'

ખરેખર નાસ્તિક જ એ વાત સ્પષ્ટ છે. વ્યવહાર નયથી દેવ, ગુરૂ અને ધર્મની શ્રદ્ધા એ આસ્તિક્ય છે. જ્યારે નિશ્ચય નયથી 'आत्मनि एव सुखं अस्ति' - આવી અનુભૂતિ એ આસ્તિક્યનું પ્રતિક છે. દુરાચાર અને કુવિચારના વમળમાં ગળાડૂબ થયેલ પોથી પંડિતને 'આત્મામાં સુખ છે' એવું ભાન ભૂલાઈ જાય છે અને 'બહારમાં સુખ છે' તેવી ભ્રાન્તિ ઉભી થાય છે. આથી તે નાસ્તિક જ કહેવાય. આળસ, ખાવાની લાલસા, ઊંઘ, રસ - ઋદ્ધિ-શાતાગારવ, કીર્તિની કામના વગેરે ઢગલાબંધ દોષોથી હણાયેલ હોવા છતાં પોતાની જાતને જ્ઞાની માનનાર આભાસિક નિશ્ચયનયવાળા વેષધારીઓ ચારિત્રથી પણ ભ્રષ્ટ જ થાય છે. **ઓઘનિર્યુક્તિમાં ભદ્રબાહુસ્વામીએ** જણાવેલ છે કે —> પરમાર્થથી નિશ્ચય નયને નહિ જાણતા છતાં પણ નિશ્ચય નયનું આલંબન કરતા એવા કેટલાક બાહ્ય ચારિત્રાચારમાં આળસુ જીવો ચારિત્રના મૂળ-ઉત્તર ગુણોનો (ચરણસત્તરી- કરણસત્તરીનો) વિધ્વંસ કરે છે. <— **તત્વજ્ઞાનતરંગિણી** ગ્રંથમાં —> કેટલાક જીવો વ્યવહાર વિના કેવળ નિશ્ચયનયનો આશ્રય કરીને વિનષ્ટ થાય છે તો કેટલાક નિશ્ચય વિના કેવળ વ્યવહારથી નષ્ટ થાય છે = ભવભ્રમણ કરે છે. <— આ પ્રમાણે જે કહેલું છે તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. (3/38)

## ❋ દંભી શુષ્ક જ્ઞાનીઓ જગતને ઠગે છે ❋

**શ્લોકાર્થ** :- જ્ઞાનોત્પત્તિ પ્રકાશિત કરીને અન્યદષ્ટિથી કામ, ક્રોધ વગેરેને લોકોથી છૂપાવતા નાસ્તિકો વડે જગત ઠગાયું છે. (3/39)

**ટીકાર્થ** :- જેઓ શાસ્ત્રશ્રવણ, ધર્મવાદ વગેરે દ્વારા પોતાનામાં તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું છે, પોતે તત્ત્વજ્ઞાની છે- એવું લોકો પાસે પ્રગટ કરે છે. અર્થાત્ લોકોને એવો વિશ્વાસ-નિશ્ચય (અનુમાન) કરાવે છે, તથા ઉચ્છૃંખલ રીતે પોતે ભોગ-સુખને માણે, તથા લોકોની પાસે શાસ્ત્રના ઓઠાં નીચે પોતાનો એવો વિલક્ષણ દષ્ટિકોણ રજુ કરે કે —> જેમ વાસ્તવમાં મૃગજળ તરીકેની સમજવાળો મૃગજળમાંથી ઉદ્વેગ પામ્યા વિના અને વગર વ્યાઘાતે પસાર થાય જ છે તેમ ભોગો સ્વરૂપથી મૃગજળ જેવા છે એવું જાણતો માણસ ભોગોને ભોગવવા છતાં પણ કોઈ પણ જાતની આસક્તિ વિના ભોગોમાંથી પસાર થઈ પરમપદને પ્રાપ્ત કરે છે. <— આવી યોગની છઠ્ઠી કાન્તા નામની દૃષ્ટિનું અવલંબન કરીને અથવા તો 'શરીર પણ પુદ્ગલ છે અને હું જે મિષ્ટાન્ન વગેરે ખાઉં છું તે પણ પુદ્ગલ છે. ખરેખર, પુદ્ગલ પુદ્ગલને ભોગવે છે. હું તો એમાં નિર્લેપ છું.'- આવી રીતે ખોટો આડંબર

इत्येवं विलक्षणदृशमवलम्ब्य **लोकेभ्यः** शास्त्रमर्माज्ञेभ्यः उच्छृङ्खलान् निजभोगोपभोगविषयान् **कामादीन्** निजकर्मबन्धकारणतया **अपह्नुवानैः नास्तिकैः** = शास्त्रोद्घोषणपरायणत्वेऽपि निबिडकर्मबन्धकारणाऽऽसेवन-निमग्नतया प्रच्छन्ननास्तिकैः सकलं **जगत्** = अज्ञानिलोकवृन्दं **वञ्चितं** = मुषितं = नैश्चयिकज्ञानक्रियालक्षण-धर्मधनरहितं कृतम् । प्रकटनास्तिकाऽपेक्षया प्रच्छन्ननास्तिकानामधिकाऽहितकारित्वमित्यवधेयम् ॥३/३९॥

ननु क्रियामुक्तस्य ज्ञानिनो नास्तिकत्वं कथमुच्यते ? तत्र परिपकज्ञानं किं नाभ्युपेयते ? इत्याशङ्कायामाह → **'ज्ञानस्ये'**ति ।

**ज्ञानस्य परिपाकाद्धि, क्रियाऽसङ्गत्वमङ्गति ।**
**न तु प्रयाति पार्थक्यं, चन्दनादिव सौरभम् ॥४०॥**

**हिः** = यस्मात् कारणात् **ज्ञानस्य** = शास्त्रावलम्बनस्याऽऽत्मबोधस्य **परिपाकात्** = प्रकर्षात् **क्रिया** = आत्मविचारानुकूला विहितप्रवृत्तिः वक्ष्यमाण- प्रीति-भक्ति-वचनानुष्ठानभूमिकामतिक्रम्य **असङ्गत्वं** =

---

કરીને 'પોતે જે ભોગ-સુખની મજાને માણે છે તે પોતાના કર્મબંધનું કારણ છે' - એ હકીકતને લોકોની નજરમાંથી છૂપાવે છે, કેમ કે મુગ્ધ લોકો શાસ્ત્રના મર્મોથી અજાણ હોય છે. હાથ ઊંચા કરીને જગતના ચોગાનમાં શાસ્ત્રની ઘોષણા કરવામાં હોંશિયાર હોવા છતાં પણ ગાઢ કર્મબંધનું કારણ બને એ રીતે ભોગ-સુખને ભોગવવામાં ગળાડૂબ થયા હોવાના કારણે વાસ્તવમાં તે પ્રચ્છન્ન નાસ્તિક જ છે, ભલે ને બહારથી તેણે આસ્તિકતાનો ભગવો ધારણ કર્યો હોય. તેવા પ્રચ્છન્ન નાસ્તિકોએ અજ્ઞાની લોકના વૃંદથી ભરેલા જગતને ઠગેલું છે, લૂંટેલું છે અર્થાત્ નૈશ્ચયિક ધ્યાન અને સત્ક્રિયાસ્વરૂપ ધનથી રહિત કરેલું છે. ખરેખર, પ્રગટ નાસ્તિકની અપેક્ષાએ પ્રચ્છન્ન નાસ્તિક વધારે નુકશાન કરે છે. પ્રગટ નાસ્તિકને તો લોકો નાસ્તિકરૂપે સમજે છે. તેથી તેના વચનમાં આસ્તિક લોકો વિશ્વાસ કરવાના નથી. પરંતુ પ્રચ્છન્ન નાસ્તિકને તો લોકો આસ્તિકરૂપે સમજતા હોવાના કારણે તે જે કોઈ શાસ્ત્રીય દષ્ટિકોણ બતાવે તેનો તે લોકો સ્વીકાર પણ કરશે અને તે મુજબ પ્રવૃત્તિ પણ કરશે. અને એ રીતે વિપરીત શ્રદ્ધા અને શિથિલ આચરણ કરતા મુગ્ધ લોકો ધર્મથી ભ્રષ્ટ થઈ દુર્ગતિમાં ભટકે છે. આથી પ્રચ્છન્ન નાસ્તિક વધુ નુકશાન કરનાર સમજાય છે. <u>(૩/૩૯)</u>

ક્રિયાશૂન્ય જ્ઞાનીને આપ નાસ્તિક શા માટે કહો છો ? તેમાં પરિપક્વ જ્ઞાન શા માટે સ્વીકારતા નથી? આવો પ્રશ્નો ઉપસ્થિત થતાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે

**<u>શ્લોકાર્થ</u>** :- ખરેખર, જ્ઞાનના પરિપાકથી ક્રિયા અસંગ ભાવને પામે છે. ચંદનથી જેમ સુગંધ છુટી પડતી નથી તેમ જ્ઞાનથી ક્રિયા છુટી પડતી નથી. <u>(૩/૪૦)</u>

## ❀ જ્ઞાની પાસે નિયમા ક્રિયા હોય ❀

**<u>ટીકાર્થ</u>** :- આચારભ્રષ્ટ પોથીપંડિત પાસે પરિપક્વ જ્ઞાન સ્વીકારવામાં આવતું નથી. કેમ કે શાસ્ત્રના આધારે પ્રૌઢ થનાર આત્મજ્ઞાનના પરિપાકથી તો આત્મવિચારને અનુકૂલ એવી શાસ્ત્રવિહિત ક્રિયા અસંગપણાને પામે છે. આગળના શ્લોકમાં કહેવાશે તે પ્રીતિ, ભક્તિ, વચન અનુષ્ઠાનની ભૂમિકાને ઓળંગી તત્ત્વજ્ઞાનીની પ્રવૃત્તિ અસંગ અનુષ્ઠાન સ્વરૂપ બને છે. અર્થાત્ તે જ્ઞાનથી અલગ પડતી નથી. આ વાતનું દષ્ટાંત એ છે કે જેમ ચંદનથી સુગંધ અલગ પડતી નથી, અર્થાત્ સાચું ઊંચી જાતનું ચંદન ક્યારેય સુગંધરહિત હોતું નથી, તેમ તેઓનું તત્ત્વજ્ઞાન ક્યારેય સ્વોચિત પ્રવૃત્તિથી રહિત હોતું નથી. શાસ્ત્રોક્ત ક્રિયાથી ભ્રષ્ટ થઈને સ્વચ્છંદ રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો વિભાવદશા પકડાઈ જવાના કારણે કુવિકલ્પમાં મન ડૂબી જ જાય. તેથી જ્ઞાનના

स्वाभाविकत्वं = अपृथग्भावं **अञ्चति** = प्राप्नोति । **न तु पार्थक्यं** = पृथग्भावं **प्रयाति** = आप्नोति । निदर्शनद्वारा स्पष्टयति —> **चन्दनादिव सौरभम्** । विहितक्रियाया भ्रंशे यथेच्छं प्रवृत्तौ च विभावदशालम्बनतया दुर्विकल्पपरायणतैव स्यात् । तथा च —> विकल्पविषयोत्तीर्णः स्वभावालम्बनः सदा । ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥ <— (६/१) इत्येवं **ज्ञानसार**प्रकरणोक्तः ज्ञानपरिपाकलक्षणः शमोऽपि दुर्घटः स्यात् ॥३/४०॥

परदर्शनसम्मतिमाह —> 'प्रीती'ति ।

**प्रीतिभक्तिवचोऽसङ्गैरनुष्ठानं चतुर्विधम् ।**
**यत्परैर्योगिभिर्गीतं तदित्थं युज्यतेऽखिलम् ॥४१॥**

**परैः** = पातञ्जलयोगदर्शनानुसारिभिः **योगिभिः** = मोक्षयोजकसद्धर्मव्यापारवद्भिः **प्रीति-भक्ति-वचोऽसङ्गैः** नामभिः **चतुर्विधं** = चतुःप्रकारं **अनुष्ठानं** = मोक्षयोजक-सदनुष्ठानं इति **यद् गीतं** = कथितं **तद् अखिलं** = सर्वं **इत्थं** = 'सज्ज्ञानस्य पुष्ट-पुष्टतर-पुष्टतमावस्थायां क्रियाया विशुद्ध-विशुद्धतर-विशुद्धतमप्रकारेण सत्त्वमि'ति प्रकारेण **युज्यते** = सङ्गच्छते ।

प्रीत्याद्यनुष्ठानन्त्वित्थमवगन्तव्यम् । यत्रानुष्ठाने प्रयत्नातिशयोऽस्ति परमा च प्रीतिरुत्पद्यते शेषत्यागेन च

---

પરિપાક સ્વરૂપ પ્રશમ ભાવ પણ તે વ્યક્તિમાં દુર્લભ બની જાય. <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> વિકલ્પના વિષયોને ઓળંગી જનાર અને સદા માટે સ્વભાવનું આલંબન લેનાર એવો જે પ્રશમ ભાવ છે તે તત્ત્વજ્ઞાનનો પરિપાક કહેવાય છે. <— અહીં સ્પષ્ટ રીતે પ્રશમભાવને જ્ઞાનનો પરિપાક જણાવ્યો છે. પોતાની ભૂમિકાને ઉચિત એવા શાસ્ત્રોક્ત આચારથી ભ્રષ્ટ થયેલ પોથી પંડિત પાસે આવો પ્રશમભાવ ન હોવાથી પરિપક્વ જ્ઞાન સ્વીકારવામાં આવેલ નથી. <u>(૩/૪૦)</u>

પ્રસ્તુતમાં પરદર્શનની સંમતિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ-આ પ્રમાણે ચાર પ્રકારના જે અનુષ્ઠાનો અન્ય યોગીઓ વડે કહેવાયેલ છે તે બધા જ આ રીતે યુક્તિસંગત થાય છે. <u>(૩/૪૧)</u>

## ❀ અનુષ્ઠાનના ચાર ભેદ ❀

**<u>ટીકાર્થ</u>** :- મોક્ષની સાથે જોડી આપે તેવી સદ્ધર્મપ્રવૃત્તિ યોગ કહેવાય છે. આવા યોગવાળા = યોગીઓ, કે જે <u>પાતંજલ યોગદર્શન</u>ના અનુયાયી છે, તેઓએ પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાન - આ રીતે ચાર પ્રકારના મોક્ષયોજક સદનુષ્ઠાન જણાવેલ છે. આ બધું ત્યારે જ યુક્તિસંગત થાય કે જો એવું સ્વીકારવામાં આવે કે "પુષ્ટ એવું સાચું જ્ઞાન વિશુદ્ધ ક્રિયાને લાવે છે. પુષ્ટતર એવું સત્જ્ઞાન વિશુદ્ધતર ક્રિયાને લાવે છે અને સમ્યક્ જ્ઞાન જ્યારે પુષ્ટતમ બને ત્યારે વિશુદ્ધતમ અવસ્થાવાળી ક્રિયા હોય છે." પ્રીતિ વગેરે અનુષ્ઠાનો ઉત્તરોત્તર બળવાન છે. જેમ જેમ જ્ઞાન બળવાન થતું જાય તેમ તેમ ઉત્તરોત્તર ચઢિયાતા સદનુષ્ઠાનો પ્રાપ્ત થતા જાય છે. જો તત્ત્વજ્ઞાની યથેચ્છ પ્રવૃત્તિ કરવા માંડે તો તે અસંગ અનુષ્ઠાનને કેવી રીતે પામે ? અસંગ અનુષ્ઠાનને ન પામે અથવા તેને અભિમુખ પણ ન બને તો તેને સાચો તત્ત્વજ્ઞાની કઈ રીતે માની શકાય ?

प्रीत्या० । પ્રીતિ વગેરે ચાર અનુષ્ઠાન આ પ્રમાણે જાણવા. (૧) જે અનુષ્ઠાનમાં અતિશયિત પ્રયત્ન હોય

यत्क्रियते तत्प्रीत्यनुष्ठानम् । एतत्तुल्यमप्यालम्बनीयस्य पूज्यत्वविशेषबुद्ध्या विशुद्धतरव्यापारं भक्त्यनुष्ठानम् । शास्त्रार्थप्रतिसन्धानपूर्वा साधोः सर्वत्रोचितप्रवृत्तिर्वचनानुष्ठानम् । व्यवहारकाले वचनप्रतिसन्धाननिरपेक्षं दृढतर-संस्काराच्चन्दनगन्धन्यायेनाऽऽत्मसाद्भूतं जिनकल्पिकादीनां क्रियासेवनमसङ्गानुष्ठानमिति व्यक्तं **योगविंशिकावृत्तौ** (गा.१८-पृ.१०) । यथा चैतत्तत्त्वं तथा विस्तरतो व्यावर्णितमस्माभिः **कल्याणकन्दल्याम्** (षोडशकप्रकरण-१०/३-८ टीका-पृष्ठ- ) ।।३/४१।।

ज्ञान-क्रियासमुच्चयमेवाऽऽवेदयति --> 'ज्ञान' इति ।

**ज्ञाने चैव क्रियायां च युगपद्विहितादरः ।**
**द्रव्यभावविशुद्धः सन् प्रयात्येव परं पदम् ।।४२।।**

**ज्ञाने** = श्रुत-चिन्ता-भावनाभिधाने विज्ञानत्रितये आत्मपरिणतिमत्तत्त्वसंवेदनाख्ये ज्ञानद्वितये वा प्रीति-भक्ति-वचोऽसङ्गाभिधानायां इच्छा-प्रवृत्ति-स्थैर्य-सिद्ध्याख्यायां वा **क्रियायां च युगपत्** = समकालं **विहितादरः** = प्रकटितयत्नः **द्रव्य-भाव-विशुद्धः सन्** = सत्क्रियाप्रवृत्त्या क्रियामलविगमेन द्रव्यशुद्धिं सज्ज्ञा-नयत्नेन च विषयतृष्णा-कषायकण्डुत्यादिमनोमलमुक्त्या भावशुद्धिमङ्गीकुर्वाणः **परं पदं** मोक्षाभिधानं **प्रयाति**

---

અને શ્રેષ્ઠ પ્રીતિ ઉત્પન્ન થાય તથા બીજા કાર્યોને છોડીને કરવામાં આવે તે પ્રીતિ અનુષ્ઠાન છે. (૨) જે અનુષ્ઠાન બહારથી પ્રીતિ અનુષ્ઠાન જેવું જ હોય પરંતુ તેના વિષયમાં = આલંબનમાં વિશેષ પ્રકારે પૂજ્યપણાની = આરાધ્યપણાની બુદ્ધિથી વિશુદ્ધતર પ્રવૃત્તિ સ્વરૂપ હોય તે ભક્તિ અનુષ્ઠાન કહેવાય છે. (૩) શાસ્ત્રાર્થના પ્રતિસંધાનપૂર્વક સાધુ ભગવંત સર્વત્ર જે ઉચિત પ્રવૃત્તિ કરે તે વચન અનુષ્ઠાન કહેવાય છે. (૪) શાસ્ત્રના અત્યંત દૃઢ સંસ્કારના કારણે પ્રવૃત્તિ સમયે શાસ્ત્રવચનના સ્મરણની અપેક્ષા = આવશ્યકતા ન હોય તથા ચંદનમાં જેમ ગંધ આત્મસાત્ થયેલ હોય તે રીતે જિનકલ્પી વગેરે મહર્ષિઓની પ્રવૃત્તિ અસંગ અનુષ્ઠાન કહેવાય છે. આ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથકારે <u>યોગવિંશિકાની</u> ટીકામાં સ્પષ્ટતા કરેલ છે. આ ચારેય અનુષ્ઠાનનું અહીં જણાવેલ સંક્ષિપ્ત તત્ત્વ અમે <u>ષોડશકગ્રંથની કલ્યાણકંદલી</u> નામની ટીકામાં અને <u>રતિદાયિની</u> નામની ગુજરાતી વ્યાખ્યામાં વિસ્તારથી જણાવેલ છે. અધિક જિજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું. <u>(૩/૪૧)</u>

જ્ઞાન અને ક્રિયાના સમુચ્ચયને જ ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- જ્ઞાનમાં અને ક્રિયામાં એકી સાથે પ્રયત્ન કરનાર એવો પુરુષ દ્રવ્ય અને ભાવથી વિશુદ્ધ થતો પરમપદને પામે જ છે. <u>(૩/૪૨)</u>

## ❀ જ્ઞાન-ક્રિયાના સમુચ્ચયથી મોક્ષ ❀

<u>**ટીકાર્થ**</u> :- શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન આમ ત્રણ પ્રકારે જ્ઞાન છે અથવા તો આત્મપરિણતિવાળું જ્ઞાન અને તત્ત્વસંવેદન નામનું જ્ઞાન-આમ બે પ્રકારે જ્ઞાન ઉપાદેય છે. તથા પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ - આ પ્રમાણે ચાર પ્રકારની ક્રિયા છે. અથવા તો ઈચ્છા - પ્રવૃત્તિ- સ્થૈર્ય-સિદ્ધિ આમ ચાર પ્રકારે ક્રિયા પ્રસિદ્ધ છે. ઉપરોક્ત જ્ઞાન અને ક્રિયામાં એકી સાથે આદરપૂર્વક પ્રયત્ન કરનાર સાધક સત્ક્રિયા પ્રવૃત્તિ દ્વારા ક્રિયામલનો ત્યાગ થવાથી દ્રવ્ય શુદ્ધિને પામે છે અને સમ્યગ્ જ્ઞાનમાં પ્રવૃત્તિ કરવાથી વિષયતૃષ્ણા, કષાયની ખંજવાળ વગેરે સ્વરૂપ મનના મેલથી મુક્ત થઈને ભાવ શુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ રીતે આગળ વધતાં મોક્ષ નામના પરમપદને અત્યંત ઝડપથી પ્રાપ્ત કરે છે.

= प्रकर्षेण गच्छति एव । **न च अध्यात्मसारे** —> अभ्यासे सत्क्रियापेक्षा योगिनां चित्तशुद्धये । ज्ञानपाके शमस्यैव <— (१५/२१) इत्येवं ज्ञान-क्रिययोः कालभेदेनैव चित्तशुद्धिकारकत्वमुक्तं, अत्र तु युगपत् ज्ञान-क्रिययोः यथाक्रमं भावद्रव्यशुद्धिजनकत्वमुच्यत इति कथं न विरोध इति **शङ्कनीयम्**, तत्र योगारम्भदशायां सत्क्रियानादरादिजनकबहिरङ्गचित्तशुद्धये प्राधान्येन सत्क्रियाया उत्तरकाले च षोडशकोक्त-ध्यानविक्षेपकारिखेदो-द्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गलक्षणदोषाष्टकाक्षेपकासत्संस्कारात्मकान्तरङ्गचित्तशुद्धये मुख्यतया शमस्य पक्व-तत्त्वज्ञानस्थानीयस्य हेतुत्वं प्रतिपिपादयिषितमिति यथाक्रमं तयोः द्रव्य-भावशुद्धिहेतुताऽनाविलैव । प्रागुत्तर-कालापेक्षया ज्ञानक्रिययोः शुद्धीकरणं प्रति गौण-प्रधानभावेऽपि युगपदुभयत्र यत्नविधेरविरोधात् । युगपन्निश्चय-व्यवहारयत्नस्तु —> व्यवहाराद् बहिः कार्यं कुर्याद्विधिनियोजितम् । निश्चयं चान्तरे धृत्वा तत्त्ववेदी सुनिश्च-लम् ॥<—(७/२२) इत्येवं प्रागुक्तरीत्या **तत्त्वज्ञानतरङ्गिण्यनुसारतः** कर्तव्य इत्यलं विस्तरेण ॥३/४२॥

कारिकायुग्मेनोपसंहरति —> '**क्रिये**'ति ।

## ❀ અધ્યાત્મસારગ્રંથ વિરોધનો પરિહાર ❀

ન ચ૦ । અહીં એક શંકા થઈ શકે છે કે —> "**અધ્યાત્મસાર** ગ્રંથમાં તો 'પ્રારંભમાં = અભ્યાસદશામાં યોગીઓને ચિત્તશુદ્ધિ માટે સત્ ક્રિયાની અપેક્ષા છે અને જ્ઞાનનો પરિપાક થાય ત્યારે પ્રશમભાવની અપેક્ષા છે.' આ પ્રમાણે જ્ઞાન અને ક્રિયામાં ચિત્તશુદ્ધિની કારણતા કાલભેદથી બતાવેલ છે, એકી સાથે નહિ. જ્યારે તમે તો પ્રસ્તુતમાં એકી સાથે જ્ઞાન અને ક્રિયામાં પ્રયત્ન કરવાની વાત કરો છો, તથા ક્રિયા દ્વારા દ્રવ્યશુદ્ધિ અને જ્ઞાન દ્વારા ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય છે તેવું જણાવો છો. તેથી **અધ્યાત્મસાર**ની ઉપરોક્ત વાત સાથે તમારી વાતનો તાલમેળ બેસતો નથી." <— પરંતુ આ શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે યોગની પ્રાથમિક અવસ્થામાં સત્ક્રિયામાં અનાદર વગેરે ઉત્પન્ન કરનાર જે બહિરંગ ચિત્ત છે તેની શુદ્ધિ માટે સત્ક્રિયાની અપેક્ષા રહેલી છે તથા પ્રાથમિક અવસ્થાને ઓળંગી ગયા બાદ આગળની અવસ્થામાં ધ્યાનમાં વિક્ષેપ કરનાર (૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ, (૪) ઉત્થાન, (૫) ભ્રાન્તિ, (૬) અન્યમુત્, (૭) રોગ અને (૮) આસંગ નામના જે આઠ દોષ **ષોડશક** ગ્રંથમાં જણાવેલ છે તેને ખેંચી લાવનાર ખરાબ સંસ્કાર સ્વરૂપ અંતરંગ ચિત્તની શુદ્ધિ માટે મુખ્યતયા પરિપક્વ તત્ત્વજ્ઞાનસ્થાનીય એવો પ્રશમ ભાવ કારણ છે. આવું પ્રતિપાદન કરવું **અધ્યાત્મસાર** ગ્રંથમાં અભિમત છે. વિચારાત્મક બહિરંગ ચિત્તની શુદ્ધિ ક્રિયા દ્વારા અને સંસ્કારાત્મક અંતરંગ ચિત્તની શુદ્ધિ જ્ઞાન દ્વારા થાય છે. ક્રિયામાં અનાદર તે કુવિચાર સ્વરૂપ બહિરંગ ચિત્ત છે. તે ક્રિયામલ સ્વરૂપ છે, અથવા તો ક્રિયામલનો હેતુ છે. વિધિ, યતના વગેરે પૂર્વક સત્ક્રિયાનું સેવન કરતા કરતા ક્રિયામલની નિવૃત્તિ થવાથી દ્રવ્યશુદ્ધિ થાય છે અને તત્ત્વજ્ઞાનનું સેવન કરવાથી ખેદ, ઉદ્વેગ વગેરે સ્વરૂપ દોષનો ત્યાગ થવાથી કુસંસ્કાર સ્વરૂપ અંતરંગ મલિન ચિત્ત દૂર થાય છે. અને તેનાથી ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ સંસ્કારાત્મક અંતરંગ ચિત્ત શુદ્ધ બને છે.-એવું અમે અહીં જણાવીએ છીએ. તેથી બન્ને ગ્રંથમાં કોઈ વિરોધ નથી. પૂર્વોત્તર કાળની અપેક્ષાએ શુદ્ધિકરણ પ્રત્યે જ્ઞાન અને ક્રિયામાં ગૌણ-મુખ્ય ભાવ હોવા છતાં પણ એકી સાથે તે બન્નેમાં પ્રયત્ન કરવામાં આવે તેમાં કોઈ વિરોધ જણાતો નથી. —> હૃદયમાં અત્યંત નિશ્ચલ રીતે નિશ્ચયને ધારણ કરીને તત્ત્વવેત્તા પુરૂષે બહારમાં વ્યવહારનયને આશ્રયીને શાસ્ત્રોક્ત રીતે વિહિત એવા અનુષ્ઠાનને કરવું જોઈએ. <— આ પ્રમાણે **તત્ત્વજ્ઞાનતરંગિણી** ગ્રંથમાં જણાવ્યા મુજબ એકી સાથે જ્ઞાન અને ક્રિયામાં અર્થાત્ નિશ્ચય અને વ્યવહારમાં પ્રયત્ન કરવો જોઈએ. અધિક વિસ્તારથી સર્યું. (૩/૪૨)

**क्रियाज्ञानसंयोगविश्रान्तचित्ताः समुद्भूतनिर्बाधचारित्रवृत्ताः ।**
**नयोन्मेषनिर्णीतनिःशेषभावास्तपःशक्तिलब्धप्रसिद्धप्रभावाः ॥४३॥**
**भयक्रोधमायामदाज्ञाननिद्राप्रमादोज्झिताः शुद्धमुद्रा मुनीन्द्राः ।**
**यशःश्रीसमालिङ्गिता वादिदन्तिस्मयोच्छेदहर्यक्षतुल्या जयन्ति ॥४४॥**

**क्रिया-ज्ञानसंयोगविश्रान्तचित्ताः** = सदनुष्ठान-तत्त्वज्ञानयोः स्वभूमिकानुसारेण समीचीने संमिलने लीनं मनो येषां ते तथा । तत एव **समुद्भूतनिर्बाधचारित्रवृत्ताः** = सम्यक् उत्पन्नं यत् व्याघातरहितं चारित्रं, तेन वृत्ताः = परिवृत्ताः = विभूषिता इति यावत् । **नयोन्मेषनिर्णीतनिःशेषभावाः** = नानाविधसुनयविस्फोरणविनिश्चिताशेषहेयोपादेयज्ञेयभावाः **तपःशक्तिलब्धप्रसिद्धप्रभावाः** = विहिततपस्त्यागसामर्थ्योपलब्धमहालब्धयः ताभिः प्रथितः प्रभावो येषां ते **भय-क्रोध-माया-मदाऽज्ञान-निद्रा-प्रमादोज्झिताः** = सप्तविधभयानन्तानुबन्ध्यप्रत्याख्यानादिक्रोधमायाऽष्टविधमद-मिथ्याज्ञान-पञ्चविधनिद्रा-पञ्चविधप्रमादरहिताः **शुद्धमुद्राः** = विशुद्धयोगप्रसन्नमुखमुद्राः **यशःश्रीसमालिङ्गिताः** = सर्वदिग्गामिख्यातिलक्षणैश्वर्यसमाश्लिष्टाः **वादिदन्तिस्मयोच्छेदहर्यक्षतुल्याः** = परप्रवादीभमदविनाशे सिंहसमाः **मुनीन्द्रा** जगति **जयन्ति** । 'यशःश्रीसमालिङ्गिता'

---

બે ગાથા દ્વારા ત્રીજા અધિકારનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે.

## ❀ આઠ વિશેષતાવાળા મુનિ ભગવંતો જય પામે છે ❀

**<u>શ્લોકાર્થ</u> :-** (૧) જ્ઞાન અને ક્રિયાના સમાગમમાં જેઓનું મન વિશ્રાંત થયેલું છે તથા (૨) નિર્દોષ ચારિત્રવ્રત પ્રગટ થયેલું છે, (૩) નયની સ્ફુરણાથી જેઓએ સર્વ ભાવોનો નિશ્ચય કરેલો છે, (૪) જેઓએ તપની શક્તિથી પ્રસિદ્ધ પ્રભાવ પ્રાપ્ત કરેલો છે, તેમ જ (૫) જેઓ ભય, ક્રોધ, માયા, મદ, અજ્ઞાન, નિદ્રા અને પ્રમાદથી રહિત છે અને (૬) શુદ્ધ મુદ્રાને ધારણ કરેલ છે તેવા મુનીન્દ્રો (૭) વાદીરૂપી હાથીના અભિમાનનો નાશ કરવામાં સિંહ સમાન છે. તેઓને (૮) યશરૂપી લક્ષ્મી આલિંગન કરે છે અને તેઓ જગતમાં જય પામે છે. <u>(૩/૪૩-૪૪)</u>

**<u>ટીકાર્થ</u> :-** પોતાની ભૂમિકાને અનુસાર સદનુષ્ઠાન અને તત્ત્વજ્ઞાનના સમ્યક્ મેળાપમાં મન લીન થવાના કારણે ઉત્પન્ન થયેલ વ્યાઘાતરહિત ચારિત્રથી પરિવરેલા અર્થાત્ નિર્દોષ ચારિત્રથી શોભતા એવા શ્રેષ્ઠ મુનિ ભગવંતોએ અનેક પ્રકારના સુંદર નયોની સ્ફુરણાથી સર્વ હેય-જ્ઞેય-ઉપાદેય ભાવોનો યથાવસ્થિત નિશ્ચય કરેલ હોય છે, અને તેવા નિર્ણયપૂર્વક તપ, ત્યાગ વગેરેમાં પ્રવૃત્તિ કરવાના લીધે તપ વગેરેના સામર્થ્યથી મહાલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે લબ્ધિઓથી તેઓનો મહિમા સર્વત્ર ફેલાય છે. લબ્ધિ પ્રાપ્ત થયા પછી પણ તેઓ સાત પ્રકારના ભય, અનંતાનુબંધી- અપ્રત્યાખ્યાની ક્રોધ-માયા, આઠ પ્રકારના મદ, મિથ્યાજ્ઞાન, પાંચ પ્રકારની નિદ્રા, પાંચ પ્રકારના પ્રમાદ વગેરેથી રહિત થઈને વિશુદ્ધ યોગમુદ્રા અને પ્રસન્ન મુખમુદ્રાને ધારણ કરે છે. તેઓ પરપ્રવાદી રૂપી હાથીઓના મદનો નાશ કરવામાં સિંહ સમાન છે. વાદસભામાં તેઓને જીતવા દ્વારા તેમ જ પોતાના જ્ઞાન, તપ અને ચારિત્ર દ્વારા સર્વદિગ્ગામી ખ્યાતિ સ્વરૂપ યશરૂપી ઐશ્વર્ય-લક્ષ્મી તેવા મહાત્માને ભેટી પડે છે. તેવા મહામુનિઓ જગતમાં જયવંતા વર્તે છે. મૂળ શ્લોકમાં 'यशःश्रीसमालिङ्गिता' આવા શબ્દ દ્વારા ગ્રંથકારશ્રીએ પોતાના નામનું સૂચન કરેલું છે. <u>(૩/૪૩-૪૪)</u>

इत्यनेन प्रकरणकृता 'यशोविजय' इति स्वनामसूचनमकारि ॥३/४४॥

**॥ इति जगद्गुरुबिरुदधारिश्रीहीरविजयसूरीश्वरशिष्य-षट्तर्कविद्याविशारद-महोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्य-शास्त्रज्ञतिलकपण्डितश्रीलाभविजयगणि-शिष्य-मुख्यपण्डित-जीतविजयगणि-सतीर्थ्यालङ्कार-पण्डितश्रीनयविजयगणिचरणकजचञ्चरीकेण पण्डितपद्मविजयगणिसहोदरेण न्यायविशारदेन महोपाध्यायश्रीयशोविजय-गणिना विरचितेऽध्यात्मोपनिषत्प्रकरणे शास्त्रयोगशुद्धिनामा तृतीयोऽधिकारः ॥३॥**

अभव्यादीनां द्रव्यचारित्रश्रवणात् सत्क्रियोपलब्धिसम्भवेऽपि क्रियायोगाऽसम्भव एव, मोक्षाऽयोजकत्वात् । अपुनर्बन्धकादीनां क्रियायोगाभ्यासः क्रियायोगबीजमेव वा । अविरतसम्यग्दृशः क्रियायोगसम्भवेऽपि क्रियायोगशुद्धेरसम्भव एव, तथाविधचारित्रमोहनीयोदयात् । क्रियायोगशुद्धिः पञ्चमगुणस्थानकादारभ्यैव दृढ-दृढतरादिरूपा विज्ञेया, तथाविधचारित्रमोहनीयक्षयोपशमसद्भावात् । अस्याधिकारस्य क्रियायोगशुद्धिनिमित्तत्वात् 'क्रियायोगशुद्धिः' इति गुणनिष्पन्नमेवाभिधानमिति ध्येयम् ।

इति वर्धमानतपोनिधि-न्यायविशारद-**श्रीभुवनभानुसूरीश्वर**शिष्यरत्न**श्रीविश्वकल्याण**विजयशिष्य-**श्रीयशोविजयेन** विरचितायां अध्यात्मवैशारद्यां अध्यात्मोपनिषट्टीकायां क्रियायोगशुद्धिनामा तृतीयोऽधिकारः ।

---

અભવ્ય વગેરે જીવો દ્રવ્યચારિત્રને સ્વીકારે છે- આ પ્રમાણે શાસ્ત્રમાં સંભળાય છે. તેથી સત્ ક્રિયાની ઉપલબ્ધિ અભવ્ય વગેરેમાં સંભવી શકે છે. છતાં પણ તેઓમાં ક્રિયાયોગ તો અસંભવિત જ છે, કારણ કે તે ક્રિયા તેને મોક્ષની સાથે જોડી આપતી નથી. સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષની સાથે આત્માને જોડવામાં જેનો કોઈ ફાળો ન હોય તેવી આભાસિક પુણ્યપ્રવૃત્તિ ક્રિયાકાંડ કહેવાય, ક્રિયાયોગ નહિ. અપુનર્બંધક વગેરે જીવોમાં ક્રિયાયોગનો અભ્યાસ હોય છે અથવા તો ક્રિયાયોગનું બીજ હોય છે, પરંતુ ક્રિયાયોગ નથી. અવિરતિધર સમકિતીને ચોથા ગુણસ્થાનકે પ્રતિક્રમણ વગેરે ક્રિયાયોગ સંભવિત હોવા છતાં પણ ક્રિયાયોગની શુદ્ધિ અસંભવિત જ છે. કેમ કે તેઓને ચારિત્રમોહનીયનો વિશેષ પ્રકારનો ઉદય હોય છે. ક્રિયાયોગની શુદ્ધિ તો પાંચમા ગુણસ્થાનકથી માંડીને જ દઢ-દઢતર વગેરે સ્વરૂપે જાણવી. કારણ કે પીઢ શ્રાવકો અને મહામુનિઓને જ અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ચારિત્રમોહનીય કર્મનો પ્રબલ ક્ષયોપશમ હોય છે. પ્રસ્તુત તૃતીય અધિકાર ક્રિયાયોગશુદ્ધિનું નિમિત્ત હોવાના કારણે તેનું 'ક્રિયાયોગશુદ્ધિ' એવું યથાર્થ = ગુણનિષ્પન્ન નામ છે - આ વાત ધ્યાનમાં રાખવી.

આ પ્રમાણે જગદ્ગુરૂબીરૂદને ધારણ કરનાર શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય અને ષડ્દર્શનની વિદ્યામાં વિશારદ એવા મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયગણિવરના શિષ્ય અને શાસ્ત્રવેત્તામાં તિલકસમાન એવા પંડિત શ્રીલાભવિજયગણિના શિષ્ય, પંડિતશિરોમણિ જિતવિજયજીગણિના ગુરૂભાઈ પંડિતશ્રી નયવિજયગણિના ચરણકમલમાં ભ્રમરસમાન અને પંડિત પદ્મવિજયજીગણિના સંસારીપણે ભાઈ એવા ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણીએ રચેલ <u>અધ્યાત્મોપનિષદ્</u> પ્રકરણના ક્રિયાયોગશુદ્ધિ નામના ત્રીજા અધિકારની ઉપર વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ શ્રીભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજીના શિષ્ય મુનિ યશોવિજયે રચેલ <u>અધ્યાત્મવૈશારદી</u> ટીકા તેમ જ તેનો <u>અધ્યાત્મપ્રકાશ</u> નામનો ભાવાનુવાદ સાનંદ સમાપ્ત થયો.

## ॥ अथ चतुर्थोऽधिकारः ॥

### अध्यात्मवैशारदी

क्रियायोगशुद्धेः साम्ययोगशुद्धिप्रापकत्वे एव फलावञ्चकत्वं स्यादित्यतः साम्ययोगशुद्धिनामा चतुर्थोऽधिकार आरभ्यते । साम्यन्त्वभव्यादीनामप्यासन्नग्रन्थिदेशावस्थायां श्रुतसम्यक्त्व-द्रव्यचारित्रशुद्धिप्रकर्षादिना सुलभमेव । तद्व्यवच्छेदाय 'योगे'त्युक्तम् । अभव्यादिगतसाम्यस्य मोक्षाऽयोजकत्वेनाऽयोगत्वमेव । अपुनर्बन्धकादीनामपि साम्ययोगः गुरुदेवादिपूजन-सदाचार-तपो-मुक्त्यद्वेषलक्षणपूर्वसेवादिना सम्भवति । किन्तु तत्राऽवेद्यसंवेद्यपदादि-वशेन स्वानुभूतिविरहात् तादृशी शुद्धिर्नास्ति । अविरतसम्यग्दृशां वेद्यसंवेद्यपदस्थत्वेऽप्यप्रत्याख्यानावरणोदयात् देशविरतिमतश्च प्रत्याख्यानावरणोदयान्न तादृशी शुद्धिः सम्भवति । अभिमतसाम्ययोगशुद्धिस्तु वासीचन्दनकल्प-त्वात् परममुनीनामेव । एवं साम्ययोगशुद्धिरिति गुणनिष्पन्ननामकं चतुर्थमधिकारमाविष्करोति —> 'ज्ञाने'ति ।

**ज्ञानक्रियाश्वद्वययुक्तसाम्यरथाधिरूढः शिवमार्गगामी ।**
**न ग्रामपूःकण्टकजारतीनां जनोऽनुपानत्क इवार्तिमेति ॥१॥**

---

### અધ્યાત્મપ્રકાશ

ક્રિયાયોગશુદ્ધિ જો સામ્યયોગશુદ્ધિને પ્રાપ્ત કરાવે તો જ તે ફ્લાવંચક યોગસ્વરૂપ બને. તેથી ત્રીજા અધિકારમાં ક્રિયાયોગશુદ્ધિનું નિરૂપણ કર્યા બાદ 'સામ્યયોગશુદ્ધિ' નામનો ચોથો અધિકાર શરૂ થાય છે. અભવ્ય વગેરે જીવોને પણ ગ્રંથિદેશની નજીક અવસ્થામાં શ્રુતસમ્યક્ત્વ - દીપકસમ્યક્ત્વ, દ્રવ્યચારિત્રશુદ્ધિના પ્રકર્ષ વગેરેથી સામ્યભાવ સુલભ જ છે. તેવો સામ્યભાવ પ્રસ્તુતમાં ઈષ્ટ નથી. તેથી તેની બાદબાકી કરવા માટે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત અધિકારના નામમાં 'યોગ' શબ્દનો પ્રયોગ કરેલ છે. અભવ્ય વગેરેમાં રહેલ સામ્યભાવ તેને મોક્ષનો યોગ કરાવી આપવામાં પ્રયોજક ન હોવાથી તે સામ્યભાવ યોગસ્વરૂપ બનતો નથી. ગુરૂ-દેવાદિપૂજન-સદાચાર-તપ - મુક્તિઅદ્વેષસ્વરૂપ પૂર્વસેવા વગેરેના કારણે અપુનર્બંધક વગેરે જીવોને પણ સામ્યયોગ સંભવી શકે છે, કારણ કે તેને પ્રાપ્ત થનાર સામ્યભાવ તેને મોક્ષ સાથે જોડી આપવામાં પ્રયોજક બને છે. પરંતુ અપુનર્બંધક વગેરે જીવો અવેદ્યસંવેદ્યપદમાં રહેલા છે. હેય અને ઉપાદેય પદાર્થોનું વિપરીત રીતે સંવેદન કરવાની ભૂમિકા = અવેદ્યસંવેદ્યપદ. જો કે અપુનર્બંધક વગેરે જીવો મોક્ષમાર્ગે આગળ વધતા હોવાથી અવેદ્યસંવેદ્યપદ મંદ બનતું જાય છે છતાં પણ તેઓ અવેદ્યસંવેદ્યપદમાં રહેલ હોવાથી સ્વાનુભૂતિ ન હોવાના કારણે તેમના સામ્યયોગમાં તથાવિધ શુદ્ધિ હોતી નથી. સમકિતદૃષ્ટિ જીવો વેદ્યસંવેદ્યપદમાં રહેલા છે. અર્થાત્ તેઓ હેય અને ઉપાદેયનું યથાર્થ સંવેદન કરવાની ભૂમિકાએ પહોંચેલા છે. પરંતુ અપ્રત્યાખ્યાની કષાય વગેરેના ઉદયના કારણે તથાવિધ સામ્યયોગશુદ્ધિ હોતી નથી. અને દેશવિરતિધરને પ્રત્યાખ્યાનીય કષાય વગેરેના ઉદયના કારણે તથાવિધ સામ્યયોગશુદ્ધિ હોતી નથી. અભિમત સામ્યયોગની શુદ્ધિને તો પરમ મુનિઓ જ અનુભવતા હોય છે. કારણ કે તેઓ જ પૂર્વે (૨/૯) જણાવી ગયા તે મુજબ વાસીચન્દનતુલ્ય હોય છે. તેથી 'સામ્યયોગશુદ્ધિ' આ પ્રમાણે ચોથા અધિકારનું નામ ગુણનિષ્પન્ન = સાર્થક છે. અંતિમ અને ચોથા અધિકારનો આવિષ્કાર કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**<u>શ્લોકાર્થ</u>** :- જોડા વગરનો માણસ જેમ ગામ કે નગરમાં રહેલ કાંટાઓથી ઉત્પન્ન થતી અરતિની પીડાને પામે છે તેવી પીડાને જ્ઞાન અને ક્રિયારૂપી બે ઘોડાથી યુક્ત સમતારૂપી રથમાં આરૂઢ થયેલ મોક્ષમાર્ગગામી

**अनुपानत्कः** = पादत्राणरहितो **जनः इव** = यथा ग्रामादिष्वटन् **ग्रामपूःकण्टकजाऽरतीनां** = ग्राम-नगरवर्त्मवर्तिकण्टकवेधजन्यानां दुःखानां **अर्तिं** = पीडां उत्कटां **एति** = प्राप्नोति तथा रथाधिरूढो जनो ग्राम-नगरमार्गादिष्वटन् ग्रामपूःकण्टकजाऽरतीनां अर्तिं **नैति** = नैव प्राप्नोति, रथारोहणस्य मार्गस्थ-कण्टकवेधं प्रति प्रतिबन्धकत्वेन तज्जन्यदुःखानामेवानुदयात् । एवमेव साम्यरथमनधिरूढो गुरु-देवभक्तितितिक्षा-लक्षणोपानच्छून्यः साधको यथा मोक्षमार्गेष्वटन् प्रतिकूलविषय-परिषहोपसर्गलक्षणकण्टकभयजाऽरतीनामर्तिमेति तथा **ज्ञान-क्रियाऽश्वद्वययुक्तसाम्यरथाधिरूढः** = तत्त्वज्ञान-सत्क्रियालक्षणघोटकद्वितयपरिकलितं परिशुद्ध-साम्ययोगाभिधानं थमारूढः **शिवमार्गगामी** = सम्यग्दर्शन-ज्ञान-चारित्रैक्यलक्षणेऽपवर्गमार्गे गच्छन् परि-षहोपसर्गलक्षणकण्टकभयजन्यारतीनां पीडां **नैति** = नैव प्राप्नोति, शुद्धसाम्ययोगाऽऽरोहणस्य परिषहोप-सर्गभयलक्षणं कण्टकवेधं प्रति प्रतिबन्धकत्वात् । यद्यपि तस्य परिषहोपसर्गसन्ततयः समापतन्ति दुष्कर्मवशतः तथापि स ततो नैवोद्विजते, न वा बिभेति । इत्थमेव मुनित्वमुपपत्तिमत् । इदमेवाभिप्रेत्य **दशवैकालिके** —> जो सहइ हु गामकंटए अक्कोसपहारतज्जणाओ अ । भयभेरवसद्दसप्पहासे समसुहदुक्खसहे अ जे स भिक्खू ॥ <— (१०/११) इत्युक्तम् ।

---

સાધક પામતો નથી. (૪/૧)

## ☲ જ્ઞાન-ક્રિયા રૂપી બે અશ્વ સામ્યરથને ખેંચે ☲

**ટીકાર્થ** :- જેમ પગમાં બુટ-ચંપલ-જોડા પહેર્યા વગર ગામ-નગરમાં ફરતો માણસ ગામ-નગરના માર્ગ ઉપર રહેલા કાંટા વડે પગ વિંધાવાથી ઉત્પન્ન થનાર દુઃખની ઉત્કટ પીડાને પ્રાપ્ત કરે છે તેવી પીડાને રથમાં બેસીને ફરતો માણસ પ્રાપ્ત કરતો નથી, કારણ કે માર્ગમાં રહેલ કાંટાઓ પગમાં વિંધાય તેવું રથમાં આરૂઢ થયા પછી બનતું નથી. અને તેથી જ કંટકવેધજન્ય દુઃખ તેને ઉત્પન્ન થતું નથી. માટે તેવા દુઃખની પીડા તે ન ભોગવે તે સ્વાભાવિક છે. આ એક દૃષ્ટાંત છે. તેનો ઉપનય સમજવા એક વાતનું સ્પષ્ટીકરણ કરી લઈએ. અશ્વ = જ્ઞાન અને ક્રિયા, રથ = સામ્યયોગ, પગનું રક્ષણ કરનાર જોડા = દેવ-ગુરૂની ભક્તિ અને તિતિક્ષા (સહિષ્ણુતા), કાંટા = પરિષહ-ઉપસર્ગ, કંટકવેધ = પરિષહ-ઉપસર્ગનો ભય, ગામ-નગરનો માર્ગ = મોક્ષમાર્ગ, મુસાફર (રથી કે પથિક) = સાધક. તેથી એમ કહી શકાય કે સમતા રૂપી રથમાં જે આરૂઢ થયેલ નથી, તેમજ જેના જીવનમાં દેવ-ગુરૂની ભક્તિ કે સહનશીલતા રૂપી કંટકત્રાણ (કાંટાથી પગનું રક્ષણ કરનાર બુટ-ચંપલ) નથી તેવો સાધક મોક્ષમાર્ગમાં ફરતો હોય તો તે પરિષહ-ઉપસર્ગ રૂપી કાંટાના ભયથી (કંટકવેધથી) ઉત્પન્ન થનાર અરતિની પીડાને જે રીતે પામે છે તે રીતે તત્ત્વજ્ઞાન અને સત્‌ક્રિયારૂપી બે ઘોડાથી યુક્ત એવા પરિશુદ્ધ સામ્યયોગરૂપી રથમાં આરૂઢ થયેલ સાધક સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકરૂપતા સ્વરૂપ મોક્ષમાર્ગમાં આગળ વધતાં પરિષહ-ઉપસર્ગરૂપી કાંટાના ભયથી (કંટકવેધથી) ઉત્પન્ન થનાર અરતિની પીડાને પ્રાપ્ત કરતો નથી; કારણ કે પરિશુદ્ધસામ્યયોગમાં આરૂઢ થવાના કારણે પરિષહ-ઉપસર્ગના ભયરૂપી કંટકવેધ તેને થતો નથી. કંટકવેધ પ્રત્યે રથઆરોહણ પ્રતિબંધક છે. જો કે ઉપરોક્ત સામ્યયોગ સ્વરૂપ રથ ઉપર આરૂઢ થયેલ સાધકને તથાવિધ દુષ્કર્મના કારણે ઉપસર્ગ-પરિષહના ઢગલા આવે છે, છતાં પણ તે સાધક તેનાથી ઉદ્વેગ પામતો નથી કે તેનાથી ભય પામતો નથી, કારણ કે દેહ અને આત્માનું જીવંત ભેદજ્ઞાન સાધકને પ્રાપ્ત થયેલ છે. આ રીતે મુનિપણું સંગત થાય. આ જ અભિપ્રાયથી શ્રીદશવૈકાલિકસૂત્રમાં જણાવેલ છે કે 'જે સાધુ ઈન્દ્રિયના પ્રતિકૂળ વિષયો, આક્રોશ, પ્રહાર, તર્જના (કડવા શબ્દ) સહન કરે છે તથા જે રાક્ષસ વગેરેના ભયાનક અને અત્યંત રૌદ્ર શબ્દોવાળા

परमसाम्ययोगारोहणे तु समायातपरिषहोपसर्गसन्ततीनां परिज्ञानमपि नोपजायते कुतस्तद्भयं तज्जन्यदुःखानुभूतिर्वा ? अवन्तिसुकुमाल-गजसुकुमालार्णिकापुत्राचार्य-स्कन्दकसूरिशिष्यादिदृष्टान्तेनेदं ज्ञेयम् ।

ज्ञानक्रियालक्षणमश्वयुगलं साम्यरथमपवर्गमार्गेऽभिसर्पयति झटिति । परिशुद्धसाम्यरथविरहे तु गुरुदेवभक्ति-तितिक्षालक्षणकण्टकत्राणद्वितयबलेन शिवमार्गगामी साधकः मन्द-मध्यमपरिषहोपसर्गैर्न विह्वलो भवति न वा ततोऽत्यन्तं बिभेति, भक्ति-तितिक्षयोरुपसर्गपरिषहभयविशेषं प्रति प्रतिबन्धकत्वात् । तदानीं शारीरिकदुःखसत्त्वेऽपि मानसिकदुःखानुदयादित्यादि विभावनीयं साम्य-भक्ति-तितिक्षापरायणैः ॥४/१॥

'नन्वेतादृशसाम्यं कः प्राप्नोती'ति जिज्ञासायामाह —> 'आत्मे'ति ।

**आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।**
**सदा चिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥२॥**

**आत्मप्रवृत्तौ** = आत्मगुणाभ्यासे **अतिजागरूकः** = सूक्ष्मोपयोगान्वितोत्साहशाली **परप्रवृत्तौ** = परकीयचेष्टायां पौद्गलिकचेष्टायाञ्च **बधिरान्धमूकः** = बधिर इव न किञ्चिच्छृणोति श्रवणे वा न राग-द्वेषावुपयाति, अन्ध इव न किञ्चित्पश्यति दर्शने वा न रत्यरती प्राप्नोति, मूक इव न किञ्चिद्वक्ति भाषणे वा न हर्ष-

---

અટ્ટહાસ્યને સાંભળવા છતાં ડગતા નથી. સુખ-દુઃખને સમતાથી સહન કરે છે તેને ઉત્તમ સાધુ જાણવો.

પરમ સામ્યયોગમાં આરૂઢ થયેલ સાધકને તો આવી પડેલ ઢગલાબંધ ઉપસર્ગ-પરિષહનું ભાન પણ નથી થતું, તો પછી તેનો ભય કે તેવા ભયથી ઉત્પન્ન થનાર દુઃખની અનુભૂતિ કેવી રીતે થાય ? તેવા મહામુનિઓ તો વિશુદ્ધ આત્મરમણતામાં ગળાડૂબ થયેલા હોવાના કારણે જગતને ભૂલી, દેહભાન ટાળી, અદ્વિતીય સામ્યસુખને માણતા હોય છે. <u>અવંતિસુકુમાલ, ગજસુકુમાલ, અર્ણિકાપુત્રઆચાર્ય, સ્કન્ધકસૂરિ</u>ના ઘાણીમાં પીલાતા ૫૦૦ શિષ્ય વગેરેના દૃષ્ટાંતથી વિજ્ઞવાચકવર્ગે આ વાતનું સ્પષ્ટીકરણ સમજી લેવું.

ज्ञान० । જ્ઞાન અને ક્રિયારૂપી બે ઘોડા સમતારૂપી રથને ઝડપથી આગળ વધારે છે. ૬ઠ્ઠા-૭મા ગુણસ્થાનકથી તેવો પરિશુદ્ધ સામ્યયોગ શરૂ થાય છે. તેવો વિશુદ્ધ સામ્યયોગરૂપી રથ ન હોય તો પણ સાધક પાસે જો દેવ-ગુરૂની ભક્તિ અને સહનશક્તિ આવા બે કંટકત્રાણ હોય તો તેના બળથી મોક્ષમાર્ગે આગળ વધતો સાધક મંદ કે મધ્યમ કક્ષાના પરિષહ-ઉપસર્ગથી વિહ્વળ થતો નથી કે તેનાથી અત્યંત ભયભીત થતો નથી; કારણ કે પરિષહ અને ઉપસર્ગના મોટા ભય પ્રત્યે કે હાય-વોય પ્રત્યે ભક્તિ અને સહનશક્તિ એ પ્રતિબંધક છે. તે વખતે તેવા સાધકને શારીરિક દુઃખ હોવા છતાં પણ માનસિક દુઃખ નથી હોતું. સામ્ય-ભક્તિ-સહનશક્તિમાં પરાયણ સાધકોએ આ વાતથી પોતાની જાતને ભાવિત કરવી. <u>(૪/૧)</u>

"આવા સામ્યયોગને કોણ પ્રાપ્ત કરે ?" આવી જિજ્ઞાસાને તૃપ્ત કરવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**<u>શ્લોકાર્થ</u>** :- આત્માની પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત, પરપ્રવૃત્તિમાં આંધળા, બહેરા અને મુંગા; સદા ચિદાનંદપદમાં ઉપયોગવાળા યોગી લોકોત્તર સામ્યને પ્રાપ્ત કરે છે. <u>(૪/૨)</u>

## ❀ લોકોત્તર સામ્યના અધિકારીને ઓળખીએ ❀

**<u>ટીકાર્થ</u>** :- ત્રણ પ્રકારની વિશેષતાવાળા યોગી લોકોત્તર સામ્યને પ્રાપ્ત કરવાના અધિકારી છે. (૧) આત્મગુણના અભ્યાસમાં જે અત્યંત જાગૃત હોય છે. સૂક્ષ્મ ઉપયોગ યુક્ત ઉત્સાહને અહીં અત્યંત જાગૃતિ રૂપે સમજવો. કહેવાનો મતલબ એ છે કે "આત્મગુણને ઉઘાડનારા સ્વાધ્યાય-તપ-ત્યાગ વગેરે પંચાચારનું પાલન

शोकावाप्नोति । इत्थमेव ज्ञानगर्भितवैराग्योपपत्तेः । तदुक्तं ज्ञानगर्भवैराग्यलक्षणप्रदर्शनावसरे **अध्यात्मसारे** —> चेष्टा परस्य वृत्तान्ते मूकान्धबधिरोपमा । उत्साहः स्वगुणाभ्यासे दुःस्थस्येव धनार्जने ॥ <— (६/४१) इति । परनिवृत्त्युपायरूपेण **महोपनिषदि** अपि —> चेतसा संपरित्यज्य सर्वभावात्मभावनाम् । यथा तिष्ठसि तिष्ठ त्वं मूकान्धबधिरोपमः ॥ <— (४/८) इत्युक्तम् । **नारदपरिव्राजकोपनिषदि** अपि —> आत्मवत्सर्वभूतानि पश्यन् भिक्षुर्यश्चरेत् महीम् । अन्धवत् जडवच्चैव बधिरोन्मत्तमूकवत् ॥(४/२१) अन्धवज्जडवच्चापि मूकवच्च महीं चरेत् । तं दृष्ट्वा शान्तमनसं स्पृहयन्ति दिवौकसः ॥ (४/३५-३६) न कुर्यान्न वदेत् किञ्चिन्न ध्यायेत् साध्वसाधु वा । आत्मारामोऽनया वृत्त्या विचरेज्जडवन्मुनिः ॥ <— (५/५१) इत्युक्तम् ।

---

હું કરું છું કે યશ-પ્રતિષ્ઠા વગેરે બાહ્ય ભાવને પોષનારા સ્વાધ્યાયાદિનું પાલન ? અને ક્ષમા-નમ્રતા-સરળતા-બ્રહ્મચર્ય વગેરે દશવિધ યતિધર્મનું સેવન પોતાના જીવનમાં ઔદયિકભાવનું છે કે ક્ષયોપશમભાવનું ?'' - આવા સૂક્ષ્મ ઉપયોગને કેળવીને પંચાચાર પાલન અને દશવિધ યતિધર્મના પાલનમાં પોતે ઉત્સાહવાળા હોય. ઔદયિકભાવના પંચાચાર પાલન અચરમાવર્ત કાળમાં પણ જીવો પ્રાપ્ત કરે છે. તથા ક્ષમા, સરળતા, નમ્રતા, નિર્લોભિતા વગેરે ગુણો યુગલિક વગેરેના જીવનમાં પણ હોય છે. પરંતુ તે ક્ષયોપશમભાવના નહિ પણ ઔદયિકભાવના હોય છે. મોક્ષમાર્ગે આગળ વધવામાં તેનું ખાસ મહત્ત્વ નથી. તેથી દરેક સાધકે પોતાના ગુણો અને સદાચારો ઔદયિકભાવની હદને ઓળંગી ક્ષયોપશમભાવના સીમાડામાં પ્રવેશ કરે તેનો સૂક્ષ્મ ઉપયોગ રાખવો જોઈએ. ઔદયિકભાવના ગુણો અને સદાચારથી મોક્ષમાર્ગમાં કેવળ ગતિ થાય છે, પ્રગતિ નહિ. જ્યારે ક્ષયોપશમભાવના ગુણો અને આચારોથી મોક્ષમાર્ગમાં ગતિયુક્ત શીઘ્ર પ્રગતિ થાય છે. આવો સ્પષ્ટ ખ્યાલ હોવાના કારણે યોગીને ક્ષાયોપશમિક ગુણ-આચાર આત્મસાત્ કરવામાં પ્રબળ ઉત્સાહ જાગે છે.

(૨) પરકીય ચેષ્ટા અને પૌદ્ગલિક પ્રવૃત્તિઓમાં તે આંધળા, બહેરા અને મુંગા હોય. અર્થાત્ બહેરાની જેમ કશું સાંભળે નહિ, અથવા તો સાંભળવામાં આવે તો રાગ-દ્વેષ ન પામે, આંધળાની જેમ કોઈ પણ પ્રકારે દેખે નહિ અથવા તો કોઈ ચીજ દેખવામાં આવે તો તેમાં રતિ-અરતિ ન પામે, મુંગાની જેમ કોઈ પણ સાથે ન બોલે, અથવા બોલે તો તન્નિમિત્તક હર્ષ-શોક ન પામે, આ રીતે જ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સંગત થઈ શકે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યના લક્ષણ બતાવવાના અવસરે <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા સાધકના વ્યવહારમાં પારકાની ચેષ્ટાને વિશે મુંગા, આંધળા અને બહેરાની ઉપમા આપવામાં આવે છે. દરિદ્ર માણસને ધનોપાર્જનમાં જેવો ઉત્સાહ હોય તેવો ઉત્સાહ આત્મગુણોના અભ્યાસને વિશે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળાને હોય છે. <— પરપ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવવાના ઉપાયરૂપે <u>મહોપનિષદ્માં</u> પણ જણાવેલ છે કે —> સર્વ ભાવોમાં પોતાપણાની ભાવનાને = મમત્વને મનથી સમ્યગ્ રીતે છોડીને આંધળા, બહેરા અને મુંગાની જેમ તું જે રીતે રહી શકતો હોય તેમ રહે. <— <u>નારદપરિવ્રાજક</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> પોતાની જાતની જેમ સર્વ જીવને જોતો એવો ભિક્ષુ આંધળાની જેમ, જડની જેમ, (રાગ-દ્વેષ ન કરનાર) બહેરાની જેમ, અત્યંત મુંગાની જેમ પૃથ્વી ઉપર વિચરે. આંધળાની જેમ, જડની જેમ અને મુંગાની જેમ જે શાંતમનવાળા યોગી પૃથ્વી પર વિચરે છે તેને જોઈને દેવો પણ તેને ઝંખે છે. જડની જેમ સારૂં કે ખોટું કાંઈ પણ ન કરવું, ન બોલવું કે ન ધ્યાવવું - આવી વૃત્તિથી આત્મામાં રમણ કરતા મુનિ પૃથ્વી ઉપર વિચરે. <—

**सदा** = सर्वदैव **चिदानन्दपदोपयोगी** = आत्मविज्ञानानन्दप्रतिपादकेषु गुरूदितेषु पदेषु स्वानुभूत्या उपयुक्तः । इत्थमेवात्मदर्शनसम्भवात् । तदुक्तं **महोपनिषदि** —> स्वानुभूतेश्च शास्त्रस्य गुरोश्चैवैकवाक्यता । यस्याभ्यासेन तेनात्मा सततं चावलोक्यते ॥ <— (४/५) इति । ततश्च साम्यप्रतिबन्धकस्य शोकस्य विलयः । तदुक्तं **महोपनिषदि** एव —> गुरुशास्त्रोक्तमार्गेण स्वानुभूत्या च चिद्घने । 'ब्रह्मैवाहमि'ति ज्ञात्वा वीतशोको भवेन्मुनिः ॥ <—(४/२५) निरुक्तविशेषणत्रितययुक्तो **योगी लोकोत्तरं** = दर्शनमोह-चारित्रमोहनीयक्षयोपशमविशेषानुविद्धं सानुबन्धं **साम्यं उपैति** = प्राप्नोति, स्वप्रवृत्तिगोचरातिजागरूकतादिना साम्यप्रतिबन्धकानां राग-द्वेषादीनां विलयात् । रागादिविलय एव साम्यलाभसम्भवात् । तदुक्तं **योगसारे** —> रागोऽभीष्टेषु सर्वेषु द्वेषोऽनिष्टेषु वस्तुषु । क्रोधः कृतापराधेषु मानः परपराभवे ॥ लोभः परार्थसम्प्राप्तौ माया च परवञ्चने । गते मृते तथा शोको हर्षश्चाऽऽगत-जातयोः ॥ अरतिर्विषयग्रामे याऽशुभे च शुभे रतिः । चौरादिभ्यो भयञ्चैव कुत्सा कुत्सितवस्तुषु ॥ वेदोदयश्च सम्भोगे व्यलीयेत मुनेर्यदा । अन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते तदा ॥ <— (३/८-११) इति विभावनीयम् ॥४/२॥

लोकोत्तरसाम्ययोगप्रभावमाह —> **'परिषहै'**रिति ।

**परीषहैश्च प्रबलोपसर्गयोगाच्चलत्येव न साम्ययुक्तः ।**

---

(૩) સદા માટે આત્માના વિજ્ઞાન અને આનંદના પ્રતિપાદક એવા ગુરુભગવંતે બોલેલા પદોમાં સાધક સ્વાનુભૂતિથી ઉપયોગવંતા હોય. આ રીતે જ આત્મસાક્ષાત્કાર સંભવે. <u>મહોપનિષદ્માં</u> જણાવેલ છે કે – —> સ્વાનુભૂતિ, શાસ્ત્ર અને ગુરુવચન આ ત્રણેયમાં એકવાક્યતાને = સમાનઅર્થાનુસારીતાને = અવિસંવાદીપણાને જેણે અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરેલ છે તે યોગી સતત આત્માનું દર્શન કરે છે. <— અને તેનાથી સમતાભાવના પ્રતિબંધક એવા શોકનો નાશ થાય છે. <u>મહોપનિષદ્માં</u> જણાવેલ છે કે —> ગુરુએ બતાવેલા અને શાસ્ત્રએ જણાવેલા માર્ગને અનુસારે તથા સ્વાનુભૂતિ મુજબ વિજ્ઞાનઘન બ્રહ્મતત્ત્વને વિશે પ્રવૃત્તિ કરતાં 'હું બ્રહ્મ જ છું.' - આ પ્રમાણે જાણીને મુનિ શોકથી રહિત થાય. <—આવી ત્રણ વિશેષતાથી યુક્ત યોગી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના વિશિષ્ટ ક્ષયોપશમથી અનુવિદ્ધ એવા સાનુબંધ લોકોત્તર સામ્ય ભાવને પ્રાપ્ત કરે છે. કેમ કે આત્મગુણાભ્યાસમાં અત્યંત જાગૃતિ વગેરેથી સામ્યભાવમાં પ્રતિબંધક એવા રાગ-દ્વેષ વગેરેનો વિલય થાય છે. રાગ વગેરેનો વિલય થાય તો જ સામ્યભાવની પ્રાપ્તિ સંભવી શકે. <u>યોગસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે - —> સર્વ ગમતી વસ્તુઓમાં રાગ[1] અને સર્વ અણગમતી વસ્તુઓમાં દ્વેષ[2], અપરાધ કરનાર વ્યક્તિ પર ક્રોધ[3], પારકા દ્વારા પોતાની જાતનો પરાભવ થાય ત્યારે અભિમાન[4], પારકાની કોઈ ચીજ મળી જાય તેમાં લોભ[5], બીજાને ઠગવામાં માયા[6], ઈષ્ટ વસ્તુ ચાલી જાય કે ઈષ્ટ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે શોક[7], ઈષ્ટ વસ્તુ મળે કે ઉત્પન્ન થાય ત્યારે હર્ષ[8], પાંચે ઈન્દ્રિયના અશુભ વિષયમાં અરતિ[9], શુભ વિષયમાં રતિ[10], ચોર વગેરેના ભય[11], જુગુપ્સિત વસ્તુઓને વિશે જુગુપ્સા[12], સ્ત્રીભોગને વિશે વેદોદય[13] જ્યારે વિલીન થાય ત્યારે મુનિને આંતરિક શુદ્ધિ લાવનાર સામ્યભાવરૂપી અમૃત પ્રગટ થાય છે. <— આ રીતે પાઠકવર્ગે વિચારવું. <u>(૪/૨)</u>

લોકોત્તર સામ્યયોગના પ્રભાવને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- સામ્યભાવથી યુક્ત એવા યોગી ક્યારેય પણ પરિષહોથી કે પ્રબળ ઉપસર્ગના યોગથી ચલાયમાન નથી જ થતા. પૃથ્વી ક્યારેય પણ પર્વતો વડે કે સમુદ્ર વડે વિપર્યાસને = અસ્થિરતાને પામતી નથી, કારણ કે તે અત્યંત સ્થિર છે. <u>(૪/૩)</u>

**स्थैर्याद्विपर्यासमुपैति जातु क्षमा न शैलैर्न च सिन्धुनाथैः ॥३॥**

क्षुत्पिपासादिभिः द्वाविंशतिभिः **परिषहैः प्रबलोपसर्गयोगाच्च** = अतिबलवतां देव-मनुष्य-तिर्यक्कृतानामुपसर्गाणां संयोगेन च **साम्ययुक्तः** = परिशुद्धसाम्ययोगशाली श्रीमहावीरस्वामिवत् **नैव चलति** = विह्वलीभवति, सच्चिदानन्दस्थैर्यात् । लौकिकं दृष्टान्तमाह —> **न जातु** = कदाचित् **क्षमा** = पृथिवी **स्थैर्यात्** हेतोः **शैलैः** = पर्वतैः **सिन्धुनाथैश्च** = महासमुद्रैश्च **विपर्यासं** = कम्पनादिलक्षणं विकारं **उपैति** = प्राप्नोति । तदुक्तं **महोपनिषदि** अपि —> यानि दुःखानि या तृष्णा दुःसहा ये दुराधयः । शान्तचेतस्सु तत् सर्वं तमोऽर्के इव नश्यति ॥ <— (४/२९) इति । ततश्च 'परिषहोपसर्गभयोद्वेगार्तिं साम्ययोगी नैती'ति प्राक् (४/१) सुष्ठूक्तम् ॥४/३॥

साम्ययोगात्कल्याणसिद्धिमावेदयति —> **'इत'** इति ।

**इतस्ततो नारतिवह्नियोगादुड्डीय गच्छेद्यदि चित्तसूतः ।**
**साम्यैकसिद्धौषधमूर्छितः सन् कल्याणसिद्धेर्न तदा विलम्बः ॥४॥**

यथा सिद्धौषधमूर्च्छितः = सिद्धाभिधानौषधरसेन तरलतारहितः सन् । सूतः = पारदः यदि वह्नियोगात् = तीव्रानलसंयोगात् उड्डीय इतस्ततः न गच्छेत् तदा कल्याणसिद्धेः = सुवर्णनिष्पत्तेः न विलम्बः तथा **चित्तसूतः** = पारदस्थानीयं मनः **साम्यैकसिद्धौषधमूर्च्छितः** = सिद्धौषधस्थानीयेन विशुद्धसाम्ययोगेन चञ्चलतारहितं **सत् यदि अरतिवह्नियोगात्** = वह्निस्थानीयाया बाह्याभ्यन्तरारतेः सम्बन्धात् **उड्डीय** = उत्प्लुत्य

## ❀ ઉપસર્ગ-પરિષહથી સામ્યયોગી ડગે નહિ ❀

**<u>ટીકાર્થ</u>** :- ભૂખ, તરસ વગેરે ૨૨ પરિષહોથી અને અત્યંત બળવાન એવા દેવ, મનુષ્ય તિર્યંચે કરેલા ઉપસર્ગોના સંયોગથી પરિશુદ્ધ સામ્યયોગવાળા યોગી, મહાવીરસ્વામી ભગવાનની જેમ, ચલાયમાન થતા નથી, વિહ્વળ થતા નથી. કારણ કે તે સત્ચિત્આનંદમાં સ્થિર થયેલા છે. આનું વ્યાવહારિક દૃષ્ટાંત બતાવતા ગ્રંથકારશ્રી કહે છે કે સ્થિર હોવાના કારણે પૃથ્વી ક્યારેય પણ પર્વતો વડે કે સમુદ્રો વડે કંપન વગેરે સ્વરૂપ વિકૃતિને પામતી નથી. <u>મહોપનિષદ્માં</u> જણાવેલ છે કે —> જેમ સૂર્યની હાજરીમાં સર્વ પ્રકારના અંધકાર નાશ પામે છે તેમ શાંતચિત્તવાળા યોગીઓને વિશે દુઃખો, દુઃસહ તૃષ્ણા, અને દુષ્ટ આધિ (વ્યાધિ, ઉપાધિ) ઓ નાશ પામે છે. <— તેથી 'સામ્યયોગી પરિષહ-ઉપસર્ગના ભયની કે ઉદ્વેગની પીડાને પામતા નથી.' - આ પ્રમાણે ચોથા અધિકારના પ્રથમ શ્લોકમાં અમે જે કહ્યું છે તે બરાબર જ કહ્યું છે. <u>(૪/૩)</u>

સામ્યયોગથી કલ્યાણની સિદ્ધિને ગ્રંથકારશ્રી જણાવે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- જો સામ્યભાવરૂપી સિદ્ધઔષધથી મૂર્ચ્છિત કરવામાં આવેલ મનરૂપી પારો અરતિરૂપી અગ્નિના યોગથી ઊડીને આમથી તેમ ન જાય તો કલ્યાણની (સુવર્ણની) સિદ્ધિમાં કોઈ વિલંબ ન થાય. <u>(૪/૪)</u>

## ❀ .... તો સુવર્ણસિદ્ધિ થાય ❀

**<u>ટીકાર્થ</u>** :- જેમ સિદ્ધઔષધ (રસાયણસિદ્ધિ)ના રસથી મૂર્ચ્છિત = ચંચળતારહિત થયેલ પારો જો તીવ્ર અગ્નિજ્વાલાના સંયોગથી ઊડીને આમથી તેમ ન જાય તો સુવર્ણસિદ્ધિ થતાં વાર ન લાગે. 'કલ્યાણ' શબ્દનો અર્થ સંસ્કૃતકોષની દૃષ્ટિએ સોનું અને હિત વગેરે થાય છે. દૃષ્ટાંતની અંદર કલ્યાણ શબ્દનો અર્થ સુવર્ણ અને દાર્ષ્ટાન્તિકમાં

**इतस्ततः न गच्छेत् तदा कल्याणसिद्धेः**=आत्महितनिष्पत्तेः **न विलम्बः**=नैव कालक्षेपः स्यात् ॥४/४॥

नन्वस्तु प्रतिकूलोपसर्गादिष्वरत्यभावः साम्ययोगजुषां, किन्त्वनुकूलोपसर्गादिषु रतिभावः स्यान्न वा ? इत्याशङ्कायामाह —> 'अन्तर्निमग्न' इति ।

**अन्तर्निमग्नः समतासुखाब्धौ, बाह्ये सुखे नो रतिमेति योगी ।**
**अटत्यटव्यां क इवार्थलुब्धो, गृहे समुत्सर्पति कल्पवृक्षे ॥५॥**

**समतासुखाब्धौ** = साम्यानन्दसागरे **अन्तर्निमग्नः योगी बाह्ये** = पौद्गलिके कर्मोदयजन्यत्वेन वस्तुतो दुःखात्मके **सुखे** = विषयोपभोगे **नो रतिं** आभिमानिकानन्दबुद्धिं **एति** = प्राप्नोति । विषयेषु सुखबुद्धिर्हि रतिमोहनीयजन्या, तदुक्तं रतिमोहनीयमधिकृत्य **वैराग्यरतौ** —> अस्याः प्रभावात् प्रथते जनानां दुःखात्मभोगेषु सुखाभिमानः <— (४/६१८) । अस्याः = रतिमोहप्रकृतेः । योगिनो हि रतिमोहनीयाभिधानायाः कर्मप्रकृतेः क्षीणप्रायत्वात् साम्यसुखोपलम्भाच्च न समायातेषु विषयोपभोगेषु तादृशी रतिः । निदर्शनेनेदं विशदयति —> **गृहे** = निजगृहाङ्गणे **कल्पवृक्षे** = मनोवांछितदायके देवाधिष्ठिते कल्पाभिधाने वृक्षे **समुत्सर्पति** = वर्धमाने सति **अर्थलुब्धः** = धनाऽऽसक्तो जनः, **क इव, अटव्यां** = अरण्ये धनार्थं **अटति** = भ्रमति ? नैवाटतीत्यर्थः । चतुर्थ-पञ्चमकारिकोक्तरीत्या रत्यरतिशून्य एव योगी परैः 'शान्त'

તેનો અર્થ આત્મહિત કરવો. મન પારા જેવું ચંચળ છે. સિદ્ધઔષધતુલ્ય વિશુદ્ધ સામ્યયોગથી મનરૂપી પારો જો ચંચળતા રહિત થાય અને અગ્નિસ્થાનીય બાહ્ય-અભ્યંતર અરતિના સંબંધથી કૂદીને આમથી તેમ ચાલી ન જાય તો આત્મહિતની સિદ્ધિ થવામાં કાળક્ષેપ ન થાય. અર્થાત્ સમતા + સ્થિરતા = શીઘ્રમોક્ષપ્રાપ્તિ. (૪/૪)

"પ્રતિકૂળ ઉપસર્ગ વગેરેમાં સામ્યયોગીને અરતિભાવ ભલે ન આવે. પરંતુ અનુકૂળ ઉપસર્ગ વગેરેમાં તેને રતિભાવ કેમ ન આવે ?" આવા પ્રશ્નના ઉત્તરમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

**શ્લોકાર્થ** :- સમતાના સુખના સાગરની અંદર ડૂબકી લગાવનાર યોગી બાહ્ય સુખમાં રતિ પામતા નથી. ઘરમાં કલ્પવૃક્ષ મોટું થતું હોય ત્યારે કોણ ધનલંપટ માણસ જંગલમાં ભટકે ? (૪/૫)

## ❀ અનુકૂળ ઉપસર્ગમાં પણ યોગી અલિપ્ત ❀

**ટીકાર્થ** :- સમતાના આનંદસાગરમાં અંદર ડૂબકી લગાવેલ યોગી બાહ્ય પૌદ્ગલિક વિષયોપભોગમાં રતિને પામતા નથી. અહીં ગ્રંથકારશ્રીએ 'સુખ' શબ્દથી વિષયોપભોગનું સૂચન કરેલ છે. વિષયનો ભોગવટો વ્યવહારથી સુખરૂપ હોવા છતાં પણ કર્મોદયથી જન્ય હોવાના કારણે વાસ્તવમાં દુઃખસ્વરૂપ જ છે. સુખ તો આત્માનુભૂતિ છે. આદીશ્વર ભગવાનના સ્તવનમાં જણાવેલ છે કે —> કર્મજનિત સુખ તે દુઃખ રૂપ, સુખ તે આતમ ઝાંખ <— વિષયના ભોગવટામાં આભિમાનિક સુખબુદ્ધિ એ રતિ કહેવાય છે. તેવી બુદ્ધિ રતિમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. રતિમોહનીય કર્મને ઉદ્દેશીને વૈરાગ્યરતિ ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> રતિમોહનીય પ્રકૃતિના પ્રભાવથી લોકોને દુઃખાત્મક એવા વિષયભોગોમાં સુખનું અભિમાન થાય છે. <— પારમાર્થિક યોગીઓને રતિ નામની નોકષાયસ્વરૂપ કર્મપ્રકૃતિ ક્ષીણપ્રાય થયેલી હોય છે, તથા સમતાસુખની પ્રાપ્તિ થયેલી હોય છે - આ બે કારણે તેઓને આવી પડેલા વિષયોના ઉપભોગમાં તેવી રતિ ઉત્પન્ન થતી નથી. દૃષ્ટાંત દ્વારા આની સ્પષ્ટતા ગ્રંથકારશ્રી કરે છે. મનોવાંછિતદાયક અને દેવથી અધિષ્ઠિત એવું કલ્પવૃક્ષ પોતાના ઘરના આંગણામાં મોટું થતું હોય ત્યારે કોણ ધનલંપટ માણસ પૈસા માટે જંગલમાં ભટકે ? અર્થાત્ ન જ ભટકે. તે જેમ ધન માટે વનભ્રમણ

इति कथ्यते । तदुक्तं **महोपनिषदि** —> श्रुत्वा स्पृष्ट्वा च भुक्त्वा च दृष्ट्वा ज्ञात्वा शुभाशुभम् । न हृष्यति ग्लायति यः स शान्त इति कथ्यते ।। (४/३२) तुषारकरबिम्बाच्छं मनो यस्य निराकुलम् । मरणोत्सवयुद्धेषु स शान्त इति कथ्यते ।। <— (६/३३) इति ।।४/५।।

योगिनः साम्यरमणतामाह —> **'यस्मिन्नि'**ति ।

**यस्मिन्नविद्यार्पितबाह्यवस्तु-विस्तारजभ्रान्तिरुपैति शान्तिम् ।**
**तस्मिंश्चिदेकार्णवनिस्तरङ्ग-स्वभावसाम्ये रमते सुबुद्धिः ।।६।।**

**यस्मिन्** स्वभावसाम्ये **अविद्याऽर्पितबाह्यवस्तुविस्तारजभ्रान्तिः** = मिथ्याज्ञानोपहिता बहिरङ्गपौद्गलिक-वस्तुस्तोमगोचरविकल्पजन्या 'बहिःसुखमि'ति विभ्रान्तिः **शान्तिं** = शमं **उपैति** = प्राप्नोति । तदुक्तं **शुभचन्द्रेण ज्ञानार्णवे** —> आशाः सद्यो विपद्यन्ते यान्त्यविद्याः क्षयं क्षणात् । म्रियते चित्तभोगीन्द्रो यस्य सा साम्यभावना ।। <— (२४/११) इति । **तस्मिन् चिदेकार्णवनिस्तरङ्गस्वभावसाम्ये** = समुद्र-स्थानीयस्य अद्वितीयविशुद्धज्ञानौघस्य यः तरलतरङ्गस्थानीयविकल्पशून्यः स्वभावः तदात्मके साम्ये **सुबुद्धिः** = प्राज्ञो योगी **रमते** = क्रीडति । अत एव स न पुनः पुनरावर्तते भवम् । तदुक्तं **महोपनिषदि** —> समता सर्वभावेषु याऽसौ सत्यपरा स्थितिः । तस्यामवस्थितं चित्तं न भूयो जन्मभाग्भवेत् ।। <— (६/

---

ન કરે તેમ સામ્યયોગી સુખ માટે વિષયરતિ ન કરે. ૪ થા અને ૫ મા શ્લોકમાં જણાવ્યા મુજબ રતિ અને અરતિથી રહિત એવા જ યોગીને અન્યદર્શનકારો શાંત કહે છે. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> સારા કે ખરાબ વિષયને સાંભળીને, સ્પર્શીને, ભોગવીને, જોઈને જે આનંદ પામતો નથી કે ગ્લાનિ પામતો નથી તે શાંત કહેવાય છે. ચંદ્રના બિંબ જેવું જેનું મન નિર્મળ છે તેમ જ મરણ, ઉત્સવ કે યુદ્ધમાં પણ જેનું મન આકુળ-વ્યાકુળ થતું નથી તે શાંત કહેવાય છે. <— <u>(૪/૫)</u>

યોગીની સામ્યભાવની રમણતાને જણાવતા ગ્રંથકારશ્રી કહે છે.

**<u>શ્લોકાર્થ</u> :-** અવિદ્યાથી અર્પિત એવા બાહ્ય વસ્તુના વિસ્તારથી ઉત્પન્ન થયેલી ભ્રાન્તિ જેમાં શાન્તિને પામે છે એવા જ્ઞાનસમુદ્રના નિષ્તરંગસ્વભાવ સ્વરૂપ સામ્યમાં સુબુદ્ધિ રમણ કરે છે. <u>(૪/૬)</u>

## ❀ સામ્યયોગ ભ્રમણા દૂર કરે ❀

**<u>ટીકાર્થ</u> :-** અનાદિ કાળથી જીવમાં રહેલ મિથ્યાજ્ઞાનથી બાહ્ય પૌદ્ગલિક વસ્તુના ઢગલાઓ વિશેના વિકલ્પથી "બહારમાં સુખ છે"- આવી ભ્રાન્તિ થતી હોય છે. આવી ભ્રમણા આત્મસ્વભાવ સ્વરૂપ સામ્યભાવ પ્રાપ્ત થાય ત્યારે દૂર થાય છે. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં <u>શુભચન્દ્રજીએ</u> જણાવેલ છે કે —> જે વ્યક્તિ પાસે સામ્યભાવ હોય છે તેની આશાઓ તાત્કાલિક નાશ પામે છે, અવિદ્યા = મિથ્યાજ્ઞાન ક્ષણવારમાં ક્ષય પામે છે, અને મનરૂપી ફણીધર નાગ મરણને શરણ થાય છે. <— અદ્વિતીય વિશુદ્ધ જ્ઞાનધારા સમુદ્રતુલ્ય છે. તેમાં ઉત્પન્ન થતા ચંચળ તરંગો = વિકલ્પ સમજવા. આવા વિકલ્પથી રહિત સ્વભાવાત્મક સામ્યભાવમાં પ્રાજ્ઞ યોગી રમે છે. માટે જ તેવા યોગી વારંવાર દેહધારણ કરીને ભવભ્રમણ કરતા નથી. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> સર્વ ભાવોને વિશે જે સમતા છે તે પારમાર્થિક સત્યનિષ્ઠ આત્મસ્થિતિ જાણવી. તેમાં રહેલું મન ફરીથી જન્મને ધારણ કરતું નથી. <— તે વખતે અદ્વિતીય સુખની અનુભૂતિ યોગીને થાય છે. <u>જ્ઞાનાર્ણવમાં શુભચન્દ્રજીએ</u> જણાવેલ છે કે —> રાગરહિત એવા મુનિને પ્રશમભાવપૂર્વકનું જે સુખ હોય છે તેનો અનંતમો

४) इति । तदा चाऽनुत्तरसुखानुभवः । तदुक्तं **ज्ञानार्णवे शुभचन्द्रेण** —> यत्सुखं वीतरागस्य मुनेः प्रशमपूर्वकम् । न तस्यानन्तभागोऽपि प्राप्यते त्रिदशेश्वरैः ॥ <— (२१/३) इति । **ज्ञानसारे**ऽपि—> सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो । भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ॥ <— (१०/८) इत्युक्तम् । 'बहिःसुखमि'ति भ्रान्तिं प्रति अविद्या प्रधानं कारणं, बाह्यवस्तुविकल्पो निमित्तकारणं, बाह्यं च वस्तु सहकारिकारणम् । भ्रान्तिश्च तत्कार्यम् । व्यवहारतो बाह्यवस्तुत्यागे एवादौ यत्नः कार्यः । तदसत्त्वे न भ्रमसम्भवः न वा तन्निमित्तदुःखोदयः । तदुक्तं **याज्ञवल्क्योपनिषदि** —> यस्य स्त्रीस्तस्य भोगेच्छा निःस्त्रीकस्य क्व भोगभूः । स्त्रियं त्यक्त्वा जगत् त्यक्तं जगत् त्यक्त्वा सुखी भवेत् ॥१४॥ <—इति । किन्तु प्रबलाविद्यावशतो बाह्यवस्तुविरहेऽपि बाह्येन्द्रियोपरमेऽपि कस्यचित् तद्विकल्पोदयस्सम्भवत्येव । स हि मिथ्याचार उच्यते । तदुक्तं **भगवद्गीतायां** —> कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् । इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ <— (३/६) इति । बाह्यवस्तुषु स्वत्वपरत्वविकल्पेन विभ्रान्तिरुपजायते । तदुक्तं **समाधिशतके पूज्यपादस्वामिना** —> स्व-पराध्यवसायेन देहेष्वविदितात्मनाम् । वर्तते विभ्रमः पुंसां पुत्र-भार्यादिगोचरः ॥११॥ अविद्यासंज्ञितः तस्मात् संस्कारो जायते दृढः । येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ॥१२॥ <— इति । यदा —> भिन्नाः प्रत्येकमात्मानो विभिन्नाः पुद्गला

---

**ભાગ ઈન્દ્ર પણ પામી શકતા નથી. <— <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં જણાવેલ છે કે —> વિષયથી અતૃપ્ત એવા ઈન્દ્ર કે ઉપેન્દ્ર વગેરે પણ સુખી નથી, માત્ર જ્ઞાનથી તૃપ્ત અને મોહની મલિનતાથી રહિત થયેલ ભિક્ષુ = મુનિ જ જગતમાં સુખી છે. <— અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે "બહારમાં સુખ છે." - આવી ભ્રાન્તિ પ્રત્યે અવિદ્યા એ પ્રધાન કારણ છે. બાહ્ય વસ્તુ એ સહકારી કારણ છે, ને બાહ્ય વસ્તુમાં ઈષ્ટપણા અને અનિષ્ટપણાનો વિકલ્પ એ નિમિત્ત કારણ છે. ઉપરોક્ત ભ્રાન્તિ એ તેનું કાર્ય છે. વ્યવહારથી તો પ્રારંભમાં બાહ્ય વસ્તુના ત્યાગમાં જ પ્રયત્ન કરવો. તે ન હોય તો ભ્રમ થવાનો સંભવ જ નથી. અથવા તો તન્નિમિત્તક દુ:ખનો ઉદય ન થાય. <u>યાજ્ઞવલ્ક્ય</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> જેને સ્ત્રી હોય તેને ભોગની ઈચ્છા થાય. જેને સ્ત્રી જ નથી તેને ભોગનું સાધન જ ક્યાં રહ્યું ? માટે સ્ત્રીને છોડીને જીવે જગત છોડ્યું. અને જગત છોડીને જીવ સુખી થાય. <— પરંતુ પ્રબળ અવિદ્યાના કારણે બાહ્ય વસ્તુ ન હોવા છતાં પણ બાહ્ય ઈન્દ્રિયોની પ્રવૃત્તિ ન હોવા છતાં પણ કોઈકને બાહ્ય વસ્તુની આસક્તિ = મૂર્ચ્છા સંભવે જ છે. તેવો જીવ મિથ્યાચાર કહેવાય છે. <u>ભગવદ્‌ગીતા</u>માં જણાવેલ છે કે —> હાથ, પગ વગેરે કર્મેન્દ્રિયોને વશ કરી મન વડે ઈન્દ્રિયના વિષયોનું જે વિમૂઢ આત્મા ચિંતન-સ્મૃતિ કરતો રહે છે તે મિથ્યાચારી = ઢોંગી કહેવાય છે. <— બાહ્ય વસ્તુમાં પોતાપણાના કે પારકાપણાના વિકલ્પથી ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે. <u>સમાધિશતકમાં</u> <u>પૂજ્યપાદસ્વામીએ</u> જણાવેલ છે કે —> પોતાના આત્માને નહિ જાણનાર એવા પુરૂષોને શરીરમાં પોતાપણાની અને પારકાપણાની બુદ્ધિ ઉત્પન્ન થવાના કારણે પુત્ર, પત્ની વગેરે સંબંધી ભ્રમ પ્રવર્તે છે. (અર્થાત્ પત્ની વગેરેમાં સુખ-દુ:ખપણાની બુદ્ધિ પ્રવર્તે છે.) તેના કારણે અવિદ્યા નામનો સંસ્કાર દૃઢ થાય છે. જેના કારણે લોકો પોતાના શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે. અર્થાત્ 'શરીર એ જ હું છું.' - એવી આભિમાનિક બુદ્ધિ તેનાથી ઉત્પન્ન થાય છે. <— 'દેહ, મન, વચન, પુદ્‌ગલ થકી કર્મથી ભિન્ન તુજ રૂપ રે' - આ પ્રમાણે <u>અમૃતવેલની</u> સજ્ઝાયમાં જે જણાવેલ છે તેની અનુભૂતિ કરવી તે તાત્ત્વિક અનુભૂતિ છે. <u>અધ્યાત્મસાર</u>માં**

अपि । शून्यः संसर्ग इत्येवं यः पश्यति स पश्यति ॥ <— (८/२१) इत्येवं **अध्यात्मसारानुसारेण** विवेकदृष्टिबलात् अद्वितीयनिर्विकल्पज्ञानमयसाम्यानुभूतिर्जायते तदा न भ्रान्तिसम्भवः । तदुक्तं **महोपनिषदि** —> शुद्धसन्मात्रसंवित्तेः स्वरूपान्न चलन्ति ये । राग-द्वेषादयो भावास्तेषां नाऽज्ञत्वसम्भवाः ॥ <— (५/३) ततश्च प्राज्ञो योगी निरुक्तसाम्य एव रमते ॥४/६॥

साम्ययोगः कदा प्रथते ? इत्याह —> 'शुद्धे'ति ।

**शुद्धात्मतत्त्वप्रगुणा विमर्शाः, स्पर्शाख्यसंवेदनमादधानाः ।**
**यदान्यबुद्धिं विनिवर्तयन्ति, तदा समत्वं प्रथतेऽवशिष्टम् ॥७॥**

**यदा** = यत्कालावच्छेदेन **शुद्धात्मतत्त्वप्रगुणाः** = निर्मलं यत् आत्मतत्त्वं तदभिव्यक्तिं प्रति प्रकर्षेणानुगुणाः ये **विमर्शाः** = परामर्शाः **स्पर्शाख्यसंवेदनं** = अनारोपितात्मस्वरूपोपलब्धिस्वरूप-स्पर्शयोगाभिधानमनुभवं **आदधानाः** = उपदधानाः **अन्यबुद्धिं** = परपदार्थेषु अविद्यार्पितकर्तृत्व-भोक्तृत्व-ममत्वगोचरां धियं **विनिवर्तयन्ति** = विशेषेण नाशयन्ति **तदा अवशिष्टं समत्वं** = साम्यं **प्रथते** = विस्तरति, स्पर्शयोग-

---

કહ્યું છે કે —> "દરેક આત્માઓ ભિન્ન ભિન્ન છે. પુદ્ગલો પણ આત્માથી ભિન્ન છે. આત્મા અને પુદ્ગલનો સંબંધ પણ શૂન્ય સ્વરૂપ છે અર્થાત્ અપારમાર્થિક = વ્યાવહારિક છે." - આ પ્રમાણે જે જુએ છે તે જ વાસ્તવમાં જુએ છે <— અર્થાત્ શરીર અને આત્માનું ભેદજ્ઞાન તે જ સમ્યગ્ જ્ઞાન છે. જ્યારે ઉપરોક્ત <u>અધ્યાત્મસાર</u> ગ્રંથને અનુસારે ઉત્પન્ન થયેલ વિવેકદષ્ટિના બળથી અદ્વિતીય નિર્વિકલ્પક જ્ઞાનમય સામ્યની અનુભૂતિ થાય છે ત્યારે "સુખ બહારમાં રહેલું છે." ઈત્યાદિ ભ્રાન્તિનો સંભવ નથી. <u>મહોપનિષદ્</u>માં જણાવેલ છે કે —> શુદ્ધ સત્ માત્ર સ્વરૂપનું સંવેદન કરવાના લીધે જેઓ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતા નથી તેઓને અજ્ઞાનથી ઉત્પન્ન થનારા રાગ-દ્વેષ વગેરે ભાવો સંભવી શકતા નથી.<— તેથી પ્રાજ્ઞ એવા યોગી પ્રસ્તુત સામ્યભાવમાં જ રમણ કરે. <u>(૪/૬)</u>

સામ્યયોગ ક્યારે પ્રગટ થાય ? તેનો જવાબ આપતા ગ્રંથકારશ્રી કહે છે કે -

<u>**શ્લોકાર્થ**</u> :- સ્પર્શ નામના સંવેદનને ઉત્પન્ન કરતા અને શુદ્ધ આત્મતત્ત્વને પુષ્ટ કરનાર એવા પરામર્શો જ્યારે અન્ય બુદ્ધિને દૂર કરે ત્યારે બાકી રહેલ સમત્વભાવ ફેલાય છે. <u>(૪/૭)</u>

## ❀ ..... તો સમત્વભાવ પ્રગટ થાય ❀

<u>**ટીકાર્થ**</u> :- નિર્મળ એવા આત્મતત્ત્વની અભિવ્યક્તિ પ્રત્યે જે પ્રકૃષ્ટ રીતે અનુકૂળ છે એવા વિમર્શ = પરામર્શ = યથાર્થ નિશ્ચય જ્યારે સ્પર્શ નામના અર્થાત્ નિરૂપાધિક આત્મસ્વરૂપની ઉપલબ્ધિ સ્વરૂપ સ્પર્શ યોગ નામના અનુભવને ઉત્પન્ન કરે છે અને પરપદાર્થોમાં અવિદ્યાજનિત કર્તૃત્વ-ભોક્તૃત્વ-મમત્વ વગેરે સંબંધી બુદ્ધિને ઉખેડીને ફેંકી દે છે ત્યારે આત્મામાં બાકી રહી ગયેલો સમત્વભાવ ચારે બાજુ ફેલાય છે. કારણ કે સ્પર્શયોગ વિના વિલંબે પોતાના ફળને પ્રાપ્ત કરાવે છે. કહેવાનો આશય એ છે કે અનાદિ કાળથી મિથ્યાત્વપ્રયુક્ત વિપર્યાસના કારણે દેહમાં આત્મપણાની બુદ્ધિ અને પત્ની, પરિવાર વગેરેમાં મમત્વપણાની બુદ્ધિ થતી હોય છે. જ્યારે શાસ્ત્ર, ગુરૂઉપદેશ અને સ્વાનુભૂતિ અનુસારે આત્મતત્ત્વનો વિચાર કરવામાં આવે છે તથા આત્મા વિશુદ્ધ બને તેવી યથાર્થ દઢ વિચારસરણી પુરૂષાર્થથી પ્રવૃત્ત થાય છે ત્યારે નિરૂપાધિક આત્મસ્વરૂપને સાધક સ્પર્શે છે. જે સંવેદન દ્વારા વિશુદ્ધ આત્મસ્વરૂપનો સ્પર્શ થાય તે સ્પર્શ નામનું અનુભવ જ્ઞાન કહેવાય છે. અનુભૂતિવિષયીભૂત આત્માની શુદ્ધિ તે જ સ્પર્શજ્ઞાનથી વધવાને લીધે કર્તૃત્વ-ભોક્તૃત્વ બુદ્ધિ તેમજ પત્ની વગેરેમાં મમત્વ બુદ્ધિ,

स्याऽविलम्बेन स्वफलसाधकत्वात् । अस्पर्शाख्यं ज्ञानं तु कथञ्चिद्वस्तुग्राहित्वेऽपि प्रमाणपरिच्छेद्यसम्पूर्णार्थाग्राहित्वेनाऽनिश्चितं तत्त्वपरामर्शशून्यं ज्ञानमात्रम् । तदुक्तं **षोडशके** —> स्पर्शस्तत्तत्त्वाप्तिः संवेदनमात्रमविदितं त्वन्यत् । वन्ध्यमपि स्यादेतत्स्पर्शस्त्वक्षेपतत्फलदः ॥ <— (१२/१५) इति । इदमेव समत्वं परैः परमामृतमुच्यते । तदुक्तं **महोपनिषदि** —> तस्मान्नित्यमकर्ताऽहमिति भावनयेद्धया । परमामृतनाम्ना सा समतैवावशिष्यते ॥ <— (४/१६) इति । तत्प्राप्तावेव श्रुत-श्रामण्ययोगपरिश्रमः सफलः ॥४/७॥

समत्वं सामायिकनवनीतमित्याशयेनाह —> '**विने**'ति ।

**विना समत्वं प्रसरन्ममत्वं, सामायिकं मायिकमेव मन्ये ।**
**आये समानां सति सद्गुणानां, शुद्धं हि तच्छुद्धनया विदन्ति ॥८॥**

**समत्वं** = अविद्योपकल्पितेष्टत्वानिष्टत्वसंज्ञापरिहारेण शुभाशुभानां विषयाणां तुल्यताभावनं **विना ममत्वं** = बाह्ये वस्तुनि औदयिकभावे वा 'इदं मदीयमि'ति स्वपक्षपातभावनं **प्रसरत् सामायिकं मायिकं** = मिथ्या इति अहं **मन्ये** । तदुक्तं **ज्ञानार्णवे**ऽपि —> चित्तशुद्धिमनासाद्य मोक्तुं यः सम्यगिच्छति ।

---

શરીરને વિશે સ્વત્વ (પોતાપણાની) બુદ્ધિ નિવૃત્ત થાય છે. સ્પર્શજ્ઞાનનું પરિશીલન સતત ચાલતું રહે તો કર્તૃત્વ-ભોક્તૃત્વ-સ્વત્વ-મમત્વ વગેરે સંબંધી બુદ્ધિથી ઉત્પન્ન થયેલા ચિરકાલીન કુસંસ્કારો પણ નાશ પામે છે. તેવી અવસ્થામાં અપ્રતિપાતી સામ્યભાવ યોગીને પ્રાપ્ત થાય છે. આ રીતે સ્પર્શયોગ અમોઘ યોગ જાણવો. અસ્પર્શ નામનું જ્ઞાન તો વસ્તુના ઉપલકીયા બોધસ્વરૂપ હોવાના લીધે પ્રમાણથી સંપૂર્ણપણે જાણી શકાય તે રીતે અર્થનો નિશ્ચય કરતું નથી. તે તત્ત્વપરામર્શથી શૂન્ય, માત્ર બૌદ્ધિક કક્ષાનું જ્ઞાન કહેવાય. <u>ષોડશક</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> તત્ત્વની પ્રાપ્તિ = સ્પર્શ. તે સિવાયનું જ્ઞાન તો વસ્તુનિશ્ચય વિનાનું માત્ર બોધસ્વરૂપ જ છે. તે નિષ્ફળ પણ હોઈ શકે છે. જ્યારે સ્પર્શ જ્ઞાન તો તાત્કાલિક પોતાનું ફળ આપનાર છે. <— કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરેની બુદ્ધિ નિવૃત્ત થવાથી જે સમત્વભાવ પ્રગટ થાય છે તેને અન્યદર્શનકારો 'પરમ અમૃત' કહે છે. <u>મહોપનિષદ્માં</u> જણાવેલ છે કે —> 'હું હંમેશા અકર્તા છું' આ પ્રમાણેની સમૃદ્ધ ભાવનાથી પરમ અમૃત નામની તે સમતા જ બાકી રહે છે. <— તે સમત્વ ભાવ પ્રાપ્ત થાય તો જ શ્રુત, શ્રામણ્ય (સંયમ) વગેરે યોગોનો પરિશ્રમ સફળ થાય છે. <u>(૪/૭)</u>

'સમત્વભાવ એ જ સામાયિકનું નવનીત - અર્ક-હાર્દ છે.' એવા આશયથી ગ્રંથકારશ્રી ફરમાવે છે કે—>

**<u>શ્લોકાર્થ</u>** :- સમત્વભાવ વિનાના અને મમત્વને ફેલાવતા એવા સામાયિકને હું માયાવી જ માનું છું. સદ્ગુણોનો લાભ થાય તો જ સામાયિક શુદ્ધ હોય છે તેવું શુદ્ધ નયો જાણે છે. <u>(૪/૮)</u>

## ❖ સમતા વિના સામાયિક મિથ્યા ❖

**<u>ટીકાર્થ</u>** :- શુભ કે અશુભ વિષયોમાં અવિદ્યાથી કલ્પેલી ઈષ્ટપણાની કે અનિષ્ટપણાની સંજ્ઞાને દૂર કરી સમાન રીતે ભાવના રાખવી તે સમત્વ ભાવ છે. તથા બાહ્ય વસ્તુમાં કે ઔદયિકભાવમાં 'આ મારૂં છે.' - એવી પોતાની પક્ષપાતભાવના મમત્વભાવ કહેવાય છે. 'સમત્વ ભાવને ફેલાવવાને બદલે આવા મમત્વ ભાવને ફેલાવનાર સામાયિક મિથ્યા છે' એમ હું (ગ્રંથકારશ્રી) માનું છું. <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે -—> ચિત્તશુદ્ધિને પામ્યા વિના જે સમ્યગ્ રીતે કર્મમુક્ત થવા ઈચ્છે છે તે કેવલ મૃગજળની નદીમાં પાણી પીએ છે. <— આવા જ અભિપ્રાયથી <u>મૈત્રેયી</u> ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> દ્રવ્ય માટે, અન્ન માટે, વસ્ત્ર

मृगतृष्णातरङ्गिण्यां स पिबत्यम्बु केवलम् ॥ <— (२२/१९) इति । इदमेवाभिप्रेत्य **मैत्रेय्युपनिषदि** अपि —> द्रव्यार्थमन्नवस्त्रार्थं यः प्रतिष्ठार्थमेव वा । संन्यसेदुभयभ्रष्टः स मुक्तिं नाप्तुमर्हति ॥ <— (२/२०) इत्युक्तम् । युक्तश्चैतत्, ममतायाः सर्वगुणनाशकत्वात् । तदुक्तं **अध्यात्मसारे** —> कष्टेन हि गुणग्रामं प्रगुणीकुरुते मुनिः । ममताराक्षसी सर्वं भक्षयत्येकहेलया ॥ <— (८/३) ततश्च ममत्वत्यागे एव यत्नः कार्यः । न हि मुण्डनमात्रात् सामायिकं शुद्धमाविर्भवति । तदुक्तं **उत्तराध्ययने** —> न वि मुंडिएण समणो, न ओंकारेण बंभणो । न मुणी रण्णवासेण, कुसचीरेण न तापसो ॥ <— (२५/३०) इति । समभावरहितस्य बाह्यक्रियाकलापाऽऽसेवनस्य सत्फलत्वाऽयोगात्, पश्वादावपि तदुपलब्धेः । तदुक्तं —> ज्वालाभिः शलभाः जलैर्जलचराः स्फूर्जज्जटाभिर्वटाः मौण्ड्यैरूरणकाः समस्तपशवो नाग्न्यैः खरा भस्मभिः । कष्टाङ्गीकरणैर्द्रुमाः शुकवराः पाठैर्बका ध्यानकैः, किं सिध्यन्ति न भावशुद्धिविकलास्स्युः चेत् क्रियाः सत्फलाः ॥ <— ( ) इति । **उपदेशमालायामपि** —> किं लिंगविड्डरीधारणेण कज्जम्मि अट्ठिए ठाणे । राया न होइ सयमेव धारयं चामराडोवे ॥४३६॥ <— इत्युक्तम् । **मृच्छकटिके शूद्रके**णापि —> शिरो मुण्डितं तुण्डं चित्तं न मुण्डितं किं मुण्डितम् ? यस्य पुनश्चित्तं मुण्डितं साधु सुष्ठु शिरस्तस्य मुण्डितम् ॥ <— (६/३) इत्युक्तम् । **षोडशके**ऽपि —> बाह्यलिङ्गमसारं तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः । धारयति कार्य-

---

માટે, કે કેવલ પ્રતિષ્ઠા એટલે કે યશ-કીર્તિ માટે સંસારનો ત્યાગ કરે છે તે સંસાર અને સંયમથી = ઉભયથી ભ્રષ્ટ થયેલો જાણવો. તેવો જીવ મોક્ષ પ્રાપ્ત કરવાને યોગ્ય નથી. <— આ વાત વ્યાજબી છે, કેમ કે અન્ન, વસ્ત્ર, નામના (=યશ-કીર્ત્તિ) વગેરેની મમતા સર્વ ગુણોનો નાશ કરે છે. તેના લીધે મોક્ષમાં જવાનું સામર્થ્ય તેવો જીવ પામી શકતો નથી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> (સ્વાધ્યાય-તપ-ત્યાગ-તિતિક્ષા-પરિષહસહન-વિહાર-લોચ વગેરેમાં) મહેનત કરીને મુનિ ગુણોના સમુદાયને પ્રકૃષ્ટ બનાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે બધા ગુણસમુદાયને મમતારૂપી રાક્ષસી ક્ષણવારમાં ખાઈ જાય છે. <— માટે મમતાના ત્યાગમાં જ પ્રયત્ન કરવો જોઈએ. કેવળ માથું મુણ્ડાવવાથી શુદ્ધ સામાયિક પ્રગટ થતું નથી. <u>ઉત્તરાધ્યયનસૂત્રમાં</u> જણાવેલ છે કે —> માત્ર માથું મુણ્ડાવવાથી શ્રમણ થવાતું નથી, માત્ર ૐકારના જાપથી બ્રાહ્મણ થવાતું નથી, અરણ્યવાસથી કોઈ મુનિ થતું નથી, અને ઘાસના વસ્ત્ર પહેરવાથી કોઈ તાપસ થતું નથી. <— સમભાવરહિતપણે બાહ્ય ક્રિયાકલાપનું આસેવન કરવાથી સત્ફળ પ્રાપ્ત થતું નથી, કારણ કે પશુ વગેરેમાં પણ બાહ્ય ક્રિયાકલાપનું સેવન દેખાય છે. કહેવાય છે કે —> જો ભાવશુદ્ધિશૂન્ય ક્રિયા સત્ફળને આપે તો અગ્નિજ્વાળામાં પડવા દ્વારા પતંગિયાઓ, જીવનભર (ગંગા નદી વગેરેના) પાણીમાં પડ્યા રહેવાથી જળચર પ્રાણીઓ, ઘટાદાર જટાઓ વડે વડલાઓ, મુંડન કરાવવાથી ઘેટાઓ, નગ્નતાના લીધે સર્વ પશુ-પંખીઓ, રાખમાં આળોટવાના લીધે ગધેડાઓ, ઠંડી-ગરમી વગેરે કષ્ટ સહન કરવાના લીધે વૃક્ષો, શાસ્ત્રપાઠ કરવા દ્વારા પોપટ વગેરે, ધ્યાન દ્વારા બગલાઓ, શા માટે સિદ્ધ થતા નથી ? <— <u>ઉપદેશમાલામાં</u> પણ જણાવેલ છે કે —> પોતાને યોગ્ય કાર્યમાં જે વ્યવસ્થિત ન હોય તે વ્યક્તિએ કેવલ સાધુવેષ ધારણ કરવાથી સર્યું. માથે છત્ર ધારણ કરવાથી કે ચામર વિંઝાવવાથી કોઈ સ્વયં રાજા થઈ જતો નથી. <— <u>મૃચ્છકટિક</u> ગ્રંથમાં <u>શૂદ્રક</u> નામના કવિએ જણાવેલ છે કે —> જેણે માથું મુણ્ડાવ્યું પણ મન ન મુણ્ડાવ્યું તો તેણે શું મુણ્ડાવ્યું ? જેણે મન મુણ્ડાવ્યું તેણે માથું મુણ્ડાવ્યું હોય તો તે સાચું. <— <u>ષોડશક</u> પ્રકરણમાં પણ જણાવેલ છે કે —> કેવલ બાહ્ય વેષ અસાર છે. બાહ્યલિઙ્ગ ધારણ કરવા

वशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥ <— (१/४) इत्युक्तम् । यथा चैतत्तत्वं तथा विस्तरतोऽभिहितमस्माभिः **कल्याणकन्दल्य**भिधानायां तट्टीकायाम् ।

तर्हि कीदृक् शुद्धं सामायिकमित्याशङ्कायामाह —> **समानां** = कर्मोदयप्रयुक्तवैषम्यरहितानां मोहनीयविलयनियतानां **सद्गुणानां** = आत्मगुणानां **आये** = लाभे **सति हि** = एव **तत्** सामायिकं **शुद्धं** इति **शुद्धनयाः** = आत्मस्पर्शिपरमनयविदो **विदन्ति** = जानन्ति । तदुक्तं **श्रीमलयगिरिसूरिभिः आवश्यकवृत्तौ** —> समः = रागद्वेषरहितः, अयनं = गमनं, समस्यायः = समायः । अयनग्रहणं अशेषक्रियाणामुपलक्षणम्; सर्वासामपि साधुक्रियाणां समस्य सतस्तत्त्वतो भावात् । समाय एव सामायिकम् । अथवा समानि = ज्ञानदर्शनचारित्राणि तेष्वयनं = समायः स एव सामायिकम् । यदि वा सर्वजीवेषु मैत्री = साम, साम्न आयः = लाभः सामायः, स एव सामायिकम् <—(१०४२ वृ. ) । तदुक्तं **आवश्यकनिर्युक्तौ** —>आयोवमाए य परदुक्खमकरणं राग-दोस-मज्झत्थं । नाणाइतिगं तस्साऽऽयपोयणं भावसामाई ॥१०४५॥ <— इति । **योगीन्दुदेवेनापि योगसारे** —> सव्वे जीवा णाणमया जो समभावं मुणेइ । सो सामाइयं जाणि फुडु जिणवर एम भणेइ ॥९९॥ राय-रोस बे परिहरिवि जो समभाउ मुणेइ । सो सामाइउ जाणि फुडु केवली एम भणेइ ॥१००॥ <— इत्युक्तम् । क्षमादिः दशविधो यतिधर्मोऽपि समत्ववतामेव।

---

**માત્રથી ધર્મની નિષ્પત્તિ થઈ જાય તેવું નથી. કારણ કે ધન પ્રાપ્તિ વગેરે પ્રયોજનવશ વિડમ્બક-વંઠ-નટ-બહુરૂપી પણ બાહ્ય સાધુ વેષ ધારણ કરે છે. <— અહીં જે તત્ત્વ જણાવેલ છે તેનું અમે વિસ્તારથી નિરૂપણ તેની કલ્યાણકંદલી[1] નામની ટીકામાં કરેલ છે. જિજ્ઞાસુએ ત્યાં દૃષ્ટિપાત કરવો.**

## ❀ શુદ્ધ સામાયિકને સમજીએ ❀

तर्हि० । **"જો બાહ્ય મુણ્ડન, વેષધારણ વગેરે સામાયિક ન હોય તો શુદ્ધ સામાયિકનું સ્વરૂપ શું છે ?" આ પ્રશ્નનો જવાબ આપતા ગ્રંથકારશ્રી કહે છે કે કર્મોદયથી પ્રયુક્ત વિષમતા રહિત અને મોહનીય કર્મના વિલયથી અવશ્ય પ્રાપ્ત થનાર એવો આત્મગુણોનો લાભ થાય ત્યારે જ તે સામાયિક શુદ્ધ થાય છે. આ પ્રમાણે આત્મલક્ષી પરમશુદ્ધનયના વેત્તાઓ જાણે છે. શ્રીમલયગિરિસૂરિ મહારાજે આવશ્યક નિર્યુક્તિની ટીકામાં જણાવેલ છે કે —> સમનો આય = સમાય = સામાયિક. રાગ-દ્વેષરહિત સમભાવ = સમ. તેને પ્રાપ્ત કરવો તે સામાયિક.[1] સાધુ ભગવંતોની બધી જ ક્રિયાઓ રાગ-દ્વેષરહિત સમભાવ પ્રાપ્ત થાય ત્યારે જ વાસ્તવમાં સાધુક્રિયા સ્વરૂપ હોય છે. અથવા તો દર્શન-જ્ઞાન-ચારિત્ર = સમ. તેમાં રમણતા કરવી તે સામયિક.[2] અથવા તો સર્વ જીવોને વિશે મૈત્રી = સામ. તેનો આય = લાભ અર્થાત્ સર્વ જીવોને વિશે મૈત્રી ભાવની પ્રાપ્તિ = સામાયિક[3] <— આવશ્યક નિર્યુક્તિમાં પણ જણાવેલ છે કે —> આત્મવત્ પરપીડાનો પરિહાર કરવો, રાગ-દ્વેષની મધ્યમાં રહેવું, જ્ઞાનાદિ રત્નત્રયમાં આત્માને પરોવવો તે ભાવ સામાયિક છે. <— યોગસાર ગ્રંથમાં દિગંબર સંપ્રદાયના યોગીન્દુદેવે પણ જણાવેલ છે કે —> "સર્વ જીવો જ્ઞાનમય છે. આ પ્રમાણે જે જીવ સમભાવને જાણે છે તે જ સામાયિકને જાણે છે." એમ જિનેશ્વર ભગવંતો સ્પષ્ટ રીતે જણાવે છે. "રાગ અને રોષ આ બન્નેનો પરિહાર કરીને જે જીવ સમભાવને જાણે છે તે સામાયિકને જાણે છે." એમ કેવલી ભગવંતો સ્પષ્ટ રીતે બોલે છે. <—ક્ષમા વગેરે દશવિધ યતિધર્મ પણ સમત્વયોગવાળાને હોય છે. યોગસાર**

---

૧. જુઓ શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ પ્રકાશિત "ષોડશક પ્રકરણ" ભાગ-૧ (પ્રથમ ષોડશકની ચોથી ગાથા પૃ.નંબર-૮)

तदुक्तं **योगसारे** —> क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः । सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥ <— (३/३७) इति साम्यलाभे यतिभिर्यतितव्यमित्युपदेशः ॥४/८॥

साम्यभावमाहात्म्यमाह —> '**निशे**'ति ।

**निशानभोमन्दिररत्नदीप्र-ज्योतिर्भिरद्योतितपूर्वमन्तः ।**
**विद्योतते तत्परमात्मतत्त्वम्, प्रसृत्वरे साम्यमणिप्रकाशे ॥९॥**

**निशा-नभो-मन्दिररत्न-दीप्रज्योतिर्भिरि**ति । निशारत्नस्य = चन्द्रमसः, नभोरत्नस्य = सूर्यस्य मन्दिररत्नस्य = दीपकस्य च दीप्रैः = देदीप्यमानैः ज्योतिर्भिः = किरणैः **अद्योतितपूर्वं** = पूर्वं न द्योतितं यत् **परमात्मतत्त्वं तत् प्रसृत्वरे** = विसर्पिणि **साम्यमणिप्रकाशे** = साम्यलक्षणाव्याहतमणिप्रकाशे सति **अन्तः विद्योतते** = प्रकाशते । चन्द्र-सूर्य-दीपकादीनां महदुद्भूतरूपवद्बहिरङ्गवस्तुप्रकाशने एव सामर्थ्यमस्ति, न त्वमूर्तान्तस्तत्त्वप्रकाशने । परमात्मतत्त्वन्त्वन्तस्तत्त्वमिति न तत्प्रकाशश्चन्द्रादिप्रभाभिश्शक्यते कर्तुम् । ततः साम्यैकमणिप्राप्तये यतितव्यमित्युपदेशः । तदुक्तं **योगसारे** —> निःसङ्गो निर्ममः शान्तो निरीहः संयमे रतः । यदा योगी भवेदन्तस्तत्त्वमुद्भासते तदा ॥ <—(३/२९) इति । **आत्मदर्शनगीतायामपि** —> पौद्गलिकेषु भावेषु राग-द्वेषौ परित्यजन् । अन्तरात्मनि यो मग्नः परमात्मानं स पश्यति ॥<—

ગ્રંથમાં (શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજના સમકાલીન કે નજીકના ઉત્તરકાલીન અને શ્વેતાંબર એવા ચિરન્તનાચાર્યે) જણાવેલ છે કે —> સર્વ ધર્મમાં શિરોમણિ એવો ક્ષમા વગેરે દશવિધ યતિધર્મ પણ મૈત્રી વગેરે ભાવોથી પરિકર્મિત પ્રવૃત્તિવાળા અને સામ્યયોગવાળા જ યોગીને હોય. <—તેથી સામ્ય ભાવની પ્રાપ્તિ માટે સાધુઓએ પ્રયત્ન કરવો - એવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. <u>(૪/૮)</u>

સામ્યભાવના માહાત્મ્યને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- ચંદ્ર, સૂર્ય, દીપકની જ્યોતિ વડે ક્યારેય પણ પૂર્વે પ્રકાશિત ન થયેલ પરમાત્મતત્ત્વ, સમતારૂપી મણિનો પ્રકાશ ચારે બાજુ ફેલાતો હોય ત્યારે અંદરમાં પ્રકાશિત થાય છે. <u>(૪/૯)</u>

## ❁ સામ્યભાવથી પરમાત્મપ્રકાશ ❁

<u>**ટીકાર્થ**</u> :- ચંદ્ર એ રાત્રીનું રત્ન કહેવાય છે. સૂર્ય એ આકાશનું રત્ન કહેવાય છે, અને દીપક એ મંદીરનું રત્ન કહેવાય છે. આ બધાના તેજસ્વી કિરણોથી પણ ક્યારેય પૂર્વે પરમાત્મતત્ત્વનો પ્રકાશ થયો નથી. પરંતુ જ્યારે સામ્યયોગ સ્વરૂપ અવ્યાહત મણિનો પ્રકાશ ચારે બાજુ ફેલાય છે ત્યારે અંતઃકરણમાં પરમાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. ચંદ્ર, સૂર્ય, દીપક વગેરેમાં તો મહત્પરિમાણ અને ઉદ્ભૂત રૂપવાળી બહિરંગ વસ્તુનું જ પ્રકાશન કરવાનું સામર્થ્ય છે. અમૂર્ત અંતઃતત્ત્વના પ્રકાશનું સામર્થ્ય તેમાં નથી. પરમાત્મતત્ત્વ તો અંતઃતત્ત્વ છે. તેથી તેને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ચંદ્ર વગેરેની પ્રભામાં નથી. માટે કેવલ સામ્યભાવરૂપી મણિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. આવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. <u>યોગસાર</u> ગ્રંથમાં <u>ચિરન્તનાચાર્યે</u> જણાવેલ છે કે - —> જ્યારે યોગી સંગશૂન્ય, મમત્વમુક્ત, શાંત, નિઃસ્પૃહ, તેમ જ સંયમમાં રમણતા કરે છે ત્યારે અંતસ્તત્ત્વ પ્રગટ થાય છે. <— <u>શ્રીબુદ્ધિસાગરસૂરીશ્વરજી</u> મહારાજે <u>આત્મદર્શનગીતા</u> ગ્રન્થમાં જણાવેલ છે કે —> પૌદ્ગલિક ભાવોમાં રાગ અને દ્વેષને છોડતો જે સાધક અન્તરાત્મામાં મગ્ન થાય છે તે પરમાત્માને જુએ છે. અધ્યાત્મઉપનિષદ્ની મુદ્રિત પ્રતમાં 'उद्योतितपर्वं' આ પ્રમાણે જે પાઠ ઉપલબ્ધ થાય છે તે અશુદ્ધ

(३१) इत्युक्तं **श्रीबुद्धिसागरसूरिभिः** । मुद्रितप्रतौ तु 'उद्योतितपूर्वमि'त्यशुद्धः पाठो वर्तते ॥४/९॥

साम्यप्रभावमाह —> **'एकामि'**ति ।

**एकां विवेकाङ्कुरितां श्रिता यां, निर्वाणमापुर्भरतादिभूपाः ।**
**सैवर्जुमार्गः समता मुनीनामन्यस्तु तस्या निखिलः प्रपञ्चः ॥१०॥**

**विवेकाङ्कुरितां** = देहात्मभेदविज्ञानप्रस्फुरितां **एकां** = केवलां **यां** समतां **श्रिताः** = आश्रिताः **भरतादिभूपाः निर्वाणं** = मोक्षं **आपुः** = प्राप्तवन्तः **सैव समता मुनीनां** मोक्षगमने **ऋजुमार्गः** = सरलः पन्थाः । तदुक्तं **अध्यात्मसारे** —> आश्रित्य समतामेकां निवृता भरतादयः । न हि कष्टमनुष्ठानमभूत्तेषां तु किञ्चन ॥ (९/१६) किं दानेन तपोभिर्वा यमैश्च नियमैश्च किम् । एकैव समता सेव्या तरिः संसारवारिधौ ॥ (९/१२) सन्त्यज्य समतामेकां स्याद्यत्कष्टमनुष्ठितम् । तदीप्सितकरं नैव बीजमुप्तमिवोषरे ॥ <— (९/२६) इति । **योगशास्त्रे**ऽपि —> अहो योगस्य माहात्म्यं प्राज्यं साम्राज्यमुद्वहन् । अवाप केवलज्ञानं भरतो भरताधिपः ॥ <— (१/१०-११) इत्येवं साम्ययोगप्रभाव आवेदितः । **योगसारे**ऽपि —> दृष्ट्वा श्रीगौतमं बुद्धैः त्रिपञ्चशततापसैः । भरतप्रमुखैर्वाऽपि क्व कृतो बाह्यकुग्रहः ॥७१॥ <— इत्येवं साम्ययोगमाहात्म्यमुक्तम् । **अन्यः** तपस्त्याग-दान-प्रतिक्रमण-प्रतिलेखन-पूजादिः **तु निखिलः** =

---

પાઠ સમજવો. હસ્તલિખિત પ્રતમાં 'अद्योतितपूर्वं' આવો જે પાઠ મળે છે તે શુદ્ધ સમજવો. <u>(૪/૯)</u>

સામ્યયોગના પ્રભાવને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- વિવેકથી અંકુરિત થયેલ એવી માત્ર સમતાનો આશ્રય કરનારા ભરત મહારાજા વગેરે મોક્ષને પામ્યા. તે સમતા જ મુનિઓને મોક્ષે જવાનો સરળ માર્ગ છે. અન્ય યોગો તો તે સમતાનો જ વિસ્તાર છે. <u>(૪/૧૦)</u>

## ⧉ સર્વ યોગો સમતામાં સમાય ⧉

<u>**ટીકાર્થ**</u> :- શરીર અને આત્માના ભેદવિજ્ઞાન સ્વરૂપ વિવેકદૃષ્ટિથી પ્રસ્ફુરિત થયેલ એવી કેવલ સમતાનો જ આશ્રય કરીને ભરત મહારાજા વગેરે મોક્ષને પામ્યા, તે સમતા જ મુનિઓને મોક્ષે જવાનો સરળ માર્ગ છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> માત્ર સમતાનો જ આશ્રય કરીને ભરત મહારાજા વગેરે મોક્ષે ગયા. તેઓને કોઈ પણ કષ્ટકારી અનુષ્ઠાન ન હતું. દાન, તપ, યમ, નિયમોથી સર્યું. એકલી સમતાનું જ સેવન કરવું જોઈએ, કેમ કે સંસારરૂપી સાગર તરવાને માટે સમતા નાવ સમાન છે. એક સમતાને છોડીને જે કાંઈ કષ્ટપૂર્વક અનુષ્ઠાન કરવામાં આવે છે તે ઉખર ભૂમિમાં વાવેલા બીજની જેમ ઈષ્ટ ફળને આપતું નથી. <—<u>યોગશાસ્ત્રમાં</u> પણ —> અહો યોગનું માહાત્મ્ય કેવું છે ! છખંડનું વિશાળ રાજ્ય ધારણ કરતા, ભરત ક્ષેત્રના માલિક, ભરત ચક્રીએ કેવલજ્ઞાન મેળવ્યું <—આ પ્રમાણે સામ્યયોગનો મહિમા જણાવેલ છે. <u>યોગસાર</u> ગ્રંથમાં પણ સામ્ય યોગનું માહાત્મ્ય જણાવતા શ્વેતામ્બર આચાર્યે જણાવેલ છે કે —> શ્રી ગૌતમસ્વામીને જોઈને પ્રતિબોધ પામેલા ૧૫૦૦ તાપસો અને ભરત મહારાજા વગેરેએ બાહ્ય કષ્ટદાયી જિનોક્ત અનુષ્ઠાનો ક્યાં સેવેલા ? <— અર્થાત્ સેવ્યા ન હતા. તપ, ત્યાગ, દાન, પ્રતિક્રમણ, પડિલેહણ, પૂજા વગેરે અન્ય સર્વ યોગો તે સમતાનો જ વિસ્તાર છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જ જણાવેલ છે કે —> માત્ર એક સમતા જ મોક્ષનો ઉપાય છે. વિભિન્ન પુરૂષોને આશ્રયીને ક્રિયાનો સમુદાય સમતાની પ્રસિદ્ધિ માટે જ બતાવવામાં આવેલ

सर्वयोगः **तस्याः** = समताया एव **प्रपञ्चः** = विस्तरः । तदुक्तं **अध्यात्मसारे** एव —> उपायः समतैवैका मुक्तेरन्यः क्रियाभरः । तत्तत्पुरुषभेदेन तस्या एव प्रसिद्धये ॥ <— (९/२७) इति । **योगसारे**ऽपि —> श्रुत-श्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे <— (३/१९) इत्युक्तम् । **ज्ञानार्णवे**ऽपि —> साम्यमेव परं ध्यानं प्रणीतं विश्वदर्शिभिः । तस्यैव व्यक्तये नूनं मन्येऽयं शास्त्रविस्तरः ॥ <—(२४/१३) इत्युक्तम् ॥४/१०॥

साम्यविरोधिनमाह —> **'अल्पेऽपी'**ति ।

**अल्पेऽपि साधुर्न कषायवह्लावह्नाय विश्वासमुपैति भीतः ।**
**प्रवर्धमानः स दहेद् गुणौघं, साम्याम्बुपूरैर्यदि नापनीतः ॥११॥**

कषायविपाकविलोकनादिनाऽनात्मदशातो **भीतः साधुः अल्पेऽपि कषायवह्नौ** = क्रोधाद्यनले **अह्नाय** = द्रुतमविचार्य **विश्वासं नोपैति**, यतः **सः** कषायानलः **साम्याम्बुपूरैः** = समतावारिपूरैः **यदि नापनीतः** = न विध्यापितः स्यात् तर्हि ऋण-व्रणादिवत् **प्रवर्धमानः सन्** = कषायवह्निः **गुणौघं दहेत्** = विनाशयेत् । अत एवोक्तं —> अणथोवं वणथोवं कसायथोवं च अग्गिथोवं च । न मे विससियव्वं थोवं पि तं बहु होई ॥ <— ( ) । तदुक्तं **निशीथभाष्य-बृहत्कल्पभाष्यादौ अपि** —> जं अज्जियं चरित्तं देसूणाए पुव्वकोडीए । तंपि कासाइयमेत्तो नासेइ नरो मुहुत्तेण ॥ <— (नि.भा.२७९३-बृ.भा.२७१५

---

છે. <—<u>**યોગસાર**</u>માં પણ જણાવેલ છે કે —> શાસ્ત્રયોગ અને શ્રામણ્યયોગનો વિસ્તાર સામ્યપ્રાપ્તિના હેતુ અર્થે છે. <—<u>**જ્ઞાનાર્ણવ**</u> ગ્રંથમાં પણ જણાવવામાં આવેલ છે કે —> સામ્ય એ જ સર્વશ્રેષ્ઠ ધ્યાન છે - એવું સર્વજ્ઞ ભગવંતે બતાવેલ છે. શાસ્ત્રોનો વિસ્તાર તો ખરેખર, સામ્યયોગની અભિવ્યક્તિ માટે જ છે - એવું હું <u>**(શુભચંદ્રજી)**</u> માનું છું. <—<u>**(૪/૧૦)**</u>

સામ્યયોગના વિરોધીને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- થોડાં પણ કષાયરૂપી અગ્નિ ઉપર પાપભીરૂ સાધુ જલ્દીથી વિશ્વાસ રાખતો નથી. જો તેને સમતારૂપી પાણીના પૂરથી શાંત કરવામાં ન આવે તો પ્રકૃષ્ટ રીતે વધતો એવો કષાયરૂપી અગ્નિ ગુણના સમુદાયને બાળી નાંખે. <u>**(૪/૧૧)**</u>

## ❀ સાધુ કષાયનો ભરોસો ન કરે ❀

<u>**ટીકાર્થ**</u> :- કષાયના કટુ વિપાક સ્વરૂપ વિકૃત બિહામણી અનાત્મદશા- વિભાવદશાને જોવા વગેરેના કારણે અનાત્મદશા સ્વરૂપ વિકૃત પાપથી ભયભીત થયેલ સાધુ અલ્પ પણ ક્રોધ વગેર કષાય સ્વરૂપ અગ્નિ ઉપર, વગર વિચાર્યે જલ્દીથી વિશ્વાસ રાખતા નથી. કારણ કે જો તે કષાયરૂપી અગ્નિ સમતારૂપી પાણીના પૂરથી બુઝાવવામાં ન આવે તો, ધનના ઋણની જેમ, શરીરમાં પડેલા ઘાની જેમ પ્રકૃષ્ટ રીતે તે કષાય રૂપી અગ્નિના ભડકા વધતા જાય છે, અને અંતે તે કષાયની જ્વાલા ગુણના સમુદાયને બાળી નાંખે છે. માટે જ તો કહ્યું છે કે —> થોડું ઋણ, થોડો ઘા, થોડો કષાય અને થોડો અગ્નિ - આ ચારનો વિશ્વાસ ન કરવો. કારણ કે તે થોડા હોવા છતાં ઘણાં છે. <—<u>**નિશીથસૂત્રભાષ્ય, બૃહત્કલ્પભાષ્ય, સંબોધ-સપ્તતિ**</u> વગેરે ગ્રંથોમાં કહેલું છે કે —> કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષ સુધીની સાધનાથી જે ચારિત્રનો વૈભવ પ્રાપ્ત કરેલ હોય તેને પણ સાધુ માત્ર કષાય કરવાના કારણે બે ઘડીમાં ગુમાવે છે. <—૭૦૫૬૦ અબજ વર્ષ = ૧ પૂર્વ. આવા ૫-૧૦, લાખ-દશલાખ નહિ પણ

सम्बोधसप्तति-६८) इति । ततश्च संसारप्रवृद्धिः । तदुक्तं **दशवैकालिके** —> कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा । चत्तारि एए कसिणा कसाया सिंचंति मूलाइं पुणब्भवस्स ॥ <— (८/४०) इति । यत्तु **भगवद्गीतायां** —> क्रोधात् भवति सम्मोहः सम्मोहात् स्मृतिविभ्रमः । स्मृतिभ्रंशात् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥ <— (२/६३) इत्येवमुक्तं तत्र क्रोधस्य मानाद्युपलक्षकत्वमवगन्तव्यम्। **एतेन** —> नाऽकार्यमस्ति क्रुद्धस्य नाऽवाच्यं विद्यते क्वचित् <— (सुन्दरकाण्ड-५५/५) इति **वाल्मीकिरामायण**वचनमपि **व्याख्यातम्** । न हि प्रबलमानमायालोभग्रस्तान्तःकरणस्यापि किमप्यकार्यमवाच्यं वा विद्यते इति विभावनीयम् ॥४/११॥

अन्यमतमपाकरोति —> 'प्रारब्धजा' इति ।

**प्रारब्धजा ज्ञानवतां कषाया, आभासिका इत्यभिमानमात्रम् ।**
**नाश्यो हि भावः प्रतिसङ्ख्यया यो, नाबोधवत्साम्यरतौ स तिष्ठेत् ॥१२॥**

—> **ज्ञानवतां** = तत्त्वज्ञानवतां **कषायाः प्रारब्धजाः** = प्रारब्धाऽदृष्टजन्याः । अत एव **आभा-**

---

કરોડ પૂર્વ (૮ વર્ષ ન્યૂન) સુધીની સંયમસાધનાને કષાય રૂપી વૈશ્વાનર ક્ષણવારમાં ભસ્મીભૂત કરે છે, અને તેના લીધે સંસારની વૃદ્ધિ થાય છે. <u>દશવૈકાલિકસૂત્રમાં શય્યંભવસૂરિ</u> નામના ૧૪ પૂર્વધર મહર્ષિએ ઉપરોક્ત હકીકતને ખ્યાલમાં રાખીને જણાવેલ છે કે —> નિગ્રહ કર્યા વગરના ક્રોધ અને માન કષાય તેમજ વધતા એવા માયા અને લોભ નામના કષાય - આ ચારે ય કાળા કષાયો પુનર્જન્મના વૃક્ષને સિંચે છે. <—<u>ભગવદ્ગીતામાં</u> —> ક્રોધથી સંમોહ (મૂઢતા) થાય છે. મૂઢતાથી સ્મૃતિનો ભ્રંશ થાય છે. સ્મૃતિભ્રંશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનાશથી સાધક સંપૂર્ણ રીતે નષ્ટ થાય છે. <—આ પ્રમાણે જે જણાવ્યું છે તેમાં ક્રોધ એ માન વગેરે કષાયનું સૂચક છે એમ જાણવું. આવું કહેવાથી —> ક્રોધી વ્યક્તિને કશું પણ, ક્યાંય પણ અકાર્ય હોતું નથી કે અવાચ્ય (બોલી ન શકાય તેવું) નથી હોતું. <—આ પ્રમાણે <u>વાલ્મીકી રામાયણના</u> વચનની પણ વ્યાખ્યા થઈ ગઈ. ખરેખર, પ્રબળ ક્રોધની જેમ પ્રબળ માન, માયા, લોભથી ગ્રસ્ત થયેલ અંતઃકરણવાળા જીવને પણ કોઈ પણ અકાર્ય એ અકાર્ય રહેતું નથી અને અવાચ્ય તે અવાચ્ય રહેતું નથી. ઉગ્ર કષાયથી ગ્રસ્ત વ્યક્તિ ગમે તે બોલે, અત્યંત નિર્ઘૃણ કાર્ય પણ કરે, અને અત્યંત મલિન વિચારધારાએ પણ ચઢે, તેને કશું પણ અજુગતું લાગતું નથી, કેમ કે તેને કષાયરૂપી મદીરાનો ગાઢ નશો ચઢેલો છે. આ રીતે વિશેષ વિચારણા કરીને સાધકે કષાયથી મુક્ત થવા સતત પ્રયત્નશીલ રહેવું. <u>(૪/૧૧)</u>

અન્ય મતનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

<u>**શ્લોકાર્થ**</u> :- 'જ્ઞાનીઓને પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા કષાયો આભાસ માત્ર હોય છે.' આવી માન્યતા માત્ર અભિમાનરૂપ છે, કારણ કે પ્રતિપક્ષની પ્રકૃષ્ટ ભાવનાથી નષ્ટ થનાર ભાવ સમતાના સુખમાં અજ્ઞાનની જેમ ટકી ન શકે. <u>(૪/૧૨)</u>

## ❀ તત્ત્વજ્ઞાની કષાય ન કરે ❀

<u>**ટીકાર્થ**</u> :- —> 'તત્ત્વજ્ઞાનીઓમાં કષાય પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા હોય છે. તેના કારણે તે કષાયસ્વરૂપ ન હોવા છતાં પણ કષાય સ્વરૂપે ભાસે છે. તેથી તે આભાસ માત્ર છે.' <u>પરશુરામ ઋષિ</u>એ સમગ્ર પૃથ્વીને અનેકવાર સંહાર દ્વારા ક્ષત્રિય વિહોણી કરી. <u>દુર્વાસા ઋષિ</u>એ અનેકને શ્રાપ આપ્યા. બીજા પણ અનેક ઋષિઓએ જે

**सिकाः** = कषायवदाभासमानत्वात् आभासमात्रा <—**इति** तु परेषां **अभिमानमात्रम्** = युक्तिरिक्ताहङ्कारग्रस्तत्वमेव केवलम् । **न हि प्रतिसङ्ख्यया** = स्वभ्यस्तप्रतिपक्षप्रबलभावनया यः क्रोधादिः **भावः नाश्यः स साम्यरतौ** = अद्वितीयसाम्यसुखे **अबोधवत्** = अज्ञानवत् **तिष्ठेत्** । यथाऽज्ञानतिमिरं प्रतिसङ्ख्यात्मकेन ज्ञानेन नाश्यमिति अनुत्तरज्ञानप्रकाशे तत्र तिष्ठेत् तथा क्रोधादिः प्रतिसङ्ख्यात्मकेन उत्तमक्षमादिना नाश्य इति नोत्तमक्षमादिसत्त्वे स तिष्ठेत् । तदसत्त्वे तच्चिह्नस्यापि निवृत्तेः न तदाभासोऽपि सम्भवति । न हि प्रचुरान-लज्वालासत्त्वे शैत्यं तिष्ठेदिति विभावनीयम् ।।४/१२।।

साम्यस्याप्रतिमप्राधान्यमाह —> '**साम्यमि**'ति ।

**साम्यं विना यस्य तपःक्रियादेर्निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।**
**स्वर्धेनुचिन्तामणिकामकुम्भान्, करोत्यसौ काणकपर्दमूल्यान् ।।१३।।**

**यस्य** जीवस्य **साम्यं** = समभावं **विना तपःक्रियादेः प्रतिष्ठार्जनमात्रे** = केवलयशःकीर्त्याद्युपार्जने **एव निष्ठा** = समाप्तिः । **असौ** जीवो हि **स्वर्धेनु-चिन्तामणि-कामकुम्भान्** = दिव्यकामधेन्वचिन्त्यचिन्तामणि-मनोवांछितदायकघटादिसदृशान् दुर्लभान् तपस्त्याग-प्रतिक्रमण-प्रतिलेखन-पूजा-दानादिसदनुष्ठानान् **का-**

---

પ્રચંડ કષાય કર્યા તે બધા વસ્તુતઃ કષાય ન હતા પણ કષાયનો આભાસ માત્ર હતો. <—આ પ્રમાણે અન્યદર્શનકારોનું વક્તવ્ય યુક્તિશૂન્ય હોવાના કારણે કેવલ અહંકારસ્વરૂપ જ છે. આનું કારણ એ છે કે જેમ જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ થવાથી તત્ત્વજ્ઞાનીઓમાં અજ્ઞાન નથી હોતું તેમ ક્રોધના પ્રતિપક્ષસ્વરૂપ ક્ષમા વગેરેની પ્રબલ ભાવનાનો સારી રીતે અભ્યાસ કરવાના કારણે ક્રોધ વગેરે કષાયો નાશ પામી શકે તેવા હોવાથી, અદ્વિતીય સમતા સુખ ઉપસ્થિત થાય ત્યારે ક્રોધાદિ ભાવો તેઓને સંભવે નહિ. મતલબ અજ્ઞાનનું અંધારૂં પ્રતિસંખ્યાનસ્વરૂપ જ્ઞાન દ્વારા નાશ્ય હોવાથી અનુત્તર જ્ઞાન પ્રકાશ થાય ત્યારે અજ્ઞાનનો અંધકાર જેમ ન હોય બરાબર તે જ રીતે ક્રોધ વગેરે પણ પ્રતિસંખ્યાનસ્વરૂપ ઉત્તમ ક્ષમા વગેરે દ્વારા નાશ્ય હોવાથી ઉત્તમ ક્ષમા (સામ્યરતિ) વગેરે હોય ત્યારે ક્રોધ વગેરે ન હોય, તેથી તેના બાહ્ય ચિહ્નો પણ નિવૃત્ત થઈ જાય. તેના કારણે કષાયનો આભાસ પણ સંભવી ન શકે. પ્રચુર અગ્નિની મહાજવાલાઓ હોય ત્યારે દાવાનલમાં ઠંડકનો અંશ પણ ન હોય તેમ ક્ષમા = સમતાના સાગરમાં ડૂબેલાને કષાયનો અંશ પણ ન હોય. આ વાતને વિશેષ રીતે વિચારવી. (૪/૧૨)

સામ્યયોગની સર્વોત્કૃષ્ટ પ્રધાનતાને ગ્રંથકારશ્રી જણાવે છે. -

**શ્લોકાર્થ** :- સમતા વિના જેના તપ, ક્રિયા વગેરેની સમાપ્તિ માત્ર પ્રતિષ્ઠાની પ્રાપ્તિમાં જ છે તે જીવ કામધેનુ, ચિંતામણિરત્ન, કામકુંભને કાણી કોડીના મૂલ્યવાળા બનાવે છે. (૪/૧૩)

## ❀ સમતા વિના સર્વધર્મ નિષ્ફળ ❀

**ટીકાર્થ** :- સમતા વિના જે જીવના તપ, બાહ્ય ક્રિયા વગેરે યોગની સમાપ્તિ કેવલ યશકીર્તિ વગેરેના ઉપાર્જનમાં જ સમાપ્ત થાય છે તે જીવ દિવ્ય કામધેનુ, અચિંત્ય ચિંતામણિ રત્ન અને મનોવાંછિતદાયક કામકુંભ વગેરે જેવા દુર્લભ અને મહાન એવા તપ, ત્યાગ, પ્રતિક્રમણ, પડિલેહણ, પૂજા, દાન વગેરે સદનુષ્ઠાનોને કાણી કોડીની કિંમત જેવી કિંમતવાળા કરે છે. મતલબ એ છે કે બાહ્ય ક્રિયાયોગ સામ્યભાવની પ્રાપ્તિ માટે તીર્થંકર ભગવંતોએ બતાવેલ છે. તે બાહ્ય ક્રિયાયોગને સામ્યયોગનું સાધન બનાવવાના બદલે યશ-કીર્તિનું જ સાધન બનાવીને પોતાને કૃતાર્થ માને છે તે જીવ ક્રિયાયોગનું અવમૂલ્યન કરે છે. મિત્ર બનેલા રાષ્ટ્રપતિ પાસે

**णकपर्दमूल्यान्** = सच्छिद्रकपर्दकमूल्यतुल्यमूल्यान् करोति । साम्यसहितानामेव तेषामविनाशिमुक्तिसुख-कारणत्वात् । तद्विरहे तु केवलं विनश्वरस्वर्गादिसुखमापाद्य तेषामुपरमात् । साम्यस्यैव क्लिष्टकर्मानु-बन्धविनाशकत्वात् । अतस्तच्छून्यानां तेषां निष्फलत्वमेव, मुख्यफलालाभात् । तदुक्तं **अध्यात्मसार** एव —> धृतो योगो न ममता हता न समताऽऽदृता । न च जिज्ञासितं तत्त्वं गतं जन्म निरर्थकम् ॥ <— (८/२६) इति ॥४/१३॥

साम्यातिशयमाह —> 'ज्ञानी'ति ।

**ज्ञानी क्रियावान् विरतस्तपस्वी, ध्यानी च मौनी स्थिरदर्शनश्च ।**
**साधुर्गुणं तं लभते न जातु, प्राप्नोति यं साम्यसमाधिनिष्ठः ॥१४॥**

**ज्ञानी** = श्रुतादिज्ञानवान् **क्रियावान्** = विहितक्रियायोगवान् पापेभ्यो देशेन कार्त्स्न्येन वा **विरतः तपस्वी** = अनशनादितपःशाली **ध्यानी** = धर्मध्यानाभ्यासी **मौनी** = उपरतानात्मस्पर्शिवाग्व्यापारः **स्थिरद-र्शनश्च** = दृढसम्यक्त्वश्च **साधुः तं गुणं जातु** = कदाचिदपि **न लभते** = प्राप्नोति यं अनुत्तरं सानुबन्धं गुणं **साम्यसमाधिनिष्ठः** = शुद्धसाम्ययोगकालीनसमाधिलीनः प्राप्नोति । यद्यपि सम्यग्दर्शनसत्त्वेऽनन्तानुबन्धि-

---

પોતાના ઘરનો કચરો કઢાવવા જેવી મૂર્ખતા તે જીવ કરે છે. પરમાત્માને ખુશ કરવાને બદલે લોકોને ખુશ કરવાની ઘેલછાને કારણે તેના બાહ્ય યોગો નિષ્પ્રાણ બને છે.

**"આતમસાખે ધર્મ જ્યાં, જનરંજનનું શું કામ, જનમનરંજન ધર્મનું મૂલ ન એક બદામ."**

આ ઉક્તિ પણ અહીં યાદ કરવા જેવી છે. સમતા યોગથી સહિત એવી જ બાહ્ય ક્રિયાઓ શાશ્વત મોક્ષ સુખનું કારણ છે. સમતા વગરના બાહ્ય ક્રિયા યોગો તો કેવલ વિનશ્વર એવા સ્વર્ગ વગેરે સુખને આપીને રવાના થાય છે. પરિશુદ્ધ સામ્યયોગ ક્લિષ્ટ કર્મ અને તેના મલિન અનુબંધોનો નાશ કરનાર છે. તેથી સમતા વિના બાહ્ય યોગો નિષ્ફળ જ છે. કેમ કે તેનું મુખ્ય ફળ ત્યાં મળતું નથી. ગોળની સાથે રહેલી કડવી દવાની ગોળી રોગના નાશ માટે ખાવાની હતી, પણ ગોળ ખાધો અને અંદર રહેલી દવાની ગોળી ફેંકી દીધી. - એના જેવું આ થયું. દવા લેવા માટે ડોક્ટર પાસે જવાનો તેનો પ્રયત્ન નિષ્ફળ જ ગયો - તેમ કહેવાય. અધ્યાત્મસાર ગ્રંથમાં જ જણાવેલ છે કે —> ક્રિયાયોગને ધારણ કર્યો હોય પણ મમતાને હણી નહિ, સમતાનો આદર ન કર્યો, તત્ત્વની જિજ્ઞાસા ન કરી તો જન્મ નિરર્થક ગયો. <— (૪/૧૩)

સમતાના અતિશયને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- જ્ઞાની, ક્રિયાવાન, વિરતિધર, તપસ્વી, ધ્યાની, મૌની અને સ્થિર સમ્યગ્દર્શનવાળા સાધુ તે ગુણને ક્યારેય પ્રાપ્ત કરતા નથી જે ગુણને સામ્યસમાધિમાં રહેલ યોગી પ્રાપ્ત કરે છે. (૪/૧૪)

## ❁ સામ્યયોગી પાસે જ સર્વોત્કૃષ્ટ ગુણ ❁

**ટીકાર્થ** :- શ્રુત વગેરે જ્ઞાન જેની પાસે હોય, શાસ્ત્રોક્ત ક્રિયાયોગમાં જે ચુસ્ત હોય, પાપોથી જેણે આંશિક રીતે કે સંપૂર્ણ રીતે વિરતિ કરેલી હોય (અર્થાત્ શ્રાવક કે સાધુ હોય) અનશન વગેરે તપમાં જે ઉદ્યમવંતા હોય, ધર્મધ્યાનનો અભ્યાસ કરનારા હોય, જીભ ઉપર નિયંત્રણ રાખીને પુદ્ગલના સંબંધમાં મૌનની ગુફામાં વાસ કરનાર હોય, સમ્યક્ત્વમાં નિશ્ચલ હોય એવા પણ સાધુ ક્યારેય તે ગુણને પ્રાપ્ત કરી શકતા નથી, જે ગુણને શુદ્ધ સામ્યયોગ સમયની સમાધિમાં ડૂબેલા યોગી પ્રાપ્ત કરે છે. કહેવાનો આશય એ છે કે સમતા વગરના

कषायक्षयोपशमजन्यं साम्यं वर्तते एव तथापि तत्राप्रत्याख्यान-प्रत्याख्यानकषायक्षयोपशमविशेषलभ्यं साम्यं नास्ति । प्रकृते च साम्यसमाधिपदेन तद्विवक्षितमिति न विरोधः । **एतेन** —> ज्ञान-ध्यान-तपःशील-सम्यक्त्वसहितोऽप्यहो । तं नाप्नोति गुणं साधुर्यं प्राप्नोति शमान्वितः ॥ <— (६/५) इति **ज्ञानसार**-वचनमपि **व्याख्यातम्**, शमस्य साम्यसमाधिस्वरूपस्यानन्तानुबन्ध्यप्रत्याख्यान-प्रत्याख्यानकषायक्षयोपशमविशेषप्राप्यस्याधिकृतत्वादिति भावनीयम् । विरतपदेन प्रकृते वीतमत्सरादिपापोऽप्यधस्तनसंयमस्थानवर्ती परिपक्वात्मविज्ञानफलभूतसाम्यशून्यः साधुर्बोध्यः । तेन न कश्चित् विरोधः । —> यदसाध्यं तपोनिष्ठैर्मुनिभिर्वीतमत्सरैः । तत्पदं प्राप्यते धीरैः चित्तप्रसरबन्धकैः ॥ <—(२२/२५) इति **ज्ञानार्णव**वचनमप्यत्रानुसन्धेयमागममर्मज्ञैः ॥४/१४॥

श्लोकाष्टकेन सोदाहरणम् साम्यप्रभावं स्तोतुकामः परिशुद्धसाम्ययोगारूढस्य दमदन्ताभिधानस्य मुनिवरेण्यस्य स्तुतिं करोति —> 'दुर्योधनेने'ति ।

**दुर्योधनेनाभिहतश्चुकोप, न, पाण्डवैर्यो न नुतो जहर्ष ।**
**स्तुमो भदन्तं दमदन्तमन्तःसमत्ववन्तं मुनिसत्तमं तम् ॥१५॥**

---

જ્ઞાન, ધ્યાન, તપ, જપ, મૌન વગેરેથી જે ગુણ પ્રાપ્ત થાય છે તે નિરનુબંધ હોય છે. જ્યારે સમતાસમાધિથી પ્રાપ્ત થનાર આત્મગુણ સાનુબંધ હોવાના કારણે સર્વોત્કૃષ્ટ હોય છે. મોક્ષની પ્રાપ્તિ કરાવ્યા વિના સામ્યયોગીના ગુણો અટકતા નથી. જો કે સમ્યગ્દર્શન હોય ત્યારે અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થનાર સમતા હોય છે છતાં પણ તે સમકિતી પાસે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયના વિશિષ્ટ ક્ષયોપશમથી પ્રાપ્ત થનાર સમતા હોતી નથી. પ્રસ્તુતમાં તો સામ્યસમાધિ પદથી તેવો જ સામ્યયોગ વિવક્ષિત છે. માટે કોઈ વિરોધ આવતો નથી. આવું કહેવાથી—> જ્ઞાન, ધ્યાન, તપ, શીલ, સમ્યક્ત્વથી યુક્ત એવો સાધુ તે ગુણને પ્રાપ્ત કરતો નથી જે ગુણને શમયુક્ત સાધુ પ્રાપ્ત કરે છે. <— આ પ્રમાણેના <u>જ્ઞાનસાર</u>ના વચનની પણ વ્યાખ્યા થઈ ગઈ, કારણ કે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયના વિશિષ્ટ ક્ષયોપશમથી પ્રાપ્ત થનાર સામ્યસમાધિ એ જ 'શમ' શબ્દથી વિવક્ષિત છે. મૂળ ગાથામાં જે 'વિરત' શબ્દ છે તેનો અર્થ છે - ''માત્સર્ય વગેરે પાપોથી અટકેલ હોવા છતાં પણ જે પ્રાથમિક કક્ષાની શુદ્ધિવાળા સંયમના અધ્યવસાય સ્થાનોમાં રહેવાના લીધે પરિપક્વ આત્મવિજ્ઞાનના ફળ સ્વરૂપ પ્રશમભાવથી રહિત એવા સાધુ.'' આવા વિરતિધરને તે ગુણ પ્રાપ્ત થતો નથી જે ગુણ મન ઉપર નિયંત્રણ મેળવીને પ્રશમભાવના સુખાસ્વાદને માણનાર યોગીઓ પ્રાપ્ત કરે છે. —> મત્સરશૂન્ય, તપોનિષ્ઠ એવા મુનિ ભગવંતો જે પદને પ્રાપ્ત કરી શકતા નથી તે પદને તે ધીર યોગીઓ પ્રાપ્ત કરે છે કે જેમણે ચિત્તની ચંચળતા ઉપર વિજય મેળવેલો છે. <— આ પ્રમાણે <u>જ્ઞાનાર્ણવ</u> ગ્રંથના વચનનું પણ આગમમર્મજ્ઞ પુરૂષોએ અહીં અનુસંધાન કરવું. <u>(૪/૧૪)</u>

ઉદાહરણ સાથે આઠ શ્લોક દ્વારા સામ્યયોગના પ્રભાવની સ્તુતિ કરવાની ઈચ્છાવાળા ગ્રન્થકારશ્રી પરિશુદ્ધ સામ્યયોગમાં આરૂઢ થયેલ દમદન્ત નામના શ્રેષ્ઠ મુનિની સ્તુતિ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- દુર્યોધન વડે હણાયેલા જેણે ગુસ્સો ન કર્યો અને પાંડવો વડે સ્તુતિ કરાયેલા જે હર્ષ ન પામ્યા તે અંતરમાં સમભાવવાળા શ્રેષ્ઠ મુનિ ભગવંત દમદન્તની સ્તુતિ અમે કરીએ છીએ. <u>(૪/૧૫)</u>

## ❀ દમદન્ત મુનિના સમભાવને ઓળખીએ ❀

यः **दुर्योधनेन** = धृतराष्ट्रस्य ज्येष्ठेन पुत्रेण मातुलिङ्गेन **अभिहतः** = ताडितः **न** = नैव स्वल्पमपि **चुकोप** = चुक्रोध, **पाण्डवैः** = पाण्डुपुत्रैः युधिष्ठिरमुख्यैः परमादरेण **नुतश्च** = स्तुतश्च **न** = नैव **जहर्ष** = हर्षमाप **तं अन्तः समत्ववन्तं** = परिशुद्धसाम्ययोगवन्तं **मुनिसत्तमं** = साधुश्रेष्ठं **दमदन्तं भदन्तं** = भगवन्तं **स्तुमः** = उत्कर्षबोधानुकूलवाग्व्यापारविषयीकुर्मः । 'समत्ववन्तमि'ति हेतुरूपं विशेषणम्, समत्वस्य हर्ष-शोकविदारकत्वात् । तदुक्तं **अध्यात्मसारे** —> नति-स्तुत्यादिकाशंसाशरस्तीव्रः स्वमर्मभित् । समतावर्मगुप्तानां नार्तिकृत् सोऽपि जायते ॥ <—(९/२१) इति । तदुक्तं दमदंतर्षिप्रस्तावे **आवश्यकनिर्युक्ति-भाष्ये** अपि —> निक्खंतो हत्थिसीसाओ दमदंतो कामभोगमवहाय । न वि रज्जइ रत्तेसुं दुट्ठेसुं न दोसमावज्जे ॥१५१॥ <— इति । **आवश्यकनिर्युक्तौ** अपि —> वंदिज्जमाणा न समुक्कसंति, हीलिज्जमाणा न समुज्जलंति । दंतेण चित्तेण चरंति धीरा मुणी समुग्घाइयरागदोसा ॥८६६॥ <— इत्युक्तम् । **कुण्डिकोपनिषदि** अपि —> स्तूयमानो न तुष्येत निन्दितो न शपेत्परान् <— (१२) इत्युक्तम् । दमदन्तकथानकञ्च **आवश्यकनिर्युक्तिचूर्णौ** —> हत्थिसीसयं नगरं, तत्थ दमदंतो राया । इतो य हत्थिणाउरे नयरे पंच पंडवा । तेसिं च तस्स य परोप्परं वइरं, जतो तेहिं पंचहिं पंडवेहिं दमदंतस्स जरासंघमूलं रायगिहं गयस्स तस्स संतिओ उ सव्वो विसओ दड्ढो लूंटितो य । अन्नया दमदंतो आगतो । तेण हत्थिणापुरं रोहियं । ते भएण न निंति । तो दमदंतेण भणिया - 'सीयाला चेव तुब्भे, सुण्णगविसए जहिच्छियमाहिंडह

---

**टीकार्थ** :- ધૃતરાષ્ટ્રના મોટા પુત્ર દુર્યોધને મોટા બીજોરાના ફળ વડે જેને માર્યા છતાં પણ તે દમદન્ત મુનિ ગુસ્સે ન થયા. પાંડુ રાજાના પુત્ર યુધિષ્ઠિર વગેરેએ પરમ આદરથી જેની સ્તુતિ કરી છતાં પણ તે હર્ષને ન પામ્યા. કારણ કે તે દમદન્ત મુનિ અંતરમાં પરિશુદ્ધ સામ્યયોગમાં આરૂઢ થયેલા હતા. મુનિઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન દમદન્ત મહર્ષિની અમે સ્તુતિ કરીએ છીએ. અર્થાત્ 'તેઓ અમારાથી ઉત્કૃષ્ટ છે' એવું જેનાથી સૂચિત થાય તેવા સુંદર શબ્દોનો પ્રયોગ અમે તેમના વિશે કરીએ છીએ. મૂળ ગાથામાં દમદન્ત મુનિના વિશેષણરૂપે 'समत्ववन्तं' આવો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે હેતુગર્ભિત પ્રયોગ જાણવો. કેમ કે સમત્વયોગ હર્ષ અને શોકનો નાશક છે. **અધ્યાત્મસાર** ગ્રંથમાં જણાવેલ છે કે —> નમસ્કાર, સ્તુતિ વગેરેની આશંસા રૂપી તીવ્ર બાણ જે પોતાના મર્મનો ભેદ કરે તે પણ સમતારૂપી બખતરથી સુરક્ષિત એવા યોગીને પીડા કરનાર બનતું નથી. <— દમદન્ત મહર્ષિના પ્રસ્તાવમાં **આવશ્યકનિર્યુક્તિભાષ્યમાં** પણ જણાવેલ છે કે —> હસ્તિશિર્ષ નગરમાં કામભોગને છોડીને દીક્ષાને ધારણ કરનાર દમદન્ત ઋષિ રાગી ઉપર રાગ નથી કરતા કે દ્વેષી ઉપર દ્વેષ નથી કરતા. <— **આવશ્યકનિર્યુક્તિમાં** પણ જણાવેલ છે કે —> ધીર મુનિઓ વંદન કરાવા છતાં ઉત્કર્ષ પામતા નથી અને હિલના થવા છતાં પણ કષાયરૂપી અગ્નિથી સળગતા નથી. તેઓ નિગૃહીત કરાયેલા અને જીતાયેલા એવા મન વડે રાગ-દ્વેષનો ઘાત કરીને વિચરે છે. <— **કુંડિકા**ઉપનિષદ્માં પણ જણાવેલ છે કે —> સ્તવના થાય ત્યારે રાજી ન થવું અને નિંદા થાય ત્યારે બીજાને શાપ ન આપવો. <—

